શ્રીસયાજી સાહિત્યમાલા—પુષ્પ ૨૩૯મું

(ભાષા-સાહિત્ય ગુચ્છ) ૧-૧૨-૦

અમદાવાદ

જૂની ગુજરાતી ભાષા

લેખક

ચતુરભાઈ પુરુષોત્તમદાસ પટેલ, બી. એ.

(હાલ) ભાદરણ હાઈસ્કૂલ,

ભાદરણ.

(આણંદ થઈને)

૦-૩૭૫

દેશબન્ધુ પ્રિન્ટિંગ પ્રેસ, આણંદમાં ચિમનલાલ કાશીભાઈ પટેલે
છાપ્યું અને લેખકે પ્રસિદ્ધ કર્યું.

તા. ૧૩-૯-૩૫

ઇ. સ. ૧૯૩૫ | સંવત ૧૯૯૧ | કિંમત રૂ. ૧-૧૨-૦ | પ્રથમ આવૃત્તિ | પ્રત ૧૦૦૦

ળતાં હું તે નિબંધ લખવાને પ્રેરાયો હતો. અને પરિમાણનો કરી-માત્ર જેમ યાદ આવ્યું તેમ ટાંચણ પે તા. ૮-૧૨-૧૯૨૯ના રોજ સદર સાહિત્ય સભાના ઉત્સાહી મંત્રી શ્રીયુત ભીખાભાઇ પુરુષોત્તમ વ્યાસ ઉપર ત્હેને ગોધરે મોકલી આપ્યો.

આ નિબંધના પૂર્વ ઇતિહાસનું પ્રકરણ મ્હારા તરફથી આટલું થયા પછી શ્રી પં. રે. સા. સભાના મંત્રી આ સંબંધી વિશેષ હકીકત પૂરી પાડે છે. તે ત્હેમના શબ્દોમાં આપવી ઉચિત છે તેઓ લખી જણાવે છે કે–"પ્રાચીન ગુજરાતીના સંશોધક **સ્વ. મણિલાલ બકોર-ભાઈ વ્યાસ** પોતાની છેલ્લી જિંદગી ગોધરામાં ગુજારતા હતા, અને તેજ સ્થળે તેમનું અવસાન થયું હતું. તાજેતરમાં સ્થપાયેલી "શ્રી પંચમહાલ રેવાકાંઠા સાહિત્યસભા"ના એ સભ્ય હતા. તેમના સ્મરણ-માં સભા પ્રત્યે દિલસોજી ધરાવનાર શ્રી. નટવરલાલ દા. પરીખ, એમ. એ., એલએલ. બી. એમણે એક સુવર્ણચંદ્રક ભેટ ધર્યો; અને સભાએ-તેમનાજ પ્રિય વિષય "જૂની ગુજરાતી ભાષા" ઉપર બૃહદ્ ગુજરાત પાસે જાહેર નિબંધ માગ્યો. લગભગ પાંચ છ નિબંધો આવ્યા હતા. તે નિબંધો તપાસવાનું ઉચ્ચ કાર્ય ગુજરાતના વયોવૃદ્ધ સાક્ષરરત્ન દી. બા. કેશવલાલ હ. ધ્રુવ સાહેબને સુપ્રત કર્યું, અને તેઓશ્રીએ કિંમતી સમયનો ભોગ આપી આ કાર્ય હોંશથી કરી આપીને સભા ઉપર ઉપકાર કર્યો છે. એ છ નિબંધો પૈકી ભાઇશ્રી ચતુરભાઇ પુ. પટેલના નિબંધને સારો ગણ્યો હતો, અને જણાવ્યું હતું કે 'ઇનામને લાયક એકેય નથી, પરંતુ જો સભાને ચંદ્રક આપવો હોય તો આ નિબંધ સૌમાં ઠીક છે.' એ આધારે અમારી કમિટીએ એ સુવર્ણચંદ્રક ભાઇશ્રી ચતુરભાઇ પુ. પટેલને ભેટ કર્યો હતો."

મુ. ધ્રુવ સાહેબનો ઉપલો અભિપ્રાય મૂળ નિબંધ માટે છે. સદર નિબંધને ગોધરે મોકલી આપ્યા પછી મ્હારા વધુ અભ્યાસનો નિષ્કર્ષ

ત્હેમાં ઉમેરી વ્યવસ્થિત સ્વરૂપમાં ત્હેને મૂકી નવીનજ સ્વરૂપમાં ત્હેની સને ૧૯૩૧ના ઑગસ્ટમાં મુદ્રણપ્રત તૈયાર કરી, અને સૂચના, વગેરે માટે તે પ્રતને મુંબાઇ શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઇ ઉપર મોકલી આપી. ત્હેમણે કેટલીક કિંમતી સૂચનાઓ કરી તથા કેટલાંક પુસ્તકો અને જૂની ગુજરાતીનાં કાવ્યોના ઉતારા મ્હને મોકલી આપ્યાં. તે બધાંનો મ્હેં યથાયોગ્ય ઉપયોગ કર્યો છે.

મુંબાઇથી પ્રત પાછી આવતાં, અને સાહિત્યસભા તરફથી છપાવવાની મ્હને પરવાનગી મળતાં, એ મુદ્રણપ્રતને મ્હેં વડોદરે "શ્રી સયાજી સાહિત્યમાળા"માં પ્રગટ કરવા મંજુરી વાસ્તે મોકલી આપી. ભાષાન્તર કમિટી તરફથી એ નિબંધને સાક્ષર શ્રી. અતિસુખશંકરભાઇએ તપાસ્યો, અને ત્હેમણે જે સૂચનાઓ કરી તે અમલમાં મૂકી તથા વચ્ચે પડતા બે વર્ષના અભ્યાસનો સાર ઉમેરી માહે ઑગસ્ટ ૧૯૩૩માં ફરી મુદ્રણપ્રત તૈયાર કરી. તેજ અરસામાં એટલે સને ૧૯૩૩ના જુલાઇના પ્હેલા અઠવાડિયામાં તાજેતરમાં બ્હાર પડેલું સ્વ. નરસિંહરાવભાઇનું "Wilson Philological Lectures" Vol II મ્હારા હાથમાં પ્રથમ વાર આવતાં ત્હેના વાચન પછી પણ સદર મુદ્રણપ્રતમાં પાછળથી ફેરફાર કરવો પડ્યો છે. ટૂંકામાં છેવટ સુધી ત્હેમાં ફેરફાર થયા કર્યા છે.

સદર પુસ્તકમાં જે ઉદાહરણ લીધાં છે તે જણાવવા જે તે પુસ્તકનું પૃષ્ઠ આપ્યું છે. ભવિષ્યદત્તકથા વાસ્તે સંધિનો અંક આપ્યો છે. કોઇ કાવ્યમાં અધ્યાય ને કડી, વગેરે નોંધ્યાં છે. માત્ર 'પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ' ને 'પંદરમા સૈકાનાં ગુર્જર કાવ્યોમાં જે ફુટક કાવ્યો છે તેઓનાં પૃષ્ઠ કાવ્યદીઠ નથી આ[illegible] પ્રતનાં પૃષ્ઠ આપ્યાં છે; અને અનુકૂળતા આ[illegible] પણ નાંખ્યો છે, તો કોઇ જગાએ પૃષ્ઠનો

શકાયો. 'સર્વનામ-વિશેષણ'નું પ્રકરણ છેવટે ઉમેરેલું હોવાથી ત્હેમાં અપૂર્ણતા રહી છે. વળી ડૉ. ટેસીટોરી, મી. બીમ્સ, તથા ડૉ. હૉર્નલ, વગેરેનાં પુસ્તકો આ'ની મુદ્રણપ્રત તૈયાર કરતી વેળે હાજર નહીં હોવાથી ત્હેમના વાચન વખતે મ્હેં કરેલી નોંધ આધારે અવતરણ લીધાં છે. તેથી કદાચ ત્હેમાં પણ અપૂર્ણતા કે ત્રૂટી માલૂમ પડે તો તે બદલ હું વાચકવર્ગની ક્ષમા માગું છું. પરિશિષ્ટ ૧ લું– "કેટલાક નાનાર્થ શબ્દોની વ્યુત્પત્તિ" નામે મ્હોટે ભાગે પૂર્વે બુદ્ધિપ્રકાશમાં પ્રગટ થયેલું શ્રીયુત મંજુલાલભાઇની આજ્ઞાથી અહીં મૂક્યું છે.

આ નિબંધને 'શ્રીસયાજી સાહિત્યમાળા'માં પ્રગટ કરવાની સગવડ કરી આપવા બદલ હું શ્રીયુત મંજુલાલ રણછોડલાલ મજમુદારનો ખાસ ઋણી છું. તથા કિંમતી સૂચના, વગેરેની મદદ માટે રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઇનો કૃતજ્ઞી છું. આ નિબંધને અસ્તિત્વમાં લાવવા મુખ્ય કારણભૂત જો કોઇ હોય તો તે સને ૧૯૨૯નો સાલના પાટણ હાઇસ્કૂલના હેડમાસ્તર સાહેબ રા. રા. કલ્યાણરાય નથુભાઇ જોષી છે, કારણ 'સામાન્ય જ્ઞાન વ્યાખ્યાનમાળા'ની યોજના ત્હેમણે ન રાખી પૂર્વ તૈયારી કરવાનો પ્રસંગ મ્હને ન આપ્યો હોત તો આ નિબંધ અસ્તિત્વમાં આવત કે કેમ તે શંકા છે. છેવટે મુદ્રણપ્રતમાં વારંવાર સુધારાવધારા સહન કરી કાળજીપૂર્વક મુદ્રણકામ કર્યા બદલ હું રા. ત્રિભુવનદાસ કીશીભાઇ પટેલનો આભાર માનું છું.

આ પુસ્તકમાં ઘણું વાંધાભર્યું હશે, એમ હું સમજું છું. ગુજરાતી ભાષામાં આ વિષય હજુ બાલ્યાવસ્થામાં છે. અનેક તરફથી આ સંબંધી જુદી જુદી દૃષ્ટિએ ઉહાપોહ થશે ત્યહારે કેટલે વર્ષે અમુક મુદ્દા થાળે પડશે, તે કહી શકાય નહીં. મ્હને જે'વું ભાસ્યું તે'વું લખ્યું છે. એ લખવામાં કોઇના પ્રત્યે મ્હારામાં અનાદરવૃત્તિ ન હોય. છતાં મ્હારી ભૂલ સુધારવાને હું પળેપળે તૈયાર રહું છું. પ્રથમ

દૃષ્ટિએ સત્ય લાગનાર કેવળ મિથ્યાભાસ પણ હોવા સંભવ છે, એ આ બાબતનો અભ્યાસ કરનારને જાણીતું સત્ય છે. માટે તે બાબત દુરાગ્રહ ન હોઇ શકે.

આ પુસ્તક લખવામાં જે જે પુસ્તકો ઉપકારક નીવડ્યાં છે તે તે પુસ્તકના લેખક તથા પ્રકાશક–સૌનો હું આભાર માનું છું. આ પુસ્તક ગુજરાતી ભાષાના અભ્યાસકોને થોડેઘણે અંશે પણ સહાયભૂત થશે તો હું મ્હારો પ્રયાસ સફળ થયો સમઝીશ. અંતમાં ગોસ્વામી તુલસીદાસજીના શબ્દોમાં આ વિષયના વિદ્વાનોને પ્રાર્થના કરી તદ્દેગના ઋણનો સ્વીકાર કરી વિરમું છું.

"क्षमिहहिं सज्जन मोर ढिठाई। सुनिहहिं बालवचन मन लाई।
जौं बालक कह तोतरि बाता। सुनहिं मुदित मन पितु अरु माता" ॥

(રામાયણ. ૧–૧૨–૮)

લેખક:

ચતુરભાઈ પુરુષોત્તમદાસ પટેલ.

અનુક્રમણિકા

પ્રકરણ	૧ લું	લોકભાષાનો અવતાર	પૃ.	૧—૧૮
પ્રકરણ	૨ જું	વાગ્વ્યાપારના કેટલાક સિદ્ધાંત ...	પૃ.	૧૯—૩૭
પ્રકરણ	૩ જું	વાગ્વ્યાપારના કેટલાક સિદ્ધાંત (ચાલુ)	પૃ.	૩૮—૫૪
પ્રકરણ	૪ થું	પ્રાકૃત ભાષાઓ	પૃ.	૫૫—૫૮
પ્રકરણ	૫ મું	પ્રાકૃત ઉત્સર્ગ	પૃ.	૫૯—૬૯
પ્રકરણ	૬ ઠું	ગુજરાતી ઉત્સર્ગ	પૃ.	૭૦—૮૯
પ્રકરણ	૭ મું	ગુજરાતીને અપભ્રંશનું ઋણ ...	પૃ.	૯૦—૯૬
પ્રકરણ	૮ મું	જૂની ગુજરાતીનો નમૂનો ...	પૃ.	૯૭—૯૯
પ્રકરણ	૯ મું	નોખા સ્વરનું અસ્તિત્વ ...	પૃ.	૧૦૦—૧૦૪
પ્રકરણ	૧૦ મું	જાતિવચન	પૃ.	૧૦૫-૧૨૩
પ્રકરણ	૧૧ મું	સર્વનામ-વિશેષણ	પૃ.	૧૨૪-૧૩૭
પ્રકરણ	૧૨ મું	વિભક્તિપ્રત્યયો	પૃ.	૧૩૮-૧૬૬
પ્રકરણ	૧૩ મું	વિભક્તિપ્રત્યયો (ચાલુ)	પૃ.	૧૬૭-૧૭૯
પ્રકરણ	૧૪ મું	ધાતુઓ	પૃ.	૧૮૦-૨૦૫
પ્રકરણ	૧૫ મું	ધાતુઓ (ચાલુ)	પૃ.	૨૦૬-૨૨૦
પ્રકરણ	૧૬ મું	પ્રેરકરૂપ	પૃ.	૨૨૧-૨૨૮
પ્રકરણ	૧૭ મું	કર્મણિરૂપ	પૃ.	૨૨૯-૨૫૦
પ્રકરણ	૧૮ મું	કાળ	પૃ.	૨૫૧-૨૭૪
પ્રકરણ	૧૯ મું	અર્થ	પૃ.	૨૭૫-૨૮૪
પ્રકરણ	૨૦ મું	કૃદંત	પૃ.	૨૮૫-૨૯૯
પ્રકરણ	૨૧ મું	અવ્યય	પૃ.	૩૦૦-૩૨૪
પ્રકરણ	૨૨ મું	પદવિન્યાસાદિ	પૃ.	૩૨૫-૩૨૬
પ્રકરણ	૨૩ મું	વિવૃત એ-ઓની પૂર્વાવસ્થા ...	પૃ.	૩૨૭-૩૪૪
પરિશિષ્ટ	૧ લું	કેટલાક નાનાર્થ શબ્દોની વ્યુત્પત્તિ	પૃ.	૩૪૫-૩૬૩
પરિશિષ્ટ	૨ જું	વ્યુત્પત્તિના શબ્દોની સૂચી	પૃ.	૩૬૪-૩૭૦
પૂર્તિ			પૃ.	૩૭૧-૩૭૬
શુદ્ધિપત્ર			પૃ.	૩૭૭-૩૮૦

જૂની ગુજરાતી ભાષા

પ્રકરણ ૧ લું

લોકભાષાનો અવતાર

હિન્દુસ્તાનની બીજી આર્ય ભાષાઓની માફક ગુજરાતી પણ સંસ્કૃતની પ્રપૌત્રી છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ને ગુજરાતી–એ ક્રમે લોકભાષાનો વિકાસ થયો છે. પાણિનિએ સંસ્કૃત ભાષાને શૃંખલાબદ્ધ કરી ત્હેની શિષ્ટતા સાચવવારૂપી તે ભાષા ઉપર મ્હોટો ઉપકાર કર્યો છે. વેદની ભાષામાં અને તે પછીની બ્રાહ્મણ અને આરણ્યક ગ્રન્થોની ભાષામાં અન્ય દેશો સાથેના સંપર્કને લીધે વિકારો ને વિદેશીય તત્ત્વો દાખલ થઇ ગયાં હતાં, એ વાત સ્પષ્ટ છે. અથર્વવેદની અંદર ખાલ્ડિયન સંસ્કૃતિના સર્પ, વગેરેના ઝેરને ઉતારવાના મંત્રશબ્દો દાખલ થવા પામ્યા છે, એમ સ્વ. લોકમાન્ય ટીળકે પ્રતિપાદન કર્યું છે. આ પ્રમાણે ભાષામાં દાખલ થતી અશુદ્ધિને અટકાવવા અને ત્હેની શિષ્ટતા જાળવવા પ્રથમ પ્રયાસ કરનાર જો કોઇ હોય તો તે પ્રખર વૈયાકરણ ભગવાન પાણિનિ છે.

ભાષાશુદ્ધિ જાળવવાની ભગવાન પાણિનિની આટલી તાલાવેલી હોવા છતાં લોકભાષાનું સ્વરૂપ ત્હેનાથી શી રીતે સચવાય? પાણિનિને આ ભગીરથ પ્રયાસ કરવો પડ્યો ત્હેનું મુખ્ય કારણ એ છે કે ત્હેના સમયમાં શુદ્ધ સંસ્કૃત ભાષા ધીમે ધીમે અપભ્રષ્ટ થવા લાગી હતી. વિદ્વાન બ્રાહ્મણોમાં પણ ત્હેનો ચેપ લાગેલો. તેથી વિદ્વાનની ભાષા

શુદ્ધ રહે તેટલા વાસ્તે ત્હેણે પોતાની **'અષ્ટાધ્યાયી'** લખી છતાં જનતાની ભાષા આવા પ્રયાસથી પોતાનો પ્રવાહ છોડી દે, એ બનવું અશક્ય છે. પરિણામે ભાષાનાં બે વ્હેણ પડી ગયાંઃ (૧) પાણિનિના વ્યાકરણને અધીન વિદ્વાનોની ભાષા ને (૨) સામાન્ય જનતાની લોકભાષા. રામાયણ ભાગવતાદિ સંસ્કૃત પુસ્તકોમાં એ'વા કેટલાક પ્રયોગો છે જે'ને અપાણિનીય પ્રયોગ કહી શકાય. આવા પ્રયોગોને **'આર્ષપ્રયોગ'** કહે છે. પણ વાસ્તવિક રીતે તે અશુદ્ધ પ્રયોગજ કહેવાય. ધાતુના સંબંધક ભૂતકૃદંતના રૂપમાં, જો ધાતુ પૂર્વે ઉપસર્ગ આવ્યો હોય તોજ य પ્રત્યય લગાડાય છે, છતાં સંસ્કૃતમાં પાછળથી ઉપસર્ગ રહિત ધાતુને પણ य લગાડવામાં આવ્યો છે. ધાતુના પદમાં પણ વિવેક જળવાયો નથી. આ બધી અસર લોકભાષાની બન્ને ભાષાઓએ અરસપરસ એક બીજા ઉપર અસર કરી છે, છતાં પંડિતોની ભાષામાં ને ત્હેમનાં લખાણમાં સંસ્કૃત ભાષા સચવાઇ રહી.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પ્રાકૃત ભાષા સંસ્કૃતમાંથી જન્મી કે સંસ્કૃત પ્રાકૃતમાંથી. પાણિનિના વ્યાકરણને આધારે બોલાતી ભાષા તે સંસ્કૃત. પાણિનિ પૂર્વે ભાષાને **'સંસ્કૃત'** એવું નામજ આપવામાં આવ્યું ન હતું. પાણિનિએ થોડા ઘણા સંસ્કારો આપ્યાઃ અશુદ્ધને બાતલ કરી શુદ્ધ લાગ્યાં તેટલાં રૂપ સંઘર્યાં, માટે ત્હેને સંસ્કાર પામેલી–સંસ્કૃત એ'વું નામ ત્હેના સમયથી પ્રાપ્ત થયું. પાણિનિની પૂર્વે લોકભાષાએ કાંઇક જુદું સ્વરૂપ લીધું હતું, માટે તો પાણિનિને પ્રયાસ કરવો પડ્યો. એટલે પ્રાકૃત લોકભાષા પાણિનિના પ્હેલાં જનમી હતી. તેથી પાણિનિના સંસ્કૃતમાંથી પ્રાકૃત ભાષાનો જન્મ થયો, એમ કહેવું ઉચિત નથી, તેમ કેવળ પ્રાકૃતમાંથી પણ પાણિનિએ સંસ્કૃત ભાષાને ઉપજાવી કાઢી નથી. વૈદિક કે મહાસંસ્કૃત-માંથી પ્રાકૃત તેમજ પાણિનિનું સંસ્કૃત ઉદ્‌ભવ્યું છે. છતાં પ્રાકૃતને પાણિનિના સંસ્કૃતની અસર ચાલુ રહી છે.

પ્રાકૃત વૈદિક સંસ્કૃતમાંથી જન્મ્યું, તે જોવા થોડાંક ઉદાહરણ લેઇયે. તે રૂપ જૂજ હોવા છતાં પણ એટલું તો તે બતાવે છે કે પ્રાકૃત–લોક ભાષાએ પાણિનિ પૂર્વે જુદું સ્વરૂપ લીધું હતું.

(1) વૈદિક સંસ્કૃતમાં अस्मे રૂપ બધી વિભક્તિઓમાં વપરાતું યાસ્ક મુનિ જણાવે છે. તે ઉપરથી પ્રાકૃત–અપભ્રંશમાં अम्हे રૂપ આવ્યું. પાણિનિનું वयम् રૂપ લોક ભાષામાં ઝાઝું સ્થાન પામ્યું નથી.

(2) સં. नापित (હજામ) શબ્દ જાતે વૈદિક સંસ્કૃતના स्नापित ઉપરથી આદિ स् નો ह् થઈ આવ્યો છે. પાલી–પ્રાકૃતમાં ण्हाविअ શબ્દ છે. તે પાણિનિના नापित ઉપરથી આવ્યો હોય તો णाविअ કે नाविअ રૂપ હોવું જોઇયે પરંતુ 'ण्हा' માં જે ह છે તે स्ना ની સ્મૃતિ કરાવે છે. એટલે સંસ્કૃત नापित અને પ્રાકૃત ण्हाविअ બન્ને જૂના રૂપ स्नापित–स्नापित ઉપરથી આવ્યા.

(3) પાણિનિના સંસ્કૃત પ્રમાણે ભાવવાચક નામનો પ્રત્યય त्व કે ता, પણ પ્રાકૃતમાં त्तण પ્રત્યય વપરાતો. તે વૈદિક त्वन પ્રત્યય ઉપરથી આવ્યો. ગુજરાતીમાં વપરાતો 'પણ' પ્રત્યય (ઘડપણ) તેમજ 'તણ' (એંવાતણ) બન્ને વૈદિક त्वन ઉપરથી પ્રાકૃત–અપભ્રંશ દ્વારા આવ્યા છે.

(4) कृ ધાતુ માટે करोति કે कुरुते રૂપ પાણિનિ પ્રમાણે થાય, પણ પ્રાકૃતમાં તે ઉપરથી આવતા करइ ઉપરાંત कुणइ રૂપ વપરાતું. તે વૈદિક कृणोति ઉપરથી આવ્યું.

(5) સંબંધક ભૂતકૃદંત માટે પાણિનિના સંસ્કૃતમાં त्वा પ્રત્યય છે. પણ પાલી, પ્રાકૃત ને અપભ્રંશમાં વૈદિક त्वान ઉપરથી त्ताण–

तूण–दूण–ऊण અપભ્રંશ एप्पिणु–एविणु, વગેરેમાં જે ण અંતે છે તે વૈદિક સંસ્કૃત પરથી ચાલ્યો આવ્યો છે.

(૬) પાણિનિના સંસ્કૃત પ્રમાણે અકારાંત નરજાતિનાં નામ માટે પ્રથમા બહુવચનનો પ્રત્યય अस् છે. વૈદિક સંસ્કૃતમાં બેવડો अस्+अस्=असस् હતો. પાણિનિ પ્રમાણે 'जन'નું 'जनाः' રૂપ ને વૈદિક સંસ્કૃત 'जनासः' થતું. આ વૈદિક રૂપ ઉપરથી પ્રાકૃત સંબોધન બહુવચનનાં રૂપ 'पुत्ताहो, जणाहो', વગેરે આવ્યાં.

(૭) સંસ્કૃતમાં युष्माकं રૂપ છે, પરંતુ પાલીમાં तुम्हाकं છે. युष्माकं ઉપરથી तुम्हाकं બને, એ સંભવિત લાગતું નથી. એટલે જૂના વૈદિક तुष्माकं ઉપરથી શિષ્ટ સંસ્કૃતમાં त् નો લોપ થઈ उष्माकं–युष्माकं રૂપ આવ્યું ત્યહારે બીજી બાજુ પાલીમાં तुम्हाकं રૂપ થયું. પાલીમાં त નથી ઉડયો એ ત્હેનું જૂનું શિષ્ટ સંસ્કૃત પ્હેલાં પ્રચારમાં આવેલું રૂપ છે, એમ સૂચવે છે. બીજું પાલીમાં સંસ્કૃત एवनो જે'વો येव ઉચ્ચાર થતો ને લખાતો તેમ સંસ્કૃતમાં પણ त् ઊડતાં ભળેલી યશ્રુતિ બતાવે છે કે સં. युष्माकं રૂપ શિષ્ટ મનાવા છતાં લોક ભાષાના સંસ્કારનો પાસ એ'ને બેઠો છે.

(૮) પાણિનિના સંસ્કૃતમાં સંબંધક ભૂતકૃદંતનો य ધાતુ પૂર્વે ઉપસર્ગ હોય તો વપરાતો, પણ પ્રાકૃતમાં ઉપસર્ગ રહિત ધાતુઓને પણ य માંથી વ્યુત્પન્ન થયેલો इअ લાગતો. ત્હેનું કારણ વૈદિક સંસ્કૃતમાં ઉપસર્ગ ને ધાતુ વચ્ચે અનેક શબ્દો આવવાથી ધાતુ જાણે ઉપસર્ગ રહિત હોય તેમ લાગતું તેથી.

(૯) પાણિનિના સંસ્કૃત પ્રમાણે चर् ધાતુનું चरति (વ. કા. ત્રી. પુ. એ વ.) રૂપ થાય પણ બ્રાહ્મણ ગ્રન્થની ભાષામાં (પાણિનિ

પૂર્વની) चराति રૂપ થતું. "**चराति** चरतो भगः" (ઐત્તિરીય બ્રા.) આવાં—બ્રાહ્મણ ગ્રન્થની ભાષાનાં રૂપ જેવાં પ્રાકૃતમાં રૂપ થતાં. "सुट्ठु भवं **भणाद्दि**" (માલવિકા અંક ૧). પાણિનિના સંસ્કૃત પ્રમાણે भणाद्दिને બદલે भणति થાય છે.

(૧૦) અકારાંત નામના તૃતીયાના બહુવચન માટે પાણિનિના સંસ્કૃત પ્રમાણે एस् પ્રત્યયઃ जनैः, मनुष्यैः। પણ વૈદિક સંસ્કૃતમાં एभिः પ્રત્યય પણ હતો. जनेभिः, नरेभिः। આ વૈદિક પ્રત્યય ઉપરથી પ્રાકૃતમાં एहि પ્રત્યય આવ્યો. जणेहि, माणुसेहि, વગેરે.

(૧૧) સંસ્કૃત ને પ્રાકૃત આજ્ઞાર્થ પ્રત્યય हि વૈદિક धि પ્રત્યય ઉપરથી આવ્યો. 'शृणु' માટે વેદમાં शृधि વપરાતું. તે ઉપરથી પ્રાકૃતમાં सुणुहि રૂપ થયું.

(૧૨) પાણિનિના સંસ્કૃતમાં ळ નથી, છતાં પૈશાચી પ્રાકૃતમાં તે આવ્યો છે, અને ગુજરાતીમાં હાલ વપરાય છે. તે વૈદિક સંસ્કૃતમાં હતો. "अग्निमीळे पुरोहितं" ॥

(૧૩) સંસ્કૃતમાં पश्चात् વપરાતું. તે ઉપરથી પ્રા. पच्छा થાય. પણ અપ. पच्छइ રૂપ વૈદિક पश्च (નામ)ના સાતમી એ. વ. पश्चे—पच्छे—पच्छइ રૂપે આવ્યું લાગે છે. આ पश्च નામ पश्चिम શબ્દમાં જળવાઈ રહ્યું છે.

(૧૪) વૈદિક एव (इव) ઉપરથી અપભ્રંશ जेम्व, जिँव, जेम, जिम રૂપ આવ્યાં છે.

આ રીતે વૈદિક સંસ્કૃતમાંથી પ્રાકૃત ભાષાઓ ઉદ્ભવી, અને સંસ્કૃત પણ તેમાંથી આવ્યું. એટલે 'સંસ્કૃત'થી પાણિનિનું સંસ્કૃત

માની તે ઉપરથી પ્રાકૃતભાષા ઉદ્ભવી, એ કેટલેક અંશે ખોટું છે. તેમ પ્રાકૃતમાંથી પાણિનિનું સંસ્કૃત ઉદ્ભવ્યું, એ પણ ખોટું. પ્રાકૃત અને સંસ્કૃત બન્ને વૈદિક સંસ્કૃત–બ્રાહ્મણ આરણ્યક ગ્રન્થોની ભાષામાંથી જનમ્યાં.

લોકભાષાનું રૂપ બગડતું ચાલ્યું તે ચાલ્યું. તે લોકભાષાના વ્હેણના પાછળથી પ્રાન્તિક ભેદ પડી જુદી જુદી પ્રાકૃત ભાષાઓ અસ્તિત્વમાં આવી. તે બધાંનાં મૂળતત્ત્વો તો લગભગ સમાન હોવા છતાં જૂજ રૂપ નોખાં પડવાથી પ્રાન્તિકતાનો આરોપ થયો. આ બધાં વ્હેણમાં જૂનું જે વ્હેંણ તે પાલી ભાષા. બૌદ્ધ ધર્મના ગ્રન્થો તે ભાષામાં લખાયેલા છે. એ'માં સંસ્કૃતનાં ઘણાં રૂપ જળવાઇ રહ્યાં છે. અદ્યતન ભૂત જે પાકૃતમાંથી કથાવશેષ થયો છે તે પાલીમાં વપરાયો છે. उदपादि, संजानिंसु, વગેરે અદ્યતનભૂતનાં રૂપ છે. વળી પાલીમાં हुत्वान, दिस्वान, हित्वान, छेत्वान, कत्वान, જેવાં વૈદિક રૂપ ઉપરથી સંબંધક ભૂત કૃદન્તનાં રૂપ પણ વપરાયાં છે. સર્વનામના પ્રત્યયો નામને લાગવા પાલીમાં શરૂ થયા છે. स्मात् ને स्मिन् પ્રત્યયો, સર્વનામના નર નાન્યતર જાતિના પાંચમી ને સાતમી એક વચનના, તે નામને લાગ્યા છેઃ पन्थस्मिं, वनस्मिं, कायम्हा, मेथुनस्मा, पासादस्मिं, (तम्हा, यम्हि સર્વનામ) लोकस्मिं, लोकम्हि, વગેરે. આ ઉપરથી પ્રાકૃતનો म्मि પ્રત્યય આવ્યો. પ્રાકૃત तम्हा, कम्हा, जम्हा, ઉપરથી અપભ્રંશ जहां, तहां, कहां, વગેરે પંચમી એક વચનનાં રૂપ આવ્યાં.

આ પ્રમાણે પાલી ભાષા તે સંસ્કૃતનું નિકટનું લોકભાષાનું રૂપ છે. પાણિનિના સંસ્કૃત પૂર્વે જે લોકભાષા બોલાતી તે પાલી ભાષા જ હોવી જોઇયે. ભગવાન્ શાક્યસિંહે પોતાનો ઉપદેશ લોકભાષામાં આપ્યો ત્હેનાં મુખ્ય બે કારણ જણાય છેઃ (૧) સામાન્ય જન-

તાને-ઘાંચીમોચી સૌને પોતાનો સંદેશો પ્હોંચડવાની ત્હેમની ઉત્કટ ઇચ્છા (૨) લોકભાષાનું પ્રાબલ્ય.

લોકભાષા શબ્દનાં રૂપની વિપુલતા ને બારીક ભેદનો અનાદર કરી સરળ લાગે તે'વાં જરૂરનાં રૂપ સંઘરી બીજાંને જતાં કરે, એ વાત બિલકુલ સ્વાભાવિક છે. આ ધોરણે પ્રાકૃત ભાષામાં સંસ્કૃતના કાળ ને અર્થની સંખ્યામાં ઘટાડો થઈ ગયો. આત્મનેપદ ને પરસ્મૈપદનો વિવેક શિથિલ થઇ ગયો, દશ ગણોની કલ્પના માત્ર કેટલાંક સિદ્ધ રૂપોમાં ટકી રહી, નામના પ્રત્યયો સ્વરાન્ત ને વ્યંજનાન્ત નામ માટે જુદા હતા તે લગભગ સમાન થયા, કૃદન્તમાં આત્મનેપદ ને પરસ્મૈપદનો વિવેક લગભગ નાશ પામ્યો, સંબંધાર્થ કૃદંતના ત્રણ પ્રત્યય त्वा, य, त्य નો વિવેક નાશ પામી ઉપસર્ગ હોય અગર ન હોય તોપણ य નો इअ બહુધા વપરાવા લાગ્યો, બે ભવિષ્યકાળને બદલે અદ્યતન ભવિષ્યત્ એકલો પ્રાકૃતમાં રહ્યો. આ જાતની વિપુલતા ને વિવેકનું ધોરણ પ્રાકૃતમાં શિથિલ થયું. પરોક્ષભૂત કથાવશેષ થયો, વિધ્યર્થ ને વર્તમાન કાળના પ્રત્યયોનો વિવેક નાશ પામી વિધ્યર્થના પ્રત્યયો વર્તમાનમાં તથા આજ્ઞાર્થમાં વપરાવા લાગ્યા.

આ જાતની સરળતા પ્રાકૃતમાં આવી. પ્રાન્તિક પ્રાકૃતો ઉત્પન્ન થઇ, અને છેવટે ત્હેમાંથી અપભ્રંશ ભાષા વિકાસ પામી. અપભ્રંશ ભાષાને આહિર લોકોની ભાષા માનવામાં આવે છે. પરંતુ વર્તમાન ભાષાઓને અપભ્રંશનું જે ઋણ છે તે જોતાં અપભ્રંશ ભાષા મૂળ આહિરની હોવા છતાં ત્હેનું પ્રાબલ્ય ઘણું હોવું જોઇયે. પરિણામે તે ભાષા સામાન્ય જનતાની ભાષા બની હોવી જોઇયે. તે ભાષાનો ઉદ્ભવ કાળ ઇ. સ. ના સાતમા સૈકાથી નોંધવામાં આવે છે. પરંતુ કાલિદાસના 'વિક્રમોર્વશીય' નાટકના ચોથા અંકમાં અપભ્રંશ રૂપ મળી આવતાં હોવાથી ત્હેનો પ્રાદુર્ભાવ તે સમયે થયો હોવાની શંકા

જાય છે. ભાષાને સ્વતંત્ર ભાષા તરીકે લેખાતાં સૈકાં લાગે. તે પૂર્વે ત્હેનાં ભિન્ન રૂપને ભાષાભેદ ગણી અવગણવામાં આવે તે સંભવિત છે.

✓ગુજરાતી ભાષા શૌરસેની પ્રાકૃત દ્વારા ગુર્જર અપભ્રંશમાંથી ઉત્પન્ન થઇ એમ માન્યતા છે. દરેક પ્રાકૃતનું અપભ્રંશ રૂપ પણ જુદું હતું, એમ માનવામાં આવે છે. પરંતુ સામાન્ય પ્રાકૃતથી પ્રાન્તિક પ્રાકૃતોનો જેટલો (જૂજ) ભેદ તેટલોજ ત્હેમનાં અપભ્રંશનો પણ હોવો જોઇએ. મધ્ય પ્રાન્તના અપભ્રંશમાં ને ગુજરાતના અપભ્રંશમાં બહુ ફેર હોય તેમ જણાતું નથી. થોડાં ઘણાં પ્રાન્તિક રૂપ ત્હેમાં મળે, એ સંભવિત છે; બાકી બહુ ભેદ નથી. આ અપભ્રંશ ભાષાનું વ્યાકરણ હેમાચાર્યે **"સિદ્ધહેમ વ્યાકરણ"**ના આઠમા અધ્યાયને અંતે આપેલું છે, તેમ ઇ. સ. ના ૧૨મા સૈકા પછી થયેલા વૈયાકરણો પણ અપભ્રંશ ભાષાને ભૂલતા નથી. વિ: સં. ૮૩૫માં રચાયેલી **'કુવલયમાલા કથા'**માં જુદા જુદા પ્રાન્તની બોલીની ખાસિયત આપતાં લખ્યું છે કે–' णउ रे भल्लउं ' भणिरे अह पेच्छइ गुज्जरे अवरे । "आहम्ह काइं तुम्हं मित्तु भणिरे पेच्छए लाडे । ' दिणल्ले गहिल्ले ' उल्लविरे तत्थ मरहट्ठे." અહીં **લાટ** દેશને જુદો ગણ્યો છે. ગુજ્જરે દેશ ઉત્તર ગુજરાત ને મારવાડને માટે વાપરેલો લાગે છે. તેમજ મેલા, ગેલા, વગેરેના જેવાં લવાળાં રૂપ મરાઠી ભાષાની ખાસિયત તરીકે નોંધ્યાં છે, જો કે તેવાં રૂપ ગુજરાતીને પણ સામાન્ય છે, છતાં બહુધા સંભળાય એટલે ખાસ લક્ષણમાં નંધાય. આમાં અપભ્રંશ રૂપ છે.

વિ. સંવતના ૧૫–૧૬મા સૈકા સૂધી ગુજરાત, મારવાડ ને રજપૂતાનાના કેટલાક ભાગમાં એક ભાષા બોલાતી હતી. જેને ડૉ. ટેસીટોરી પોતાની ' Notes'માં જૂની પશ્ચિમ રાજસ્થાની (O. W.-R.) ભાષા કહે છે. ત્હેમાં ને જૂની ગુજરાતીમાં બહુ ભેદ નથી;

કારણ ડૉ. ટેસીટોરી નોટસની પ્રસ્તાવનામાં જણાવે છે કે " O. W. R. is an immediate offspring of शौरसेनी अपभ्रंश and the common parent of Guj. & Mar." આ પ્રમાણે જૂની પશ્ચિમ રાજસ્થાની ભાષા શૌરસેની અપભ્રંશમાંથી ઉત્પન્ન થઇ, અને વળી ત્હેણે (અર્વાચીન) ગુજરાતી ને મારવાડીને જન્મ આપ્યો.) જૂની ગુજરાતી અર્વાચીન ગુજરાતીની જનેતા તેજ રીતે જૂની પશ્ચિમ રાજસ્થાની ગુજરાતીની જનેતા. એટલે જૂની પશ્ચિમ રાજસ્થાની ને જૂની ગુજરાતીમાં ભેદ નથી. માત્ર જૂની મારવાડીનો પણ સમાવેશ કરવા ડૉ. ટેસીટોરીએ ત્હેને જૂની પશ્ચિમ રાજસ્થાની ભાષા કહી છે. આ રીતે રાજપૂતાના મારવાડમાં એક ભાષા પ્રચલિત હતી, તે પણ સાબીત થાય છે.

ગુજરાત પ્રાન્ત ઉપરથી ગુજરાતી ભાષાનું નામકરણ થયું. ગુજરાતને '**ગુજરાત**' એવું નામ ક્યારથી મળ્યું, ને કેવી રીતે તે નામ આવ્યું, તથા ભાષાને '**ગુજરાતી**' નામ ક્યારથી મળ્યું, તે સંબંધી મુ. નરસિંહરાવભાઇએ પોતાનાં ભાષણો (ગુ. ભા. સા.)ના પુસ્તક બીજામાં પૃ. ૧૯૨-૨૦૨ ઉપર બહુ ઝીણવટથી ચર્ચા કરી છે. '**ગુજરાત**' એવું નામ પ્રથમ આલ્બેરૂની (ઇ. સ. ૯૭૦-૧૦૩૦) આપે છે. આ હકીકત ત્હેમણે મી. દેવદત્ત ભાણ્ડારકરના '**ગુર્જરો**' નામના લેખ આધારે લીધી છે. બીજો ઉલ્લેખ માર્કોપોલો (ઈ. સ. ૧૨૫૪-૧૩૨૪) પોતાની મુસાફરીના વર્ણનમાં કરે છે. આ પ્રમાણે બાહ્ય પૂરાવો છે, તેમજ સમયના નિર્દેશ વગરના '**વસ્તુપાલરાસો**' માં '**ગુજરાત**' શબ્દનો નિર્દેશ છે:

" वस्तुपाल तेजिग तणउ अम्हे बोलिस रासो।
भरतखेत्र धुरि **गुजरात** अनहिलपुर वासो ॥
(प्रायः वि.सं.१५४८)

તે ઉપરાંત **'સમરારાસુ'** (વિ. સં. ૧૩૭૧) ને **'કાન્હડદેપ્રબંધ'** (વિ. સં. ૧૫૧૨)માં આ શબ્દ વપરાયેલો ત્‍હેમણે નોંધ્યો છે. (**'સમરારાસુ'**ની સાલ ૧૪૭૧ને બદલે સં. ૧૩૭૧ જોઇયે.)

(૧) '...ઠિય ए समरऊ ए समरऊ ए समरु आविउ **गुजरात**" (સમરારાસુ ૩૭)

(૨) "**ગૂજરાતિ** તે કહીઇ કિસી" (કાન્હદે પ્ર. ૧–૨૧)

આ તો **'ગુજરાત'** શબ્દનો ઉલ્લેખ થયો, પણ ત્‍હેની સ્થળસીમા સંબંધી કશો નિર્ણય થઇ શકે નહીં.

'ગુજરાત' શબ્દ શી રીતે આવ્યો તે સંબંધી મુ. નરસિંહરાવભાઇ પૃ. **૧૯૯** ઉપર જણાવે છે કે ગુર્જર લોકો સાથે જ તે નામ આવ્યું, અને પછી અહીંના લોકોએ ત્‍હેને 'गुजरत्ता' એવું પ્રાકૃત નામ આપ્યું, અને સંસ્કૃત પંડિતોએ ત્‍હેને સંસ્કૃત રૂપ गुर्जरत्रा આપ્યું, છતાં 'गुर्जरत्रा' શબ્દનો ઉલ્લેખ નોંધતાં તેઓ જણાવે છે કે

(૧) गुर्जरत्रा નામ સંસ્કૃત મૃત ભાષા ન હતી ત્ય્હારે મળી આવતું નથી.

(૨) લગભગ ઇ. સ. ના આઠમા સૈકાના સમયનિર્દેશ વિનાના કાલંજરના લેખમાં 'गुर्जरत्रामंडल' શબ્દ છે.

(૩) ઇ. સ. ૮૪૪ (વિ. સં. ૯૦૦) ના મહોદયના ભોજદેવના દૌલતપુરના તામ્રપટમાં गुर्जरत्राभूमि શબ્દ છે.

(૪) ૯૧૮ (કદાચ વિ. સં.)માં પ્રાકૃતમાં લખેલા કક્કુકના ઘટચાલના શિલાલેખમાં 'गुज्जरत्ता' શબ્દ છે.

(૫) આલ્બેરૂની (૧૦૩૦ ઇ. સ.) **'ગુઝરાત'** શબ્દ નોંધે છે.

(૬) શ્રીધરની દેવપટ્ટન પ્રશસ્તિમાં 'गूर्जरात्राः' શબ્દ વિ. સં. ૧૩૭૩ માં મળે છે.

(૭) માર્કોપોલો (ઇ. સ. ૧૨૫૪–૧૩૨૪) **'ગુજરાત'** શબ્દ વર્ણનમાં નોંધે છે.

(૮) 'સમરારાસુ'માં (વિ. સં. ૧૩૭૧) **'ગુજરાત'** વપરાયો છે.

આલ્બેરુની **'ગુજરાત'** શબ્દ હાલના ગુજરાતને વાસ્તે વાપરતો હોય તેમ જણાતું નથી, કારણ પાટણ વાસ્તે **'અનહલવારા'** જુદો શબ્દ વાપરે છે. છતાં સં. ૧૩૭૧ના 'સમરારાસુ'માં **'ગુજરાત'** "સમરુ આવિઉ ગુજરાત !" શબ્દ સોરઠ સંબંધી વર્ણન કરતાં વપરાયેલો હોવાથી તે હાલના **ગુજરાત** માટે વપરાયો છે, એ ચોક્કસ છે. એટલે મોડામાં મોડું 'ગુજરાત' નામ હાલના ગુજરાત વાસ્તે વિક્રમના ચૌદમા સૈકામાં મળે છે.

ગુજરાતી ભાષાનું નામ **'ગુજરાતી'** ક્યારથી પડ્યું તે સંબંધી ચર્ચા કરતાં સ્વ. નરસિંહરાવભાઇ જણાવે છે કે નરસિંહ મ્હેતો પોતે **'અપભ્રષ્ટ ગિરા'** વાપરે છે, પદ્મનાભ કાન્હડદે પ્રબંધમાં **'પ્રાકૃત'** શબ્દ વાપરે છે, ભાલણ **'અપભ્રંશ'** કે **'ગુજરભાષા'** શબ્દ વાપરે છે. માત્ર પ્રેમાનંદે 'દશમસ્કંધ'માં 'બાંધું નાગદમણ **ગુજરાતી ભાષા'** (ઇ. સ. ૧૭૦૦ પછી) **'ગુજરાતી'** એમ પોતાના લખાણની ભાષા માટે વાપર્યો છે. તેમજ બર્લિનનો લાયબ્રેરીયન લાક્રોઝ ઇ. સ. ૧૭૩૧માં 'ગુજરાતી' ભાષાનો ઉલ્લેખ કરે છે. એટલે વિ.સં. ૧૭૫૦ પછી ભાષાને **'ગુજરાતી'** એવું નામ મળ્યું છે.

ગુજરાત પ્રદેશમાં અપભ્રંશ પછી ૨૦૦–૩૦૦ વર્ષનો ગાળો બાદ કરતાં જે ભાષા બોલાતી ત્હેને ગુજરાતી ભાષા કહેવામાં મ્હને પોતાને વાંધો જણાતો નથી. ગુજરાતને **'ગુર્જરદેશ'** કહ્યો કે **'ગુર્જરભૂમિ'** કહી તેથી દેશની સ્થળસીમામાં વાંધો આવતો ન હોય ત્યહાં સૂધી કશો બાધ આવતો નથી. નરસિંહ મ્હેતાના સમયમાં ગુજરાતની ભાષાને ગુજરાતી એ'વું નામ નથી મળ્યું, એ'નું કારણ માત્ર એ છે કે શુદ્ધ પંડિતોની ભાષા તે સંસ્કૃત, એ સિવાયનું બીજું બોલવું તે પ્રાકૃત કે અપભ્રષ્ટ. અખો પોતાની વાણીને પ્રાકૃત કહે છે, છતાં એ'ની ભાષા ગુજરાતી જ છે, એમ સૌ કોઇ માને. અપભ્રંશ ભાષા હેમાચાર્યના સમયમાં ત્હેના શુદ્ધ સ્વરૂપમાં બોલાતી નહીં હોય માટે ત્હેનું વ્યાકરણ ત્હેમને આપવું પડયું. અપભ્રંશને ઘણે અંશે મળતી વિ. સં. ૧૨–૧૩ મા સૈકાની ભાષાને સંધિ કાળની ભાષા–અંતિમ અપભ્રંશ ગણી જૂની ગુજરાતીનું સ્વરૂપ તપાસવામાં મ્હેં વિ. સં.ના ચૌદમા સૈકાથી અઢારમી સદીના અંત સૂધીની ભાષાનો સમાવેશ કર્યો છે. તે પૂર્વે તેમજ તે પછી (જૂની ગુજરાતીનો સમય) જઈ શકતો નથી. આ સમય ઘણો લાંબો લાગશે, પણ ત્હેમાં થોડો ઘણો સંધિકાળનો પણ સમાવેશ કરવો પડે. ભાષાનો વિકાસ નોંધવામાં થોડાંક વર્ષનો ગાળો આઘો પાછો થાય, એ વિશેષ ન ગણાય.

જૂની ગુજરાતીનો પૂર્વ અવધિ

જૂની ગુજરાતી ભાષાની શરૂઆત ક્યારથી માનવી, તે સંબંધી ભિન્ન મત છે. જૂની ગુજરાતીની શરૂઆત હેમચંદ્રાચાર્યના અપભ્રંશમાં જોવી તે જેમ ઠીક નથી તેમ નરસિંહ મ્હેતાના જમાનાની ભાષાને ગુર્જર અપભ્રંશમાં ગણવી તે પણ ઇષ્ટ નથી. એ બે વ્યક્તિઓની વચ્ચેના સમયમાં જૂની ગુજરાતીનો–ગુજરાતી ભાષાનો ઉદય થયેલો મ્હને લાગે છે. ડૉ. ટેસીટોરીએ જે'ને જૂની પશ્ચિમ રાજ-

સ્થાની (O. W. R.) કહી છે ત્હેને જૂની ગુજરાતી ભાષા માનવા ખાસ હરકત જણાતી નથી. તે ગુજરાત ને મારવાડની તે વખતની સામાન્ય ભાષા હતી, એ વાત વિદ્વાનો સ્વીકારે છે, તો પછી તે એકજ ભાષામાંથી અર્વાચીન ગુજરાતી ને અર્વાચીન મારવાડી ઉત્પન્ન થાય, એ'માં વાંધો આવતો નથી. બન્ને દેશોનો સંપર્ક કંઇક અંશે ઓછો થતાં બન્ને ભાષાઓની વિશિષ્ટતાઓ સ્વતંત્ર રીતે ખીલે અને એકમાંથી બે ભિન્ન ભાષાઓ થાય.

હવે ગુજરાતી ભાષાની અમુક વિશિષ્ટતાઓ જે અર્વાચીન ગુજરાતીમાં પણ ચાલુ રહી હોય તે વિશિષ્ટતાઓનો ઉદય જ્યહારથી થયો ત્યહારથી જૂની ગુજરાતીનો ઉદયકાળ ગણી શકાય. તે વિશિષ્ટતાઓ નીચે પ્રમાણે છે.

(૧) 'છ' ધાતુનો સાહાય્યકારક ક્રિયાપદ તરીકે પ્રયોગ:— 'કરઇ છઇ', 'લિખઇ છઇ', વગેરેમાં 'છ' ધાતુનો ઉપયોગ મુખ્ય ક્રિયાપદ સાથે અર્થનાં સ્પષ્ટીકરણ વાસ્તે થયો છે. તે પ્રયોગ સં. ૧૪૧૧માં રચાયેલી 'સમ્યકત્વ ઉપરની કથાઓ'માં થયો છે. ઉતાર્યા સાલ ગમે તેટલી મોડી હશે તોપણ લહિયો નવીન ક્રિયાપદ ઉમેરે, એ શકય લાગતું નથી એટલે આ પ્રયોગ મોડામાં મોડો સં. ૧૪૧૧ માં તો શરૂ થયો હોવો જોઇએ. ત્હેની પૂર્વ અવધિ તે પ્હેલાંનું ગદ્ય સાહિત્ય વિશેષ પ્રગટ થયે નક્કી કરી શકાય. અત્યારે સં. ૧૪૧૧ને કામચલાઉ પૂર્વ અવધિ સ્વીકારીશું.

(૨) સંબંધાર્થ કૃદંત જોડે 'કરી'નો પ્રયોગ:—હાલમાં આપણે 'ખાઇ કરીને પરવાર્યો', 'ન્હાઇ કરીને આવ્યો છું,' વગેરે પ્રયોગોમાં પૂર્વ ક્રિયાની સંપૂર્ણતા સૂચવવા **'કરી' 'કરીને'** સંબંધાર્થ કૃદંત વાપરિયે છિયે. તે'વી જાતનો પ્રયોગ સં. ૧૪૧૧માં નં. ૧માં

જણાવેલી કથાઓમાં થયો છેઃ 'વસ્તુ લેઇ, **કરી** વેચઇ' 'આઇસુ દે **કરી**', 'ઇસિ પરિ ભણી **કરી**', વગેરે પ્રયોગો સદર કથાઓમાં છે.

(૩) દીર્ઘઃ સંયોગલોપે:–સંયોગલોપ થતાં પૂર્વ સ્વર પ્રાયશઃ દીર્ઘ થયાનાં ઉદાહરણ સં. ૧૩૫૦થી સારા પ્રમાણમાં મળે છે.

(૪) કર્મણિ રૂપનો આ:– 'લખાય', 'રમાય', 'પડાશે', 'લખાતું', વગેરે પ્રયોગોમાં હાલ કર્મણિ આ પ્રત્યય વપરાય છે. સંવત ૧૩૩૬માં રચાયેલી **'બાલશિક્ષા'**માં **'કરાઇ'**, **'જણાઇ'** રૂપ હાલના **'કરાય'** **'જણાય'** માટે વપરાયાં છે.

(૫) અંગ (Oblique form):–બીજી, વગેરે વિભક્તિઓને પ્રત્યય લગાડતાં ઓકારાંત નરજાતિનાં નામ તથા વિશેષણ અને ઉંકારાંત નાન્યતર જાતિના નામનો આ કરવો પડે છે. (નાન્યતર નામમાં બ. વ. માં આં થાય છે.) આ અંગનો પ્રયોગ જૂનો છે, છતાં આમ પ્રત્યય સાથે આશરે સં. ૧૩૫૦થી થયેલો જડે છે. 'ભવ સગલાઇ માંહિ' (અતિચાર સં. ૧૩૬૯). 'સાતિવા રેસિ' (સપ્તક્ષેત્રિરાસ–૪૩. સં. ૧૩૨૭). 'હિવડા તણઇ' (નવકાર વ્યાખ્યાન સં. ૧૩૫૮) *

(૬) છઠ્ઠીના નો–ની–નું પ્રત્યયઃ–આ તો ખાસ ગુજરાતીનો પ્રત્યય ગણાય. ત્હેની શરૂઆત પણ સંવતના ચૌદમા સૈકામાં થયેલી છે. **'કણની'** (સપ્તક્ષેત્રિરાસુ. ૧૯, સં. ૧૩૨૭) **'ભવના'** (" ૭૫,) 'ધરમનઇ' (" ૮,)

* આ 'નવકારવ્યાખ્યાન'ની બે જુદી જુદી સાલો નંધાઇ છે. પૂજ્ય જિનવિજયજી 'પ્રાચીન ગૂજરાતી ગદ્ય સંદર્ભ' પૃ. ૨૧૯ ઉપર સં. ૧૩૫૮ આપે છે, અને મુ. નરસિંહરાવભાઇ (ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૪૫) ઉપર સં. ૧૨૫૭ આપે છે.

(૭) દેખતાં-કરતાં, વગેરે રૂપનો પ્રયોગઃ- આ રૂપો અપ. देक्खन्तहं, करन्तहं (વર્ત૦ કૃદન્તના છઠ્ઠીના બ. વ. નાં રૂપ) ઉપરથી આવ્યાં છે. અને ત્હેમની શરૂઆત હાલના રૂપમાં વિક્રમની ચૌદમી સદીની અધવચ્ચ થયેલી છે. 'કરતાં, પઢતાં, ગુણતાં' (બીજો 'અતિચાર' સં. ૧૩૪૦ ને સુમારે)

(૮) અનુસ્વાર બોળો પડતાં પૂર્વ સ્વરનું દીર્ઘત્વઃ- આ પ્રયોગ પણ વિક્રમની ચૌદમી સદીની અધવચમાં નોંધવામાં આવે છે. **થાંભલી** (સપ્તક્ષેત્રિરાસુ ૫૧) **'સાંભલઇ'** (" ૧૧૦), **'સાંકલઉ'** (" ૩૪) **'પાંચે'**, **'પાંચમઇ'** **'ચાંદઉ'** (સંદર્ભ. પૃ. ૨૧૯ સં. ૧૩૫૯); **'પાંચ'**, **'આંગ'** (સંદર્ભ. ૨૨૦ સં. ૧૩૫૮)

(૯) નાન્યતર જાતિનું આંકારાંત બ. વ. નું રૂપઃ-'ટીપણાં' (આરાધના, સં. ૧૩૩૦) **'આંડાં'** (અતિચાર સં. ૧૩૬૯) "કુપ તલાવ **કીધાં કરાવ્યાં'** (" ") **'પુસ્તક લિખાવ્યાં'**. (" ") **'ચાંદણાં'** (" ") આમ નાન્યતર જાતિના બ. વ. નો પણ હાલનો પ્રયોગ ચૌદમી સદીની અધવચમાં થયો છે.

(૧૦) 'કશું' ને 'શું'નો પ્રયોગઃ—આ બે પ્રયોગો સં. कीदृश શબ્દ ઉપરથી આવ્યા છે. પ્રથમ किसा, किसी, किसउ રૂપે સં. ૧૩૫૦ લગભગ વપરાયેલું જડે છે, ને બીજું 'શું' વિક્રમના ૧૬ મા સૈકા પ્હેલાં મળતું નથી. "આઠ કર્મ **કિસા** ભણિયઇ, **કિસી** ૦૮ સિદ્ધિ" 'કિસઉ ભણિયઇ' (નવકાર વ્યાખ્યાન સં ૧૩૫૮). બન્ને कीदृश ઉપરથી નીચે પ્રમાણે વિકાસ થઇ આવેલા છે.

સં. कीदृशकं પ્રા. केरिसअं અપ. कइसउं—किसउं. પછી બે ફાંટા પડી ગયા છે, તે નીચેના વૃક્ષ ઉપરથી જોઇ શકાય છે.

क्रिसउं

કિસું	કિસિઉં (સં. ૧૪૫૦)
કિશું	સિઉં (સં. ૧૫૦૦)
કશું	સ્યું
	શું

(૧૧) વિશિષ્ટ વર્ણ ફેરફારો:—

(अ) **બ નો ગ:**—હિંદીમાં उबरना. મરાઠીમાં उरणे ને ગુજરાતીમાં **'ઉગરવું'**. મરાઠીમાં મૂળ उव्वर નો व ઊડી ગયો, હિંદીમાં ब થયો, ને ગુજરાતીમાં ગ થયો. આ ફેરફાર ગુજરાતીનો ખાસ ગણાય: "ઉગરિઉ ધાન્યુ" (સંદર્ભ ૪૯-૪, સં. ૧૪૧૧).

(ब) **ण નો ड:**—'આપણે-આપડે' નાં જેવો ફેરફાર પણ ગુજરાતીનો ગણાય. अधुना-अहुणा-हवणा ઉપરથી **'હુવડાં'** (સંદર્ભ ૧૨-૧૧ સં. ૧૪૧૧) **'હિવડાં'** (સપ્તક્ષેત્રિરાસુ ૮૩ સં. ૧૩૨૭)

(क) **ज નો ड:**—त्रिभंजन ઉપરથી **'વિહુંડણુ'** (રેવંતગિરિ રાસુ સં. ૧૨૮૮) તેમજ 'કચ્છુલીરાસ' સં. ૧૩૬૩.

(ड) **त નો क:**—સં. सपत्नी પ્રા. सवत्ती ઉપરથી હિંદીમાં सौत, મરાઠીમાં सवत ને ગુજરાતીમાં सवक्की–सउकी–**'શોક્ય'** થાય છે. આ ફેરફાર પણ ગુજરાતીનો ખાસ ગણાય: **'સઉકી'** (સંદર્ભ. ૨-૧૩) સં. ૧૪૧૧માં વ્યુત્પન્ન થયો છે.

ઉપર પ્રમાણેની વિશિષ્ટતાઓ આશરે વિ. સંવતના ચૌદમા સૈકાની અધવચમાં ઘણી પ્રચારમાં આવી હોવાથી જૂની ગુજરાતીની પૂર્વ અવધિ સં. ૧૩૫૦ લગભગ માનવા હું પ્રેરાઉં છું. સં. ૧૩૫૦–૧૭૦૦ સુધીનો ગાળો જૂની ગુજરાતીનો ગણાય.

અર્વાચીન ગુજરાતીના વિશિષ્ટ સ્વરૂપ વાસ્તે નીચેના પ્રયોગોની ગણના થઇ શકે:

(૧) 'અમ્હે' સર્વનામ જોડે 'ઇયે' વર્ત૦ કાળના પ્રત્યયનો પ્રયોગ.

(૨) अइ ને अउ જૂનાં સ્વરયુગ્મનો ए ને ओ રૂપે વિકાસ.

(૩) 'આવિઉ', 'લખિઉ' જેવાં ભૂતકાળનાં રૂપ માટે 'આવ્યો' 'લખ્યો', વગેરે રૂપનો બ્હોળો પ્રયોગ.

(૪) इ ને उ ને બદલે अ થવાઃ विकासक ઉપરથી 'અગાસું', लिखति ને બદલે 'લખવું', मधु ને બદલે 'મધ'માં થાય છે તેમ.

(૫) વૈદિક સંસ્કૃતમાંથી પૈશાચી પ્રાકૃતમાં આવેલો ल નો ळ:—બીજી પ્રાકૃતોમાં ल નો ळ થતો નથી. તે અવિકૃત રૂપે રહ્યો છે. હાલ મરાઠી ને ગુજરાતીમાં અસંયુક્ત લનો ळ થયેલો છે. આ પ્રમાણે મુખ્ય મુખ્ય માર્ગસૂચક સ્તંભોની સાહાય્યથી જૂની ને અર્વાચીન ગુજરાતીનો ભેદ પાડી શકાય તેમ છે.

જૂની ગુજરાતીના અભ્યાસીઓ ઉપર ગુજરાતના એક પક્ષ તરફથી એવો આરોપ છે કે ત્હેમણે મારવાડી ને જૈન ભાષાને જૂની ગુજરાતીને નામે યુનિવર્સિટીમાં ઠોકી બેસાડી છે. આ જાતની મનોવૃત્તિ કેવળ પ્રાકૃત–અપભ્રંશ, વગેરેના અભ્યાસનો અભાવ સૂચવે

છે. ભાષા હાલ જે'વી બોલાય છે તે'વીજ પાંચસો વરસ ઉપર બોલાતી કલ્પવી, તે બીજી ભાષાઓની તુલનાએ પણ બનવા યોગ્ય નથી. જૈન ને જૈનેતરનો ઝગડો હોવા છતાં બ્રાહ્મણો ત્હેમની ભાષામાં લખે, એ માનવું યોગ્ય નથી. ભીમ, ભાલણ, શ્રીધર ને શામળ કાંઇ મારવાડના ન હતા, તેમ તેઓ ધર્મે જૈન પણ ન હતા. છતાં ત્હેમની ભાષાનો અભ્યાસ કરનારને સહજ જણાય કે ત્હેમની ભાષા અર્વાચીન ભાષાથી સ્વરૂપમાં જુદી પડે છે. ઠેઠ શામળની ભાષા જોઇશું તોપણ જણાશે કે ત્હેની ભાષા તદ્દન નરસિંહ મ્હેતાની હાલ મળે છે તે'વી ભાષા નથી.

કાવ્ય કે આખ્યાનના રચના કાળ ને ઉતાર્યા સાલ વચ્ચે બહુ લાંબો ગાળો પડ્યો હોય તો ભાષા લહિયાના સમયની બનવા સંભવ છે. માટે જે તે કવિની ત્હેના સમયની ભાષા જોવા માટે જેમ બને તેમ જૂની પોથી મેળવવી ઇષ્ટ છે. ભંડોળ કમિટી તરફથી પ્રગટ થયેલી શામળની **'સિંહાસન બત્રીશી'** જોવાથી ખાત્રી થશે કે ત્હેના સમયમાં પણ જૂની ગુજરાતીનાં રૂપ 'કથાવશેષ' થયાં નથી. ભાષાનો વિકાસ ધીમે ધીમે થાય છે. **'ઘોડઉ'**, **'વસવૈયુ'**, **'એ'વાતણ'**, **'છે'**, **'કરજો'**, વગેરે રૂપો પાછળ ઘણા સૈકા ગયા છે ત્યહારે તે હાલના સ્વરૂપમાં આવ્યાં છે. તે નરસિંહ મ્હેતાના સમયમાં તે'વાજ રૂપે વપરાતાં માની સંતોષ માનવો, તે વસ્તુસ્થિતિથી વિપરીત છે. પાલીને બૌદ્ધની, પ્રાકૃતને કેવલ જૈનની ભાષા માની લેવી એ ઠીક નથી. તે લોકભાષાનાં સ્વરૂપ છે, અને જનતાનો દરેક ભાગ ત્હેને વાપરતો. એ રીતે જૂના ગુજરાતની જનતાની ભાષા તે જૂની ગુજરાતી. જૈનોને હાથે લખાયેલાં ને ત્હેમના ભંડારોમાં સચવાયેલાં પુસ્તક જૈન ભાષાનાં, એમ માનવું ઉચિત નથી. તે ભંડારોમાં પણ કેટલીક પોથીઓ જૈનેતરને હાથે લખાયેલી સંઘરી છે. તે જોતાં પણ ખાત્રી થાય કે ભાષા સંબંધી આવો ભેદ પાડી શકાય તેમ નથી.

પ્રકરણ ૨જું

વાગ્વ્યાપારના કેટલાક સિદ્ધાંત

(૧) **સ્વરભાર**(Accent)—શબ્દનું છેવટનું સ્વરૂપ તૈયાર કરવામાં સ્વરભાર અગત્યનો ભાગ ભજવે છે. સ્વરોને હ્રસ્વ દીર્ઘમાં વ્હેંચ્યા છે તે માત્ર ઉચ્ચારમાં લાગતા સમયના ધોરણે. પરંતુ આ સ્વરભારને સ્વરના હ્રસ્વત્વ દીર્ઘત્વ સાથે બહુ સંબંધ નથી. અમુક શ્રુતિ ઉપર જે ખાસ ભાર મૂકવામાં આવે છે ત્હેને સ્વરભાર કહે છે. आकार શબ્દમાં પ્રથમની બન્ને શ્રુતિમાં દીર્ઘ સ્વર आ છે. છતાં સ્વરભાર का શ્રુતિ ઉપર પડે છે. **'જાણ'**ના પ્રેરક રૂપ **'જણાવ'**માં **જાનો જ** થઇ શ્રુતિ ટુંકાઇ છે ત્હેનું કારણ સ્વરભારને **'ણા'** શ્રુતિ ઉપર પડવા વાસ્તે. આ પ્રમાણે ઉત્તરની શ્રુતિ ઉપર સ્વરભારને પડવા માટે પૂર્વ શ્રુતિ ટુંકાય છે. બીજું સ્વરભાર ફરતો રહ્યો છેઃ સં. करीरમાં સ્વરભાર री ઉપર હતો. તે ઉપરથી બનતા **'કેરાં'** શબ્દમાં વિવૃત **'એ'** સ્વરભાર क ઉપર ગયા સિવાય બની શકે નહીં, માટે તે ફર્યો લાગે છે.

સ્વરભાર સંબંધી મ્હારો અભ્યાસ બહુ નથી. છતાં એક બાબતનો મ્હને નિશ્ચય થયો હોય તેમ લાગે છે. તે એ છે કે–

(૧) સંસ્કૃતમાંથી શબ્દને પ્રાકૃતમાં આવતાં 'ह्रस्वः संयोगे' સૂત્રથી સંયુક્ત વ્યંજનની પૂર્વ શ્રુતિ જે હ્રસ્વ થાય છે ત્હેનું કારણ માત્ર સ્વરભારને ઉત્તરની શ્રુતિ ઉપર છૂટથી પડવા વાસ્તે છે. સંયુક્ત વ્યંજનવાળી શ્રુતિ ઉપર સ્વરભાર પ્રાકૃત–અપભ્રંશમાં પડવો જોઇએ તે સંબંધી

(૨) બીજું કારણ એ છે કે સંસ્કૃતમાં સંયુક્ત વ્યંજનમાં જે ભિન્ન ભિન્ન વર્ણસ્થાનોના વ્યંજન હતા તે પૈકી પ્રાકૃતમાં નિર્બળ

વ્યંજન ઊડી ગયો ને માત્ર એકજ સ્થાનનો સબળ વ્યંજન બેવડાયો. તે પણ બતાવે છે કે સ્વરભાર સંયુક્ત વ્યંજનવાળી શ્રુતિ ઉપર પડવો જોઇયે.

(૩) ત્રીજું કારણ એ છે કે જ્યહાં પ્રથમ શ્રુતિ ઊડી જાય છે ત્યહાં તે અસ્વરિત હોવાને લીધે ઊડે છે, એમ સામાન્ય રીતે સ્વીકારાયું છે. પ્રથમ શ્રુતિની પછીની શ્રુતિ ઉપર સ્વરભાર પડતો હોય તોજ પ્રથમ શ્રુતિ અસ્વરિત કૂહેવાય. પણ તે બીજી શ્રુતિ સંયુક્ત વ્યંજનવાળી હોય અને તે'વે પ્રસંગે ત્હેની પૂર્વની શ્રુતિ ઉપર સ્વરભાર પડતો માનિયે તો તે શ્રુતિ અસ્વરિત ન કૂહેવાય, અને પરિણામે ઊડવી પણ ન જોઇયે. છતાં ઊડે તો એમ સ્વીકારવુંજ પડે કે સ્વરભાર સંયુક્ત વ્યંજનવાળી શ્રુતિ ઉપર પડે છે. ઉદા૦ अभ्येत–अब्भिड–ભિડ, अभ्यंतर–अब्भित्तर ભીતર, आस्ते–अच्छइ–છે. આ ત્રણે શબ્દોમાં પ્રથમ શ્રુતિ ઊડી ગઇ છે. તે અસ્વરિત હોય તો ઊડે; એટલે એમ માનવા કારણ છે કે સ્વરભાર સંયુક્ત વ્યંજનવાળી શ્રુતિ ઉપર પડવો જોઇયે. છતાં એમ માનિયે કે સંસ્કૃત, પ્રાકૃત, વગેરેમાં સ્વરભાર સંયુક્ત વ્યંજનની પૂર્વ શ્રુતિ ઉપર હતો. પણ ગુજરાતીમાં આવતાં ત્યહાંથી ખશી ત્હેની જોડેની શ્રુતિ ઉપર આવ્યો, એટલે પ્રથમ શ્રુતિ ઊડી ગઇ. એમ જો હોય તો अब्भिड માંથી अ અપભ્રંશમાં ઊડી ગયો છે. વળી સ્વરભાર ખસતોજ રહ્યો છે, એમ સ્વીકારવું વિશેષ યોગ્ય છે. સંસ્કૃતમાં સંયુક્ત વ્યંજનની પૂર્વ શ્રુતિ ઉપર સ્વરભાર હતો તે ह्रस्वः संयोगे સૂત્રથી પ્રાકૃતમાં સંયુક્ત વ્યંજનવાળી શ્રુતિ ઉપર ખશ્યો અને दीर्घः संयोग–लोपे સૂત્ર પ્રવર્તતાં સંયુક્ત વ્યંજન ઊડતાં સ્વરભાર ત્યહાંથી ખશી જે શબ્દમાં પૂર્વ શ્રુતિ ઉપર પડ્યો ત્યહાં પૂર્વ શ્રુતિ દીર્ઘ થઇ.

(૪) ચોથું કારણ એ છે કે સંયુક્ત વ્યંજન ઊડતાં પૂર્વ શ્રુતિ ઘણી વખત દીર્ઘ થતી નથી. આનું કારણ એ છે કે સ્વરભાર મૂળની

જગ્યાએ (સંયુક્ત વ્યંજનવાળી શ્રુતિને ઠેકાણે) કાયમ રહ્યો છે. એટલે સ્વરનું હ્રસ્વત્વ દીર્ઘત્વ સ્વરભારનેજ અવલંબે છે. नास्ति–नत्थि–નથી, करपत्र–करवत्त–કરવત; कष्ट-कट्ठ–કઠવું. આ શબ્દોમાં સંયુક્ત વ્યંજન ગળવા છતાં પૂર્વ સ્વર હ્રસ્વ રહ્યો છે ત્હેનું કારણ 'થી', 'ત' 'ઠ' શ્રુતિ ઉપરજ સ્વરભાર રહ્યો છે.

આ ચાર કારણોને લીધે હું એમ માનું છું કે પ્રાકૃત–અપભ્રંશમાં સ્વરભાર સંયુક્ત વ્યંજનવાળી શ્રુતિ ઉપર પડે છે. वर्धते–પ્રા.–वड्ढइનાં ગુજરાતીમાં બે રૂપ થાય છેઃ 'વધવું' ને 'વાધવું'. આ બે રૂપ ભિન્ન ભિન્ન સ્થળે સ્વરભાર પડવાથી થયાં છે. 'વધ'માં સ્વરભાર 'ધ' ઉપર છે ને 'વાધ'માં 'વા' ઉપર પડે છે. જુદે જુદે સ્થળે સ્વરભાર પડવાથી એકજ તેમજ ભિન્ન ભિન્ન ભાષાઓમાં કેવું પરિણામ આવે છે, તે નીચેનાં ઉદાહરણ પરથી સમઝાશેઃ–

(૧) બંગાલી ને મરાઠીમાં અપ. अम्हइंનું અનુક્રમે आमी ને आह्मी થાય છે. હિન્દીમાં हम ને ગુજરાતીમાં 'અમ્હે' થાય છે.
(૨) ગુજરાતીમાં સં. वर्धते પ્રા. वड्ढइનું 'વધે' તેમજ 'વાધે' બે રૂપ થાય છે.
(૩) ગુજરાતીમાં कर्ण ઉપરથી 'કાન' ને 'કને' બે રૂપ બને છે.
(૪) भद्र ઉપરથી ગુજરાતીમાં 'ભલુ' ને બંગાળીમાં 'भाल' બને છે.
(૫) मद्र ઉપરથી જૂ. ગુ. માં 'માલ' ને અર્વાચીનમાં 'મલ' રૂપ બને છે.
(૬) पच्यते ઉપરથી જૂ. ગુ. 'પાચઇ–પચઇ' ને અર્વાચીનમાં 'પચે' રૂપ બને છે.
(૭) अरण्य ઉપરથી 'રાન' ને 'રણ' બે રૂપ બને છે.
(૮) संज्ञा ઉપરથી 'સાન' ને 'સનો' બે રૂપ બને છે.

(૯) लग्न ઉપરથી હિંદીમાં 'लगी' ને ગુજરાતીમાં 'લાગી' બે રૂપ થયાં.

(૧૦) वर्ण ઉપરથી 'વાન' ને 'વનીવની' બે રૂપ ગુજરાતીમાં થયાં.

(૧૧) कान्ति ઉપરથી 'ખંત' ને 'ખાંત' બે રૂપ થયાં.

(૧૨) बद्धकः ઉપરથી 'બધો' ને 'બાધો' બે રૂપ. શામળ 'બાધો' રૂપ વાપરે છે.

(૧૩) छत्रकं ઉપરથી 'છાપરૂં' ને 'છપ્પર' (છપ્પરપલંગ) બે રૂપ થયાં.

(૧૪) प्रतनु કે पत्रल–पतल ઉપરથી હિંદીમાં 'पतला' ને ગુજરાતીમાં 'પાતળું' બે રૂપ થયાં.

(૨) दीर्घः संयोगलोपे—(સંયુક્ત વ્યંજનનો એક વ્યંજન ઊડતાં પૂર્વ સ્વર દીર્ઘ)

જૂની ગુજરાતીના હવે પછી આપવાના નમૂનામાં આપણે वत्त, पहुत्त ને दिठ्ठ શબ્દો નોંધ્યા છે. આમાં છેલ્લી શ્રુતિમાં સંયુક્ત વ્યંજન છે. હાલ આપણે 'વાત', 'પ્હોચ્યો' 'દીઠો' જેવાં સંયુક્ત વ્યંજન વગરનાં રૂપ વાપરિયે છિયે. તે ઉપરાંત ત્હેમાં પૂર્વ સ્વર દીર્ઘ થયેલો છે. પ્રાકૃત ભાષામાં, સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં આવતાં, શબ્દના સંયુક્ત વ્યંજનની પૂર્વનો દીર્ઘ સ્વર "ह्रस्वः संयोगे" સૂત્રથી હ્રસ્વ બનતો: मार्गः પ્રા. मग्गो, राज्ञी પ્રા. रण्णी, नरेन्द्रः પ્રા. नरिन्दो, વગેરે. પ્રાકૃત–અપભ્રંશમાંથી અર્વાચીન ભાષાઓમાં આવતાં તેથી ઊલટો નિયમ લાગુ પડી સંયુક્ત વ્યંજનમાંનો એક વ્યંજન ઊડતાં બહુધા પૂર્વ સ્વર દીર્ઘ બને છે. તે આધારે 'વાત' ને 'દીઠું' રૂપ થયાં છે. તેમજ नण्णा નું 'સાન', मग्गो નું 'માગ,, रण्णी નું 'રાણી', दिस्सइ નું 'દીસે', दट्ठ નું 'ડીઠે', सिक्खइ નું 'શીખે', जुण्णो નું 'જૂનો', रण्ण નું 'રાન', વગેરે જેવાં રૂપ ઉત્પન્ન થાય છે.

આ નિયમ બીજે રૂપે સંસ્કૃત ભાષામાં પણ પ્રવર્તતો. ढ् પછી ढ કે र् પછી र् આવતાં એક વ્યંજન ઊડતો ને પૂર્વ સ્વર દીર્ઘ બનતોઃ ववमुः रक्तं = ववमुर् रक्तं = ववमू रक्तं, पुनर् गमो न भाषते = पुना गमो न भाषते। लिह्+त = लिढ्+ध = लिढ्+ढ = लीढ । પ્રાકૃતમાં આ નિયમનો પ્રચાર સંસ્કૃત કરતાં વિશેષ છેઃ दृश्यते–दिस्सइ–दीसइ, तुष्यति–तुस्सइ–तूसइ, रुष्यति–रुस्सइ–रूसइ, आज्ञा–अण्णा–आण, अश्वः–अस्सो–आसो, पार्श्व–पस्स–पास, दक्षिण–दक्खिण–दाहिण ॥ આ શબ્દોમાં છેવટનું રૂપ–સંયુક્ત વ્યંજનનો લોપ થઈને પૂર્વ સ્વર દીર્ઘ થયેલું–પ્રાકૃત ભાષામાં વપરાતું હતું.

ઉદા.

૧. "कुसग्गपुरगमणुस्सुओ **दीससि** ?" (વસુ. ૭૨–૨૬)

૨. "भीमो नाम राया **आणं** न सम्ममणुपालेइ" (,, ૯૦–૧૨)

૩. "तहेव वच्चन्तस्स **आसस्स** जाओ मज्झण्हसमओ." (પ્રા–કે. સં. ૧૮)

૪. "विज्जाहरलोगो य उवसन्तरायाइकलयलो **पासेसु** अल्लीणो." (,, ૧૮)

૫. "चेयइयपव्वयस्स **दाहिणिल्लाए** सेढीए." (વસુ. ૭૩–૧૫)

૬. "कीरन्ती व्विअ **णासइ** उआए रेह व्व खलयणे मेत्ती." (ગાથા. ૩–૭૨)

૭. હેમાચાર્ય સૂત્ર ૮–૪–૨૩૬ "रुषादीनां दीर्घः" માં तूसइ, रूसइ, सूसइ, पूसइ, सीसइ, વગેરે રૂપો આપે છે, તે બધામાં ઉપર જણાવ્યા પ્રમાણે સંયુક્ત વ્યંજનનો એક વ્યંજન ઊડતાં પૂર્વ સ્વર દીર્ઘ થયો છે.

(૮) સૂત્ર ૮–૧–૪૩ "लुप्तयरवशषसां शषसां दीर्घः" માં श, ष, सની સાથે વર્તતા य्, र्, व्, श्, ष्,स्, નો લોપ થતાં श, ष, स,ની પૂર્વનો સ્વર દીર્ઘ થયાનાં ઘણાં ઉદાહરણો નોંધ્યાં છે. कश्यपः प्रा. कासवो, विश्रामः प्रा. वीसामो, विश्वासः प्रा. वीसासो, मनुष्यः प्रा. मणूसो, वर्षः प्रा. वासो, सस्यं, प्रा. सासं, निस्सहः–नीसहो, વગેરે ઘણાં છતાં આ તો માત્ર અપવાદરૂપ છે; પરંતુ ભાષાનું વલણ એથી સૂચિત થાય છે. પ્રાકૃત ભાષામાં એથી ઊલટું ઘણી વખત સાદા વ્યંજન સંયુક્ત બને છે, એટલે પ્રાકૃતભાષા બહુધા સંયુક્ત વ્યંજન પ્રત્યે રુચિ ધરાવતી લાગે છે. અને ભાષાની રુચિ એટલે તે ભાષાને બોલનારની રુચિ. તે કાળના લોકો પ્રબળ, એટલે ત્હેમના ઉચ્ચારમાં પણ કાઠિન્ય હોય તે સ્વાભાવિક છે.

ગુજરાતીમાં અને બીજી આર્ય ભાષાઓમાં આ સંયુક્ત વ્યંજનનો લોપ થઈ પૂર્વ સ્વર દીર્ઘ થવાનું વલણ થોડા ઘણા પ્રમાણમાં જણાય છે. પરંતુ दीर्घः संयोगलोपे એ ખાસ ગુજરાતી ભાષામાં વિશેષ પ્રવર્તે છે. ત્હેને લીધેજ 'શું શા પૈસા ચાર'ના ઉપહાસને પાત્ર ગુજરાતી ભાષા થઈ છે. તે ઉપહાસ માત્ર ભાષાનું માર્દવ સૂચવે છે.

સંયુક્ત વ્યંજનનો લોપ થઈ પૂર્વ સ્વર દીર્ઘ થવાનું વલણ વિ. સં. ના ચૌદમા સૈકાથી સ્પષ્ટ રીતે જણાય છે. સંવત્ ૧૧૭૦માં રચાયેલી "ખરતરપટ્ટાવલીષટ્પદાનિ"માં दिट्ठइ, पुव्वुक्किउ, पिक्खिउ, तुट्टेउ, महग्घउ, सच्चु જેવાં સંયુક્ત વ્યંજનવાળાં ઘણાં રૂપ છે. પણ સંવત્ ૧૩૨૭માં રચાયેલા 'સપ્તક્ષેત્રિરાસો'માં पाछइ, लागइ, थाकतउ, कीजइ, आठमउ, मूलु, तूलु, मागो, તેમજ पुन्नीयइ, वुज्झइ, वुज्झियइ, વગેરે રૂપો પણ માલૂમ પડે છે. પરંતુ સંવત્ ૧૪૭૮માં રચાયેલા 'પૃથ્વીચંદ્રચરિત' માં સંયુક્ત વ્યંજનનો લોપ થઇ પૂર્વ સ્વર દીર્ઘ થયેલું રૂપ સ્થિર થયું છે. છતાં તેથી વિરુદ્ધ રૂપ વપરાયેલાં જડે તો તે લખનારની રુચિને આભારી છે.

સંયુક્ત વ્યંજનનો લોપ થવા છતાં ઘણી વખત પૂર્વ સ્વર દીર્ઘ થયેલો જણાતો નથી, ત્હેનું કારણ સ્વરભાર છે. પ્રાકૃત–અપભ્રંશમાં સ્વરભાર સંયુક્ત વ્યંજન ઉપર પડતો હતો. એ આધારે પૂર્વ સ્વર દીર્ઘ ક્યાં થાય, ને ક્યાં ન થાય તે નિયમ બાંધિયે.

(૧) શબ્દના ગુજરાતી રૂપાન્તરમાં સ્વરભાર સંયુક્ત વ્યંજનવાળી શ્રુતિ ઉપરથી ખશી પૂર્વ શ્રુતિ ઉપર પડે ત્ય્હાં પૂર્વ સ્વર દીર્ઘ થાય છે. चत्वरः પ્રા. चच्चर ગુ ચાચર. राज्ञी પ્રા. रण्णी–ગુ–રાણી, नग्नः પ્રા. नग्गो ગુ. નાગો, घग्घर (દે.) ગુ. ઘાઘરો, नक्क (દે.) ગુ. નાક, વગેરે.

(૨) આ સ્વરભાર શબ્દના ગુજરાતી રૂપાન્તરમાં મૂળ સ્થળે (સંયુક્ત વ્યંજનવાળી શ્રુતિ ઉપર) કાયમ ર્‌હે તો પૂર્વ સ્વર દીર્ઘ થતો નથી. पर्यङ्कः પ્રા. पल्लंको ગુ. પલંગ, नास्ति પ્રા. नत्थि ગુ. નથી, यज्ञोपवीत પ્રા. जण्णोविइअ ગુ જનોઇ, વગેરે.

(૩) સ્વરભાર પૂર્વની શ્રુતિને બદલે ત્હેનીય પૂર્વ શ્રુતિ ઉપર ખસે તોપણ પૂર્વ શ્રુતિ કાયમ ર્‌હે છે. एकस्थकं પ્રા. एकट्ठउं ગુ. એકઠું, सकुटुम्बं–પ્રા. सकुडुम्बं ગુ. સાકટમ, गोरमृत्तिका–પ્રા. गोरमट्टिआ ગુ. ગોરમટી, વગેરે.

(૪) સ્વરભાર સંયુક્ત વ્યંજનની ઉત્તરે ખસે તોપણ પૂર્વ સ્વર અવિકૃત ર્‌હે. सूत्रधारः–પ્રા. सुत्तहारो ગુ. સુથાર, प्रत्यभिज्ञान પ્રા. पच्चहिआण ગુ. પિછાણ, काष्ठभाण्डकं–कट्ठहण्डउं ગુ. કઠોડું, रक्तवात પ્રા. रत्तवाअ ગુ. રતવા, વગેરે.

(૫) સંયુક્ત વ્યંજન પૈકીનો છેલ્લો વ્યંજન હ્ હોય તો તે મોળો પડી પૂર્વ સ્વરને દીર્ઘ બનાવે છે. श्लक्ष्णकं–પ્રા. लण्हउं ગુ. નાન્હું, प्रस्नवः પ્રા. पण्हो ગુ. પાન્હો, उष्णकं પ્રા. उण्हउं ગુ. ઊન્હું, વગેરે.

(૬) સંયુક્ત વ્યંજનનો ઉચ્ચાર લાંબા કાળ સૂધી ચાલુ ર્‌હે, અને છેવટે આપોઆપ બોલીમાં સંયુક્તપણું ઘસાઇ જાય ત્‌યહારે પણ પૂર્વ સ્વર એમ ને એમ ર્‌હે છેઃ मल्लः પ્રા. मल्लो ગુ. (૧) માલ (૨) મલ (અર્વાચીન) "**માલ્ર** અછઇ ઘરિ આપણઇ." (વિ. પ્ર. ૨૦૨) '**માલડા**' (ઉપર ,, ૨૦૩). આમાં જૂની ગુજરાતીના કાળમાં સંયુક્ત વ્યંજનનો લોપ થતાં પૂર્વ સ્વર દીર્ઘ થયો છે. પરંતુ જોડે જોડે '**મલ્લ**' પ્રચારમાં ર્‌હેતાં છેવટે '**મલ**' શબ્દ ઉત્પન્ન થયો તે'વી રીતે प्रस्तर પ્રા. पत्थर ગુ. **પાથર** ને **પત્‌થર–પથરો** ત્રણ રૂપ થયાં. '**પાથર**' જૂની ગુજરાતીમાં વપરાતો. "સીલીઈ જલિ **પાથર** તરિ." (બુ. પ્ર. ૨૯૬,'૩૨)

(૭) સંયુક્ત વ્યંજન પૈકીનો એક વ્યંજન અનુનાસિક હોય તો તે અનુનાસિકનો કોમળ અનુસ્વાર બની પૂર્વ સ્વર દીર્ઘ બને છે. सञ्चर–સાંચર, अङ्क–આંક, વગેરે.

ઉદા.

૧. "એક દુઃખ તુહ્ન **આંગઇ** સાલઇ, માય વિજોગ્યા તાત." (સીતાહરણ)
૨. "લેઇ સેન અનઈ **સાંચરિઉં**, સાથિ લીધી માતા." (,, ,,)
૩. "પુણ્ય પાપનુ એહ **આંતરું**, રાવણનઈ દલિ હારિ!" (,, ,,)
૪. "વેગઈ વચ્છ વલિઉ **વાંકુડુ** તુહિ તણઉં ઘર છિ **સ** કડૂ" (વિ. પ્ર.)
૫. "લહિઉ ભેદ; તિહાં વીર **વાંઢિઉ**, લક્ષ્મણ ઉપરિ બઇઠું." (સીતાહરણ)
૬. સાલિ દાલિ પ્રીસઇ ઘૃતઘોલ, **પાંતિઈ** બિઠા કરિ કલ્લોલ." (વિ. પ્ર.)

૭. "તિલ કુસુમોપમ નાક રે, **લાંક** રે લીજઇ મૂઠિ." (વ. વિ.)
૮. "કેસૂ ફલી અતિ **વાંકુડી આંકુડી** મયણચી જાણિ." (,, ,,)
૯. "જલ સંયોગિ કાંપઇ ચંદ્ર." (હરિષો. ૧૯૯)
૧૦. "તે બિહુઇ તેણઇ **આંગમ્યા**: સમતા ગુણિ સાહી નઇ દમ્યા."
(પ્ર. ચિ.)

આ કોમળ અનુસ્વારનું પ્રાબલ્ય ઘણું હોવાથી આ પછી જ્યહાં અનુનાસિક આવ્યો હોય અગર ક્વચિત્ આ પૂર્વનો વ્યંજન અનુનાસિક હોય છે ત્યહાં પણ અનુનાસિકને લીધે જૂની ગુજરાતીમાં ઘણી વખત આ માં કોમળ અનુસ્વાર ભળેલો ઉચ્ચારાતો ને લખાતો, છતાં તે રૂપ શિષ્ટ નહીં ગણાય. ચરોતરમાં 'પાણી' ને બદલે 'પાંણી' અશિષ્ટ ઉચ્ચાર થાય છે તેમ.

ઉદા.

૧. "પુત્ર તણઉં આવિઉ **આધાંન**, છઠ્ઠઇ માશિ કરિઉં **પકવાંન.**"
(વિ. પ્ર.)
૨. "ચોયા ચંદન ફોફલ **પાંન**, મંડપિ દીજઇ **માંન.**" (,, ,,)
૩. "છિદરશણ તે છાંદા કરઇ, **જાંણઇ** પાત્ર અમ્હારાં ભરઇ." (,, ,,)
૪. "મોટાં માણસ મેહલઇ **માંમ**, ધર્મ **ધ્યાંન**નાં થોડાં ઠામ." (,, ,,)

તા. ક. दीर्घः संयोगलोपे—

સંયુક્ત વ્યંજનનો લોપ થતાં સાધારણ રીતે પૂર્વ સ્વર દીર્ઘ થાય છે. સર્વત્ર થવોજ જોઇયે, એ જાતનો નિયમ નથી, કારણ અર્વાચીન ગુજરાતીમાં '**નથી**', '**છે**', '**અને**' '**ભલો**,' (नत्थि, अच्छइ, अन्नइ, भल्लउ) વગેરેમાં મૂળ સંયુક્ત વ્યંજન હોવા છતાં સંયોગલોપ થયો, પણ પૂર્વ સ્વર દીર્ઘ થયો નથી, તહેનું કારણ પૂર્વે બતાવ્યું છે. એટલે માત્ર સંયોગલોપ ખાસ મુદ્દાની વસ્તુ છે. આ દૃષ્ટિએ

જૂનાં રૂપ સાલ વાર તપાસિયે: બ્હાર આપેલું રૂપ જે તે કાવ્યમાં વપરાયેલું છે, ને કૌંસમાં મૂકેલું રૂપ ત્હેનું જૂનું અપભ્રંશ રૂપ છે, એમ સમઝવાનું છે.

(૧) સંવત્ ૧૨૬૬ (જંબૂસામિચરિય) પહૂતઉ (पहुत्तउ), ચાલિઉ (चल्लिउ), માગિ (मग्गि), ધનુ (धन्नु), ઊપજઇ (उप्पज्जइ), બોલીજઈ (बोल्लिज्जइ), વાજી (वज्जिअ), પૂછઈ (पुच्छइ), બૂઝિયઉં (बुज्झिउं), દાખીઉ (दक्खिउ), દીઠઉ (दिट्ठउ), મુઝ (मज्झु), પાછિલઉ (पच्छिल्लउ), ઊઠીઉ (उट्ठिउ), સાંઝહં (संज्झहिं), આઠઈ (अट्ठवि), અનઇ (अन्नइ), રૂઠઉ (रुट्ठउ), વગેરે.

(૨) સંવત્ ૧૨૮૭ (રેવંતગિરિરાસુ) સોરઠ (सोरट्ठ), માઝિ (मज्झि), પાસ જિણુ (पस्स जिणु), ધનુ (धन्नु), પાગ (पज्ज), પાલાટએ (पल्लट्टइ), પહિલઈ (पहिल्लइ, દીજઈ (दिज्जइ), અછઇ (अच्छइ), તાસુ (तस्सु), અઠવિહ (अट्ठविह), વગેરે. આ ઉપરાંત દીસઈ, તૂસઇ, દાહિણી (दिस्सइ' तुस्सइ, दक्खिणा), વગેરે રૂપો તો પ્રાકૃતમાંજ આ નિયમ લાગુ પડી બનેલાં છે.

(૩) સંવત્ ૧૩૨૭ (સપ્તક્ષેત્રિરાસુ) ઉવઝાય (उवज्झाय), ધ્રુનુ (धन्नु), દુલહુ (दुल्लहु), અનીઅ (अन्नइ), સોહગ (सोहग्ग), આખઈ (अक्खइ), પાછઈ (पच्छइ), ચઉથઉ (चउत्थउ), જોઈજઇ (जोइज्जइ), થાકતઉં (थक्कतउं), પહિલઉં (पहिल्लउं), બીજઉં (बिज्जउं), આગઇ (अग्गइ), કહીજઇ (कहिज्जइ), સાતમઈ (सत्तमइ), આઠમઉં (अट्ठमउं), નથી (नत्थि), મૂલુ (मुल्लु), આગઇ (अग्गइ), કહીજઈ (कहिज्जइ), વગેરે.

આ પ્રમાણે સંયોગલોપ થયાની શરૂઆત સં. ૧૩૫૦ પૂર્વે થઈ ગણી છે.

(૩) અસ્વરિત પ્રથમ શ્રુતિનો લોપ—શબ્દના અંત ભાગની કે મધ્ય ભાગની શ્રુતિ (syllable) ઉપર સ્વરભાર પડતાં પ્રથમ શ્રુતિ અસ્વરિત રહે છે, પરિણામે ઉચ્ચારમાં તે શ્રુતિ ગૌણ બની જાય છે, અને ઘણી વખત ત્હેનો લોપ પણ થાય છે. આવા ઘણા શબ્દો ગુજરાતીમાં વપરાય છે. આ નિયમ સંસ્કૃત ભાષા જેટલો જૂનો છે. તેથી પણ વિશેષ હોવા સંભવ છે.

(૧) સંસ્કૃતમાં—

१. अवगाह् ને अपिधा—આ બે ધાતુઓમાં પ્રથમ अ સંસ્કૃતમાંજ વિકલ્પે લોપાતો. अवगाह्य ને બદલે वगाह्य તથા अपिहित-ને બદલે पिहित શબ્દ વિકલ્પે વપરાતા.

२. अस् ધાતુનો अ અવિકારક પ્રત્યયો પૂર્વ નિત્ય ઊડી જતો.

३. अपूप શબ્દને બદલે पूप શબ્દ વપરાતો.

४. अवनत ને બદલે वनत.

(૨) પ્રાકૃતમાં—

१. શૌરસેની પ્રાકૃતમાં इदानीम्ने બદલે दाणिं શબ્દ વપરાતો.

२. अरण्य ને अलाबुને બદલે रण्ण ને लाबु પ્રાકૃતમાં વપરાતા.

३. अनेक ને બદલે णेग "णेग वणयर–कयन्तो." (પ્રા. ક. સં. ૯૦)

४. उदकने બદલે दग—"चारणा दगतीरे....परिहरंता" (વસુ. ૧૩૫–૨૨)

५. अरघट्टने બદલે रहट्ट—"रहट्टघडिअ व्व कापुरिसा." (ગા. સ.-શ. ૫–૯૦)

६. अनेन પ્રા. णेण વિકલ્પે.

७. अपि પ્રા. पि–वि.

(૩) અપભ્રંશમાં—

૧. उपविशति માટે वइसइ–"कराविआ मुद्दए उक्कुबईस." (સિ. હે. ૮–૪–૪૨૩)

૨. अभ्येत–अब्भिड માટે भिड–"जो परवलि भिडइ कयंतु जेम." (ભવિ. ૧૩-૯/૩)

૩. विसृष्ट–विछुट्टने માટે छुट्ट–"मह अविहेउ कोवि नउ छुट्टइ." (ભવિ. ૧૮–૧૧–૧૧)

(૪) ગુજરાતીમાં—

૧. उदधि–દધિ "ધરા વિલોલી જાણે દધિ." (હરિષે. ૫૮)

૨. ,, ,, "દધિ મથિઉ નઈ પરણી નારિ." (સીતાહરણ–૬૮)

૩. अधीश–ધીશ* "કાળ ઉદે અરુણ થયો, ત્યાં લગે ધાયો ધીશ રે." (નળાખ્યાન)

"નમ્યા નહિ કો ધીશ." (કાદં. ૭૬–૨૩)

૪. अवस्कर–ઉખર–"કામધેન તે ઉખર કરઇ," (વિ. પ્ર. ૭૫)

૫. आनुग्वक–ઉરતા–"પછિ જોઇ કીજિ ઉરતા." (વિ. પ્ર. ૨૧૧)

૬. अवलग्न–ઊલગ–"તુઝ ઊભાં અનેકિ ઊલગઇ." (સીતાહરણ. ૫૯–૩૪૦)

૭. उपरिस्थापित–પરાડી–"રહિઉ ધનુષ પરાડી" (,, ૫૪–૨૮૬)

---

* અધીશનો પ્રથમ અ ખરી ગયો તેમાં આ સિદ્ધાંત ઉપરાંત બીજું પણ કારણ હોવા સંભવ છે. 'દ્વારકાધીશ' જેવા સમાસમાં [illegible] એમ સમાસનાં 'ધીશ' શબ્દ લીધો હોય. આવું કેટલેક [illegible] 'આધીન' શબ્દ આવ્યો છે. પરાધીન, સ્વાધીનમાં પરઆધીન સ્વઆધીન એમ ભાગ પડતાં 'આધીન' શબ્દ થયો.

શામળે 'પરાંઠી' શબ્દનો ત્રણચાર સ્થળે પ્રયોગ કર્યો છે. સીતાહરણમાં 'ઉપરાઠી' શબ્દ વપરાયો છે. "જાણિઉં કહિનાં કટક વિછૂટાં; દલ ઉપરાઠિ હોઈ." (પૃ. ૨૮) **હરિલીલાષોડશકળા**માં 'રહેંટ' શબ્દ વપરાયો છે, પણ તે શુદ્ધ હોવા સંબંધી શંકા છે. "સ્વર્ગ ધરા પુનરપિ પાતાલ, જાણે રહેંટ તણી ઘટમાલ." 'रहँट' શબ્દ શુદ્ધ છે વિવૃત ए વિ. સં. ના ૧૬મા સૈકામાં થાય તે વ્યાજબી નથી. આ ઉપરાંત માટે, બનવું, હડવું, વાખરો, વગેરે શબ્દોમાં પણ પૂર્વ અસ્વરિત શ્રુતિનો લોપ થયો છે.

(૪) **સંગદોષ** (Attraction)—જોડેની જેવી શ્રુતિ હોય તેવી શ્રુતિ આગળ પાછળની બને;—પાછળની વિશેષ બને; આને **સંગદોષ** કહ્યો છે. प्राप्त પ્રા. पत्त ના पहुत्त ઉપરથી 'પુહુત'રૂપ થાય —એમાં પ્રથમ શ્રુતિમાં उ ભળ્યું તે જોડેની શ્રુતિને લીધે કે પછી ઓષ્ઠ્ય વ્યંજન प ને લીધે. સં. किल—અપ. किर ઉપરથી જૂ. ગુ. માં વપરાતું 'કિરિ' તથા गृहे—घरे—ઘરિ ઉપરથી જૂ. ગુ. 'ઘિરિ'. આ રૂપ પણ સંગદોષથી બન્યાં છે. क्रियते -किज्जइ-કીજઈ ઉપરથી **કીજિઇ** રૂપ થયું તે પણ સંગદોષથી.

ઉદા.

૧. "નારી તેનૂં નામ સ્વામીના અવગુણ સહિયે." (મ. મો.) (સહઈ, સહિઈ, સહિયે.)

૨. "ભગનાઈ કાંઈ ન **બાંધિઈં**." (**બાંધઇં**) (બુ. પ્ર. પૃ.—૧૬૧.'૩૨)

૩. "પિણિ આપણા બીલાં જેવડા દોષ ન દેખઇ." (પણિ) (બુ. પ્ર. ૧૬૩,'૩૨)

૪. "તે છવ્યા **પાહિઇ** મૃત્યુ ભલું." (**પાહઇ**) (બુ. પ્ર. ૧૬૧,'૩૨)

૫. "જાણીઇ દંડ શૂં જમતણુ. કરિઇ ચંચુના ઘાત." (કરઈ) (કાદં. ૨૨-૮)

૬. "સંદેસુ કાંઇ જે કાહાવ્યુ છિ, કેયૂરક તિ કિહિસિ." (કહિસિ) (કાદં. ૧૨૫-૬)

૭. "એહવૂં કાહાવૂં છિ સિઇ તેહનિ." (મઈ) (કાદં. ૧૨૪-૩)

(૫) સામ્ય (Analogy)—બહુ પ્રચલિત શબ્દના જેવું રૂપ બીજા પણ શબ્દોને આપવાનું વલણ ભાષામાં ઘણું છે. चिनोतिના પ્રા. चिणइ, धुनातिના धुणइને લીધે जयतिનું जिणइ રૂપ થયું. તે આ સામ્યને લીધે થયું છે. આ સામ્ય બે પ્રકારનું છે. **(૧) રૂપસામ્ય (૨) ઉચ્ચાર કે ધ્વનિસામ્ય.**

(૧) રૂપસામ્ય—इन्द्र+अग्नि સમાસમાં વચલો आ (इन्द्राग्नी) વ્યાજબી છે, છતાં તેના સામ્યને લીધે अग्नामरुतौ ગેરવ્યાજબી રીતે થયો. परत्रના અપ. परत्ति ને લીધે इहનું અપ. इहरत्ति થયું. सप्तमને લીધે પ્રા. बारसमो, अट्ठारसमो થયાં.

સં. आदाय જેવાં આકારાંત ધાતુનાં સંબંધક ભૂતકૃદંતના સામ્યને લીધે સં. गृहीत्वाનું પ્રા. गह्राय થયું છે, તેમજ આકારાંત ધાતુના આજ્ઞાર્થ બી. પુ. એ. વ. ના आख्याहि જેવાં રૂપના સામ્ય ઉપરથી પાલી-પ્રાકૃતમાં भणाहि, सुणाहि રૂપ, ધાતુ અકારાંત હોવા છતાં, થયાં છે. સં. त्रीणि પ્રા. तिण्णिના સામ્યને લીધે સં. द्वेનું પ્રા. विण्णि થયું છે. (विण्णि नि. બિન્નિ-બન્નિ-બન્ને) આવી જાતના સામ્યને રૂપસામ્ય એવું નામ આપ્યું છે.

જઇયે છે,' 'અમો કરિયે છે' જેવાં રૂપ વાપરે છે. 'છે' રૂપજ વ્યાજબી છે, કારણ મુખ્ય ક્રિયાપદનું રૂપ વ્યુત્પત્તિની દૃષ્ટિએ કર્મણિ ત્રીજા પુરુષ એક વચનનું હોવાથી ઉપક્રિયાપદ પણ એક વચનનું જોઇયે. છતાં પાછલા 'ઇયે'ના જેવું જોડે વપરાનાર ક્રિયાપદનું રૂપ કરવાની વૃત્તિ થતાં આપણે હાલ 'છિયે' વાપરિયે છિયે. આને પણ રૂપસામ્ય કહી શકાય.

હાલ જાહેરખબરોમાં 'જોઇયે છે' ને બદલે ઘણી વખત 'જોઇયે છિયે' છાપેલું વાંચિયે છિયે. આ અનુચિત ગણાય, છતાં પ્હેલા પુરુષ બ. વ. માં ઉપક્રિયાપદનું 'છિયે' રૂપ કાળે કરી સ્થિર થયું, તેમ જાહેરખબરોનું 'જોઇયે છિયે' ઘણે વર્ષે સ્થિર થાય તો નવાઇ જેવું નથી.

(૧) अस्तामित–'આથમવું' ને લીધે उद् + गम्‌નો 'ઊગતો' ને બદલે 'ઊગમતો' શબ્દ થયો. "ઊગમતુ આથમતુ ભાણ" (હરિષે. ૪૨)

(૨) अष्टवारिकंના 'અઠવાડિઉ'ને લીધે માસ શબ્દનો 'મસવાડો' થયો. 'સંવત તેરસત્તાવીસએ માહ **મસવાડઇ**." (સપ્તક્ષેત્રિરાસ. ૧૧૮)

(૩) बाणपातःના 'બાણવા' तीरपातના 'તીરવા' શબ્દને લીધે 'શરવા', 'ખેતરવા' શબ્દો થયા. તીર–બાણનો પાત શક્ય છે, પણ ખેતરનો પાત શક્ય નથી. છતાં અંતરસૂચક શબ્દ તરીકે 'વા' પાછળથી ગમે તેમ વપરાય

(૪) रात्रौ ના 'રાત્રે' 'રાતરે' ને લીધે સંધ્યા શબ્દનું 'સાંઝરે' થયું.

(૨) ધ્વનિસાસ્ય—એક શબ્દનો ઉચ્ચાર વિશેષ પ્રચલિત હોવાને લીધે તે શબ્દ લગભગ સમાન ઉચ્ચારવાળા શબ્દને પોતાનો કે પોતાના જેવો ઉચ્ચાર આપે છે. આને **ધ્વનિસાસ્ય** કહી શકાય.

(૧) प्रभूना पहुत्तने લીધે प्राप्तना पत्तमां વચ્ચે हु શ્રુતિ ભળી पहुत्त થયું.

(૨) महार्णवना महण्णवने લીધે महान्+इरावत् નો 'એહેરાઅણ' શબ્દ થયો.

(૩) प्रावृषना 'પાવસ' ને લીધે प्रव्रज्या–पव्वज्ज–'પાવજ'નો 'પાવસ' થયો.

(૪) वाञ्छति ના 'વાંછવુ'ને લીધે वाचयतिનું 'વાંચે' થયું.

(૫) क्त्वाना करिअ–'કરી'ને લીધે कथयित्वाना कहिअनुं પણ 'કરી' થયું. (રામ કરીને એક છોકરો હતો.)

(૬) मतुप् प्रत्यय वत्नो ગુજરાતી કાવ્યમાં જૂનો वन्त વપરાતો હોવાને લીધે दक्षिणावर्त (જમણી બાજૂના વળવાળો) ને બદલે અખાએ 'દક્ષિણાવંત શંખ' એમ પ્રયોગ કર્યો છે.

(૭) 'પોતે–જાતે' શબ્દને લીધે मेलेन–'મેળે'નો 'મેતે' અશિષ્ટ પ્રયોગ થાય છે.

(૮) अम्हे–तुम्हे (અપ.) ના हને લીધે અપ. मइं–तइं રૂપમાં ગુજરાતીમાં 'હ્' ભળી 'મ્હેં–ત્હેં' રૂપ થયાં છે.

(૯) 'અમ્હે–તમ્હે'ને લીધે 'તેઓને,' 'જેઓને,' 'આઓને,' વગેરે રૂપોને બદલે 'જે'મને, ત્હેમને, આ'મને,' રૂપ આવ્યાં છે. ઉચ્ચાર પ્રમાણે શુદ્ધ રૂપ 'ત્હેમને', 'જ્હેમને', 'આમ્હને' રૂપ થાય છે. આ રૂપ ઘણાં અર્વાચીન છે.

(૧૦) चोर શબ્દને લીધે भ्रष्टाचारનું 'ભટ્ટાચોર' થયું છે.

(૧૧) व्याहार (બોલવું) ને લીધે आह्वाननું 'વ્હાર' થયું. 'વ્હારબૂમ'

(૧૨) तुल्य–तुल्ल (બરોબરી) પરથી 'ગ્રોડ' શબ્દના સામ્યને લીધે તોડે–કોડે–ગોડે શબ્દ થયો. "ગાંડા ગોડે બોલે છે." (ગાંડાની માફક.)

(૧૩) વ્યાપાર શબ્દને લીધે વ્યવહાર શબ્દનો 'વ્હેપાર' શબ્દ થયો.

(૧૪) પાનીયના 'પાણી'ને લીધે પશ્ય–પસ્સ–પાહ–'પાહણીપત્રક'નું 'પાણીપત્રક.'

(૧૫) લાવણ્ય–લાયણ્ણ ઉપરથી ફા. લવાજિમ્ ને લીધે 'લવાજણ' થયો.

(૧૬) ઉત્ક્ષિપ્ ના 'ઉખેવવું'નું ઉપેક્ષ્ ના 'ઉવેખવું'ને લીધે 'ઉવેખવું' થયું. (ભાલણ ઉત્ક્ષિપ્ ના અર્થમાં 'ઊખેવવું' વાપરે છે ત્યારે પ્રેમાનંદ બન્ને અર્થમાં એકજ રૂપ 'ઉવેખવું' વાપરે છે.)

(૧૭) મુકુટ ઉપરથી 'મોડ' થાય, પણ મયૂરના 'મોર'ને લીધે "પંડીત સૌ શિર મોર છે" શામળે પ્રયોગ કર્યો છે.

(૧૮) દરજીની વગાડવાની 'ભૂંગળ'ને લીધે નાન્હાં બાળક 'ભૂગોળ' ને 'ભૂંગળ' કહે છે.

(૧૯) શૃઙ્ખલા–'સાંકળ'ને લીધે તિલશર્કરાનું 'તલસાંકળી' થયું છે.

(૨૦) પ્રચલિત 'ઘંટી' શબ્દને લીધે ગ્રન્થિચ્છેદકઃનું 'ઘંટીછોડો' થયું છે.

(૨૧) કન્દુકઃ (દડો)નું પ્રાકૃતમાં ગેન્દુઅ થાય છે તે શબ્દ ઉપરથી 'ગેડી' શબ્દ દણ્ડના અર્થનો વ્યુત્પન્ન થતાં દણ્ડ ઉપરથી કન્દુક વાચક 'દડો' શબ્દ થયો.

(૬) લુપ્તપ્રયોગ શબ્દો—જૂની ગુજરાતીના નમૂનામાં બતાવ્યા પ્રમાણે 'પાહવિઉ', 'પસાઉ', 'અન્તેઉરી', 'ભેડિગારી', ને 'ઘડઘડ' શબ્દો હાલ વાપરમાંથી લુપ્ત થયા છે. નવીન શબ્દો પ્રચારમાં આવતાં જૂના શબ્દો ઘણી વખત વપરાટમાંથી બંધ થાય છે. આવા અનેક શબ્દો જૂની ગુજરાતીમાં વપરાતા તે અર્વાચીન ગુજરાતીમાં લુપ્ત થયા છે. નીચે નમૂના જોગ થોડાક જૂની ગુજરાતીના શબ્દો

આપ્યા છે. (જૂની ગુજરાતીના એક શબ્દકોષની ખાસ જરૂર જણાય છે.)

આઇ=માતા (વડીઆઇ)
ઊજાવુ=શીઘ્ર ચાલવું
ઉવેખવું=તિરસ્કાર કરવો
ઊખેવવું=ઊંચે ફેંકવું, ફેલાવવું
નીકુ=ચોકખું, પ્રામાણિક
ઉલોચ=ચંદોરવો
ચંગુ=સારૂં
પાખે=કરતાં, પછી, સિવાય
તલાર=નગરરક્ષક
જમ્બાલ=શેવાળ

આપણપઈ, આફ્ણિયં, આપણપા, આફુરો } જાતે, મેળે, પોતે.

મેગળ=હાથી
કૈવાર=મદદ

પાખલિ, પાખતી } ચારે તરફ

પવાડા=વખાણ
ઉવટ=આડફેટુ રસ્તો ઉપવર્ત્મ
લૂકવું=સંતાવું
પાહરી=ચોકીદાર
વ્હાવું=છેતરાવું
ભૂર=કાયર—મૂર્ખ
ચેહિ=તસ્કર

નિયાણુ=નિદાન
ટોલ=મહેલ્લો (પ્રતોલિ)
પાખર=ઘોડાનું બખ્તર
ઓસાણુ=ધીરજ, હિંમત
ભીંછ=ચાકર
છીલર=ખાબડું

રુલી, રલી } આનંદ

હેમર=ઘોડો
કોસીસાં=કોટના કાંગરા
ભિન્દિમાલ=ગોફણ
કડક્ખ=કટાક્ષ
રીંખવું=ઘુંટણે ચાલવું
ટોડર=હાર
ઝાંખ=ઘંખના, ઇચ્છા
આસના=પાસે
પૂંતાર=મ્હાવત
મૂહવું=ચોરવું
આયસ=આદેશ
સાવજ=હિંસ્ર પશુ
હરાંણુ=ચકિત
ખારેદક=નાળિયેર
આસ=અશ્વ

રમલિ, રામતિ } રમત

પાઠવવું=મોકલવું	સઇર=શરીર
ભેડિ=તકરાર, કંકાસ	સઇરી=સખી
જગીસ=ઇચ્છા	કૂર=ભાત
પસાય ⎫ પ્રસાદ, પસાઉ ⎭ ઇનામ	લાંક=કેડ
	લહુડું=નાન્હું
અન્તેઉરી=રાણી, સ્ત્રી	ઠાઠરી=રચના, ઘાટ, પાલખ
ઘહઘલ=મૂર્ખ	નીઠ=નઠારી
ઉદ્રસ=ઉજ્જડ	મનુહાર=આતિથ્ય
ચાંપા=સુંદર	નીપટ=અત્યંત, સ્પષ્ટ, (निःस्पष्ट)
નરતિ=તપાસ	અવદાત=પવિત્ર, વૃત્તાંત
સઇ=સ્વયં	તાવડ=તાપ
ઊગવવું=સૂકવવું	ઝાંપવું=ઢાંકવું
આથિ=ધન, અર્થ	આહેડી=શિકારી
પડખવું=રાહ જોવી	થાહર=સ્થાન, ઠામ
નિરોપ ⎫ નિરુક્ત, નિરોલ ⎭ ખરેખર, તૈયાર	વાણઉત્ર=વાણોતર
	જમલું=યમલ, જોડેનું, એકત્ર, સાથે, જેવું
અહિનાણ=એંધાણ	થાકતા=બાકીના, અવશિષ્ટ, ઊગરતા.
મસાહણી=હાથી ઘોડાનો ઉપરી	ગુડી=ધજા
વેદ=નાડી	આસવા=આસવપાન
જમાહર=યમગૃહ—ઝમોર	રવાડી ⎫ રાયવાડી—સૈન્ય સહિત રેવાડી ⎭ સવારી પછી શિકાર
જતૌહર=જતુગૃહ	
ઊલાવડાં=બકવાદ	કાદમ=કર્દમ—કાદવ
કાણિ=કથાનિકા	અનેથિ=અન્યત્ર, બીજે
ઓચજ=અદ્ભુત	ઓલગૂ=સેવક
પડપ=પ્રલાપ	અલીઢઉં=અદૃષ્ટ

ખડોખલી=કુણ્ડોદક	ઊગઉ=શાન્ત, મૂક
સાલહી=મેના	બાદર=બૃહત્તર=મ્હોટા
આલ=અડપલાં	ઓડવું=ધૃત–ધરવું
ઉરણ=ઋણમુક્ત, અપંઋણ	સૂંતઉં / સૂંપઉં } સમાપ્ત થયું
સાંતર=તૈયાર	
વરસાલ=વર્ષા	પાહિ=પાર્શ્વે–બરોબરીમાં
વોલવું=જવું	ઊબીઠઉં=ઉદ્વેગવાળું
વોલાવવું=વળાવવું	સાતવું=રાખવું
	સપરાણુ=સપ્રાણ–બળવાન

પ્રકરણ ૩જું

વાગ્વ્યાપારના કેટલાક સિદ્ધાંત (ચાલુ)

(૭) "**अवर्णो यश्रुतिः**"—સૂત્ર ૮–૧–૧૮૦ પ્રમાણે વ્યંજન ઊડતાં અવશિષ્ટ રહેતા अ નો ઉચ્ચાર य થાય. પ્રાકૃતની શરૂઆતમાં તો अ લખાતો, પણ પાછળથી ત્હેનો ઉચ્ચાર य જેવો થતાં य લખાવા પણ લાગ્યો. હેમાચાર્યના પ્હેલાં ઘણા સેંકડાઓથી આ ઉચ્ચાર અમલમાં આવ્યો છે. अवर्णમાં अ ને आ બન્નેનો સમાવેશ થાય છે, તે ઉદાહરણ ઉપરથી માલૂમ પડે છે. नगर–नअर–नयर, पाताल–पाआल–पायाल, गता–गआ–गया, તેમજ पिवति–पिअइ–पियइ. તે ઉપરાંત देयर–देअर થતું. આ य ઉચ્ચારને 'લઘુપ્રયત્ન યકાર' કહ્યો છે. देअरનું ગુજ. માં 'દિયર' થાય છે, તે આ यश्रुतिને આભારી છે. शृगाल–सिआल–सियाल–ગુ. 'શિયાળ'. આ પ્રમાણે यश्रुति ગુજરાતી શબ્દોનું છેવટનું સ્વરૂપ ઉત્પન્ન કરવામાં થોડો–ઘણો ભાગ ભજવે છે.

(૮) वश्रुति-આ वश्रुति यश्रुति કરતાં અર્વાચીન લાગે છે. અપભ્રંશ-જૂની ગુજરાતીમાં ત્હેનો અમલ થયો લાગે છે. देवरःને વાસ્તે વરરુચિ दिअरो ને देअरो પ્રા. પ્ર. સૂત્ર ૧. ૩૪માં આપે છે ત્ય્હારે હેમાચાર્ય સૂત્ર ૮-૧-૧૪૬માં दिअरो ને देवरो બે આપે છે. સામાન્ય રીતે દીર્ઘ સ્વર, ઉ, ર, લ, વગેરેની ઉત્તરે આવતા अ કે य નો ઉચ્ચાર व જે'વો થાય છે, તેથી ત્હેને वश्रुति કહે છે.

સંસ્કૃતમાં आप्नु+अन्ति નું आप्नुवन्ति થાય છે. અહીં પણ व-શ્રુતિ હોવાનું લાગે છે. આ બન્ને શ્રુતિઓ શબ્દનું એકંદર પ્રમાણ કાયમ રાખવા થાય છે. अ કાયમ રહ્યો હોત તો તે ઊડી જવા સંભવ હતો.

(૧) सुकर-सुअर-सुवर

(૨) केनकः-केअडओ-केवडउ-કેવડો

(૩) गोदिति-गोअइ-રોવઈ-રુવઈ "रुवइ लच्छि" (ભવિ. ૨૨-૩-૭)

(૪) चिंतयति-चिंतवइ 'चिंतवइ धीर सुंडीरु वीरु" (,, ૪-૫-૧૧)

(૫) हृदये-हियवइ "जइवि हियवइ न माइ." (,, ૧૯-૬-૮)

(૬) प्रकट-प्रअड-परअड-પરવડ-પડવડુ "શબ્દ સુણીઈ પડવડુ" (કાદં. ૧૧૩)

(૭) परिकृटि-पलिआटि-પલિવટિ-પલવટ

(૮) शोषयति-सोसअइ-સોસવઈ "આજ અહ્લનઈ સોસવઇ તૂં !" (શીતાઉ.)

(૯) आर्द्रयति-उल्लअइ-उल्लवइ (સિ. હે. ૮-૪. ૪૧૬)

(૧૦) एइउ, केइउ, जेइउ માંના उनो ઉચ્ચાર દાંત જોડે થતાં वु થઇ 'એ'વું', 'જે'વું', 'કેવું' થયા.

(૧૧) वर्णयति-वर्णवइ-'વાર્ણવું-વર્ણવવું'

(૧૨) प्रोत–प्रोय–परोय–परोयइ. 'પરોવડ'–'પરોવવું'

(૧૩) मन्दोदरी–मन्दोयरि–मन्होवरि "નારી મન્હોવરિ વીનવઈ એ." (સીતાહ.)

(૧૪) द्वितीयार्ध–दियड्ढ કે दिवड्ढ. પ્રથમ ઉપરથી હિ. દેઢ, બીજા ઉપરથી 'ડોઢ'

(૧૫) निश्च्योतति–निच्चोयइ–નીચ્ચોવે

(૧૬) आगतः–आअओ–आयउ–आवउ થઈ 'આવ' ધાતુ આવ્યો

(૧૭) घूकट–घूअड–ઘુવડ.

(૧૮) સૂત્ર ૮–૧–૨૧૩ પ્રમાણે पीत–पीअ+ल–पीवल વિકલ્પે બને છે.

ઉપર જણાવ્યા પ્રમાણે વશ્રુતિથી શબ્દનું એકંદર પ્રમાણ જળવાઇ રહે છે. ઘણી વખત इ, ए કે उ પછી આવતો अ કે य ઊડી જાય છે, પણ વશ્રુતિનો અમલ થતાં તે ટકી રહે છે. पीतलकं–पीअलअं–पीयलउं–પીળું, शीतलकं–शीयल्उं–શીળું. પરંતુ મરાઠીમાં पीवळें, 'કાયર' ને બદલે कावरा, 'કાગડો' ને બદલે कावळा થાય છે. (ભાણ્ડારકર–ભાષણો પૃ. ૧૬૬)

સિદ્ધહેમ સૂત્ર ૮–૧–૧૯૨માં अ નો व થયેલો નોંધ્યો છે. सुभगः–सूहओ–सूहवो, दुर्भगः–दूहओ–दूहवो. પ્રથમ उ દીર્ઘ બને છે ત્યાંજ વશ્રુતિ થાય છે. ગુજરાતી 'સાડવો', 'ભંડવો', વગેરે શબ્દો પણ તેવી જ રીતે બન્યા છે.

સૂચના:—પ્રક્ષેપ ને ઉપર વર્ણવેલી શ્રુતિમાં મુદ્દાનો ભેદ છે. જ્યાં કંઇ ન હોય ત્યાં જે વ્યંજન આવે તે પ્રક્ષેપનો ગણાય. આ પ્રક્ષેપ બહુધા र्, ह् ને क् નો થાય છે. તે ત્રણે વ્યંજન આગંતુક છે. પરંતુ य–वश्रुतिમાં તેમ બનતું નથી. અમુક અક્ષર જે શબ્દમાં મૌલિક છે તહેનો અમુક સંજોગોમાં ઉચ્ચાર य કે व જેવો થાય

છે, માટે તે ઉચ્ચારને શ્રુતિ કહી છે. મૌલિક અક્ષર य-व જે'વા સંભળાય છે, પરિણામે લખાય છે.

(૯) **શબ્દના અંતનો क**—શબ્દના અર્થમાં સ્હેજ ફેરફાર આ પ્રત્યયના ઉમેરણથી થાય છે. તો કોઈ વખતે તે પ્રત્યય સ્વાર્થે પણ વપરાય, એ સ્વાભાવિક છે. પ્રાકૃત ભાષા લોકભાષા હોવાથી ત્હેમાં સંસ્કૃતના કરતાં આવા શબ્દો વિશેષ પ્રચારમાં આવ્યા છે. પાણિનિ પોતાના વ્યાકરણમાં આ क કયા પ્રસંગે ઉમેરાતો તે જણાવે છે. સૂત્ર ૫-૩-૭૩માં अज्ञाते- અજાણી વસ્તુ કે પ્રાણી સૂચવવા क વપરાતો જણાવે છે. 'આ ઘોડો કોનો હશે?' એ અર્થમાં अश्वकः વપરાતો. સૂત્ર ૫-૩-૭૪માં कुत्सिते તિરસ્કાર દર્શાવવા આ क વપરાતો જણાવે છે. अश्वकः =कुत्सितोऽश्वः તેમજ शूद्रकः, राधकः, વગેરે શબ્દો તિરસ્કારાર્થ છે. સૂત્ર ૫-૩-૭૬માં अनुकम्पायां-વ્હાલ બતાવવા क વપરાતો સૂચવે છે. पुत्रकः = 'પ્રિય પુત્ર'ના અર્થમાં વપરાય છે. સૂત્ર ૫-૩-૮૫માં अल्पे-અલ્પપણું બતાવવા क વપરાતો જણાવે છે. तैलकं='થોડું તેલ', સૂત્ર ૫-૩-૮૬માં ह्रस्वे '**નાન્હુ કદ**' બતાવવા વપરાતો જણાવે છે. वृक्षकः ='**નાન્હુ ઝાડ**'. સૂત્ર ૫-૩-૯૬માં 'इवे प्रतिकृतौ' અમુકના જેવો કે ત્હેની પ્રતિકૃતિ, એ અર્થમાં क વપરાતો જણાવ્યો છે. अश्वकः='ઘોડાના જે'વો કે ઘોડાની છબી', વગેરે અર્થમાં क વપરાતો.

પ્રાકૃતમાં આવા અર્થમાં કે સ્વાર્થે-પોતાના મૂળ અર્થમાં આ क પ્રત્યય લાગતો, પણ તે શબ્દને અંતે આવતાં અનાદિ ઠરે, પરિણામે પ્રાકૃતના નિયમ મુજબ કોઈ વખત તે ઊડી ત્હેને બદલે अ કે य અવશિષ્ટ ર્‌હેતો તો કોઇ વખત ત્હેનો ग પણ થતો જોવામાં આવે છે. પ્રાકૃતમાં ત્હેનો વ્યાપ્તિપ્રદેશ કેટલો છે, તે નીચેનાં ઉદાહરણ પરથી જણાશે.

(૧) વિશેષણ—नियक–"**नियगनामंकियाणि**" (વસુ.)
भव्यक–"अहं किं **भविओ**" (,,) કદાચ સ્વર ભક્તિ
उन्मत्तक–"**उम्मत्तओ** जणो जातो" (,, ૧૨૦)
कटुक–"न गणेइ **कडुयवयणाणि**" (,, ૧૧૮)
,, –"**कडुओ** अलत्तगरसो." (,, ૧૩૭)

(૨) નામ—वल्लभक–"ऐडो **वल्लभगो**" (,, ૧૨૦)
आश्चर्यक–"अच्छेरगसयाणि" (,, ૧૩૫)
कवलक–"महुर**कवलय**मिव" (,, ૧૩૭)
आदर्शक–"सयं **आयंसकं** धरेमि" (,, ૧૩૯)
आत्मक–"मया से **अत्तयाणि** दत्ताणि" (,, ૧૪૧)
मेलक–' एवंकए उज्जलओ **मेलओ** होहि" (,, ૯૬)
पारण–पारणा+क–"**पारणग**निमित्तं देहि मे पायसं" (,, ૯૫)
मुहूर्तक–"वीसमसु **मुहुत्तगं** जाव" (,, ૯૫)

(૩) અવ્યય—पश्चात्क (યા पश्चक)–"सो वि मे **पच्छओ** लग्गो" (,, ૧૨૨)

(૪) સર્વનામ—अहकम्–"**अहयं** तुम्ह समीवे पट्ठविया" (પ્રા–ક. સં. ૮૪)
,, –"जीवियसेसो **अहयं** संवुत्तो" (,, ,, ૮૯)
–"**अहयं** खणमेत्तेण वि–...भज्ज" (,, ,, ૯૨)

(૫) કૃદન્ત—दत्तक–"जो **दिण्णगं** न निगेण्हइ." (વસુ. ૯૨)
वाच्यमानक–"एयं लेहं देवसमीवे **वाइज्जंतगं**" (,, ૧૦૨)
वह् -उह्यक–"हत्थिस्स सत्थकोसं **वोज्झगं** देइ" (,, ૮૭)

ઉપલાં ઉદાહરણોમાં અર્થફેર ઘણો ઓછો છેઃ स्वार्थे कः લાગેલો છે. તેમજ સૂત્ર ૮–૨–૧૬૪ स्वार्थे कश्च वा પ્રમાણે મૂળ અર્થમાં લાગતા कનાં ઉદાહરણ નોંધ્યાં છે. चन्द्रक–પ્રા. चंदओ, गगनके પ્રા. गयणयम्मि, आश्लिष्टकम् પ્રા. आलिद्धअं; બેવડો क–बहु પ્રા. बहुअयं, વગેરે.

હેત્વર્થ કૃદંતને પણ क લાગ્યો છે. અપભ્રંશમાં આ क ચાલૂ રહ્યો છે. અને તે कના અસ્તિત્વને લીધેજ ગુજરાતીમાં ઓકારાંત નરજાતિનાં ને ઉંકારાંત નાન્યતર જાતિનાં નામ વ્યુત્પન્ન થયાં છે. तव्य પ્રત્યયના અપભ્રંશ વંશજ इएव्वउं–एव्वउंમાં क પ્રત્યય સ્વાર્થે છે. ત્હેને લીધે અંત્ય ઉં આવ્યું છે. कर्तव्यकं અપ–करि एव्वउं કે करेव्वउं (૮–૪–૪૩૮)

આ क નારીજાતિનાં નામને લાગતાં પ્રાકૃત–અપભ્રંશમાં થોડો ફેરફાર થાય છે. નામનો અંત્ય आ, ई, ऊ પ્રથમ હ્રસ્વ બની પછી क લાગે છે. તે બતાવે છે કે નવીન શબ્દોને જેમ જેમ क લાગતો ગયો તે મૂળ સંસ્કૃત શબ્દને નહીં પણ ત્હેના પ્રાકૃત રૂપને લાગ્યો; એટલે ત્હેનો વ્યાપ્તિપ્રદેશ ઉત્તરોત્તર વધ્યો છે. માટે 'રાતલડી' કે '**ગાવલડી**' શબ્દોના સંસ્કૃત પર્યાય रात्रिकक કે गौकक આપવા ઠીક નથી. સંસ્કૃતમાં આમ બોલવું ખરાબ લાગે છે, તેમ વાસ્તવિક પ્રયોગ પણ તે'વા થયા નથી. સં. चिता શબ્દનું પ્રાકૃત રૂપ चिय થયા પછી પ્રાકૃતમાં क લાગી આકારાંત બનતાં चियगा થાય. તેમજ संज्ञा પ્રા. सण्ण થયા પછી क લાગી તથા જાતિફેર થઈ सण्णओ પ્રાકૃતમાં બને. તે ઉપરથી ગુજરાતીમાં 'સનો' શબ્દ આવ્યો. સં. प्रतिच्छाया પ્રા. पडिच्छाय ઉપરથી क લાગી पडिच्छायउ રૂપ ઉપરથી જાતિફેર થઇ ગુજરાતીમાં 'પડછાયો' શબ્દ બન્યો.

ઉદા.

૧. "आदीविया **चियगा**" (વસુ. ૧૨૦)

૨. "**पारणग**निमित्तं देहि मे पायसं" (,, ૯૫)

સંસ્કૃતમાંજ क ઉપરાંત र, ट, ल, વગેરે સ્વાર્થે પ્રત્યય લાગતા. वधू–वधूटी, कुटि–कुटिर, पाण्डु–पाण्डुर, मञ्जु–मञ्जुल, વગેરે. આ ट, ल ઉપરથી ड, ल અપભ્રંશમાં વપરાતા સ્વાર્થે પ્રત્યયો આવ્યા છે. અપભ્રંશમાં

विज्जुल्लियाइं, पहिल्लियाइं, णयणुल्लउ, अहरुल्लउ, मुहल्लउ, पहरुल्लउ, हियउल्लउ, सुणहुल्लउ, गहगहणुल्लउ, मिहुणल्लउ, णवल्लउ, जुयलुल्लउ, पोट्टुल्लउ, सहिउल्लउ, વગેરે જે'વા શબ્દોમાં अल्ल કે उल्ल પ્રત્યયોમાં કોઇ વખત સ્વાર્થે તો કોઇ વખત સંસ્કૃતમાં લાગતા कના જેવો અર્થ હોય છે.

ઉદા.

૧. "વલી વિમાસઇ હુઈયડલામાંહિ દૈવચિંતા નવિ જાણીઇ."
(વિદ્યાવિ. ૩૪)

૨. "નીંદ ન આવઇ નયલસે રે હિયડલઇ ખરઉ ઊચાટ."
(,, ૧૨૦)

(૧૦) અર્થફેર—મૂળ સંસ્કૃત શબ્દોનો જે અર્થ હતો તે અર્થ ગુજરાતીમાં આવતાં ઘણી વખત તે'વો ને તે'વો ર્‌હેતો નથીઃ ત્હેમાં થોડોઘણો ફેરફાર થાય છે. સંસ્કૃતમાં પણ શબ્દના અમુક **મુખ્ય** અર્થ હોય છે ને અમુક **ગૌણ** હોય છે. આ ગૌણ અર્થ ત્હેમાં જતે દિવસે આવેલો છે. દાખલા તરીકે स्था (तिष्ठ)નો મુખ્ય અર્થ '**ઊભા ર્‌હેવુ**' થાય છે. પરંતુ "स आसने स्थितः"માં '**બેસવાનો**' અર્થ છે. વળી "मध्याह्नः स्थितः"માં '**થવુ**'નો અર્થ છે. આ બન્ને અર્થ ગૌણ છે. આવી જાતનો અર્થફેર ગુજરાતીમાં આવતાં શબ્દમાં થાય તે સ્વાભાવિક છે. **લક્ષણા વ્યાપાર–અર્થસંકોચ ને અર્થવિસ્તાર** પણ આમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. થોડાંક ઉદાહરણ નીચે આપ્યાં છે.

(૧) स्वप् (ઉંઘવું) सुअइ–सुवइ–સુવુ (સુઇ જવુ)
(૨) लग्नं (ગ્રહોનો સારો યોગ) लग्ग–લાગ (તક, મોખો)
(૩) लासः (નશો) लाहक–લ્હાવો (ઇચ્છાતૃપ્તિ)
(૪) मार्गः (રસ્તો) मग्गो–માગ (જગ્યા)

(૫) अरण्य (જંગલ) रण्ण–રણ (ઉજ્જડ રેતાળ પ્રદેશ)
(૬) तापः (ગરમી) ताव–તાવ (ગરમીની બીમારી)
(૭) वेदना (પીડાસામાન્ય) वियणा–વેણ (પ્રસૂતિની પીડા)
(૮) त्राहि (બચાવો) त्राह्य (વ્યથા)
(૯) अन्यतर (બેમાંનું એક) अन्नयर–અનેરૂં (અસાધારણ, બીજું)
(૧૦) भक्त (રાંધેલું) भत्त–ભાત (રાંધેલા ચોખા, ચોખા)
(૧૧) मार्ग् (શોધવું) मग्ग–માગવું (દેવું હોવું, લે'ણું હોવું, યાચના કરવી)
(૧૨) रटण (પુનઃ પુનઃ બોલવું તે) लडण–લઢણ (ટેવ)
(૧૩) व्यसन (સારી ટેવ, સંકટ)–વસણ (કુટેવ)
(૧૪) अभ्यास (પુનઃ પુનઃ ક્રિયા)–અભ્યાસ (વાચન)
(૧૫) धन्या (સુભગ સ્ત્રી) धण्ण–ધણ (ગર્ભવતી સ્ત્રી)
(૧૬) भण् (બોલવું)–ભણવું (વાંચવું, અભ્યાસ કરવો)
(૧૭) नश् (નાશ પામવું) नस्स–નાસવું (દોડી જવું)
(૧૮) खिद्यति (મ્હેનત લેવી) खिज्जइ–ખીજવું (ચિડાવું)
(૧૯) उद्यमः (મ્હેનત) उज्जम–ઊજમ (હોંસ, ઉમંગ)
(૨૦) आपतति (બનવું) आवडइ–આવડવું (જાણવું)
(૨૧) साभिलाषः (ઇચ્છાભર્યો) साहिलास–સાલસ (નમ્ર, ગરીબ)
(૨૨) व्यापृत (રોકાયેલો) वावुडो–બાપડો (બિચારો, કંગાલ)
(૨૩) पक्षक (બાજુ) पक्खउ–પડખઉ–પડછો–પડછે (મુકાબલે)
(૨૪) शल्यं (ભાલોડું) सल्ल–સાલ (અડચણ, આડખીલી)
(૨૫) ज्ञान (જાણવું તે) नाण–નાણવું (કસોટી કરી જોવી)
(૨૬) आर्द्रकं (ભીનું) अल्लउं–આળું (લોહીયાળું) ઓળો
(૨૭) रक्ष रक्ष (બચાવો) रक्ख रक्ख–રખ રખો–ખરખરો (શોક, ચિંતા)
(૨૮) आह्वान (બોલાવવું) आह्वाण–વ્હાર (મદદ) વ્હારબૂમ, વ્હારે ચડવું

(૨૯) प्रतोली (મહેલ્લો) पयोलि-પોળ (દરવાજો, મહેલ્લો)
(૩૦) एम्वहिं (इदानीं) एव्वइ-એ'વે (એટલામાં)
(૩૧) जिगीषा (જીતવાની ઇચ્છા) जिगीस-જગીસ (ઇચ્છાસામાન્ય)
(૩૨) पांसु (ધૂળ) फांसु-ફાંસુ (નકામું)
(૩૩) आरटति (બરાડવું) आरडइ-रडइ-રડવું (મનુષ્યનું રુદન)
(૩૪) वृत्तिः (ધંધો-ઉદરપોષણાર્થે) वत्त-वट्ट-વતૂ-વટ-મતુ. 'વતૂ' શબ્દ હાલ 'હજામત'ના અર્થમાં વપરાય છે. અહીં **અર્થસંકોચ** લાગુ પડ્યો છે. પણ જૂની ગુજરાતીમાં 'ધંધો' એમ સામાન્ય અર્થમાં વપરાયો છે. "તિણિ બોલાવિઉ જ્ઞાન તલાર, 'રાજિ અમ્હારઈ તૂં વતૂં સારિ." (પ્ર. ચિ. ૧૦૯)
(૩૫) भणित्वा-ભણી (બોલીને-ઉદ્દેશીને) હાલ 'ભણી' 'તરફ'ના અર્થમાં વપરાય છે.
(૩૬) राशि (ઢગલો) લાશ (મડદું)
(૩૭) वर्त्म (રસ્તો) वट्ट-વાટ (ધૂળ) લક્ષણાવ્યાપારથી
(૩૮) घोषयति (મ્હોટેથી જાહેર કરવું) ગોખવું (મ્હોડે કરવું)
(૩૯) छवि (કાન્તિ) છબી (ચિત્ર, પ્રતિકૃતિ) 'છબીલો'માં મૂળ અર્થ કાયમ છે. **હીલું**છમ
(૪૦) प्रकर (ઢગલો) फगर-પગર (ઢગલો), પણ કણસલાંના ઢગલા ઉપર બળદનું હાલરૂં ચડાવે છે ત્હેને પણ '**પગર**' કહે છે, ને તે ફેરવવાની ક્રિયાને પણ '**પગર**' કહે છે.
(૪૧) उदर्क (ભાવિ પરિણામ) उदर्ककार-उडक्कआर-ઓડકાર (ભરેલા પેટમાંથી જઠરવાયુનું અવાજપૂર્વક બ્હાર નીકળવું.)
(૪૨) दिनमान (ઘટિકાયંત્રથી દિવસ કેટલો ચડ્યો છે તે માપ) હાલ '**ચડતી કળા**'ના અર્થમાં વપરાય છે. 'દહાડો' પણ લક્ષણા વ્યાપારથી '**નસીબ**'ના અર્થમાં વપરાય છે.

(૪૩) यात (ગયેલો) ઉપરથી 'જાલવઇ' (વીતાવવું-પછી 'દૂર કરવું' પછી 'બચાવવું')

(૪૪) व्रज् (જવું) वच्चइ-બચવું (રક્ષણ થવું) જે સંકટમાંથી નાશી છૂટે તે બચે. वंच् (જવું) ઉપરથી પ્રા. वच्च આવ્યાનું વધારે સંભવિત લાગે છે. મી. બીમ્સ अवत्रै ઉપરથી લે છે.

(૪૫) कन्दुक (દડો) गेन्दुअ-ગેડી (લાકડી)

(૪૬) दण्डकः (લાકડી) ઉપરથી 'દડો' 'ગેડી દડો'

(૪૭) खनि (ખાણ માટીની-સોનાની), ખાણ (છરીની), માટીની પણ ખરીજ.

(૪૮) निरुक्ति (નિર્વચન) निरुत्ति-નિરતિ-નરતિ (તપાસ, ખોજ) (યાસ્કમુનિ પોતાના निरुक्त શાસ્ત્રમાં શબ્દોની વ્યુત્પત્તિ, પ્રયોગ, વગેરેની તપાસ કરે છે.)

(૪૯) स्पर्शुक (સ્પર્શ કરવા યોગ્ય) ફાસુ (જૂ. ગુ. વાપરવા યોગ્ય)

(૫૦) अष्टांग (યોગ) અઠંગા-અડંગા (હાલ્યા ચાલ્યા સિવાય બેશી રહેવું)

(૫૧) अपसृत (હઠેલું) ओहट्ट-હઠવું (ખસવું), પણ 'હઠ પકડવી' (હઠ હઠ કહે ને ન ઊઠે તો 'હઠ પકડી' કહેવાય.) 'હઠય'માં મૃદુ યકાર છે તે મૂળ हटि (આજ્ઞાર્થ) રૂપના इ ને લીધે આવ્યો લાગે છે. હાડે-હડે (ખસ) શબ્દો પણ अपसृत ઉપરથી આવેલા લાગે છે.

(૫૨) अक्षर (અનિવાર્ય) अक्खर 'આખર વેળા' (મરણ-વૃદ્ધાવસ્થા) આખરે

(૫૩) अग्र (મોખરૂં) अग्रे–अग्गे–આગે (દૂર)
(૫૪) दोला (હીંચકો–અસ્થિર) 'ડૂલી જવું' (પાયમાલ થવું)
(૫૫) श्रावण (માસવિશેષ) सरवण–સરવડું (ઝાપટું)

આ પ્રમાણે લક્ષણાવ્યાપારથી **અર્થસંકોચ** ને **અર્થવિસ્તાર** થઈ શબ્દના અર્થ ફરે છે. છતાં શબ્દોનું મૂળ તપાસતાં અર્થ તરફ ખાસ દૃષ્ટિ રાખવી જોઇયે.

(૧૧) **હકારનો ઉચ્ચાર**—ગુજરાતી ભાષામાં 'હ્' ઘણી વખત શબ્દમાં ઉચ્ચારાતો સાંભળવામાં આવે છે, પણ લખાતો નથી. જ્યહાં તે હાલ સંભળાય છે ત્યહાં મૂળરૂપે સર્વથા ન હતો, પણ આગળ-પાછળ ખશીને હાલના સ્થળે આવ્યો છે. સ્વતંત્ર 'હ્' અગર મહા-પ્રાણ સ્પર્શ વ્યંજનમાંનો 'હ્' છૂટો પડી આગળપાછળ હઠે છે, પણ જ્યહાં તે 'હ્' સંયુક્ત વ્યંજનની ઉત્તરે આવી ત્હેનો અંશ બનેલો હોય ત્યહાં જુદો પડે કે કેમ તે જરા વિવાદગ્રસ્ત છે. સ્પર્શવ્યંજન-માં કયાં 'હ્' છે તે જોઇયે.

સં. सीताफलकं–સીતાફ્ડું–'સીથાપડું': આવી જાતનો ઉચ્ચાર ચરોતરમાં ખેડૂત લોક કરે છે, તે વાગ્વ્યાપારને અધીન રૂઢી થયેલો છે. 'ફ'માંનો 'હ્' છૂટો પડી પાછલા 'ત' સાથે જતાં 'ત'+'હ્'=થ થયો, અને 'ફ'માંથી 'હ્' જતાં 'પ' રહ્યો.

નીચેના મહાપ્રાણ વ્યંજનોમાં 'હ' છે.

૧. क्+ह=ख (kh)	૨. ग्+ह=घ (gh)
૩. च्+ह=छ (chh)	૪. ज्+ह=झ (jh)
૫. ट्+ह=ठ (thh)	૬. ड्+ह=ढ (dhh)
૭. त्+ह=थ (th)	૮. द्+ह=ध (dh)
૯. प्+ह=फ (ph)	૧૦. ब्+ह=भ (bh)

આ ઉપરાંત व्+ह=भ ને म+ह=भ પ્રાકૃતમાં થતા હતા. આ

મહાપ્રાણ વ્યંજનનો ह આગળ પાછળ ખસી શકે, તેમ સ્વતંત્ર ह પણ ખસી શકે છે. બહુધા ह ને પૂર્વ તરફ ખસવાનું વલણ છે. નવીન પ્રક્ષેપનો પણ ह ઘણી વખત શબ્દમાં ભળે છે, તો કોઈ વખત મૂળનો ह ઊડી પણ જાય છે.

(૧) ह શબ્દના પૂર્વ ભાગ (શરૂઆત) તરફ ખસે છે: *

૧. जहर–ઝેર

૨. गभीर–गहिर–ઘેરું

૩. लघु–हलु–હળવે

૪. अधुना–अहुणा–हउणा–હવણાં–ડાં–હમણાં

૫. परिदधाति–परिहाइ–પહિરઇ, પ્હેરે

૬. अविधवात्वं–अविहवात्तण–એ'વાતણ–હેવાતણ

૭. वल्लभकः–वल्लहउ–વ્હાલો

૮. अधुना–अहुणा–હઉણ–ઓ'ણ–હોણ

(૨) પ્રક્ષિપ્ત ह :

૧. आकारयति–हक्कारइ–હંકારે

૨. तारणकार–तारणआर–તારણહાર

૩. अद्यापि–अज्जवि–હજી

૪. प्राप्त–पत्त–पहुत्त–પ્હોચ

૫. वागुरिक–वागुरिअ–વાઘરી

૬. जयकार–जयआर–જુહાર

૭. सकल–सगल–સઘળું

૮. अग्रे–अग्गे–આગે–આઘે

(૩) ह નો લોપ—

૧. वशविधेय–वसविहेय–વસવેયું

૨. चतुर्हट्टकं–चउहट्टअं–ચૌટું

૩. महासाधनिक–महासाहणिअ–મસાણી

૪. तीक्ष्ण–तिण्ह–તીણું

*પાલી પ્રાકૃતમાં પણ સં. दुहितरःનું धितरो, दुहितानुं धिया થતું. આમાં કદાચ द् ખસી ह् સાથે ગયો હોય.

(૪) ह કોઇ વખત શબ્દની ઉત્તરે (અંત તરફ) ખસે છેઃ—

૧. अभिज्ञान—अहिण्णाण—અહિનાણ—એંધાણ

૨. प्रत्यभिज्ञान—पच्चहिआण—पहिच्चाण—પિછાણ

૩. दिवसे—दिअहडि—દિહાડિ—દાઢિ—દાઢિયું.

(૫) સંયુક્ત વ્યંજનનો ह:—

૧. श्लक्ष्ण—लण्ह—नन्ह—નાન્હું

૨. प्रस्नव—पण्हउ—पन्हउ—પાન્હો—પાનો

૩. पार्ष्णि—पण्हि—पन्हि—પાન્હી

૪. कृष्ण—कण्ह—कन्ह—કાન્હ

૫. उष्ण—उण्ह—उन्ह—ઊન્હું

૬. अस्मे—अम्हे—અમ્હે

૭. ग्रीष्म—गिम्ह—गिंभ—ઘીમ

૮. तुम्हे—તમ્હે

આ શબ્દોમાં ह સંયુક્ત વ્યંજન પૈકીનો છે. '**ઘીમ**' શબ્દ મુ. નરસિંહરાવભાઇએ નોંધ્યો છે. એ આધારે મ્હેં લીધો છે, બાકી મ્હારા સાંભળવામાં નથી આવ્યો. '**ઘીમનો સાળુ**'. પરંતુ '**ઘીમ**' થતા પૂર્વનું રૂપ गिंभ છે. તે અપભ્રંશમાં મળી આવે છે. ઉપર જણાવ્યા પ્રમાણે भ નો ह् ખશી શકે છે. માટે '**ઘીમ**' રૂપ भ નો ह् પાછો હઠી થયું છે. "गिंभारिहि" (જસહરચરિઉ ૨—૩૨—૮) "गिंभम्मि" (જસહર ૪—૧૬—૭) પણ અન્યત્ર તે ह આઘોપાછો ખસતો નથી. પ્રાકૃત—અપભ્રંશમાં તે हનો ઉચ્ચાર તીવ્ર (વ્યંજન જેવો—પ્રાણનો વિશેષ વ્યય કરનાર) થતો, પણ જૂની ગુજરાતીમાં તે મોળો પડતાં પૂર્વ સ્વર સાથે સાથે દીર્ઘ થયો. જૂની ગુજરાતીમાં તેવાં ઉદાહરણ મળી આવે છે. જો हનો ઉચ્ચાર ગુરુપ્રયત્ન ન હોય તો પૂર્વ સ્વરને દીર્ઘ થવા કારણ નથી, દીર્ઘ થાય છે માટેજ ત્હેને તીવ્ર માન્યો છે. अम्हेમાં ह નિર્બળ સંયો-

ગનો માનિયે તો બંગાળીમાં આમી ને મરાઠીમાં આમ્હી (પૂર્વસ્વર દીર્ઘવાળાં) રૂપ શી રીતે વ્યુત્પન્ન થાય, એ પ્રશ્ન છે. જો સબળ સંયોગનો માનિયે તો ગુજરાતીમાં **'અમે'** કેમ થયું, **'આમે'** શા માટે ન થયું ? હ્હેનું નિરાકરણ એમ છે કે अम्हे રૂપ સંયુક્ત વ્યંજનવાળું ગુજરાતીમાં ઘણા કાળ સૂધી ચાલુ રહ્યું ને પછી આપોઆપ ह મોળો પડી ગયો, એટલે પૂર્વ સ્વર દીર્ઘ ન બન્યો. (જુઓ પૃ–૨૬ (૬))

'અમે', 'હમે', 'અમ્હે', પૈકી કયું રૂપ વ્યાજબી છે, તે જોઇયે. **'અમે'** લખતાં ह્નો ઉચ્ચાર વાણીમાં છે તે'વો લખાણમાં નથી આવતો, માટે તે રૂપ લાંબો કાળ ચાલે તે ઠીક નથી. મુ. નરસિંહરાવ-ભાઈ **'હમે'** લખે છે, અને ह્નો ઉચ્ચાર વ્યંજન જે'વો ન થાય માટે (ભાવણો પૃ. ૧૧૫) સૂચના પણ આપે છે કે હ્હેનો ઉચ્ચાર લઘુ-પ્રયત્ન કરવાનો છે. છતાં આ જોડણી પ્રત્યે જે'ને અણગમો છે તે'વા લોક જાણીબૂઝીને ह્નો ઉચ્ચાર ગુરુપ્રયત્ન-વ્યંજન જેવો કરે છે. મ્હને લાગે છે કે તે'વી જોડણી જૂના લખાણમાં નથી. જૂના લખાણ-માં **'અમ્હે'** લખાયેલો છે. હ્હેને તે'વો કાયમ રાખ્યો હોય તો અંત્ય ह આપોઆપજ મોળો ઉચ્ચારાશે. બીજું **'મ્હાનો' 'મ્હાની'** જે'વો ઉચ્ચાર કરિયે તો પ્રાણનો વ્યય વિશેપ કરવાની જરૂર પડે છે. પાન્હો –પાન્હીમાં ह છેવટે હોવાથી લઘુપ્રયત્નજ ઉચ્ચારાશે ને જૂના લખા-ણની જોડણી પણ તે'વીજ છે, તે નીચેનાં ઉદાહરણ ઉપરથી જણાશે.

ઉદા.

૧. "મૂંક્યાં સરસ ગવિલ પકવાન, મૂંક્યાં આણી **ઊન્હાં** ધાન." (વિદ્યાવિ. ૮૭)

૨. "**નાન્હુઉ** કુન્થુશરીરિ સમાઇ." (પ્ર–ચિ–૯૭)

૩. "નાચઇ છઈ **નાન્હી** અપછરા નારિ તુ." (વિ. પ્ર. ૧૦૬)

૪. "**પયપાન્હઇ** પરવત વેધિઉ." (સીતાહરણ. ૬૯)
૫. "સૂકી જિમ **ઊન્હાલઇ** જાઈ." (પ્ર-ચિ-૧૪૦)
૬. "બીજા **નાહાના** પાર ન જાણૂં; કર્મ **તુમ્હારૂં**, સીતા." (સીતા-હરણ. ૪૩)
૭. "કાન્હ તણઇ સંપત્તિ ઇસી જિસી ઇન્દ્રહ ઘરિ રિદ્ધિ." (કા. પ્ર. ૨)

'નાન્હુ'ને બદલે 'ન્હાનુ' જોડણી ઠીક લાગતી નથી. જૂની જોડણી **'નાન્હઉ'**જ થતી ત્હેનો બીજો પુરાવો પણ છે. ન્+હ=ધ "**નાંધડિયા** ભરતાર'માં **'ધ'** જૂની જોડણીની સાક્ષી પૂરે છે. "નંદ-કૂંઅર **નાંધડીઆ** સાથે રખે રહેતી ગોઠ કરવા" (ગુ-ભા. સા. પુ. ૨, પૃ. ૩૦૭) આમાં 'હ્' બીજા 'ન્' સાથે ભળ્યો છે, પ્હેલા સાથે નહીં; અને તે **'નાન્હડીઆ'** ઉપરથી **'નાંધડીઆ'** રૂપે આવ્યો છે.

સર્વનામનાં રૂપમાં હકાર—

અમ્હે, તમ્હે, અમ્હને, તમ્હને, મ્હારૂં, અમ્હારૂં, ત્હારૂં, તમ્હારૂં, વગેરેમાં 'હ' મોળો પડેલો છે.

તે, તેથી, એ, એથી, તૂં, તૂંથી, વગેરેમાં હકાર નથી; કારણ મૂળ રૂપમાં 'હ' ન હતો, તેમજ 'થી' પ્રત્યય પૂર્વે 'હ'ની જરૂર ન હતી. **'થી'** પૂર્વે સાતમીનો इ આવતો. પણ **'ના'**, **'માં'**, વગેરે પ્રત્યય જોડે આ સર્વનામમાં હકાર આવે છે. ત્હેનું કારણ આ પ્રત્યયો પૂર્વે સર્વનામ છઠ્ઠીના 'હ' સાથે વપરાતું. તેથી છઠ્ઠી, વગેરે વિભક્તિ-નાં રૂપમાં હકાર છે.

ઉદા.

(૧) "નહીં પુરૂપ તૂં **કેહનઇ** પાડિ ? (સીતાહરણ. ૬૭)
(૨) "**જેહનઇ** ટૂંકી ઉમત રહઇ, ભર્તા નારિ અતેરુ લહઇ." (વિ. પ્ર. ૧૪૭)

(૩) "સાલીહોત્ર **જેહની** કસૂટી, તેહ્વા કોડિ કેકાણ." (કા. પ્ર. ૨-૮૬)

(૪) "તાહરિ ચિંતિ વસિ વર જેહ, કરુ વિવાહ આણવૂં તેહ." (કા. પ્ર. ૩-૧૨૫)

છેલ્લા ઉદાહરણમાં 'જેહ', 'તેહ' રૂપોમાં 'હ' આવ્યો છે તે एषः ના **'એહ'**ના સામ્યને લીધે આવ્યો છે. આ પ્રમાણે જૂની ગુજરાતીના હને લીધે એ'નું, ત્હેનું, જે'નું, એ'માં, જે'માં, ત્હેમાં, ત્હેને, ત્હેણે, એ'ણે, વગેરે રૂપ આવ્યાં છે ને વિવૃત ઉચ્ચાર (એ) પણ 'હ'ને આભારી છે.

અપ. जहां, तहां, इहां રૂપ ઉપરથી જૂની ગુજરાતીમાં जिहां, तिहां રૂપ થઇ 'જ્યહાં', 'ત્યહાં' રૂપ હાલ ઉચ્ચારમાં વપરાય છે, લખાણમાં 'હ' નથી લખાતો, પણ લખવો ઇષ્ટ છે. મુ. નરસિંહરાવભાઇ તે પ્રમાણેજ લખે છે.

जि, ति, कि (यद्, तद्, किम्) જોડે वारे ભળતાં जिवारि, तिवारि રૂપોમાં પાછો ह ભળવાથી जिहारइ, तिहारइ રૂપ જૂની ગુજરાતીમાં વપરાતાં થયાં. તે ઉપરથી 'જ્યહારે', 'ત્યહારે' વગેરે અવ્યયોમાં 'હ' બોલાય છે, માત્ર લખાતો નથી. તે લખવો ઇષ્ટ છે, અથવા

जिकाले–जिआरे { जिवारि–જિવારઈ / जिहारि–જિહારઇ } રૂપે આવ્યાં હોય.

અપભ્રંશ एहु, जेहु, तेहु (સાદૃશ્યવાચક વિશેષણ) ઉપરથી એ'વું, જે'વું, તે'વું વિશેષણ આવ્યાં છે. ત્હેમાં પણ ह ઉચ્ચારાય છે.

(૧૨) વર્ણસંકરઃ—પૃ. ૪૮ ઉપર જણાવ્યા પ્રમાણે અલ્પપ્રાણ વ્યંજનમાં 'હ્' ભળી મહાપ્રાણ વ્યંજન બને છે. આ રીતે મૂળભૂત બે વ્યંજનના એકઠા થવાની ક્રિયાને સંકર કહે છે. गृहं (ग्+ह) ઘર; ग्रहीतकः–गहिल्लओ. (ग् + ह) ઘેલો; महारथी (म्+ह) ભારથી; जिह्वा

(व्+ह) જીભ; સ્વરોમાં પણ સંકીર્ણ સ્વર બે જુદા સ્વરોના બની થયેલા છેઃ अइ નો ए; अउ નો ओ.

(૧૩) વર્ણસંસૃષ્ટિ:—જ્યહારે 'હ્' પૂર્વ કે ઉત્તર અલ્પપ્રાણ વ્યંજન સાથે વર્ણસંકરમાં બતાવ્યા પ્રમાણે એકરૂપ ન થતાં ઉચ્ચારમાં ને લખાણમાં છૂટો પણ વચ્ચે સ્વર વિના સાથે સાથે આવે ત્હારે સંસૃષ્ટ વ્યંજન બને છેઃ—भगिनी–भइणी–बहिणी–બ્હેન (અહીં व्+हनो म થયો નહીં. સિંધીમાં भेण શબ્દ છે તે કદાચ પ્રા. भइणी ઉપરથી આવ્યો હોય કે પછી વર્ણસંકરનો નિયમ ત્હેમાં લાગુ પડ્યો હોય.) અપ. पहिल्लउं–પ્હેલું; प्रहर–पहुर–પ્હોર; સ્વરોમાં अइ નો ऐ; अउनोऔ.

(૧૪) વર્ણવ્યત્યય:—ઘણી વખત શબ્દના અંતર્ગત અક્ષરો પરસ્પર સ્થાન બદલે છે ત્હેને વ્યત્યય કે સ્થિતિપરિવૃત્તિ ક્હે છેઃ परिदधाति–परिहाइ–पाहिरइ–પ્હેરે. गुच्छकं–गुच्छउं–છોગું ; बिडाल:– બિલાડો; અ. अमानत–અનામત. આ ઉદાહરણ ઉપરથી જોઇ શકાય છે કે વ્યંજન ખસતાં સ્વર બહુધા મૂળ સ્થળે વળગી રહી નવીન આવનાર વ્યંજન સાથે રહે છે.

(૧૫) સ્વરભક્તિ:—સંયુક્ત વ્યંજનના બે અંગભૂત વ્યંજનો વચ્ચે ઘણી વખત ફાચર જેવો સ્વર ભળી બે વ્યંજનોને છૂટા પાડે છે. આને સ્વરભક્તિ, **વિપ્રકર્ષ**, કે **વિશ્લેષ** ક્હે છેઃ हर्षः–હરખ; શ્લેષ્મ–સળેખમ; रत्न–રતન; कृष्ण–કસન.

(૧૬) આદેશ:—शत्रुवदादेशः–એક વર્ણને સ્થાનભ્રષ્ટ કરી ત્હેની જગ્યાએ બેસનાર બીજા નવીન વર્ણને આદેશ ક્હે છેઃ ઉદા. स्था ને બદલે तिष्ठ्; पा ને બદલે पिब्; गै ને બદલે गी (गीयते);

(૧૭) આગમ:—मित्रवदागमः–મિત્રની માફક મૂળ અક્ષરને સ્થાનભ્રષ્ટ કર્યા સિવાય ત્હેની જોડે બેસી જનાર નવીન વર્ણને **આગમ** ક્હે છે. पक्षकं–प्रक्खउं–પડખઉં–પડખું; (शी) शी+अंते–

शेरते; प्राप्त–पत्त पहुत्त; નડવું–કનડવું; જડવું–જકડવું. આમ આગમ ને પ્રક્ષેપમાં ભેદ નથી.

તા. ક. પૃ. ૩૯ ઉપર પાંચમી પંક્તિમાં 'દીર્ઘ સ્વર' પછી 'અ' ઉમેરો.

પ્રકરણ ૪થું

પ્રાકૃત ભાષાઓ

સામાન્ય (પ્રાકૃત) લોકોની બોલવાની કે લખવાની જે ભાષા તે પ્રાકૃત ભાષાને નામે પ્રચલિત છે. સંસ્કૃત ભાષાથી ભિન્ન ભાષા તે પ્રાકૃત ભાષા. ગુજરાતી, મરાઠી, વગેરે પ્રાકૃત ભાષાઓ. આ'વો હ્હેનો સામાન્ય અર્થ હોવા છતાં અહીં **'પ્રાકૃત'**થી સંસ્કૃતની નિકટની સંતતિ, એ'વો વિશેષ અર્થ છે. જૂનામાં જૂની આવી ભાષાને **'પાલી'** ભાષા નામ આપવામાં આવ્યું છે. તે પાલી ભાષાની આગળનો સ્વતંત્ર વિકાસ તે **'પ્રાકૃતભાષા'**ને નામે ઓળખાવા લાગ્યો.

સામાન્ય લોકો વ્યાકરણનો વિચાર કર્યા સિવાય પોતાનાથી જે'વો ઉચ્ચાર થઇ શકે અગર પોતાને જે'વો ઉચ્ચાર સંભળાય તે'વો નિષ્કાળજીથી ઉચ્ચાર કરે. પરિણામે હ્હેમાં ઘણા વિકારો દાખલ થાય. તે હવે પછીના પ્રકરણમાં આપવામાં આવ્યા છે, તે ઉપરથી કેવા પ્રકારના વિકાર થતા તે જણાશે. એક દેશની પ્રજા સાથે બીજા દેશની પ્રજાનો સંબંધ થતાં નવીન આવનાર પ્રજા બરોબર ઉચ્ચાર નહીં કરી શકવાને લીધે હ્હેમના મુખનો ઉચ્ચાર મૂળ પ્રજા કરતાં શીખે છે. આ રીતે પણ ઘણા ફેરફાર થાય છે. આ બધા વિકારોને

(व्+ह) જીભ; સ્વરોમાં પણ સંકીર્ણ સ્વર બે જુદા સ્વરોના બની થયેલા છેઃ अइ નો ए; अउ નો ओ.

(૧૩) વર્ણસંસૃષ્ટિઃ—જ્યહારે 'હ્' પૂર્વ કે ઉત્તર અલ્પપ્રાણ વ્યંજન સાથે વર્ણસંકરમાં બતાવ્યા પ્રમાણે એકરૂપ ન થતાં ઉચ્ચારમાં ને લખાણમાં છૂટો પણ વચ્ચે સ્વર વિના સાથે સાથે આવે ત્યહારે સંસૃષ્ટ વ્યંજન બને છેઃ—भगिनी–भइणी–बहिणी–બ્હેન (અહીં ब्+हनो भ થયો નહીં. સિંધીમાં ભેણ શબ્દ છે તે કદાચ પ્રા. भइणी ઉપરથી આવ્યો હોય કે પછી વર્ણસંકરનો નિયમ ત્હેમાં લાગુ પડ્યો હોય.) અપ. पहिल्लउं–પ્હેલું; प्रहर–पहुर–પ્હોર; સ્વરોમાં अइ નો ऐ; अउनोऔ.

(૧૪) વર્ણવ્યત્યયઃ—ઘણી વખત શબ્દના અંતર્ગત અક્ષરો પરસ્પર સ્થાન બદલે છે ત્હેને વ્યત્યય કે સ્થિતિપરિવૃત્તિ ક્‌હે છેઃ परिदधाति–परिहाइ–पहिरइ–પ્હેરે. गुच्छकं–गुच्छउं–છોગું; बिडालः–બિલાડો; અ. असानत–અનામત. આ ઉદાહરણ ઉપરથી જોઇ શકાય છે કે વ્યંજન ખસતાં સ્વર બહુધા મૂળ સ્થળે વળગી રૂહી નવીન આવનાર વ્યંજન સાથે રૂહે છે.

(૧૫) સ્વરભક્તિઃ—સંયુક્ત વ્યંજનના બે અંગભૂત વ્યંજનો વચ્ચે ઘણી વખત ફાચર જેવો સ્વર ભળી બે વ્યંજનોને છૂટા પાડે છે. આને સ્વરભક્તિ, **વિપ્રકર્ષ**, કે **વિશ્લેષ** ક્‌હે છેઃ हर्षः–હરખ; श्लेष्म–સળેખમ; रत्न–રતન; कृष्ण–કસન.

(૧૬) આદેશઃ—शत्रुवदादेशः–એક વર્ણને સ્થાનભ્રષ્ટ કરી ત્હેની જગ્યાએ બેસનાર બીજા નવીન વર્ણને આદેશ ક્‌હે છેઃ ઉદા. स्था ને બદલે तिष्ठ्; पा ને બદલે पिब्; गै ને બદલે गी (गीयते);

(૧૭) આગમઃ—मित्रवदागमः–મિત્રની માફક મૂળ અક્ષરને સ્થાનભ્રષ્ટ કર્યા સિવાય ત્હેની જોડે બેશી જનાર નવીન વર્ણને **આગમ** ક્‌હે છે. पक्षकं–प्रक्खउं–પડખઉં–પડખું; (शी) शे+अते–

પરિણામે સંસ્કૃતથી પ્રાકૃત ભાષાનું સ્વરૂપ નિરાળું પડ્યું, અને તે સ્વતંત્ર ભાષા તરીકે સ્વીકારાઇ.

વૈયાકરણો સામાન્ય રીતે પ્રાકૃતના ૭ વિભાગ પાડે છેઃ (૧) પ્રાકૃત (૨) શૌરસેની (૩) માગધી (૪) પૈશાચી (૫) ચુલિકા પૈશાચી (૬) અપભ્રંશ. શ્રીમદ્ હેમાચાર્યે આ પ્રમાણે ૭ વિભાગ પાડ્યા છે, ને તે પછીના વૈયાકરણોએ તે સ્વીકાર્યા છે. સૌથી જૂનો વૈયાકરણ વરરુચિ પોતાના 'પ્રાકૃતપ્રકાશ' નામના પ્રાકૃત વ્યાકરણમાં માત્ર ચાર વિભાગ આપે છેઃ (૧) મહારાષ્ટ્રી (૨) શૌરસેની (૩) માગધી (૪) પૈશાચી. આ ઉપરથી એમ જણાય છે કે ત્હેના વખતમાં અપભ્રંશનો વિકાસ થયો ન હતો. અપભ્રંશ ભાષા ચોથા–પાંચમા સૈકામાં વ્હેલામાં વ્હેલી અસ્તિત્વમાં આવી હોવી જોઇયે. સાતમા સૈકાનો દણ્ડી કવિ મહારાષ્ટ્રીને प्रकृष्टं प्राकृतं કૂહે છે, અને ત્હેને महाराष्ट्राश्रयां કૂહે છે.* આ શબ્દના બે અર્થ થઇ શકે છેઃ (૧) મરાઠા લોકના દેશમાં બોલાતી (૨) રાષ્ટ્રના મ્હોટા ભાગમાં બોલાતી. વરરુચિ 'પ્રાકૃત-પ્રકાશ'ના પ્હેલા નવ પરિચ્છેદમાં પ્રાકૃતનાં સૂત્ર આપ્યા પછી દશમા પરિચ્છેદમાં પૈશાચી ભાષાનાં, અગિયારમામાં માગધીનાં, અને બારમા પરિચ્છેદમાં શૌરસેનીનાં ૩૧ સૂત્ર આપ્યા પછી ૩૨મા સૂત્રમાં "शेषं महाराष्ट्रीवत्" એમ લખે છે. તે ઉપરથી એમ જણાય છે કે પ્રથમના નવ પરિચ્છેદ આ મહારાષ્ટ્રી પ્રાકૃતના છે તે આધારે વરરુચિની યાદીમાં 'મહારાષ્ટ્રી' નામ સ્પષ્ટ જણાવ્યું છે. હેમાચાર્ય સિ. હે. ના આઠમા પ્રકરણના પ્હેલા ત્રણ પાદનાં સૂત્ર અને ચોથા પાદનાં ૨૮૫ સૂત્ર આપ્યા પછી શૌરસેની ભાષાનાં સૂત્રને અંતે ૨૮૬મા સૂત્રમાં લખે છે કે "शेषं प्राकृतवत्" (સૂત્ર ૨૬૦–૨૮૬ શૌરસેની માટે છે) એટલે (૧) ૨૭૧ + (૨) ૨૧૮ + (૩) ૧૮૨ + (૪) ૨૫૯=૯૩૦

* "महाराष्ट्राश्रयां भाषां प्रकृष्टं प्राकृतं विदुः।
सागरः सूक्तिरत्नानां सेतुबन्धादि यन्मयम्॥" (કાવ્યાદર્શ)

મી. બીમ્સ "Comparative Grammar Vol. 1 Intro. (P. 34) કહે છે: "Maharashtri & Marathi have little in common except the name." P. 34 છતાં પુસ્તક ૩જા માં મરાઠી ऊन પ્રત્યયનો વિચાર કરતાં પૃ. ૨૩૩ ઉપર લખે છે કે "Modern M. is really the representa tive of M. Pr."

ડૉ. ભાણ્ડારકર (ભાષણો પૃ. ૨૩૨) જણાવે છે કે શૌરસેની ને માગધીની માફક મહારાષ્ટ્રી પણ પ્રાન્તિક ભાષા છે. સંબંધક ભૂતકૃદંતનો ऊन પ્રત્યય મહારાષ્ટ્રી પ્રાકૃતનો આવ્યો છે. તે ઉપરાંત તે પ્રાકૃતના कृत–मृत ઉપરથી નીપજેલા कअ–मअ હાલની મરાઠીના केल–मेलામાં પરિણામ પામે છે. એટલે વર્તમાન મરાઠી ભાષા જૂની મહારાષ્ટ્રી પ્રાકૃતની પ્રતિનિધિ છે. હાલની મરાઠી મહારાષ્ટ્રી પ્રાકૃત ઉપરથી આવી, એ વાત સત્ય છે, પણ તે ઉપરથી એમ ફલિત નથી થતું કે તે મહારાષ્ટ્રમાંજ બોલાવી જોઈયે. મરાઠા પ્રદેશમાં પણ મહારાષ્ટ્રી–સામાન્ય પ્રાકૃત બોલાય, અને અન્યત્ર પણ બોલાય, એટલે મહારાષ્ટ્રી નામ યથાર્થ ઠરે. ગુજરાતી ભાષા શૌરસેની પ્રાકૃત ઉપરથી આવી માટે શૌરસેની પ્રાકૃત ગુજરાતમાંજ બોલાતી, એમ માનવું ઠીક નથી તેમ મહારાષ્ટ્રી પ્રાકૃત માટે શા માટે નં માનવું? એકંદરે આ પ્રશ્ન વિવાદગ્રસ્ત છે.

શૌરસેની શૂરસેન–મથુરા પાસેના પ્રદેશ–ના નામ ઉપરથી ભાષાને નામ મળ્યું છે. એની પ્રકૃતિ તરીકે સંસ્કૃત મનાય છે. માગધી ભાષાને શૌરસેની ઉપરથી નીકળેલી માનવામાં આવે છે. માગધી ભાષામાં र् નો ल् ને स्–ष् નો સર્વત્ર श् થાય છે. 'रसोर्लशौ' (૮–૪–૨૮૮) नरः–नले, करः–कले, हंसः–हंशे, पुरुषः–पुलिशे, વગેરે. વળી ज નો य થાય છે. આ માગધીનો ખાસ વિકાર ગણાય છે. અને પ્રથમાના એક ; ओ ને બદલે ए થયો ત્હેને અર્ધમાગધી (આર્ષ ભાષા)નો

५. इति–त्ति ६. अपि–वि

(આમાં સંધિ પણ કેટલેક અંશે જવાબદાર છે.)

(૭) आ નો अ

१. यथा–जहा–जह २. अथवा–अहव–अहवा

३. चामरः–चमरो–चामरो ४. कुमारः–कुमरो–कुमारो

(૮) आ નો इ

१. सदा–सइ–सया २. स्त्यानं–थीणं

३. खल्वाटः–खल्लीडो ४. आचार्यः–आयरिओ–आइरिओ

(૯) आ નો उ

१. सास्ना–सुण्हा २. आसारः–उसारो–आसारो

(१०) आ નો ए

१. ग्राह्यं–गेज्झं २. पारापतः–पारेवओ–पारावओ

३. मात्र–मेत्त–मत्त ४. द्वारं–देरं–वारं–दुवारं

(११) आ નો ओ

१. आलिः–ओली २. आर्द्र–ओल्लं–उल्लं

(१२) इ નો अ

१. इति–इअ २. शिथिल–सढिल–सिढिल

(१३) इ નો ए

१. पिण्डं–पेण्डं–पिण्डं २. सिन्दूरं–सेन्दूरं–सिन्दूरं

(સંયુક્ત વ્યંજનની પૂર્વના ए–ओ નો ઉચ્ચાર ટૂંકો થાય છે.)

(१४) ई નો अ

१. हरीतकी–हरडई

(૧૫) ई नो इ

१. पानीअं–पाणिअं
२. तृतीयं–तइअं
३. तदानीं–तयाणिं
√४. गभीरं–गहिरं

(१६) ई नो उ–ऊ

१. जीर्ण–जुण्ण–जिण्ण
२. विहीनः–विहूणो–विहीणो

(१७) ई नो ए

१. पीयूषं–पेयूसं
२. आपीडः–आमेलो
३. कीदृशः–केरिसो
४. बिभीतकः–बहेडओ

(१८) उ नो अ

१. मुकुलं–मउलं
√२. मुकुटं–मउडं
३. अगुरु–अगरु
४. गुडूची–गलोइ

(१९) उ नो इ

१. भ्रुकुटि–भिउडी
२. पुरुषः–पुरिसो

(२०) उ नो ई

१. क्षुत–छीअं

(२१) उ नो ओ

१. पुष्करं–पोक्खरं
२. तुण्ड–तोण्ड
३. मूल्यं–मोल्लं
४. कुष्माण्डी–कोहण्डी–कोहली

(२२) ऊ नो ए

१. नूपुरं–नेउरं

(२३) ऋ नो अ

१. घृतं–घयं
२. तृणं–तणं
३. कृतं–कयं
४. मृगः–मओ

(૨૪) ऋ નો इ

૧. मृष्टं–मिट्ठं　　　૨. कृपणः–किविणो

૩. शृगालः–सिआलो　　　૪. शृङ्गारः–सिङ्गारो

(૨૫) ऋ નો उ

૧. प्राभृतं–पाहुडं　　　૨. वृद्धः–वुड्ढो

૩. मातृकः–माउओ　　　૪. पृथ्वी–पुहुवी

(૨૬) આદિ ऋ ની रि

૧. ऋद्धि–रिद्धी　　　૨. ऋणं–रिणं–अणं

૩. ऋषिः–रिसी–इसी　　　૪. ऋजु–रिज्जू–उज्जू

(૨૭) ए નો इ

૧. वेदना–विअणा–वेअणा　　　૨. देवरः–दिअरो–देवरो

(૨૮) ऐ નો ए–अइ

૧. कैलासः–केलासो　　　૨. सैन्यं–सेन्नं

૩. वैरं–वेरं–वइरं　　　૪. कैरवं–केरवं–कइरवं

(૨૯) औ નો ओ–अउ

૧. कौमुदी–कोमुई　　　૨. यौवनं–जोव्वणं

૩. पौरः–पउरो　　　૪. गौरवं–गउरवं

(૩૦) अव–अप નો ओ–अव

૧. अवतरति–ओअरइ–अवयरइ　　　૨. अपसरति–ओसरइ–अवसरइ

૩. अवकाशः–ओआसो–अवयासो　　　૪. अपसारितः–ओसारिओ–अवसारिओ

(૩૧) અનાદિ અસંયુક્ત क, ग, च, ज, त, द, प, य, व નો

પ્રાય: લોપ

१. प्रकार–पयार   २. वचनं–वयणं   ३. नगरं–नयरं
४. भुजंगः–भुयंगो   ५. दलपतिः–दलवइ   ६. मदनः–मयणो
७. रिपुः–रिउ   ८. लावण्यं–लायण्णं   ९. वियोगः–विओओ

(વ્યંજન ઊડતાં રહેલા अ–आ ને બદલે यश्रुति થાય છે.)

(૩૨) અનાદિ અસંયુક્ત ख, घ, थ, ध, भ, નો ह

१. नखरः–नहरो   २. मेघः–मेहो   ३. रथः–रहो
४. नाथः–नाहो   ५. बधिरः–बहिरो   ६. शोभते–सोहइ

(૩૩) न નો ण

१. मदनः–मयणो   २. रजनी–रयणी   ३. वचनं–वयणं

(૩૪) આદિ न નો વિકલ્પે ण

१. नदी–नई–णई   २. नरः–णरो–नरो   ३. नयति–नेइ–णेइ

(૩૫) અનાદિ અસંયુક્ત प નો પ્રાય: व

१. शापः–सावो   २. तापः–तावो ३. देशपतिः–देसवइ

(૩૬) श–ष નો स

१. स्पश्यति–पश्यति–पस्सइ   २. दश–दस–ह   ३. तृषा–तरिसा

(૩૭) र નો ल (કેટલાક શબ્દોમાં)

१. हरिद्रा–हलिद्दी   २. चरण–चलण   ३. मुखर–मुहल

(૩૮) न–ण નો ल (ક્વચિત)

१. निम्बः–लिम्बो   २. वेणु–वेलु–वेणू

(૩૯) ल નો ण (ક્વચિત)

१. ललाट–णडाल–णिडाल २. लाहलः–णाहलो ३. लाङ्गलं–णङ्गलं

(૪૦) અનાદિ અસંયુક્ત ट-त નો ड

૧. घटः-घडो ૨. पटहः-पडहो ૩. पतति-पडइ ૪. प्राभृतं-पाहुडं

(૪૧) द નો કોઇ વખત ड થાય છે

૧. दोला-डोला ૨. दण्डः-डण्डो ૩. दोहदः-डोहलो

(૪૨) त નો ल-र (ક્વચિત)

૧. सप्तति-सत्तरी ૨. अतसी-अलसी ૩. सातवाहनः-सालाहणो

(૪૩) ष-श-स નો કોઇ વખત छ

૧. सुधा-छुहा ૨. षट्पदः-छप्पओ ૩. स्पृशति-छिवइ

૪. स्पृहा-छिहा ૫. भस्त्रा-भस्त्रक-प्रा. भच्छगण (વધુ. ૧૪૬: ૨૨. આ વિકારમાં र ને ઊષ્મ વ્યંજન ह ની જવાબદારી છે.)

(૪૪) ड, ल, र નો અભેદ

૧. स्थूल-थोर ૨. हरिद्रा-हलिद्दी ૩. तडागः-तलाओ

૪. किल-किर ૫. चूडा-चूला ૬. गरुड-गरुल

૭. दाडिम-दालिम ૮. षोडश-सोलह ૯. पीडयति-पीलेइ

(૪૫) कैटभ માં भ નો व (कढवो-'ढ' જુદો પડી 'ट' સાથે ગયો.)

(૪૬) આદિ य નો ज

૧. यशः-जसो ૨. यज्ञः-जण्णो

(૪૭) र નો ण करवीरः નો कणवीरो

(૪૮) व નો म (માત્ર નીચેના શબ્દોમાં વિકલ્પ)

૧. स्वप्नः-सिमिणो ૨. नीवी-नीमी ૩. त्वं-तुवं-तुमं

(અપભ્રંશમાં पिहिमिपाल (पृथ्वीपालः) मि (अवि-वि) મળે છે.)

પ્રાયઃ લોપ

१. प्रकार—पयार २. वचनं—वयणं ३. नगरं—नयरं
४. भुजंगः—भुयंगो ५. दलपतिः—दलवइ ६. मदनः—मयणो
७. रिपुः—रिउ ८. लावण्यं—लायण्णं ९. वियोगः—विओओ

(વ્યંજન ઊડતાં રહેલા अ—आ ને બદલે यश्रुति થાય છે.)

(૩૨) અનાદિ અસંયુક્ત ख, घ, थ, ध, भ, નો ह

१. नखरः—नहरो २. मेघः—मेहो ३. रथः—रहो
४. नाथः—नाहो ५. बधिरः—बहिरो ६. शोभते—सोहइ

(૩૩) न નો ण

१. मदनः—मयणो २. रजनी—रयणी ३. वचनं—वयणं

(૩૪) આદિ न નો વિકલ્પે ण

१. नदी—नई—णई २. नरः—णरो—नरो ३. नयति—नेइ—णेइ

(૩૫) અનાદિ અસંયુક્ત प નો પ્રાયઃ व

१. शापः—सावो २. तापः—तावो ३. देशपतिः—देसवइ

(૩૬) श—ष નો स

१. स्पश्यति—पश्यति—पस्सइ २. दश—दस—ह ३. तृषा—तरिसा

(૩૭) र નો ल (કેટલાક શબ્દોમાં)

१. हरिद्रा—हलद्दी २. चरण—चलण ३. मुखर—मुहल

(૩૮) न—ण નો ल (ક્વચિત્)

१. निम्बः—लिम्बो २. वेणु—वेलु—वेणू

(૩૯) ल નો ण (ક્વચિત્)

१. ललाट—णडाल—णिडाल २. लाहलः—णाहलो ३. लाङ्गलं—णङ्गलं

(૪૦) અનાદિ અસંયુક્ત ट-त નો ड

१. घटः—घडो २. पटहः—पडहो ३. पतति—पडइ ४. प्राभृतं—पाहुडं

(૪૧) द નો કોઇ વખત ड થાય છે

१. दोला—डोला २. दण्डः—डण्डो ३. दोहदः—डोहलो

(૪૨) त નો ल—र (ક્વચિત્)

१. सप्तति—सत्तरी २. अतसी—अलसी ३. सातवाहनः—सालाहणो

(૪૩) ष—श—स નો કોઇ વખત छ

१. सुधा—छुहा २. षट्पदः—छप्पओ ३. स्पृशति—छिवइ
४. स्पृहा—छिहा ५. भस्त्रा—भस्त्रक—प्रा. भच्छएण (વસુ. ૧૪૬. ૨૨. આ વિકારમાં र ને ઊષ્મ વ્યંજન ह ની જવાબદારી છે.)

(૪૪) ड, ल, र નો અભેદ

१. स्थूल—थोर २. हरिद्रा—हलिद्दी ३. तडागः—तलाओ
४. किल—किर ५. चूडा—चूला ६. गरुड—गरुल
७. दाडिम—दालिम ८. षोडश—सोलह ९. पीडयति—पीलेइ

(૪૫) कैटभ માં भ નો व (केढवो—'ङ्' જુદો પડી 'ट' સાથે ગયો.)

(૪૬) આદિ य નો ज

१. यशः—जसो २. यज्ञः—जग्गो

(૪૭) र નો ण करवीरः નો कणवीरो

(૪૮) व નો म (માત્ર નીચેના શબ્દોમાં વિકલ્પે)

१. स्वप्नः—सिमिणो २. नीवी—नीमी ३. त्वं—तुवं—तुमं
(અપભ્રંશમાં पिहिमिपाल (पृथ्वीपालः) मि (अपि—वि) મળે છે.)

(૪૯) त નો च, च નો त (ક્વચિત્)

१. चिकित्सा–तिगिच्छा २. तुच्छं–चुच्छं–छुच्छं (८–१–२०४)

३. तिष्ठति–चिट्ठइ ४. चिन्ता–तन्ती } (ગા. સ. શ. ૧-૨, ૫૧; ૩-૭૩)
तत्ति } (વસુ. १०३–२४)

५. तक्षति–चच्छइ (८–४–१९४) ६. जीवन+मुच्=जीमूत (સં.)

(૫૦) द નો ल (ક્વચિત્)

१. प्रदीप्त–पलित्त २. दोहदः–दोहलो ३. कदम्बः–कलम्बो કે कयम्बो

४. गोदा (नदी)–गोला

(૫૧) ह નો પ્રક્ષેપ

१. चिकुर–चिउर–चिहुर २. शीकर–सीअरो–सीहरो ३. वसति–वसइ–वसहि

४. छाया–छाआ–छाहा ५. निकषः–निअसो–निहसो

(સ્વરમાં ભળતા હકારને પ્રાણધ્વનિ નામ આપવું વિશેષ યોગ્ય છે.)

(૫૨) અનાદિ य નો ल (જૂજ)

(शरीर) यष्टि–लट्ठी

(૫૩) द નો र

१. गद्गदं–गग्गरं २. द्वादशः–बारह ३. त्रयोदश–तेरह

(૫૪) त्त નો प्प

१. प्रभूत–पहुत्त–पहुप्प २. जित–जित्त–जिप्प ३. सिक्त–सित्त–सिप्प

४. शुक्ति–सुत्ति–सिप्पी ५. गृहीत–घेत्त–घेप्प ६. कृत–कत्त–कप्प

७. रक्त–रत्त–रप्प ८. युक्त–जुत्त–जुप्प ९. क्षुप्त–छित्त–छिप्प

१०. व्याहृत–वाहित्त–वाहिप्प ११. आरब्ध–आढत्त–आढप्प

१२. [illegible] १३. झटिति–झडित्ति–झडप्प (અપ.)

(૫૫) त्त નો च्च

१. कीर्ति–किच्ची २. नक्तम्–नत्तं–नच्चं ३. श्रुत्वा–सुत्ता–सोच्चा

४. ज्ञात्वा–नत्ता–नच्चा ५. भुक्त्वा–भोत्ता–भोच्चा ६. वर्त्म–वत्त विच्च

(પ્રથમ બે સૂત્ર ૮-૨-૧૨માં, પછીનાં ત્રણ ૮-૨-૧૫માં ને છેલ્લો ૮-૪-૪૨૧માં અપભ્રંશમાં છે.)

(૫૬) त्त નો ल्ल

१. क्षिप्त-घत्त-घल्ल
२. उक्त-वुत्त-बोल्ल
३. मुक्त-मुत्त-मेल्ल
४. भ्रान्त-भत्त-भुल्ल

(૫૭) त्त નો क्क *

१. छुप्त-छित्त-छिक्क
२. लुप्त-लुत्त-लुक्क
३. च्युत-चुत्त-चुक्क
४. मुक्त-मुत्त-मुक्क
५. मृदुत्वं-माउत्त-माउक्क (८-१-१२७)
६. स्थाणु-खाणु
७. स्तम्भः-खंभो

(છેલ્લાં બે ઉદાહરણમાં थ (त) નો क થઈ स નો ह ભળી क्+ह=ख થયો છે.)

(૫૮) त्य નો च्च

१. सत्यं-सच्चं
२. नृत्यं-नच्चं
३. अपत्यं-अवच्चं

(૫૯) द्य-य्य-र्य નો ज्ज

१. अद्य-अज्ज
२. मद्यं-मज्जं
३. शय्या-सेज्जा
४. कार्यं-कज्जं
५. पद्या-पज्जा
६. भार्या-भज्जा

(૬૦) क्ष નો ख, क्ख, छ કે झ

१. क्षय-खय
२. लक्षणं-लक्खणं
३. क्षार-छार
४. क्षीण-झीण
५. तक्षति-तच्छइ
६. क्षीयते-झिज्झइ

---

* આથી ઊલટું क નો त થયેલો મળે છે. સં. किरीट પ્રા. तिरीडो (કોપ) સં. प्रलोकित પ્રા. पलुतितो (વસુ. ૨૭૨-૨૬)

(૬૧) ज्ञ નો ग्ग, ण्ण કે ज्ज

१. राज्ञी–रण्णी　　२. यज्ञ–जग्गो　　३. ज्ञानं–नाणं–जाणं

४. प्रतिज्ञा–पइज्जा–इण्णा　　५. संज्ञा–सण्णा

६. अभिज्ञानं–अहिण्णाणं

(૬૨) स्त નો त्थ (બહુધા)

१. हस्तः–हत्थो　　२. अस्तं–अत्थं　　३. स्तोक–थोअ

४. स्तुति–थुइ　　५. समस्त–समत्त　　६. स्तम्बः–तम्बो

(આદિ स्त નો स કોઈવાર त નો थ કરી નષ્ટ થાય છે.)

(૬૩) ह्य–ध्य નો ज्झ

१. गुह्यं–गुज्झं　　२. वाह्यः–वज्झो　　३. मुह्यति–मुज्झइ

४. वध्यः–वज्झो　　५. बध्यते–बज्झइ　　६. वंध्या–वंज्झा

(૬૪) ष्ट નો ट्ठ

१. नष्टः–नट्ठो　　२. कष्टं–कट्ठं　　३. अष्ट–अट्ठ

४. मृष्ट–मिट्ठ　　५. भ्रष्ट–भट्ठ　　६. काष्ठं–कट्ठं

(૬૫) હ્રસ્વ સ્વર પછીના त्स, थ्य, श्च, प्स નો च्छ

१. वत्सः–वच्छो　　२. मत्स्यः–मच्छो　　३. मिथ्या–मिच्छा

४. पश्चात्–पच्छा　　५. अप्सरा–अच्छरा　　६. जुगुप्सा–जुगुच्छा–दुगुच्छा

(૬૬) द्र, र्द્ર નો કોઈ વખત ल्ल થાય છે

१. आर्द्र–अल्ल–ओल्ल–उल्ल　　२. भद्रः–भल्लो　　३. पद्रः–पल्ली

(૬૭) र्य નો કોઈ વખત र ને લીધે ल्ल

१. पर्याण–पल्लाण　　२. पर्यस्त–पल्लट्ट

३. पर्यङ्क–पल्लंक　　४. सौकुमार्य–सोअमल्लं

(૬૮) श्न, ष्ण, स्न, ह्न, ह्ण, क्ष्ण નો ण्ह

१. प्रश्न–पण्ह २. कृष्ण–कण्ह ३. ज्योत्स्ना–जोण्हा
४. वह्नि–वण्हि ५. पूर्वाह्ण–पुव्वण्ह ६. श्लक्ष्ण–सण्ह–लण्ह
७. तीक्ष्ण–तिण्ह–तिक्ख

(૬૯) ज–ज्ज नो च्च*

१. व्रजति–वच्चइ २. विपद्यते–विपज्जइ–विपच्चइ-(વસુ. ૨૭૩)
३. रज्यते–रज्जइ–रच्चइ (અપ.)

(૭૦) અનુસ્વાર પછીના ह नो घ

१. सिंहो–सिंघो २. संहार–संघारो ३. सिंहासणं–सिंघासणं

(૭૧) વર્ણવ્યત્યય–સ્થિતિપરિવૃત્તિ

१. वाराणसी–वाणारसी २. आलान–आणाल
३. अचलपुर–अलचपुर ४. महाराष्ट्र–मरहट्ठ
५. ह्रदः–द्रहो ६. लघुक–हलुअ–लहुअ

(૭૨) વધારાનો અનુસ્વાર

१. वक्रं–वंकं २. त्र्यस्रं–तंसं ३. श्मश्रु–मंसू
४. मार्जार–मंजार ५. वृश्चिक–विंछिओ ६. कुड्मलं–कुंपलं

(૭૩) સાદા વ્યંજનનો સંયુક્ત

१. तैल–तेल्ल २. प्रेम–पेम्म ३. प्रभूत–पहुत्त
४. यौवनं–जोव्वणं

(૭૪) સ્વરભક્તિ–વિપ્રકર્ષ

१. कृष्ण–कसण २. स्नेह–सिणेह ३. सूक्ष्म–सुहुम
४. तृषा–तरिसा ५. वृषा–वरिसो ६. रत्नं–रअणं

*આથી ઊલટું पिशाची–पिसाजी (૮–૧–૧૭૭)

(૭૫) ह्रस्वः संयोगे (સંયુક્ત વ્યંજનની પૂર્વનો સ્વર હ્રસ્વ બને છે)

१. चूर्ण–चुण्ण २. प्रभूत–पहुत्त ३. राज्ञी–रण्णी
४. नरेन्द्रः–नरिन्द्रो ५. नीलोत्पलं–नीलुप्पलं ६. धैर्यं–धिज्जं

સૂચનાઃ—સંયુક્ત વ્યંજન પૈકીનો જે વ્યંજન નિર્બળ હોય તે ઊડી જાય છે.

क, ख, ग, घ, च, छ, ज, झ, ट, ठ, ड, ढ, त, थ, द, ध, प, फ, ब, भ સબળ છે, બાકીના નિર્બળ છે. પણ જ્યહાં બન્ને વ્યંજનો સબળ હોય ત્યહાં ઘણું કરીને છેલ્લો ટકી રહે છે.

रक्त–(क्+त) रत्त, अद्य (द्+य) अज्ज (य् નિર્બળ).

ઉપલા બધા નિયમો "बहुलं" (८–१–२) સૂત્ર પ્રમાણે લાગે, ન લાગે, તો કોઈવાર અન્ય ફેરફાર પણ થાય.

પ્રકરણ ૬ઠ્ઠું

ગુજરાતી ઉત્સર્ગ

(૧) य નો र (અનાદિ)

१. भुजंग–भुयंग–ભોરંગ २. भूयसी–ભુરસી
३. [illegible]–मयकलडडं–મરકલડું

(૨) ज નો ग, ग નો ज, ज નો ड

१. जरकः–जरकड–ગરકડિ–ઘરડો २. वाद्यते–वज्जइ–વાજ્જઈ–વાગે
३. पूर्यते–पुज्जइ–પુજ્જઇ–પૂગે ४. भज्यते–भज्जइ–ભાજ્જઈ–ભાગે

(૯) दीर्घः संयोगलोपे

(પ્રાકૃતમાં 'ह्रस्वः संयोगे' સૂત્રથી ઉલટું કાર્ય આ નિયમે થાય છે.)

૧. ऊर्ध्वकः –उब्भओ–ઉભઉ–ઊભો ૨. दृष्टकः दिट्ठओ–दिट्ठउ–દીઠો

૩. नग्नकः –नग्गओ–नग्गउ–નાગો ૪. वर्धते–वड्ढइ–વાધે–(વધે)

૫. पच्यते–पच्चइ–પાચે–(પચે) ૬. धैर्य–धिज्ज–ધીજ

૭. छल्ली (દે.) છાલ્ય ૮. घग्घरं (દે.) ઘાઘરો

૯. चक्कुलंडा–(દે.) (આંધળી) ચાકળણ ૧૦. छिक्कं (દે.) છીંક

૧૧. नक्कं (દે.) નાક (૧૨) वार्दल–वद्दल–વાદળ

૧૩. उपस्करकः–उवक्खरउ–વાખરો 'ઘરવાખરો' 'ઘરવખરી' પ્રથમ શ્રુતિ ઊડી જઈને.

(૧૦) र નો પ્રક્ષેપ

૧. शाप–श्राप–શરાપ ૨. शाण–स्राण–સરાણ

૩. कोटि–क्रोडि–કરોડ ૪. जनक–जन्रक–જનરખ

૫. तट–त्रट (નિધિત્રટ) ૬. तुष्ट–तुट्ठ–ત્રૂઠ્યું

૭. धूयते–धुज्जइ–ધૂજે–ધ્રૂજે ૮. उत्संग–उच्छंग–ઉછંગ–ઉછરંગ

૯. दग्धाङ्गकः–દાધારંગો

(૧૧) અનાદિ ण નો र

૧. स्थान–ठाण–ઠાર ૨. निवसनं–नेसणं–नेसणी–નેહરી (પ્રેમાનંદ.)

૩. इन्धनानि–इंधणाइं–ઈંધણાં–ઈંધરાં ૪. सखीजन–सहियण–સહિયરુ–સહીરુ

૫. नवतृणकानि–नवतणाइं–નઉદરાં–નોદરવાં અથવા नवदुर्वा ઉપરથી.

(૫) क નો ग, ग નો क

૧. प्रकर–પગર–ફગર
૨. सकलकं–सगलउं–સઘળું
૩. क्रोड–ગોદ કે ખોળો
૪. मकर–મગર
૫. लग्नकालकः–લગનગાળો
૬. कार्यकरकः –કાજગરો
૭. षडङ्गुलिकः –छग्गुलिओ–છગલિઓ–છકડીઓ
૮. ગજબજ–કચપચ
૯. पुद्गल–पोग्गल–પોગળ–પોકળ
૧૦. उद्वेग–ઉબકો

(૬) અંત્ય ज નો त *

૧. आश्चर्य–अच्चरिज्ज-અચરજ-અચરત
૨. हृद्य–हिज्ज–હેજ–હેત
૩. अकार्य–अकारज–અકારત
૪. सहज–સ્હાત (વાર)

(૭) स નો व, व નો स (પ્રા. ઉ. ૪૮ની અનુપૂર્તિ)

૧. कर्दम–कद्दम- કાદવ
૨. स्थाप–ठाव–ઠામ
૩. पृष्ठ–पिट्ठ–विट्ठ–મેઠ
૪. दयापन–दयावणो–દામણો
૫. महामात्र–महामत्ता–મ્હાવત
૬. वद्धावणउं-વધામણું
૭. अग्रवर्त्म--अग्गविच्च–आगवच–આગમચ
૮. सांवत्सरिक–सांवच्छरी–સમછરી
૯. मात्र–मेत्त–म-त–वेंत–વાંત
૧૦. नीवार–નમાર
૧૧. महेरावत्–મ્હેરામણ

(दयावणो દેશ્ય શબ્દ ગણાય છે, પણ તે दय् ના પ્રેરક રૂપ ઉપરથી આવ્યો લાગે છે.)

(૮) म्ह નો भ

૧. महिषी–महिसी–म्हइसि–ભેંશ
૨. महारथी–म्हारथी–ભારથી
૩. ग्रीष्म–गिम्ह–गिंभ–ઘીમ
૪. संस्मरति–संम्हरइ-संभरइ–સાંભરે

---

* પ્રાકૃત ઉ. ૬૫માં जुगुप्सा નું दुगुच्छा થતાં ज નો द થયો તેમ જૂની મરાઠીમાં मंजूषा નું 'માંદુસા' થયું છે. જ્ઞાને. પૃ. ૪૭૧

૫. नवटांक–લવટાંક

૬. निटिलपट्ट–निडिलवट्ट–નીલવટ–લીલવટ

(૧૪) व નો र (र ના પ્રક્ષેપથી व ઊડીને)

૧. वामन–वामण–व्रामण–રામણ

૨. दशग्रीव–देकखवेकख–દેખરેખ

૩. प्रजा–व्रेजा–રેજા

૪. वृन्ताक–वइंगण (દે.) વ્રઇંગણ–રીંગણ

૫. व्यवहार–વ્યેપાર–રેંપાર (અશિષ્ટ)

૬. विफलित–विहडिय–વ્રેડવું–વેડવું–રેડવું

૭. પામઇ–પ્રામઇ (જૂ. ગુ.)

(અપભ્રંશમાં જેમ व्यासનું व्रासु થાય છે તેમ આ रના પ્રક્ષેપથી હોવું જોઈયે. પ્રાકૃતમાં वृक्षः નું रुकरवो થાય છે તે પણ वृक्षः व्रुकखो–रुकरवो એમ થવું જોઈયે.)

(૧૫) ब નો ग, ग નો ब

૧. दंभः–डंभो–डुंब–ઢુંગ–ઢોંગ

૨. उर्वरित–उव्वरिअ–उब्बरिअ–ઊબર–ઊગરવું

૩. उद्वर्तनकः–उव्वटणब–उव्वट्टणडं–ઊબટો–ઊગટો

૪ (ફા.) બદબૂ–બદબો–બબદો–બગદો

૪. द्यूतवृत्तं–जुअवट्टं–જુબટું–જુગટું

૫. पादस्थकं–पाअट्ठुडं–પાવઠું–પાબઠું–પાગઠું

૬. गुच्छकः गुच्छडउ–ગોછલઉ–બોચલો

૭. सकलकं–सगलडं–સબળું

૧. "ઇકિ કરઇ કલકલ જૂબટઈ, ઇકિ ચાચરિ ચાલઈ ચઉઅટઇ" (પ્ર. ચિ. ૧૦૨)

૨. "રાઉત રમઈ નિતુ જૂવટઇ" (કા. પ્ર. ૭૪)

૬. प्रत्यापनं–पत्तिआवणं–पत्तिआण–પતિયાર

૭. आत्मनः–अप्पणो–अफ्फुणो–આફુણો–આફુરો ("આફુરો જાશે રોગ" પ્રેમા.)

૮. आपूर्णकः–अफ्फुण्णओ–આફૂણો–આફૂરો–આફરો (બળદનો આફરો)

૯. अग्रहणकं–अग्गहणउं–अघणउं–અધરું

૧૦. विघ्नकः–विग्घणो–विग्घणउ–વધણો–વધરો (તકરાર)

૧૧. आत्मनः अप्पणो–આપણ+ણો–આપણણો–આપરણો (શામળ)

૧૨. गल्लमसृणकानि–ગાલમસુરિયાં

(૧૨) ण નો ड, ड નો ण

૧. आत्मनः–अप्पणो–આપણો–આપડો

૨. अधुना–अहुणा–हवणा–હમણાં–હમડાં

૩. अनुपानह्–अणुवाणउ–અણવાણો–અડવાણ

૪. रेवणी (જૂ. ગુ.) રેવડી

૫. जीर्णवर्ण–जुण्णवण्ण–જૂણાણ–જુનાડ

૬. गोणी–ગુણ–ગુડા (ગુડા ભરવા)

૭. कुटुम्बी–कुडुम्बी–કુણબી–કણબી

૮ चक्कुलंडा (દે.) ચાકળણ

૯. गौरवर्ण–गोरवण्णु–ગોરાણુ–ગોરાડુ

(૧૩) न નો ल (પ્રા. ઉ. ૩૮ અનુપૂર્તિ)

૧ निम्बकः–निंबडउ–લીમડો

૨. निक्षिपति–निक्खिवइ–નાખવું–લાંખવું

૩. नील–લીલું

૪. नीलमणि–લીલમ

(૨૧) અનાદિ સંયુક્ત ण्ण કે આદિ ण નો न (અપભ્રંશમાં ण्ण નો न्न)૧.

૧. अरण्यं–પ્રા.–रण्णं અપ. रन्नु (૮–૪–૩૪૧)
૨. कर्णैः પ્રા. कण्णेहिं અપ कन्नइं (ભવિ. ૨૧$\frac{૫}{૧૩}$

૩. संज्ञा–सण्णा-સાન	૪. अरण्य–रण्ण–રાન
૫. कर्ण–कण्ण–કાન	૬. विज्ञप्ति–विण्णत्ति–વિનંતી
૭. णवि–नवि–નવ	૮. ज्ञान–णाण–નાણવું
૯. स्तन्य–थण्ण–થાન[२]	

૧. મુ. નરસિંહરાવભાઇ ગુ. ભા. સા. પુ. ૧, પૃ. ૩૬૦, ૪૨૩ ઉપર 'સલૂણી' શબ્દની વ્યુત્પત્તિ सलावण्य ઉપરથી કરતાં પ્રા. सलावण्णમાં સંયુક્ત વ્યંજન હોવાથી ત્હેનો ગુજરાતીમાં આ નિયમે 'न' થવો જોઇયે, પણ આને અપવાદ તરીકે મૂકે છે. આ શબ્દ सलावण्यने બદલે सलवण ઉપરથી આવ્યો છેઃ–કારણ (लवणનું પ્રા. लोण થાય છે.)

(૧) અપભ્રંશમાં પણ सलोणी શબ્દ વપરાયો છે. "साव **सलोणी** गोरडी" (૮–૪–૪૨૦); दीहर नयण **सलोणु**" (૮–૪–૪૪૪)
(૨) પ્રાકૃત–અપભ્રંશમાં लावण्यनुं लोण થયું નથી, ઊલટું लायण्ण કે लावण्ण છે. "गुणलायण्णनिहि" (૮–૪–૪૧૪); "लावण्णु सरीरहो" (જસહર ૨-૧૦-૯) એટલે लावण्यनुं लोण અપભ્રંશમાં થયું મનાય નહીં.
(૩) જૂની ગુજરાતીમાં પણ "નયણસલૂણી" (પ્રા. ગુ. કા. સં. પૃ. ૪૦, ૧૬)માં लोणનું लूण થયું છે.
(૪) लावण्य જાતે लवणस्य भावः इति लावण्यं એમ लवण ઉપરથી વ્યુત્પન્ન થયો છે.
(૫) અપવાદમાં મૂકવું પડે.

૨. स्तन्य (ધાવણ) ઉપરથી લક્ષણા વ્યાપારને લીધે **થાન** (breast) શબ્દ વ્યુત્પન્ન થયો છે, स्तन ઉપરથી નહીં.

ण નો न થવામાં તત્સમ શબ્દનું શ્રવણ પણ સહાયભૂત બને છે.

૩. " विहियडुंबवेसेण " (કુમાર પ્ર. ૯૧)

૪. " વનવાડીફળ સખ્ખરાં "

(૧૬) व्ह કે ह्व નો भ

૧. जिह्वा—जिब्भा—જીભ ૨. विह्वल—विंभल—વેંભળ

૩. गह्वरकः—गब्भरउ—ગભારો ૪. निव्वहइ—निव्हइ—નિભે—નભે

(૧૭) क નો ख, ख નો क (પ્રાકૃતની અનુપૂર્તિ)

૧. संतोष—संतोख—સંતોક ૨. कान्ति (कान्तिः शोभेच्छयोः) खंति—ખાંત—ખંત

૩. क्रीडा—खेड्ड—ખેલ ૪ कीलकः—कीलउ—ખીલો

૫. कर्दम—कद्दव—कद्दउ—કાદો—ખાંધો ૬. प्रोक्षति—पोक्खइ—પૂંખે—પૂંકે

(૧૮) य નો ल (અનાદિ)

૧. यष्टि—लट्ठी—લાઠી ૨. सिश्रयाति—सिस्सलइ—મસળવું

૩. पादयष्टि—पायलट्ठी—પલાંઠી ૪. प्राकृत—(पागड) पागय—પાગલ

(य અનાદિ જોઇયે. असियष्टि ઉપરથી असिलट्ठी થયા પછી लट्ठी જુદો પણ વપરાય. છેલ્લા શબ્દમાં पागड ઉપરથી 'પાગલ' આવે, એ વિશેષ સંભવિત.)

(૧૯) ल નો न (પ્રા. ૭. ૩૯ની અનુપૂર્તિ)

૧. लेखशाला—लेहसाला—નેશાળ—નિશાળ ૨. लावक—નાવક

૩. वल्कल—વનકલ—વનકુળ ૪. श्लक्ष्णकं—लण्हउं—नन्हउं—નાનું

(૨૦) ल નો र, र નો ल (પ્રા. ૭. ૪૪ની અનુપૂર્તિ)

૧. कलकल—कलयल—કરચલી—કરેળી ૨. पलाल—પરાળ

૩. रूक्षकं—रुक्खअं—लुक्खअं—લૂખું ૪. फलाहार—फलार—ફરાળ (અલ્પપ્ર)

૫. रोट्ट (दे.) લોટ ૬. लोट्टओ (दे.) રોટું

૭. वेलाकुल—વેરાવળ

૩. वचन–वयण–વેણ ૪. रजनी–रयणी–રેણ
૫. ज्ञान–नाण કે–जाण–નાણવું–જાણવું ૬. कःपुनः–कउण–કોણ
૭. स्निह्यकः–सिणिज्झउ–सिणिज्ञउ–સણીજો ૮. दल–દાળ–ડાળ

(પ્રથમ શબ્દમાં પ્રાકૃતમાંજ સંયોગલોપ થઈ आण થયો છે, (જુઓ પૃ. ૨૩) માટે ण કાયમ. બીજા શબ્દમાં પણ સંયુક્ત અનાદિ વ્યંજન હોવા છતાં ण કાયમ રહ્યો છે ત્હેનું કારણ એ જણાય છે કે रण्ण લાંબો કાળ ચાલુ રહી છેવટે સંયોગલોપ થવાથી અવિકૃત રહ્યો છે. અથવા અર્થફેર સૂચવવા માટે.)

(૨૫) क નો च, च નો क

૧. विक्रीणाति–विक्कइ–વેચે ૨. क्रिपओ (દે.) ચેપી
૩. कणेट्ठिआ (દે.) ચણોઠી

આ નિયમ પ્રાકૃતની અનુપૂર્તિ ગણાય છે, કારણ પ્રાકૃતમાં किरातः નું चिलादो થાય છે.

(૨૬) द (य) નો ज, ज નો द

૧. श्वापद–सावय–सावज–સાવજ ૨. मर्यादा–मल्लायउ–मल्लाजउ મલાજો
૩. सज्ज–સાજ–સાદ (ઘોડાનું) ૪. ગુજરવું–ગુદરવું
૫. वादित्र–વાજિંત્ર ૬. अर्द्–अर्ज–અરજવું–રંજવું
૭. पादपृष्ठ–पायवुट्ठ–પાજઊઠ–પાજૂઠ–બાજૂઠ–બાજોઠ–બાજઠ
(દંત્ય વ્યંજન ને તાલવ્ય વ્યંજનને ઘણું ઉચ્ચારસામ્ય છે.)

(૨૭) ગુજરાતીમાં यश्रुति

૧. પાલણું–પાયણું ૨. ઓરડી–ઓયડી ૩. ખાંડણી–ખાંયણી
૪. શેલડી–શેયડી ૫. મરણું–મયાણું (મેણું) ૬. બારણું–બાયણું

(૨૨) અનાદિ સંયુક્ત ल्ल નો ल

૧. कल्ये–कल्ले–કાલે
૨, पल्लवः–पल्लओ–पल्लउ–પાલો
૩. तल्लोविल्लि–તાલાવેલી
૪. भद्रकः–भल्लओ–भल्लउ–ભલો
૫. मूल्यं–मुल्लं–મૂલ
૬. शल्य–सल्ल–સાલ
૭. (દે.) छल्ली–છાલ્ય
૮. घल्लइ–ઘાલવું
૯. (દે.) वाउल्लअं–બાવલું
૧૦. वहिल्ल–વ્હેલું

અપવાદ

૧. वात्सल्य–वच्छल्ल–વાછળ (પ્રેમાનંદ)

૨. आर्द्रकं–अल्लउं-આળું (આમાં પ્રાકૃત અપભ્રંશમાં સંયુક્ત વ્યંજનનો લેપ થયો છે, જુઓ ओलं (ગાથા. ૩–૯૯) માટે ळ થયો છે.)

૩. ढुंढुल्लइ–ढंढोलइ (૮–૪–૧૮૯)–ઢંઢોળવું (અર્થ ફેર છે.)

(૨૩) અનાદિ ल નો ळ

૧. सिलति–सिलइ–મળે
૨. शीतल–सीयल–શીળું
૩. कदली–कॆली–કેળ
૪. वेला–वेल વેળ
૫. दलति–दलइ–દળે
૬. पल–પળ
૭. षोडश–सोलह–સોળ
૮. पीडयति–पीलेइ–પીલે*

(૨૪) પ્રાકૃત ण કાયમ (ઉપરના ઉ. ૨૧થી અન્યત્ર)

૧. आज्ञा–अण्णा–आण–આણ
૨. अरण्य–रण्ण–રણ

---

* કયો નિયમ પ્રવર્તે છે તે કહી શકાતું નથી. 'પીળવું'થી ભિન્ન રીતે સૂચવવા માટે કદાચ હોય. 'તલ', 'મેલ', વગેરેમાં પણ તેમ.

જૂ. ગુ.માં ल्लનો સંયોગલોપથી ल થયો હોવા છતાં, તેમજ જૂ. ગુ. માં लનો ळ થયો ન હોવા છતાં અર્વાચીન ગુજરાતીમાં માત્ર સાદા लનો ळ કેમ થયો, એ પ્રશ્ન છે. णनी બાબતમાં તો અપભ્રંશમાંજ न्न થયો, એટલે અ. ગુ.માં न થાય.

૩. लुप्त–लुत्त–लुक्क–લૂકવું (સંતાવું) ૪. सापत्नकः–सावत्तउ–સાવકો
૫. च्युत–चुत्त–चुक्क–ચૂકવું
૬. नापितः–નાપિક "સેના માટે નાપિક થયા." પ્રેમા.
૭. विभूति–ભભૂતિ–ભભક ૮. भीति–બીક
૯. कुक्कुरः–कुत्तुरउ–કૂતરો ૧૦. मुक्त–मुत्त–મૂકવું
૧૧. रुद्ध–रुत्त–રૂકવું–રોકવું
૧૨. वातोद्धयनं–वातोड्डणं–વાતોડણુ–વાતોરણ–વાડોરણ
૧૩. तुलायां तोलितः–અપ. तुडिं तोडिय–તુડિમંકોડિ–તોડેમંકોડે (રૂા. ૫૦૦ છે.)
૧૪. नहितर्हि–નહિતરિ–નહિતર–નહિકર "નહિકર કોણ મુઝ સાથે ચઢે." (શામળ ૫૩૪)

(૩૪) र નો ड, ड નો र (પ્રા. ઉ. ૪૪ની અનુપૂર્તિ)

૧. पक्षवारिकं–पक्खवारिउं–પખવાડિઉં
૨. अष्टवारिकं–અટ્ઠવાડિઉં
૩. कुठारकः–कुहाडउ–કુહાડો
૪. द्वादशाक्षरी–बारहक्खरी–બારાખડી
૫. वर्षाशत–वरसासउ–વરસાસો–વડસાસો (શામળ)

(૩૫) સંયુક્ત વ્યંજનનો र કાયમ

૧. दृढ–द्रिढ–રિઢ–રઢ (લાગી) રીઢું વાસણ
૨. वृक्ष–वृक्ख–रुक्ख–રૂખડાં (જૂ. ગુ.) ૩. निर्वाणकः–निराणउ રાણો (દીવો)
૪. प्रज्ञा–प्रज्ञा–ध्रंज्ञा–રેજ

(પ્રાકૃતના "सर्वत्रलवराम्" સૂત્રના અપવાદ તરીકે કે પછી આ શબ્દો અર્વાચીન તદ્‌ભવ હોય. 'રૂખડાં' એકલો પ્રાચીન તદ્‌ભવ છે.

(૨૮) ड નો ल, ल નો ड (પ્રા. ઉ. ૪૪ની અનુપૂર્તિ)

૧. विलोडयाति–विरोलइ–વલોવે
૨. प्राकृत–पाअड–પાયલી–પાલી
૩. भाण्डक–हण्ड–હાંડલી–હાંલ્લી
૪. शाटिका–साडिआ–સાડડો–સાડલો–સાલ્લો
૫. वटकः–વડલો–વલ્લો (કડી પ્રાંત)
૬. आस्खलति–अक्खडइ–આખડે
૭. महालय–महाडअ–મહાડ–મ્હાડ
૮. निष्पद्यते–निव्वलइ–નીવડે

(૨૯) व શ્રુતિ

૧. सुकर–सुअर–સુવર
૨. केतकः–केअडउ–કેવડો
૩. घूकटः–घूअड–घूड–ઘુવડ
૪. निश्च्योतति–निच्चोअइ–निच्चोवइ નીચોવે

(જૂ. ગુ. માં 'સૂહુર', 'ઘૂહડુ' રૂપ હકારનો પ્રક્ષેપ થઈ વપરાયાં છે.)

(૩૦) म નો ब

૧. दंभ–डंभ–डुंब–ઢુંગ–ઢોંગ
૨. मुक्त–मुत्त–बुट्ट–બોટવું–અબોટ
૩. भक्त–भत्त–બટ્ટ–બાટ

(૩૧) त्र કે तृ નો ध

૧. त्रासकः–ध्रासको
૨. तृषा–ધાંખ–ધંખવું–ઝંખવું
૩. तृप्ति–त्रप्ति–તર (ધર)પત

(૩૨) ध નો झ (પ્રા. ઉ. ૬૩ની અનુપૂર્તિ)

૧. ध्वज–ઝંડો
૨. धृत–झल्ल–ઝીલવું–ઝાલવું
૩. तृषा–ધંખના–ઝંખના

(૩૩) त નો क, क નો त (પ્રા. ઉ. ૫૭ની અનુપૂર્તિ)

૧. सपत्नी–सवत्ती–सवक्की–સઉકિ–શોક્ય
૨. अजित्य–અજિંક્ય (મરાઠી)

૧૧. (ફા.) सितारो–સતારા (પાંશેરા)
૧૨. शृङ्खला–सिंखलउं–શેંખળાં
૧૩. फुत्कार–फुक्कार–પોકાર ૧૪. विरूपकः–विरुवउ–વરવો
૧૫. नगुणकः–नगुणउ–નગણો ૧૬. सुवद्धकः–सुवद्धउ–સબધો
૧૭. उच्चरति–उच्चरइ–ઓચરે ૧૮. केदारकः–केयारडउ–કિયારડો–ક્યારડો
૧૯. अनपेक्षकः–अणवेक्खउ–અનેખઉ–અનોખો–નોખો
૨૦. वशविधेयकः–वसविहेयउ–વસવહ્યુ–વસવૈયુ
૨૧. अविधवात्वं–अविहवात्तण–અહિવાતણ–એ'વાતણ–હેવાતણ
૨૨. तलोपरि–तल्लोविल्लि–તાલોવેલિ–તાલાવેલી
૨૩. अभवत् –अणहोंतउं–અણહૂંતઉં–અન્હતુ
૨૪. लेखशाला–लेहशाल–નેસાલ–નિશાળ
૨૫. अनुचित–अणुच्चिय–અણચી–અણચ્યું
૨૬. रात्रिपाते–रत्तिवाइ–રતોવઈ
૨૭. खलः–ખોળ (તલનો)
૨૮. विलुब्धकः–विलुद्धउ–વિલૂધઉ–વળૂંધો (મ્હારી વળૂંધો આવે છે) (मयि विलुब्धः आगच्छति)
૨૯. समवर्तिन्–समवत्ति–समवड्डि–સમવડિ–સમોવડી

'સમોવડો' समवयस्कः–समवयड्ड ઉપરથી આવ્યો હોય તેમ લાગે છે, પણ જૂનું રૂપ **'સમવડ'** છે. समवयड्ड ઉપરથી પણ તે આવી શકે છે. માટે આ વ્યુત્પત્તિ અનિશ્ચિત રહે છે. **'તાલાવેલી'** શબ્દ માટે નીચેના વિકાસક્રમ છે.

૧. "थोडइ जलि जिम मच्छलिय **तल्लोविल्लि** करंति." (કુમાર પ્ર. ૮૬)
૨. "**તાલોવેલિ** કરઇ **સુંદરી**, થોડઇ નીરિ યથા જલચરી." (હરિશ્ચં. ૧૫૪)

શુદ્ધ સંસ્કૃત શબ્દોનું શ્રવણ પણ પ્રાકૃત શબ્દોમાં પાછળથી र લાવે, એ સંભવિત છે. सा त्वयि दृढं लग्ना એ પ્રયોગ 'રઢ લાગી'માં નારીજાતિને કાયમ રાખે છે.)

(૩૬) અસ્વરિત પ્રથમ શ્રુતિનો લોપ (પ્રા. ઉ. ૬ની અનુપૂર્તિ)

૧. अपवारणकं–ओवारणउं–ઓવારણાં–વાયણું

૨. संपन्न–संवन्न–બનવું

૩. उपरिस्थापित–उपरिट्ठाविअ–ઉપરાંઠી–પરાંઠી

૪. आस्ते–अच्छइ–છઇ–છે

૫. उपविशति–उवइसइ–बइसइ–બેસે ૬. निर्वाणकः–રાણો

૭. कीदृशकं–केरिसउं–किइसउं–કિસ્યું–શું

૮. बुभुक्षा–बुभुक्खा–भुक्ख–ભૂખ

(૩૭) ब નો द

वृन्त–विण्ट, वेण्ट, वुण्ट–બિંટ–બુટ્ટો, દીંટું–બુટ્ટી ('બેંટ' કડી પ્રાંતમાં)

(૩૮) व નો म, म નો व

૧. संबुध्यति–संबुज्झइ–समुज्झइ–સમૂઝે–સમઝે ૨. बिन्दु–મીંડું

૩. कम्बल–कंबल–કામળ–કામળી ૪. ताम्र–तंबं–તાંબું

૫. मुण्ड्–મૂંડવું કે બોડવું

(૩૯) स्वराणां स्वराः प्रायोऽपभ्रंशे (પ્રાયશઃ એક સ્વરને સ્થળે બીજો સ્વર)

૧ तृणकं–तणखउं–તણખલું ૨. मिलति–मिलइ–મળે

૩. विकासकं–विगासउं–બગાસું ૪. पोट्ट (आन्त्र) पेट–પોટલી

૫. अपनयति–अपणेइ–ઉપણે ૬. विकइ–વેચે

૭. किपणो (दे.) ચેપી (कृपण) ૮. विना–विणु–વણ

૯. भीरु–भूर (કાયર–મૂર્ખ) ૧૦. शिर्षान–[illegible]

૧૧. आघाट–અઘાટ ૧૨. करालक–કરડો

૧૩. तांम्बुल–તંબોળ–તંબોળી ૧૪. आवास–અવાસ

(૪૧) अ નો उ–इ +

૧. जगदाधार–જુગદાધાર (કાવ્યમાં) ૨. जननी–જનુની (કાવ્યમાં)

૩. प्रगलति–પીગળે ૪. पंजर–પીંજરૂં

૫. अण्ड–ઇંડું ૬. अहि–'ઇહરુ' (જૂ. ગુ.)–ઍ'રુ

૭. अपनयाति–अपणेइ ઉપણો ૮. अपवारणकं–ઉપરાળું

(૪૨) आ નો ए

૧. वालुका–વેળુ ૨. पारावत–પારેવું (પ્રા. ઉ. ૧૦)

(૪૩) તાલવ્ય સ્વર इ–ई–ए કે य् ને લીધે स નો श

(૧) रश्मि–रस्सी–रासि–રાશ (૨) अतसी–अलसी–અળશી

(૩) महिषी–भइंसी–ભેંશ (૪) मसी–મેંશ

(૫) बइसि–बिसि–બેશ્ય (૬) सिउं–સ્યું–શું

(૭) शृगाल–सियाल–શિયાળ (૮) करिसि–કરીશ

૯. शैवल–सेवल–શેવાળ

(૪૪) 'न्ह' નો 'घ'

(૧) चिह्न–चिंघ*–ચીંધવું (૨) अभिज्ञान–अहिण्णाण–અહિ-નાણ–એંધાણ

(૩) भगिनीपति–बहिणीवइ–બહિનીવઇ–બહિનેવી–બંધેવી (સુરત)

(૪) श्लक्ष्ण–लण्ह–नन्ह–નાંધડીઆ "નંદકૂંઅર **નાંધડીઆ** સાથે"

(૫) मदनफल–मयणहलु–મયનહલુ–મીંઢળ (न्+ह=ધને બદલે ढ)

\+ આ જાતનો ફેરફાર સ્વરભારના ફરવાથી થાય છે.

* આ નિયમ પ્રાકૃત જેટલો જૂનો છે. પ્રાકૃતમાં પણ चिह्न નો चिंघ થયો છે. "वण्णचिंघपभावा" (વસુ. ૮૧–૧) "अहिंसाचिंधो धम्मो" (વસુ. ૧૫૩–૧૧) "इंदायुधचिंधित" (વસુ. ૧૩૦–૫)

૧. "મઇણું જિ મારઈ તે જગિ સૂર, જે મારીયઇ મઇણિ તે **ભૂર**." (માતૃકાચ. ૫૧)

૨. "ભણઇ જનાર્દન રે **ભૂર**, હરિસ્યૂં રણ નવિ માંડુ" (ઉષાહરણ ૮૯)

'અહેવાતણ' શબ્દની વ્યુત્પત્તિ अविधवात्वं ઉપરથી લીધી છે. विधवा શબ્દ (અમંગલસૂચક) લેઇ પછી अ (અભાવવાચક) લગાડી પ્રયોગ કરવો ઠીક નહીં લાગે, પણ એ પ્રયોગ કવિલાસના જેટલો કે તેથી પણ વિશેષ જૂનો છે. બીજું અમંગલપણું ત્હેમાં નથી. विधवाની વ્યુત્પત્તિ મુ. નરસિંહરાવભાઇએ (ગુ. ભા. સા. પુ.–૧ પૃ. ૭૯) આપી છે તે વ્યાજબી છે, અને તે આધારે અમંગલપણાનો દોષ આવતો નથી. अविधवा=अव्यथिता–व्यथ् ધાતુ ઉપરથી શબ્દ આવ્યો. असति **विधुरदर्शने** स्वामिन रुपजीविषु मन्दादरा भवन्तिમાં **विधुर** શબ્દ 'સંકટ'ના અર્થમાં વપરાયો છે.

'અનોખુ–નોખુ'–શબ્દની વ્યુત્પત્તિ મુ. નરસિંહરાવભાઇ (પુ.–૧–પૃ. ૧૩૧) अन्यपक्षकः ઉપરથી આપે છે. પરંતુ 'અનેખિઉં' શબ્દ **વિમળપ્રબંધ**માં વપરાયો છે. "જૈ એટઉ અનેપિઉં વશઉ." (વિ.–પ્ર.–૭૦) આ ઉપરથી अनपेक्षितः ઠીક લાગે છે.

ગુજરાતીમાં इ–उનો अ થવાનું પ્રમાણ ઘણું છે પણ अનો इ–उ થયાનાં ઉદાહરણ જૂજ છે.

(૪૦) अ નો आ; आ નો अ*

૧. खनि–खानि–खाणी–ખાણ	૨. अशोक–આસો(પાલવ)
૩. पटल–પડળ	૪. तरुणी–તારુણી
૫ शैवल–શેવાળ	૬. अहीर–આળ
૭. वर्ग–વાડ	૮. कुण्डल–કુંડાળું
૯. पानाद–પનાળ	૧૦. आकर–આગર–આગરિયા

* આ જાતનો ફેરફાર સ્વરભારના ફેરથી થાય છે.

(૫૧) इअ–उअ નો अ ઊડતાં પૂર્વસ્વર દીર્ઘ

૧. पानीय–पाणिय–પાણી
૨. घृत–घिय–ઘી
૩. लोहित–लोहिय–લોહી
૪. यूका–जूअ–જૂ
૫. कृत्वा–करिअ–કરી
૬. रुओ (પ્રા.) रुउ–રૂ
૭. वाटिका–वाडिअ–વાડી
૮. शाटिका–साडिअ–સાડી
૯. वागुरिक–વાઘરી
૧૦. कणिका–कणिअ–કણી

(घृत માટે घय સમાસમાં ને છૂટા શબ્દમાં घिय થતું.)

(૫૨) स નો ज, ज નો स

૧. प्रव्रज्या–पव्वज्ज–પાવજ–પાવસ
૨. काकवाज (વૈદિક) કાગવાશ
૩. मिझाज–(ફા.) મિજાજ મિજાસ
૪. वेस्टकोट–વાજકોટ

(૫૩) प નો ब, ब નો प

૧. स्तबकः–થપ્પો
૨. दर्प–દાબ
૩. पादपृष्ठ–બાજઠ
૪. (ફા.) बयत्–બેત–પેંતરો
૫. पर्वन्–બડવો
૬. (ફા.) રૂઆબ–રોપ–રોફ

(૫૪) अ ઉપજન (आ પૂર્વગ ઉપરથી કદાચ)

૧. घोर–અઘોર
૨. गुप्त–गुप्प–અગોપ
૩. लुप्त–लुप्प–અલોપ
૪. रिष्ट–અરિષ્ટ
૫. मुह्यति–मुज्झइ–મૂઝે–અમૂઝે–અમૂઝણ

(૫૫) क નો પ્રક્ષેપ

૧. નાન્હીશી–નાન્હીશીક
૨. થોડું–થોડુંક
૩. જડવું–જકડવું
૪. નડવું–કનડવું
૫. સરવું–સરકવું
૬. કોઇ–કોઇક

(૫૬) ट નો त

૧. कोटर–કોતર
૨. कुटुम्बकं–પૈશાચી–कुतुंबकं
૩. અં–मास्टर–ગુ.–માસ્તર
૪. હૉસ્પિટ્લ–ઇસ્પિતાલ
૫. ડૉક્ટર–દાક્તર

(૪૫) स નો छ, छ નો स (પ્રા. ઉ. ૪૩ની અનુપૂર્તિ)

૧. प्रतिशब्दकः–पडिसद्दउ–પડછંદો ૨. शकटकः–सगडउ–છકડો
૩. षष्ठकः छट्ठओ–छट्ठउ–છટ્ઠો ૪. सिक्त–सित्त–सिप्प–છીપવું
૫. शुक्ति–सुत्ति–सिप्पी–છીપ ૬. सुधा–छुहा–છો
૭. तक्षति–तच्छइ–તાછે–તાસવું
૮. तरक्ष–तरच्छ–તરછ–તરસ (હિંસ્ર પશુવિશેષ)

(૪૬) स નો च, च નો स

૧. लालसा–लालस–લાલચ ૨. चमसकः–चमसउ–ચમચો
૩. शशादनः–ससायणो–સિંચાણો ૪. પ્રા. અપ. ल्हासिउं–લચ્યું

(૪૭) વિશ્લેષ ને વર્ણવ્યત્યય

૧. वाक्य–वायक–વાએક ૨. भाग्य–ભાયગ–ભાએગ

(૪૮) ष નો ख

૧. रेषा–रेखा–રેખ ૨. संतोष–संतोख ૩. जोष–જોખ (આનંદ)
૪. वेष–ભેખ ૫. उषन्–આખલો ૬. घोषयति–ગોખે

(૪૯) त्त નો प्प (પ્રા. ઉ. ૫૪ની અનુપૂર્તિ)

૧. छत्र–छत्तर–छप्पर–છપ્પર ૨. माहात्म्य–माहत्त–माहप्प–માપ
૩. आत्मवृत्त–अप्पवित्त–આપવીતી ૪. नीत्वा–लेत्ता–लेप्पिणु–लेवि–લેઈ

(૫૦) ह નો પ્રક્ષેપ (પ્રા. ઉ. ૫૧ની અનુપૂર્તિ)

૧. वागुरिकः–वागुरिअ–વાગરી–વાઘરી ૨. सकलकं–सगलउं–સઘળું
૩. मकरः–मगरो–મગર–મઘર ૪. देवकुल–देवउल–देउल–देहुर–દેહરૂં*
૫. अग्रे–अग्गे–આગે–આઘે देवगृहकं–देवहरउं–દેહરૂં

*અપ.માં देहुर શબ્દ વપરાયો છે, માટેજ देवकुल વિકલ્પ તરીકે લીધો છે; નહી તો देवगृहकं ઉપરથી સરળ રીતે આ શબ્દ વ્યુત્પન્ન થાય છે.

(૬૨) य નો इ

શબ્દને અંતે આવેલા य નો इ થઇ પાછલા વ્યંજનમાં ભળી જાય છે, તો કોઈ વખત ત્હેનીય પૂર્વના વ્યંજન સાથે પણ જાય છે.

ઉદા.

૧. "**અતિશિ** કોમલ મહાનુભાવ છિ કાદંબરી કુમારી." (કાદં.)
૨. "કન્યાનૂં અંતઃપુર દીઠું જાણી **સ્ત્રીમિ** રચિઉં." („)
૩. "અથવા **યૌવનમિ** સવિ રચિયા નાના દીસિ દેહ." („)
૪. "**વિઇ** જાણીઇ વર્ષ અઢાર, અમાનુષ માટિ નિર્વિકાર." („)
૫. "**ધિન ધિન** માહરુ અવતાર, જે હૂં દેખિસિ દેવ મુરારિ." (હરિપો.)

પ્રયત્નલાઘવ સાચવવા આ પ્રમાણે ફેરફાર થયો છે. अतिशय, स्त्रीमय, वयइ, धन्य, यौवनमय શબ્દોને બદલે ઉદાહરણમાં આપેલાં રૂપ થયાં છે. પણ જ્યહાં શબ્દજ મકારાંત હોય છે ત્યહાં લાગેલો इ પ્રત્યય છે. ચિત્રામ+ઇ=**ચિત્રામિ**=ચિત્રામણમાં.

(૬૩) इ નો મૃદુ य

ઘણી વખત શબ્દની અન્તર્ગત इ ઊડી જાય તે પ્હેલાં ત્હેનો મૃદુ य બને છે. પછી માત્ર अ રૂહે છે.

૧. लाइव्वउं (इ ને आના વ્યત્યયથી) '**લ્યાવઇ**' બન્યું છે.

ઉદા.

૧. "લક્ષ્મણ વનફલ **લ્યાવી**." (સીતાહરણ)
૨. "સીત હરી કાં **લ્યાવિઉ**?" („)

(૫૭) ण નો ळ, ळ નો ण

૧. कोमलकं–कुँवलउं–કૂળું–કૂંણું   ૨. अपवारणकं–ઉપરાણું–ઉપરાળું
૩. वहणकः–वहणओ–વ્હેળો

(૫૮) અનુસ્વારનો પ્રક્ષેપ ને લોપ (પ્રા. નિયમ ૭૨ની અનુપૂર્તિ)

૧. संतापेइ–સતાવે   ૨. मंजूषा–મજૂસ

૩. प्रत्यंचा–पडंचा–પણછ   ૪. दंतवणं–(દે) દાતણ

૫. अर्चि–આંચ   ૬. खड्ग–ખાંડું

૭. अत्यद्भुतं–अच्चब्भुअं–અચંબો   ૮. महिषी–ભેંશ

(૫૯) भ નો फ, फ નો भ

૧. भाव–भावइ (અપ. જૂ. ગુ.) ફાવે

૨. भल्लुक–भल्लुअ–ફાલુ

૩. स्पृशाति કે (प्रोञ्छति) फुंसइ કે फुसइ–ભૂંસે

(૬૦) भ નો म, म નો भ

૧. मल्लस्तम्भः–मल्लखंभो–મલખમ   ૨. ग्रीष्मः–गिम्हो–गिंभ–ઘીમ

૩. सौरभ–सोरभ કે सोढव–સોઢમ (જુઓ પ્રા. ઉ. ૪૫)

૪. निर्माणकः–निम्माणओ–નીમાડો કે લીંભાડો

(૬૧) વર્ણવ્યત્યય (પ્રા. ઉ. ૭૧ની અનુપૂર્તિ)

૧. वच्–(બોલવું) चव (સિંધી) ચચ્ચો (ચગો)

૨. गुच्छकं–गुच्छउं–છોગું   ૩. कलश–कलसी–કસલી

૪. कर्कश–ककसी–કાંકસી–કાંસકી   ૫. शकुन–शुकन (સ્વરનો)

૬. परिवेषणं–परिवेसणं–પરીસણુ–પીરસણુ (સ્વરનો વ્યત્યય)

૭. लंफः–लफ्फो–લાફ–ફાળ

જણાય છે કે અપભ્રંશ ભાષા તે વખતે રૂઢ થઇ છે. જે'વી રીતે સંસ્કૃત ભાષાનું થયું તે'વી રીતે પ્રાન્તિક પ્રાકૃતમાંથી આગળ વિશેષ વિકાર પામી અપભ્રંશ ભાષા થઇ. દરેક પ્રાકૃતની જુદી અપભ્રંશ ભાષા હતી, એમ મનાય છે, પણ તે વ્યાજબી લાગતું નથી. શૌર-સેની કે નાગર અપભ્રંશનું ઋણ ઘણી આર્ય ભાષાઓને છે. ગોસ્વામી તુલસીદાસકૃત "**રામચરિતમાનસ**"માં અપભ્રંશનાં ઘણાં રૂપ હયાત છે, તેથી વ્રજભાષાને અપભ્રંશનું ખાસ ઋણ છે. મારવાડી, હિન્દી, ગુજરાતી, વગેરે ભાષાઓ આ અપભ્રંશ ઉપરથી આવી છે. આનું વ્યાકરણ કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે લખ્યું છે. ત્હેમાં ત્હેમણે અન્ય પુસ્તકોમાંથી કે કંઠસ્થ સાહિત્યમાંથી આપેલા દૂહા સૂચવે છે કે તે ભાષાને ગુજરાતી જોડે ઘણું સામ્ય છે. આ વખતે અપભ્રંશ ભાષા ગુજરાત અને રજપુતાના, વગેરેમાં લોકભાષા તરીકે વપરાતી હતી. ગુજરાત પ્રાંતની સીમા પણ રજપૂતાનાનો સમાવેશ કરતી હતી. સ્વતંત્ર ગુજરાતી ભાષાને હજુ સ્થાન ન હતું; બલ્કે ત્હેનો સ્વતંત્ર ભાષા તરીકે હજુ ઉદ્ભવ જ થયો નથી. ગુજરાતી ભાષાનાં અમુક ખાસ લક્ષણો તે ઇ. સ. ના ચૌદમા સૈકાથી દૃષ્ટિગોચર થાય છે. (જુઓ પૃ. ૧૩-૧૬) એટલે જૂની ગુજરાતીને આપણે તેથી અગાઉ ન લેઇ શકિયે. અપભ્રંશ ગુજરાતીની જનની ખરી, અને માદિકરીમાં ઘણું સામ્ય હોય છતાં આ મા અને આ દિકરી, એમ વિવેક કરી શકાય છે, તેમ ગુજરાતીને અપભ્રંશથી જુદી પારખી શકાય છે. અપભ્રંશનું ગુજરાતીને કેટલું ઋણ છે, તે આપણે મ્હોટું મ્હોટું જોઇયે.

(૧) ક્રિયાપદનાં રૂપ—

૧. સામાન્ય કૃદંત-કરવું (करिएव्वउं), સ્હેવું (सहेव्वउं).

૨. અવ્યયરૂપ ભૂતકૃદંત-મારી (मारि) ચૂમી (चुम्बिवि).

(૨) **ઉપસર્ગના इ નો य**

ઉદા.

૧. "ભસ્માઙગદઇ ધણું **વ્યગોયા.**" (ઉષાહરણ)

૨. "જિમ જિમ **વ્યાહુઇ** રાતિ." (સુદયવત્સચઉ)

૩. "પ્રવાહ ઉલટીયા દીસઈ **વ્યાહુણા** માંહિ." (કા પ્ર.)

(૩) **ધાતુના इ નો य**

ઉદા.

'પિતાને **મ્યલ્યો**', '**મ્યલાનો**', '**મ્યલે**' (સં. ગુ. કા. ગ. ક—મિલ્)

આ ઉપરાંત गोविन्द શબ્દના इ નો પણ य થઇ છેવટે '**હરગોવન**' જે'વા શબ્દોમાં अ થયો છે. "ગણપતિ **ગોવ્યંદ**" (વિ. પ્ર. ૩૧૨)

जहां—जिहां ઉપરથી પણ તે'વીજ રીતે '**જ્યહાં**' થયો છે, जिममां પણ પ્રથમ ज्यम ઉચ્ચાર થઇ છેવટે અશિષ્ટ ગુજરાતીમાં अ રહ્યો છે.

પ્રકરણ ૭મું

ગુજરાતીને અપભ્રંશનું ઋણ

શૌરસેની પ્રાકૃતને લગતી હલકા રખડાઉ ટોળીના આહિર લોકોની કહેવાતી અપભ્રંશ ભાષાનું પાછળથી વિશેષ જોર હતું. તે અપભ્રંશની ઉત્પત્તિ ઠેઠ ઇ. સ. ના ચોથા પાંચમા સૈકા સૂધી વિદ્વાનો લેઇ જાય છે. "**કુવલયમાળા**" ના પ્રકરણ ૧લામાં આપેલા ઉદાહરણ ઉપરથી

૨. જે, જેઓ (जो એ. વ.; जे બ. વ.)

૩. જે'વું, તે'વું, કેવું, એ'વું, વગેરે સાદૃશ્યવાચક વિશેષણો (जेहु, तेहु, केहु, एहु અગર जेहउ, तेहउ, केहउ, एहउ ઉપરથી)

૪. પરિમાણવાચક વિશેષણો–એવડું, જેવડું, તેવડું, કેવડું (एवड्ड जेवड्ड, तेवड्ड, केवड्ड) તથા એટલો, જેટલો, કેટલો, તેટલો (एत्तुलो, जेत्तुलो, केत्तुलो, तेत्तुलो)

૫. આ, એ–(आय–एउ)

૬. એ'ણે, ત્હેણે–(एणं–तेणं–एणइ, तेणइ ઉપરથી)

૭. હું, તું, અમ્હે, તમ્હે (हउं, तुहुं, अम्हइं, तुम्हइं)

૮. મ્હેં, ત્હેં, મજ, તુજ (मइं, तइं, मज्झु, तुज्झु)

૯. જહીં, તહીં, કહીં (जहिं, तहिं, कहिं)

(૪) વિભક્તિ પ્રત્યયો—

૧. ત્રીજીનો **'એ'**–લક્ષ્મીએ (लच्छिए) } ए નો જૂ. ગુ. માં इ
૨. સાતમીનો **'એ'**–ઊન્હાળે (उन्हालए) } થઇ પાછો **'એ'** થયો.

૩. બીજી, ચોથીનો 'ને' અપ. तणेण–तणिं–णइं–नइ–नि–ने. રૂપે.

(૫) અવ્યયો—

૧. જેમ, તેમ, કેમ (जिम–जेम, तिम–तेम, किम–केम)

૨. જ્યહાં, ત્યહાં, ક્યાં (जहां, तहां, कहां)

(૬) **'કેર' અને 'તણ'**—આ અનુગો ગુજરાતી કાવ્યસાહિત્યમાં અત્યારે પણ વપરાય છે, અને તે સંસ્કૃતમાંથી અપભ્રંશદ્વારા આવ્યા છે. केरकः ઉપરથી केरउ–કેરો, અને तनकः ઉપરથી तणउ–તણો. 'કેર' ને 'તણ' બન્ને અપભ્રંશમાં વપરાતા. (જુઓ ૮-૪-૪૨૨) સંસ્કૃત कार्य ઉપરથી केर ઉત્પન્ન થયો. आश्चर्य ઉપરથી अच्छेर, पर्यंत ઉપરથી पेरन्त, मर्यादा ઉપરથી मेर બને છે, તેમ कार्य ઉપરથી केर બન્યો. વધારાનો સ્વાર્થે क લાગી केरकः, પ્રા. केरओ,

૩. हिस्वयोरिदुदेत् (૮–૪–૩૮૭) સૂત્ર પ્રમાણે આજ્ઞાર્થ બીજા પુરુષ એક વચનના इ, उ ને ए ત્રણ પ્રત્યયો હેમચંદ્રાચાર્યે આપેલા છે. તે ઉપરાંત એકવચનમાં हि ને બહુવચનમાં हु, ह ને हो પ્રત્યય પણ અપભ્રંશમાં છે. અપભ્રંશ इ પ્રત્યયનો મૃદુ યકાર થઇ ગુજરાતીમાં અકાર રૂપે આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનનાં રૂપ આવ્યાં. કર (करि), સ્મર (सुमिरि). બહુવચનમાં हुનો ह् ઊડી જઇ માગો–(मग्गहु–मग्गउ–मागउ) રૂપ નિષ્પન્ન થયાં.

૪. હેત્વર્થ કૃદંત–ઉપર બતાવેલાં સામાન્ય કૃદંતનાં રૂપ પરથી આવ્યું. અપભ્રંશમાં સં. तव्यના પર્યાય તરીકે इएव्वउं, एव्वउं, ને एवा છે. सोएवा, जग्गेवा. સૂવા–જાગવા. બીજો અપ. अण–करण (કરવા), તેમજ एवा ને इवा ત્રણે જૂની ગુજરાતીમાં વપરાતા. 'एवा' એ સામાન્ય કૃદંતનું **'અંગ'** છે..

૫. વર્તમાન કાળ–હું કરૂં (हउं करउं), તું કરે (तुहुं करहि). (વિશેષ હકીકત કાળના પ્રકરણમાં)

(૨) તદ્ધિત પ્રત્યયો—

૧. નામિક પણ–ઘડપણ (वड्डप्पणु કે वड्डत्तणु), વગેરે.

૨. ,, ,, म નાન્હમ–મ્હોટમ (धीरिम, गहीरिम, सरिसिम, महग्घिम, વગેરે. આ પ્રત્યય સં. इमन् ઉપરથી આવ્યો છે.)

૩. વૈશેષણિક इल्ल–ઘેલું (गहिल्लउं) પ્હેલું (पहिल्लउं), વગેરે.

૪. અલ્પતાવાચક ड–હૈડું (हियडउं), વગેરે.

૫. વૈશેષણિક ल–નવલો (नवल्लउ), પીળું (पियल्लउं), વગેરે.

૬. સાર્વનામિક आर–અમ્હારો (अम्हारउ) ત્હારૂં (तुहारउं).

૩) સર્વનામનાં રૂપ—

૧. કોઇ, કોણ, કાં (कोइ, कवण, काइं), વગેરે.

૬. "**આસણી** ઉડી રજ." (કા. પ્ર.)

ઉપરનાં છએ ઉદાહરણમાં **ણો–ણી–ણા** ને **ણું** तण ઉપરથી त ઊડતાં રહેલા છે. પછી ण નો न થઇ હાલનું રૂપ બનેલું છે. नावक શબ્દ સં. लावकनुं રૂપાન્તર છે. अश्वनो પ્રાકૃતમાં अस्स બની दीर्घः संयोगलोपे નિયમ પ્રમાણે 'આસ' બન્યો. ત્હેને तणी નારી જાતિનો પ્રત્યય લાગી आसतणी–आसअणी–**આસણી** ત્વરિત ઉચ્ચારને લીધે બન્યો છે.

(૭) 'તાંવાળું' વર્તમાન કૃદન્તનું અવ્યયરૂપ—

આ રૂપ અપભ્રંશના વર્તમાન કૃદન્તના નર કે નાન્યતર જાતિના છઠ્ઠીના બહુવચનના રૂપ ઉપરથી વ્યુત્પન્ન થયું છે.

૧. "लब्भइ सहाय सम्माणु कोसु पणइणि **परिणंतहं** कवणु दोसु."

૨. "रइ **अणइच्छंतहं** हुउ विहाणु परिगलिय रयणि उम्मिल्लु भाणु." (ભવિ. ૧૨–૧૪)

આ બન્ને અવતરણો भविसयत्तकहा માંથી લીધેલાં છે. બન્ને રૂપ વર્તમાન કૃદંતના છઠ્ઠીના બહુવચનનાં છે. तहं નો ह् ઊડતાં तअं થઈ '**तां**' વાળું રૂપ બન્યું છે. અને ગુજરાતીમાં બન્ને વચનમાં આ રૂપ એક રૂપે વપરાય છે. નામનાં તે'વાં રૂપ પણ છઠ્ઠી બહુવચનના અપભ્રંશ રૂપને આભારી છે.

(૮) ઓકારાંત નરજાતિનાં અને ઉંકારાંત નાન્યતર જાતિનાં રૂપ—

અપભ્રંશમાં स्यमोरस्योत् (૮·૪–૩૩૧) સૂત્ર પ્રમાણે પ્રથમા ને દ્વિતીયા એકવચનમાં अ નો उ થાય છે. વળી જે નામને અંતે अक હોય છે ત્હેના અંત્ય क ના अ નો આ સૂત્રથી उ થાય છે. ઉદા. घटितकः– અપ. घडिअउ, तुच्छकः અપ. तुच्छउ, घोटकः અપ. घोडउ, कण्टकः

અપ૦ केरउ, ગુ. કેરો. પ્રાકૃતમાં केरअ વપરાતો. જુઓ "हळा अदिचिरं कन्दुएण किळिअ अहिअसज्जादराआ परकेरआ विअदे हत्था संवुत्ता." (સ્વપ્નવાસવદત્ત.)

સં अद्यतन, सायंतन, सनातन, વગેરે અવ્યય ઉપરથી બનતાં વિશેષણોમાં વપરાતા तन પ્રત્યયનો વ્યાપ્તિપ્રદેશ વધતાં સ્વાર્થે લાગતા क પ્રત્યય ઉપરથી तनक થઇ છેવટે તે છઠ્ઠીના પ્રત્યય તરીકે સર્વત્ર વપરાવા લાગ્યો. तनकः પ્રા. तणओ અપ. तणउ ગુ. તણો. છઠ્ઠી વિભક્તિ વિશેષણ વિભક્તિ હોવાથી વૈશેષણિક સં. પ્રત્યય तन ઉપરથી ત્હેને વ્યુત્પન્ન થવામાં વાંધો આવતો નથી.

આ तण ઉપરથી ગુજરાતીમાં બીજી, ચોથી, ને છઠ્ઠીના પ્રત્યયો આવ્યા છે. ત્રીજી વિભક્તિના तणेण–तणिं રૂપ ઉપરથી तनો લોપ થઇ णइं–निइ–नि.–ને વિકાસક્રમે બીજી ને ચોથીનો 'ને' પ્રત્યય આવ્યો. तणओ ઉપરથી છઠ્ઠીના 'નો–ની–નું' પ્રત્યયો આવ્યા. આદિ तનો લોપ થવાનો પ્રાકૃત અપભ્રંશમાં નિયમ નથી, છતાં 'तण'માંના 'त'નો લોપ ન થાય ત્હાં સૂધી 'ને', 'નો', વગેરે વ્યુત્પન્ન થાય નહીં. પરંતુ આ तण અનુગ તરીકે શબ્દની ઉત્તરે આવે એટલે અનાદિ બને, અને પરિણામે ઊડી જાય. જુઓ–

ઉદા.

૧. તીહં કરી જોઇસીયણાં વચન હસતઉ હૂંતઉ દર્શનમાત્રિહિં જિ દુર્લિક્ષુ ભાંજી કરી ગાજતઉ હૂંતઉ." (સંદર્ભ. ૨૭–૧૯)

૨. "ચાર ચરણરો દોહરો, જ્યું નાવકણા તીર" (કાઠિ. કંઠસ્થ સાહિ.)

૩. "નાસા સોહે તિલનો ફૂલ, દાંતણું કુણ કરસિ મૂલ."

૪. "બુદ્ધિ વિચારી તે કાલણી, નારીમાં ડાહી માલણી." શામળ

૫. "રાખ્યો છે આપણો ભાર, નથી જાણતૂં કોઇ બીજે કાર" શામળ.

૬. "**આસણી** ઉડી રજ." (કા. પ્ર.)

ઉપરનાં છએ ઉદાહરણમાં **ણા–ણી**–ણા ને **ણું** તણ ઉપરથી त ઊડતાં રહેલા છે. પછી ण નો न થઇ હાલનું રૂપ બનેલું છે. नावक શબ્દ સં. लावकનું રૂપાન્તર છે. अश्वનો પ્રાકૃતમાં अस्स બની दीर्घः संयोगलोपे નિયમ પ્રમાણે 'આસ' બન્યો. ત્હેને तणी નારી જાતિનો પ્રત્યય લાગી आसतणी–आसअणी–**આસણી** ત્વરિત ઉચ્ચારને લીધે બન્યો છે.

(૭) 'તાંવાળુ' વર્તમાન કૃદન્તનું અવ્યયરૂપ—

આ રૂપ અપભ્રંશના વર્તમાન કૃદન્તના નર કે નાન્યતર જાતિના છઠ્ઠીના બહુવચનના રૂપ ઉપરથી વ્યુત્પન્ન થયું છે.

૧. "लब्भइ सहाय सम्माणु कोसु पणइणि **परिणंतहं** कवणु दोसु."

૨. "रइ **अणइच्छंतहं** हुउ विहाणु परिगलिय रयणि उम्मिल्लु भाणु." (ભવિ. ૧૨–૧૪)

આ બન્ને અવતરણો भविसयत्तकहा માંથી લીધેલાં છે. બન્ને રૂપ વર્તમાન કૃદંતના છઠ્ઠીના બહુવચનનાં છે. तहं નો ह् ઊડતાં तअं થઈ '**તાં**' વાળું રૂપ બન્યું છે. અને ગુજરાતીમાં બન્ને વચનમાં આ રૂપ એક રૂપે વપરાય છે. નામનાં તેંવાં રૂપ પણ છઠ્ઠી બહુવચનના અપભ્રંશ રૂપને આભારી છે.

(૮) ઓકારાંત નરજાતિનાં અને ઉંકારાંત નાન્યતર જાતિનાં રૂપ—

અપભ્રંશમાં स्यमोरस्योत् (૮·૪–૩૩૧) સૂત્ર પ્રમાણે પ્રથમા ને દ્વિતીયા એકવચનમાં अ નો उ થાય છે. વળી જે નામને અંતે अक હોય છે ત્હેના અંત્ય क ના अ નો આ સૂત્રથી उ થાય છે. ઉદા. घटितकः– અપ. घडिअउ, तुच्छकः અપ. तुच्छउ, घोटकः અપ. घोडउ, कण्टकः

અપ. कण्टउ. આ જાતના બધા શબ્દોમાં અંત્ય સ્વરયુગ્મ अउ હોય છે. આ अउનો અર્વાચીન ગુજરાતીમાં 'ઓ' થઈ ઓકારાંત નરજાતિનાં નામ આવ્યાં છે. જે નામને આ क લાગતો નથી તેઓ ગુજરાતીમાં અકારાંત રૂપે આવ્યાં છે. અપભ્રંશમાં અંત્ય વ્યંજનમાં રહેલા अ નો ઉપલા સૂત્રથી उ થતો, પણ અર્વાચીન ગુજરાતીમાં ત્હેનો अ થયો છે. मनुष्यः અપ. माणुसु, शंकरः અપ. संकरु, जन–जणु. આ બન્ને પ્રકારનાં અપભ્રંશ રૂપ જૂની ગુજરાતીમાં મળી આવે છે.

સૂત્ર "कान्तस्यात उं स्यमोः" (૮–૪–૩૫૪) પ્રમાણે નાન્યતર જાતિનાં જે નામને છેડે कं લાગે છે ત્હેમના પ્રથમા ને દ્વિતીયા એકવચનમાં આ कं નો उं થાય છે. भग्नकं–भग्गउं–ભાગું, मस्तकं–मत्थउं–માથું, कटकं–कडउं–કડું. અપભ્રંશમાં છેલ્લા સ્વરયુગ્મ अउंમાં છેવટે જે અનુસ્વાર છે ત્હેને લીધે उ જળવાઈ રહી પાછળના अનો લોપ થઈ અર્વાચીન ગુજરાતીનાં રૂપ અપભ્રંશ ઉપરથી આવ્યાં. જ્યહાં અંત્ય क નથી લાગતો ત્યહાં સૂત્ર ૩૩૧ પ્રમાણે થયેલો अ નો उ ઊડી ગુજરાતીમાં નામ અકારાંત રૂપે રૂહે છે. फलं–फलु–ફળ, वचनं–वयणु–વયણ–વેણ, गृहं–घँरु–ઘર, એમ અર્વાચીન ગુજરાતીનાં રૂપ આવ્યાં છે. આ બન્ને પ્રકારનાં અપભ્રંશ રૂપ જૂની ગુજરાતીમાં વપરાતાં હતાં.

(૯) અંગ—

આ ઉપરાંત 'જાતિવચન'ના પ્રકરણમાં જોઈશું તે રીતે ओ કારાંત તથા उंकारांत નામનું અંગ પણ અપભ્રંશમાં છેવટના ભાગમાં બન્યું છે. घोड़उ–घोडा, ढोल्लउ–ढोल्ला, વગેરે.

(૧૦) બહુવચનનો ओ:—

અર્વાચીન ગુજરાતીમાં વપરાતો બહુવચનનો 'ઓ' પ્રત્યય પ્રાકૃત-અપભ્રંશના નારીજાતિના નામના બહુવચનના ओ–उ પ્રત્યય ઉપરથી આવ્યો છે. આ બાબત વચનના પ્રકરણમાં આવશે.

પ્રકરણ ૮મું

જૂની ગુજરાતીનો નમૂનો

(૧) "સૂરઉ દીપઇ બલઇ પતઙ્ગ, સૂરઉ પાવકિ પડઇ કુરઙ્ગ
સૂરઉ ઘનગર્જિત સાંભલી મરઇ સિંહ વલી વલી ઊછલી.
બલાબલઇ બઇસારીસૂં બુદ્ધિ તઉ પામીસૂં મનવઞ્છિત સિદ્ધિ.
ઇણિ અવસરિ તે વિષ્ટ પહુત્ત તે વીનવઇ 'સ્વામી! સુણિ વત્ત.
તુમ્હ સક્કારઇ અરિહન્ત રાઉ તિણઇ આ પાઠવિઉ પસાઉ.
તક્કતાકઇ આણિઉં છઇ કાજ; તુમ્હિ તિહાં પુહુતા જોઇઉ આજ.
રાઉ ભણઇ સુણિ, મિત્ર વિચાર! તઇં હિવ કરવી લોકહ સાર.
પરદલ દેખી થાજે છોકુ: અમ્હ પૂઠિ લેઇ આવે લોક.
સીખામણ દેઉ ચાલિઉ રાઉ. નગરલોકિ કીધઉ સમવાઉ.
જઈ સર્વ સિરિ કરિય જુહાર વડ માણસિ વીનવિઉ વિચાર."

(પ્રબોધ ચિંતામણિ પૃ ૧૨૩)

(૨) હઊં કિમ પરણઉં સંયમસિરી? ઇક છઈ આગઇ અન્તેઉરી.
નિદ્રા ન સુઇ, ન ભૂખઇં જિમઇ; કલિ ભાગઉ ઘરબાહરિ ભમઇ.
જેણઇ નારિ દુઈ પરિગ્રહી, દુઈ ભવ વિણુઠા તેહના સહી.
બિ કીજઇ જઇ કિમઇ કલત્ર. મનસા હોઇ સહી વિચિત્ર.
ઇક આઘી ઇક પાછી કરઇ, તિણિ પાપઇ નર ગૂડા ભરઇ.
ઇક ઘરણી તાં ઘરની મેઢિ; બીજી હુઇ તઉ વાધઈ વેઢિ
ઘરના કલિ કુણ આગલિ કહઈ? ચોરમાઇ જિમ છાનઉ રુઆઇ.
એકઇ સંધ્યા ઊગિઉ સૂર. બીજઈ મિલિઉ રુલિઉ ભૂર.
એકઈ બીજઈ શશા ઊગિઉ, બીજી બીજઇ તે ખય ગિઉ.

દુહા.

ઘરટીપુડ જિમ બિ ઘરણી, કણહ સરીખઉ કન્તુ.
કહઉ આખુ કિમ ઊગરઈ? ભરડી આણઇ અન્ત.
તં નિસુણી બોલઇ સુમતિ પિયુડા! મ કરિ સંતાપુ.
ભેડીગારી હઊં નહીં. વિમલબોધ મુહ બાપ.
સ્ત્રી સવિ સમી મ લેખવે. એકિ અછઈ ગુણવન્તી.
એકિ અકુલીણી દિઠ્ઠ મઇં જીહ ન દીજઈ પન્તિ.
ઘરિ તેડિઇ પ્રિય પ્રાહુણઈ કરઇ જિ મુહ મસીવણ્ણ,
ધઉધલ જિમ તે પરિહરી ધરણી સેવે રન્ન.
કરઇ જૂઉ જે વાલવી માવિત્રહ નિજ કન્તુ,
તીખી આર તે નારિ ગણિ; તે નર બઇલુ ભમન્તુ,
વડ લહુડાં સંતાપઇ પ્રિયનઉં પામી માન,
રવિકરિ તાતી ધૂલિનઉં તે દીજઇ ઉપમાન.
નર નર સિઉં બહુ બોલ્લણી, ઘરિ ઘરિ ગોઠિ ભમન્ત,
સહિયાં મિસિ બાહરિ વસઇ, તે સુસીલ કિમ હુન્ત?
ઇચ્છાં હીંડઇ આપણી નરકામિણી જે નારિ,
નરયકૂપિ તે નિવડતી રહીસિ કુણ આધારિ?
પુરુષ ઘણી ઇ પરણતઇ સ્ત્રી નવિ કરવી ભેડિ.
વર જાણી બહુ વલ્લહઉ કુલસ્ત્રી પૂરઇ કેડિ."

(પ્રબોધ ચિંતામણિ પૃ. ૧૧૪ સં. સુમારે ૧૪૭૦)

(૩) "ઇસિઉં ચીંતવી વેગિ આવી ચોરરહઇં મેલ્હાવઇ। કિસી પરિ આપણા વાણઉત્ર ઊપરિ કોપુ કરતઉ હૂતઉ તલાર આગઇં કહઇ, "એઉ અમ્હારઉ વાણઉત્રુ કાંઇ જાણઇ નહીં। મઇં પૂર્વિહિ એકિ દિનિ એઉ હારુ એહરહઇં મૂલિ દીધઉ હૂતઉ। એઉ કિસઉં ઇસઉં માણુસુ છઇ જિસઉં ચોરી કરઇ। એહ વાત માહિ કાંઇ

છઇ નહીં। તુમ્હે એઉ પરહઉ મેલ્હઉ।" તલારિ ચીતવિઉં– 'જુ ધણી જાણઇ સુ પાડોસી ન જાણઇં। તિણિ કારણિ સેઠિ સાચઉ, વાણઉત્રુ કૂડઉ।" (પ્રા. ગૂ. ગ. સંદર્ભ. પૃ. ૪૨ સં. ૧૪૧૧)

ઉપરના ગુજરાતી નમૂનામાં નીચેનાં રૂપ ધ્યાન ખેંચે એવાં છે:

(૧) **'શૂર', 'સરખો', 'વ્હાલો', 'ભાગ્યો', 'હતો', 'સાચો', 'કૂડા'**, વગેરે શબ્દોને બદલે જૂનાં રૂપ **'સૂરઉ', 'સરીખઉ', 'વલ્લહઉ', 'ભાગઉ', 'હૂંતઉ', 'સાચઉ'**, ને **'કૂડઉ'** રૂપ વાપરેલાં છે. તેમ **'બળે', 'પડે', 'વાધે', 'તો', 'આગે', 'જાણે'** ને બદલે **'બલઇ', 'પડઇ', 'વાધઇ', 'તઉ', 'આગઇ', 'જાણઇ–ઇં'** રૂપ વાપરેલાં છે. એટલે સ્વરયુગ્મ જોડાઇ એક-રૂપ થયાં નથી.

(૨) **'પાવકમાં', 'તેણે', 'તહેં', 'લોકની', 'માણસે', 'દીપમાં', 'ઘેર', 'મૂલથી'**, વગેરે ને બદલે **'પાવકિ', 'તિણઇ', 'તઇં', 'લોકહ', 'માણુસિ', 'દીપઇ', 'ઘરિ'** ને **'મૂલિ'** રૂપમાં વિભક્તિના જૂના પ્રત્યયો વપરાયા છે. **'કન્હઇં', 'સહિયાં'** પણ વિભક્તિ પ્રત્યયને લીધે બન્યાં છે.

(૩) **'સાંભળી', 'કરી', 'ઊછળી', 'જઇ'**, વગેરે માટે **'સાંભલી', 'નિસુણી', 'કરિય', 'ઊછલી'**, ને **'જેઉ'**, વગેરે સંબંધાર્થ કૃદંતનાં રૂપ વપરાયાં છે.

(૪) **'સુણય'**, ને **'કરય'** આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનનાં રૂપને બદલે અપભ્રંશ રૂપ **'સુણુ'** ને **'કરિ'** વપરાયાં છે.

(૫) **'વાત', 'પહોંચ્યા', 'દીઠી'**, વગેરે માટે સંયુક્ત વ્યંજનવાળાં **'વત્ત', 'પહુત્ત'** ને **'દિટ્ઠ'** વગેરે રૂપ વપરાયાં છે.

(૬) 'તમ્હને'. 'તમ્હે', 'ત્હાં', 'માણસ', વગેરે નામ સર્વનામ માટે 'તુમ્હ', 'તુમ્હિ–તુમ્હે', 'તિહાં', ને 'માણુસુ' વગેરે રૂપો વપરાયાં છે.

(૭) 'મોકલ્યો', 'પ્રસાદ, 'પત્ની', 'કજિયાખોર', 'સૂર્ય', વગેરે શબ્દોને બદલે પ્રચારમાંથી નષ્ટ થતા કે થયેલા 'પાઠવિઉ' 'પસાઉ', 'અન્તેઉરી', 'ભેડીગારી', ને 'વઢ્ઢઘલ' વગેરે શબ્દો વપરાયા છે.

(૮) 'ચાલ્યો', 'આણ્યું', 'ઊગ્યો', 'મળ્યો', 'વંઠ્યા', વગેરે ભૂતકાળનાં રૂપ માટે 'ચાલિઉ', 'આણિઉ', 'ઊગિઉ', 'મિલિઉ' 'વિણઠા', વગેરે જૂનાં અપભ્રંશ રૂપ વપરાયાં છે.

(૯) 'છે' ને બદલે 'અછઇ' ને 'છઇ' રૂપ વપરાયાં છે.

(૧૦) 'લહુડાં' (लघुकानि) નાન્યતર જાતિ બહુવચનનું રૂપ પણ પ્રચારમાં આવ્યું છે.

આ બધા ફેરફારો સંબંધી આગળનાં પ્રકરણોમાં વિચાર કરવામાં આવશે. (૫) ને (૭) સંબંધી જુઓ. પૃ. ૨૨, ને પૃ. ૩૬–૩૭.

પ્રકરણ ૯મું

નોખા સ્વરનું અસ્તિત્વ

જૂની ગુજરાતીના નમૂનામાં જોયું તેમ પ્રાકૃતની માફક જૂની ગુજરાતીમાં પણ બે સ્વર (સ્વરયુગ્મ) પાસે પાસે આવવા છતાં ત્હેમાં સન્ધિ થતી નથી. સંસ્કૃતમાં લખાણની ભાષામાં સંધિ આવશ્યક હતી, પણ બોલતાં સંધિ આવશ્યક ન હતી. પ્રાકૃત લોકભાષા એટલે ત્હેમાં પણ સંધિ કરવી આવશ્યક ન હતી. જૂની ગુજરાતીમાં પણ એકંદરે શબ્દ ટુંકાઇ ન જાય એટલે સંધિ સિવાય ચાલતું, પરિણામે ત્હેમાં નોખા સ્વરો માલૂમ પડે છે.

સં. शूरः પ્રા. सूरो અપ. सूरु–એ પ્રમાણે અકારાંત નરજાતિના નામના પ્રથમાનાં એકવચનનાં રૂપ થતાં. પણ જ્યહાં क લાગતો ત્યહાં સં. शूरकः પ્રા. सूरओ અપ. सूरउ જે'વાં રૂપ થતાં. આ રૂપોમાં પ્રાકૃત-અપભ્રંશમાં બે સ્વરોની સંધિ થઇ નથી. અપ. सूरउમાં અંત્ય उ પ્રાકૃતના ओ ઉપરથી ને પ્રાકૃતનો ओ સં. વિસર્ગનો उ બની પાછલા अ સાથે મળી સંસ્કૃતમાં થતા ओ નો છે. સંસ્કૃતમાં અમુક પ્રસંગે ओ બનતો ત્હેને બદલે પ્રાકૃતમાં સર્વત્ર ओ થયો.

જૂની ગુજરાતીમાં પાછલા નમૂનામાં સ્વરયુગ્મવાળાં રૂપો (ખાસ કરી નામ, વિશેષણ, કર્મણિ ભૂતકૃદંત) છેવટના अक ઉપરથી આવ્યાં છે. सदृक्षकः–પ્રા. सरिक्खओ–અપ. सरिक्खउ–જૂ. ગુ. सरीखउ, वल्लभकः પ્રા. वल्लहओ અપ. वल्लहउ, भग्नकः પ્રા. भग्गओ અપ. भग्गउ જૂ. ગુ. भांगिउ, વગેરે.

સંસ્કૃતમાં વર્તમાનકાળના ત્રી. પુ. એકવચનનો ति પ્રત્યય હતો. ત્હેનો त् અનાદિ ને અસંયુક્ત હોવાને લીધે પ્રાકૃતમાં ઊડતાં અવશિષ્ટ ર્‌હેલો इ ત્રી. પુ. એ. વચનના પ્રત્યય તરીકે વપરાતો. બહુવચનના અપ. પ્રત્યય हिंમાં ર્‌હેલા અનુસ્વારને લીધે જૂની ગુજરાતીમાં બહુવચનમાં इं પ્રત્યય વપરાતો તો કોઇ વખત બહુવચનને લીધે એકવચનમાં પણ इं વપરાતો. છેવટે અનુસ્વાર ઊડી ગયો. करोति પ્રા. અપ. करइ. करहिं (બ. વ.), જૂ. ગુ. करइ–करइं. આ'માં પણ સ્વરયુગ્મ છે.

તે ઉપરાંત વિભક્તિપ્રત્યયોમાં, અનુગોમાં, અવ્યયોમાં પણ સ્વરયુગ્મો જોવામાં આવે છે.

ઉદા.

૧. "એકમનાં ભજતાં ભગવાન, ભગત તણૂં **ટાલઇ** અગન્યાન,
કરઇ દયા સ્વામી ગોવિંદ, **આપઇ** નિજપદ પરમાનંદ" (હરિશ્ચં.)

૨. "માનિની જન મન ક્ષોભન શોભન વાઉલા **વાઈ.**
નિધુવન કેલિ પામી કામી અંગિ સુહાઇ." (વસંત. વિ.)

૩. 'હિવ જં **સંપજઇ** સત્પુત્ર, એહૂ પુણ્યતણઉં ચરિત્ર। **એકઇં** તણઇં એકિ કુપુત્ર હુઇં જે બાલપણિ **પાલીઇં લાલીઇં** પણિ **જેતલઇં** યૌવનભરિ **જાઇં, તેતલઇં** માવીત્રસાહ્મા થાઇં, કૃત્ય અકૃત્ય ન **ગિણઇં**, વડાંતણાં વચન **નિણહઇં**. માવીત્રસાહ્માં નીઠુર બોલ ભણઇં, અહંકારિ **હુણહુણઇં**, લક્ષ્મીમદિ કુપાત્રિ **વરસઇં**, કુસ્થાનકિ **વિલસઇં**, **પિરાઇ** ભૂમિ **ચ્રસઇં, ચાડૂએ** વચનિ **ઉલ્લસઇં**, રૂડી વાત કહતાં સામ્હાં **ધસઇં**, સ્વાનની પરિ **ભસઇં, અપરહુઇં હસઇં**, પાપ કરી **ઊસસઇં**, ધર્મવાર્તા **હિયઇ** ન **વસઇં**, ઇસ્યાં જં પુત્ર અભક્ત અજાણ, એ પાપતણૂં પ્રમાણ" (પૃથ્વીચંદ્ર)

સાતમી ને ત્રીજી વિભક્તિમાં અપભ્રંશમાં પણ કોઇ કોઇ વખત નામ સર્વનામમાં अइ પ્રત્યય વપરાયો છે. તે क ના ઉમેરણથી આવ્યો છે. પરંતુ જૂની ગુજરાતીમાં તેમજ અપભ્રંશમાં વપરાતાં 'एणइ ठामि' **तिणइ** घरि' જે'વાં રૂપોમાં एण, तिणમાં ण મૂળ તૃતીયાનો પ્રત્યય હતો, એટલે પ્રત્યય પછી क લાગે એમ માનવું યોગ્ય નથી. કદી એમ માનિયે કે एण, तिण મૂળ તૃતીયાનાં હોવા છતાં પણ તે **અંગ** તરીકે અહીં સ્વીકારાયાં છે, એટલે क લાગે. એ પણ માનવું ઠીક લાગતું નથી, કારણ 'અંગ તરીકે સ્વીકારાયા પછી क લાગી ન શકે; હેને લાગલોજ પ્રત્યય લાગવો જોઇયે. તો પછી अइ શી રીતે આવ્યો ? માત્ર બીજાં બધાં ક્રિયાપદ, વગેરેનાં રૂપ જે'વાં આ'મનાં પણ રૂપ કરવાના વલણને લીધે આ'વાં રૂપ પ્રચલિત થયાં હોવાં જોઇયે. બીજું કારણ કાવ્યમાં માત્રામેળ સાધવા પણ લાંબું ટૂંકું રૂપ થતું, એ પણ હોઇ શકે.

આ अइ–अउ સ્વરયુગ્મો પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતીમાં છૂટથી વપરાતાં. જૂની ગુજરાતીમાં વચગાળે આ'મના इ–उ થયા છે. ભાલણની કાદંબરી આશરે વિ. સં. ૧૫૫૦માં રચાઇ છે, પણ ત્હેની ઉતાર્યા સાલ વિ. સં. ૧૬૭૨ની છે વિ. સં. ૧૫૫૦માં તો अइ–अउ સ્વરયુગ્મ ચાલુ હતાં. પણ કાદંબરીમાં इ–उ ક્રમ મળે છે, માટે તે વિ. સં. ૧૭મા સૈકામાં લહિયાના સમયમાં થવો જોઇએ.

ઉદા.

૧. "એક કહિ રહી કાં અલગી ? એટલા માંહાં'શૂં થાકી ?
એક કહિ, ના, એ અતિ શીલી પ્રમદા છિ અતિ પાકી." (કાદં.)

૨. "પટહ ઝલરી વીણા વાજિ મૃદુરવ વેણુ મૃદંગ;
મજ્જન કરતાં શબ્દ શંખના, અમિઅ શ્રુતિ ઉપંગ." (કાદં.)

૩. "કાદંબરી કહી છિં મૈં સર્વથા સાથિં જાવૂં." (સં. કા. ગુ. ગ. ક.)

૪. "તાહારી દૃષ્ટિં આવી છિ તે મરિં છિં સર્વ." („ „)

૫. "ચંદ્રાપીડ તે સાંભલી ઊભુ થયુ તેણી વાર" (કાદં.)

૬. "સાનિ પરણિ ન કુંઅરી અનોપમી એ ? " (ઉષાહરણ)

સામાન્ય રીતે ક્રમ આમ છેઃ अइ–अउ । इ–उ । ए–ओ । છઇ–છિ–છે, નઇ–નિ–ને, પછઇ–પછિ–પછે. નવું રૂપ વ્યુત્પન્ન થતાં જૂનું રૂપ પ્રયોગ-લુપ્ત એકાએક થતું નથી. સાથે સાથે બે રૂપ પણ ચાલે. જે રૂપનું પ્રમાણ વધારે તે રૂપ તે તે જમાનાનું ગણાય. છતાં ત્હેની શરૂઆત પણ જોવી જોઇએ. ઘણી વખતે લહિયાઓ હાથપ્રતને પોતાના જમાનાનું રૂપ આપવા પ્રયાસ કરે છે.

૧	૨
ગઉખ, ગઊખ–ગૂખ–ગોખ	લઈ–લિ–લે
કઉણ–કુણ–કોણ	દઇ–દિ–દે
સઊંપ–સૂંપ–સોંપ	કરઇ–કરિ–કરે

આસન પ્હેલામાં 'ગોખ' કરતાં 'ગૂખ' રૂપ જૂનું છે. આસન બીજામાં 'કુરે' રૂપ કરતાં 'કરિ' રૂપ જૂનુ છે. છતાં તે બન્ને રૂપો પ્હેલા નંબરના રૂપમાંથી વ્યુત્પન્ન થયાં છે.

અહીં આગળ નામયોગીને લીધે જોડેના નામ કે સર્વનામને હાલ લાગતા **'ની–ને'**, વગેરેનો વિચાર કરવો જરૂરનો છે. એ ષષ્ઠયંત વિશેષણનાં ત્રીજી કે સાતમીનાં રૂપ છે.

ઉદ્દા.

૧. "**આહારઈ** સાથિ કટક મોકલુ." (કા. પ્ર. ૧–૨૬)

૨. "કોઇ ન માગઇ **કહિનઈ** કન્હઇ." (વિ. પ્ર. ૧૯)

૩. "ઇત્તા જિપ્પી પટ્ટણ મજ્ઝિ, આવિઉ કુમદ **વાદનિ** કજ્જિ." (વિ. પ્ર. ૧૯)

૪. "અનામિકા પગની અંગુલી, **ટિયાંગુલીનિ** પાસિ મિલી." (,, ૧૪૭)

આમાં પણ अइ–इ–ए ક્રમ છે. જ્યહાં इ ક્રમ અટકી ગયો ત્યહાં **'ની–રી'** નામ કે સર્વનામને છેડે આવતો હોવાથી એમ ભાસવા લાગ્યું કે તે **નામયોગી** નારીજાતિનું છે. **'તેની પાસે'**માં **'ની'** નારીજાતિનો નથી. પણ વચલો ક્રમ અટકી જતાં **'તેનિ પાસિ'**ને બદલે **'તેની પાસે'** વપરાવા લાગ્યું. અને **'પાસે'** નારીજાતિનો મનાવા લાગ્યો. નામયોગીનો ક્રમ અટકી નથી પડ્યો. આગળનો ક્રમ ચાલુ રહ્યો ત્યહાં 'ને–રે' થયો. "**વાદનિ કજ્જિ**"– 'વાદને કાજે' 'તેહનૂઇ તિહાં' ઉપરથી તહેને ત્યહાં' થયું. તેજ પ્રમાણે **'મ્હારે ઘેર'**. છતાં હાલ આવાં અનિયમિત લાગતાં રૂપોને નિયમિત બનાવવા **'મ્હારા ઘેર'**, **'તહેના ત્યહાં'** જેવા પ્રયોગો શરૂ થવા લાગ્યા છે.

પ્રકરણ ૧૦મું

જાતિવચન

(૧) જાતિની અનિશ્ચિતતાનો આભાસ

અપભ્રંશમાં અકારાંત નરજાતિના તેમજ નાન્યતર જાતિના क લાગ્યા સિવાયના નામના એક વચનમાં પ્રથમા તેમજ દ્વિતિયામાં અન્તે उ આવતો. આથી શબ્દ નરજાતિનો છે કે નાન્યતર જાતિનો, ત્હેનો વિવેક જલદી થઈ શકતો નથી. આના પરિણામે प्रश्नः, मानः જેવા શબ્દો ગુજરાતીમાં નાન્યતર જાતિમાં વપરાવા લાગ્યા. જ્યહાં નામને છેડે क લાગે છે ત્યહાં ત્હેનો વિવેક કરવો સુકર છે. हस्तकः પ્રા. हत्थओ અપ. हत्थउ (હાથો) कटुकं પ્રા. कडअं અપ. कडउं (કડુ) આ अउ ને अउं ઉપરથી અનુસ્વારને લીધે જાતિનો વિવેક થાય, પણ અપભ્રંશમાંથી ગુજરાતીમાં આવતાં 'હાથઉ–હાથુ–હાથો'–વચલું 'હાથુ' રૂપ પાછું શંકા લાવે છે, તેમજ અનુસ્વારનો ઉપયોગ પણ વિવેક પુરઃસર થયો નહીં હોવાથી શંકા ઉત્પન્ન કરે છે, તે નીચેનાં ઉદાહરણ ઉપરથી સમજાશે.

ઉદા૦

૧. "વૃદ્ધ થઈ બીહીની નહીં, નવિ કર્યું મંનિ વિચાર!
લોકપ્રવાહ ગણ્યૂ નહીં, કુલક્રમ તણુ આચાર." (કાદં. ૧૩૭)

૨. "આણ્યુંવિ આણ્યુ પ્રચેતાનિ ઘિરિ આવી દુાર.
પ્રચેતાઇ સમપ્યું તે ચિત્રરથનિ સાર." (કાદં. ૧૪૨)

૩. "તથાપિ ગ્રહયુ પ્રીતિ જાણી વાહાલાનુ શણગાર." („ „)

૪. "ચંદ્રાપીડ ચાલી ગયુ અતિ સ્વચ્છિ ભુવન
પ્રવેશ પ્રેમાણ્ કરી તાં જાણી માનિની મંન.
શય્યાં સૂતુ પાગ ગેહેલી કેયૂરક ઉછંગ." (કાદં. ૧૩૯)

૫. " ચંદ્રાપીડ તે સાંભલી ઊભુ થયુ તેણી વાર." (,, ૧૪૫)

ઉપરનાં ઉદાહરણમાં જણાશે કે નામને લાગતું અપભ્રંશનું ઉ ગુજરાતીમાં ખરી પડયું છે, પણ ક્રિયાપદ કે વિશેષણને કને લીધે લાગતું ઉ (अउ) કાયમ રહ્યું છે, તે હજુ 'ઓ' થયો નથી. તેથી તે નામની જાતિમાં શંકા ઉપજાવે છે. આ ઉપરથી એમ ચોક્કસ થાય છે કે अइ-इ-ए ને अउ-उ-ओ ક્રમ વ્યાજબી છે. 'આપિઉ-આપ્યુ આપ્યો', 'થિયઉ-થિયુ-થયુ-થયો', 'તણઉ-તણુ-તણો', 'સૂતઉ-સૂતુ સૂતો'-એ ક્રમે વિશેષણ ને ક્રિયાપદનાં રૂપ આવ્યાં છે.

'વિચાર કર્યું', 'લોકાપવાદ ગણ્યૂ', 'કુલક્રમતણુ આચાર', 'હાર આપ્યુ', 'ચંદ્રાપીડ ગયુ', 'ચંદ્રાપીડ સૂતુ', 'ચંદ્રાપીડ ઊભુ થયુ', વગેરે પ્રયોગ હાલની દૃષ્ટિએ અનુચિત લાગે છે, કારણ નામ "વિચાર લોકાપવાદ, આચાર, હાર, ચંદ્રાપીડ, શણગાર." વગેરે નરજાતિના હોવા છતાં ત્હેમનાં ક્રિયાપદ, વગેરે નાન્યતર જાતિ જે'વાં હોય તે સંભવિત લાગતું નથી એટલે આનો ખુલાસો ઉપર પ્રમાણે થશે. આ વચગાળાનાં રૂપ છે. પછી અર્વાચીન ગુજરાતીમાં 'ઓ' થતાં જાતિની સંદિગ્ધતા જતી રૂહે છે. નીચે આપેલા 'પૃથ્વીચંદ્રચરિત્ર-ના (સં. ૧૪૭૮) ઉતારા ઉપરથી જણાશે કે ત્હેમાં અપભ્રંશરૂપ વપરાયાં છે.

ઉદા૦

૧. "જિસિઉ પૃથ્વીલોક તણઉ ઇન્દ્ર, જિસિઉ સોલકલાસંપૂર્ણ ચન્દ્ર, ઇસિઉ દીસઇ છઇ પૃથ્વીચન્દ્ર નરેન્દ્ર। તિસિઇ અવસરિ પ્રતીહાર આવિઉ પ્રણામ નીપજાવિઉ। રાજા સાહમી દૃષ્ટિ દીધી, ઊણિ વીનતી કીધી, જી અયોધ્યા નગરી હૂંતઉ દૂત તમ્હારઇ દ્વારાંતરિ આવિઉ મનિતણઇ ઉત્સાહિ, જઇ હુઇ આદેસ તુ મેલ્હઉં માહિ। હૂઉ રાજા તણઉ આદેસ, દૂતિ

કીધઉ સભામાહિ પ્રવેસ । રાયરહઇ કીધઉ જુહુ ર, અલં-
કરિઉં યોગ્ય આસણ ઉદાર । રાજા દૂતરહઇ બહુમાન દીધઉં,
કુશલપ્રશ્ન કીધઉં । આનન્દ ઊપનઉં અત્યન્ત, હિવ દૂત
વીનવઈ કાર્યવિશેષ ચન્ત । જિહાં લોકરહઇં નહી કિસિઉ ક્લેશ,
જિહાં નહી વઇરી તણઉ પ્રવેશ, પુણ્યતણઉં નિવેશ." (પૃથ્વીચંદ્ર)

ર. "વિરહ સહૂ તે ભાગલુ કાગલુ કરલઉ પેખિ." (વ. વિ.)

૩. "દશરથ રાઇ દેમુદ્રુ દીધુ." (સીતાહરણ)

૪. "કક્ષા કૂખ નાક નિ હિઉં, ખંધ લલાટ સરીખૂં કહિઉં."
(વિ. પ્ર. ૧૧૧)

૫. "તે માનક અંબાઈ તણઉ, કરઈ લોક આરાધન ઘણઉં."
(વિ. પ્ર. ૪૬)

૬. "ભાઈ તણઉ ભરસુ હતુ, તુ ઉહડ મનિ થિઉ ઉરતુ."
(વિ પ્ર. ૩૨)

ઉપરનાં ઉદાહરણમાં अउ–इउं ઉપરથી નરજાતિ ને अउं–इउं
ઉપરથી નાન્યતર જાતિનો વિવેક થઇ શકે છે. 'માન દીધઉં' 'પ્રશ્ન
કીધઉં'-આ બેમાં ક્રિયાપદ નાન્યતર જાતિનું છે, એટલે 'માન' ને
'પ્રશ્ન નામ પણ નાન્યતર જાતિમાં વપરાતાં જૂની ગુજરાતીમાં
થયાં છે. "ખંધ" (ખાંધ) નાન્યતર કે નારીજાતિમાં આવ્યો છે.

(ર) જાતિફેર

સંસ્કૃત ને પ્રાકૃતમાંથી અપભ્રંશ કે જૂની ગુજરાતીમાં આવતાં ઉપર
જોયું તેમ શબ્દની જાતિમાં ફેર ઘણી વખત થયેલો જોવામાં આવે છે.
હેમાચાર્ય સૂત્ર ૮–૪–૪૪૫ "लिङ्गमतन्त्रम्"માં જાણાવે છે કે અપભ્રંશમાં
જાતિફેર થાય છે. સં. अभ्र–અપ. अब्भउ નરજાતિ, कुम्भाःનું અપ.
कुम्भइं નાન્યતર, अन्त्रंનું अन्त्रडी નારીજાતિ, દે. डाल (शाखा)નું

डालइं નાન્યતર જાતિ થયું છે. ગુજરાતીના હાલના કેટલાક શબ્દો તપાસીશું તોપણ જણાશે કે ત્હેમાં જાતિફેર થયો છે.

૧. मर्यादा (નારીજાતિ)-मल्लायअ(क)-मल्लाजउ-મલાજો (નરજાતિ)

૨. पाटकं (નાન્યતર ,)-पाडयं કે वाडयं-पाडउ-वाडउ-પાડો-વાડો (નરજાતિ)

૩. अत्यद्भुतं (નાન્યતર જાતિ)-अच्चब्भुअं-अच्चंबउ-અચંબો (નરજાતિ)

૪. पारणा (નારીજાતિ)-पारणअं(क)-पारणउं-પારણાં (નાન્યતર)

૫. संज्ञा (,,)-सण्णओ(क)-सण्णउ-सन्नउ-સનો (નરજાતિ)

૬. प्रतिच्छाया (નારીજાતિ)-पडिच्छाय-पडिच्छायउ-પડછાયો-પડછો (નરજાતિ)

૭. मानः (નરજાતિ)-माणो-माणु-માન (નાન્યતર)

૮. वृक्षः (,,) – – વૃક્ષ (નાન્યતર)

૯ स्कंधः (,,)-खंधो-खंधु-ખાંધ (નારી કે નાન્યતર)

(पारणं નાન્યતર જાતિનો પણ શબ્દ છે)

સં. कःपुनः ઉપરથી પ્રા. कउण અપ. कवण શબ્દ મૂળ સંસ્કૃત રૂપ જોતાં નરજાતિનો છે. છતાં તે ત્રણે જાતિમાં અપભ્રંશમાંજ વપરાતો. એટલે તે વિશેષણનુંજ કામ કરતો. હાલ 'કયો-કયી-કયું" વાપરીશું ત્યહાં અપભ્રંશથી માંડી પ્રેમાનંદના વખત સુધી कवण કે 'કોણ' વિશેષણ તરીકે વપરાતો (નારી-कवण; નર-નાન્ય. कवणु)

ઉદા૦

૧. "**कवणु** देसु जहिं तुहुं उप्पन्नउं **कवणु** नयरु सुगसिरिसंपुन्नउं । राणउं **कवणु** तित्थु दिहिगारउ **कवण** जणणि पिउ **कवणु** तुहारउ ॥" (ભવિ. ૬-૧૧)

૨. "કોણ દેશનો નરેશ કહાવે, કેમ પરણ્યો દમયંતી ?" (નળાખ્યાન)

અપભ્રંશમાંથીજ તે વિશેષણ તરીકે વપરાયો છે, એટલે નરજાતિ ઉપરથી પ્હેલાં તે નારીજાતમાં ને પછી નાન્યતરમાં આવ્યો હશે, એમ કલ્પવાને બદલે તે વિશેષણ તરીકે વપરાતા, એમ માનવું ઇષ્ટ છે.

(૩) નારીજાતિનાં આ-અકારાંત નામ

સિ. હે. ૮-૩-૩૬ "ह्रस्वोमि" સૂત્ર પ્રમાણે સ્ત્રીલિંગી નામનો અંત્ય સ્વર દ્વિતીયા એકવચનના अम् પ્રત્યય પૂર્વે હ્રસ્વ બનતો. સં. मालाम् પ્રા. मालं, नदीम् પ્રા. नइं-णइं, वधूम् પ્રા. वहुं, हसन्ती પ્રા. हसमाणं-हसमाणिं, વગેરે તેમજ સૂત્ર ૮-૩-૪૨ પ્રમાણે સંબોધનમાં પણ અંત્ય સ્વર ई-ऊ હ્રસ્વ બનતા: हे नइ, हे गामणि, हे वहु, વગેરે.

અપભ્રંશમાં ત્હેનો વ્યાપ્તિપ્રદેશ વધ્યો. સિ. હે. સૂત્ર ૮-૪-(૩૩૦) "स्यादौदीर्घह्रस्वौ" પ્રમાણે પ્રથમા, વગેરેના પ્રત્યયો પૂર્વે દીર્ઘનો હ્રસ્વ ને હ્રસ્વનો દીર્ઘ સ્વર ઘણુંખરું બને છે.

ઉદા.

૧. "ढोल्ला सामला धण चम्पावण्णी ।
णाइ सुवण्णरेह कसवट्टइ दिण्णी ॥ (૮-૪-૩૩૦)

૨. "ढोल्ला मइं भणिय तुहुं मा कुरु वङ्की दिट्ठि ।
पुत्ति सकण्णी भल्लि जिव मारइ हिअइ पइट्ठि ॥ "

આમાં 'ढोल्लउ'નો ढोल्ला, 'सामलउ'નો सामला-એમ अ નો आ થયો છે. 'धणा'નું धण, 'रेहा'નું रेह, 'भणिया'નું भणिय, 'पइट्ठी'નું पइट्ठि-આમ નારીજાતિમાં હ્રસ્વ સ્વર થયો છે. આ પ્રમાણે आ નો अ થવાનો નિયમ પ્રાકૃતકાળ જેટલો જૂનો છે. પરિણામે ગુજરાતીમાં આકારાંત નારીજાતિનાં નામ અકારાંત બન્યાં છે, તેમજ ઈકારાંત નારીજાતિનાં નામ इकारांत બની છેવટે અંત્ય इ નો મૃદુ य બની લખાણમાં अ થયો, છતાં ઉચ્ચારમાં મૃદુ य છે.

સં.	ગુ.	સં.	ગુ.
धन्या	ધણ	प्रपा	પરબ
लेखशाला	નિશાળ	लज्जा	લાજ
माला	માળ	पद्या	પાજ
बुभुक्षा	ભૂખ	शय्या	સેજ
तृषा	તરસ	जिह्वा	જીભ
लालसा	લાલચ	वज्रा	વજ

સં.	ગુ.	સં.	ગુ.
वारिका	વાડ	पाली	પાળ
बुद्धि	બુધ	गोणी	ગુણ
मति	મત	राशि	લાશ–રાશ
शुद्धि	શુધ	शालि	શાળ
वापी	વાવ	व्याधि	(व्राधि) વરાધ

આ ઉપરાંત આનાથી ઊલટું ભ્રમથી સંસ્કૃત અકારાંત નામ (નરજાતિ) આકારાંત નારીજાતિનાં બન્યાં છે. ('दार' બ. વ. માં વપરાતો તેથી 'દારા')

સં.	ગુ.	સં.	ગુ.
कायः	કાયા	भुजः	ભુજા
ध्वजः	ધજા	दार (राः)	દારા

ઉકારાંત નર કે નારીજાતિના નામનું પણ અકારાંત રૂપ બને છે.

સં.	ગુ.	સં.	ગુ.
वाहु	બાંહ	चक्षू	ચાંચ

ઉદા.

૧. "બે ભુજાઇ તિહાં રાઘવ ઝૂઝઇ, રાવણનઇ કર વીસ" (સીતા-હરણ ૬૨)

૨. "સ્વામી **સીત** અણાવુ." (,, ૬૪)
૩. "કર જોડી નઈ કર્મણ વીનવઈ રામ **સીત**નઇ મિલિયા." (સીતાહરણ ૬૪)
૪. "ભણઈ વિભીષણ, દીધૂં રાજ; સ્વામી ! હવઇ વિહણુ **પાજ**." (સીતાહરણ ૬૬)
૫. "જ્વરની જાતિ નાસતીઃ **દહોદિસિ** વ્યાધિનાં રૂપ." (ઉષાહ.–૯૧)
૬. "સાતિ તત્તિ સંતાઉગ **જગીસ**, દણ્ડાયુધ ગુરુગણ છત્રીસ." (પ્ર. ચિ. ૧૧૩)
૭. "હવં સુત **નેસાલં** પાઠઉ." (વિ. પ્ર. ૬૫)
૮. "**સઉકિ** તણઉ જાઈ ટલ્યુ સંતાપુ, તઉ માયા માંડિઉ બહુ વ્યાપુ." (પ્ર. ચિ. ૯૮)
૯. "કદાચાર કોસીસાં **ઊલિ** ચ્યારિ ઇ દુર્ગતિ વહિતી **પોલિ**." (પ્ર. ચિ. ૧૦૧)
૧૦. "એક ધરણી તાં ધરની **મેઢિ**; બીજી હુઇ તઉ વાધઇ **વેઢિ**." (નમૂનો)
૧૧. "ભાઝી **ભાવઠી** પેલા ભવ તણી." (ઉષાહ. ૭૭)
૧૨. "પ્રવચન નગરી પાડી **ભેલ**." (પ્ર. ચિ. ૧૨૮)
૧૩. "સવલઇ કટકિ પડી તઉ **ભેલિ**." (,, ૧૩૬)

જૂની ગુજરાતીમાં હજુ इ–ईનો अ બહુ થયો નથી. અર્વાચીન ગુજરાતીનું એ લક્ષણ છે. એટલે વિ સં.–૧૭૦૦ પછી એ રૂપ પ્રચારમાં આવી સ્થિર થયું ગણાય. સર્વનામમાં सा નો स થયો છે.

૧. "સ ખેચરી અતિરંજિતચિત્ત હૂંતી...કરાવઇ." (સંદર્ભ. ૧૯–૨૫)
૨. "સ (પુરી) પુણુ લોકમાહિ અતિ પ્રસિદ્ધ હૂઇ (સંદર્ભ. ૪૧–૮)

(૯) સામાન્યરૂપ–અંગ

અર્વાચીન ગુજરાતીમાં ઓકારાંત નરજાતિનાં નામ, વિકારી વિશેષણો (પષ્ઠ્યંત વિશેષણ સહ), તથા સાનુસ્વાર ઉકારાંત નાન્યતર જાતિનાં નામને પ્રત્યય લગાડતાં કે બહુવચનનું રૂપ કરતાં ઓનો એક તથા અનેક વચનમાં આ, તથા ઉં નો એક વચનમાં આ ને બહુવચનમાં આં થઇ તૈયાર થયેલાં પ્રત્યય પૂર્વેનાં રૂપને **અંગ** કહે છે. અંગ્રેજી-માં આને Oblique form ને મરાઠી વ્યાકરણમાં **સામાન્યરૂપ** કહે છે. આ અંગ જૂની ગુજરાતીમાં આગળ (પૃ. ૧૪) ઉપર જણાવ્યા પ્રમાણે જૂની ગુજરાતીના સમયમાં એટલે વિ.–સં. ૧૩૫૦માં વપરાતું થઇ ગયું છે.

(૧) **नउ–नइ–ने–रहइं–तण** (છઠ્ઠીમાં)

(૨) માહિં-માંહિ (સપ્તમીમાં)

૧. "કંતિ વસંતઇ હિયડામાહિ." (નેમિનાથ ચતુ૦ ૨૨)
૨. "સુણામાંહિં દીઠઉં તિસિઉંજ મિલિઉં." (સંદર્ભ. ૮૮–૧૬)
૩. "ભવસગલાઇમાંહિ." (,, ૨૨૨–૬)
૪. "ભવસગલા માંહિ." (,, ૨૨૨–૮)
૫. "એટઈ ભાંણામાંહિ મૂંત્રિઓ." (,, ૮૪–૬)
૬. "રાંણીનઈ સુઉણામાંહિ નરગ દેખાડઈ." (,, ૮૮–૧૩)
૭. "ઘડામાહિં હાથ ઘાલ્યો." (,, ૧૬૩–૧૯)

(૩) હૂંતઉ (પાંચમીમાં)

૧. "તિ કૂયા હૂંતાં નીસરિયાં." (સંદર્ભ. ૪૪–૨૩)
૨. "કૂયા હૂંતઉં મિથુનુ નીસરઉં (,, ૪૪–૨૪)
૩. "એઉ હારુ ગલાહૂંતઉ અસંખ્યાતઈ દ્વીપિ પડિઉ." (,, ૩–૧૧)

(૪) ઇ–ઈ (ત્રીજી-સાતમીમાં)

૧. "તઉ આપણઈ થાનિ પહુચિ." (સંદર્ભ. ૧૯–૨૪)
૨. "તેહનઇ માથઇ જાણે પગ ધરઇ." (,, ૩૯–૧૯)
૩. "બાપ જઇ આંધલઉ હુઇ તઉ બેટઇ આંધલઇ હુવઉં?" (,, ૧૦૪–૨૫)

(ત્રીજી સાતમી વિભક્તિમાં આમ જેમાંથી અત્યારે 'માથે, ઘોડે' જેવાં પ્રકૃતિ–પ્રત્યયનાં એકરૂપ થએલાં રૂપ વ્યુત્પન્ન થયાં છે તેવાં 'ઘોડઇ', 'માથઇ' રૂપ જૂની ગુજરાતીમાં મળી આવશે. અત્યારનાં "ઘોડાએ–છોકરાએ" રૂપ પાછળથી વિકાસ પામેલાં છે. (સામ્યથી આવ્યાં છે.)

(૫) નામયોગીને યોગે અંગનો પ્રયોગ.

૧. "**તેહના** પિતા **આગઇ** કહઇ." (સંદર્ભ. ૫૦-૨૪)

૨. "**બીજઉરા ભણી** હાથ આધઉ કીધઉ." (,, ૧૦૦-૩૦)

૩. "**દીકિરા** કન્હઇ આવી." (,, ૫૯-૩)

૪. **લહુડા** ભાઇ **સઉં** (,, ૫૮-૧)

૫. "**આપણપા સરસઉ.**" (,, ૮-૮)

૬. "કેવલ જ્ઞાન **ઊપના પાખઇ** નહીં જાઉં" (,, ૬૮-૧૬)

૭. "થોડા **આઊખા ભણી.**" (,, ૮૬-૧૫)

(૬) રેસિ * (તાદર્થ્યે)

(૧) "ધૂપ અગુરુ **સાતિવારેસિ** ડાબડી જિ કીજઇ." (સપ્ત-ક્ષેત્રિ. ૪૩. સં. ૧૩૨૭)

---

* આ 'રેસિ' ને મુ. નરસિંહરાવભાઇ રેષા ઉપરથી વ્યુત્પન્ન કરે છે. (ગુ. ભા. સા. પુ. ૨. પૃ. ૧૨૦-૧.) પ્રાકૃતમાં રેષાનાં તૃતીયા તથા સાતમી એકવચન रेसाअ, रेसाइ, रेसाए એમ ત્રણ રૂપ હેમચંદ્રાચાર્યના મતે થાય. આ પ્રા. रेसाइ ઉપરથી અપભ્રંશ रेसाइं કે रेसइं થાય. તે ઉપરથી રેસિં બની શકે તેમ છે. પણ પંડિત હરગોવિંદદાસના "पाइअसद्दमहण्णवो" માં रेसम्मि ને रेसिम्मि પ્રાકૃત રૂપ આપ્યાં છે, ને અપભ્રંશનું रेसिं આપ્યું છે. આકારાંત નારીજાતિને म्मि પ્રત્યય લાગે તે જરા શંકા પડતું છે. વળી રેષાનું આ પ્રમાણે તો પ્રાકૃતમાં रेस થયું મનાય. જો આ પ્રાકૃત રૂપ હેમાચાર્ય પ્હેલાંનું હોય તો ત્હેમાં જાતિફેર થતાં રૂપફેર થયો માનવો પડે. કદાચ આ પ્રા. રૂપ અપ. રેસિં ઉપરથી કૃત્રિમ બનાવેલું હોય. રેષાનો અર્થ satisfaction થાય છે.

કદાચ हर्ष ઉપરથી પણ વ્યુત્પન્ન થયો હોવા સંભવ છે. हरिसम्मि પ્રાકૃત રૂપ ઉપરથી પૂર્વના નામનો છઠ્ઠીનો ह અને આ ह બે થતાં એક ઊડી रिसम्मि-रेसिम्म-रेम्मि રૂપ બને. આ માત્ર કલ્પના છે.

(૭) થી–થકી

૧. " વિક્રમ વાત સવે સાંભલી, દેહરા થિઉ બાહિરિ નીકલી."
(ગુ. પ્ર. પુ. ૭૯–૨૫) (આ ઉદાહરણ 'પંચદંડ ચતુષ્પદી'નું છે ત્હેની રચ્યા સાલ સં. ૧૫૫૬, ઉતાર્યા સાલ ૧૫૬૭)

(૫) 'અંગ'ની ઉત્પત્તિ

અંગનું આકારાંત રૂપ શી રીતે અને શામાંથી આવ્યું, તે પ્રશ્ન સહજ ઉત્પન્ન થાય છે. આ બાબત સંબંધી મતભેદને સંપૂર્ણ અવકાશ છે, એમ હું માનું છું. ડૉ. ભાણ્ડારકર પોતાનાં "ભાષણો" માં પૃ. ૨૪૦ ઉપર મરાઠી અંગ–સામાન્યરૂપની સમીક્ષા કરતાં કેટલાંક અંગને અપભ્રંશ ને કેટલાંકને પ્રાકૃત પ્રત્યયો ઉપરથી વ્યુત્પન્ન કરે છે. મરાઠી ભાષામાં આ સામાન્યરૂપનું બાહુલ્ય છે, ગુજરાતીમાં તેવું નથી. આ ને આંવાળાં મરાઠી અંગને તેઓ ह–हं અપભ્રંશ ષષ્ઠીના પ્રત્યયો ઉપરથી વ્યુત્પન્ન કરે છે. મરાઠીમાં 'हाथ'નું અંગ 'हाथा થાય છે, એટલે તે हत्थह (અપ.) ઉપરથી ह્નો લોપ થતાં અવશિષ્ટ રહેલો अ પૂર્વના अમાં ભળી અને સંયોગલોપ થઇ हाथा બને, અગર ह સમગ્ર ઊડી પૂર્વ સ્વર દીર્ઘ બની हाथा થાય. પરંતુ ગુજરાતી ભાષામાં અકારાંત નામનું અંગ બનતું નથી. જો અપ. ह ઉપરથીજ આ આવ્યો હોય (ગુજરાતીમાં પણ) તો ગુજરાતીમાં પણ અવશ્ય 'હાથા' બનવું જોઇયે, પણ તેમ બનતું નથી. તો ગુજરાતી અંગનો આ શી રીતે આવ્યો ?

(૧)

પ્રથમા	ષષ્ઠી
સં. घोटकः અપ. घोडउ	સં. घोटकस्य અપ. घोडह
સં. वटः અપ. वडु	સં. वटस्य અપ. वडह

ષષ્ઠીનાં અપભ્રંશ રૂપમાં कान्त અને करहित બન્ને જાતનાં નામમાં કશો ભેદ પડતો નથી. જો घोडह ઉપરથી ઘોડા અંગ ગુજરાતીમાં આવે તો वडह ઉપરથી 'વડા' થવું જોઇયે. છતાં અંગ ઓકારાંત નરજાતિનાં નામમાં થાય છે, અકારાંત નામમાં નથી થતું. જો એમ દલીલ કરવામાં આવે કે घोटक શબ્દનું અપ. ષષ્ઠીનું રૂપ घोडह નહીં, પણ घोडअह થવું જોઇયે તો તે રૂપ લખાણમાં મળવું શક્ય છે? બે अअનો ઉચ્ચાર શબ્દની વચ્ચે બોલીમાં સંભવિત નથી, અને પરિણામે લખાણમાં પણ ન મળે. घोटक–घोडअ થયા પછી ह પ્રત્યય લગાડિયે તે વખતે ह 'घोडअ'ના અંત્ય अने સ્થાનેજ બેશી જઇ घोडह રૂપ થાય. समय–विषय–विनय જેવા શબ્દોનાં સાતમીનાં રૂપમાં પણ આમજ બને છે. समइ–विषइ–विनइ–આ રૂપ સાતમીનાં છે. इ પ્રત્યય અંત્ય यનું સ્થાન લે છે.

(૨) મુ. નરસિંહરાવભાઇ આ આકારાંત અંગને घोडअ+नइ ઉપરથી અંત્ય अ પૂર્વ अमां મળી આ થઇ 'ઘોડાનઇ–ઘોડાને' એમ આવ્યું માને છે. "Before ने, थी, &ca; it is not the अउ or ओ that is changed to आ but the true phonetic course is: घोटक–घोडअ+ने, थी etc. and thus the अअ (without the nominative termination) becomes आ (घोडाने etc. etc.). घोडेथी need not present any difficulty, for it is the combination of the locative घोडे and the ablative termination थी" (ગુ. ભા. સા. પુ. ૧, પૃ. ૨૧૬)

આ સંબંધી મ્હારો નમ્ર મત એવો છે કે અપભ્રંશમાં પ્રથમા ને દ્વિતીયાનાં રૂપ સરખાં હોવાથી અપભ્રંશમાં તો બીજી વિભક્તિમાં 'घोडउ' રૂપજ વપરાય, घोडअ વપરાય નહીં. અપભ્રંશમાં બીજીના

ને પ્રત્યયનો વિકાસજ થયો ન હતો. એટલે પ્રથમા ને દ્વિતીયામાં રૂપ સરખાં હતાં. જ્યહારે નઇ–નિ–ને નો જૂની ગુજરાતીમાં વિકાસ થયો ત્યહારે મૂળ અપભ્રંશમાં બીજી વિભક્તિમાં જે રૂપ વપરાતું હોય ત્હેની જોડેજ નવીન પ્રત્યયને મૂકી દેવામાં આવે. અપભ્રંશમાં બન્ને વિભક્તિનાં રૂપ સરખાં હતાં માટે તો ગુજરાતીમાં બન્ને વિભક્તિમાં સરખો પ્રયોગ છે.

(૧) ઘોડા ચરે છે. (૨) હું ઘોડા ફેરવું છું.	ઘોડઉ (અપ.) પ્રથમા દ્વિતીયાનું રૂપ હોવા છતાં એ વિભક્તિઓના સતત પ્રયોગને લીધે 'ઘોડા' શબ્દ હાલ મૂળ રૂપનો મનાય છે.

વસ્તુસ્થિતિ આમ હોવાથી ઘોડઅ+ને ઉપરથી ઘોડાને રૂપમાં અંગનો આ આવ્યો નથી, પણ ઘોડઉનો અંત્ય ઉ ઊડતાં પૂર્વ સ્વર દીર્ઘ બની 'ઘોડા' અંગ આવ્યું છે.

(૩) આ અંગ ઉપર પ્રમાણે અપભ્રંશમાંજ બન્યું છે, એટલે પ્રત્યયોને લીધે અંગ કરવું પડ્યું છે, એમ જે મનાય છે, તે કંઇક અંશે અનુચિત લાગે છે. અપભ્રંશમાં બીજી વિભક્તિમાં નઇ જેવો પ્રત્યય લાગતો ન હતો, છતાં આકારાંત રૂપ વૈકલ્પિક રૂપ તરીકે વપરાયાનાં ઉદાહરણ સિદ્ધહેમ વ્યાકરણમાં જડે છે. આ તૈયાર થયેલા અંગને પાછળથી જૂની ગુજરાતીમાં પ્રત્યય લાગવા મંડ્યો, તેમજ જૂની પ્રણાલિકા પ્રમાણે અઉવાળા રૂપને ન્હોતો પણ લાગતો. આજ કારણથી બાજીમાં પ્રત્યય લાગે છે તેમ નથી પણ લાગતો. આ જાતનું ઘોડઉ–(ઉ ઊડી પૂર્વ સ્વર દીર્ઘ બની) ઘોડા જેવું રૂપ સિદ્ધહેમ સિવાય અન્યત્ર નોંધવામાં આવતું નથી. તેથી એમ અનુમાન કરવામાં આવે છે કે હેમચંદ્રાચાર્યના સમયના કે ત્હેમના નજિકના ભૂતકાળના તે દોહા હોવા જોઇયે. સૂત્ર ૮–૪–૩૩૦ " स्यादौ दीर्घह्रस्वौ " પ્રમાણે સિ, વગેરે પ્રત્યયો પૂર્વે એટલે ઉદાહરણમાં નોંધ્યા પ્રમાણે પ્રથમા, દ્વિતીયા

અને સંબોધન એકવચનમાં આ થતો, તેમજ દીર્ઘ સ્વરનો હ્રસ્વ સ્વર પણ થતો. આ સૂત્ર આધારે અંગનો આ થયો છે.

ઉદા.

(૧) " मा कुरु दीहा माणु " (૮–૪–૩૩૦) દીહા વિશેષણમાં क લાગ્યો છે. સં. दीर्घकः અપ. दीहउ–પછી उ ઊડી પૂર્વ સ્વર દીર્ઘ બની દીહા રૂપ થયું છે. સુત્ર ૮-૪-૩૩૧ "स्यमोरस्योत्" પ્રમાણે પ્રથમા ને દ્વિતીયા એકવચનમાં નામના અંત્ય अ નો उ થતો અને જ્યહાં कान्त શબ્દ હતો ત્યહાં (अ) उ થતો. સૂત્ર ૮–૪–૩૫૪ " कान्तस्यात उं स्यमोः " कान्त નાન્યતરજાતિનાં નામમાં (अ) उं પ્રથમા (सि) ને દ્વિતીયા (अम्) એકવચનમાં થતો હતો.

(૨) " फल लिहिआ भुञ्जन्ति " (૮-૪–૩૩૫) લિહિઆ પણ સં. लिखितक અપ. लिहिअउंનું અંત્ય उं ઊડતાં પૂર્વસ્વર દીર્ઘ બની થયો છે, અથવા આને બહુવચન નરજાતિનું રૂપ પણ ગણી શકાય. તે પ્રસંગે फल શબ્દની જાતિમાં ફેર થયો છે, એમ સ્વીકારવું પડશે.

(૩) " गरुआ मरु पिक्खेवि " (૮–૪–૩૪૦) मरु નરજાતિનો હોવાથી સં. गुरुक–गरुअउ ઉપરથી गरुआ થયો છે.

(૪) " देक्खु अम्हारा कन्तु " (૮–૪–૩૪૫) अम्हारा દ્વિતીયાનું વિશેપણ છે. મૂળ अम्हारउ ઉપરથી अम्हारा થયું છે.

(૫) " सोएवा पर वारिआ पुप्फवईहिं समाणु ।
जग्गेवा पुणु को धरइ जइ सो वेउ पमाणु ॥ " (૮–૪–
૪૩૮)

આમાં સામાન્યકૃદંત सोएव्वउं–जग्गेवउं ઉપરથી અંત્ય उं ઊડી सोएवा–जग्गेवा રૂપ આવ્યાં છે. પ્રથમ રૂપ પ્રથમા વિભક્તિમાં છે,

બીજું દ્વિતીયામાં છે. આ પ્રમાણે 'સુવા, દોડવા, પડવા', વગેરે રૂપો અપ. સામાન્ય કૃદંતનાં **અંગ** છે. ત્હેમને ને પ્રત્યય લગાડિયે એટલે '**સુવાને, દોડવાને, પડવાને**' થાય. जग्गेवा રૂપ घरइ ક્રિયાપદનું કર્મ છે. આ ઉદાહરણોમાં માત્ર બીજીના પ્રયોગો નોંધવાની જરૂર હોવાથી પ્રથમા ને સંબોધનનાં તેવાં રૂપ નોંધ્યાં નથી.

નાન્યતરજાતિના નામના અંગનું '**આં**' (બ. વ.) તે નામના બહુવચનના રૂપ ઉપરથી આવ્યું છે, એમ સમઝાય છે, કારણ વિક્રમના ચૌદમા સૈકામાં लघुकानि–लहुडाइं–लहुडां બ. વ. નું રૂપ તૈયાર થયું હતું, તે પ્રથમ પ્રકરણમાં નોંધ્યું છે.

(૬) પ્રત્યયોનું વ્યસ્ત ને સમસ્ત સ્વરૂપ

ગુજરાતી ભાષાના વિભક્તિપ્રત્યયો ઘણાખરા મૂળ વ્યસ્તદશાના હતા. તે કાળે કરીને ઘસાઇ સમસ્તદશાના (Synthetic) થયા છે. '**તણો**', '**કેરો**', '**મોઝાર**', વગેરે પ્રત્યય તરીકે વપરાતા હોવા છતાં તે વ્યસ્તદશાના (Analytical) રહ્યા છે. પરંતુ '**ને**', '**થી**', '**નો**', '**માં**', વગેરે વ્યસ્તદશામાંથી છૂટી સમસ્તદશાના હાલ થયા છે. પ્રત્યયોનું સમસ્ત સ્વરૂપ ક્યારે ગણાય ત્હેનો વિચાર કરતાં ડૉ. ભાણ્ડારકર, ડૉ. બીમ્સ, વગેરેના આ સંબંધી અભિપ્રાયની ઉહાપોહ કરી સુ. નરસિંહરાવભાઇ નિર્ણય ઉપર આવે છે કેઃ—

"Thus for our use, the true, and essential tests of a synthetic form are:—

(a) that the termination is derived by the wearing out of an original word, which has lost its independent nature and

(b) the capacity of such termination to alter

the final vowels & ca. of the nouns to which they are attached." (ગુ. ભા. સા. પુ. ૨; પૃ. ૮૦)

આ પ્રમાણે સમસ્તદશાના પ્રત્યયનાં મુખ્ય બે લક્ષણો છે. (૧) મૂળના છૂટા વપરાતા અનુગ (post-positions) ઘસાઇ વિકૃતરૂપે સ્વતંત્ર શબ્દ તરીકે વપરાતા બંધ પડે (૨) તે લાગતાં પૂર્વના અંત્ય સ્વરમાં ફેરફાર થઈ શકે.

પ્રથમા—ઘોડો	ચતુર્થી—ઘોડાને
દ્વિતીયા—ઘોડાને, ઘોડો	પંચમી—ઘોડાથી—ઘોડેથી
તૃતીયા-ઘોડે—ઘોડાએ, ઘોડાથી	ષષ્ઠી—ઘોડાનો—ની—નું—ને
	સપ્તમી—ઘોડે—ઘોડામાં

ઉપરના 'ઘોડો' શબ્દનાં રૂપ જોતાં પ્રત્યય પૂર્વે (૧) સર્વત્ર ઓ સ્વરને બદલે બીજો સ્વર થયો છે. ત્રીજી ને સાતમી સિવાય બીજે ઓ નો આ થયો છે. (૨) તણ, સ્થિત, મધ્ય શબ્દો ઘસાઇને હાલના **'ને', 'નો' 'થી'** ને **'માં'** પ્રત્યય આવ્યા છે. એટલે સૂધી ઘસારો પેઠો છે કે ત્હેમનું મૂળ શોધવુ પણ સંશયગ્રસ્ત બને, અને અત્યારે આ પ્રત્યયો વિભક્તિપ્રત્યય સિવાય બીજે અર્થે વપરાતા બંધ પડ્યા છે. એટલે ગુજરાતીના વિભક્તિપ્રત્યયો બધા હાલ સમસ્તદશાના બન્યા છે. માત્ર ત્રીજી ને સાતમીનો **'એ'** પ્રત્યય હાલ જે વપરાય છે તે કોઇ કાળે વ્યસ્તદશાનો થયો નથી, એમ મ્હારૂં માનવું છે. સંસ્કૃતથી માંડી અત્યાર સૂધી તે સમસ્ત સ્વરૂપે જ રહ્યો છે. તથા **'તણો', 'કેરો', 'માઝાર'** અત્યારે પણ વ્યસ્તદશાના રહ્યા છે, કારણ ત્હેમના સ્વરૂપમાં ઝાઝો ફેરફાર થયો નથી, જો કે અંગ તો ત્હેમાં પણ કરવું પડે છે.

ગુજરાતી ભાષા સંબંધી વિચાર કરતાં સમસ્તદશાના પ્રત્યયોનું જે બીજું લક્ષણ છે તે એટલું બધું આવશ્યક લાગતું નથી, જો કે

અન્ય ભાષાઓ માટે તે વાસ્તવિક હશે. 'અંગ'ની ઉત્પત્તિ સંબંધે જણાવ્યું તે પ્રમાણે 'અંગ' અપભ્રંશ સમયમાં તૈયાર થયું છે. તે તૈયાર થયું ત્યહારે બીજીનો 'ને' પ્રત્યય વ્યુત્પન્ન ન્હોતો થયો, તેમ તે લગાડવાની જરૂર પણ ન હતી. એટલે અંગનો 'આ' પ્રત્યયને લીધે થયો છે, એમ કહી શકાય નહીં. વળી 'ઘોડેથી' રૂપમાં 'ઘોડે+થી' આમ હોવાથી 'થી' પ્રત્યયને લીધે પૂર્વનો 'એ' થયો છે, એમ કહી શકાશે નહીં. તે સાતમીના રૂપ 'ઘોડે'માં પાંચમીનો 'થી' પ્રત્યય ભળી બનેલું હોવાથી 'થી' પ્રત્યયને લીધે કશો ફેરફાર થયો નથી, છતાં તે રૂપ સમસ્તદશાનું નથી, એમ કોણ કહેશે? તેમ ત્રીજી ને સાતમીનો પ્રત્યય 'એ' સમસ્ત સ્વરૂપનો મૂળથી હોઇ સં. घोटकेन અપ. घोडइ ગુ. ઘોડે રૂપે આવ્યો હોવાથી ત્હેમાં પણ નામનો અંત્ય સ્વર પ્રત્યયને લીધે ફર્યો નથી.

(૭) બહુવચન

પ્રાકૃતમાં इ–उકારાંત નરજાતિના તથા इ–ई–उ–ऊકારાંત નારીજાતિના બહુવચનમાં उ ને ओ બે પ્રત્યય હતા (સિ. હે. ૮–૩–૨૦; ૨૭) अग्नयः માટે પ્રાકૃતમાં अग्गउ કે अग्गओ, वायवः માટે वायउ કે वायओ, सख्यः વાસ્તે सहीउ કે सहीओ, मालाः વાસ્તે मालाउ કે मालाओ, धेनवः માટે धेणूउ કે धेणूओ. વગેરે. પ્રાકૃતમાં અકારાંત નરજાતિના નામના બહુવચન માટે आ જૂનો સંસ્કૃતનો પ્રત્યય હતો. તે અપભ્રંશમાં ચાલુ રહ્યો, તો કોઈ વખત વિશેષણનું બહુવચનનું રૂપ વિશેષ્યને आ સિવાય નભાવી લેતું. અર્વાચીન ગુજરાતીમાં બહુવચનનો ओ પ્રત્યય છે. તે નારીજાતિના અપભ્રંશના બહુવચનના પ્રત્યય उ કે ओ ઉપરથી આવ્યો લાગે છે, અને તે ભાષામાં ઘણો મોડો આવ્યો છે.

પ્રાકૃત—

૧. "ततो दो वि **जणीओ गयाओ** वासुदेवसमीवं." (વસુ. ૮૩–૧૦)

२. "पुणो परिणेऊण **आढत्ताओ** पुव्ववरस्स **ताओ वहूओ**" (,, ७०–२२)

३. "**चेडीओ** भणंति–'**सामिणीउ**' सा कस्स [इ] अडविराइणो धूया होहि ति" (,,८२ –२०)

અપભ્રંશ—

१. "जे महु दिण्णा दिअहडा दइएं पवसन्तेण ।
ताण गणन्तिए **अङ्गुलिउ** जज्जरिआउ नहेण ॥ (સિ. હે. ૮–૪–૩૩૩)

આ નારીજાતિના ओ–उ પ્રત્યય ઉપરથી બહુવચનનો ओ આવ્યો છે. જૂનો અપભ્રંશનો उ પ્રત્યય કાઠિયાવાડમાં નારીજાતિનાં નામ માટે વપરાય છે: 'ગાળયુ', 'નદિયુ', વગેરે. જૂની ગુજરાતીમાં આ उ નજરે ચડે છે.

આ 'ઉ' ઉપરાંત જૂની ગુજરાતીમાં બીજો પણ બહુવચનનો પ્રયોગ થતો હતો. 'બહિનર, નણદર, ફૈઅર, વહૂરુ, સહીરુ, માવરુ', વગેરે રૂપો પણ બહુવચનનાં છે.

ઉદા.

૧. "વહુરઉ, વયરી, વલ્લહઉ, હિયઇ ખટક્કઇ તિણ્ણિ.
વીસારતાં ન વીસરઇ વસતાં ઊવસિ રન્નિ." (પ્ર. ચિ. ૧૦૯)

૨. "બેટા બેટી **બહિનર** માઈ." (વિ. પ્ર. ૩૧૪)

૩. "**નણદર ફૈઅર** સાસૂ વહૂ, રૂડૂં સગૂં સણીજૂં સહૂ." (વિ. પ્ર. ૧૬૮)

૪. "ચતુર **સહીરુ** કારણ કાંઇ ચીતવશિ મનિ શૈક!" (કાદ. ૧૩૮)

૫. "ન ગણઇ ઘરમાંટી કુણ માત્ર, **નારિઉ** જાઇ જોવા જાત્ર." (વિ પ્ર. ૭૧)

૬. "શુકલ પક્ષિ સવિ અરિઅણ દમી," (કા. પ્ર. ૯૯)

૭. "તવ સખીઉં જગાડી બિ ચ્યાર આવી ઘર ઉઘાડ્યાં બાર." (વિદ્યા વિ. ૧૧૭ પછી પ્રક્ષેપ)

૮. "કહિ કવિઅણ હૂં વિમલમતિ વિમલપ્રબંધ રચેશિ." (વિ. પ્ર. ૧)

અપભ્રંશમાં '**सहियरि**' (સંબોધન) શબ્દ (ભવિ. ૮–૪–૨) તેમજ (ભવિ. ૧૯–૪–૨)માં વપરાયો છે. મુ. નરસિંહરાવભાઇ ત્હેને 'સં. सहचरी પ્રા. અપ. सहयरी ગુ. સહિયર' (પુ. ૧, પૃ. ૨૩૩) ઉપર सहचरी ઉપરથી વ્યુત્પન્ન કરે છે. અપ. રૂપ सहयरी આપે છે. પણ અપભ્રંશમાં જ 'सहियरि' વપરાયું છે. એટલે તે શબ્દ सखीजन–सहियणी–सहियरी રૂપે આવ્યો લાગે છે. અને 'सहीरु' રૂપ બ. વ. નો उ ભળી य નો લોપ થઇ પૂર્વ સ્વર દીર્ઘ બની આવ્યો લાગે છે. બીજા શબ્દોનું પણ તેમજ. અથવા તો સિ. હે. ૮–૩–૪૬માં मातरः નું પ્રાકૃત माअराउ–माअराओ આપ્યું છે. તે ઉપરથી र જાણે બહુવચનનો પ્રત્યય હોય તેમ આ બધાં સગાઇવાચક નામોનાં રૂપમાં તે र આવ્યો હોય, છતાં जन ઉપરથી આવ્યો હોય તે વિશેષ સંભવિત લાગે છે. વસંત વિલાસ પૃષ્ઠ ૧૬ ઉપર 'अलिअल' ને 'अलिजन' બન્ને શબ્દો વપરાયા છે. આ ઉપરથી એમ જણાય છે કે जन શબ્દના न નો न–ण–र કે न–ल–र એમ વિકાસ થઇ છેવટે र સ્થિર થયો. सखीजन–सहियणी–सहियरी પછી उ લાગતાં '**સહીરુ**' શબ્દ બન્યો. जन ઉપરથી નારીજાતિ–વાચક શબ્દ जणी પ્રાકૃતના ઉપરના ઉદાહરણમાં વપરાયો છે, તેમજ 'जणाइं' નાન્યતર જાતિમાં પણ વપરાતો.

નાન્યતર જાતિનું બ. વ. નું **आं**-आनि–आणि-आइं–आं રૂપે આવ્યું છે.

આ ઉપરાંત અર્વાચીન ગુજરાતીમાં વપરાતાં '**એમ્હને**' '**ત્હેમને**' '**જહેમને**' રૂપોનો '**મ**' અપભ્રંશના अम्हे–तुम्हे ના સામ્ય ઉપરથી માત્ર થોડાંક વર્ષો ઉપર પ્રચારમાં આવ્યો લાગે છે.

પ્રકરણ ૧૧મું

સર્વનામ-વિશેષણ

હું-અમ્હે—'હું' સર્વનામ સં. अहं ઉપરથી क ના સ્વાર્થે ઉમેરણથી આવ્યું છે. अहंમાં क્ર લાગતો તે ઉદાહરણથી આગળ બતાવ્યું છે. પ્રા. अहअं ઉપરથી પૂર્વશ્રુતિ अનો લોપ થઇ અપભ્રંશમાં हउं થયું. તે ઉપરથી ગુજરાતીમાં 'હું' આવ્યું. '**અમ્હે**' વૈદિક સંસ્કૃત अस्मे ઉપરથી પ્રા. અપ. માં अम्हे થઇ ગુજરાતીમાં ह् જરા મોળો પડી આવ્યું છે. આ સર્વનામના બહુવચનના ए પ્રત્યયને લીધે બીજાં સર્વનામમાં પણ ए નો इ જૂની ગુજરાતીમાં વપરાતો જડે છે. પ્રાકૃતમાં અકારાંત નામમાં દ્વિતીયા બહુવચનમાં પણ સર્વનામના જેવાં રૂપ થતાં. वच्छे पेच्छ (वत्सान् प्रेक्षस्व). આ રૂપ પણ સર્વનામને લીધે આવ્યું લાગે છે. આથી ઊલટું જૂ. ગુ. માં' તહ્મો-અહ્મો' ઓકારાંત રૂપ પણ વપરાતાં.

ઉદા.

૧. "મોહા મોટા મંત્રીનૂં મંડલ; સચિવ કરિ **સવિ** સેવ;" (કાદં. ૪)

૨. "તિમ **સવિ**હઉં જીવહૂઇં આપણા ર પ્રાણ વલ્લભ." (સંદર્ભ. ૧૦૪-૧૭)

૩. તિ **સવ્વે** પુટકુટીમાહિ સુખિહિં રહિયાં." (સંદર્ભ. ૪૫-૨)

૪. "**એકિ** રાય આપણા હીયાનઉ હાર હલાવઈ." (સંદર્ભ. ૧૪૪-૧૦)

તું-તમ્હે—સં. त्वम् ઉપરથી પ્રાકૃતમાં तुमं રૂપ થતું. તે ઉપરથી અપ. तुहुं રૂપ થયું. ह् ઊડી જૂ. ગુ. માં तउं રૂપ થયું. વૈદિક तुष्मके જેવા રૂપ ઉપરથી પ્રા. માં तुम्मे-तुम्हे રૂપ થયાં. છેલ્લું

મૂ–તૂ–તુમ્હ–અમ્હ—પ્રા. तुह–मह (मुह) ઉપરથી છઠ્ઠીનાં 'મૂ' 'તૂ' રૂપો ગુજરાતીમાં **અંગ** તરીકે પણ વપરાવા લાગ્યાં. तुम्यं ઉપરનું तुम्ह તેવીજ રીતે अम्ह રૂપ છઠ્ઠી તરીકે, તેમજ **અંગ** તરીકે પણ વપરાતાં. એટલે છઠ્ઠી, ચોથી, બીજીમાં પ્રત્યય સહિત કે પ્રત્યય વગર વપરાતાં.

ઉદા.

૧. "તો એક કારજ કહિયે તુમ્હ." (ગુ. ભા. સા. પુ ૨. પૃ. ૧૧૮)

૨. "જૂ અમ્હ આવી સાંતલ મિલઇ." (,, ,,)

૩. "સુ તૂ પાખઇ અનેરઇં કિણિહિં મરઇ નહી." (સંદર્ભ. ૭–૧૮)

૪. "દેવતા તૂરહઇં રાજ્યુ દિયઇ." (સંદર્ભ. ૨૨–૧૯)

૫. "તથાપિ હિં મૂ રાજિય કાર્યું નહીં." (,, ૨૨–૧૯)

૬. "તદા કાલિ મૂ ઉદ્દિસી કરી મહાત્મા ભણિઉં." (,, ૧૫–૮)

૭. "મૂરહઇં લોકમાહિ કાજુ છઇ." (,, ૫૫–૧)

૮. "પસાઉ કરી અમ્હરહઇં દીક્ષા દિયઉ" (,, ૫૩–૨)

૯. "કિસી ઇચ્છા તુમ્હરહઇં છઇ ?" (,, ૫૩–૪)

૧૦. "તુઝનઇં કાંઇ ગ્નાન છઇ ?" (,, ૭૦–૧૨)

૧૧. "તુહ્મનઇં વાચના દ્યૂઇ." (,, ૭૭–૧૪)

૧૨. "તુમ્હ પાખઇ પિતૃમંદિરિહિં મૂરહઇં રતિ નહીં." (,, ૧૯–૧૫)

માહરૂં–તાહરૂં–અમ્હારૂં–તમ્હારૂં— પ્રા. मह–तुह ઉપરથી છઠ્ઠીનાં બીજાં સ્પષ્ટ રૂપ महारउ–तुहारउ અપભ્રંશમાં થયાં. બહુવચનમાં તે પ્રમાણે अम्हारउ–तुम्हारउ થયાં.

इउ-एउ રૂપ અપભ્રંશમાં પણ વપરાતાં હતાં.
ઉદા.

૧. "વિદ્યાતણઉ પ્રભાવુ એઉ." (સંદર્ભ. ૫૪-૧૧)
૨. "**આહા** પાંણીના જીવ વિણસઇ છઇં." (,, ૮૯-૨)
૩. "જિમ **આહા** હઉં નરકનાં દુક્ખ છૂટઉં." (,, ૯૨-૨૦)
૪. "સુ પુણિ ઇઉ ધનકારણિ ફિરતઉ હૂંતઉ." (,, ૩-૩)
૫. "ઇણિ દેવિ લાધઉ." (,, ૩-૧૨)
૬. "**એહુ** વિશ્વમાહિ ધર્મ્મુ જિનપ્રણીતુ." (,, ૩-૧૮)
૭. "ઇણિ આવિયઇ અમ્હારઇ ઘરિ લક્ષ્મી તણા પુંજ હુયા." (,, ૧૩-૨૦)
૮. "**એહે** ૩૬ ગુણે કરી સહિત." (,, ૧૨૬-૪)

'**આહા**' રૂપ अस्य-अस्स-'આહ' રૂપે આવ્યું છે.

જિહાં-તિહાં-કિહાં-ઇહાં-આ રૂપ મૂળમાં પાંચમીનાં છે, પણ હાલ સાતમીના અર્થમાં અવ્યયરૂપે વપરાય છે. यस्मात्-जम्हा-जह्मं-जिह्मं-(હાલ) જય્હાં, ત્ય્હાં, વગેરે. અપભ્રંશમાં પણ સાતમીનો અર્થ હતો.
ઉદા.

૧. "**તિહાં** વિજયવતી નામિ નગરી." (સંદર્ભ. ૧-૭)
૨. "મિત્ર ! એતલઉ કાલુ **કિહાં** થાકઉ ?" (,, ૧-૧૫)
૩. 'તઇં અમ્હે **ઇહાં** છતા જાણિયા." (,, ૧૧-૨૩)
૪. "**જિહાં** વિદ્યાપતિ હૂંતઉ **તિહાં** આવિયા." (,, ૨૨-૧૨)

શો-શી-શું-આ સર્વનામ સં. कीदृश વિશેષણ ઉપરથી આવ્યું છે. પ્રાકૃતમાં ત્હેનું केरिस થતું. પછી कइस-किइस-कइस ઉપરથી कइसउं-किसउं-किसिउं-सिउं-स्युं-શું રૂપ વ્યુત્પન્ન થયું છે. ઠેઠ શામળના વખત સૂધી 'કશું' વપરાતું, અને જોડે જોડે 'શું' પણ વપરાતું. 'શું'નો પ્રયોગ જૂની ગુજરાતીમાં વિક્રમના ૧૬મા સૈકાની શરૂ-

ઉદા.

૧. "તે વચન તેહે સુશિષ્યે સાચઉંજ સુણિ પડિવજિઉં." (સંદર્ભ. ૭૭–૧૨)

૨. "તીણઇ જ ક્ષેત્રિ રહિયા." (સંદર્ભ. ૭૭–૧૯)

૩. "તેહ ભણી ગુરુ રાયસમક્ષ લહુડાઇરહઇં દીક્ષા દીધી." (સંદર્ભ. ૭૭–૭)

૪. "સુ લાઘવુ જિ મતિમંત હૂયઇં. તેહે શક્તિ હૂંતી અવશ્યુ રાખિવઉ." (,, ૪–૧૪)

૫. "તિણિ આહારિ દોખિ રાઉ મૂયઉ." (,, ૫–૧૬)

૬. "તેહતણઉ મહેસરદતુ નામિ મિત્રુ." (,, ૫–૨૨)

૭. "જ કાઇ સિંહુ કહઇ તં તુમ્હે કરિવઉં." (,, ૨૪–૨૨)

૮. "અહો લોકઉ ! જુ રાજ ભાગુ આવઇ સુ ધનુ ધમ્મિ હિં જિ વચઉ." (,, ૨૩–૧)

૯. "જિ કે ભક્ષ્યભેદ સંભવઇં તિ સગલાઇં કરઉ." (,, ૫–૧૨)

૧૦. "તીંહં કન્હા મણિમાલા અણાવી નિધાનુ અણાવિઉં." (સંદર્ભ. ૧૫–૨૪)

૧૧. 'જેહે પાએ આગઇ ભુઈં છિવી...તેહે પાએ...હીંડતઉ." (,, ૩૯–૧૭)

૧૨. "જિ કો બોલાવઈ." (,, ૯૯–૮)

એ–આ–સં. एतद् ના एते ઉપરથી एइ બહુવચનમાં અપભ્રંશમાં વપરાતો. અપ. एह એ. વ. ઉપરથી इउ–एउ જૂ. ગુ. નું આવ્યું, ને બહુવચનમાં અપ. एइ ઉપરથી 'એ' આવ્યો. इदम्‌ના અપ. आय ઉપરથી 'આ' આવેલો છે.

૬. "તેહનઉ ચઉથઉ ભાગ પોતઇ રાખઇ." (સંદર્ભ. ૧૨૧-૨૫)

કઉણુ—कः पुनः—कोउण અપ. कवण ઉપરથી જૂ. ગુ. कउण. તે ઉપરથી અ. ગુ. માં 'કોણ' થયો છે. છતાં કવિતામાં અપ. कवण ચાલુ રહ્યો છે. कवण ઉપરથી વચગાળે 'કુણ' પણ થયો હતો.

ઉદા.

૧. "તે કવણ કવણ-વીણા, વિપંચી..." (સંદર્ભ. ૧૩૬-૮)

૨. "વિકલાઇં છઇં ધર્મ્મઇં કરી સુવર્ણ આપણઉં દેહુ કઉણુ હઇ ?" (,, ૩૬-૨)

૩. "કુણહિરઉ ઉપાય પાડિઉ." (,, ૬૩-૭)

૪. "મયગલુ ઉવટ સંચરએ, કિણિં કાનિ ગહીજઇ ?" (આરાધના-૨૬)

'કિણિં' રૂપ સં. केन—केणइ ઉપરથી આવ્યું છે. (બેવડો પ્રત્યય)

કોઇ—કેઇ—કાંઇ—અનિશ્ચિત સર્વનામ સંસ્કૃત कोऽपि—केऽपि ઉપરથી कोवि—केवि; कोइ—केइ રૂપે આવ્યાં છે. કાંઇ રૂપ कानि—काइं—कांइ રૂપે આવ્યું લાગે છે. એક રૂપે કાંઇ—કાં અવ્યય (પ્રશ્નાર્થ) થયું, ને બીજે રૂપે અનિશ્ચિત સર્વનામ થયું.

ઉદા.

૧. "બીજા લોકનું જાણિઉં કાંઇ પ્રમાણ નહીં." (સંદર્ભ. ૬૮-૪)

૨. "તુમ્હહૂંઇં મરિ કાંઇ કહિઉં ?" (,, ૧૦૩-૮) (શા માટે)

પેલું—ઓલ્યું—આ સર્વનામનાં પ્રાકૃત અપભ્રંશમાં રૂપ મ્હારા જોવામાં આવ્યાં નથી, માટે વ્યુત્પત્તિ આપવી ઠીક લાગતી નથી.

ઉદા.

૧. "તેહની મૂર્છાઇં કરી પેલઉ ગહિલઉ થિઉ." (સંદર્ભ. ૯૯-૭)

૨. "પેલઇં તે ઉપાય જાણિઉ." (,, ૬૯-૧૮)

આતથી થયો છે. સંવત્ ૧૪૭૮ના 'પૃથ્વીચંદ્રચરિત'માં તે વપરાયેલું જણાતું નથી.

ઉદા.

૧. "તીણઇં રામતિઇં કિસિઉં કીજઇ જીણિ કરાઇ પાપ?" (પૃથ્વીચંદ્ર)

૨. "કિસા જિ અરિહંત?" તેમજ "કિસી જ સિદ્ધિ?" (નવકાર વ્યાખ્યાન)

૩. "સાનિ પરણિ ન કુંઅરી અનોપમી એ?" (ઉષાહરણ—૮૩)
૪. "શ્યું કીજઇ જેણિ ન લાગઇ પાપ?" (કાદં.)
૫. "ધર્મ કિશું નવિ જાણૂં" (,,)
૬. "એ છિ શૂ, એ દીસિ શૂ?" (,, ૧૯)

પોતઇ—સં. आत्मत्वे—अप्पत्ते—पोत्ते—पोट्टे. पोट्टने દેશ્ય ગણવામાં આવ્યો છે. પરંતુ હું માનું છું કે 'પોતે' ને 'પોટ્ટ' બન્નેનું મૂળ એકજ છે. મૂળ 'શરીરે' 'જાતમાં' એવો અર્થ હતો. પાછળથી હાલનો અર્થ આવ્યો છે.

ઉદા.

૧. "दिण कइवि वसिउ महुतणइं पोत्ति." (ભવિ. ૧૨-૪-૭)
૨. "તેહનઇ પોતઇ પાપનઉ ઢિગ બાંધિઉ." (સંદર્ભ. ૧૦૪—૬)
૩. 'વસ્ત્ર ભૂષણ પિહિર્યાં પોતિ, ભક્ષ કીધાં પાન." (કાદં. ૬૭—૬)

૪. "સુપુત્ર પામિયઇ જઈ પોતઇ પુણ્ય તણઉ ભર." (સંદર્ભ. ૧૫૬—૨૯)

૫. "હિવ તુ પામીયઇ સુમિત્ર ઉત્તમ જઇ પોતઇ પુણ્ય હુઇ." (,, ૧૫૭-૧)

મળે છે. એટલે 'ને' પ્રત્યય ઊડીને એ રૂપ આવ્યાં છે, એમ કહેવાને બદલે પદ્યરચનાની અનુકૂળતા ખાતર જૂનાં પ્રત્યયરહિત એ રૂપો ચાલુ રહ્યાં છે, એમ કહેવું વિશેષ સાર્થક છે. તે ઉપરાંત બધાં રૂપ કાવ્યમાં base formations (અંગ) તરીકે વપરાયેલાં જડે છે.

અંગ	અંગ	છઠ્ઠી
મુજને-મુજથી-મુજમાં	અમ્હને-અમ્હથી-અમ્હમાં	"**અમ** કાજ"
તુજને-તુજથી-તુજમાં	તમ્હને-તમ્હથી-તમ્હમાં	"**તમ** માટે"

ઉદા. (૧) (પ્રાકૃત)

૧. "अम्हे **तुज्झे** सेविउकामा" (વસુ. ૩૫૮-૮) } બીજી કે ચોથીમાં
૨. "**तुज्झे** मोत्तूण को अण्णो समत्थो" („ ૩૫૪-૨૭)
૩. "**मज्झ** ण देंति" („ ૯૫-૭)
૪. "तं च राया **तुज्झं** दाउकामो" („ ૩૪૯-૧૧)
૫. "मा **तुज्झ** पुणो वि लग्गिस्सं" (ગાથાસ. શ. ૪-૭૫)

૬. किं **अम्हं** वयणेण **तुम्ह** जओ होहिति ण वा" (વસુ. ૧૨૮-૨૮) } છઠ્ઠીમાં
૭. "**अम्हं** तवस्सीणं" („ ૯૫-૧૭)
૮. "**अम्हं** न करेइ वयणं" („ ૬૦-૧)

૯. "**अम्ह** जीवियं दिन्नं." („ ૨૪-૧૬) } બીજી કે ચોથી
૧૦. "अहं पेसिओ **तुम्हं** पउत्तिं निवेएउं" („ ૩૧૭-૨૬)

૧૧. "एस **तुज्झं** न सुणइ" („ ૨૨-૨૧) } બીજીમાં

(૨) અપભ્રંશ

૧. "मइं **तुज्झु** समप्पिउ विक्कमेण" (ભવિ. પૃ. ૧૪૩) } બીજી કે ચોથી
૨. फुडु अक्खिउ मइ **तुज्झु**" (દોહાપાહુડ-૨૦૬)
૩. "बुहजण ! संभालमि **तुम्ह**" (ભવિ. ૧-૨-૧)

૩. "ઉલ્યા ત્રિહુ ખંડિ થિત્તિ કેવલિ ઇમ આખઇ." (સપ્ત-ક્ષેત્રિરાસુ-૭)

આપણુ-આપણે-આ સ્વવાચક સર્વનામ સં. आत्मनः ઉપરથી પ્રાકૃતમાં अप्पणो થઇ પછી आपण અંગ પણ બનતાં आपणा, आपणुं, आपणे, आपणने, વગેરે રૂપ આવ્યાં છે. आत्मने પાછો त्व લાગી आपणपइं-आपणपउं, વગેરે રૂપ જૂ. ગુ. માં નીપજ્યાં છે.

ઉદા.

૧. "**આપણા** અનુજ લહુડા ભાઇસઉં કિસઉં ઝૂઝુ?" (સંદર્ભ. ૫૮-૧)

૨. "**આપણાં** ગુણહં કરી ધમ્મર્નંદુ પ્રસી ખ્યાતિ પ્રાપ્તિ હૂયઉ." (,, ૫૪-૧૭)

૩. "યક્ષ! તઉં **આપણઇ** થાનિ પહુચિ." (,, ૧૯-૨૪)

૪. "એઉ તાહરઉ ઘોડઉ **આપણઉ** સાતિ." (,, ૧૬-૧ 'રાજ્ય')

૫. "**આપણપઇં** સાર્થવાહુ ઘોડઇ ચડિઉ." (,, ૧૪-૧૨)

૬. "**આપણપઉં** દિવ્યાલંકાર શૃંગાર ધારકુ દેખઇ." (,, ૧૨-૧૨)

તા. ક.

ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૧૧૯ ઉપર મુ. નરસિંહરાવભાઇ જણાવે છે કે अम्ह, तुम्ह, मुज, तुज સાર્વનામિક રૂપનો 'ને'-બીજીનો પ્રત્યય પદરચનાની અનુકૂળતા ખાતર ઊડી ગયો છે, તેમજ મુજ-તુજ જેવાં છઠ્ઠીનાં રૂપ છે તેવાં अम्ह-तुम्ह છઠ્ઠીનાં રૂપ નથી. પણ માત્ર પ્રત્યય પૂર્વનું રૂપ (Base formation) છે.

આ સંબંધી જણાવવાનું કે એ બધાં રૂપ પ્રાકૃત-અપભ્રંશમાં બીજી, ચોથી ને છઠ્ઠીના અર્થમાં વપરાયાં છે. જૂની ગુજરાતીમાં પણ તેવો બીજીનો પ્રયોગ મળે છે, ને કેટલાક સામાન્ય ભાષામાં પણ

ઉદા. (૧) (અપભ્રંશ)

१. " परकलत्तु मइं **समउ** गणिज्जहि." (ભવિ. ૩-૧૯-૮)

२. " तिण-**सम** गणइ विसिट्ठु." (સિ. હે. ૮-૪-૩૫૮)

३. " मन्निवि तिण**समु** अत्थाणु सव्वु." (ભવિ. ૧૩-૧૨-૧૦)

(૨) (જૂની ગુ.)

૧. "વયરસામિ સંપત્ત નયરિ પાડલ**સમ** તુલ્લઈ." (ઉવએસ. ૨૦)

૨. "ઉપ્પલદલ ઉપ્પરિ જિમ નીરુ તે **સઉં** ચંચલ જીવ સરીરુ." (માતૃકા. ૧૫)

૩. "તુમ્હે અપૂર્વ**સ્યાં** દીસઉ." (સંદર્ભ. ૧૭૦-૪)

૪. "કહિ કોલિક મમ રાધા નારિ। તે **સિઉં** માણસ નહી સંસારિ."

૫. "થોડી **સી** વેલા ચરિત્ર પાલી." (સંદર્ભ. ૧૧૧-૨૯)

૬. "તિહાં ન્યાન અંતર માનુષ દેહ, યે બોધરહિતા નર પશુ**શા** તેહ." (હરિ. ષો. ૬૪)

૭. "વિક્રમ ગરુડ**શો**, રાખસ ફ્ણી." (સિંહાસન બત્રિશી ૯-૩૧ "સાહિત્ય") (નં ૪ વાળું ઉદાહરણ મ્હેં ડૉ. ટૅસીટૅારીની 'નોટસ'ની અનુપૂર્તિ (૧૯૧૬, પૃ. ૯૫) ઉપરથી લીધું છે.)

આ પ્રમાણે ઉદાહરણ જોતાં 'શો-શી-શું'-सम ઉપરથી આવ્યાં છે. અને જૂની ગુજરાતીનાં ઉદાહરણ નં. ૧, ૨, ૪, ૬, ૭ જોતાં 'સઉં-સિઉં-શું'નો પ્રયોગ નામ સર્વનામ-ઉપમાનવાચક શબ્દ જોડે થયો છે

હિન્દી थोडासा, छोटीसी જેવા પ્રયોગોમાં પણ सा-सी આ શબ્દ ઉપરથી આવેલા છે. ગુ. 'નાન્હીશી, મધુરીશી'માં પણ सम

(૩) જૂની ગુજરાતી

૧. "એ સવલુ મુઝ* મારિવાનઉ ઉપાય માંડિઉ." (સંદર્ભ. ૧૬૪-૧૦)

૨. "નાહ! જઉ અમ્હ છાંડેસિઉ." (પ્રા. ગૂ. કા. સં. પૃ. ૪૫ સં. ૧૨૬૬)

૩. "અમ્હ દેજે બાહુ." (,, ૭૭)

૪. "સુર તેત્રીસ ઇ તુમ્હ તણઈં; કર્મણ કરઇ પ્રણામ." (સીતા-૧)

(૪) અર્વાચીન ગુજરાતી

૧. "કે સ્વપ્ન લાધૂં મુઝ એહ." (સિંહાસન બત્રિશી પૃ. ૫૦૭)

૨. "સાચો જાણૂં તુઝ" (,, ,, ૫૩૦)

तुभ्यं-પ્રા. तुम्हं-तुज्झं-तुझ-तुज, मह्यं-પ્રા. मम्हं-मज्झं-मज्झु પછી 'તુઝ'ના સામ્યને લીધે 'મુઝ-મુજ' થયાં. વૈદિક સંસ્કૃતથી માંડી ચોથી છઠ્ઠીના અર્થમાં વપરાતી, એટલે આ પ્રયોગનું મૂળ ચોથી છે. तुभ्यं-तुम्हं-तुम्ह-तम्ह; વેદમાં વપરાતા अस्मे ના अस्म ઉપરથી अम्ह રૂપ થયું છે.

વિશેષણ

શું—(સાદૃશ્યવાચક વિશેષણ) આ વિશેષણને મુ. નરસિંહરાવભાઇ सदृश ઉપરથી વ્યુત્પન્ન કરે છે. (ગુ. ભા. સા. પુ. ૨; પૃ. ૯૭) પણ મ્હારા ધારવા પ્રમાણે તે सम ઉપરથી આવ્યું છે. सदृशનો એકજ વિકાર સરિસો જોવામાં આવે છે. તે ઉપરથી 'શું' બને તે સંભવિત લાગતું નથી. વળી समं ઉપરથી જેમ અવ્યય 'શું' ની વ્યુત્પત્તિ સાધી છે તેમ વિશેષણ सम ઉપરથી 'શો-શી-શું'ની વ્યુત્પત્તિ સાધતાં બીજલાઘવનો સિદ્ધાંત પણ જળવાશે. समના જૂના પ્રયોગ જોઇયેઃ—

*આ રૂપ વિ. સં. ૧૫૦૦નું છે. ગદ્યમાં માત્રામેળ જોવાનો હોતો નથી, માટે તે જૂનો ચાલતો પ્રયોગ છે. બીજનો 'ને' ડ્રૉપ બનેલું નથી.

ઉદા. (૧) (અપભ્રંશ)

૧. " परकलत्तु मइं समउ गणिज्जहि. " (ભવિ. ૩–૧૯–૮)

૨. " तिण-सम गणइ विसिट्ठु. " (સિ. હે. ૮–૪–૩૫૮)

૩. " मन्निवि तिणसमु अत्थाणु सव्वु. " (ભવિ. ૧૩–૧૨–૧૦)

(૨) (જૂની ગુ.)

૧. "વયરસામિ સંપત્ત નયરિ પાડલસમ તુલ્લઈ." (ઉવએસ. ૨૦)

૨. "ઉપ્પલદલ ઉપ્પરિ જિમ નીરુ તે સઉં ચંચલ જીવ સરીરુ." (માતૃકા. ૧૫)

૩. "તુમ્હ અપૂર્વસ્યાં દીસઉ." (સંદર્ભ. ૧૭૦–૪)

૪. "કહિ શ્રીલિંક મમ રાધા નારિ। તે સિઉં માણસ નહી સંસારિ."

૫. "થોડી સી વેલા ચરિત્ર પાલી." (સંદર્ભ. ૧૧૧–૨૯)

૬. "તિહાં ન્યાન અંતર માનુષ દેહ, યે બોધરહિતા નર પશુશા તેહ." (હરિ. પ્રે. ૬૪)

૭. "વિક્રમ ગરુડશો, રાખસ ફણી." (સિંહાસન બત્રિશી ૯–૩૧ "સાહિત્ય") (નં ૪ વાળું ઉદાહરણ મ્હેં ડૉ. ટૅસીટોરીની 'નોટસ'ની અનુપૂર્તિ (૧૯૧૬, પૃ. ૯૫) ઉપરથી લીધું છે.)

આ પ્રમાણે ઉદાહરણ જોતાં 'શો–શી–શું'–સમ ઉપરથી આવ્યાં છે. અને જૂની ગુજરાતીનાં ઉદાહરણ નં. ૧, ૨, ૪, ૬, ૭ જોતાં 'સઉં–સિઉં–શું'નો પ્રયોગ નામ સર્વનામ–ઉપમાનવાચક શબ્દ જોડે થયો છે

હિન્દી થોડાસા, છોટીસી જેવા પ્રયોગામાં પણ સા–સી આ સમ શબ્દ ઉપરથી આવેલા છે. ગુ. 'નાન્હીશી, મધુરીશી'માં પણ સમ

છે.

અનેરઉ-ગાઢેરઉ—આ વિશેષણો અને આ'વાં બીજાં સં. અન્ય-સાપેક્ષ રૂપના तर પ્રત્યય ઉપરથી આવ્યાં છે. अन्यतर–अण्णयरउ–अन्नयरउ–**અનેરો**, गाढतर–गाढयरउ–**ગાઢેરો**, વગેરે. આમાં तर પ્રત્યયનો અર્થ પાછળથી ઘસાઈ ગયો છે.

ઉદા.

૧. "તદાકાલિ પ્રવરના દાન ધર્મ્મ **ઘણેરઉ** ઉલ્લસઇ." (સંદર્ભ. ૨૮–૨૧)

૨. "હસઉ ભણી કરી બીલૂ **અનેરઈ** માર્ગિ ગયઉ" (સંદર્ભ. ૧૦–૨૪)

૩. "જુ તુરહઇં ખધિરતાવ્યાધિ ગાઢઉ છઇ, સુ **ગાઢેરઉ** હોઇજિઉ." (,, ૧૦–૨૪)

સરીખઉ—સં. सदृक्षकः–सरिक्खओ–सरिक्खउ–સરીખઉ–સરખો.

ઉદા.

૧. "ઘરટીપુટ જિમ બિ ઘરણી, કણુહ **સરીખઉ** કન્તુ." (જૂ. ગુ. નો નમૂનો)

૨. "ખાંધ લલાટ **સરીખૂં** કહિઉ." (વિ. પ્ર. ૧૧૧)

એવડઉ-જેવડઉ *—આ વિશેષણ ए, जे, ते, के. સર્વનામને

* રા. ધ્રુવ સાહેબ આમને (કાદં. પૃ. ભા. પૃ. ૩૧૭) ઉપર એનો જેમ પ્રા. एत्त થાય છે તેમ यावत्-तावत् ના प એવડાય જેવડ-તેવડુ એમ આવ્યાં માને છે, અને જણાવે છે કે કેટલાક એમને ... ઉપરથી આવેલું સમજે છે, પરંતુ તે રીતે બરાબર લાગતું નથી.

અપભ્રંશમાં વૃદ્ધનું वड्ड લાગી આવ્યાં છે. एवड्ड, तेवड्ड, जेवड्ड, केवड्ड, વગેરે સૂત્ર (૮-૪-૪૦૭)માં હેમાચાર્યે નોંધ્યાં છે. આ'નાં અપભ્રંશમાં एवड्डु-तेवड्डु રૂપ મળી આવે છે, પણ एव्वड्डु-तेव्वड्डु રૂપ મળતાં નથી.
ઉદા.

૧. "जिणि **एवड्डु** दुक्खु विसहाविउ." (ભવિ. ૧૧-૧૧-૬)

૨. "जं इउ **एवड्डुंतरु** किज्जइ." (,, ૧૦- ૧૭-૯)

૩. "किम **एवड्डु** वयणु तउ अक्खहं." (,, ૧૦-૮-૬)

૪. "इय **एवड्डुहो** कित्तिणिहाणहो." (નેમિસહરચરિઉ. ૩-૩૭-૧૧)

૫. "तं **तेवड्डउं** समरभरु निज्जिउ एक्क खणेण." (સિ. હે. ૮-૪-૩૭૧)

આ પ્રમાણે વૃદ્ધ-वड्ड લાગી આ પરિમાણવાચક વિશેષણો આવ્યાં છે.
ઉદા.

૧. "જુ **એવડઉ** અપરાધિ મૂં ઉપરિ રોષુ ન કરઈ." (સંદર્ભ. ૧૭-૨૪)

૨. "જિમ **એવડા** લોક થાસિઇં તિમ અમ્હે ભિ થાઉં લગા." (,, ૧૧૯-૯)

જિસઉ-તિસઉ—સં. कीदृश-ईदृश, પ્રા. केरिस-एरिस અંતિમ અપ. किसउ-इसउના સામ્યથી સં. यादृश-तादृशનાં અંતિમ અપ. जिसउ-तिसउ રૂપ બન્યાં. તે ઉપરથી જૂની ગુજરાતીનાં રૂપ આવ્યાં છે. અપભ્રંશમાં जेहउ-तेहउ વિશેષ વપરાતાં.
ઉદા.

૧. "**જિસિઉં** બાવનું ચંદન, **ઇસ્યાં** જીહનાં સીતલ મન." (સંદર્ભ. ૧૫૭-૮)

૨. "**જસિઉ** જાલહુર જાણિઇ, **તિસ્યુ** નહી ગ્વાલેર." (કા. પ્ર. ૭૧-૬)

૩. "**ઇસિઉં** સિદ્ધાન્તમાંહિ કહિઉં છઇ." (સંદર્ભ ૧૨૦-૨૭)

પ્રકરણ ૧૨મું

વિભક્તિપ્રત્યયો

વિભક્તિફેર—ઘણી વખતે એક વિભક્તિનો પ્રત્યય બીજી વિભક્તિના પ્રત્યય તરીકે વપરાય છે. સંસ્કૃતમાં છઠ્ઠીનો પ્રત્યય બીજી, ત્રીજી, ને ચોથીના અર્થમાં વપરાતો. मातुः (मातरं) स्मरति; रक्षा मे (मया) भवतः कृता; पितुः (पित्रे) निवेदयति. ત્રીજીનો પ્રત્યય ચોથીના અર્થમાં વપરાતો. अध्ययनेन (अध्ययनाय) वसति. સાતમીનો પ્રત્યય પણ તેવી રીતે હેત્વર્થે વપરાતો. चर्मणि (चर्मणे) द्वीपिनं हन्ति । સાતમીનો પ્રત્યય બીજીના અર્થમાં વપરાતો. वने (वनं) प्रव्रज काकुत्स्थ पितरं मोचयानृतात् (રામાયણ ૩–૪૭–૧૬)–પાંચમીના અર્થમાં છઠ્ઠી—" कस्य (कस्मात्) बिभ्यति देवाश्च जातरोषस्य संयुगे." (રામાયણ ૧–૧–૪)

પ્રાકૃતમાં પણ આ જાતનો વિશેષ ફેરફાર થતો રહ્યો છે. પાંચમીના અર્થમાં છઠ્ઠીનો પ્રત્યયઃ "मे आवासस्स (आवासात्) निग्गओ" (વસુ. ૨૧૩-૧૭), " किं वा पावगस्स (पापकात्) न बीहइ ? (,, ૨૭૬–૩). છઠ્ઠી વિભક્તિ બીજી ને ત્રીજીના અર્થમાં "को णु मे (मां) हरति" (વસુ. ૨૨૯–૧૫), "केयाराणं पालिं देक्खिऊण केयारे पाणियस्स (पानीयं) भरेज्जा" (વસુ. ૨૯૫–૧૮), "[illegible] तरुस्सु (तरुं)" (૮–૪–૪૪૦), "[illegible] जयस्सु (जगत्–जगते) (૮–૪–૪૪૦), "धणस्स (धनेन) लद्धो" (૮–૩–૧૩૪); ત્રીજી વિભક્તિ પાંચમી ને સાતમીના અર્થમાં: चोरेण (चोरात्) बीहइ (૮–૩–૧૩૬), "तेणं समएणं (तस्मिन्समये), तेणं कालेणं (तस्मिन्काले)" (૮–૩–૧૩૭). સાતમી વિભક્તિ બીજીના અર્થમાં नयरे (नगरं) न जामि" (૮–૩–૧૩૫). એવાં ઘણાં ઉદાહરણો નોંધવાની અહીં જરૂર છે.

ગત્યર્થક ક્રિયાપદને યોગે સં. બીજીને બદલે સપ્તમી.

(૧) પ્રાકૃત—

૧. "नरगे वच्चिहिसि" (વસુ. ૮૯–૩૦)

૨. "निग्गतो य तम्मि वि वणे" („ ૧૪૬–૧૮)

૩. "पत्ता नंदगोवगोट्ठे" („ ૩૭૦–૧)

૪. "कुमल्लेणं खड्डखडरे संपत्ता" (પ્રા. ક. સં. ૮૭)

૫ "पत्तो महा-अरण्णे" (પ્રા. ક. સં. ૮૬)

(૨) અપભ્રંશ—

૧. "तं निसुणिवि गय गेहि सइत्ती" (ભવિ. ૬–૮–૭)

૨. 'धणवइ नियमंदिरि संपत्तउ" („ ૧૧–૭–૧૪)

૩. "गंपि पोयणपुरि" („ ૧૪–૫–૧)

૪. "हरियत्तगेहि लइ जाहुं" („ ૧૨–૮–૮)

૫. "वणिवरु गउ तहो जि गेहि" („ ૧–૮–૪)

પાછળના જૂ. ગુ. ના નમૂનામાં આવેલાં પાવકિ, લોકહ, ધરિ, વગેરે રૂપોનું સમાધાન અહીં થશે.

પ્રથમા—પ્રથમા વિભક્તિ માટે ગુજરાતીમાં પ્રત્યય નથી શબ્દનું મૂળ રૂપ વપરાય છે, અને ત્હેમાં વચન તથા જાતિને લીધે ફેરફારો થાય છે.

દ્વિતીયા—દ્વિતીયા વિભક્તિ માટે પ્રત્યય વપરાય છે તેમજ નથી પણ વપરાતો. અપભ્રંશમાં પ્રથમા ને દ્વિતીયાનો उ પ્રત્યય હતો. બન્ને વિભક્તિનાં રૂપ સરખાં હતાં. નાન્યતર જાતિના નામનું બહુવચન इं પ્રત્યય લાગી થતું, પણ તે તો વચનવાચક પ્રત્યય, વિભક્તિનો નહીં. છતાં જૂની ગુજરાતીમાં અપ. तणेण (तादर्थ्ये) ઉપરથી વ્યુત્પન્ન થતા तणें–तणि–नइ–नि–ने પ્રત્યય બીજી–

પ્રકરણ ૧૨મું

વિભક્તિપ્રત્યયો

વિભક્તિફેર—ઘણી વખતે એક વિભક્તિનો પ્રત્યય બીજી વિભક્તિના પ્રત્યય તરીકે વપરાય છે. સંસ્કૃતમાં છઠ્ઠીનો પ્રત્યય બીજી, ત્રીજી, ને ચોથીના અર્થમાં વપરાતો. मातुः (मातरं) स्मरति; रक्षा मे (मया) भवतः कृता; पितुः (पित्रे) निवेदयति. ત્રીજીનો પ્રત્યય ચોથીના અર્થમાં વપરાતો. अध्ययनेन (अध्ययनाय) वसति. સાતમીનો પ્રત્યય પણ તેવી રીતે હેત્વર્થે વપરાતો. चर्मणि (चर्मणे) द्वीपिनं हन्ति । સાતમીનો પ્રત્યય બીજીના અર્થમાં વપરાતો. वने (वनं) प्रव्रज काकुत्स्थ पितरं मोचयानृतात् (રામાયણ ૩–૪૭–૧૬)–પાંચમીના અર્થમાં છઠ્ઠી—" कस्य (कस्मात्) बिभ्यति देवाश्च जातरोषस्य संयुगे." (રામાયણ ૧–૧–૪)

પ્રાકૃતમાં પણ આ જાતનો વિશેષ ફેરફાર થતો રહ્યો છે. પાંચમીના અર્થમાં છઠ્ઠીનો પ્રત્યય: "मे आवासस्स (आवासात्) निग्गतो" (વસુ. ૨૧૩-૧૭), " किं वा पावगस्स (पापकात्) न बीहेह ? (,, ૨૭૬–૩). છઠ્ઠી વિભક્તિ બીજી ને ત્રીજીના અર્થમાં "को णु मे (मां) हरति" (વસુ. ૨૨૯–૧૫), "केयाराणं पालिं वंधिऊण केयारे पाणियस्स (पानीयं) भरेत्ता" (વસુ. ૨૯૫–૧૮), "झाएविणु तत्तस्सु (तत्त्वं)" (૮–૪–૪૪૦), देप्पिणु अभउ जयस्सु (जगत्–जगते) (૮–૪–૪૪૦), "धणस्स (धनेन) लद्धो" (૮–૩–૧૩૪); ત્રીજી વિભક્તિ પાંચમી ને સાતમીના અર્થમાં: चोरेण (चोरात्) बीहइ (૮–૩–૧૩૬), तेणं समएणं (तस्मिन्समये), तेणं कालेणं (तस्मिन्काले)" (૮–૩–૧૩૭). સાતમી વિભક્તિ બીજીના અર્થમાં नयरे (नगरं) न जामि" (૮–૩–૧૩૫). છેલ્લાનાં વધુ ઉદાહરણ નોંધવાની અહીં જરૂર છે.

ગત્યર્થક ક્રિયાપદને યોગે સં. બીજીને બદલે સપ્તમી.

(૧) પ્રાકૃત—

૧. "**नरगे** वच्चिहिसि" (વસુ. ૮૯-૩૦)

૨. "निग्गतो य तम्मि वि **वणे**" (,, ૧૪૬-૧૮)

૩. "पत्ता नंदगोवगो**ट्ठे**" (,, ૩૭૦-૧)

૪. "कुमल्लेण **खण्डखडरे** संपत्ता" (પ્રા. ક. સં. ૮૭)

૫ "पत्तो महा-**अरण्णे**" (પ્રા. ક. સં. ૮૬)

(૨) અપભ્રંશ—

૧. "नं निसुणिवि गय **गेहि** सइत्ती" (ભવિ. ૬-૮-૭)

૨. "धणवइ नियसं**द्गिरि** संपत्तउ" (,, ૧૧-૭-૧૪)

૩. "गंपि **पोअणपुरि**" (,, ૧૪-૫-૧)

૪. "हरियत्त**गेहि** लइ जाहु" (,, ૧૨-૮-૮)

૫. "वणिवरु गउ तहो जि **गेहि**" (,, ૧-૮-૪)

પાછળના જૂ. ગુ. ના નમૂનાગાં આવેલાં પાવકિ, લોકહ, ઘરિ, વગેરે રૂપોનું સમાધાન અહીં થશે.

પ્રથમા—પ્રથમા વિભક્તિ માટે ગુજરાતીમાં પ્રત્યય નથી શબ્દનું મૂળ રૂપ વપરાય છે, અને તેમાં વચન તથા જાતિને લીધે ફેરફારો થાય છે.

દ્વિતીયા—દ્વિતીયા વિભક્તિ માટે પ્રત્યય વપરાય છે તેમજ નથી પણ વપરાતો. અપભ્રંશમાં પ્રથમા ને દ્વિતીયાનો उ પ્રત્યય હતો. બન્ને વિભક્તિનાં રૂપ સરખાં હતાં. નાન્યતર જાતિના નામનું બહુવચન ઈં પ્રત્યય લાગી થતું, પણ તે તો વચનવાચક પ્રત્યય, વિભક્તિનો નહીં. છતાં જૂની ગુજરાતીમાં અપ. तणेण (तादर्थ्ये) ઉપરથી વ્યુત્પન્ન થતા तणें--तणि--नइ-नि-नें પ્રત્યય બીજી-

ચોથીના અર્થમાં વપરાતા. મૂળ तण છઠ્ઠીના અર્થમાં વપરાતો. हं છઠ્ઠીનો પણ વપરાયો છે.

ઉદા.

૧. "**તીહં ચોરહં** મારિવા નિમિત્તુ અમ્હે મોકલિયા છાં." (સંદર્ભ. ૧૧–૧૯)

૨. "જાપિ સંપૂર્ણિં હૂંતઈ એક–એક **તણી** ખડ્ગઘાઇ કરી છેદઇ." (સંદર્ભ. ૬–૩)

૩. જેતી વાર ચઉથી **તણી** છેદિવા વાર હુયઇ, તેતી વાર મન-માહિ સંદેહુ ઉપજઇ. (,, ૬–૩)

૪. એટલિ માતાઇં **મુંનિં** ઉતાવલી તેડી. (સં. કા. ગુ. ગ. ક.)

૫. "તેહ ભણી **તુહ્મનઈં** 'ચિરંજીવિ' કહિઉં." (સંદર્ભ. ૯૭–૩)

આ ઉપરાંત रइ–हूइ–रहइ* પ્રત્યયો બીજીના અર્થમાં વપરાતા.

---

*આ બધા પ્રત્યયોને હું तण ઉપરથી વ્યુત્પન્ન કરૂં છું. ઉપર બતાવ્યા પ્રમાણે ત્રીજી ચોથીના અર્થમાં વપરાય છે. "बंधुअत्तु संच-लिउ **वणिज्जें**" (ભવિ. ૩–૧૦–૧, ૩–૯–૪). અહીં ત્રીજી હોવા છતાં वणिज्जें નો અર્થ **'વાણિજ્ય માટે'** થાય છે તેમ અપ. वड्ड-त्तणहो तणेण ઉપરથી **વડપ્પણહતણિં–વડપણહણિ–વડપણહરિ** પછી ह ને र નો વ્યત્યય થઇ અગર સ્વતંત્ર રીતે ह ભળી **વડપણ રહિ** બને. 'હ' પછી 'ણ' આવતાં ઉચ્ચારસૌકર્ય વાસ્તે ण નો र થયો. વળી रहि પ્રત્યયમાં મૂળ 'વાસ્તે, માટે' નો અર્થ હતો. એટલે તે तणेण–तणिं ઉપરથી આવ્યો હોવો જોઇએ. તેમજ **'તેહરઇ'** રૂપમાં વ્યત્યય થયેલો નથી. તે પણ तणेण ઉપરથી આવ્યાની સાક્ષી પૂરે છે. अर्थके ઉપરથી વ્યુત્પન્ન કરતાં વાંધો આવે છે. अर्थे नुं अत्ये થયા પછી र અવશિષ્ટ રહેતો નથી. અર્વાચીન તદ્ભવ માનતાં વડપણહ અરથઇ–'વડપણ **અરહઈ**' જેવો પ્રયોગ નોંધવાની અપેક્ષા રહે છે. વળી જૂનું રૂપ रहि છે, रहइ પછીનું છે.

ઉદા.

रइ—

૧. "જઇ મઝરહઇં પરિણું તુ એક વાત કહઉં." (સંદર્ભ. ૧૦૭-૨)

૨. "એહરહઇ વેધ ન લાગઇ એ આગઇ એ અંગિ ન અંગિ, ફૂટાક તાહરે ત્રાસિસિઇ જાઇસિઈ ગિરિવર શૃંગિ." (નેમિ.-ફાગ)

૩. "શુભવૃત્તિ જાઇ કરી સૂતા હૂંતા તેહરહઇં મારિ." (સંદર્ભ. ૭-૨૨)

हूइ—

૪. "અનેક પ્રકારિં ભાઇહૂઇં કહઈ." (સંદર્ભ. ૯૩-૧)

૫. "તુંહુહૂઇ રાખસિઉં; તેહજહૂઇ મારિસિઉં." (સંદર્ભ. ૮૬-૨૫)

रहइं—

૬. "પુણ તે બાલક રહઇં ન દેખઇ."

૭. "વ્યાઘ્ર તલારહઇં ખાઉ."

ના. ક. છેલ્લાં બે ઉદાહરણ "ગુજરાતી ભાષા ને સાહિત્ય." પુ. ૨. પૃ. ૧૨૩-૨૪ પરથી લીધાં છે.

તૃતીયા—ત્રીજી વિભક્તિના અપભ્રંશમાં ભિન્ન ભિન્ન જાતિનાં નામ માટે જુદા પ્રત્યયો હતા, પણ ઘણાખરા સામાન્ય હતા. હેમાચાર્ય સૂત્ર (૮-૪-૩૪૨, ૩)માં અકારાંત નામ માટે (૧) ण ને (૨) અનુસ્વાર બે પ્રત્યય આપે છે. इ-उकारांत નરજાતિનાં નામ માટે (૩) एं, ण ને અનુસ્વાર આપે છે. નારીજાતિનાં નામ માટે સૂત્ર (૮-૪-૩૪૯)માં ए પ્રત્યય આપે છે. બહુવચન માટે हिं પ્રત્યય આપે છે. સૂત્ર (૮-૪-૩૩૩)માં જણાવ્યા પ્રમાણે પૂર્વના નામના અંત્ય अनो આ પ્રત્યયો પૂર્વે ए થાય છે. એટલે જેણે, देवएं માફક રૂપો

થાય. વળી સૂત્ર (૮-૪-૩૯૬)ના ઉદાહરણમાં सुखेन ને બદલે અપ. ફપ સુધિં વપરાયું છે, તેમજ સૂત્ર (૮-૪-૪૦૧)ના ઉદાહરણમાં वार्दलेन ને બદલે અપ. वद्दलि વપરાયું છે. એટલે એકંદરે નીચે પ્રમાણે પ્રત્યયો (૧) ण, (૨) અનુસ્વાર, (૩) ए, (૪) एं, (૫) इ (૬) इं, (૭) हिं અપભ્રંશમાં વપરાતા હતા. મુ. નરસિંહરાવભાઇ(પુ. ૨; પૃ. ૧૫૫) ઉપર જણાવે છે તેમ इ-इं પ્રત્યય ए-एं ઉપરથી આવ્યા હોવા છતાં અપભ્રંશકાળ પછીના નથી.

અપભ્રંશમાં સૂત્ર ૮-૪-૩૩૫ પ્રમાણે हिं પૂર્વે નામના અંત્ય અનો ए વિકલ્પે થતોઃ गुणहिं કે गुणेहिं. આ ઉપરથી ह નો લોપ થતાં અંતિમ અપભ્રંશમાં (अ) इं ને(इ) इं પ્રત્યય આવ્યા છે, તેમ જૂનો हिं પ્રત્યય બન્ને વચનમાં વપરાતો, તે ઉદાહરણ પરથી જણાશે.

જૂની ગુજરાતીમાં (अ)इ તથા इ તૃતીયા ને સપ્તમીના મુખ્ય પ્રત્યય છે. પ્રાકૃત અપભ્રંશમાં જ્યહાં શબ્દને અંતે क પ્રત્યય લાગતો ત્યહાં અપભ્રંશમાં પણ (अ)इ પ્રત્યય વપરાતો. સં. मस्तके અપ. मत्थइ. આ પ્રમાણે (अ)इ પ્રત્યય હતો. પરંતુ પાછળથી ત્હેનું માથઇ-માથિ બીજાં રૂપના સામ્યને લીધે થયું છે. મુ. નરસિંહરાવભાઇ ગુ. ભા. સા. પુ ૨, પૃ. ૧૫૫-૧૫૭ ઉપર જણાવે છે કે (૧) જ્યહાં क લાગેલો છે ત્યહાં (अ)इ, ને નથી લાગ્યો ત્યહાં इ પ્રત્યય આ બન્ને વિભક્તિમાં વપરાતો. (૨) इ પ્રત્યયનો અર્વાચીન ગુજરાતીમાં કાવ્યમાં अ થયો, અને (अ)इ નો ए થયો. આની વિરુદ્ધ થોડાં ઉદાહરણ નોંધું.

અપ. मत्थइ–માથઇ–માથે થવું જોઇયે, "છતાં છત્ર કુણિ નથી ઝાલ્યાં પિતા તવનિ માથિ' ? (કાદં. ૭૬–૨૨) પ્રયોગ થયો છે. મૂળ પાઠ 'સાથિ' છે.

(૩) "હાથે વણેલું કપડું" (ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૧૫૬માં 'હાથે' ને हस्तकेन ઉપરથી વ્યુત્પન્ન કરે છે, છતાં સૂત્ર (૮–૪–૩૬૬)માં અપ. हत्थिं मोक्कलडेण" પ્રયોગ થયો છે. હાથિ પણ મળે છે.

(૪) "થલવટનઉં થલવટઇ રહિઉં." (સંદર્ભ. ૧૪૦–૨૦)માં 'થલવટઇ' માં (अ) इ પ્રત્યય कને લીધે માનિયે તો 'થલવટાનઉં" થવું જોઇતું હતું.

(૫) 'દહાડો' શબ્દમાં અંતે क છે, એટલે ત્હેમાં (अ)इ પ્રત્યય લાગવો જોઇયે. "પારણાનઇં દિહાડઇં." (સંદર્ભ. ૭૮–૧૫). છતાં "તમે દાઢિ કહો છો ભરથાર, માધવ સાથે છે મિત્રાચાર." (સુદામાચરિત્ર)માં 'દહાડિ' થયા વિના 'દાઢિ' થાય નહીં.

(૬) तणके–तणइ–नइ–ने–એમ વિકાસક્રમ છે. પરંતુ रामनि पासि થયા સિવાય 'રામની પાસે' પ્રયોગ આવે નહીં. છતાં नि વિકાસ આટલેથી ન અટકતાં આગળ ચાલ્યો ત્યહાં 'રામને માથે' પ્રયોગ થયો.

(૭) અપ. "पच्छइ होइ विहाणु"માં पच्छइ વૈદિક पश्चके ઉપરથી આવ્યું. છતાં पच्छइનાં બે વિકાસક્રમે 'પછિ–પછે' થયાં. 'પછી' શિષ્ટ ગણાય છે, ને 'પછે' અશિષ્ટ મનાય છે. અપભ્રંશમાં पाच्छ પણ વપરાતું.

(૮) તે સ્ત્રી પોતાને પીહર ગઈ–આ વાક્યમાં पितृगृहे શબ્દ માનિયે (क વગરનો) તો "રત્નાવતી પીહરિ મોકલઇ" (સંદર્ભ. ૪૩–૨૫)માં पितृगृहके ને "નંદા પીહરિ ગયઇ." (સંદર્ભ. ૧૮–૨૩) માં पितृगृहे કલ્પવું પડશે. જેમાં કશો અર્થફેર નથી.

(૯) एण, तेण, जेण, केण, વગેરે સર્વનામનાં તૃતીયાનાં રૂપ છે. ત્હેમાં ण વિભક્તિ પ્રત્યય છે. તે પછી क લાગે તે અનુચિત ગણાય, છતાં तेणइ–एणइ જેવાં રૂપ અપભ્રંશમાં નોંધ્યાં છે. ત્હેમનું પાછું

'ઇણિ-તિણિ-કિણિ' થયું છે. અને હાલ તેમ છતાં એ'ણે-હેણે-જે'ણે વ્યુત્પન્ન થયાં છે.

(૧૦) થોડો, હૈડું, પાલણું, પ્હેલો, વગેરે ओ-ઉકારાંત હોવાથી क લાગી તે રૂપ બન્યાં છે. છતાં 'થોડિ ઠાહિ' (વિ. પ્ર. ૮૦-૧), "માતા હૈઅડિ હર્ષ ન માઇ" (,, ૬૫-૩), "પાલણડિ પુઢાડિ જાઇ" (,, ૬૫-૨), "પહિલિ પુહરિ" (,, ૩૭-૩), વગેરેમાં (अ)इ નો इ થયો છે.

આ ઉપરથી એમ જણાય છે કે જ્યાં પ્રા. અપભ્રંશમાં क પ્રત્યય લાગતો ત્યાં અપભ્રંશમાં (अ)इ પ્રત્યય હતો, क વિનાના શબ્દમાં इ હતો પણ જૂની ગુજરાતીમાં એ નિયમ સચવાઇ રહ્યો નથી. પદ્યરચનાની અનુકૂળતા વાસ્તે अइ નો इ થયો છે, ને इ નો अइ પણ થયો છે. એટલે અપભ્રંશમાંથી આવેલા अइનો લાગલો ए થયો, વચ્ચે અવાન્તર રૂપે इ થયો નથીજ, એમ કહેવું સાહસ ભરેલું છે. क સ્વાર્થે લાગ્યો છે, એટલે અર્થ ફેર નથી, એમ કહી ઉપલી દલીલને ઉડાવી શકાય તેમ છે. પણ વસ્તુસ્થિતિ તે સહન કરી શકે તેમ નથી. (૨) વળી પદ્ય ઉપરાંત ગદ્યમાં પણ इ નો अ થાય છે. તે ગામ ગયો. હું મોસાળ જાઉં છું. ઠામ બેઠી. હાથ આવ્યો.

આ ઉપરાંત ત્રીજીનો आं પ્રત્યય પણ જૂની ગુજરાતીમાં વપરાયો છે. આ आं हिं પ્રત્યય ઉપરથી इ નો अ થઇ हે માંનો ह મોળો પડી જતાં આવ્યો છે. અથવા ઇं થઇ इનો લોપ થતાં આવેલો છે તે ઉપરાંત नइ-नि પ્રત્યય પણ ત્રીજીના અર્થમાં વપરાયો છે. આ नि પ્રત્યય સર્વનામના રૂપ तणइं, केणइ, વગેરેના णइ પરથી નામને લાગેલો શક્ય થયો છે. બેવડા પ્રત્યયો પણ વપરાય છે.

ઉદા.

ાં —

इ—(२) "ભુજબલિ કરી વઇરી વર્ગ ટાલઇ." („ „)

इं—(३) "પ્રતિહારિં રાજાનિં આવી વિનતી કરી." (સં. કા. ગુ. ગ. ક.)

(૪) "મઇં નવિ ચાલઇ ઘરનુ ભાર" (વિ. પ્ર.)

(૫) "તીણી વિદ્યાઇં આપણાં ત્રિદંડ આકાશમંડલિં રાખઇં." (સંદર્ભ. ૯૩–૨૧)

हि–हिं—(૬) યૌવનમદિહિં ઊદમ્પ તી દમ્પતી થાઇ જુવાનિ." (વિ. પ્ર.)

(૭) "મંત્રી રાઉ વિમાંસણ કરઇ, દેવશક્તિ એ કિહિંહિં ન મરઇ (વિ. પ્ર.)

(अ) इ–इं—(८) "તીણઇં દેવઇં કહિઉં–પરમેશ્વર મરિ!" (સંદર્ભ. ૯૬–૧૫)

(૯) "એ શ્લોક વાનરઇં સાંભલ્યો." (પંચાખ્યાન વાર્તિક પૃ. ૩૧)

हं—(१०) "સુ ચીત્રકુ તેહતણા બાંધવહં ભિલ્લહં મારિઉ." (સંદર્ભ. ૮–૧૯)

(૧૧) "સર્વદિસિ મિલિત સુભટહં વન માહિ ગજ જિમ વેઢિઉ." („ „ ૪)

आं—(१२) "ધૂમકેતુ રાજાં રત્નમંજરી રથિ ઘાતી" (પૃથ્વીચંદ્ર)

(૧૩) "મઇં સુખછાયાં તમ્હિ ઉલખ્યા." (પ્ર. ચિ. ૧૧૦)

(૧૪) "મઝ દીઠી એ વિરીયાં." (વિ. પ્ર. ૨૧૩)

(૧૫) "ઋષિજીઆં વરદાન જ આપ્યું." (ભાલણ–નળાખ્યાન)

'કણિ-તિણિ-કિણિ' થયું છે. અને હાલ તેમ છતાં એ'ણે-તેણે-જે'ણે વ્યુત્પન્ન થયાં છે.

(૧૦) થોડો, હૈડું, પાલણું, પ્હેલો, વગેરે ઓ-ઉંકારાંત હોવાથી क લાગી તે રૂપ બન્યાં છે, છતાં 'થોડિ કાહિ' (વિ. પ્ર. ૮૦-૧), "માતા હૈઅડિ હર્ષ ન માઇ" (,, ૬૫-૩), "પાલણડિ પુઢાડિ જાઇ" (,, ૬૫-૨), "પહિલિ પુહરિ" (,, ૩૭-૩), વગેરેમાં (अ)इ નો इ થયો છે.

આ ઉપરથી એમ જણાય છે કે જ્યહાં પ્રા. અપભ્રંશમાં क પ્રત્યય લાગતો ત્યહાં અપભ્રંશમાં (अ)इ પ્રત્યય હતો, क વિનાના શબ્દમાં इ હતો પણ જૂની ગુજરાતીમાં એ નિયમ સચવાઇ રહ્યો નથી. પદ્યરચનાની અનુકૂળતા વાસ્તે अइ નો इ થયો છે, ને इ નો अइ પણ થયો છે. એટલે અપભ્રંશમાંથી આવેલા अइનો લાગલો ए થયો, વચ્ચે અવાન્તર રૂપે इ થયો નથીજ, એમ કહેવું સાહસ ભરેલું છે. क સ્વાર્થે લાગ્યો છે, એટલે અર્થ ફેર નથી, એમ કહી ઉપલી દલીલને ઉડાવી શકાય તેમ છે. પણ વસ્તુસ્થિતિ તે સહન કરી શકે તેમ નથી. (૨) વળી પદ્ય ઉપરાંત ગદ્યમાં પણ इ નો अ થાય છે. તે ગામ ગયો. હું માળા જાઉં છું. હામ ગેડી. હાથ આવ્યો.

આ ઉપરાંત ત્રીજીનો आं પ્રત્યય પણ જૂની ગુજરાતીમાં વપરાયો છે. આ आं हिं પ્રત્યય ઉપરથી इ નો अ થઇ हं માંનો ह બોલો પડી જતાં આવ્યો છે. અથવા हं થઇ ह નો લોપ થતાં આવેલો છે ને ઉપરાંત नइ-नि પ્રત્યય પણ ત્રીજીના અર્થમાં વપરાયો છે. આ नि પ્રત્યય સર્વનામના રૂપ तणइ, केणइ, વગેરેના णइ પરથી નામને લાગેલા શકે થયો છે. એવડા પ્રત્યયો પણ વપરાય છે.

ઉદા

णं

इ—(૨) "**ભુજઅલિ** કરી વયરી વર્ગ ટાલઇ." (,, ,,)

इं—(૩) "**પ્રતિહારિં** રાજાનિં આવી વિનતી કરી." (સં. કા. ગુ. ગ. ક.)

(૪) "**મઇં** નવિ ચાલઈ ઘરનુ ભાર" (વિ. પ્ર.)

(૫) "તીણી **વિદ્યાઇં** આપણાં ત્રિદંડ આકાશમંડલિ રાખઈં." (સંદર્ભ. ૯૩–૨૧)

हि-हिं—(૬) યૌવન**મદિહિં** ઊદમ્પ તી દમ્પતી થાઇ જુવાનિ." (વિ. પ્ર.)

(૭) "મંત્રી રાઉ વિમાંસણ કરઈ, દેવશક્તિ એ **કિહિંહિ** ન મરઇ (વિ. પ્ર.)

(अ) इ-इं—(૮) "**તીણઇં** દેવઇં કહિઉં–પરમેશ્વર મરિ!" (સંદર્ભ. ૯૬–૧૫)

(૯) "એ શ્લોક **વાનરઇં** સાંભલ્યો." (પંચાખ્યાન વાર્તિક પૃ. ૩૧)

हं—(૧૦) "સુ ચીત્રકુ તેહતણા **બાંધવહં ભિલ્લહં** મારિઉ." (સંદર્ભ. ૮–૧૯)

(૧૧) "સર્વદિસિ મિલિત **સુભટહં** વન માહિ ગજ જિમ વેઢિઉ." (,, ,, ૪)

आं—(૧૨) "ધૂમકેતુ **રાજા** રત્નમંજરી રથિ ઘાતી" (પૃથ્વીચંદ્ર)

(૧૩) "મઈ **સુખછાયાં** તમ્હિ ઉલખ્યા." (પ્ર. ચિ. ૧૧૦)

(૧૪) "મઝ દીઠી એ **વિરીયાં**." (વિ. પ્ર. ૨૧૩)

(૧૫) "**ઋષિજીઆં** વરદાન જ આપ્યું." (ભાલણ–નળાખ્યાન)

(૧૬) "સુણી સિંહ કોપાં જળિ થયઉ." (ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૧૦૯)

ए—(૧૭) "જીણઈ નગરિ કઉસીસે કરી સદાકાર પાખલિ પોઢઉ પ્રાકાર." (પૃથ્વીચંદ્ર)

हे—(૧૮) "ઇસઉં તેહે કીધઉં." (સંદર્ભ ૭–૨) (સર્વનામના બહુવચનમાં)

इइं—(૧૯) "શ્રાવકિઈં દેવુ પૂજિઉ." (સંદર્ભ. ૧૭૭–૭) (અપ. सावकेहिं ઉપરથી અથવા સંગદોષથી)

नइ-न्नि—(૧૯) "પછી રાજાનઈ તે જમાઇનઇ વસ્ત્ર પહેરાવીનઇ આપણઇ નગરિ મોકલ્યુ." (વૈ. પં ૧૧૩)

(૨૦) રાજાનિં ગણિકા પૂછી." (વૈ. પં. ૧૭૬)

(૨૧) રાજાનઇ પ્રતિક્ષ દિહું (વૈ. પં. ૧૧૩)

આ છેલ્લો नइ–नि વિ. સં. ૧૬૨૯ માં વપરાયો છે. તે પ્હેલાં જોવામાં નથી આવ્યો. તે સર્વનામને લાગતા णइ ઉપરથી નામને લાગ્યો છે. जेणइं, तेणइं, વગેરે તૃતીયાનાં રૂપ ગણાય. તે ઉપરથી णइं–नइं–नइ–नि સ્વતંત્ર પ્રત્યય તરીકે ગણાઇ નામને પણ લાગવો શરૂ થયો. હિન્દીમાં વપરાતા ને પ્રત્યયનું પણ આ નિરાકરણ હોઇ શકે.

(૮–૪–૩૬૭) પ્રમાણે काइं (શું–શા માટે) થાય છે. તેમ સૂત્ર (૮–૪–૩૫૩) પ્રમાણે नयनानिनुं नयणाइं થાય છે. આ બન્ને काइं ઉપ... क्कां ને नयणाइं ઉપરથી 'નયણાં' થાય છે તેમ આં આવ્યો છે. સાતમીના આં સંબંધી પણ આ પ્રમાણેજ સમઝવાનું છે. (૧) हिं–हं–अं (आं) (२) आइं–आं.

ચતુર્થી—ચોથીના અને છઠ્ઠીના પ્રત્યયો પ્રાકૃત તેમજ અપભ્રંશમાં પ્રાયઃ એક હતાઃ છઠ્ઠીનાજ પ્રત્યયો ચોથીના અર્થમાં વપરાતા. ચોથીનો મુખ્ય પ્રત્યય હાલ 'ને' છે. તે तणेणना રૂપ तणिं (अ) निं नइ-नि–ने રૂપે આવ્યો છે. અપભ્રંશમાં તાદર્થ્યે કેટલાક અનુગ વપરાતા હતા. હેમાચાર્ય સૂત્ર (૮–૪–૪૨૫)માં केहिं, तेहिं, रेसि, रेसिं, અને तणेण આપે છે. આ પૈકીનો रेसि જૂની ગુજરાતીમાં વપરાયો છે. તે ઉપરાંત रइ, रहइ, हूइ, ને हुइं પણ વપરાયા છે.

केहिं तेहिं રૂપ किम् ને तद् સર્વનામનાં ત્રીજીનાં બહુવચનનાં રૂપ છે. हुइं માં इं સાતમીનો કે ત્રીજીનો પ્રત્યય છે, બાકીનું हु છઠ્ઠીનો પ્રત્યય છે. હેમાચાર્યે તે પ્રત્યય નોંધ્યો નથી, પણ તે વપરાયાની ખાત્રી છે. स्य–स्स–ह+उ=हु. અપભ્રંશમાં લાગતો उ લાગી हु થયેલો છે. જુઓ—"कहु घरु कहु परियणु कहु वंधउ मं तुहुं करि असगाहिं धंधउ" (ભવિ. ૬–૨). रइ–हूइ–रहइ આ પ્રત્યયો સંબંધી મુ. નરસિંહરાવભાઇએ (પુ. ૨, પૃ. ૧૨૧–૮) લંબાણથી ચર્ચા કરી છે. ત્હેમાં મુખ્ય બે મુદ્દા સંબંધી ચર્ચા છે. (૧) વ્યુત્પત્તિ (૨) પ્રથમ ઉપયોગ ચોથીના અર્થમાં કે છઠ્ઠીના. વ્યુત્પત્તિની બાબતમાં છેવટે નિર્ણય કરતાં अर्थके–अरथइ–अरहइ–रहइं એમ अर्थ શબ્દ ઉપરથી વ્યુત્પત્તિ જણાવે છે. (૨) ઉપયોગની બાબતમાં ચોથીનો મુખ્ય ઉપયોગ પ્રથમ એમ જણાવે છે.

આ रहइं પ્રત્યયની વ્યુત્પત્તિ સંબંધી મ્હારો નમ્ર અભિપ્રાય અહીં દર્શાવું છું. પૃ. ૧૪૦ ઉપર ત્હેનો નિર્દેશ થયો છે. તે અભિપ્રાય કદાચ નવીનજ લાગશે. रहइं રૂપ अर्थके ઉપરથી આવ્યું હોય તો रहइं જૂનું રૂપ મનાય. પણ रहिने હું જૂનું રૂપ માનું છું. બીજી વિભક્તિ નીચે જે જે ઉદાહરણ આપ્યાં છે: 'મઝરઈ', 'તેહરઇ', 'એહરઈ' તે જોતાં रइની વ્યુત્પત્તિ तणेणના णइ ઉપરથી ण નો र થઇ આવેલી સંભવે છે. तण પૂર્વનું નામ છઠ્ઠીના ह સાથે વપરાતું. એ ह અને र નો સંયોગ થતાં हृइ પ્રત્યય થયો; પછી हृ છૂટો પડી વ્યત્યયથી रहइं રૂપ તૈયાર થયું. આમ रहइं આખરનું રૂપ છે, અને तणના नइ ઉપરથી આવતું હોવાથી नइ જેમ ત્રણે વિભક્તિમાં વપરાય છે, તેમ रहइं પણ ત્રણે વિભક્તિમાં વપરાતું. अर्थ શબ્દ મુખ્ય ચોથીમાં સંસ્કૃતમાં વપરાતો દ્વિજાર્થે પછી બીજી ને છઠ્ઠીના અર્થમાં ક્યારે વપરાતો થયો, અને પ્રથમ છઠ્ઠીના કે બીજીના અર્થમાં તે કમ મળી શકે તેમ નથી.

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ण નો र અપભ્રંશકાળમાં કે પછી થાય છે કે કેમ. હું ધારૂં છું કે ण અને र ને ઉચ્ચારમાં ઘણો ગાઢો સંબંધ છે. र નો ण થાય તેમ ण નો र પણ થાય, અને ખાસ કરીને ह પછી આવતો ण ઉચ્ચારસૌકર્ય વાસ્તે र થાય.

૧. સિ. હે. સૂત્ર (૮-૧-૨૫૩)માં "करवीरे णः" 'કરવીર' શબ્દમાં પ્રથમ र નો ण થઈ બનેલો कणवीरो શબ્દ આપ્યો છે. અહીં र નો ण થયો છે.

૨. સ્થાન-શબ્દ ઉપરથી ठाहण-ठाहर થાય છે. આ શબ્દ જોઇન્દુ કવિએ પોતાના અપ. કાવ્ય "શ્રાવકાચાર દોહક" (૧૩૨) માં વાપર્યો છે. "अहवा तिमिरु ण ठाहरइ सूरहु गयणि हिएण." (૧૩૨)

૩. 'ગાથાસપ્તશતી' (૩-૫૦)માં "अह जम्पइ लज्जिणो होइ."

છાપેલું છે. પણ ગ પ્રતમાં '**लज्जिरो**' પાઠ છે. તે પણ સૂચવે છે કે ण નો र થયો છે.

૪. સં. पुनः, પાલી पन–पना. પ્રા. पुण, અપ. पर, पुणु, ગુ. પણ. હેમાચાર્ય સૂત્ર (૮–૪–૪૧૮)માં "परमः परः" पर नो पर थतो જણાવે છે, પણ पंर, परंतु વાક્યની શરૂઆતમાં વપરાય છે, જ્યારે पुनः વચ્ચે વપરાય છે. એટલે पुण ઉપરથી ण नो र થઇ पर શબ્દ આવ્યો છે, એમ હું માનું છું. "महु करिएव्वउं किंपि णवि मरिएव्वउं **पर** देज्जइ" (૮–૪–૪૩૮) 'देन्तहो हउं **पर** उव्वरिअ जुज्झन्तहो करवालु" (૮–૪–૩૭૯) અહીં पुनः શબ્દજ બંધ બેસતો છે.

૫. ગુજરાતીમાં ण नो र થાય છે તે ગુજરાતીના ઉત્સર્ગમાં જણાવ્યું છે.

૬. "કુણહિરઉ ઉપાય પાડિઉ." (સંદર્ભ. ૬૩–૭) (કુણહિણઉ–કુણહિરઉ–तण ઉપરથી)

૭. "કુણહઇ**નઉ** મંત્ર આલોચ્ય મર્મ પ્રકાસિઉ." (સંદર્ભ. ૬૩–૬) આ પ્રમાણે तनकः ઉપરથી तणउ–णउ (૧) रउ (૨) नउ આવેલા છે.

આ णइ ઉપરથી रइ થયો છે, એમ સ્વીકારી શકાય તેમ ન હોય તો અપ. माहरइ–ताहरइ જેવા શબ્દોમાં रइ પ્રત્યયનો છે, એમ મનાતાં જેહરઇ, તેહરઇ, વગેરે શબ્દોમાં પણ સામ્યને લીધે र આવ્યો હોય; જો કે આ શબ્દોમાં પણ रइ णइ ઉપરથી આવ્યો છે. પ્રા. अम्हाणं–तुम्हाणं ઉપરથી અપ. अम्हारु, तुम्हारु શબ્દો ण नो र થઇ આવ્યા છે. જુઓ:—

(૧) "**માહરઇ કીધઇ એહરઇ** ઇસી અવસ્થા આવી." (સંદર્ભ. ૧૬૬–૮)

रहि જૂનો પ્રત્યય છે. મૂળ ત્હેમાં તાદર્થ્યનો અર્થ હતો. (૧) "કીજઇ શ્રાવકશ્રાવિકારહિ વર પોષધશાલ." (સપ્તક્ષેત્રિ. ૧૦૮ સં. ૧૩૨૭) (૨) "ફલઇ કરસુ પરભવહતણઉં જઇ રિદ્ધિરહિં જીઉ હીંડઇ ઘણઉં." (માતૃકાચઉપઇ ૪૮) પછી (૩) "તેરહિ તિહુયણિ કોઇ ન સનાથુ." (માતૃકા. ૧૬) (૪) "રીસ કરંતા જીવરહિ અચ્છઇ અવગુણ તિન્નિ." (દૂહામાતૃકા ૧૪)

ઉદા.

रेसि—(૧) "ચંદનભરી કચોલી ચોલી મણ્ડન **રેસિ.**" (વ. વિ.)

(૨) "કિત્તિખંભુ કિરિ અવર**રેસિ** માગઇ આખંડલુ." (સમરારાસુ. દ્વિતીયભાષા, ૭)

रहिं—(૩) "તે કન્યા જઇ ભણિવા ગુણિવા યોગ્ય હુઇ તુ પંડિત**રહિં** આપી." (પૃથ્વીચંદ્ર)

(૪) "નીઠ તે નાસી પાછા વલ્યા, મોહરાય**રહિં** આવી મિલ્યા." (પૃથ્વીચંદ્ર)

[illegible]—(૫) "પ્રતિહારપાહિં કન્યા**રહઇં** તેડઉ દિવરાવિઉ." (પૃથ્વીચંદ્ર)

(૬) "જેહ**રહઇં** દીજઇ મોતીતણા ત્રાટ." (,, ,,)

नइं-**नि-ने**—(૭) "ફરસરામ બ્રહ્મા-અવતાર **તપને** ગ્યા છાંડી સંસાર." (પ્ર. ચિં.)

(૮) "પ્રથમ માહરે આશ્રમિ આતિ**થ્યને** આવો." (સં. કા. ગુ. ગ ક.)

(૯) "પછી કાદંબરી વધાંમ**ણીનિં** મહાશ્વેતા પાસિં ગઇ." (,, ,,)

(૧૦) "**વયરીનઇં** દેસવટા દીધા." (પૃથ્વીચંદ્ર)

हुइं—(૧૧) "કુણહુઇં ઘોડઉ, કુણહુઇં હાથિઉ, કુણહુઇં આભરણ, કુણહુઇં પટકૂલ। ઇણિ પરિ ભક્તિ કીધી." (પૃથ્વીચંદ્ર)

हिं—(૧૨) "બોલાવિઉ મુહિ સુલલિત ભાખ, ચૂણીહિં (ચણ માટે) દીધી સાકર દ્રાખ." (વિદ્યાવિ.)

ઉદાહરણ ૭-૯ સુધીમાં ને પ્રત્યય તાદર્થ્યે વપરાયો છે. 'તપને'=તપ કરવા, આતિથ્યને=આતિથ્ય સ્વીકારવા, વધાંમણીનિં= વધામણી ખાવા. આ જાતના અર્થમાં સંસ્કૃતમાં ચતુર્થી વપરાતી. वनाय मुमोच=वनं गन्तुं मुमोच। फलाय गतः=फलमानेतुं गतः। પરંતુ ચોથીનો અર્થ વિશેષ સ્પષ્ટ કરવા હાલ 'કાજે, માટે, વાસ્તે' વપરાય છે. **કાજે**=कार्येण-कज्जें-કાજે; **માટે**=निमित्तेन-निमित्तें-मट्टइ-માટઇ-માટિ-માટે; **'વાસ્તે'** ફારસી શબ્દ છે.

ઉદા.

કાજિ—(૧) "કુણકાજિ.,' (સપ્તક્ષેત્રિરાસુ)

(૨) "ઇત્તા જિપ્પી પટ્ટણ મહ્ધિ, આવિઉ કુમદ વાદનિ કજિજ." (વિ. પ્ર. ૮૯)

માટિ—(૩) "ભય **મટ્ટઇ** ભડ મોકલ્યા." (વિ. પ્ર. ૪૮)

(૪) "કુહિયા કડેવર **માટ**." (સપ્તક્ષેત્રિરાસુ)

ટા.-ક. नइ-नि અને रहइ-रहि નો વિકાસ સમકાલીન છે, પ્રયોગ લેખકની પસંદગી ઉપર કંઇક અંશે અવલંબે છે. **'આતુરપ્રત્યાખ્યાન'** માંથી નીચેનાં પ્રથમ બે ઉદાહરણ અર્થ પણ બન્ને પ્રત્યયોનો એકજ છે, એમ બતાવે છે.

(૧) "તેરહિ તિહુયણિ કોઇ ન સનાથુ." (૧૬)

(૨) "હંતી રિદ્ધિ તીહં**નઇ** ઘણી." (૩૨)

(૩) "જેહુ**નઇ** શકતુ ન હુયઇ સ અશકતા." (સંદર્ભ. ૫૦-૨૫ સં. ૧૪૧૧)

તેમજ 'આપવું-દેવું' એ અર્થના ધાતુ સાથે સંપ્રદાનાર્થે બન્ને

પ્રત્યયો માત્ર ૨૮ વર્ષના આંતરાના નીચેના પ્રયોગમાં મળે છેઃ—

(૧) "જેહરહઇં દાન દીજઇ." (મુગ્ધાવબોધ સં. ૧૪૫૦)

(૨) "વયરીનઇં દેસવટા દીધા." (પૃથ્વીચંદ્રચરિત્ર સં. ૧૪૭૮)

(૩) "માગણહારનઇં પગિ પગિ દીજઇ વાસણ." (,, ,,)

(૪) "તેહના બાપનઇં બાલિક આપિઓ." (ઉપદેશમાલા બાલાવબોધ સં. ૧૪૮૫)

આ બન્ને પ્રત્યયો બીજી–ચોથીના અને છઠ્ઠીના તાદર્થ્યે વપરાતા અપભ્રંશના तणेण ઉપરથી આવ્યા છે. ह રહિત रइ–रि પ્રત્યય પણ આ વિભક્તિનો તેજ तणेण ઉપરથી આવ્યો છે.

"એક દિઇ ઉપાલંભ રે વાલમ્ભરિ સવિલાસ." (વસંત વિ. ૭૦)

"વાલંભ રહઇં સુવિચાર." (ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૧૨૨)

છતાં જ્યહાં रइ–रि પ્રત્યય ષષ્ઠયંત વિશેષણને અંતે હોય છે ત્યહાં તો તે, તે'વીજ જાતના नइ–नि માફક तणके–तणइ–णइ–रइ–रि કે नइ–नि વિકાસે આવ્યો છે.

(૧) "તે ભારિ વેચીનઇં સુતારરઇ ઘરે આવ્યો." (ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૧૩૬)

(૨) "ચઉથઉ ભાગ ધરમનઈ લાગે." (સપ્તક્ષેત્રિ. ૮)

પંચમી—પાંચમી વિભક્તિના જૂની ગુજરાતીમાં વપરાતા પ્રત્યયો तउ, तु, इतु, हूंतु, पाहिं, पाइं, पइं, पें, थी, थो, थकी, थको, વગેરે છે. तउ–तु પ્રત્યયો સં. तस् પ્રત્યય ઉપરથી આવ્યા છે. (वृक्षतः, वृक्षतः) इतु પ્રત્યય પ્રાકૃત કાળમાં વપરાતા સાતમીના हिं પ્રત્યયમાં तस् ભળી બનેલા પ્રાકૃત हिंतोનો વિકાસ છે. हिंतोમાં અનુસ્વાર કોમળ–લઘુપ્રયત્ન છે, તેથી અનુસ્વાર સહિત ह् ઊડી इतु આવેલો લાગે છે. सुंतो પ્રાકૃતપ્રત્યય પણ सुं+तस्નો બનેલો છે " નિજ નગરહિતુ રાઉ ચંડિકા દેવકુલિ આવિઉ. " (સંદર્ભ.

૩૩–૨૧) "તથા પરોપકારકઇતઉ લોકવિરુદ્ધ ત્યાગઇતિઉ પુણિ ધર્મુ હુયઇ." (સંદર્ભ. ૧–૫) આ બે ઉદાહરણ જોતાં हिंतो–हितु–इतु–इतउ એમ વિકાસક્રમે આ પ્રત્યય આવેલો લાગે છે. हूंतु પ્રત્યય સં. भवन्तकः જેવા વર્ત. કૃદંત ઉપરથી (भू ધાતુના) અપભ્રંશમાં વપરાતા होन्तउ–हूंतउ ઉપરથી આવ્યો છે. पाहिं–पाइं–पइं–पें, વગેરે पार्श्वे ઉપરથી पस्से–पासि–पाहिं–पाइं–पइं–पें થઇ આવેલા છે.

थी–थो* (અવિકારી ને વિકારી) બન્ને પ્રત્યયો સં. स्थितः ઉપરથી અપ. थिउનો અંત્ય उ ઊડતાં પૂર્વ સ્વર દીર્ઘ થઇ **थी** અને થउ થઇ **थो** આવેલા છે. તે જોવા થોડાંક અપભ્રંશ ઉદાહરણ જોવાની જરૂર છે.

(૧) "णयरीतवंगि **थिउ** हरिसजुत्तु णारीयणु पेक्खइ एयचित्तु." (જસહર. ૧–૨૭–૧)

(૨) "हल्लोहलि हूवउ वइरिविंदु पिक्खइ तवंगि **थिउ** नरवरिंदु" ભવિ. ૧૫–૬–૬)

---

*મુ. નરસિંહરાવભાઈ અવિકારી **थी** પ્રત્યયને સંબંધક ભૂતકૃદંત थई ઉપરથી, અને વિકારી थो–थी–थुं ને स्थितक ઉપરથી વ્યુત્પન્ન કરે છે. (ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૧૬૦–૧૬૧)

આની વિરુદ્ધ ક્ષુદ્ર દલીલ કરું તો (૧) 'ખાઇ–ખઇ' નો 'ખી' ન થયો, 'જાઈ–જઇ' નો 'જી' ન થયો તો 'થાઈ–થઇ' નો 'થી' કેમ થયો ? (૨) સં. ૧૪૮૫ના લખાણમાં **થી** મળે છે. એટલે તે પૂર્વે પણ વિકાસમાં આવ્યો હોવો જોઇયે. છતાં "નંદનો નંદ આનંદ થઇ અવતર્યો" એ નરસિંહ મ્હેતાના ઉદાહરણમાં 'થઇ' શાથી ? અર્થ પાંચમીના પ્રત્યયનો જ છે ? (૩) જો 'થઇ' ઉપરથી **થી** આવ્યો હોય તો નીચેનાં વાક્યોમાં અર્થભેદ છે ?

(૧) તે મુંબાઇથી આવ્યો. તે મુંબાઇ થઇ આવ્યો.

(૨) તે ઉતારેથી આવ્યો. તે ઉતારે થઈ આવ્યો.

(૩) तं वयणु सुणेवि तवंगि **थिय** भविसाणुरूअ मणि पज्जलिय." ભવિ. ૮-૧૫-૯)

આમ નરજાતિના थिउ ને નારીજાતિના थिय માંની અંત્ય શ્રુતિ ઊડી પૂર્વ સ્વર દીર્ઘ થઇ થી અવિકારી પ્રત્યય ત્રણે જાતિ માટે આવ્યો છે. જૂની ગુજરાતીમાં ત્હેનો થી રૂપે પ્રયોગ સં. ૧૪૮૫ સુધીમાં થયો છે.

થકી-થકો—(અવિકારી ને વિકારી) સંસ્કૃતમાં स्था ધાતુનો तिष्ठ આદેશ થાય છે. स्था ઉપરથી तिष्ठ બને તે સંભવિત લાગતું નથી. માટે ત્હેને હું क्तान्त ધાતુ માનવા લલચાઉં છું. स्थाના કર્મણિ ભૂતકૃદંત स्थित ઉપરથી વ્યત્યયથી तिष्ठ બન્યો છે. તેજ स्थित ઉપરથી પ્રાકૃતમાં વ્યત્યય સિવાય थित्त-थिक्क-थक्क ધાતુ બન્યો. આ थक्क ઉપરથી પાછું કર્મણિ ભૂતકૃદંત थक्किउ અપભ્રંશમાં બને. તે ઉપરથી **થકી** ને **થકો** બન્ને વ્યુત્પન્ન થયા. જૂનો थिक्क ધાતુ બોલીમાં ચાલૂ રહી ત્હેણે **થિકી-થિકો** રૂપને જન્મ આપ્યો છે.

ઉદા.

***થી**-(૧) "માહિ **થીઉ** અંતેઉરહં સો સીલ જ પાલઇ." (જંબૂ:

---

*અપભ્રંશ ને ગુજરાતીનાં ઉદાહરણમાં જોઈ શકાશે કે જેની સાથે **થી**, **थीउ** જોડ્યાં છે તે શબ્દ સપ્તમીમાં છે. પાછળથી એ અધિકરણનો અર્થ લુપ્ત થઈ માત્ર અપાદાનના જ અર્થમાં **થી** વપરાતો થયો.

ઘેરથી નીકળ્યો. (गृहे स्थितः (सन्) निष्क्रान्तः)

ઘેરથી આઘો ગયો. (गृहे स्थितः (सन्) अग्र गतः)

ઘરથી છેટો ઊભો છે. (આમાં સાતમીનો અર્થ નથી.)

ઘરથી ખેતર સુધી, માથાથી પગ લગી, હાથથી નખ વેગળા ને વેગળા, ચારથી પાંચ સુધી, વગેરે કેવળ અપાદાનના પ્રયોગો પાછળથી આવ્યા છે.

સામિ. ૧૪) (સં. ૧૨૬૬)

(૨) તિહાંથી ચવી વજ્રનાભગુરુનો જીવ શ્રી આદિનાથ હૂઆ." (સંદર્ભ. ૭૫-૧૯; સં. ૧૪૮૫)

(૩) "બાહરિથી ભિક્ષા લિઉં નહીંતરિ નહીં" (સંદર્ભ. ૮૦-૨; ,,)

(૪) "એ વિદ્યા તુમ્હથી કેતીય વારઇં અલગી થાઈ ?" (,, ૮૬-૨૩; ,,)

(૫) "તિહાંથી ચવી વસંતપુરિ દિલીપરાયના પાંચઇસઈં બેટા હૂઆ." (,, ૮૮-૪; ,,)

(૬) "કુઠાર માહરા હાથથી પડિઓ." (,, ૯૭-૧૪; ,,)

हूंतु-(૧) "કારણહૂંતુ તેહ તપ કરઇ." (ઉપાહરણ)

(૨) "તઉ મકરકેતુ બંધહૂંતઉ છોડિઉ." (પૃથ્વીચંદ્ર)

तउ-(૩) "આકાશતઉ નક્ષત્રરાશિ ગલઇં." (,, ,,)

(૪) "તીણઇ સ્ત્રીઈ કિસિઉ કીજઇ જેહતુ નિતુ સંતાપ." (,, ,,)

इतउ-(૫) "તુમ્હારી માતા દૈવજોગઇતઉ પરલોકિ ગઇ." (સંદર્ભ. ૨-૧૧)

(૬) "હાસ્દદર્શનઇતઉ તેહરહઈં જાતિસ્મરણ ઊપનઉં." (,, ૩-૧૫)

पाहिं-(૭) "આપણા પુરુષપાહઇં સદૈવ છત્ર ધરાવઇં." (સં. ૮૨-૧૦)

(૮) "સોમદેવિ પ્રતિહારપાહિ કન્યારહઇં તેડઉ દિવરાવિઉ." (પૃથ્વીચંદ્ર)

(૯) "એક એક પાહિ સપરાણા." (કા. પ્ર. ૧-૧૮૨)

थउ-(૧૦) "સંતાપિઉ ઘરિ થઉ નીસરઇ." (વિ. પ્ર. ૨૬૮)

(૧૧) "પૂઠિઇથુ તેડિઉ પરવાર." (વિ. પ્ર. ૪૧)

(૧૨) "એક અનાથ **વનથુ** ઊગરઇ, એક રાખંતાં-**ઘરથુ** મરઇ." હરિષો. ૧૩૬)

थिकउ-(૧૩) તેહની ધોયતી **આકાશિથિકી** તેહ સરસી ચાલઇ." (સંદર્ભ. ૫૪-૭)

(૧૪) **ચિત્રકોટિથિકૂં** કરિઉં પિયાણૂં" (સીતાહરણ)

थकउ-(૧૫) "મોતીપ્રવાલા **આગરથકાં** લીજઇ." (પૃથ્વીચંદ્ર)

(૧૬) "નીડ **થકુ** તવ પડચુ નીસરી." (કાદં.)

તા. ક. ઉદાહરણ ૮ માં '**પાહિ**', "**દ્વારા-માર્ફતે**"ના અર્થમાં વપરાયો છે.

ષષ્ઠી—આ વિભક્તિના પ્રત્યયો જૂની ગુજરાતીમાં ઘણા છેઃ (૧) र, (૨) ल, (૩) नउ, (૪) स, (૫) ह, (૬) चो, (૭) जो, (૮) क, (૯) कह, (૧૦) हि.

र પ્રત્યય तणउ-णउ-रउ-रो ઉપરથી આવ્યો છે. જ્યહાં જાતિવાચક પ્રત્યય નથી લાગતો ત્યહાં र कर ઉપરથી कનો લોપ થઇ આવ્યો છે. આમાં મારવાડી ભાષાની અસર છે.

ल પ્રત્યય र નો ल કે तण ના ण નો ल થઈ આવેલો જણાય છે.

नउ-नो-नी પ્રત્યયો કાળવાચક ક્રિયાવિશેષણને વિશેષણ બનાવવા સંસ્કૃતમાં લાગતા तन પ્રત્યય ઉપરથી સ્વાર્થે क લાગી આવ્યા છે. अद्यतन, सनातन, ह्यस्तन, વગેરે વિશેષણોમાં તે વપરાતો. અપભ્રંશમાં तण ને केर સંબંધાર્થે વપરાતા. તે ઉપરથી तનો લોપ થઈ णउ-नउ-नो-नी, વગેરે આવ્યા છે. स-ह પ્રત્યયો સં. स्य ઉપરથી स्स-स-ह રૂપે આવ્યા છે.

च्चो-च्ची પ્રત્યયો સંસ્કૃતમાં સ્થળવાચક ક્રિયાવિશેષણને લાગતા त्य ઉપરથી સ્વાર્થે क લાગી આવ્યા છે. अत्रत्य, तत्रत्य, पौरस्त्य, पाश्चात्य, વગેરેમાં લાગતા त्य ના त्यक्कમાંથી આવ્યા છે. હેમાચાર્ય સૂત્ર (૮-૪-૧૪૯)માં युष्मदीय વાસ્તે तुम्हेच्चयं ને अस्मदीय વાસ્તે अम्हेच्चयं આપે છે. આ च्चय પ્રત્યયનો પ્રયોગ પ્રાકૃતમાં બહુ થયેલો જણાતો નથી. "વસુદેવહિંડી"માં "संवो तुज्झच्चएण वल्लभवाएण ण देइ मे दारयस्स जीविउं." (પૃ. ૧૦૭) ત્હેનો પ્રયોગ થયો છે. આ પ્રત્યય મરાઠીમાં વપરાય છે. એટલે તે મરાઠી ઉપરથી આવ્યો લાગે છે. વિક્રમના પંદરમા સૈકા પછી ત્હેનો પ્રયોગ ગુજરાતીમાં શરૂ થયો છે, અને શામળના વખત સુધી ચાલુ રહેલો જણાય છે. આ પ્રત્યય મરાઠીમાં "જ્ઞાનેશ્વરી"માં શાકે ૧૨૧૨માં વપરાયો છે. એટલે ત્હેને મરાઠીની અસર માનવી યોગ્ય લાગે છે. અપભ્રંશમાં તે પ્રત્યય વપરાયેલો જોવામાં આવ્યો નથી, છતાં તે જડી આવે તો ત્હેને માટે ગુજરાતી ભાષાને મરાઠીની અસરમાંથી મુક્ત કરી શકાય.

जो—આ પ્રત્યયનો પ્રયોગ ઘણોજ થોડો છે, અને તે च्चो ઉપરથી આવ્યો લાગે છે.

क—પ્રત્યય સં. कृत ઉપરથી किय-कअમાંથી આવ્યો છે ત્હેનો પ્રયોગ પ્રાકૃત-અપભ્રંશમાં મળી આવે છે.

પ્રાકૃત—"देवाणुप्पिया ! गेण्ह **देवक्कियं** सेसं ति." (વસુ. ૪૩-૨૭)

અપભ્રંશ—"जा **वप्पीकी** भुंहडी चम्पिज्जइ अवरेण." (સિ. હે. ૮-૪-૩૯૫)

જૂ. ગુ.—"દુંદુહિ વાજી **દેવકીય** ચાલીય તિહિં સુરવર." (જંબૂસામિ ચરિય-૭)

कह-कस्य-कस्स-कस-कह રૂપે આવ્યો છે.

हि—આ પ્રત્યય અપભ્રંશનો છે. (૭-ઉકારાંત નરજાતિના નામનો)

આ ઉપરાંત केर ને तण અનુગ તરીકે જૂની ગુજરાતીમાં અપભ્રંશની જેમ વપરાતા. केर પ્રત્યય कार्य ઉપરથી केर થઇ પ્રાકૃત કાળમાંજ વ્યુત્પન્ન થયો છે, તે પૂર્વે બતાવ્યું છે. तण પ્રત્યય જે નામ સાથે સંબંધ રાખે છે ત્હેની પૂર્વે પણ ઘણી વખત વપરાયેલો જડી આવે છે. केर પણ તેવી રીતે વપરાયેલો જડે છે.

ઉદા.

र—(૧) "મદનદહન છઈ **એહુરી** ખ્યાતિ." (પ્ર. ચિ.)

(૨) "**કામિનીરિ** મુખગંડૂષિ શીચ્યા બકુલ વિકાસિ." (કાદં.)

* "હરણ **અઘૂરાં** યમણાં જાઇ." (વિ. પ્ર. ૨–૨૫)

ल—(૩) "**ચાંપુલા** તરુઅરની કલી નિકલી સોવનમાલ." (વ. વિ.)

ડ(૪) "વીણ ધરઇ કરિ દાહિણ, વાહણ **હંસલુ** જાસ." („ „)

नउ—(૫) "જેહ પસાઇ કીધાં રાજ, **તેહુણૂં** તે વિણસાડ્યું કાજ." (કા. પ્ર.)

(૬) "નહીં પુરુષ તૂં **કેહનઇ** પાડિ!" (સીતાહરણ)

स—(૭) "હઠ કીધુ **સુરતાણસ્યૂં** તાસ કથા સંબંધ." (કા. પ્ર.)

(૮) "**તસ** ઘરણી ઘરિ રાખી રાઇ." („ „)

ह—(૯) "કાન્હ **તણુઇ** સંપત્તિ ઇસી, જિસી ઇન્દ્રહુ ઘરિ રિદ્ધિ." (કા. પ્ર.)

---

* ઉદાહરણ ૨–૩ વચ્ચે "અઘૂરાં"ને હિ. બ. ધ્રુવ સાહેબ અભ્યન્તર (રસ્તાનું) એમ કાદંબરીના ટિપ્પણમાં છઠ્ઠીનું માને છે. પણ વાસ્તવિક રીતે તે અપૂર્ણ ([illegible]) એ અર્થમાં છે. લક્ષણા વ્યાપારથી "અઘૂરાં" નો અર્થ 'દુઃખનું' થાય. જુઓ "અઘૂરાં પલિસઇ ભૂહુરિ, જંગલિ હિંડણા [illegible]." સદયવત્સ ચઉપઈ ૧૬૯)

(૧૦) "વર માંગિઉ પ્રાસાદહ તણઉ." (વિ. પ્ર. ૩૨૫)

चो—(૧૧) "મુનિ લાવણ્યસમઇ ભણઇ, પૂરે મનચી આસ." (વિ. પ્ર. ૭)

(૧૨) "સાહી બોલાવિઉ પૂરવ રીતિ, "કાંઇ ચિંતા છઇ તુમ્હચઇ ચીતિ?" વિદ્યાવિ ? ૯૬)

जो—(૧૩) "ત્રિણિ ભુવનજુ તૂં હિ જુગનાથ." (સીતાહરણ. ૪૧૪)

कं—(૧૪) "જોઅણ લાખજિ દેવકાં, જંબૂદીવ વખાંણ." (વિ. પ્ર. ૯)

(૧૫) "લાટ દેસ દેવકંઇ પાટણિ" (કા. પ્ર. ૧–૭૭)

कह—(૧૬) "ચહુઆણ કુલિ કીરતિ ધણી, પૂરુ આસ સવિકહ તણી." (કા. પ્ર.)

(૧૭) "સવિકહિ બોલ ન લાભૂં પાર." (સીતાહરણ)
(સર્વ कस्य ઉપરથી આવ્યો છે.)

हि—(૧૮) આર અધિપતિ તઉ તિહાં, કુણિહિ ન કિસિઉ કલેસ." (પ્ર. ચિ.)

केर—(૧૯) "હિંસા ન કરઇ કેરી ભૂત." (હરિયો. ૪૯) (ભૂત કેરી)

तण—(૨૦) "કુચ બિહુ અંગીકલસા, પણિ થાપણિ તણી અનંગ." (વિ. પ્ર.) (અનંગ તણી)

(૨૧) "કણગાચલ જગિ જાણીઇ ઠામ તણુ જનપાલિ." (કા. પ્ર. ૧ ૭) (જનપાલિતણું)

सउं—(૨૨) "વલી સાધુસહું ભક્તિ કરવા લાગઉ." (શંહર્ષ. ૭–૪)

(૨૩) 'કાઉસગ્ગસહું મહાપશ્ચાત્તાપ હુઓ." („ ૮૪–૧૨)

સપ્તમી—આ વિભક્તિના પ્રત્યયો તરીકે જૂની ગુજરાતીમાં इ, इं, (अ)इ ए, हिं ઉપરાંત અનુગ તરીકે माहि ને मझारि વપરાયેલા માલૂમ પડે છે. આ બધા પ્રત્યયો ઠેઠ શામળના વખત સુધી પ્રચારમાં હોવાનું જણાય છે. હેમાચાર્ય સૂત્ર (૮–૪–૩૩૪)માં इ ને ए બે પ્રત્યય સાતમીના આપે છે. तलि–तले. આ ઉપરાંત हि ને हिं પ્રત્યયો इકારાંત નામ માટે વપરાતા. "कलिहि धम्मु" (૮–૪–૩૪૧), 'दुंहु दिसिहिं" (૮–૪–૩૪૦) આ પ્રત્યયો स्मिन्–म्हि–हिं–हि રૂપે म્નો અનુસ્વાર થઇ આવ્યા છે. સર્વનામના પ્રત્યયો નામને પણ પાલી ભાષાના કાળમાં લાગવા શરૂ થયા હતા. ह् ઊડી इ–इं પ્રત્યયો જૂની ગુજરાતીમાં આવ્યા છે. અપભ્રંશમાં અંત्य ह મૃદુ બોલાતો. જુઓ સિ. હે. સૂત્ર. ૮–૪–૪૧૧માં "पदान्ते उं–हुं–हिं–हंकाराणाम् " (लाघव) શબ્દ ઉપરના ૪૧૦ સૂત્રમાંથી સમઝી લેવાનો છે. આ પ્રમાણે આ उं, हुं, हिं, हं પ્રત્યયો લઘુ–મૃદુ ઉચ્ચારાતા. સામાન્ય રીતે ह મોળો પડે છે.

माहि–मध्ये–मज्झे–माझि–माहिं–मांइ–मां રૂપે અર્વાચીન ગુજરાતીમાં આવ્યો છે. माहि–माहिं જૂની ગુજરાતીનું રૂપ છે.

मझारि–मध्यकारे–मज्झआरि मज्झारि–मझारि રૂપે આવી પછી મઝાર–મુઝાર, મોઝાર શબ્દ થયા છે ગાથા સપ્તશતી (૧–૩) "कोडिअ **मज्झआरम्मि**" कोटयाः मध्ये અર્થમાં વપરાયો છે. તેમજ "**પ્રાકૃત-કથા સંગ્રહ**"માં પૃ. ૮૦ ઉપર 'मज्झयारमि" વપરાયો છે.

ઉદા.

इ—(૧) "વિમલ ગયુ ઘરિ આપણિ." (વિ. પ્ર.)

(૨) "જઇ જીવ **નીચકુલિ** અવતરઈ તુ કિસિઉ પુણ્ય કરઇ ?" (પૃથ્વીચંદ્ર)

इं—(૩) "સમસ્ત લક્ષ્મી **સપ્તક્ષેત્રીં** વેચઈ." (સંદર્ભ. ૨૧–૭)

(૪) "તે **ભાવિં** ઉક્તિ કહીયઇ." (સંદર્ભ. ૧૫૬–૨૫)

(अ)इ–(૫) "ભૂમિ-**સાથરઇ** નહી હીંડતઉ." (સંદર્ભ. ૩૯–૧૮)

(૬) "અનેરઇ થાનકિ જા." („ ૩૯–૧૫)

हिं–(૭) "तिणिहिं જિ સરોવરિ ગયઉ." („ ૩૨–૨૪)

(૮) "રાતિહિં યક્ષ–દીપ તણઇ પ્રદ્યોતિ શ્રુત પાઠઉ કરતઉ." („ ૨૦–૩)

(૯) "એ જીવ સધલા બાણિ વીધૂં રણહિં જીપૂં રામ." (સીતાહરણ પૃ. ૪૮)

(૧૦) "કાઠિ જલણુ જિમ, ધરણીહિ ત્રેહુ, કુસુમિહિ પરિમલુ ગોરસિ નેહુ,
તિલિહિં તેલ્લ જિમ, તાઢકિ નીરિ, તિમ તે નિવસઇં જગત શરીરિ." (પ્ર. ચિ.)

माहि–(૧૧) "પંચવટી માંહિ પુરુષ બિ આવ્યા." (સીતાહરણ)

(૧૨) "એહ વિશ્વમાહિ એક માછી તણાં કુલ..." (પૃથ્વીચંદ્ર)

मझारि–(૧૩) "એક વાર કૃતયુગ મઝારિ સંપત્તિ સુરલોક મઝારિ." (વિ. પ્ર.)

(૧૪) "સૂતી છિ તેહ મહીઇ મઝારિ." (કાદં. ૭૭–૨૪)

आं—(૧૫) "આંસૂઇ નયણ નિશાં ભરઇ, સાંભરઇ જિમ નાથ." વ. વિ.)

(૧૬) "ખડખડિયાં તિહાં સાંગિ." (ઉષાહરણ)

'નિશાં'માં રહેલા આંનું નિરાકરણ ૧૩મા પ્રકરણના અંતમાં કરવામાં આવશે. 'तहां–(તિહાં)' રૂપને હેમાચાર્ય પાંચમીનું ગણે છે, તે વ્યુત્પત્તિની દૃષ્ટિએ વ્યાજબી છે, પણ અર્થની દૃષ્ટિએ રહેમાં સાતમીનો અર્થ છે. तस्मात् પ્રા. तम्हा અપ. तहां જૂ. ગુ. તિહાં. "जहां होन्तउ तहां होन्तउ." (૮–૪–૨૫૫) "नयरहो होन्तउ आणिउं" (ભવિ. ૯–૧૬–૨) અહીં नयरहो પાંચમીનું રૂપ છે.

તા. ક.

બેવડા વિ. પ્રત્યયો:—

(૧) "જોતમાંહિનુ આતસ લેઇ." (ગુ. ભા. સા. પુ. ૨; પૃ. ૫૦)

(૨) "તિહાંનુ ઠાહાર સીલાઇ." (,, ,, સં. ૧૫૦૦)

(૩) "લાડુઆ માંહે થકુ" (,, ,, ૧૦૫ સં. ૧૬૨૯)

(૪) "સ્ત્રીઇજિના વૃંદમાહિં થિકી રહઇ." (સંદર્ભ. ૧૬૮–૧૧, સં. ૧૫૦૦)

'तण–केर–हुंतउ' પ્રત્યય તરીકે

આ પ્રત્યયો અપભ્રંશમાં વપરાતા હતા. केर પ્રત્યય તો केरअ રૂપે પ્રાકૃતમાં પણ વપરાતો. પરંતુ પ્રથમ બે પ્રત્યયો સૂત્ર ૮–૪–૪૨૨ પ્રમાણે સંબંધિનૂના અર્થમાં વપરાતા હોવાથી પૂર્વના નામ–સર્વનામને છઠ્ઠીનો પ્રત્યય લગાડવો પડતો.

(૧) तण:—(પ્રત્યય તરીકે)

(૧) "कहो तणिय पुहवि कहो तणउं रज्जु" (જસહર ૨–૧૩–૨૧)

(૨) "महु तणियहिं दिट्ठिहिं आवडिउ." (,, ૨–૨૦–૨૦)

(૩) "सुमरेप्पिणु सामिहितणउं णेहु." (,, ૨–૨૬–૯)

(૪) "लइ ण सहइ धम्महो तणउं णामु." (,, નોંધ નથી કરાઇ.)

આ પ્રમાણે तण પૂર્વના નામ–સર્વનામને हो, हु, हि. વગેરે છઠ્ઠીના પ્રત્યય લાગતા. જૂની ગુજરાતીમાં જ્યહારથી છઠ્ઠીના પ્રત્યય સિવાય तण વપરાતો થયો ત્યહારથી ત્હેને પ્રત્યય તરીકે ગણી શકાય, છતાં અપભ્રંશ तणના સ્વરૂપમાં ફેરફાર થયેલો ન હોવાથી તે પ્રત્યય અત્યારે પણ વ્યસ્તદશાનો રૂહ્યો છે. केर પ્રત્યયનું તેમજ સમઝવાનું છે.

હવે જૂની ગુજરાતીના પ્રયોગો તપાશી નિર્ણય કરિયે કે ક્યારથી આ ત્રણેય અનુસર્ગ-અનુગ પ્રત્યય તરીકે વપરાતા થયા. આ સંબંધી મુ. નરસિંહરાવભાઇનું શું કહેવું છે, તે જોઇયે.

(1) "The expression ज्ञानतणइ रसि in this same work distinctly shows the terminal nature of तण. "आलोयणा" V. S. 1330, has संसार तणउ. Could the terminal nature of तण have begun, then, as early as this? It seems so. But it is possible that this was but a rare instance, as would happen when changes begin to evolve." (ગુ. ભા. સા. પુ. ૨; પૃ. ૨૫).

(2) "It will be seen therefrom that the use of तण without the स began as early as Kanhadade prabandh (V. S. 1512). But we can take this use of तणुं further back to the period of the Mugdhavabodh Auktika (V. S. 1450), which has expressions like चैत्रतणउं (धनु गामि छइ), गुरुतणउ (वचन हउं सांभलउं) etc." (સદર પૃ. ૯૭)

(૧) સંવત્ ૧૨૬૬ (જંબૂસામિચરિય)માં (૧) સામિહિંતણઉં, (૨) ધમ્મહતણઇ, (૩) મહાવિદેહતણઇ, (૪) પુવ્વભવંતરતણઇ, (૫) વરસહંતણઇ, (૬) બાપહતણઇ, (૭) અમ્હતણઉ, (૮) લોયહંતણઇ, (૯) અણહૂંતા સુહતણી (૧૦) નારિહિતણઇ. (આમાં ઉદા. ૪, ૯, ૭માં હ વપરાયો નથી. **અમ્હ** છઠ્ઠીનું હોવાં છતાં અપભ્રંશમાં अम्हहं तणा વપરાતું.)

(૨) સંવત્ ૧૨૮૭ (રેવંતગિરિરાસુ) (૧) સંઘહતણીય, (૨) ન્હવણવિલેવતણીય, (૩) તાસુતણઉ. (આમાં માત્ર ઉદા. ૧માં હ વપરાયો છે.)

(૩) સંવત્ ૧૩૨૭ (સપ્તક્ષેત્રિરાસુ) (૧) પરિગ્રહતણઉ, (૨) શીલતણઉ, (૩) દિસિતણઉ, (૪) જિણહતણઇ, (૫) નક્ષત્રહતણી, (૬) ભુવણતણાં, (૭) ભુવણહ તણઉ, (૮) શ્રાવક તણઉ, (૯) જિણસાસણ તણી, (૧૦) શ્રીવીતરાગ તણી, (૧૧) જિનવચન તણઉ, (૧૨) દૂંતાતણઉ, (૧૩) શ્રાવકતણી, (૧૪) શ્રાવકતણા, (૧૫) પ્રોષધસાલહતણઇ. (આમાં માત્ર ઉદા. ૪, ૫, ૭, ૧૫માં હ વપરાયો છે, અન્યત્ર નથી વપરાયો.)

(૪) સંવત્ ૧૩૩૦ (આરાધના) (૧) ઇહતણઇ, (૨) તપતણઇ, (૩) આભ્યંતર તપતણઇ, (૪) અંતરદ્વિપતણા, (૫) સાત નરકતણા (૬) સંસારતણઉ. (આમાં ઉદા. ૧માં હ વપરાયો છે, અન્યત્ર નથી વપરાયો.)

(૫) સંવત્ ૧૩૪૦ (અતિચાર) (૧) હિંસાદિક તણઇ, (૨) ધર્માનુષ્ઠાન તણઇ, (૩) જિનવચન તણઇ.

આમાં સોયે સો ટકા હરહિત પ્રયોગ છે, અને છેલ્લી બે કૃતિઓ ગદ્યની હોવાથી તે વિશેષ પ્રમાણભૂત ગણી શકાય. મુ. નરસિંહરાવભાઇ માને છે તેમ સં. ૧૩૩૦ માં વિરલ પ્રયોગ નથી, પણ તે પ્રયોગની સ્થિરતા થઇ છે, એમ ઉપરનાં ઉદાહરણ ઉપરથી જોઇ શકાય છે.

(૨) **केर**:—(પ્રત્યય તરીકે)

જેમ केरનો પ્રયોગ છઠ્ઠીના हो–ह સાથે અપભ્રંશમાં થતો તેમ અંતિમ અપભ્રંશમાં પણ તેવી રીતે થતો. જૂની ગુજરાતીમાં હેનો લોપ ક્યારથી થયો તે જોઇયે. પણ તે પૂર્વે થોડાંક અપભ્રંશનાં ઉદાહરણ આપવાં ઠીક પડશે.

(૧) "ज्रिणणाहहो केरी (જસહર. ૨–૧૩–૨૦)

(૨) तहो रायहो केरी (,, નોધ નથી કરાઇ)

(૩) " कामहो केरी वाणपंति" (,, ,,)

(૪) जसु केरएं हुंकारडएं (સિ. હે. ૮-૪-૪૨૨)

(૫) "तुम्हहं केरउं धणु" (૮-૪-૩૭૩)

(૬) "एउ असेसु तउ केरउ" (ભવિ. ૭-૯-૧૨)

(जसु ને तउ બન્ને છઠ્ઠીનાં રૂપજ હોવાથી બીજો પ્રત્યય લાગ્યો નથી.

(૧) સંવત્ ૧૩૨૭ (સપ્તક્ષેત્રિરાસુ) (૧) સોના કેરી, (૨) જિણ-બિંબહ કેરી, (૩) સાહંમિઅકેરઉ.

(ઉદા. ૧લામાં ह નથી એટલુંજ નહીં પણ અંગ બન્યું છે, છેલ્લામાં अ કદાચ हનો અવશેષ હોય)

(૨) સંવત્ ૧૩૩૧ પછી (સમ્યક્ત્વચઉપઇ) (૧) નાણરયણ કેરી. (માત્ર એકજ પ્રયોગ છે, ह વપરાયો નથી)

(૩) સંવત્ ૧૩૫૬ (નેમિનાથચતુષ્પદિકા) (૧) છહરિતુ કેરા. (માત્ર એકજ પ્રયોગ છે, ह વપરાયો નથી)

(૪) સંવત્ ૧૩૫૮ (સાલિભદ્દકક્ક) મહુકેરી

આ પ્રમાણે કેરી પણ **પ્રત્યય** તરીકે વિ. સં. ૧૩૫૦ સુધીમાં વપરાતો શરૂ થઇ ગયો છે.

(૩) हूंतउ:—(પ્રત્યય તરીકે)

આ અનુગ પણ અપભ્રંશમાં વપરાતો અને ત્હેનો પ્રયોગ તણ-केर માફક પૂર્વના નામ-સર્વનામને પ્રત્યય લાગી થતો.

(૧) "हत्थहो होंती" (જસહર. સ્થળનિર્દેશ નથી કર્યો)

(૨) "उयरहो हुंतउ नीसरिउ" (,, ,,)

(૩) "विवरहो होंतउं." (,, ,,)

(૪) "जहां-तहां-कहां होन्तउ आगदो (સિ. હે. ૮-૪-૩૫૫)

(૫) "तुम्हहं होन्तउ आगदो (,, ,, ૩૭૩)

(૬) "तहो नयरहो होन्तउ" (ભવિ. ૯-૧૬-૨)

(૭) "तउ-तुज्झ-तुध्र होन्तउ आगदो (સિ. હે. ૮-૪-૩૭૨)

(૮) "महु-मज्झु होन्तउ गदो (,, ,, ૩૭૯)

(૯) "अम्हहं होन्तउ आगदो (,, ,, ૩૮૦)

ઉપલાં ઉદાહરણમાં હેમચંદ્રાચાર્ય હોન્તઉ પૂર્વે વપરાયેલા નામ-સર્વનામને પાંચમી વિભક્તિનું ગણે છે, અન્ય પ્રસંગે તે રૂપ છઠ્ઠીનાં છે. માત્ર जहां, तहां, कहां અન્ય સ્થળે છઠ્ઠીનાં નહીં ગણાય. કેટલાંક રૂપ तउ, तुज्झ, मज्झु, तुध्र, महु એ છઠ્ઠીનાં વ્યુત્પત્તિની દૃષ્ટિએ છે, પણ છઠ્ઠીનો પ્રયોગ પાંચમીના અર્થમાં થતો એ દૃષ્ટિએજ તેમને પાંચમીનાં ગણી શકાય. બીજાં हो-हुવાળાં રૂપને બન્ને વિભક્તિનાં ગણી શકાય તેમ છે. वच्छहु गृण्हइમાં પાંચમી છે. हु નો हो થાય એટલે બન્ને પ્રત્યય પાંચમીના ગણી શકાય.

આ હોન્તઉ ઉપરથી આવેલા હૂંતઉ પ્રયોગની પૂર્વ અવધિ બાંધવી નકામી છે. તે પ્રત્યય અપભ્રંશમાંથી અવિરત વપરાતો આવ્યો છે. જસહરચરિઉમાંના ઉદાહરણમાં પણ હુંતઉ અપભ્રંશમાંજ વપરાયું છે. હવે तण-केर માફક આ 'હૂંતઉ'નો પ્રત્યય તરીકે પ્રયોગ તપાસિયે:

(૧) સંવત્ ૧૨૬૬ (જંબૂસામિ ચરિય) (૧) સુરલોયહહૂંતુ, (૨) નીયઘરહૂંતુ. (બે પ્રયોગ પૈકી એકમાં પૂર્વે ह વપરાયો છે, બીજામાં નથી.)

(૨) સંવત્ ૧૩૨૭ (સપ્તક્ષેત્રિરાસુ) (૧) નિયઘરિહુંતઉ, (૨) નિયઘર હુંતઉ, (૩) મૂલહુંતિ. (આ ત્રણ પ્રયોગ પૈકી એકેયમાં હો પૂર્વે આવ્યો નથી.)

આમ હુંતુ પ્રત્યય તરીકે વિ. સં. ૧૩૫૦ પૂર્વે વપરાતો થઇ ગયો છે. તે ઉપરાંત સં. ૧૪૧૧માં પૂર્વના નામનું અંગ થયેલું પણ મળે છે.

(૧) "તિ કૂયા હૂંતાં નીસરિયાં." (સંદર્ભ. ૪૪-૨૩)

(૨) "કૂયા હૂંતઉ મિથુનુ નીસરિઉં." (,, ૪૪-૨૪)

પ્રકરણ ૧૩મું

વિભક્તિપ્રત્યયો (ચાલુ)

ગત્યર્થ ક્રિયાપદને યોગે સપ્તમી—રા. બ. કમળાશંકર ત્રિવેદીએ પોતાના મધ્યમ વ્યાકરણમાં પ્રત્યય હોય ત્ય્હાં સાતમી ને પ્રત્યય ન હોય ત્ય્હાં સંસ્કૃત પ્રમાણે આ'વે પ્રસંગે બીજી વિભક્તિ માની છે. પરંતુ જૂની ગુજરાતીના નીચેના નમૂના જોતાં જણાશે કે આ ક્રિયાપદને યોગે સાતમી વપરાઈ છે. હાલમાં જ્ય્હાં પ્રત્યય નથી વપરાતો ત્ય્હાં જૂના સાતમીના इ પ્રત્યયનો મૃદુ य થઇ છેવટે अ રહ્યો છે. સંસ્કૃતમાં જ "वने प्रव्रज काकुत्स्थ" વિભક્તિફેરના ઉદાહરણમાં બતાવ્યા પ્રમાણે वने સાતમીમાં વપરાયો છે. પ્રાકૃત અપભ્રંશમાં પણ વિભક્તિફેરમાં બતાવ્યા પ્રમાણે સાતમી વપરાઈ છે. એટલે ગત્યર્થ ક્રિયાપદને યોગે સાતમી વાપરવાનો રિવાજ સંસ્કૃત સમય જેટલો જૂનો છે.

ઉદા.

૧. "વલી પાછઓ **દેવલોકિ** ગિઓ." (સંદર્ભ ૯૩–૮)
૨. "પાછઇ તે ઋષિ કન્યાનઇ **અંતઃપુરિ** ગિઉ." (,, ૧૦૦–૨૭)
૩. "આઠમઇ **દેવલોકિ** પુહુતઉ." (,, ૭૧–૨)
૪. "તેહનઉ પિતા **નગરિ** ચાલિઉ." (,, ૫૦–૨૨)
૫. "રાઉ **વસંતપુરિ** આવિઉ." (,, ૪૫–૨૪)
૬. "ભાર્યા રત્નાવતી **પીહરઇ** મોકલઇ." (,, ૪૩–૨૪)
૭. "નરેશ્વરુ જિનદાસસહિતુ **ઉદ્યાનવનિ** પહુતઉ." (,, ૪૬–૨)
૮. "પુણ્યરંગ **પાટણિ** તે ગયા." (પ્ર. ચિ. ૧૧૦)
૯. "તિહાંથી આવ્યા **અમદાવાદિ**." (વિ. પ્ર. ૩૭૭)

આ ઉપરથી અનાદિ इ નો મૃદુ य થઇ છેવટે अ રૂણો, એટલે "તે પાટણ ગયા છે", એ'વો પ્રત્યયરહિત પ્રયોગ હાલ થાય છે.

વિશેષણને વિભક્તિપ્રત્યય

અર્વાચીન ગુજરાતીમાં વિશેષણને ખાસ પ્રત્યય લાગતા નથી. પ્રત્યક્ષ રીતે ફક્ત તૃતીયા અને સપ્તમીનો **એ** પ્રત્યય લાગે છે. આ **એ** પ્રત્યય વિશેષ્યના રૂપમાં મળી એકરૂપ થયેલો હોય તો જ ત્હેના વિશેષણને **એ** પ્રત્યય લાગે. જૂની ગુજરાતીદ્વારા જ આ પ્રયોગ આવેલો છે. ઉદાહરણ 'પૃથ્વીચંદ્રચરિત'માંથી લીધાં છે.

ઉદા.

૧. "**પોયણિને** પાને છાયુ." (તૃતીયા)

૨. "**ઇણિ** પરિ ભક્તિ કીધી." (,,)

૩. "**ખરઇં** વાંઇ લહરિ ઊચ્છલઇ." (,,)

૪. "**ઇસઇ** નામિઇ કન્યા વર્ત્તઇ." (,,)

૫. "નામિ **તુમ્હારઇ** સહૂઇ તરઇ." (,,)

૬. "વિમલ ગયુ ઘરિ **આપણિ**." (વિ. પ્ર.) (સપ્તમી)

૭. "**જીણઇં** દેસિ ગ્રામ અત્યંત અભિરામ." (સપ્તમી)

૮. "**તીણિ** દેસિ પઠ્ઠઠાણપુર પાટણ વર્ત્તઇં." (,,)

૯. "તે ઋષિ **કન્યાનઇ** અંતઃપુરિ ગિઉ." (,,) (સંદર્ભ. ૧૦૦-૨૭)

સતિ સપ્તમી (ભાવલક્ષણા સપ્તમી)

સંસ્કૃતની માફક જૂની ગુજરાતીમાં પણ આ રચના ઘણી વખત જોવામાં આવે છે.

ઉદા.

૧. "જીણિ દીઠઇ આણંદ હોઇ." (પૃથ્વીચંદ્ર)

૨. "મઇં ઉઠ્ઠન્તઇં સમરિ સઇ સુરવઇ મિલ્હઇ મગ્ગ." (પ્ર. ચિ. ૧૧૭)

૩. "મઇં જીવન્તઇ બેટડઇ મ ધરસિ અણરઇ, બાપ!" (,, ૧૧૬)

૪. "મેઘિ વરિસતઇ મોર નાચઈં." (સંદર્ભ. ૧૭૭-૧૫)

૫. "તિણિ પરણીઇ પગ મોકલા; સુર સેવઇ મન સુદ્ધિ." (પ્ર. ચિ. ૧૩૦)

૬. "પુરુષ ઘણીઇ પરણતઈં સ્ત્રી નવિ કરવી ભેડિ." (નમૂનો)

૭. "ગુરિ અર્થું કહતઇ પ્રમાદીઉ ઊંઘઇ." (સંદર્ભ. ૧૭૭-૧૮)

૮. "એક વાર નવઇ મેઘિ વૂઠઇ નદી પૂરિં આવી." (સંદર્ભ. ૧૬૫-૧)

૯. "જીણિ આવિયંઇ અમ્હારઈં ઘરિ લક્ષ્મી તણા પુંજ હૂયા." (,, ૧૩-૨૦)

૧૦. "ગુણવંત આવિઈ ભક્તિ ન સાચવી." (,, ૬૫-૨૬)

આંકારાંત નામ અને કૃદંત

(૧) વર્તમાન કૃદંતનું આંરૂપ—આ આં છઠ્ઠી વિભક્તિના અપભ્રંશ પ્રત્યય હં ઉપરથી આવ્યું છે, તે અપભ્રંશના ઋણમાં બતાવ્યું છે. સંસ્કૃતમાં પણ છઠ્ઠી વિભક્તિનું રૂપ આ'વે પ્રસંગે વપરાયેલું નીચેના પ્રયોગમાં જણાશે.

૧. "मातृभिश्चिन्त्यमानानां ते हि नो दिवसा गताः ॥" (ઉત્તરરામ ચરિત)

૨. “नन्दाः पशव इव हताः पश्यतो राक्षसस्य ॥” (मुद्राराक्षस)

આ'નો ગુજરાતી અનુવાદ કરતાં આંકારાંત રૂપ વપરાશે.

૧. ‘માતાઓથી ચિંતાતાં અમ્હારા તે દિવસો ગયા.”

૨. ‘રાક્ષસના દેખતાં નન્દો પશુ પેરે મરાયા.”

૩. “ધ્રેલીને પથારી કરતાં વ્હાણું વાયું.”

આ જાતના જૂની ગુજરાતીના પ્રયોગ છઠ્ઠીના હં પ્રત્યય ઉપરથી હ્‌નો લોપ થઇ આવેલા છે.

ઉદા.

૧. “રાજ્યસૌભાગ્ય ભોગવતાં અવસરિ રત્નમંજરી મહીધર હંસિંઇ નામિઇં પુત્ર જન્મિઉ.” (સંદર્ભ. ૧૫૯–૧૫)

૨. “સર્વજ્ઞ પૂજતાં પૂજઇ મન તણી રલી.” (પૃથ્વીચંદ્ર)

૩. “બોલ બોલતાં પડિઉ વરાંસુ.” (સીતાહરણ)

૪. “હંસિઉ કરતાં આવિઉ આસો માસ.” (પૃથ્વીચંદ્ર)

૫. “ભવસાગર બુડંતડાં તરવા તણુ ઉપાય.” (હરિપો. ૨૯)

૬. “ઇણિ પરિ નરેશ્વરહૂઇ ચીંતવતાં ઊપનઉં શુકલધ્યાન.” (સંદર્ભ. ૧૫૯–૨૫)

૭. “રાયરહૂઇ કુમરી તણઉ સ્વરૂપ વિમાસતાં ઊપની આકાશ-

૧૦. "અહિન લેઈ પાછુ વલૂં, દેખંતાં સવિ ભૂપાલ." (હરિષે. ૧૭૮)

આવા પ્રયોગમાં સંસ્કૃતમાં तद् નાં રૂપ વાપરવાં આવશ્યક હતાં. एवं चिन्तयतः **तस्य** रजनी प्रभाता ॥ આ જાતના ઉપરના પ્રયોગ છે. સંસ્કૃતમાં तद् નું પષ્ઠીનું એકવચન तस्य વપરાયું છે, કૃદંત પણ એકવચનમાં છે. અપભ્રંશકાળમાં કૃદંતનું વિશેષ્ય એકવચનમાં ને કૃદંત બહુવચનમાં વપરાવા લાગ્યું. પરિણામે '**ઘેરીને** પથારી **કરતાં** વ્હાણું વાયું' જેવા પ્રયોગમાં કૃદંત બહુવચનના અપ. પ્રત્યય हं ઉપરથી આં રૂપે આવ્યું, ને વિશેષ્ય એકવચનમાં રહ્યું. બીજું ઘણી વખતે વિશેષ્ય અધ્યાહૃત રહેતું. ઉદાહરણ નં. ૨, ૫, ૮, ૯માં વિશેષ્ય વપરાયું નથી, અને ઉદા. ૧લામાં 'રત્નમંજરી' શબ્દને છઠ્ઠી કે ત્રીજીમાં લેઈ શકાય. નીચેનાં અપ. ઉદાહરણમાં तद् નાં રૂપ નથી વપરાયાં.

૧. "**निसुणंतकहंतहं** जणियभय! कन्नंतरहो वि दुव्विसह ॥" (ભવિ. ૫-૧૧)

૨. "लच्छइ सहाय सम्माणु कोसु पणइणि **परिणंतहं** कवणु दोसु." („ ૧૨-૧૪)

૩. "तुस **कंडतंहं** कालु गउ तंदुलु हत्थि ण लग्गु." (જોઈન્-હું. દોહાપાહુડ)

૪. "रइ अणहुल्लंतहं हुउ विहाणु परिगलिय रयणि उम्मिलु भाणु." (ભવિ. ૧૨-૧૪)

નીચેનાં ઉદાહરણમાં વિશેષણ-વિશેષ્યના વચનમાં ફેર છે.

૧. "लइ संवरहो आहु नियंदसहो, होउ च्छेउ **सव्वहंमि किले-सहो.**" („ ૬-૨૧-૬)

૨. "अम्हहं एत्थु वसंतहो तेहउ को वि ण मित्तु पहाणु सणेहउ." (,, ૩-૧૧-૭)

જૂની ગુજરાતીમાં તેવીજ રીતે પ્રયોગ થયા છે.

ઉદા.

૧. "મઝ જોઅંતાં સમ્યક્ સહી, હરિ સમોવડિ કો સમરથ નહિ." (હરિષે. ૧૪૭)

૨. " આ તાહરી માતા, તઉં દેખતાં મારિસુ. " (સંદર્ભ. ૧૧૨-૨૦)

(૨) સતિસપ્તમીનું આં રૂપ—આ આં સાતમીના અપ. પ્રત્યય हिं ઉપરથી हं-अं થઈ આવ્યું છે અહીં આ રૂપે ઘણું સામાન્ય રૂપ પકડવા માંડ્યું છે, એમ લાગે છે.

"गच्छत्सु दिनेषु नारायणः क्षीणोऽभूत्." દિવસ જતાં નારાયણ ક્ષીણ થયો.

"वोलंतहिं दियहहिं थोवइहिं सो आणिव्वउ पासु तउ." (ભવિ. ૨-૧૩-૧૦) થોડા દિવસ **વીતતાં** (મ્હારે) ત્હેને તારી પાસે લાવવો. આવી જાતના પ્રયોગમાં **વીતતાં**, વગેરે કૃદંતનું જે વિશેષ્ય છે ત્હેના સિવાય બીજો કર્તા મુખ્ય વાક્યમાં વપરાવો જોઇએ. તે સતિ સપ્તમીના પ્રયોગનું લક્ષણ છે. हिं ને બદલે इ નીચેના પ્રયોગમાં છે.

૧. "आवज्जिय कुसल करवि तेहिं कह करहुं समप्पिउ पत्थिवेहिं." (ભવિ. ૧૩-૨-૮)

ગુજરાતી ઉદાહરણ—(વિશેષ્યના પ્રત્યયનો લોપ છે.)

ઉદા.

૧. "જાણે ગુર્ભિક્ષભૂપતિ આવતાં જય ડંકા વાજ્યા." (પૃથ્વીચંદ્ર. ૧૩૪-૫)

૨. "**રામ રોઅન્તાં** રોયૂં વન; રોયાં પર્વતશૃંગ." (સીતા-હરણ. ૨૯)

૩. "વ્યાઘ્ર **ગયાં** દિશિ જોઇ ચ્યારિ." (કાદ. ૨૩)

૪. "વૃદ્ધ **થયાં** દ્વિજ કેરુ પાત." (,, ૨૭)

(૩) પ્રથમભૂતકૃદંતનું આં રૂપ—આ રૂપ પણ છઠ્ઠીના हं ના સામ્યને લીધે આવ્યું છે. मासजातः=मासो जातस्य यस्य=જ્હેને **જનમ્યાં** માસ થયો છે તે. "**तासु सव्वायहो** वट्टइ मासु इक्कु घरि **आयहो**." (ભવિ. ૯-૮-૮)

આ વાક્યમાં અર્થ બહુવચનનો હોવા છતાં ત્રણે શબ્દોમાં सु-हो પ્રત્યય એકવચનના છે. (ત્હેમને સૌને ઘેર **આવ્યાં** એક માસ (वट्टइ) થયો છે.) અહીં हं પ્રત્યય નથી, છતાં બહુવચનના हं પ્રત્યયવાળા રૂપને લીધે એકવચનમાં પણ તે'વો પ્રયોગ થાય છે. આટલા પૂરતુ સામ્ય છે

(૪) અવ્યય જે'વું આં રૂપ—કેવળ ઉપરનાં રૂપના સામ્યને લીધે આ રૂપ આવ્યાં જણાય છે. આ'માં આ રૂપવાળા કૃદંતનું વિશેષ્ય મુખ્ય વાક્યનું કર્તા હોય છે. તે **સૂતાં** સૂતાં વાંચે છે. તે **ઊભાં** ઊભાં વાત કરે છે. આ'ના જે'વા પ્રયોગ જૂની ગુજરાતીમાં થતા.

૧. "મહાત્મા **બેઠાં** પુસ્તક વાચઇ." (પૃથ્વીચંદ્ર. ૧૩૪-૧૦)

(૫) નામનું છઠ્ઠીના બહુવચનનું આં રૂપ—આ રૂપ બ. વ. ના અપ. हं પ્રત્યય ઉપરથી આવ્યું છે. आं રૂપ તૈયાર થયા પછી પાછ ह (અનુસ્વાર પાછળ જતાં અવશિષ્ટ ર્‌હેલો) ચાલુ ર્‌હેલો જોવામાં આવે છે. આ રૂપ અંગ તરીકે પણ વપરાય છે.

ઉદા.

૧. "અહિ વિહસી રવિ ઊગિઉ નીંદ્ર ગઈ **નયણાંહ**." (વિદ્યા વિ. ૫૦)

૨. "હંસાંને સરોવર ઘણાં પૂફ ઘણાં **ભમરાંહ**." (ભીમ ચોપાઇ)

૩. "**સહિયાં** મિસિ બાહરિ વસઇ તે સુસીલ કિમ હુન્ત ?" (નમૂનો)

૪. "અણચીંતઈ ઘરિ આગિ લાગઈ, **પશૂઆં** ખૂટઉ કાલ." વિ. પ્ર.)

(૬) **નાન્યતર બહુવચનનું આં રૂપ**—સંસ્કૃતમાં અકારાંત નાન્યતર જાતિનાં નામ માટે પ્રથમા ને દ્વિતીયા બહુવચનનો आनि પ્રત્યય હતો. પ્રાકૃતમાં आणि ને અપભ્રંશમાં आइं કે अइं વપરાતા. (સિ. હે. સૂત્ર ૮-૪-૩૫૩) आइं ઉપરથી ગુજરાતીમાં બહુવચનનું રૂપ આવ્યું ને अइं ઉપરથી મરાઠી બહુવચનનું રૂપ આવ્યું.

૧. "**दिव्वइं वरिससयाइं**." (૮-૪-૪૧૮)

૨. "**आयइं** लोअहो **लोअणइं**." (૮-૪-૩૬૫)

૩. "अवसर**निवडिआइं**." (૮-૪-૩૫૮)

૪. "**कमलइं** मेल्लवि अलि-**उलइं** **करिगण्डाइं** महन्ति. (૮-૪-૩૫૩)

अइं ક્યાં વપરાય ને आइं ક્યાં વપરાય, એ જાતનો વિવેક હું ધારું છું કે થયો નથી. પણ જ્યહાં क લાગતો ત્યહાં आइं ને क વિનાના નામમાં अइं પ્રત્યય હશે.

ઉદા.

૧. "**ખેડાં ખાંડાં પડચાં જૂજૂયાં** ભાલા સીંગિણી કટારી." (કા. પ્ર.)

૨. "પુણ્યઇ ધરીઇ **સોનાં** સાર, પુણ્યઇ પહિરીઇ મોતીહાર." (કા. પ્ર.)

૩. "લોચન બિહૂઇ હૂં દેખૂં, તુઝ **રૂડાં** વીસ!" (સીતાહરણ)

૪. "પાટુ, સાડી, **કાપડાં** નઈ નવરઙ્ગ ઘાટ." (પ્ર. ચિ.)

૫. "પૂગી રુલી મન થિર **હૂઆં** એ, જણ દીજઇ **બીડાં જૂજૂઆં** એ." (પ્ર. ચિ.)

(૭) **કાળવાચક અવ્યયનાં આં રૂપ**—હમણાં, પ્હેલાં, વ્હેલાં, વગેરે કાળવાચક ક્રિ. વિ. માં અનુસ્વાર ભળ્યો છે તે ઘણું કરીને નાન્યતરજાતિના બહુવચનના રૂપને લીધે હોવો જોઇયે. '**હમણાં**'માં અનુનાસિક ण ને લીધે અનુસ્વાર ભળ્યો છે, બાકીના બે શબ્દો મૂળ વિશેષણ હતા. प्रथम–पढमिल्ल–पहिल्लउं–પહિલું (બ. વ. પહિલાં) '**વ્હેલાં**'નું અપભ્રંશ રૂપ वहिल्लउं થાય છે. તે प्रथम ઉપરથી દ્વિર્ભાવ પામી બીજા प નો व થઈ આવેલું લાગે છેઃ **પ્હેલવ્હેલું**. પ્રથમ प નો લોપ થતાં બનતું 'हल्लविहल्ल' રૂપ જૂની ગુજરાતીમાં વપરાયું છે. "એટલાં વાંનાં **હલ્લવિહલ્લ** બેટાહૂઇં આપિઆં." (સંદર્ભ. ૮૪–૨). તેમજ 'ઉવએસમાલકહાણયછપ્પય' માં "હલ્લવિહલ્લ" રૂપ વપરાયું છે. આ પ્રમાણે વિશેષણનાં બ. વ. નાં રૂપ કાળે કરી અવ્યય તરીકે વપરાવા લાગેલાં છે.

(૮) **તૃતીયાંત આં રૂપ**—આ રૂપ તૃતીયા બ. વ. ના અપ. हिं પ્રત્યયનો हं કે इं થઇ બન્યું છે, તે ત્રીજી વિભક્તિ નીચે બતાવ્યું છે.

(૯) **સાતમીનું આં રૂપ**—આ રૂપ સાતમીના અપ. પ્રત્યય हिं ઉપરથી આકારાંત નામના आहिं ઉપરથી आइं-आं થઇ આવેલું છે. સં. समायां અપ. समाहिं જૂ. ગુ. समाइं-સભાં રૂપે આવ્યું છે. कानि-काइं-कांइं-**कां**, नयनानि-नयणाइं-'**નયણાં**', माहिं-**માં** રૂપ જે'વી રીતે બન્યાં છે તે'વી રીતે આ રૂપ સાતમીના हिं પ્રત્યય ઉપરથી આવ્યાં છે.

મુ. ધ્રુવ સાહેબ આ રૂપને સં. अलम्-चिरम् માં લાગતા म् ઉપરના સામ્યને લીધે થયેલાં માને છે. મુ. નરસિંહરાવભાઇ એમ્હને પાંચમીનાં રૂપ ગણે છે. પરંતુ મ્હને આ રૂપ સાતમીનાં લાગે છે. જ્યહાં નામ इકારાંત છે ત્યહાં हिं નો इं થઇ इ ઊડી જતાં માત્ર અનુસ્વાર અવશિષ્ટ ર્‌હે છે.

ઉદા.

૧. "રખે જીવતઉ જે **પરાવજ્ઞાઇં છતીઇં** જીવઇ." (ક્રિયારત્ન સમુચ્ચય)

૨. "એક આંબાની **છાયાઇં** વીસમઇ છઇ." (સંદર્ભ. ૧૬૭-૨૫)

૩. "**રાત્રિઇં** મસાણની **ભૂમિકાઇં** ગિઓ." (,, ૧૬૪-૭)

૪. 'તિહાં ઢૂંકડી પર્વતની **ગુફાઇં**...ચઉમાસું રહિઉ છઇ." (સંદર્ભ. ૧૬૭-૧૬)

૫. "રાસભિ ચડાવી **તીણઇં ભૂમિકાં** લેઇ ગયા." (,, ૧૬૭-૨)

૬. "તીણિ **વેલાં** ન ઊડઇ કોરણ." (પૃથ્વીચંદ્ર)

૭. "રાજા પૃથ્વીચંદ્ર અનઇ સોમદેવ **રાજસભાં** એકઠા બઇઠા." (પૃથ્વીચંદ્ર)

૮. "જોયા આશ્રય મઢી નઈ થાનક રાક્ષસ **લંકાં** આવિઉ." (સીતાહરણ)

૯. "**વસુધાં** હરિ ધણા વિખવાદ, સાગર મેલ્હેશિ મર્યાદ." (વિ. પ્ર.)

૧૦. "તે ભવસાગર **હેલાં** તરઇ." (હરિષે. ૧૫૧) (સાતમી કે ત્રીજી)

૧૧. "બીજી **ભૂમિં** દોહિલા ઘાટ, પાતસાહ માગઇ આ વાટ." (કા. પ્ર.)

૧૨. "પુણ્યપ્રસંસા **પુહવિં** કરી, પદ્મનાભ પંડિત વિસ્તરી." (કા. પ્ર.)

૧૩. 'ચક્રવર્તિ એ પૌરવા, તાસ પુત્ર **પુહવિઇં** પ્રસિદ્ધા." (વિ. પ્ર. ૪૮)

૧૪. "પુત્ર ઉપર આવ્યુ બહુ હેત, ફુલ્યો જિમ **વરખાં** રતુ ખેત." (શામળ)

૧૫. "**વેલાં** ભોજન **વેલાં** ભોગ, **વેલાં** લાભઇ સવિ સંયોગ." (વિ. પ્ર. ૩૭૩)

આ જાતના પ્રયોગ જૂની મરાઠીમાં (જ્ઞાનેશ્વરીમાં) છે. અને ત્હેને ડા. ભાણ્ડારકર સાતમીના हिं ઉપરથી વ્યુત્પન્ન કરે છે. (ભાષણો પૃ. ૨૦૪) मस्तकें–मत्थइं–माथा+हिं=माथाइं–माथां–આ ક્રમે આ રૂપોનો વિકાસ હોવો જોઇએ.

૧. "तयातें आम्ही **माथां** मुकुट करूं." (જ્ઞાને. ૧૨–૨૨૧)

૨. "वरी दिव्यांजन होय **डोळां**." (જ્ઞાને. ૬–૪૫૮)

૩. "परी अमृतकुहां पडिजे." (જ્ઞાને. ૯–૩૦૩)

ઉપરનાં ગુજરાતી ઉદા. ૫–૬માં **'તીણઇં'** ને **'તીણિ'** વિશેષણ સાતમીનાં છે. (સં. तस्यां) માટે **'વેલાં'** અને **'ભૂમિકાં'** વિશેષ્ય પણ સાતમી ઉપરથી આવવાં જોઇયે.

वेलायां–પ્રા. वेलाइ–અપ. वेलाहिं–જૂ. ગુ. वेलाइं ને वेलां

भूमिकायां–પ્રા. भूमिकाइ–અપ. भूमिकाहिं–જૂ. ગુ. भूमिकाइं ને भूमिकां.

રુચ્યાદિ ધાતુને યોગે ચતુર્થી

સંસ્કૃતમાં रुच् ધાતુને યોગે ચોથી વિભક્તિ વપરાતી. इदं फलं मह्यं रोचते । પ્રાકૃતમાં ચતુર્થીને બદલે છઠ્ઠી વપરાતી, તેથી અપભ્રંશમાં પણ છઠ્ઠી વપરાતી.

૧. "एउ **देवपट्टणहो** न भावइ." (ભવિ. ૧૧–૨)

૨. "जं **तुम्हहं** भावइ." (,, ૧૧–૨)

૩. "**सरलसहावहं** जइ वि न रुच्चइ." (,, ૧૧–૪)

૪. "परियाणेवि कज्जु करि एवहिं जं जं **मणहं** रुच्चए." (,, ૧૨–૫)

આ ઉપરથી ગુજરાતીમાં પણ રુચવું, ગોઠવું, ફાવવું, ભાવવું, ગમવું, વગેરેને યોગે ચોથી વિભક્તિ વપરાય છે. 'ફાવવું' સં. भाव ઉપરથી આવેલું ઉપરના પ્રયોગ જોતાં લાગે છે.

તા. ક.

આંકારાંત રૂપ–(સાતમીનું)

લગી રૂપ લગ્ને ઉપરથી આવ્યું તે અન્યત્ર બતાવ્યું છે. ત્હેને

યોગે પૂર્વ નામ પણ સાતમીમાં મુકાય.

૧. "એક વાર તેહની **દયાં લગઇ** ચોરે બીજી સ્ત્રી આણી." (સંદર્ભ. ૧૯-૨૧)

ઉપરનું '**દયાં**' સાતમીનું રૂપ છે. दयाइं–दयां.

આકારાંત નારીજાતિનાં નામ જે'વાં કે દ્વારકાં, મથુરાં, વગેરેમાં આવેલો અનુસ્વાર પણ સાતમીના રૂપ ઉપરથી સામાન્ય બની મૂળ શબ્દમાં પણ તે ચાલુ રહ્યો.

૧. "**દ્વારકાં નગરીઇં** બલદેવના બેટાનુ બેટઓ સાગરચંદ્ર કુમાર." (સંદર્ભ. ૮૧)

૨. "**પોષધશાલાં** જઇ ચઉવિહાર અણુસણ લિઇ." (સંદર્ભ. ૧૧૭-૩)

૩. "વેગિ કરી પુહુતુ **લંકાં**." (હરિષે. ૧૨૧)

ધોળકા, ધંધુકા, વડોદરા, વગેરે શબ્દોમાં આં કેમ ન આવ્યો? ત્હેનું કારણ–આ સ્થળો આકારાંત ન્હોતાં. મૂળે તે ઉંકારાંત હતાં. ધોળકું, ધંધુકું, વડોદરૂં, વગેરે. પાછળથી હિંદી ને ફારસીની અસરથી તે આકારાંત બન્યાં છે, માટેજ ધોળકે, ધંધુકે, વડોદરે, એમ સાતમીનાં રૂપ થાય છે.

પ્રકરણ ૧૪ મું

ધાતુઓ

ગુજરાતી ભાષામાં ક્રિયાપદના ધાતુઓ અનેક રીતે આવ્યા છે. ત્હેમના સ્વરૂપનો વિચાર કરવાથી ત્હેમના અર્થનો ચોક્કસ ખ્યાલ આવે છે. સંસ્કૃતમાં નામ કે વિશેષણ ઉપરથી ક્રિયાપદો બનતાં હતાં. वृक्ष ઉપરથી वृक्षायते, तरुण ઉપરથી तरुणायते, पर्वत ઉપરથી पर्वतीकरोति, તેમજ लघु ઉપરથી लघूभवति. આવી જાતનાં ક્રિયાપદો ગુજરાતી ભાષામાં પણ આવ્યાં છે. કર્મણિ ભૂતકૃદંત ઉપરથી પણ ક્રિયાપદોના ધાતુઓ આવ્યા છે. સંસ્કૃત કર્મણિ રૂપ ઉપરથી પણ અકર્મક ક્રિયાપદો ગુજરાતીમાં આવ્યાં છે, તેમજ બે શબ્દો ભેગા થઇને સંકીર્ણ ક્રિયાપદો પણ ગુજરાતીમાં વ્યુત્પન્ન થયાં છે, વગેરે હકીકત નીચેનાં ઉદાહરણો ઉપરથી જણાશે.

(૧) સંસ્કૃતનાં કર્તરિ રૂપ ઉપરથી પ્રાકૃત, વગેરેના નિયમો મુજબ આવેલા ધાતુ—

૧. करोति–करइ–કરે–કર. ૨. लिखति–लिखइ–લખે–લખ.

૩. भणति–भणइ–ભણે–ભણ. ૪. हरति–हरइ–હરે–હર.

(૨) સંસ્કૃતનાં કર્મણિ રૂપ ઉપરથી પ્રાકૃત, વગેરેના નિયમો મુજબ આવેલા ધાતુ—

૧. दह्यते–दज्झइ–દાઝે–દાઝ.

૨. (पूर्) पूर्यते–पुज्जइ–પૂજઇ–પૂગે–પૂગ.

૩. वाद्यते–वज्जइ–વાજઇ–વાજ–વાગ.

૪. भज्यते–भज्जइ–ભાજઇ–ભાગ.

૫. सूच्यते–सुज्झइ–સૂઝે–સૂઝ.
૬. शूयते–सुझ्जइ–સૂજઇ–સૂજ
૭. दृश्यते–दिस्सइ–દીસે–દીસ.
૮. लभ्यते–लब्भइ–લાભઈ–લાભ.
૯. पच्यते–पच्चइ–પચે–પાચે–પચ.
૧૦. दुह्यते–दुज्झइ–દૂઝે–દૂઝ.
૧૧. गम्यते–गम्मइ–ગમે–ગમ.
૧૨. बध्यते–बज्झइ–બાઝે–બાઝ
૧૩. जन्यते–जम्मइ–જામે–જામ.
૧૪. जन्यते–जव्वइ–જવે–જવ.
૧૫. कृष्यते–खिस्सइ–ખસે–ખસ.
૧૬. धूयते–धुज्जइ–ધૂજે–ધૂજ.
૧૭. घृष्यते–घस्सइ–ઘાસે–ઘાસ.
૧૮. निरुह्यते–निव्वहइ–નિભઇ–નભ.

ઉપર પ્રમાણે ઘણા ધાતુઓ કર્મણિ રૂપ ઉપરથી ગુજરાતીમાં આવ્યા છે, અને પરિણામે ઘણા અકર્મક તે રીતે બન્યા છે.

ઉદા.

૧. "હિમ પડતઇ જિમ દાઝઈ આક." (પૃથ્વીચંદ્ર)

૨. "जित्तिउ **पुज्जइ** पंगुरणु तित्तिउ पाउ पसारि." (કુમાર. પ્ર. ૧૧૧)

"ઇણ પરિ કોઇલિ કૂજઇ; પૂજઇ* જુવતિ મણોર."

* 'પંદરમા સૈકાનાં ગુર્જર કાવ્યો' માં 'પૂંજઇ' શબ્દ છપાયો છે. પણ શુદ્ધિપત્રમાં 'પૂજઇ' છે. મુ. નરસિંહરાવભાઇ ગુ. ભા. સા. પુ. ૨. પૃ. ૨૭ ઉપર पुंज (Heap) ઉપરથી નામ ધાતુ ગણે છે. કદાચ પોથીમાં **'પૂંજઇ'** હોય તો તે **'કૂંજઇ'** ને લીધે આવ્યો હોય.

(વ. વિ. ૧૭)

"વિમલમંત્રિ પૂગી મન રલી." (વિ. પ્ર. ૨૭૩)

૩. "ઍંા ઍંા **વજ્જઇ** મર્દ્દલ સંખ." (પ્ર. ચિ. ૧૩૨)

"ઝાલર ભેરી **વાજિયાં** રે; ગાજિયાં ગહિરાં નીસાણ." (ઉષાહરણ. ૮૯)

૪. सुहिसंजोउ विओएं **भज्जइ**." (ભવિ. ૧૧-૧૨-૪)

"કૂર્મ્મ કરોડિ **ભાજઈ**." (પૃથ્વીચંદ્ર ૧૦૬)

"ચોરિં તિહાં માંડ્યો સંગ્રામ, **ભાંજિઉ** કટક રાયનું તામ,
ભાગ્યું કટક જાંણિ ભૂપાલ, ઉઠયો ભડ કાઢિ કરતાલ." (વૈ. પં. ૮૯)

૭. "कुसग्गपुरगमणुस्सुओ **द्दीससि**" વસુ. ૭૨)

૮. "તે નવિ **લબ્ભઇ** પાર." (સીતાહરણ. ૬૩)

"હનમન્ત કહિ; **લાભવા** કઈ અપાર." (,, ૬૮)

૯. "**પચ્ચુ** ચરુ માંહિ કંસાર." (ઉષાહરણ. ૯૩) (पच्यताम्-पच्चउ-પચ્ચુ)

૧૧ "एयहो वीसासु न **गम्मइं**." (ભવિ. ૯-૨-૮)

"માહરઈ મનિ એહ જિ મતિ **ગમઇ**, આદરીઉ નવિ તજિઇ કિમઈ." (વિદ્યાવિ. ૧૦૦)

૧૨. "દીરઘ રોસ ન **બજ્ઝઈ**." (પ્ર. ચિ. ૧૦૦)

૧૩. "હેમાચાર્ય સૂત્ર ૮-૪-૧૩૬માં "जनो जा-जम्मो" जन् ધાતુનાં जाअइ ને जम्मइ એવાં બે રૂપ આપે છે. આ છેલ્લું રૂપ કર્મણિ હોય તેમ લાગે છે, કારણ સૂત્ર ૮-૪-

૨૪૪માં हन् ધાતુના કર્મણિ રૂપ માટે हम्मइ ને खन् ધાતુના કર્મણિ રૂપ માટે खम्मइ આપે છે, અને "हम्मइ । हन्तीत्यर्थः" ॥ हम्मइ રૂપ કર્મણિ હોવા છતાં हन्ति-કર્તરિ અર્થમાં વપરાય છે, તેવું ઉપર વાર્તિક લખ્યું છે. તેમજ વરરુચિ પ્રા. પ્ર. ૮-૪૫ "हन्तेर्हम्म" સૂત્રમાં તેજ વાત જણાવે છે. हन्यतेનું પ્રા. हम्मइ થાય તેવીજ રીતે जन्यतेનું जम्मइ થાય. આ સામ્ય ઉપરથી "**જામ-જામવું**"ને કર્મણિ રૂપ ઉપરથી વ્યુત્પન્ન થયેલું માન્યું છે. જો તે સામ્ય ખોટું હોય તો ત્હેને આ યાદીમાંથી કમી કરવું રહ્યું.

૧૪. "સૂત્ર ૮-૪-૨૪૨ પ્રમાણે चि, વગેરે ધાતુઓનું કર્મણિ રૂપ વિકલ્પે चिव्वइ, सुव्वइ, पुव्वइ, વગેરે થાય છે. પણ આ બધા ધાતુઓ સ્વરાંત છે, जन् ધાતુ સ્વરાંત નથી. चिनुं चीयते થાય, પછી પ્રા. चिव्वइ રૂપ થાય. આ'ના સામ્યને લીધે जन्यतेનું પણ બીજું રૂપ जव्वइ થયું હોવું જોઇયે. તે ઉપરથી '**જવવું**' ક્રિયાપદ આવ્યું. આંબે કેરી **જવી** છે.

૧૬. घू ધાતુ માટે હેમાચાર્ય સૂત્ર ૮-૪-૨૪૨માં घुव्वइ ને घुणिज्जइ રૂપ આપે છે. પણ घूयते રૂપ ઉપરથી घुज्जइ રૂપ સામાન્ય રીતે બની શકે છે. કારણ તે સંસ્કૃતનું ખરૂં પ્રતિબિંબ છે. વ્યાકરણકાર સામાન્ય રૂપની બ્હારનાં રૂપને ખાસ નોંધે, એટલે હેમાચાર્યે આપેલાં રૂપજ વપરાતાં ને બીજાં નથી વપરાયાં, એમ કહી ન શકાય, તેમજ बहुलम् સૂત્ર પ્રમાણે બીજાં રૂપને પણ અવકાશ છે.

૧૮. '**નિભવું**' કે '**નભવું**' ક્રિયાપદ निस्+वह् ધાતુ ઉપરથી બન્યું છે. સં. ધાતુ સકર્મક છે, '**નભવું**' અકર્મક છે. वह् ઉપરથી કર્મણિ રૂપ उह्यति થાય, ને निस् સાથે निरु-

ह्यति થાય. પણ આ ધાતુના પ્રાકૃત રૂપ निव्वहइમાં સંપ્રસારણ નથી, તેમ યનું પણ નામનિશાન નથી. છતાં કર્મણિ અર્થમાં તે ધાતુ ઘણા જૂના વખતથી વપરાતો આવ્યો છે. કદાચ પ્રાકૃત રૂપ કર્તરિ રૂપ ઉપરથા વ્યુત્પન્ન થયું હોય, ને જેમ हम्मइ કર્મવાચ્ય હોવા છતાં हन्ति અર્થમાં વપરાતું તેમ આ રૂપ કર્તૃવાચ્ય હોવા છતાં કર્મણિ અર્થમાં વપરાયું હોય. મુ. નરસિંહરાવભાઈ આ ધાતુને નામધાતુ માને છે. (ગુ ભા. સા. પુ. ૧, પૃ. ૨૬૭-૬૯)

૧ પ્રાકૃત—

૧. "सो गाढे दुब्भिक्खे **अनिव्वहतो** विचिंतए एवं." (કુમાર. પ્ર. ૩૩)

૨. "भगवं ! इत्तिअकालं देहं **निव्वहइ** कह विणाहारं ?" (,, ,, ૩૧૦)

૩. 'निव्विग्घं **निव्वहइ** तवोकम्मं ?" (,, ,, ૩૧૪)

૪. "कालेण मओ सिट्ठी **अनिव्वहता** य बंधुला तत्थ ।
सुलहजलिंधणधन्नंमि सालिसीसे गया गामे." (,, ,, ૨૦૫)

૨ અપભ્રંશ—

૧. "तं बोल्लिअइ जु **निव्वहइ**." (સિ. હે. ૮-૪-૩૬૦)

૨. "अह सुहय कासु **निव्वहइ** माणु पत्तियइ तुम्व जो सो अयाणु." (ભવિ. ૧૨-૧૩-૧૨)

૩. "वयणु वलेइ मग्गु पिय जंतए किम **णिव्वहइ** माणु रुचंतिए ?" (ભવિ. ૨-૭-૩)

પ્રાકૃત ઉદાહરણ બીજામાં निव्वहइ રૂપ જો કર્તરિ લાગતું હોય તો ત્યહાં इ ને બદલે सि પ્રત્યય જોઇયે. 'देहं' ત્હેનો કર્તા છે. શબ્દમાં જાતિફેર થયો છે. અપભ્રંશ ઉદાહરણ પ્હેલામાં बोल्लिअइ રૂપના જોટાનું निव्वहइ રૂપ પણ કર્મણિ છે.

(૩) જે ધાતુઓમાં **વિકરણ પ્રત્યય** પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વળગી રહ્યો હોય તે'વા ધાતુઓ:—

૧. चिनोति–चिणइ–ચણે–ચણ ૨. लुनाति–लुणइ–લણે–લણ
૩. शृणोति–सुणइ–સુણે–સુણ ૪. धुनाति–धुणइ–ધુણે–ધુણ
૫. जानाति–जाणइ–જાણે–જાણ ૬. नृत्यति–नच्चइ–નાચે–નાચ
૭. बुध्यते (ગ. ૪) बुज्झइ–બૂઝે–બૂઝ
૮. संबुध्यते–संबुज्झइ–સમુઝે–સમઝ
૯. युध्यते–जुज्झइ–ઝૂઝે–ઝૂઝ
૧૦. खिद्यति–खिज्जइ–ખીજે–ખીજ

આ ધાતુઓમાં णમાં न પ્રત્યક્ષ રીતે, ને च, झ, जમાં ચોથા ગણનો य પરોક્ષ રીતે–ત્હેના કાર્યરૂપે ટકી રહ્યો છે.

(૪) **નામધાતુઓ**—નામ કે વિશેષણ ઉપરથી આવેલા ધાતુઓ.

૧. धवल–ધોળે–ધોળ ૨. चित्र–ચીતરે–ચીતર
૩. शल्य–सल्ल–સાલે–સાલ ૪. कष्ट–कट्ठ–કઠે–કઠ
૫. धूर्त–धुत्त–ધૂતે–ધૂત ૬. पीत–पीलइ–પીળે–પીળ
૭. पल्लव–પાલવઇ–પાલવ ૮. ऊर्ध्व–उब्भइ–ઊભે–ઊભ
૯. प्रौढ–पउढ–પઉઢઇ–પોઢ કે क्षान्त ધાતુ प्रसुप्त–पहुट्ट–પઉઢ
૧૦. वक्र–वंक–વંકાઇ–વંકાય ૧૧. धुम्र–धुमाई–ધુમાય

૮. 'ઊભવું' ક્રિયાપદ અત્યારે કાઠિયાવાડમાં વપરાય છે. પરંતુ ત્હેનો પ્રયોગ પ્રાકૃતકાળ જેટલો જૂનો છે.

૧. "सोणारतुले व्व णिरक्खरा वि खन्धेहिं उब्भन्ति."* (ગાથા સ. શ. ૨–૯૧)

---

* ઉપરના ગાથાસપ્તશતીના ઉદાહરણમાં उब्भन्ति ને ऊर्ध्व ઉપરથી વ્યુત્પન્ન કર્યું છે. પણ સંસ્કૃત છાયામાં "स्कन्धैः उह्यन्ते" આપેલું હોવાથી તે રૂપ સં. वह् ધાતુના કર્મણિ રૂપ वह्यन्ते ઉપરથી છાયામાં વ્યુત્પન્ન કર્યું છે. પણ उह्यते ઉપરથી उब्भइ બને તે શક્ય લાગતું નથી. ह्यનો ज्झ બને ब्भ ન થાય

૧. "उज्झसि पिआइ समअं. (ગાથા. ૩–૭૫)

૨. "फलहखंडेण वुज्झमाणो." (વસુ. ૨૫૩–૧૭) (उज्झनो वुज्झ થઈ)

હવે બીજો વાંધો खन्धेहिं રૂપ સંબંધી આવે છે. તે ત્રીજીના બહુવચનનું રૂપ હોય તેમ લાગે છે, કારણ हिं પ્રત્યય પ્રાકૃતમાં ત્રીજી માટે બહુધા વપરાતો. स्कंधैः तिष्ठन्ति (उब्भन्ति) નો અર્થ બંધ બેસશે નહિ. તે અર્થમાં તો स्कंधयोः સંસ્કૃત છાયા થવી જોઇયે. એટલે खन्धेहिं રૂપને સાતમીનું ગણવું પડશે. પણ સાતમી વાસ્તે सु પ્રત્યય બહુવચનનો છે. સાતમીનું हिं વાળું રૂપ હેમાચાર્યે નોંધ્યું નથી. પણ અન્યત્ર પ્રયોગ ઉપરથી જણાય છે કે हिं પણ સાતમીનો પ્રત્યય છે.

૧. "जइ अत्थि अम्हेहिं बहुमाणो." (વસુ. ૩૬૭–૧૬)

૨. "अणुभवासु ताव अम्हेहिं पीइ." (,, ૩૬૬–૬)

૩. "सो ते अचिरेण पाएहिं पडिहिति त्ति." (વસુ. ૩૧૭–૨૫)

વળી નીચેના પ્રયોગ જોતાં हिं સાતમીનો પ્રત્યય હોવાની ખાત્રી થાય છે.

૧. "तुमं सि मे पाणेसु पियतरी." (વસુ. ૨૩૬–૧૫)

૨. "पिक्खेविणु चलइं पओहणइं कर **उब्भेवि** धाहाविउ धणइं."
(ભવિ. ૭-૩-૧૦)

૩. "**उब्भिय** कर पुरलोउ वियंभिउ अह्मो इउ पुणु वि काइं पारं-
भिउ." (ભવિ. ૭-૪-૨)

૪. "ધરિ ધરિહિં **ઉબ્ભિય** નયરિ ગૂડી. ખેહ ઊડી અંબરઇ."
(પ્ર. ચિ. ૧૨૫)

૫. "તુઝ ઉપરિ હે। મહુમહણુ! આ **ઉબ્ભિઉ** કરવાલ." (,,
,, ૧૧૯)

૯. '**પોઢ**' ધાતુને મુ ધ્રુવ સાહેબ (કાદં. પૂર્વભાગ પૃ. ૨૪૯) निपद् ધાતુ ઉપરથી વ્યુત્પન્ન કરે છે. "शेते निपद्यमानस्य चराति चरतो भगः." જેવે। વિરલ પ્રયોગ બ્રાહ્મણગ્રંથની ભાષામાં થયે। છે, પછી થયેલે। જણાતે। નથી. निपद्यते ઉપરથી निपज्जइ થાય. નિ ઊડતાં पज्जइ-પાજ થાય તે ઉપરથી 'પઉઢ' શી રીતે વ્યુત્પન્ન થાય તે સમઝાતું નથી. તેમ આને। પ્રયોગ જૂની ગુજરાતીમાં જોવામાં આવ્યે। છે. જ્ઞાનેશ્વરીમાં "जरी **पहुडला** होय दैवाचा." (૮-૬) "परी रावो **पहुडलिया** सुखें." (૮-૧૮૫) "सरिसा **पहुडे**" (૧૧-૫૫૨) पहुड વપરાયું છે. તે ઉપરથી हृ ઉત્તરે

૨. "तुब्मे **पाणेहिं** पिययरा आसि. (,, ૨૭૦-૨૨)

અહીં अस्मासु, प्राणेपु ને पादयोः અર્થ છે. स्कन्धैः उह्यन्ते ને स्कन्धयोः तिष्ठन्तिમાં બહુ અર્થ ફરતે। નથી. ઊલટું ઉપમેય નિરક્ષર મનુષ્યે। હોવાથી स्कन्धयोः અર્થ ઠીક પડશે. એટલે उब्भन्ति ને ऊर्ध्व ઉપરથી વ્યુત્પન્ન કરવા વાંધે। નથી. વળી "पाइअसद्दमहण्णवो"માં उब्भने સકર્મક ક્રિયાપદ તરીકે નોંધી उब्मेह રૂપનું ઉદાહરણ આપ્યું છે. એટલે પ્રાકૃતમાં ऊर्ध्व ઉપરથી બનતે। उब्भ વપરાતે।. એ દૃષ્ટિએ 'ઊભવું'ને। કાઠિયાવાડી પ્રયોગ સકારણ છે.

ખસતાં 'પઉઢ' શબ્દ થઇ શકે. અથવા પ્રૌઢ–પउढ ઉપરથી ઢમાં ને હ્ પાછળ ખસતાં पहुड થઇ શકે. એટલે જ્યહાં સૂધી પ્રાકૃત અપભ્રંશમાં ત્હેનું રૂપ (ધાતુ તરીકે) નોધવામાં ન આવે ત્યહાં સૂધી 'પોઢ' ધાતુ પ્રૌઢ ઉપરથી કે પ્રસુપ્ત ઉપરથી આવ્યો, તે નક્કી કરવું ઉચિત નથી.

ઉદા.

૧. "રાત્રિઇં સિય્યાઈં **પઉઢી**." (સંદર્ભ. ૧૧૧–૧૧)

૨. "દેવદૂષ્ય વસ્ત્ર આભરણ પહિરાવી **પઉઢાડિઉ**." (સંદર્ભ. ૧૦૮–૧૬)

(૫) **પ્રાચીન क्तान्त ધાતુઓઃ**—જે સંસ્કૃત કર્મણિ ભૂતકૃદંત પ્રાકૃત કે અપભ્રંશ કાળથી ધાતુ તરીકે વપરાવા લાગ્યાં તે'વા ધાતુઓ—

૧. लग्न–लग्गइ–લાગે–લાગ
૨. अभ्येत–अब्भिडइ–ભિડઇ–ભડે–ભડ
૩. शुष्क–सुक्कइ–સૂકે–સૂક
૪. विसृष्ट–विछुट्टइ–વછૂટે–વછૂટ
૫. कृष्ट–कड्ढइ–કાઢે–કાઢ
૬. च्युत–चुक्कइ–ચૂકે–ચૂક
૭. क्षिप्त–घत्त–घल्लइ–ઘાલ
૮. आगत–आअय–आवइ–આવ
૯. उन्नत–उल्लइ–ઊલળ
૧૦. सिक्त–सित्त–सिप्प–छिप्पइ–છીપ
૧૧. छुप्त–छित्त–छिप्पइ–છીપ
૧૨. मुक्त+ल–मोकल्लइ–મોકલ
૧૩. मुक्त–मुत्त–मिल्लइ–મેલે–મ્હેલ

૧૪. योजित–जोडिय–जोडइ–જોડે–જોડ
૧૫. प्रभूत–पहुत्त–पहुच्चइ–પ્હોચે–પ્હોચ
૧૬. शक्त–सक्कइ–શકે–શક
૧૭. जित–जित्त–जिप्पइ–જીપે–જીપ

આ ધાતુઓ પ્રાકૃત કે અપભ્રંશ કાળમાં વપરાતા હતા. ભૂતકાળના ક્રિયાપદ તરીકે તો તે વપરાયજ, પણ અન્ય કાળમાં વપરાય ત્યારે ધાતુ તરીકે પ્રયોગ નક્કી થાય. પ્રાકૃત, વગેરેનો અભ્યાસ વધશે તેમ તેમ આ'વા ધાતુઓ વિશેષ નક્કી થશે.

ઉદા.

૧. सो लेखडउ पठाविअइ जो लग्गइ निच्चट्टु." (સિ. હે. ૮–૪–૪૨૨)

૨. હેમાચાર્ય સૂત્ર ૮–૪–૧૬૪ "समा अब्भिडः"માં सम्+गम् ધાતુને માટે अब्भिड આદેશ આપે છે. પરંતુ આ વાસ્તવિક આદેશ નથી. બન્ને સમાન અર્થના છે, એટલુંજ. પરંતુ તેનો પ્રયોગ પ્રાકૃતકાળ જેટલો જૂનો છે. મી. બીમ્સ 'ભીડ' શબ્દને अभ्यर्ण ઉપરથી વ્યુત્પન્ન કરે છે. (પુ. ૩ ૬. ૨૨) 'ભડવું'–ભીડવું'- ભીડ, આભડછેટ, અભડાવું,' વગેરે अभ्येत ઉપરથી આવ્યા છે. મી. બીમ્સ 'અભડાવું' ને अभद्रायते (પુ. ૩ ૬. ૨૪) ઉપરથી વ્યુત્પન્ન કરે છે. 'अब्भिड' શબ્દને પ્રો. ભાંડારકર 'अभ्येत' ઉપરથી વ્યુત્પન્ન કરે છે. (ભાષણો પૃ. ૨૨૯) अब्भिडइ–भिडइ–भडइ–ભાડે–ભાડ–એ પ્રમાણે છેવટ 'ભડવું' આવ્યો છે.

૧. "ताणसोरारंति ताणमब्भिडंति गाहिरा व्व गोसंधा." (કુમાર પ્ર. ૪૦૦)

२. "गय मत्तहं चत्तङ्कुसहं जो **अब्भिडइ** हसन्तु." (સિ. હે. ૮-૪-૩૮૩)

૩. "जो परबलि **भिडइ** कयंतु જેમ." (ભવિ. ૧૩-૮-૧૩)

૪. "અસુરનઇ આંગણિ દલ મિલ્યાં, **ભિડયા** અસુર સુર ગાત્રિ." (ઉષાહ. ૯૧)

૫. "હરિહરનાં કીકલડાં **ભડિયાં**, ખડહડિયાં તિહાં સાંગિ." (ઉષાહ. ૯૦)

'**અભડાવુ**'માં 'અ' ઊડી નથી ગયો. તે કર્મણિ રૂપ છે.

૩. '**સૂક**' ધાતુ અર્વાચીન ગુજરાતીમાં વપરાતો નથી. ત્હેને બદલે કર્મણિ રૂપ '**સુકા**' વપરાય છે, પણ પ્રેમાનંદના વખત સુધી તે વપરાયો છે. विशुष्क ઉપરથી '**વસૂકવુ**' હાલ પણ વપરાય છે.

१. "मूलि विणट्ठइ तुंबिणिहे अवसें **सुक्कइं** पण्णइं." (સિ. હે. ૮-૪-૪૨૭)

૨. "વંસ વિણાસ ન હિયઇ સમાઇ; **સૂકી** જિમ ઊન્હાલઇ જાઇ." (પ્ર. ચિ. ૧૪૦)

૩. "નઇ વહમાણી સઘણજલ **સુક્કઈ** ઇયર તલાય." (દૂહા-માતૃકા ૪૨)

૪. "મુખ **સૂકિ** નિ ધૂજિ દેહ." (કાદં. ૨૩)

૫. જીભ્હા **સૂકઇ** માગઈ નીર." (હરિષે. ૧૨૬)

૬. નિશ્વાસે સાગર **સૂકે**." (પ્રેમા. નળાખ્યાન કડવું ૪૬)

૪. "महु अविहेउ कोवि नउ **छुट्टइ**." (ભવિ. ૧૮-૧૧-૧૧)

૫. "तओ **कड्ढिऊण** उत्तरिज्जाइं पलोइयं मुहं." (પ્રા. કથાસંગ્રહ ૩૦)

૬. "मा नट्ठविहिकम्मं **चुक्केज्ज** त्ति." (વસુ. ૧૦૩-૨૭)

૭. "सायरु उप्परि तणु धरइ तलि घल्लइ रयणाइं." (હે. ૮-૪-૩૩૪)

૮. "આવ" ધાતુ સં. आगत ઉપરથી आअअ-आवअ કે आयअ ઉપરથી વ્યુત્પન્ન થયો છે. व શ્રુતિનો અહીં અમલ થાય છે. તે પ્રાકૃત કાળ જેટલો જૂનો છે, પણ ત્હેનો માત્ર વર્તમાન કૃદંત તરીકેનો પ્રયોગ નોંધ્યો છે અપભ્રંશમાં તો ત્હેનાં ઘણાં ઉદાહરણ વર્તમાન-ભવિષ્યકાળનાં મળે છે. એટલે આને પ્રાચીન क्तान्त ધાતુની યાદીમાં લીધો છે.

પ્રાકૃત—

૧. "उज्जेणीओ आवंतेण वरिसारत्तो कओ." (વસુ. ૪૩-૨૧)

૨. "पेच्छइ आवयंतं दिव्वं वरविमाणं." (,, ૩૩૬-૯)

૩. "आवन्तस्स य फणिणो सहसा विहिओ गइथम्भो." (પ્રા. કથા સં. ૯૧)

૪. "तत्थि मए वरिसालो आवन्तेणं कओ आसि." (પ્રા. કથા સં. ૮૮)

અપભ્રંશ—

૫. "अनउ करन्तहो पुरिसहो आवइ आवइ." (સિ. હે ૮-૪-૪૦૦)

૬. "जइ न सु आवइ दूइ घरु काइं अहोमुहु तुज्झु." (,, ,, ૩૬૭)

૭. "एक्कु कइअ ह वि न आवहि अन्नु वहिल्लउ जाहि." (,, ,, ૪૨૨)

૮. 'पिउ आइउ सुअ वत्तडी झुणि कन्नडइ पइट्ठ." (,, ,, ૪૩૨)

૯. "अज्जवि अग्गिमित्त नउ आवइ." (ભવિ. ૧૭-૫-૮)

૧૦. "**आवइ** पउरु लएविणु सारउ." (,, १०–३–५)

૧૧. "जइ अन्नहो घणु लेविणु **आवइ**." (,, १०–१३–६)

૧૨. "बंधुयत्तु जं लेविणु **आयउ**" (,, १०–१४–५)

૧૩. "कइहिंमि दिणिहिं सोवि **आवेसइ**." (ભવિ. ૮–૧૨–૩)

૧૪. "दिणि तीसमइं इत्थु **आवेसइ**." (,, ૮–૧૭–૨)

જૂની ગુજરાતી—

૧૫. હસિઉં કરતાં **આવિઉ** આસો માસ." (પૃથ્વીચંદ્ર)

૧૬. "મનતણઇ ઉલ્લાસિ **આવ્યા** આવાસિ." (,, ,,)

ઉપરનાં ઉદાહરણ જોતાં જણાશે કે '**આય**' ધાતુ અપભ્રંશમાં વપરાયો છે, ને ભૂતકાળના રૂપમાં 'आयउ' કે 'आइउ' વપરાયું છે. आयात ઉપરથી વ્યુત્પન્ન કરતાં या નો य કરવો પડે છે. आगत લેતાં आयअ–आयउ રૂપ બને છે જૂની ગુજરાતીમાં ભૂતકાલિક '**આવિઉ**' રૂપ વ્યાજબી છે. '**આવ્યા**' રૂપ અર્વાચીન છે, ને તે લહિયાની પોતાના જમાનાની ભાષાને લીધે આવ્યું છે.

૯. "अहं तु सूइं **उल्लालिऊण** मिल्लेमि." (કુમાર પ્ર. ૪૦૧)
જુઓ સિ. હે. સૂત્ર ૮–૪–૩૬માં उल्लाल ધાતુ. તે પ્રેરક રૂપ છે. પરંતુ મૂળ રૂપે પણ વપરાયો છે. "परावत्तेण य समुद्दजलं **उल्ललियं**." (વસુ. ૧૩૦–૧૫)

"जहिं चंदकंति माणिक्कदित्ति **उल्ललइ** गयणि णं धवलकित्ति." (જસહર. ૧–૨૨–૧)

૧૦. '**છીપ**' ધાતુને હેમાચાર્યે સૂત્ર ૮–૪–૨૫૫માં सिच् ધાતુના કર્મણિ રૂપ તરીકે નોંધ્યો છે. જૂનું રૂપ सिप्प છે. सिच्यते ઉપરથી सिप्पइ થઇ શકે નહીં, તે માત્ર सिक्त–सित्त–सिप्प રૂપે વ્યુત્પન્ન થઇ શકે. એટલે આ क्तान्त ધાતુ છે. કર્મણિ ભૂત-

કૃદંત ઉપરથી ધાતુઓ બને છે, તે વાત પ્હેલી યૂરોપના વિદ્વા-નોએ તુલનાત્મક ભાષાશાસ્ત્રના અભ્યાસથી શોધી કાઢી. તે વાત હેમાચાર્યના વખતમાં જાણમાં ન હોય, એટલે અમુક ક્રિયાપદનું અમુક પ્રકારનું રૂપ આવું થાય, એ વાત માત્ર નોંધે; તે રૂપ શા રીતે તેવું થયું તે ન નોંધી શકે. એવાં કેટલાંક ક્રિયાપદો હેમાચાર્યે નોંધ્યાં છે જે વાસ્તવિક રીતે क्तान्त ધાતુ છે. व्याहृत व्याहित-वाहिप्पइ (૮-૪-૨૫૩), आरब्ध-आढत्त-आढप्पइ (૮-૪-૨૫૪), गृहीत-घेत्त-घेप्पइ (૮-૪-૨૫૬), स्पृष्ट-छित्त-छिप्पइ (૮-૪-૨૫૭). તેમજ प्रभृत-पहुत्त ઉપરથી બે ધાતુ पहुप्प (૮-૪-૬૩)ને पहुच्च (૮-૪-૩૯૦)

૧૨. 'मोक्कल्लइ' અપભ્રંશમાં વપરાયું છે. "तो पइ साग्वाह मोक्कल्लहि" (ભવિ. ૯-૧૦-૨)

૧૩. "इह विवेनु विनाणं मिल्हिउ." તેમજ ૯ મા ધાતુના ઉદાહરણમાં मिल्हमि

૧૪. "ना विमारिम् जोडेवि कर साहइ सामि ! सुणेह." (કુમાર પ્ર. ૪૨૮) "जोडिउ" (,, ૪૨૪). जोडिय (,, ૨૨૦)

જે ઈ. સ. ના આઠમા સૈકામાં લખાયો ત્હેમાં पहुप्प રૂપ વપરાયું છે. તે ઉપરથી તેઓશ્રી માને છે કે प्राप्तनुं पहुप्प આઠમા સૈકામાં થયું હતું. “ગાથાસપ્તશતી” જે ઇ. સ. ના ત્રીજા સૈકામાં રચાઇ હતી ત્હેમાં પણ ‘पहुप्प’ વપરાયો છે. “अपहुप्पन्तं” (પ. ૧૧) ટીકામાં अप्रभवन् આપ્યું છે. આ અર્થજ વ્યાજબી છે. “महिमण्डलम्मि **अपहुप्पन्तं**” “પૃથ્વી ઉપર કાંઈ કરી નહી શકતો” એમ અર્થ છે, તેમજ “सासा **पहुप्पन्ति**” (૨. ૪૧) श्वासाः प्रभवन्ति ટીકામાં આપે છે. અહીં પણ प्राप्तनो અર્થ નથી. એટલે पहुप्प प्रभूत ઉપરથી આવ્યો છે. વળી प्राप्त નું पत्त રૂપજ અપભ્રંશ કાળ સૂધી રહ્યું છે, पहुत्त થયું નથી. प्र+भू ઉપરથી હેમાચાર્ય पहुच्चने વ્યુત્પન્ન કરે છે, તે બાબત મુ. નરસિંહરાવભાઇના બે વાંધા છે. (પુ. ૨, પૃ. ૩૩) (૧) ‘भुवः पर्याप्तौ हुच्चः” માં હેમાચાર્ય માત્ર प्र સિવાયનો भू ધાતુ આપે છે. પણ प्रभू હોય તોજ પર્યાપ્તિનો અર્થ આવે, એટલે તે સમઝી લેવાનો છે. સૂત્ર જેમ બને તેમ ટૂંકું હોવું જોઇયે, એ વાત આ વાંધામાં વીસરી જવાય છે. બીજું સૂત્ર ૮–૪–૬૩ “प्रभौ हुप्पो वा” એમાં प्र+भू સ્પષ્ટ આપેલો છે. તે ઉપરથા पहुप्प પ્રાકૃતમાં ને पहुच्च અપભ્રંશમાં તૈયાર થયા. (૨) प्राप्त–पत्त ઉપરથી ‘પ્હોતુ’ ને ‘પ્હોત્યુ’ બન્ને આવી શકે છે, જ્યહારે हुच्चनी અંદર च्च કાલ્પનિક ને મીનપાયાદાર છે. હેમાચાર્યને ખબર ન હોઇ શકે કે ત્હેમના કાળની ઉત્તરે ગુજરાતીમાં ‘પ્હોત્યુ’ રૂપ ઉત્પન્ન થવાનું છે. *

---

* There are two fatal flaws in the analysis given by Hemachandra.

(a) The प of पहुच्च is not accounted for either in the Sutra or in the gloss; possibly Hemachandra takes it as formed from प्र prefixed to भू; but then

આ બન્ને વાંધા વ્યાજબી લાગતા નથી. ખરી રીતે ''પહોંચ ધાતુનો વિકાસક્રમ'' નામના બુદ્ધિપ્રકાશમાં પ્રગટ થયેલા (જુલાઈ ૧૯૩૨) લેખ પ્રમાણે પ્રથમ प्रभृत ઉપરથી पहुत्त (૧) पहुच्च (૨) पहुत्त ધાતુ આવ્યા. તેના ઉપરથી ધ્વનિસામ્યને લીધે प्राप्तना પત્તમાં ચચ્ચ હુ ? તિ ગણીને त्त નો च्च પણ થયો. આ प्राप्त–पत्त–पहुत्त–પહોંતો ચાલ્યો તેમજ સામ્યને લીધે पहुच्चइ ઉપરથી પહોંચ્યું રૂપ આવ્યાં. પહોત્યું રૂપ ઘણું અર્વાચીન છે. 'પહોત' ઉપરથી કે 'પહોચ'નો च અશિષ્ટ જણાતાં त કે च નો क થઈ 'પહોક' ધાતુ પણ આવ્યો.

આપી છે, એટલે તે વિશેષ વિશ્વાસપાત્ર ગણાય, એમ મુ. નરસિંહરાવભાઇનું ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૧૩૨ ઉપર કહેવું છે. આ બાબત જણાવવાનું કે તે વૃત્તિ હેમાચાર્યે પોતે લખી નથી, પણ **શ્રીપૂર્ણકલશગણિએ** વિ. સં. ૧૩૦૭માં લખી છે. વળી (૮-૧૫) ના पहुत्तउ ઉપર વૃત્તિમાં "प्रभूतः प्राप्तः सन्" છે. તે પણ સંદિગ્ધતા રજૂ કરે છે. એટલે આ ઉપર બહુ વજન ન રખાય. હેમાચાર્યના વખતમાં માનિયે કે प्राप्त ઉપરથી पहुत्त થયું હતું, પણ "**ગૌડવહો**"ના સમયમાં प्राप्त-पत्त-पहुत्त એમ વિકાસક્રમ છેવટનો થયો હતો, એ વાત માન્ય થતી નથી.

प्र+भू ધાતુના To be able, to have power, to over-power, to control, to be a match for, to be sufficient for, વગેરે અર્થ થતા. જેમ સંસ્કૃતમાં ત્હેને યોગે કર્મ ચોથી, છઠ્ઠી, ને સાતમીમાં વપરાતું (જુઓ આપ્ટે કોષ) તેમ પ્રાકૃતમાં પણ કર્મ આ ત્રણે વિભક્તિમાં વપરાતું. (૧) "**अङ्गे** च्चिअ न पहुप्पइ" (૮-૪-૬૩), (૨) "विदिण**सयंवराय** न प्पभवामि अहं (વસુ. ૨૬૬-૨), (૩) अम्हं **तवस्सीणं** ण पभवति देवत्ता" (વસુ. ૯૫-૧૭)

प्र+भू ઉપરથી સાતમી વિભક્તિને લીધે 'to reach' અર્થ ઘટાવવો સ્હેલો થઇ પડે છે. स गृहे प्रभवति (ત્હેનો ઘર ઉપર અલાખો છે) પ્રા. सो घरे पहुप्पइ (અર્થ લગભગ તેજ) અપ. सु घरि पहुच्चइ થયું કે તરતજ અત્યારની દૃષ્ટિએ 'to reach' અર્થ ઘટાવવાની વૃત્તિ થઇ જાય છે, પણ હેમાચાર્યના સમયમાં તે અર્થ ન હતો. વળી, "જે સુણતાં **પુહુચઇ**" મન રુલી." તેમજ "સાઠિ વરસ વાવરતાં **પુહુચઇ** કણ તણા કોઠાર." (ગુ. ભા. સા. પુ. ૧, પૃ. ૨૪૦) આમાં '**પુહુચ**' ધાતુમાં પ્રાપ્તનો અર્થ નથી. પ્હેલામાં '**પુરાય**' અર્થ છે, બીજામાં '**ચાલે-last**' અર્થ છે. "તઉ આપણિ થાનિ **પહુચ્યિ**."

ને "તુમ્હે ભીમુ નાગપુરિ લે કરી પુહુચઉ." (સં. ૧૪૧૧) આ બેમાં પ્હોચનો (to reach) અર્થ છે. "अहरि पहुच्चइ नाहु." ઉદાહરણ હેમાચાર્ય પ્રભૂના पहुच्चના ઉદાહરણમાં આપે છે. એટલે ત્હેનો અર્થ 'સત્તા ચાલે છે'-ઈષ્ટેના અર્થમાં લેવાને બદલે મુ. નરસિંહરાવભાઈ (to reach) અર્થ લેઇ ત્હેને પ્રાપ્ત ઉપરથી વ્યુત્પન્ન થયેલો માને છે.

૧૭. जिप्प-૧. "जइ सा अण्णेण **जिप्पइ** अहं कीस सिक्खामि" (વસુ. ૧૨૭-૨૦) ૨. संगरि परबलु जिप्पइ (જસહર. ૨-૧૨-૨૧) ૩. "કિમ જીપીસિ મોહઉ રાય ?" (પ્ર. ચિ. ૧૧૩)

આ क्तान्त ધાતુઓનો પ્રયોગ સંસ્કૃતમાં કર્મણિ ભૂતકૃદન્તનાં રૂપ બહુ વપરાવા લાગવાથી થયો છે. गतोऽस्मि-गतोम्हि; क्रुष्टोऽसि-कट्ठोसि; પછી બીજાં ક્રિયાપદના જેવું રૂપ આપતાં कट्ठसि રૂપ વપરાય. આ રીતે આ ધાતુઓનો પ્રયોગ કર્મણિ ભૂતકૃદન્તના શોખને લીધે થયો છે.

(૬) અર્વાચીન क्तान्त ધાતુઓ:— જે કર્મણિ ભૂતકૃદંતનાં રૂપ જૂની કે અર્વાચીન ગુજરાતીના સમયમાં ધાતુ તરીકે વપરાતાં થયાં તેઓને અર્વાચીન क्तान्त ધાતુ કહ્યા છે.

૧. वृष्ट-वुट्ठ-વૂઠ્ઇ-વૂઠ (वरिसइ) ૨. रुष्ट-रुट्ठ-રૂઠ્ઇ-રૂઠ (रूसइ)
૩. तुष्ट-तुट्ठ-ત્રૂઠવું (तूसइ) ૪. प्राप्त-पत्त-पहुत्त-पहुच्च-પ્હોચ (पावइ)
૫. वृत्त-वित्त-વીતવું (वट्टइ) ૬. छिन्न-छिण्ण-છીનવવું (छिंदइ)
૭. विनष्ट-विणट्ठ-વંઠવું (विणसइ) ૮. मुक्त-मुक्क-મૂકવું (मुंचइ-मुअइ)
૯. भुक्त-भुत्त-બોટવું (भुंजइ-हुंजइ) ૧૦. घृष्ट-घट्ट-ઘટવું (घस्सइ)
૧૧. प्रोत-प्रोय-परोय-પરોવવું (प्रोय) ૧૨. क्षीण-छीण-છીણવું
૧૩. गुप्त-गुत्त-घुत्त-घुत्तिअ-ગોતવું (गोवइ)
૧૪. द्रुत-द्रउड-द्रवड-दउड-દોડ

(કૌંસમાં જણાવેલાં રૂપ પ્રાકૃત-અપભ્રંશમાં વપરાતાં)

ઉદા.

૪. प्राप्त ઉપરથી બનતા પ્રા. पत्तની અંદર અપભ્રંશકાળ સુધી એટલે ઈ. સ. ના ૧૧મા સૈકા સુધી हु ભળેલો જણાતો નથી. તો પછી તે ઉપરથી पहुच्च ઉદ્ભવે. એ સંભવી શકતું નથી. માત્ર એક પ્રસંગે "सग्गहो को न **पहुत्तउ**" (ભવિ. ૧૨-૩)માં पहुत्तउ વપરાયું છે, પણ सग्गहो ષષ્ઠી વિભક્તિમાં હોઇ स्वर्गस्य प्रभूतः અર્થ ઠીક લાગે છે જો हो પ્રત્યયને બીજીના અર્થમાં માનિયે તો पत्त–पहुत्त ગતિવાચક હોવાથી વિભક્તિના પ્રકરણમાં જોયું તેમ सग्गि को न पहुत्तउ માફક સાતમી વિભક્તિ જોઇયે. એટલે આ ધાતુમાં हु ભળ્યા પછી त्त નો च्च થઇ ઈ. સ. ના ૧૧મા સૈકા પછી તે વ્યુત્પન્ન થયો છે. हु નો પ્રક્ષેપ ને त्त નો च्च प्रभूत–पहुत्त–पहुच्चના સામ્યને લીધે થયો છે.

૫. 'વીતવું' ધાતુ वीत ઉપરથી સંભવી શકે તેમ નથી, કારણ કે त અનાદિ ને અસંયુક્ત હોવાથી ઊડી જાય, એટલે वीअ રહે. वृत्तमां त्त સંયુક્ત હોવાથી ટકી રહે. वृत्त ઉપરથી वित्त અને वित्त ઉપરથી **'વીતવું'** બને છે. आत्मवृत्त ઉપરથી **'આપવીતી'** શબ્દ વ્યાજબી છે, आत्मवीतનો કશો અર્થ નથી.

"तेहिं पि कहिओ **जहावित्तो** वुत्तंतो." (કુમાર પ્ર. ૨૨૮)

"सुण रयणि**वित्तं**." (,, ,, ૪૨૦)

'યથાવીતી', **'રાતવીતી'**, વગેરે શબ્દો ઉપરના શબ્દો ઉપરથી સંભવી શકે છે.

૧૧. **'પરોવ'** ધાતુ ગુજરાતીમાં ઘણો મોડો આવ્યો છે. સં. ધાતુ प्रनव्येના કર્મણિ ભૂતકૃદંત प्रोत પ્રા. प्रोय ઉપરથી તે આવ્યો છે. प्रोय રૂપ ઠેઠ દયારામના વખત સુધી ચાલુ રહ્યું છે. વર્તમાન કાળનું ત્હેનું રૂપ ભાગ્યેજ મળે છે. ભાલણકૃત કાદંબરીમાં તે વપરાયું છે.

(૪) "તે અમ્હે થોડઉં ૨ **વિહુંચી** લેસિઉં" (સંદર્ભ. ૧૦૪-૧૮)

(૫) "તુમ્હે થોડી થોડી **વહિંચી** લિઓ." (સંદર્ભ. ૯૭-૧૫)

(૬) "પાપ તાહરૂં થોડઉં થોડઉં અમ્હે **વિંહિચિ** લેસિઉં." (સંદર્ભ. ૯૭-૧૨)

(૭) "વિહવુ **વિહંચિઉ** લેઇ જણુ પાવ ન **વિહચણહાર**" (દુહામાતૃકા. ૩૮)

અનુસ્વાર અપભ્રંશમાં ભળ્યો છે તે भञ्ज ધાતુના સામ્યથી આવ્યો છે, અને ज નો છેવટે જૂ. ગુ. માં च થઇ विभजइ विहजइ-विहंजइ-વિહંચઇ-વહિંચઇ-વ્હેંચે ક્રમે વ્યુત્પન્ન થયો છે, એટલે તે क्तान्त ધાતુ નથી.

રાચ—रक्त-रत्त-रच्च. આ रच्चनो પ્રયોગ અપભ્રંશમાં થયો છે. અર્થ હાલના જેવો કર્મણિ છે. रंजयति મૂળમાં તેવો અર્થ નથી. "जइ **रच्चसि** जाइट्ठिअए हिअडा मुद्धसहाव" (૮-૪-૪૨૨) પરંતુ रञ्ज् ધાતુના કર્મણિ રૂપ रज्यते ઉપરથી रज्जइ-रच्चइ રૂપે તે વ્યુત્પન્ન થઇ શકે તેમ છે. એટલે આને શામાં મૂકવો તે નક્કી થઇ શકતું નથી.

માચ—मद्-मत्त-मच्च ઉપરથી તેમજ माद्यते-मज्जइ-मच्चइ રૂપે પણ વ્યુત્પન્ન થઇ શકે તેમ છે.

(૭) **ઉપસર્ગ કે પૂર્વગ સહિત** એકરૂપ થઈ બનેલા ધાતુઓઃ-

૧. ઓળખવું-उप+लक्ष् ૨. પાથરવું-प्र+स्तृ ૩. બેસવું-उप+विश्
૪. બગડવું-वि+घट् ૫. સમારવું-समा+रच् ૬. આણવું-आ+नी
૭. વેચવું-वि+क्री ૮. સમઝવું-सम्+बुध् ૯. પ્હેરવું-परि+धा
૧૦. પાઠવવું-प्र+स्थाप् ૧૧. વેરવું-वि+कॄ ૧૨. સોંપવું-सम्+अर्प्
૧૩. ઉંકારવું-आ+कारय ૧૪. વીણવું-वि+चि ૧૫. આથમવું-अस्तं+इ

૧૬. ચમકવું–चमत्कृ
૧૭. વલોવવું–वि+लोडय
૧૮. નિચોવવું–निस्+च्युत्
૧૯. વેડવું–वि+घट्
૨૦. વીસરવું–वि+स्मृ
૨૧. સાંભળવું–सम्+स्मृ
૨૨. આળવવું–अप+लप्
૨૩. ઊઠવું–उत्+स्था
૨૪. અવેરવું–उद्वर्तित–उव्वरिअ–ઊવેલ–અવેર (અર્વાચીન क्तान्त ધાતુ)
૨૫. નીવડવું–निष्पद्यते–निष्पज्जइ કે निव्वलइ–નીવડે (૮–૪–૧૨૯)

ઉદા.

૧૩. આ ધાતુ आकारयति ઉપરથી પ્રાકૃતમાં हक्कारइ થઇને આવ્યો છે. પ્રાકૃતમાં પણ સંસ્કૃતના જેવા અર્થ છે. (બોલાવવું) માત્ર ગુજરાતીમાં અર્થ ફેર થયો છે.

"तओ पेसिऊण हक्कारिया रायाणो रायपुत्ता य" (કુમાર પ્ર. ૪૮)

૧૪. वि+चि–પૂર્વ ઉપસર્ગ આવતાં चि અનાદિ બન્યો, એટલે च् ઊડતાં इ રહ્યો. તે પાછલા ઉપસર્ગમાં મળતાં વિકરણ પ્રત્યય સાથે 'વીણ' ધાતુ આવ્યો.

૧૬. આ ધાતુ चमत्कृत–चमक्किअ ઉપરથી આવ્યો છે, એટલે આને નં. ૬ વાળા ધાતુ ભેગો મૂકી શકાય.

૧૭. विलोडयति–विलोलेइ–विरोलइ–विलोयइ–વિલોવઇ, એ પ્રમાણે છેવટે व श्रुतिनो અમલ થઇ આ ધાતુ આવ્યો છે.

૧. "ધરા **વિલોલી** જાણે દધિ." (હરિપિં. ૫૮)

૨. "સમુદ્ર **વિરોલઇ** ત્રિભુવન ધણી." (,, ૧૦૯)

૩. "વિલોણઉં વિલોવઇ નારિ." (વિ. પ્ર. ૧૮૩)

૪. "**विरोलइ**" (સિ. હે. ૮–૪–૧૨૧)

૧૮. 'નિચોવ' ધાતુ निस्+च्युत्–निश्चोतति–निच्चोयइ–નિચોવઇ–નિચોવે રૂપે આવ્યો છે.

"तं निव्वोयइ दूरगलियजलं" (કુમાર. પ્ર. ૨૧૫)

૧૯. 'વેડવુ-રેડવુ' ધાતુઓ વિઘટ્ ઉપરથી विहडइ થઈ આવેલા છે. બીજા विफल् ઉપરથી પણ આવી શકે તેમ છે. જુઓ "विहडिउ संधिकज्जु" (ભવિ. પૃ. ૯૫) તેમજ "विहडिय पिम्महं तणिय गइ." (ભવિ. પૃ. ૯૫) આ બે ઉદાહરણમાં विघटित અર્થ છે. 'આંબો વેડવો' જેવા પ્રયોગમાં विफलित અર્થ ઠીક લાગે છે. 'વેડવુ'માં નો પ્રક્ષેપ થઇ 'વ્રેડવુ'-'રેડવુ' ધાતુ આવ્યો છે. 'પાણી કૂંડામાં રેડો' કહેવાને બદલે 'પાણી કૂંડામાં વેડો' જેવો પ્રયોગ કડી પ્રાંતમાં થાય છે. એટલે મૂળ 'વેડવું' ઉપરથી र ના પ્રક્ષેપથી 'રેડવુ' ધાતુ આવ્યો, એમ કલ્પના કરી છે.

૨૧. 'સાંભળવુ' ક્રિયાપદ સં. निशामय * ઉપરથી ઉપસર્ગનો લોપ થઇ આવ્યું એમ માનવામાં આવે છે. પ્રથમ અસ્વરિત શ્રુતિ ઊડી શકે, તથા पादयष्टि-पायलट्ठिની માફક અનાદિ य નો ल થાય, એ બન્ને વાત સ્વીકારતાં પણ ત્હેના પ્રયોગ તરફ લક્ષ આપવું જોઇયે. પ્રાકૃતમાં सुण, निसाम, आयण्ण ધાતુઓ આ અર્થમાં વપરાયા છે, એટલે પ્રાકૃતકાળમાં नि ઊડ્યો નથી, તેમ પ્રાકૃતમાં य રહ્યો નથી તો પછી ल શાનો બને એ પ્રશ્ન છે. नि ઊડતાં साम રહે તે ઉપરથી 'સાંભળ' બની શકે નહી. વળી જૂનાં રૂપ संभल-सम्भल છે. निसम्भल જેવું રૂપ મળી ન આવે ત્હાં સૂધી ત્હેને निशामय ઉપરથી વ્યુત્પન્ન કરવામાં વાંધો રહે છે. આ ધાતુ અર્થફેરથી આવ્યો છે.

૧. "तहिं असराणि रत्ति मइं संभारिउ तुम्ह वयणु." (ભવિ. ૯-

* દિ. બ. ધ્રુવ સાહેબ "ભાલણકૃત કાદંબરી" પૂર્વ ભાગ પૃ. ૨૪૯ ઉપર निशामय ઉપરથી ઉપસર્ગનો લોપ થઇ 'સાંભળ' ધાતુ આવ્યો, એમ જણાવે છે.

૧૧-૧૧)

૨. "इउ वंचुयत्तु जइ संभलइ तो तुम्ह मिरिय मत्थइ दलइ." (भवि. ७-२)

૩. "ગિણ્ એક તસ ગુણ સંભલઉ સંઘપતિ સાહસ ધીર." (પેથડરાસ. ૫)

૪. "સ્વામી! સમ્ભલિ, સ્વામી! સમ્ભલિ રાઉ જુ વિવેક." (પ્ર ચિ. ૧૨૪)

૫. "ભવિયાં ભાવિહ સંભલુ કરીઉ સુનિચલ ચિત્ત." (ગુ. ભા. સા. પુ. ૨, ૨૩)

પ્રથમ ઉદાહરણમાં સંસ્કૃત અર્થ છે. પછીનાં ઉદાહરણમાં 'સાંભળવું' અર્થ છે. જ્યહાં સુધી सम्हइ રૂપ હતું ત્ય્હાં સુધી અર્થફેર થયો નથી. પણ म्ह નો म ને ं નો ल થતાં संभल થયું ત્ય્હારથી અર્થફેર આવ્યો છે. એક ઇન્દ્રિયે (મને, કરવાનું કામ બીજી ઇન્દ્રિય (કર્ણ) કરે છે એટલોજ માત્ર અર્થફેર છે.

૨૨. 'ઓળાવવું' ક્રિયાપદ अपलपति-अवलवइ-अउलवइ-ઓળવે-આ વિકાસક્રમે વ્યુત્પન્ન થયું છે. કોઈ થાપણ આપણે ત્ય્હાં મૂકી હોય ને આપણે અપલાપ કરિયે કે તમે થાપણ મૂકીજ નથી ગયા, એટલે આપણે થાપણ ઓળવી કહેવાય.

૨૪. ગુજરાતી 'ઓવેરવું' उच्चारना પ્રેરક રૂપ उव्वेल-ओवेर ઉપરથી આવ્યું છે. મરાઠી 'ઓવાળણે' अवचीरय ઉપરથી આવ્યું છે.

(૮) ભવિષ્યકાળના રૂપ ઉપરથી ધાતુ:—

આવા ધાતુ માત્ર એકજ છે. दृश्-द्रक्ष्यति પ્રા. दिक्खइ-દેખે-દેખ. દ્રક્ષ્યતિના ઉચ્ચારમાં द નું સ્મરણ રહેતાં પ્રાકૃતમાં क्ष નો ख થઇ दिक्खइ અને પછી 'દેખ' ધાતુ ગુજરાતીમાં આવે.

(૯) **સં. પ્રેરક રૂપ ઉપરથી** સકર્મક બની મૂળ ધાતુ તરીકે વપરાતાઃ—

જન્ (પ્રેરક) जनयाति प्रा. जणेइ ગુજ. જણઇ–જણ.

(૧૦) **કર્મણિ ભૂતકૃદંત ઉપરથી પ્રેરક બની** આવેલા ધાતુઓઃ—

૧. પલ્હાળવું–प्रस्नात+अय   ૨. જાળવવું–यात+अय

૧ प्रस्नात–पण्हाड–पल्हाल–पल्हालेइ પછી '**પલ્હાળવું**'

"ગહૂં **પલ્હાલિ** સોહાશિણી." (વિ. પ્ર ૧૬૧)

૨. यात–जाड–जाल+अय (व) जालवेइ–જાળવવું

આ ધાતુમાં નીચેનાં ઉદાહરણ જોતાં અર્થફેર ધીમેધીમે થયેલો જણાય છે.

ઉદા.

૧. "કહુ નઈ વૃતાન્ત, સીતા કેણી પરિ દિન **જાલવઇ** એ." (સીતાહ) (यापयति)

૨. "જે હથિયાર મોહ પાઠવઇ, રાઉ વિવેકુ સવિ **જાલવઇ**." (પ્ર. ચિ. ૧૩૮)

૩. "ઝૂઝઈ યોધ; ઘાય **જાલવઇ**." (પૃથ્વીચંદ્ર. ૧૦૬)

૪. "સૂકાણી સૂકાણ ચાલવઇ, માલિમ વાહણ **જાલવઇ**." (,, ,, ૧૦૮)

પ્રથમ વાક્યમાં સંસ્કૃતનો અર્થ यापयति (ગાળે) છે. પછીનાં બે વાક્યમાં જે નુકશાન કરનાર વસ્તુ છે ત્હેને દૂર કરવાનો અર્થ છે. ચોથા વાક્યમાં નુકશાન કરનાર વસ્તુને દૂર કરી એટલે જેને નુકશાન થવાનું છે તે વસ્તુ જળવાય–સચવાય–એવો અર્થ આવ્યો છે.

(૧૧) **સંકીર્ણ ધાતુઓઃ—**નામ અને ધાતુ બે એકરૂપ થઇ આવેલા ધાતુઃ—

પ્રકરણ ૧૫ મું

ધાતુઓ (ચાલુ)

ગુજરાતીનો 'છ' ધાતુ

આ ધાતુનાં જુદાં જુદાં રૂપ જૂની ગુજરાતીમાં વપરાતાં હતાં. તે પૈકી જૂની ગુજરાતીના નમૂનામાં આપણે 'છઇ' ને 'અંછઇ' રૂપ નોંધ્યાં છે. તે ઉપરાંત 'છિ', 'અછઉ', વગેરે રૂપો વપરાતાં હતાં. ત્હેમાં 'અછઈ' જે'વું પૂર્વ અવાળું રૂપ જૂનું છે. તે ઊડતાં છઇ-છિ-છે, વગેરે રૂપ આવ્યાં છે.

આ ધાતુની વ્યુત્પત્તિ સંબંધી ભિન્ન ભિન્ન મત પ્રચલિત છે. ત્હેનું જૂનામાં જૂનું રૂપ 'अच्छ' છે: કોઈ ત્હેને गम्–गच्छति ઉપરથી ग् ઊડી अच्छइ આવ્યું, એમ જણાવે છે, ત્યહારે બીજા ऋच्छ् ધાતુ ઉપરથી વ્યુત્પન્ન કરે છે. બન્ને ધાતુ ગત્યર્થ છે. ગત્યર્થ ક્રિયાપદ ઉપરથી સત્તાર્થ ક્રિયાપદ વ્યુત્પન્ન થાય, એ'માં ઘણી અર્થતાણ કરવી પડે. કેટલાક ત્હેને आस् (to sit) ઉપરથી વ્યુત્પન્ન કરે છે, ત્યહારે ઘણા अस् (to be) ઉપરથી વ્યુત્પન્ન કરે છે. છેલ્લા બેજ ધાતુઓ વિચારવા યોગ્ય છે મુ. નરસિંહરાવભાઈ ત્હેને अस् (to be) ઉપરથી વ્યુત્પન્ન થયેલો માને છે. (ગુ. ભા. સા. પુ. ૧, પૃ. ૨૪૮–૬૪) જોડે બીજો आस् ધાતુ લેઇ સંભવાસંભવનો વિચાર કરી अस् ધાતુ માટે પક્ષપાત રાખે છે. આ ધાતુનું જૂનામાં જૂનું રૂપ પાલી કાળ જેટલું જૂનું છે.

જૂનામાં જૂનો પ્રા વૈકારણ વરરુચિ પોતાના 'પ્રાકૃત પ્રકાશ' નામના વ્યાકરણમાં બારમા પરિચ્છેદના ૧૯મા સૂત્ર 'अस्तेरच्छः''માં अच्छ ધાતુને अस् ઉપરથી વ્યુત્પન્ન કરે છે, એમ સૂત્ર ઉપરથી

હેમાચાર્ય પણ સૂત્ર (૮-૩-૧૪૬) માં अस्सिने બદલે सि થવાનું જણાવે છે. સૂત્ર (૮-૩-૧૪૭) માં अस्मिने બદલે म्हि ને स्मः ને બદલે म्हो ને म्ह આદેશ જણાવે છે, તેમજ સૂત્ર (૮-૩-૧૪૮)માં જણાવે છે કે अत्थि રૂપ ત્રણે પુરુષનાં બન્ને વચનમાં વપરાતું: अत्थि ते, अत्थि तुम्हे, अत्थि हं, વગેરે. આ પ્રમાણે अस् ધાતુનાં વ્યુત્પન્ન રૂપ म्हि, म्हो, म्हु, म्ह, सि ને अत्थि છે. આ'માં अत्थि સિવાય કોઇ સ્થળે પૂર્વનો अ કાયમ રહ્યો નથી. સંસ્કૃતમાં જ્યહાં अ હતો ત્યહાંથી પણ પ્રાકૃતમાં ઊડી ગયો. તો अच्छमां अ શી રીતે આવે, એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. (आसीत् ભૂતકાલિક રૂપમાં आ રહ્યો છે. ત્હેનું आसि રૂપ પ્રાકૃતમાં થાય છે.) બીજો વાંધો એ છે કે अच्छमां પ્રધાનપણે **'બેસવાનો'** અર્થ છે, અને તે જૂનો અર્થ છે. ધીમે ધીમે अच्छ સત્તા-વાચક થતો ગયો છે. જૂની ગુજરાતીમાં તો જૂનો અર્થ નષ્ટ થયો છે. પણ પાલી, પ્રાકૃત, ને અપભ્રંશ કાળમાં ત્હેમાં **'બેસવાનો'** અર્થ હતો. अस्मां **'બેસવાનો'** અર્થ કલ્પવો તે યોગ્ય નથી. માટે अच्छ ધાતુ आस् ઉપરથી આવવો જોઇયે.

आस् (to sit) ધાતુ સંસ્કૃતમાં મૂળ અર્થમાં વપરાતો, પણ પાછળથી સંસ્કૃતમાં તે अस् (to be) ના અર્થમાં વપરાવા લાગ્યો છે. ઇ. સ પૂર્વે ત્હેમાં નવીન અર્થ આવ્યો છે, તે નીચેનાં ઉદાહરણ ઉપરથી જણાશે.

૧. "**आस्ते** कस्यापि धन्यस्य द्वारि दन्ती गृहेऽर्भकः" (સુભાષિત)

૨. "**आस्तां** मानसतुष्टये सुकृतिनां नीतिर्नवोढेव वः" (હિતોપ. મિત્ર. ૨૧૨)

૩. "गतसत्त्वा **इवासते**." (નળોપાખ્યાન. ૧૬-૨૬)

મી. બોપ "Comparative grammar" § 509માં જણાવે છે

(૩) 'लइ धम्माहम्मु ण होइ जइ वि गच्छइ अच्छइ सो ब्बण्प तइ त्रि.' (જસહર. ૪૧૩)

બીજું "**वसुदेवहिण्डी**" નામના પ્રાકૃત ગ્રંથમાંથી નીચે આપેલાં ઉદાહરણ ઉપરથી જણાશે કે आस ને अच्छ એકજ અર્થમાં વપરાયા છે. आसનો નીચેનો એકજ વિરલ પ્રયોગ નોંધ્યો છે.

૧. "ततो हं लोयपसिद्धाइं मयकिच्चाइं काउं अम्मासमीवे **आसहे**." (૨૮૯)

૨. "पुणो णं पसाएमि त्ति चिंततो **अच्छहे** पसायकरणं." (૨૪૭)

૩. "भुत्तो मि सह पियाए, गहियमुहवासओ **अच्छहे**." (૧૮૦)

આ ઉપરથી એમ માનવાને કારણ છે કે आस् ઉપરથી अच्छ આવ્યો. જો अस् ઉપરથી આવ્યો હોય તો વરરુચિ પ્રમાણે પણ ત્હેનો પ્રયોગ માત્ર स्थ ને सन्ति વાસ્તે રહે, કારણ આગળ જણાવ્યા પ્રમાણે अस्मि માટે म्हि, स्मः માટે म्हो–म्हु–म्ह, असि વાસ્તે सि ને अस्ति માટે अत्थि રૂપ જુદાં સૂત્રથી આપે છે. બાકી स्थ ને सन्ति રૂપ રહ્યાં. ત્હેમાં પૂર્વે अ છે નહીં એટલે अच्छ ધાતુ તે ઉપરથી સંભવી ન શકે. વળી स्थનું પ્રાકૃતમાં त्थ વપરાયેલું જડે છે, જો કે અન્ને વૈયાકરણોએ ત્હેનો નિર્દેશ કર્યો નથી. आस्નું ત્રી. પુ. એ. વ. નું સંસ્કૃત રૂપ आस्ते થાય. તે ઉપરથી જેમ अस्तिનું अत्थि થયું તેમ अत्थे થવું જોઈએ. પરંતુ आस्तेનો ઉચ્ચાર आत्से જેવો થતાં, જેમ वत्सનું वच्छ થાય છે તેમ अच्छे થાય. અગર त्सनો પણ च्छ થઈ શકે. वत्सु ઉપરથી 'વછભાવ', अङ्गवस्त्र ઉપરથી 'અંગુછો–ચો' બને છે તેમ વ્યત્યયથી કે त्सनો च्छ થઈ अच्छे રૂપ બને. તે ઉપરથી ધાતુ પરસ્મૈપદી મનાતાં તેમજ અન્ય ધાતુઓના જેવું રૂપ આપવાની વૃત્તિને લીધે अच्छइ રૂપ વિશેષ પ્રચલિત થાય. अच्छे–अच्छि ઉપરથી अच्छइ થાય ત્હેમાં મુ. નરસિંહરાવભાઈ વિકાસ-

ક્રમ પલટાઈ જતો માને છે, (ગુ. ભા. સા. પુ. ૧, પૃ. ૨૫૩) પરંતુ આ વિકાસક્રમનો પલટો નથી. ઊલટું ત્હેમાં અનિયમિત રૂપોને એક પાટીનાં બનાવવાની વૃત્તિ છે. अच्छे ઉપરથી अच्छ ધાતુ તરીકે સ્વીકારતાં જેમ चिणइ, नच्चइ, लहइ રૂપો થાય છે તેવું અડવાળું રૂપ अच्छइ આમ ઉપરથી થઈ શકે. वैदिक अस्मे ઉપરથી અપ. માં अम्हे ને अम्हइं રૂપ થાય છે. આમાં પણ ક્રમપલટો નથી. आस् ઉપરથી अम्मइ–अच्छइ ક્રમ લેતાં પણ स् નો च्छ થઈ શકે છે. એટલે બન્નેમાંના કોઈ એક વિકાસક્રમથી આ રૂપ આવ્યું છે.

સૂત્ર ૮–૪–૩૮૮ના ઉદાહરણમાં "जं अच्छइ तं माणिअइ होसइ करतु म अच्छि" એમાંનું अच्छ સત્તાવાચક છે ને બીજું 'બેસવાના' અર્થમાં છે. ને ઉપરાંત સૂત્ર ૮–૪–૨૧૫ "गमिष्यमासां छः"માં आस ધાતુનો अच्छ થાય છે. એમ જણાવે છે. સૂત્ર ૮–૩–૧૬૩ના ઉદાહરણમાં "एवं अच्छीअ। आसिष्ट। आस्त आसांचक्रे वा." अच्छ ને आस ના અર્થનો માને છે જેમ વરરુચિ એકને બદલે બીજો ધાતુ જણાવે છે, (दृश ને બદલે पेक्ख) તેમ હેમાચાર્ય પણ જણાવે છે. અહીં आस् ધાતુના स ના च्छ થઈ अच्छ આવ્યો એમ ચોક્કસ જણાય છે.

મહારાષ્ટ્રી પ્રાકૃતમાં રચાયેલી 'ગાથાસપ્તશતી'ના શ્લોક (૧–૮૩)માં

'पोट्ट पाराहिं कुणंत अच्छिज्जइ उप्पाहिं होऊण।

छत्र निम्नआणं मज्झे भणाणं मरणं मुहं जाअमु॥"

'अच्छिज्जइ' રૂપની બે જુદી રીતે ટીકાકાર આપે છે: એક 'स्थीयते' અર્થ આપે છે ત્યારે બીજો 'आस्यते' અર્થ આપે છે, બન્ને [illegible] છે. आस (બેસવું રહેવું) ઉપરથી 'मन्याहतः स्थितः' એ ભાગ પ્રમાણે 'બેસાડેલ થયો છે' અર્થ થાય છે તેમ બન્ને અસ્તિત્વવાચક છે. કેટલેક

अच्छ ધાતુ 'બેસવુ', 'હોવુ', 'રહેવુ' (to sit, to be, to stay) એટલા અર્થમાં વપરાયો છે.

મરાઠી असणें ધાતુ अच्छ ઉપરથી આવ્યો છે. ગુ. 'પૂછવુ'–'છોડવુ' ને વાસ્તે મરાઠીમાં पुसणें–सोडणें માં જેમ છ્ નો स् થાય છે તેમ अच्छ ઉપરથી असणें થયો. अत्थि ઉપરથી आथि–आहे થયો. ગીતાના શ્લોક (૧૮–૪૭) ઉપર લખતાં જ્ઞાનેશ્વર લખે છે કે "अगा पाणियाहूनि बहुवें । तुपीं गुण कीर आहे । परि मीना काय होये । **असणें** तेथ" (ઓવી ૨૯) આ'માં असणें होये બતાવે છે કે असणें अच्छना અર્થમાં વપરાયો છે. "પાણી કરતાં ઘીમાં ખરેખર વિશેષ ગુણ છે, છતાં માછલું ત્હેમાં **રહી શકે?**" શ્લોક (૫–૮)ની ઓવી ૪૨માં "अवसरोचित बोलणें तयाहि **आथि**" વપરાયેલું आथि अस्तिના अत्थि ઉપરથી આવ્યું લાગે છે.

તે ઉપરાંત ગુજરાતી '**છો રહ્યું**' (Let it be dropped)ના અર્થમાં મરાઠીમાં असो વપરાય છે. આ असो પણ સં. आस्ताम् પ્રા. અપ. अच्छउ ઉપરથી આવ્યું છે.

૧. "**अच्छउ** खल्यणु किं तेण ताम." (ભવિ. ૧–૪–૧)

૨. "**अच्छउ** जं अणुहविउ." (ભવિ. ૨૨–૭–૯)

વળી સંસ્કૃત ભાષામાં ક્રિયાનું સાતત્ય બતાવવા વર્તમાન કૃદંત જોડે आस् ને स्था ધાતુનાં રૂપ વિશેષ વપરાતાં: कार्यं कुर्वन्नास्ते । गच्छन्नास्ते । આ'ના જે'વા પ્રયોગ પ્રાકૃત–અપભ્રંશમાં થતા હતા. 'चिंततो अच्छहे', 'वहंतो अच्छइ' જે'વા પ્રયોગોમાં વપરાતો अच्छइ સંસ્કૃત आस् ધાતુ ઉપરથી આવ્યો હોવો જોઇયે.

આ પ્રમાણે ગુજરાતી 'छ' ને મરાઠી असणें બન્ને ધાતુ સં. आस्ના પ્રા. अच्छ ધાતુ ઉપરથી ગુજરાતીમાં પ્રથમ શ્રુતિનો લોપ થઇ આવેલા છે.

આ अच्छ ધાતુનો કાંઈક હાલના જેવો સાહાય્યકારક ક્રિયાપદ તરીકે થયેલો ઉપયોગ નીચેનાં અપભ્રંશ ઉદાહરણમાં મળી આવે છે.

૧. "एहु महु मित्तु अन्नजम्मंतरि **अच्छइ पडिउ** गरुयदुत्तंतरि."

૨. "अच्छइ वहणसमूहि **वहंती** दूसहुं पियवियोउ **विसहंती**."

૩. "अच्छइ एयहि पुत्तु **जीयंतउ**."

૪. "અતઈ પરમેશ્વરિ તીર્થંકરદેવિ પ્રસઉ અર્થું **ભણિયઉ** અચ્છઇ."

પહેલાં ત્રણ ઉદાહરણ "**ભવિસયત્તકહા**"માંનાં છે છેલ્લુ સંવત્ ૧૩૩૭માં રચાયેલી '**આરાધના**'માંથી છે. पडिउ अच्छइ=પડ્યો છે, वहंती अच्छइ=વહે છે, जीयंतउ अच्छइ=જીવે છે, ભણિયઉ અચ્છઇ= ભણ્યો છે.

'**આવ્યો છે**', '**આવ્યો હતો**', '**આવ્યો હશે**', વગેરે જેવા પ્રયોગમાં 'આવ્યો' પછી વપરાયેલા ક્રિયાપદને મુ. નરસિંહરાવભાઈ **ઉપક્રિયાપદ** કે **સાહાય્યકારક** ક્રિયાપદ માને છે, પણ '**આવે છે- કરે છે**' જેવાં વર્તમાન કાળનાં રૂપમાં વપરાતા 'છે' ને **પ્રત્યય** ગણે છે. (ગુ. ભા. સા. પુ. ૨; પૃ. ૬૧-૬૨) આવે પ્રસંગે ઘણી ખરી આર્યભાષાઓમાં વર્તમાન કૃદંતનાં રૂપ વપરાય છે, ગુજરાતીમાં બન્ને ક્રિયાપદ છે. સુરતી '**જતો છે**'માં 'છે' ને પ્રત્યય નહીં માની શકાય, તેમજ 'કરતો **નથી**' માં '**નથી**' માં રહેલા 'છ' ને પણ પ્રત્યયમાં નહીં ગણી શકાય. આ વાંધો બાદ કરતાં અન્ય સ્થળે ત્હેને પ્રત્યય ગણવા બાધ નથી. છતાં એક ધોરણ રાખવું ઇષ્ટ છે

ભૂતકાળમાં કે વર્તમાન કૃદંતની જોડે अच्छનો ઉપયોગ ઉપર જોયું તેમ જૂનો છે, પણ વર્તમાન કાળમાં પ્રત્યય તરીકે 'છ' ક્યારથી વપરાવા લાગ્યો, એ ચર્ચા કરી (પુ. ૨; પૃ. ૬૦-૬૮) મુ. નરસિંહ-

રાવબાહદુર એ નિર્ણય ઉપર આવે છે કે "We can thus safely conclude that the use of છે as a **termination** (કરે છે type) started after 1500 V. S. (or about 1500 V. S.), but was rare at first; and that its established use came at a much later period, when करइ entirely lost its power to express the pure present-tense." (p. 67-68) આ બાબત સાથે હું સંમત છું, પણ **"પ્રાચીન ગૂજરાતી ગદ્ય-સંદર્ભ"**માં પ્રથમ છાપેલી **'સમ્યકત્વ ઉપર કથા'**નો રચનાકાળ શ્રીજિનવિજયજીએ સંવત્ ૧૪૧૧ આપ્યો છે. તેથી 'કરે છે' જેવા પ્રયોગનો કાળ લગભગ ૧૦૦ વર્ષ જેટલો પાછો હઠાવવો પડે, કારણ આમાં તેવા પ્રયોગ થયા છે.

ઉદા.

૧. "જિણિ માર્ગિ તુમ્હે **જાઉ છઉ**." (સંદર્ભ. ૧૧-૭)

૨. "જાણઉ હઉં દેખઉં છઉં." („ ૧૩-૮)

૩. "કિસઉં કો કુણહી મરતા પૂઠિ મરી **સકઈ છઇ**?(„ ૪૫-૧૩)

આ પછી આવો પ્રયોગ આછોપાતળો * થતો રહ્યો છે, ને ધીમે ધીમે વૃદ્ધિ પામ્યો છે. અને મૂળ ક્રિયાપદ સંકેતાર્થ કે સંશયાર્થમાંજ કવિતા સિવાય અન્યત્ર રૂઢ થયું છે.

---

* (૧) "પરિમલ **મહમહઇં છઇં**." (૨) "મોતી તણી સિરિ **લહલહઇં છઇં**." (સં. ૧૪૭૮)

(૧) "તુલના **કરઇ છઇ**." (૨) "ધર્મકથા **કહઈ છઈ**." (૩) "જીવ **વિણસઇં છઇં**." (સં. ૧૪૮૫)

(૧) "વિદ્યાધર **જાઇ છઇ**." (૨) "માહરી ભાર્યા **આવઇ છઇ**." (સં. ૧૫૦૦)

લેવું

હિન્દીમાં व्रत लेता है (વર્તમાન કાળ), मैं ने व्रत लिया (ભૂતકાળ), એમ વર્ત. ને ભૂતકાળમાં એકજ ધાતુ लेना વપરાય છે. ગુજરાતીમાં ભૂતકાળ માટે 'લીધું' વપરાય છે, વર્તમાનકાળમાં 'લે' વપરાય છે. ભૂતકાળનું રૂપ સં. लभ्‌ના કર્મણિ ભૂતકૃદંત लब्ध ઉપરથી લિદ્ધ થઇ આવેલું છે. તેથી એમ કલ્પના થઇ શકે કે 'લે' ધાતુ लभ्‌ના लभते–लहइ ઉપરથી આવ્યો. પણ વાસ્તવિક રીતે તે સં. नी ધાતુ ઉપરથી આવ્યો છે. અર્થફેર અવશ્ય થયો છે. મુ. નરસિંહરાવભાઇ ત્હેને लभ्‌ ઉપરથી વ્યુત્પન્ન કરે છે, અને नीમાંથી 'લે' આવે તે સંબંધી ત્રણ વાંધા રજુ કરે છે. (ત્હેમના કથનનો સાર માત્ર છે.)

(૧) 'લેવું' નો અર્થ 'to take' થાય છે. नीનો (to lead) દોરવું થાય છે. 'to carry' 'ઊંચકી જવું' એ દ્વારા **'to take' 'લેવું'** અર્થ શક્ય છે, પણ અર્થમાં ખેંચતાણ કરવી પડે તેમ છે.

(૨) સં. नी ધાતુ પ્રાકૃત–અપભ્રંશમાં णी સિવાય બીજા રૂપમાં વપરાયેલો જડતો નથી.

(૩) મરાઠીમાં **'દોરવાના'** અર્થમાં नेणें ને **'લેવાના'** અર્થમાં घेणें વપરાય છે. તે સૂચવે કે नी ધાતુ **'દોરવાના'** અર્થને વળગી રહ્યો હોય. (પુ. ૧; પૃ. ૨૬૫)

(૧) અર્થફેર થવો બોલચાલની ભાષામાં સંભવિત છે. જૂનો અર્થ જતો રહે ને નવો પણ આવે છે. मृ ધાતુ **'મરવું–પ્રાણ જવો'** એ અર્થમાં વપરાય છે. તે ઉપરથી **'મર'**નું **'માર'** (પ્રેરક) રૂપ હાલ 'તાડન'ના અર્થમાં વપરાય છે. **'માર'** ધાતુના મુખ્ય અર્થને (પ્રાણ લેવો) ઉપકારક ગૌણ ક્રિયા (તાડન)નો અર્થ ત્હેમાં સાહચર્યના નિયમથી ભળે તે

સ્વાભાવિક છે. મારવું='તાડન કરવું' એ અર્થ પ્રધાન થતાં મૂળ અર્થ સૂચવવા 'મારી નાખવું' એ સંયુક્ત ક્રિયાપદનો વાપર પ્રચારમાં આવ્યો. તેજ રીતે જડ=પદાર્થ કે અશક્ત પ્રાણીને એક સ્થળેથી બીજે સ્થળે લેઈ જતા અગાઉ તે પ્રાણી કે પદાર્થને '**પકડવો**' પડે. એ રીતે મુખ્યાર્થ (લેઈ જવું) ને ઉપકારક ગૌણ અર્થ '**પકડવાનો**' પણ ત્હેમાં ભળ્યો છે. ની ના અપભ્રંશ રૂપ લેમાં અપભ્રંશ કાળથી જ ग्रह् ધાતુનો અર્થ આ રીતે આવ્યો છે. ग्रह् ધાતુનો અર્થ '**પકડવું**' થાય છે. પણ તે શબ્દ '**ધારણ કરવાના**' અર્થમાં સંસ્કૃતમાં વપરાયો છે.

"वासांसि जीर्णानि यथा विहाय नवानि **गृह्णाति** नरोऽपराणि" (ગીતા) આ રીતે અર્થફેર થવો બિલકુલ સંભવિત છે.

(૨) બીજો મુદ્દો ની ધાતુ પ્રાકૃત—અપભ્રંશમાં णी રૂપેજ વપરાયાનો છે. "**वादौ**" સૂત્ર (૮–૧–૨૨૯) પ્રમાણે આદિ નનો વિકલ્પે ण થતો હોવાથી न ને ण બન્ને વપરાય, અને વપરાયા પણ છે, ઊલટું न રૂપે વિશેષ પ્રયોગ છે. નનો પ્રાકૃતમાં ल પણ થયો છે. 'लेइ' વપરાતો સૂત્ર ૮–૪–૨૩૮માં નોંધ્યો છે. (क्वचिन्नित्यं । देइ—लेइ)

૧. "समीवं **निज्जइ** माणुस्स." (વસુ. ૯૪–૬)

૨. "कीस एयं सगडं **नेहि**?" (વસુ. ૫૭–૧૬)

૩. "नत्थि इत्थ को वि जो एयं खणिऊण **लेइ**." (કુમાર પ્ર. ૪૫)

૪. "चित्तं वित्तं च परस्स **लिंति** अप्पेंति नड निययं." (,, ૮૫)

૫. "पढं **निज्जइ** नियदिव्वविमाणि." (ભવિ. ૯–૩–૭)

૬. "**नेवि** नमंसिउ नरवरनाहहो." (,, ૯ ૯–૮)

૭. "केसहिं लेप्पिणु जमघरिणि भण सुहु को थक्कइ." (સિ. હે. ૮–૪–૩૭૦)

(યમની સ્ત્રીને ચોટલે પકડી કહે કોણ સુખી રહ્યું ?")

૮. "लेवि महव्वय सिवु लहहिं झाएविणु तत्तस्सु." (સિ. હે. ૮–૪–૪૪૦)

(તત્ત્વનું નિદિધ્યાસન કરી વ્રત લેઇ (લેઇને) કલ્યાણ **પામે છે.**)

ઉદાહરણ ૭માં लेप्पिणुનો અર્થ '**પકડીને**' છે. જો તે लस् ઉપરથી આવ્યો હોય તો लद्धा પ્રાકૃત રૂપ ઉપરથી लेप्पिणु સંભવી શકતું નથી. ઊલટું नीत्वा–नेत्ता–लेप्पा–लेप्पिणु રૂપ ની ધાતુ ઉપરથી સરળ રીતે વ્યુત્પન્ન થઇ શકે છે. બીજું ઉદાહરણ ૮માં लेवि (नी) અને लहहिं (लस्) એ ભિન્ન ધાતુ ભિન્ન અર્થમાં વપરાયા છે.

આ રીતે न નો ल થઇ આ ધાતુ વ્યુત્પન્ન થયો છે, અને અપભ્રંશકાળમાં ત્હેમાં 'પકડવાનો' અર્થ આવ્યો છે.

(૩) ત્રીજો મુદ્દો મરાઠીમાં नेणें ને घेणें એ ભિન્ન ધાતુઓ વપરાય છે, માટે ની ધાતુ ત્હેના મૂળ અર્થને વળગી રહ્યો હોવો જોઇયે. જો તેમજ હોય તો "नवानि **गृह्णाति** नरोऽपराणि"માં જે અર્થમાં ग्रह् ધાતુ વપરાયો છે તેજ અર્થમાં મરાઠીમાં પણ ले વપરાયો છે.

૧. "जैसें वज्रकवच **लेइजे** । मग शस्त्रांचा वर्षाव साहिजे." (જ્ઞાને. ૨–૨૩૨)

૨. "जैसें बाळका **लेवविजे लेणं** । तया प्रमाणें बाळ काइ जाणे ॥" (,, ૧૦–૫૮)

૩. "माझें नृसिंहत्व **लेणें** । जयाचिये महिमे." (જ્ઞાને. ૯–૪૫૦)

આ પ્રમાણે મરાઠી नेणें (મૂળ અર્થમાં) ને ની ઉપરથી लेणं '**ધારણ કરવાના**' અર્થમાં પણ વપરાય છે. लेणंમાં જે અર્થ છે

તેજ અર્થ ઉદાહરણ નં. ૮ના લેવિમાં પણ છે. વ્રત લેઇ—કે વ્રત ધારણ કરી. મરાઠીમાં नौ—नेणें મૂળ રૂપે (નનો લ થયા સિવાય) રૂપો માટે નવીન અર્થ નથી આવ્યો, પણ લેણેંમાં નવીન અર્થ આવ્યો છે. વળી पुत्रं लभस्वनुं ગુજરાતીમાં 'पुत्र ले' એમ ભાષાન્તર નહીં થઇ શકે. માટે ले ધાતુ लभ् ઉપરથી સંભવી શકતો નથી.

શ્રીયુત સુનીતિકુમાર ચેટરજી પોતાના 'Origin and Development of Bengali language' નામના પુસ્તકમાં બંગાળી ભાષાના ત્રણ વિભાગ પાડી આ ધાતુ માટે વપરાતાં જુદાં જુદાં રૂપ નોંધે છે. (૧) શિષ્ટ બોલચાલની ભાષામાં नि ને ने, (૨) શિષ્ટ સાધુભાષામાં ल ને लह (૩) બંગાળીની બોલીઓમાં ले. આ ત્રીજો વિભાગ ले વાપરે છે જ્યહારે પ્હેલો વિભાગ नि—ने વાપરે છે. આ બે ખરાં સ્વરૂપ ગણાય વળી પૃ. ૧૦૫૧ ઉપર स्वाद नेवा (to taste) તેમજ नाम नेवा (to repeat the name of God), પૃ. ૧૦૫૦ ઉપર काढी नेले (snatched away) નોંધે છે. આ ત્રણે શબ્દો જોડે ગુજરાતીમાં 'લેવું' વપરાય છે. આ नेवा लभ् ઉપરથી આવી શકે તેમ નથી. આ બાબત જણાવતા અગાઉ પૃ. ૧૦૪૫ ઉપર લખે છે કે "It is exceedingly likely that O. I. A. √नी has also survived in Bengali."

લાવવું

૧. આ ધાતુ ની ધાતુના પ્રેરક કર્મણિ ભૂતકૃદંત ઉપરથી આવ્યો હોય તેમ જણાય છે. અર્થ ફેર છે, પણ તે અપભ્રંશકાળમાં જ થયો હોય તેમ હેના પ્રયોગ ઉપરથી માલૂમ પડે છે. જેમ 'આવ' ધાતુ પ્રાકૃતકાળ જેટલો જૂનો છે તેટલો 'લાવ' ધાતુ જૂનો હોય તેમ જણાતું નથી. પણ જૂની ગુજરાતીમાં 'લાવ' નિષ્પન્ન થયો છે.

'જસહરચરિઉ'ના ઉદાહરણમાં 'लावइ' છે તે 'આરોપવુ'' એ અર્થનું છે. છતાં ઉદા. નં. ૧, ૩, ૪, ૫માં અપભ્રંશમાંજ 'લાવવું' અર્થ આવ્યો છે.

ઉદા.

૧. "चउमुहु छंमुहु झाइवि एक्कहिं **लाइवि** णावइ दइवें घडिअउ." (૮-૪-૩૩૧)

૨. "अम्बणु **लाइवि** जे गया पहिअ पराया केवि." (૮-૪-૩૭૬)

૩. "तहो कोसियहो अमग्गि चरंतहो मिच्छाभावि लोउ **लायंतहो**." (ભવિ. ૧૯-૯-૬)

૪. 'गिरिवरकडय सो वि संपाइउ उरउ सुवक्कु धम्मपहि **लायउ**." (,, ૧૮-૭-૧૦)

૫. "तेण समाणु मइं मि जाइव्वउ, तं वोहित्थु तीरि **लाइव्वउ**." (,, ૩-૧૦-૨)

૬. "तो वि मुणिंदह दोसु जणु **लावइ**." (જસહર ચરિઉ. ૩-૩૬-૧૨)

૭. "લક્ષ્મણ વનફલ **લ્યાવઇ**." (સીતાહરણ. ૩૦)

૮. "વલી વિભ્રમ મનિ લાયા." (,, ૩૨)

સં. नायितव्य ઉપરથી અપ. लाइव्वउ આવ્યું, તે ઉદાહરણ પાંચમાં વપરાયું છે. नायित–लाइयनો સંસ્કાર કાયમ રહેવાથી '**લાવ**' ધાતુ અપભ્રંશમાં થયો નથી. હેના व ને બદલે य 'लायउ' ને 'लायंतहो'માં ચાલુ રહ્યો છે. પછી હેનો व થઈ '**લાવ**' ધાતુ આવ્યો; પણ જૂના इ કે यના સંસ્કારને લીધે '**લાઇવ્વઇ–લ્યાવઇ**' પછી यं બહુ મૃદુ ઉચ્ચારાતાં જતો રહ્યો ને '**લાવવુ**' રહ્યો. સુરત ભણી હજુ પણ '**લાઇવ્યા–આઇવ્યા**' જેવો ઉચ્ચાર થાય છે.

બોલવું

આ ધાતુને ब्रू ધાતુ ઉપરથી વ્યુત્પન્ન કરવામાં આવે છે. ब्रूत-वुत्त-बुल्ल-वोल्ल-બોલવું. પણ वोल રૂપ પણ પ્રાકૃતમાં જોવામાં આવે છે. સૂત્ર ૮-૧-૨૩૭ "बो वः" પ્રમાણે અનાદિ ને અસંયુક્ત बનો व થાયઃ अलाबू-अलावू, शबलः-सवलो. પણ ब्रूમાં ब આદિ હોવાથી ત્હેનો व થવા સંબંધી શંકા છે. તેમ પ્રાકૃતમાં वोल्ल ને बोल्ल બે રૂપ વપરાયાં છે.

૧. "जाणसे **वोल्लुम्**." (ગાથા સ. શ. ૨-૮૧)

૨. "किं **बोलिस्सं**." (,, ,, ૨-૮૭)

૩. "किं पि अजुत्तु दुरुत्तु **पवोल्लमि**." (જસહરચરિઉ. ૩-૧૮-૮)

આ ઉપરથી એમ માનવાને અવકાશ છે કે **'બોલ'** ધાતુ સં. उक्त ઉપરથી આવ્યો. उक्तનું પ્રાકૃત રૂપ वुत्त છે. આદિ व નો ब ન થાય તો ઉદાહરણ ત્રીજામાં જેમ પૂર્વે प्र ઉપસર્ગ આવ્યો છે, તેમ ઉપસર્ગ આવતાં व અનાદિ બને અને ત્હેનો ब થાય. પછી ઉપસર્ગ સિવાય પણ बोल्ल વપરાય. वुत्त ઉપરથી बुल्ल ને बोल्ल એ રૂપે હાલનો **'બોલ'** ધાતુ આવ્યો લાગે છે.

અથવા એમ પણ માની શકાય કે જેમ ઉપસર્ગને લીધે वुत्तનો वुल्ल થયો તેમ प्रब्रूत ઉપરથી पवुल्ल થાય ને પછી वुल्ल-वोल्ल એમ ને એમ વપરાય. સમાસમાં આવતાં यष्टिનો लट्ठी થાય છે, પછી એમ ને એમ પણ लट्ठी વપરાય છે તેવી રીતે.

પ્રકરણ ૧૬ મું

પ્રેરકરૂપ

સંસ્કૃતમાં ક્રિયાપદનું પ્રેરકરૂપ બનાવવા મુખ્ય अय પ્રત્યય હતો. આની પૂર્વે ધાતુના સ્વરો ગુણ કે વૃદ્ધિ લેતા. તે ઉપરાંત આકારાંત વગેરે ધાતુઓ માટે पय પ્રત્યય હતો. ધાતુના અંત્ય આ સાથે પ્રત્યય જાણે आपय હોય તેમ ભાસતું. પાલીમાં વિકલ્પે अयનો ए થઇ પ્રેરક-રૂપ માટે ચાર પ્રત્યયો આવ્યા: (૧) अय, (૨) ए, (૩) आपय, (૪) आपे. આ રીતે સં. कारयति માટે પાલીમાં (૧) कारयति, (૨) कारेति, (૩) कारापयति, (૪) कारापेति એમ રૂપ થતાં. आपय પ્રત્યય સંસ્કૃત-માં જૂજ ધાતુઓ માટે વપરાતો, પણ પાલીમાંજ તે વિવેક નષ્ટ થયો છે, અને आपय ઉપરથી વ્યુત્પન્ન થતો आव પ્રત્યય પ્રાકૃતમાં સામાન્ય પ્રત્યય બની ગયો છે. પાલી ભાષા તે પ્રાકૃતનું જૂનું રૂપ છે. માટે પ્રાકૃતને પાલીનું ઘણું ઋણ છે. પ્રાકૃતમાં આ आपे નો आवे થઇ कारेइ, करावइ, करावेइ, વગેરે રૂપ થયાં છે. છેલ્લું જે રૂપ છે તેમાં आव ઉપરાંત आपयમાંનો अय ए રૂપે ચાલુ રહ્યો છે. પ્રાકૃત-માં कर ધાતુ સિદ્ધ થતાં ને પ્રત્યય आव પ્રચલિત થતાં પાલીથી ભિન્ન રીતે करावइ-वेइ, વગેરે રૂપ પ્રાકૃતમાં આવ્યાં, છતાં कारवइ જૂનું રૂપ પ્રાકૃતમાં પણ ચાલુ હતું. તે ઉપરથી હાલ વપરાતું 'કરતાં કારવતાં' રૂપ આવ્યું છે. આ પ્રમાણે પ્રાકૃતમાં आव પ્રત્યય આવ્યો.

સં. मिल् ધાતુના પ્રેરક मेलयतिનું પ્રાકૃતમાં मेलवइ થયું. અહીં ગુણ થયો છે તે સંસ્કૃત ભાષાના નિયમથી–માત્ર સં. मेलयति ઉપરથી વ શ્રુતિ પ્રમાણે मेल्लवइ થયું. शिक्षयतिનું પ્રાકૃતમાં सिक्खवइ થાય છે. ને शोषयतिનું सोसवइ થાય છે. સૂત્ર ૮–૩–૧૫૦ "गुर्वादेरविर्वा" પ્રમાણે પ્રેરક પ્રત્યય પૂર્વે ગુરુ સ્વર હોય તો વિકલ્પે अवि પ્રત્યય લાગે:

शोषितं । सोसविअं કે सोसिअं । तोषितं । तोसविअं કે तोसिअं । આ ઉપરાંત સૂત્ર ૮–૪–૨૮માં મિશ્રનાં અનેક પ્રેરકરૂપ પૈકી એક मेलवइ આપેલું છે. સૂત્ર ૩૨માં दृश् ધાતુનાં અનેક રૂપ પૈકીનું એક दक्खवइ છે, સૂત્ર ૩૧માં नश् માટે नासवइ ને हारवइ રૂપ આપે છે. સૂત્ર ૩૮માં विज्ञापનું પ્રાકૃત રૂપ विण्णवइ આપે છે. સૂત્ર ૩૭માં प्रस्थाप् માટે પ્રાકૃત રૂપ पट्ठावइ કે पट्ठवइ આપે છે. આ બધાં રૂપ ઉપરથી એમ જણાય છે કે હેમાચાર્યના વખત સુધીમાં પાલીમાં અવિકૃત રહેલો अय પ્રત્યય પ્રાકૃતમાં अव રૂપે આવ્યો હોવો જોઇયે ઉપલાં બધાં ઉદાહરણમાં अव પૂર્વે દીર્ઘ સ્વર છે. दकख, विण्ण, ને पट्ठ પણ ગુરુ સ્વરવાળા છે, કારણ કાવ્યશાસ્ત્રના નિયમે સંયુક્ત વ્યંજન પૂર્વનો સ્વર ગુરુ ગણાય છે. भण्ના પ્રેરકરૂપ भणयति ઉપરથી પ્રા. રૂપ भणवइ થયું હોવું જોઇયે. "**ભણવ ભણવ** નિજ સંતતિ સૌને પ્રેમભક્તિની રીત" આંમાં નર્મદાશંકરે જૂનું રૂપ વાપર્યું છે. હાલ બહુધા '**ભણાવ**' વપરાય છે. ગાથાસપ્તશતીમાં (૪–૫૨) પ્રા. सिक्खविआ ને सिक्खइआ બે રૂપ નોંધ્યાં છે. આ રૂપ મૂળ यની સ્મૃતિ કરાવે છે. આમ બીજો પ્રત્યય अव પ્રાકૃતમાં આવ્યો છે.

સં. पत्ना पातयति ઉપરથી પ્રા. पाडेइ. तुष ઉપરથી तोसवइ, दृश् ઉપરથી दरिसइ, मृ ઉપરથી मारेइ, વગેરે રૂપ સંસ્કૃતના ગુણ વૃદ્ધિના નિયમથી આવેલાં છે.

હેમાચાર્યે સૂત્ર ૮–૩–૧૫૧ "भ्रमेराडो वा"માં भ्रम् ધાતુના વિકલ્પે થતા પ્રા. રૂપ भमाडइ કે भमावइમાં ત્રીજા आड પ્રત્યયનો પણ નિર્દેશ કર્યો છે. સૂત્ર ૮–૪–૩૦માં भ्रम्ना પ્રેરક રૂપ તરીકે વળી પ્રા. तमाड़इ, भमाडेइ રૂપ નોંધ્યાં છે. આ ઉપરથી ત્રીજા आड પ્રત્યયનો પ્રયોગ પણ પ્રાકૃતમાં નંધાયો છે.

અપભ્રંશ કાળમાં આવતાં ચોથા પ્રેરક પ્રત્યય आरनાં પણ દર્શન ...ાય છે.

"सो पच्चक्खु पुरउ वइसारहि सुदिढवयणसंकडि पइसारहि." (ભવિ. ૧૦–૬–૯)

આમાં 'वइसार' ને 'पइसार'માં મૂળરૂપ 'वइस' ને 'पइस' છે. ત્હેમાં आर પ્રત્યય લાગી તે રૂપ થયાં છે. તે ઉપરાંત "आवणि आवणि मुद्द समाडिय." (ભવિ. ૧૧–૧–૧૧)માં आड પ્રત્યય પણ ચાલુ રહ્યો છે.

આ પ્રમાણે (૧) आव, (૨) अव, (૩) आड, (૪) आर–એ મુખ્ય ચાર પ્રેરક પ્રત્યયો અપભ્રંશ કાળ સુધી વપરાતા એ જોયું, તેમ आव પ્રત્યય आवय ઉપરથી ને अव પ્રત્યય अय ઉપરથી આવ્યો તે પણ જોયું. છેલ્લા બે પ્રત્યય आड ને आर શી રીતે આવ્યા, તે કહેવાનું બાકી રહ્યું. સંસ્કૃતમાં આ પ્રત્યયોનું નામનિશાન નથી. હિન્દી ભાષામાં પ્રાકૃત आव પ્રત્યયનો आउ થઈ उनो લોપ થતાં છેવટે आ રહ્યો છે: जलाना, बुलाना, नचाना, વગેરે. આમાં आ પ્રેરક રૂપ જણાવે છે. તે પ્રમાણે व છૂટી ન જાય, માટે ટકી શકે એવા ड ને र અક્ષરોનો પ્રક્ષેપ થઇ आड ને आर આવ્યા છે, એમ સામાન્ય માન્યતા છે. જ્યાં ત્યાં જે તે અક્ષરનો પ્રક્ષેપ કરવો–માનવો તે ઠીક નથી. જૂનો પ્રત્યય आड છે તે આપણે જોયું. ડૉ. ભાણ્ડારકર આ आड પ્રત્યયની વ્યુત્પત્તિ સંબંધી ભિન્ન મત ધરાવે છે: "The forms in which we have आ before ड as देवाडवुं, खवाडवुं, etc. are denominatives from the past-participles of original Pr. causals as दाविद or खाविद." (ભાણ્ડા. પૃ. ૨૨૯) પ્રાકૃતમાં पीढविंद ને भीढविंद જેવાં पीत ને भीत ઉપરથી બનતાં પ્રેરકરૂપ વપરાતાં. આવાં રૂપ ઉપરથી હિન્દીમાં पिलाना, जिलाना, दिलाना જેવાં રૂપ આવી શકે. પ્રેરક आ ની પૂર્વે ल આવ્યો છે તે ड કે र ની માફક ક્ષેપક નથી, પણ મૂળ કર્મણિ ભૂતકૃદંતના त પ્રત્યયનો ल થયેલો છે.

આ હિન્દી રૂપોની સાથે ગુજરાતી રૂપોનો મેળ ખાય તેમ નથી લાગતું. ગીતના પ્રેરકરૂપ गापित પ્રા. गाविद ઉપરથી ગુ. 'ગવાડવું' કલ્પવું યોગ્ય નહીં લાગે, તેમજ પ્રેરકરૂપ दर्शित ઉપરથી હિન્દી दिखलाना કલ્પવું ઠીક નહીં. આ હિન્દી રૂપ સંબંધી એમ દલીલ કરી શકાય કે देखना ઉપરથી બીજા ધાતુના સામ્યને લીધે दिखलाना થયું. स्वापित ઉપરથી सुलाना બને તે પણ સંભવિત નથી. અંમાં પણ ઉપરના જેવી દલીલ સંભવિત છે. पिलानामां મૂળરૂપનું કર્મણિ ભૂતકૃદંત લીધું છે, જ્યારે ગુજરાતી માટે खाविद–दाविद પ્રેરકરૂપનાં કર્મણિ ભૂતકૃદંત લેવાં પડ્યાં છે વળી પ્રા. ममाड રૂપમાં સંસ્કૃતનું કયું કૃદંત આવેલું છે.? भ्रान्त–भ्रामित ઉપરથી ममाड સંભવી શકે છે?

મ્હારી માન્યતા પ્રમાણે આ आड પ્રા. પ્રત્યય ભ્રમિત **સામ્યને** લીધે આવ્યો છે, અને હિન્દીનો ला (पीना, देना, વગેરે ધાતુઓમાં) સામાન્ય કૃદંતના ना નો બનેલો છે. संपद् ધાતુ ઉપરથી પ્રાકૃતમાં મૂળ રૂપે संपडइ ને પ્રેરકરૂપે संपाडेइ થતું. "दीहो दिअहो ण **संपडइ**" (ગાથાસ. શ. ૪–૭૮) ગુજરાતીમાં આવતાં संपडનું दीर्घः संयोगलोपेथी **'સાંપડ'** થયું ને પ્રેરક **'સંપાડ'** રહ્યું. તે ઉપરાંત સિ. હે. ૮–૪–૬૩; ૩૬ સૂત્રમાં બતાવેલા उग्घाडइ ને उल्लालइ બન્ને પ્રેરકરૂપનાં છે. તે બન્નેમાં आड–आल મૂળ ધાતુનો અંગભૂત છે (उत्+घट्; उत्+लल्–नत ઉપરથી બનેલો), છતાં आड–आल જાણે પ્રત્યય હોય તેમ સામાન્ય જનતાને ભ્રમ થતાં તે आड–आल ને પ્રેરકરૂપના પ્રત્યય માની બેસે, અને પછી ત્હેનો બ્હોળો પ્રચાર થાય. શિષ્ટ બોલન રને પણ પાછળ ઘસડાવું પડે. આ રીતે મૂળ आड–आल પ્રત્યય પછી ત્હેમાંથી आर પ્રત્યય બન્યો. આથી ड, र, કે ल પ્રક્ષેપનો નથી.

બીજો आर પ્રત્યય आड ઉપરથી ड નો र થઇ આવેલો છે. તે પ્રત્યય ખાસ સિંધી ભાષામાં વપરાય છે. કડી પ્રાંત ભણી પણ आर

પ્રત્યયને વિશેષ પસંદગી આપવામાં આવે છે. वृद्ध+कार ઉપરથી પણ '**વધારવું**' સંભવી શકે છે. એ'વા કર્મણિ ભૂતકૃદંતને લાગતા कार ઉપરથી પણ आर ધાતુને લાગવો શરૂ થયો હોય. '**અઇસાર**' '**પઇસાર**' અપભ્રંશ રૂપોમાં જે आर લાગ્યો છે તે (૧) आड નો आर થઇ આવ્યો હોય કે (૨) ભૂતકૃદન્તને લાગતા कार ઉપરથી થયેલો आर સર્વસામાન્ય બની ધાતુને પણ લાગ્યો હોય. '**વસુદેવહિણ્ડી**' જે ઈ. સ.ના છટ્ઠા સૈકામાં લખાયેલો ગ્રંથ છે ત્હેમાં आर પ્રત્યય वृध् ધાતુમાં વપરાયો છે. "ति य वोत्तूण **वड्ढारेइ** णं ॥" જૂની હાથપ્રતમાં 'वड्ढावेइ' છે. એટલે આ રૂપ કદાચ જૂનામાં જૂની પ્રત (સં. ૧૩૮૬)ના સમય પછીનું હોય. છતાં कार પ્રત્યયના ઉમેરણથી તે રૂપને વ્યુત્પન્ન થવા સંભવ છે. कार લાગીને પણ કેટલાંક ક્રિયાપદ આવ્યાં છે. मृष्ट+कार ઉપરથી, જેમ अंधकार ઉપરથી अंधेर આવ્યું તેમ, '**મઠેરવું**' ક્રિયાપદ આવ્યું છે. પરંતુ આ'માં પ્રેરણાનો અર્થ નથી. वृध्ના वृद्ध ઉપરથી कार લાગી '**વધેરવું**' શબ્દ આવ્યો લાગે છે. "બુધવારે નવો જોટો **વધેરજો**" "નાળિયેર **વધેરો**."

કેટલાક ધાતુઓનાં પ્રેરક રૂપમાં જાણે अનો ए થનો હોય તેમ લાગે છે. इનો ए થાય. એ ગુણના નિયમે વ્યાજબી છે. ગુજરાતી રૂપોમાં મૂળના इનો अ થયો, પણ ત્હેના પ્રેરક રૂપમાં इ ગુણરૂપે ચાલુ ર્‌હેવાથી अનો ए થયેલો લાગે છે. मिल् (**મળ**) मेलयति (**મેળવ**), उत्कील (**ઉકેલ**) પ્રેરક ગણાતાં મૂળ રૂપ '**ઉકલ**' આવ્યું. તેજ ધાતુ ઉપરથી **ઉખેડ**-ઉખડ થયાં. वि+कॄ પ્રા. विक्किरइ (વિખેરો, ઉપરથી મૂળ રૂપ '**વિખર**', ફર (હિં-ફિરના)-**ફેરવ**, વગેરે.

આમાં મૂળ ધાતુ-સકર્મકમાં 'એ' હતો. તે પ્રેરકનાં સમઝાતાં તે ઉપરથી 'ઉકલ, ઉખડ' વગેરે મૂળરૂપના ધાતુ આવ્યા.

પડ–પાડ, તપ–તાપ, મર–માર, તર–તાર, તુટ–તોડ, છૂટ–છોડ, ફૂટ– ફોડ, વગેરે રૂપો સંસ્કૃતના નિયમે ગુજરાતીમાં આવ્યાં છે. વૃધ્‌ના વર્ધતે ઉપરથી પ્રાકૃતમાં વડ્ઢ઼ઇ કે વડ્ઢઇ થાય છે. છેલ્લા વડ્ઢઇ રૂપ ઉપરથી ગુજરાતીમાં બે રૂપ સ્વરભારના ધોરણે થયાં છે. સ્વરભાર પૂર્વ શ્રુતિ ઉપર ખસતાં 'વાધે' રૂપ થયું ને સ્વરભાર મૂળ શ્રુતિ ઢ઼ ઉપર કાયમ રહેતાં 'વધે' રૂપ થયું. આ 'વાધ' પડ–પાડ જેવું પ્રેરકરૂપ હોય તેમ લાગતું નથી. ત્હેનો પ્રયોગ મૂળ અર્થમાં થાય છે.

૧. "ત્યારે પુષ્કરને થઈ અદેખાઈ, મુજ થકી વાધ્યો પિતરાઇ." (નળાખ્યાન)

૨. "વિષ વાધિ અતિ ઘણું, સર્પનિ પાયૂં દૂધ." (કાદંબરી)

આ બન્ને ઉદાહરણમાં 'વાધ' મૂળ અર્થમાં છે. બીજા ઉદાહરણનો અન્વય '**જો સર્પનિ દૂધ પાયૂં હોય તો**' એમ બેસાડતાં કે પછી 'દૂધ' શબ્દને સતિસપ્તમીમાં લેતાં અર્થ બેશી રહેશે. "દિવસ દિવસિ ગર્ભ વાધિ." (કાદં. ૪૯) "પવન વેગિ વાધિ તરંગ." (કાદં. ૮૧) "જમ ઉદધિ વાધિ તાં." (કાદં. ૧૩૦) બધે 'વધે' અર્થ છે. 'વિપ વાધિ'માં 'વાધિ'ને મુ. ધ્રુવ સાહેબ પ્રેરક માને છે.

આ ઉપરાંત જૂનો આપ ને આવનો આમ બન્ને ગુજરાતીમાં કાયમ રહ્યા છે. 'ઉથાપ', 'ઉથામ', 'ઉગામ', વગેરેમાં તે નજરે પડે છે. "મ્હારૂં બોલ્યું ઉથાપતો નથી." 'ધૂળ ઉથામે છે.' 'લાકડી ઉગામે છે.' સં. उत्थापन મંદિરની ભાષામાં જળવાઇ રહ્યો છે. અત્યારે પ્રેરકમાં જ્યહાં જ્યહાં આવ લાગે છે ત્યહાં ત્યહાં તે ઉપરથી બનતાં નામમાં તે આમ રૂપે નિત્ય માલૂમ પડે છે, ને જ્યહાં અવ લાગે છે ત્યહાં તે મૂળ રૂપે ટકી રહે જણાય છે.

અવ	આવ
જાળવવું-જાળવણી	પધરાવવું-પધરામણી
ભાળવવું-ભાળવણા	શિખાવવું-શિખામણ
સાચવવું-સાચવણી	લિંપાવવું-લિંપામણ
પજવવું-પજવણી	શિવડાવવું-શિવડામણ
શિખવવું-શિખવણી	ચળાવવું-ચળામણ
કારવવું-કારવણી	કરાવવું-કરામણ-ત

ઉદા.

૧. "ધુંસટ કરી **ધવારિ** માઇ, પાલણડિ **પુઢાડિ** જાઇ." (વિ. પ્ર. ૬૫)

૨. "આણિ બેટી બાંધિ સાહી ઉચ્છંગિ **બિસારી** વાદી." (ઉપાદ. ૭૯)

૩. 'સ્વામી ! માયા જઇ **વીતવિઉં**, તઈંતાં ડીલિ તે અનુભવિઉ' (પ્ર. ચિ ૧૪૩)

૪. "જડઈ, ભિડઇ, **ભેડવઇ** અભડગ; ધાઇ ધસઇ તે; ધૂણઈ અડગ." (,, ,, ૧૩૮)

૫. "જે હથિયાર મોહ **પાઠવઇ**, રાઉ વિવેક સુ સવિ **જાલવઇ**." (,, ,, ૧૩૮)

૬. "સઇં હથિ દેવી **વધારઇ** તિલક વીર સુચલિઉ લેઇ કટક." (,, ,, ૧૩૨)

૭. "તઉ રાજા **આણાવિ** કુમારિ; સભા ભરી જાણ જોઅણહારી." (,, ,, ૧૩૦)

૮. "જિમ **સહુાવઇ** તિમ સહઉ મન મુદતાનઊં રાજ." (,, ,, ૧૦૧)

૯. "**દિવરાવીઇ** બેટાનઇ રાજ-ફલઉ મનોરથ મહારઉ આજ." (,, ૧૦૧)

૧૦. "જાણી કહિ છિ **નામી** શીશ." (કાદં.)
૧૧. "શિર ધૂણીનઈ કાહો દશશિર, "લઙ્ક નયર કાં ફેડઇ ?." (સીતાહરણ ૩૧)
૧૨. "રીંછવાનર **મેલિયા** તે દાખવઇ પરાણુ." („ ૪૮)
૧૩. "એકિ ગીત **ગવારઇં**, દાન **દિવારઇં**;" (પૃથ્વીચંદ્ર ૧૦૨)
૧૪. "બારસસયવીસે વિક્કમસંવચ્છરે પજ્જા **કારાવિઆ**." (રૈવતકલ્પ)
૧૫. "આજ અહ્મનઇ **સોસવઇ** તૂં ! સગરિ કીધા સાત. !" (સીતાહ. ૪૬)
૧૬. "પડિબોહઇ બહુ લોય દિક્ખ જિણ પાસિ **લિવારઇ**." (ઉપદેશકમાલકથાનક ૩૬)
૧૭. "મિલિવા પ્રિય ઊબાહુલિ હૃય સઉ **મુકલાવિઉ** ઉગ્રસેણ ધુય." (નેમીચતુ. ૩૮)
૧૮. "દન્તહ બીજ **દિખાડિ** મ, દાડિમ, જિત મુખ માંહિ." (વ. વિ. ૨૦)
૧૯. "પહિરઇ **પિહિરામણી** સાર, આપઇ ગજરથ તુરિ ભણ્ડાર." (ઉષાહ ૯૪)
૨૦. "**એહેવરાવણ** જાણજો મનિ નાથ." (કાદં. ૧૩૪)
૨૧. "સવલા સુભટ **દેવરાવ્યા** માગ." (હરિષો. ૧૫૯)
૨૨. "અમૃત ઝિરઇ, હરઇ દુખ દેહ, **વધારેઇ** વનસપતિ જેહ." (હરિષો. ૧૨૩)

આમ એવડો પ્રત્યય '**રાવ**' પણ જૂની ગુજરાતીમાં મળે છે. તે ઉપરાંત મોકલવું-મુકલાવવું, દેખવું-દિખાડવું, લેવું-લિવારવું જે'વાં પ્રેરકરૂપોમાં સ્વરભારને લીધે '**ઓ–એ**' ના 'ઉ–ઇ' ટૂંકા સ્વર જૂની ગુજરાતીમાં પ્રચલિત હતા.

પ્રકરણ ૧૭ મું

કર્મણિ રૂપ

કર્મણિ રૂપનો આ

આ 'આ' શી રીતે આવ્યો, તે સંબંધી ઘણો મતભેદ છે. હું છેલ્લાં ચારપાંચ વર્ષથી એનો વિચાર કરૂં છું, પણ ચોક્સ પગલું જડતું નથી. પાશ્ચાત્ય તેમજ અત્રત્ય બધા બને તેટલા વિદ્વાનોના વિચારો જોતાં સમાધાન થતું નથી. પ્રથમ એટલું જણાવવું જોઇયે કે આ રૂપના નીચેના ક્રમો જૂની ગુજરાતીમાં માલૂમ પડે છે. **'કરાયઇ'–'કરાઇ'–'કરાય'.** આ સિવાય બીજાં રૂપ માલૂમ પડતાં નથી. વાંધો માત્ર પ્રથમ રૂપ 'કરાયઇ' શી રીતે આવ્યું તે સંબંધીનો છે. તે ચોક્સ થાય તો વાંધો રહેતો નથી. આવું રૂપ પ્રાકૃતમાં **'વસુદેવહિણ્ડી'** નામના ઇ. સ. ના છઠ્ઠા સૈકામાં લખાયેલા પુસ્તકમાં નોંધ્યું છે, તેમજ તે રૂપ પંડિત હરગોવિંદદાસના **"પાઇઅ-સદ્દમહણ્ણવો"** નામના પ્રાકૃત શબ્દકોષમાં જડે છે. "किं इमा सगडतित्तिरी विक्कायइ ?" (વસુ. ૫૭–૧૩) તેમજ કોષમાં "विक्कायमाणो" શબ્દ નોંધ્યો છે. બન્ને એકજ છે. 'વેચાય છે–વેચાતો'. આ રૂપ આટલું બધું વ્હેલું ઉત્પન્ન થયું હોય ને અન્યત્ર પ્રાકૃત–અપભ્રંશમાં વપરાયું ન હોય, એ મ્હારા માનવામાં આવતું નથી. **'વસુદેવહિણ્ડી'**ની જૂનામાં જૂની હાથપ્રત સં. ૧૩૮૬ની હોવાથી તે રૂપને હું ચૌદમા સૈકાનું માનું છું. પછી એવાં રૂપ ઓછાં ઓછાં મળે છે. **"મુગ્ધાવબોધ મૌક્તિક"** (સં. ૧૪૫૦)માં આ રૂપ મળે છે

૧. "એ ગ્રંથ સુખિં **પઢાયઇ.**" (સંદર્ભ. ૧૭૭–૫)

૨. "તિહાં પ્રાકૃત વાર્ત્તા અતીત કાલિ કર્તા **ઓલાયઇ.**" (,, ૧૭૭–૮)

૩. "આગિ ઊલ્હાઅઇ એકઇ વારિ, સઉકિ સંતાપઈ સાતઇ વારિ." (પ્ર. ચિ. ૯૯)

કર્મણિ આવાળાં રૂપ સંબંધી નીચેના ભિન્ન ભિન્ન મત નોંધવા ઠીક છે.

(૧) પ્રેરક કર્મણિ પ્રત્યય आप्+य–कराप्यते–करव्वइ–કરાયઈ–કરાઇ.

(૨) નામધાતુના आय પ્રત્યય ઉપરથી करायइ–કરાઇ–કરાય.

(૩) પ્રેરકના માત્ર आव પ્રત્યય ઉપરથી (કદાચ વનો લોપ થઇને)

(૪) या ધાતુના ઉમેરણથી–य (या–જવું) રહીને करायाइ–કરાયઇ.

(૫) પ્રાકૃત इज्ज ઉપરથી करिज्जइ–કરી જાઈ–કર્યું જાય–કર્યો જાય; તે'વી રીતે કરાયાઈ–કરાયઈ–કરાઈ–કરાય.

આ બધા મતોમાં મ્હને ક્યાં અડચણ નડે છે, તે જોવા ત્હેનો વિચાર કરવો ઉચિત છે.

(૧) આ પ્રથમ મત ડૉ. ભાણ્ડારકરનો છે. તે ત્હેમના શબ્દોમાંજ જણાવવો ઠીક છે "We have another verbal base in M. (Marathi) which involves the idea of power and ability as करवतें 'can be done', 'बसवतें' 'can be sat.' These forms are passive when the original verb is transitive, and impersonal when it is intransitive. In old M. प is sometimes seen for व."

"जरी वेदें बहुत बोलिलें । विविध भेद सूचिले। तरी आपण हित आपुलें । तेंचि घेपे." (જ્ઞાનેશ્વરી ૨–૨૬૦)

"काय म्हणिपे स्थितप्रज्ञ ?" (,, ૨–૨૮૭)

"Here the sense is simply passive and does not involve the notion of power. These forms are to

be derived from the passive of the causal, whence करवे is करव्वइ Pr. for कराप्यते, Skr. कार्यते." (જુઓ પૃષ્ઠ ૨૩૦)

વાસ્તવિક રીતે આ બન્ને ધાતુઓમાં જે प છે તે वने બદલે ટકી રહેલો જૂના आप्यनो નથી. તે બન્ને क्तान्त ધાતુ હોવાથી प તે त्तनો બનેલો છે. गृहीत-પ્રા. घेत्त-અપ. घेप्पइ-મ-घेपे, તે'વીજ રીતે भणित-પ્રા. भणित्त-અપ. भणिप्प મ. म्हणिप्पइ-म्हणिपे. म्हणिपे રૂપ મરાઠીનું હોવાથી અન્યત્ર જડે નહીં, પણ घेप्प અપભ્રંશમાં મળી આવે છે. પ્રાકૃતમાં પણ મળે છે.

ઉદા.

૧. "न **घेप्पइ** सुसिणेहिं न विज्जइ न य गुणेहिं." (પ્રા. કથા સંગ્રહ. ૮૩)

૨. "कुकलत्तहि अण्णासत्तहि चित्तु ण केण वि **घिप्पइ**." (જસહર ૨-૧૨-૨૧)

૩. "सुहुमु ण थूलिं णाणिं छिप्पइ करिकरेण किं राई **घिप्पइ**." („ ૩-૨૨-૬)

૪. "केसरि न लहइ बोड्डिअवि गय लक्खेहिं **घेप्पन्ति**." (સિ. હે. ૮-૪-૩૩૫)

૫. "ते ञण केवि सयंचिअ दालिद्दं **घेप्पए** जेहिं." (ગૌડવહો ૯૦૮)

આ પ્રમાણે ત્હેમાં શક્યતાનો અર્થ ન હોઈ શકે. માત્ર કર્મણિ અર્થજ હોય, તે વાત તેઓએ સ્પષ્ટ જણાવી છે.

બીજો વાંધો એ નડે છે કે જો આ રૂપ आप्य પ્રત્યય ઉપરથી આવ્યું હોય તો પ્રાકૃતમાં '**करव्वइ**' જે'વાં રૂપ મળવાં જોઇયે, પણ મ્હને પોતાને જડ્યાં નથી. માટે આ રૂપને હું શંકાસ્પદ સ્થિતિમાં મૂકું છું. વાસ્તવિક પ્રેરક કર્મણિ રૂપ कराविज्जइ થાય, અને તે

વપરાયું પણ છે.

(૨) નામધાતુના आय પ્રત્યય ઉપરથી આ રૂપ આવ્યાં, એ મત ડૉ. ગ્રીયર્સનનો છે. શ્રીયુત સુનીતિકુમાર ચેટરજી પોતાના "Origin and Development of Bengali language" નામના પુસ્તકમાં જણાવે છે કે ડૉ. ગ્રીયર્સન સાથે જે ખાનગી પત્રવ્યવહાર ત્હેમણે કર્યો છે ત્હેમાં તે સાહેબ છેવટનો મત आय ઉપરથી આ રૂપ આવ્યાં તેમ દર્શાવે છે એજ મતનો શ્રીયુત ચેટરજીએ સ્વીકાર કર્યો છે. તે અગાઉ "આશુતોષ મુકરજી સિલ્વર જ્યુબીલી વૉ. ૩"માં પોતે લખેલા લેખમાં પ્રેરકરૂપ ઉપરથી આ પ્રત્યય આવ્યો છે, એમ ત્હેમણે જણાવ્યું છે.

સંસ્કૃતમાં मायते, वृक्षायते, तरुणायते, વગેરે જેવાં નામધાતુનાં રૂપ નામ કે વિશેષણને आय પ્રત્યય લાગી બનતાં. પણ (૧) ક્રિયાપદને આ પ્રત્યય લગે કે કેમ તે પ્રથમ નંબરનો વાંધો છે. (૨) બીજો વાંધો એ છે કે एरण्डो द्रुमायतेમાં 'એરંડો ઝાડ થાય છે', એવો માત્ર કર્તરિ અર્થ છે, અહીં કર્મણિ અર્થ છે ને કર્તા પ્રથમાને બદલે તૃતીયામાં આવે છે. (૩) આ નામધાતુના आयમાં શક્યતાનો અર્થ નથી, જ્યહારે કર્મણિ '**આ**'માં છે.

(૩) પ્રેરકરૂપ ઉપરથી આ કર્મણિ રૂપો આવ્યાં, એ જાતનો મત ડૉ. હોર્નલ ને ટેસીટોરી બન્નેનો છે. અને એક વખત શ્રીયુત ચેટરજીનો પણ હતો પ્રેરકરૂપ ઉપરથી કેવી રીતે કર્મણિ રૂપ બને તે વાત જણાવતાં ડૉ. હોર્નલ લખે છે કે "In fact it is merely a causal with a peculiar reflexive sense". (Comp. Grammar of Gaudian languages § 484) ડૉ. ટેસીટોરી પોતાની 'Notes'ની કલમ 140માં જણાવે છે કે "It is a causative that has assumed a reflexive passive meaning". આ'ની સામે વાંધા નીચે પ્રમાણે છે:

પ્રેરક આવની અંદર પ્રેરણાનો અર્થ છે, ત્હેમાં શક્યતાનો ને કર્મણિ અર્થ શી રીતે આવી શકે? જેમ हुम्मइ રૂપ મૂળ કર્મણિ હોવા છતાં કર્તરિ અર્થમાં વપરાય છે તેમ આ રૂપ કર્તરિ હોવા છતાં કર્મણિ અર્થમાં વપરાયું હોય. એકાદ રૂપને માટે આમ બનવું સંભવિત છે, પણ સઘળાં ક્રિયાપદોમાં એમ બનવું શક્ય છે કે કેમ તે શંકાસ્પદ છે.

જૂની ગુજરાતીથી માંડી ઠેઠ દયારામના વખત સૂધી પ્રેરક આપ–આવવાળો એક ધાતુ ગુજરાતીમાં વપરાતો. પણ તે ભૂતકૃદંતના રૂપે પ્રથમ વપરાતો. પછી ધાતુ તરીકે પણ વપરાવા લાગ્યો. છેવટે વ ઊડી ગયો ને તે ધાતુએ બીજા ધાતુ જે'વુંજ કર્મણિ રૂપ સ્વીકાર્યું. रुष् ધાતુ ઉપરથી પ્રાકૃતમાં रीसइ ને रूसइ બે ક્રિયાપદ થયાં. તે અકર્મક ક્રિયાપદ છે. ત્હેને आवित્ત લાગી रीसाविअ પ્રા. પ્રેરક કર્મણિ ભૂતકૃદંતનું રૂપ થયું. તે ભૂતકાળ માટે જૂની ગુજરાતીમાં વપરાયું, પછી તે ઉપરથી ધાતુ તરીકે પણ વપરાયું. આ રીતે ત્હેમાં જે व છે તે પ્રક્ષેપનો નથી, પણ જૂના आपનો व ચાલુ ર્‌હ્યો ને છેવટે એકધારૂં રૂપ ત્હેણે હાલ લીધું.

ઉદા.

૧. "હસિઈ શ્રેણિક રાજા તે કોઢિઆ ઊપરિ **રીસાવિઓ.**" (સંદર્ભ. ૯૬–૧૯) (વિ. સં. ૧૪૫૭–૯૯)

૨. "**રીસાવિઉ** રાઉલ ભત્રીજઉ." (કા. પ્ર. ૩૧ વિ. સં. ૧૫૧૨)

૩. "રાઉ **રીસાવિઉ** કુહુ શા ભણી?" (વિ. પ્ર. ૨૦૯)

૪. "**રીસાવી** સ્તુ જિમ હોય." (કાદં ૧૧૫)

૫. "બડબડતો જાએ **રીસાવી,** લાવે વૃક્ષ મોટું તાણી." (નળાખ્યાન)

૬. "હુંએ **રીસાવ્યું** પણ મન નથી **રીસાવતૂં** જો." (દયારામ)

આ રૂપ એક્લુંજ આ'વી રીતે આવ્યું છે, તે પણ પ્રથમ ભૂત-કાળમાંજ વપરાતું.

કદાચ એમ માનિયે કે પ્રેરક કર્મણિ રૂપ ઉપરથી આ કર્મણિ રૂપ આવ્યાં હોય તો તે રૂપ આમ બનેઃ कार्यते–कराविज्जइ–**करा-इज्जइ–कराइयइ**–करायइ–કરાઈ–કરાય. આ ક્રમ સંભવી શકે, પણ વચગાળાનું ત્રીજું–ચોથું રૂપ લખાણમાં મળી આવતું નથી.

(૧) "છોહપક્ત પ્રાસાદુ ભલઉ જીવ **નીપાઇજઇ.**" (પ્રા. ગુ. કા. સં. ૪૮)

(૨) અનેકિ મેરુ પર્વત અનેકિ રોહણ પર્વત **ઉપાઇયઇં.**" (સંદર્ભ. ૪૩–૧૬)

આ બે ઉદાહરણમાં તે'વાં રૂપ વપરાયાં છે, પણ ત્હેમાંનો આ પ્રેરક આવનો નથી. રૂપ પ્રેરક કર્મણિ છે, પણ તે સંસ્કૃત ઉપરથી **સિદ્ધાવસ્થાનાં** રૂપ છે. निष्पाद्यते–निप्पाइज्जइ–નીપાઇજઇ. આ'વા ધાતુ અલ્પ છે. તે ઉપરથી તે પ્રત્યય સર્વસામાન્ય થયો હોય તેમ નથી લાગતું. ઉદાહરણમાં આપેલું રૂપ સિદ્ધ છે, અને પ્રકૃત રૂપ **સાધ્યાવસ્થ** છે. વળી કર્તરિ પ્રેરકરૂપ ઉપરથી કર્મણિ રૂપ આવ્યું હોય તો કર્તા ત્રીજીમાં શી રીતે આવે?

(૪) या (જવું) ધાતુ લાગી આ રૂપ બન્યું તે મત જર્મન વિદ્વાન બોપનો તેમજ મુ. નરસિંહરાવભાઇનો છે.

બોપ શું કહે છે તે જોઇયે. "With respect to the origin of the passive character ya (य), a very satisfactory explanation, I think, is given of it by Sir G. Haughton (Hindi Gram.), wherein he mentions, that in Bengali & Hindustani the passive relation is expressed by an auxiliary verb,

which signifies 'to go': जाना in Hindustani and या in Bengali; in the latter, e. g. करायाइ signifies "I am made" as it were "I go to making." Now in Sk. both इ and या signify "to go", but of these it appears best to keep to the latter root which in Bengali, also expresses the pass. relation." (Comp. Gram. § 738)

સંયુક્ત કર્મણિ રૂપ સંબંધી પણ તે લખે છે: "Like 'to go to joy", 'to go to anger', for 'to be rejoiced', 'to be angered', we find ग्रहणं समुपागमत् 'he went to seizure' for 'he was seized' Ram. 1-1-75." આ'વી જાતનો પ્રયોગ થતો હતો, અને ત્હેમાં એકંદર કર્મણિ અર્થ હતો. "हृताऽपि तेऽहं न जरां गमिष्ये" (રામા. ૩-૪૭-૪૮) હું વધારાનું ઉદાહરણ ઉમેરૂં છું. પણ આ'માં गम् ધાતુ પૂર્વે નામ છે. गम् ને બદલે या મૂકતાં जरां याति-जरायाइ-जरायइ થાય, પણ ग्रहणनो તે'વી રીતે ग्रहायइ કરતાં अन પ્રત્યય ઉરાડી દેવો પડશે. તેમજ भोगं याति ઉપરથી भोगवायइ કરતાં व ઉમેરવો પડશે. એટલે નામની સાથે या ધાતુના પ્રયોગ ઉપરથી આ રૂપ આવ્યાં નથી લાગતાં.

આ'વાં સંયુક્ત કર્મણિ રૂપ અપભ્રંશ તથા જૂની ગુજરાતીમાં વપરાતાં, અને ત્હેમાં પણ जा (या) પૂર્વે अन પ્રત્યયવાળાં ક્રિયાવાચક નામજ વપરાતાં.

ઉદા.

૧. "अन्नु जु तुच्छउं तहे धणहे तं **अक्खणहं न जाइ.**" (સિ. હે. ૮-૪-૩૫૦)

૨. "કામિની નાહુલાં છ સુખ, તીં મુખ **કહણ ન જાઇ.**"

(વ. વિ. ૨૦)

૩. "એ વડુ રોસ ન **સહણુ જાઇ**." (કા. પ્ર. ૪)

૪. "હીંદુએ મારીથલ કીધુ, પગ **મેલ્હણુ ન જાઇ.**" (કા. પ્ર. ૨૪)

૫. "ઇસિઉં દુર્ગ કિમ **લેણુ જાઇ** ?" (કા. પ્ર. ૭૭)

મુ. નરસિંહરાવભાઇએ આ રૂપ સંબંધી વિસ્તૃત ચર્ચા ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૭૨, ૮૭–૯૩, ૧૩૯–૪૦ ઉપર કરી છે. પ્રથમ જણાવવું ઉચિત છે કે તેઓશ્રી આને આગમ કે જાનો જૂ ઊડતાં રહેલો આ માને છે, ને ય (કરાય)ને જ કર્મણિ પ્રત્યય માને છે.

નીચે પ્રમાણે ક્રમ સંસ્કૃતથી માંડી ગુજરાતી '**કરાય**' સુધીનો આપે છે. પ્રથમ આપેલા પૃ. ૮૮ ઉપરના ક્રમમાં પૃ. ૧૪૦ ઉપરની નોટમાં સૂચવ્યા પ્રમાણે ફેરફાર કરી એ ક્રમ આપું છું.

નરસિંહરાવભાઇનો ક્રમ	**મ્હારો ક્રમ**
(૧) क्रियते (સં.)	(૧) क्रियते (સં.)
(૨) करियते (પાલી)	(૨) क्रिय्यते (પા.)
(૩) किज्जइ (પ્રા.) करिज्जइ (પ્રા.)	(૩) किज्जइ (સંસ્કૃતોત્થ), (करिज्जइ–करीअइ (પ્રાકૃતોત્થ)
(૪) करियइ (અંતિમ અપ.)	(૪) (किज्जइ)–**करिज्जइ**–(करिअइ) (અપ.)
(૫) किया जाता (હિંદી)	(૫) કરી જાય, કરાયઇ (જૂ. ગુ.)
(૬) केलें जातें (મરાઠી)	(૬) કરાઇ (જૂ. ગુ.)
(૭) कर्युं जाय (ગુજ.)	(૭) કરાય (જૂ. અર્વા. ગુ.)
(૮) एमन लोक देखा जाय (याय) (બંગાલી)	
(૯) कराय (અર્વા. ગુજ.)	

બીજા રૂપને માટે પાલીમાં યનો य्य થતો હતો, તે ઉદાહરણથી 'કાળ'ના પ્રકરણમાં મ્હેં બતાવ્યું છે. વળી તેઓ પૃ. ૮૮ ઉપર જણાવે

છે કે આદિ यનો પ્રાકૃતમાં ज થાય (અનાદિનો ન થાય), માટે આ यનો ज થાય છે તેથી તે આદિ य (या–જવું) ઉપરથી હોવો જોઇયે. સંસ્કૃત य મૂળ या (જવું) ઉપરથી આવ્યો તે વાત સ્વીકારવા છતાં क्रियते રૂપની અંદર સામાન્ય બોલનારને એવું ભાન ન હોય કે य જુદો શબ્દ છે. करणीय, कार्य, વગેરેમાં य या (જવું) ઉપરનો છે, માટે करणिज्ज–कज्ज પ્રાકૃતમાં થયું, એમ માનિયે તોપણ द्वितीय–तृतीयमां य या (જવું) ઉપરનો ન મનાય, છતાં ત્હેનું बिइज्ज–तिइज्ज પ્રાકૃતમાં થાય છે. એટલે અનાદિ यનો જ ज થાય, એ વાત ગ્રાહ્ય નથી. વળી સૂત્ર ૮–૧–૨૪૫માં હેમાચાર્ય પોતે વૃત્તિમાં લખે છે કે "बहुलाधिकारात् सोपसर्गस्यानादेरपि । संजमो । संजोगो । अवजसो." એટલે અનાદિ यનો ज થવા પ્રથમ य બેવડાય તો તે ટકી રહે, નહીં તો ઊડી જવા સંભવ છે. તેથી પાલીમાં यનો य्य થવો જોઇયે.

પ્રાકૃત પછી અપભ્રંશ ક્રમ આપ્યો નથી. પ્રાકૃતના જેવાં અપભ્રંશમાં રૂપ વપરાતાં. આ સંબંધી ડૉ. ટેસીટોરીનો અભિપ્રાય જરા જુદો છે. "In Ap. इज्ज is the only occuring except (iv–366 पाविअइ provided from पावीअइ.)" (Notes § 136) અપભ્રંશમાં આ પ્રમાણે पाविअइ એકલું રૂપ ડૉ. ટેસીટોરીએ નોંધ્યું છે, પણ તેવાં રૂપ સિ. હે. માંજ ઘણાં વપરાયાં છે. उवमिअइ (સૂત્ર ૪૧૮), जाणीअइ (૩૩૦), वण्णिअइ (૩૪૫), बोल्लिअइ (૩૬૦), माणिअइ (૩૮૮), आणिअइ (૪૧૯), पट्टाविअइ (૪૨૨). બીજું સંસ્કૃતોત્થ રૂપ किज्जइ તે જૂની ગુજરાતીમાં કીજઇ-કીજે રૂપે આવ્યું. 'કીજિયે' રૂપ 'કીજઇ'માં સંગદોષથી इ ભળી 'કીજિઇ' થઇ આવ્યું છે.

જૂની ગુજરાતીનો इय કર્મણિ પ્રત્યય આ અપભ્રંશના इअ પ્રત્યય ઉપરથી આવેલો મ્હને લાગે છે. જો इज्ज ઉપરથી આવ્યો

હોય તો હેમાચાર્યનાજ સમયમાં इज्जના સંયુક્ત ज्जનો લોપ થઇ પાછો जनो य બન્યો, એમ સ્વીકારવું પડશે. આમ સંયોગલોપને આટલો વ્હેલો ધારવો ઠીક લાગતો નથી. માટે જૂની ગુજરાતીનો इय અપભ્રંશ इअ ઉપરથી આવ્યો, એમ હુ માનું છું.

(૧) સં. ૧૧૭૦માં રચાયેલી 'ખરતરપટ્ટાવલીષટ્પદાનિ' માં નીચે પ્રમાણે છે.

वक्खाणियइ परमतत्तु जिण पाउ पणासइ

आराहियइ त वीरनाह कइप (च) ल्हु पयासइ

धम्मु त दयसंजुत्तु जेण वरगइ पाविज्जइ

चाउ त अणखंडियउ जु वंदिण सलहिज्जइ ॥ १० ॥

તેમજ "तत्तवंत **सलहियइ** धर" (૯) આ પ્રમાણે સં. ૧૧૭૦ માં इय જોડે इज्ज વપરાયો છે, અને આ કૃતિમાં સંયોગલોપ જવલ્લેજ છે.

(૨) સોમપ્રભાચાર્યે 'કુમારપાલ પ્રતિબોધ' સં. ૧૨૪૧માં રચ્યો. ત્હેમાં ઉધ્ધૃત કરેલા જૂના અપ. દોહાઓમાં પણ इय પ્રત્યય છે.

(१) "वेस विसिट्ठह **वारियइ**"

(२) "सोजि वियक्खणु **अक्खियइ**"

(३) "जेण कुलक्कमु **लंघियइ**"

ઉપરનાં ત્રણ ઉદાહરણ શ્રીયુત મો દ. દેસાઇના 'જૂની ગૂજરાતીનો ઇતિહાસ' ને આધારે લીધાં છે. આ પછી પણ इय પ્રત્યય વિ. ના ચૌદમા સૈકાની શરૂઆતમાં પણ મળે છે. તેમજ इयइ ને બદલે ईइ (य ઊડતાં પૂર્વ સ્વર દીર્ઘ થઇ) સંવત ૧૨૬૬માં રચાયેલ 'જંબૂસામિચરિત્ર' માં वोलीइ (૩૫), जाणीइ (૩૨) ૩૫ સાથે हणीजइ (૨૫), पूरीजइ (૧૫), वोलीजइ ५), राषीजइ (૧૩), વગેરે

રૂપ પણ મળે છે. એટલે दीर्घः संयोगलोपे નિયમ આ इज्ज પ્રત્યય માટે જરા વ્હેલો એટલે વિક્રમના તેરમા સૈકાની અધવચ પ્રચારમાં આવ્યો હોવો જોઇયે.

પ્રસ્તુત વિષય પર આવતાં નં. ૫–૬–૮ ક્રમનાં રૂપ બીજી ભાષાઓનાં છે. તે માત્ર 'જા' ધાતુવાળાં વ્યસ્ત દશાનાં રૂપ બીજી ભાષાઓમાં પણ વપરાતાં તે જણાવવા પૂરતાં હોવાં જોઇયે. છતાં તે રૂપોમાં जा વપરાતો તે ઉપરથી આગમવાદને પડતો મૂકી પૃ. ૮૯ ઉપર जाय નો ज् ઊડતાં અવશિષ્ટ રહેલો आय 'कर' ધાતુમાં મળી कराय થયું તેમ જણાવે છે. વળી તેજ પૃષ્ઠ ઉપર નીચેના પરિચ્છેદમાં જણાવે છે કે લખ્યું, લિખા, વગેરે કર્મણિ ભૂતકૃદંતમાંથી કર્મણિ અર્થ ઘસાઇ જતાં તે અર્થ સૂચવવા जा ધાતુનાં રૂપ જોડે વપરાઇ 'लख्युं जाय, लिखा जाता', વગેરે વ્યસ્ત દશાનાં કર્મણિ રૂપ બન્યાં.

એ'ણે કામ કર્યું. એણિ કાજુ કરિઉં, વગેરે જૂના તેમજ અર્વાચીન પ્રયોગોમાં ભૂતકાળનાં ક્રિયાપદ મૂળ क्तान्त હોવા છતાં ત્હેમાં કર્મણિ અર્થ ન્હોતો, માટે તે લાવવા जा ધાતુનો પ્રયોગ થયો, એમ માનવું મ્હને યોગ્ય લાગતું નથી.

વળી મુ. નરસિંહરાવભાઈ **'લખાતો', 'લખાશે'** જે'વાં રૂપમાં य ઊડેલો માને છે.

વળી जायમાં છેવટનો य जाइ રૂપના इ (ति)નો બનેલો છે, એટલે તે કર્મણિ રૂપનું ચિહ્ન નથી. તે ति પ્રત્યયનો અવશેષ છે, માટે **'લખાશે', 'લખાતો'**માં य નથી. આ બાબત ત્હેમનો વાંધો છે, તે પૃ. ૮૯–૯૦ ઉપર બતાવ્યો છે. *

* (a) "Just as in करइ छइ the अइ of करइ exhausted its present indicative force and छइ came in as a support, even so in लख्युं जाय, लिखा जाता the क्तान्त

(a) જો कराय રૂપ कर+याति (P. 88) ઉપરથી આ આગમ રૂમાં ભળી આવ્યું હોય તો करायाति–कराज्जाइ–करायइ–कराइ–कराय આ પ્રમાણે ક્રમ બને. ત્હેમાં છેવટના ક્રમમાં જે य છે તે इ પ્રત્યયનો સંપ્રસારણના નિયમે બનેલો છે. य (या) રૂપને ટૂંકું બનાવવા ઊડી ગયો છે.

પૃ. ૧૪૦ ઉપર ત્હેમનો આપેલો ક્રમ આમ છે:

"बोलायइ [बोलाइइ] बोलाई–बोलाइ–बोलाय"

આ'માં કૌંસમાં મૂકેલો તથા તે પછીનો–એ બે ક્રમ લખાણમાં મળતા નથી. માત્ર 'બોલાયઈ–બોલાઇ–બોલાય' આ ત્રણજ રૂપ મળી આવે છે. 'બોલાયઇ' રૂપનો य ઉચ્ચારસૌકર્ય વાસ્તે ઊડી ગયો છે, મુ નરસિંહરાવભાઇ માને છે તેમ य નો इ થયો નથી. રૂપને ટૂંકું બનાવવા य ઊડે તે સ્વાભાવિક છે: જુઓ, 'अजयमेर' ઉપરથી 'અજમેર', नारायण ઉપરથી 'નારણ', माइबप्प–मायबाप ઉપરથી 'માબાપ'.

(past participal passive) formation exhausted its passiveness (or at least kept it dormant) and so जा came in as a support and supplied the passive sense analytically." (P. 89)

(b) The य in लखाय, लखाय छे &ca., is visible, while in लखाशे, लखातुं etc. the य is obviously dropped, लखायशे, लखायतुं, being phonetically preparatory to such dropping; besides, this य is the off-spring of a long chain (य, ज, ज, य, इ) of passive suffixes. (Vide Tessitori's 'Notes' § 136 ff and § 140) the य, therefore, is the real suffix and आ is the Âgama, just as इ is in क्रियते (Skr.), किज्जइ (Pr. &ca.)." (P. 90)

'કરિયઇ' ઉપરથી 'કરીઇ', શીતલ–સીયલ ઉપરથી 'શીળુ'–આમ ય ઊડી ગયો છે. એટલે 'बोलाय'માંનો અંત્ય य મૂળે या ધાતુનો નથી, પણ ति–इ–य એમ સં. ति પ્રત્યયનો અવશેષ છે. જેમ 'ખાય', 'જાય' રૂપોમાં 'ય' મૂળ સં. ति પ્રત્યયનો રહેલો છે તેમ 'ખવાય' 'જવાય' રૂપોમાં પણ य સં. ति પ્રત્યયનો અવશેષ છે. વળી

૧ હું મરા (ઉં)	અમ્હે મરા (ઇયે)
૨ તું મરા (ય)	તમ્હે મરા (ઓ)
૩ તે મરા (ય)	તેઓ મરા (ય)

ઉપરનાં કર્મણિ રૂપોમાં જેવા 'ઉં', 'ઇયે', '**ઓ**' પુરુષવાચક પ્રત્યય છે તે'વોજ 'ય' પણ પુરુષવાચક પ્રત્યય છે, તે કર્મણિ બોધક પ્રત્યય નથી.

(b) लखायशे, लखायतुं જે'વાં રૂપ મળી આવતાં નથી. य ને ઊડતાં પૂર્વનાં તે તૈયારીનાં રૂપ છે, એમ પણ પ્રયોગ સિવાય શી રીતે માની શકાય? ડૉ. ટેસીટોરીએ 'Notes' § ,140'માં 'મૂકાતા' O–W–Rનું રૂપ નોધ્યું છે, તેમ મ્હેં પણ '**પોસાતા**' રૂપનો નિર્દેશ વર્તમાનકૃદંતમાં કર્યો છે, તેમજ '**નસાશે**' જે'વાં જૂની ગુજરાતીનાં રૂપોમાં પણ य છે નહીં, એટલે કર્મણિ પ્રત્યય આ માનવો પડે છે.

(૫) હવે મૂળનો પ્રશ્ન પાછો ખડો થાય છે. કર્મણિ રૂપનો આ આવ્યો ક્યાંથી અને શી રીતે? અપભ્રંશમાં करिज्जइ રૂપ વપરાતું. તે ઉપરથી જૂની ગુજરાતીમાં करीजइ–करीयइ રૂપ આવેલાં છે. 'करीजइ' રૂપમાં करी નારીજાતિનું મનાતાં અને जइમાં जा ધાતુનો ભ્રમ થતાં નારીજાતિનું करी जाइ રૂપ થયું. તે પ્રમાણે બીજી બે જાતિનાં રૂપ આ इज्ज (પ્રા. કર્મણિ પ્રત્યય) ઉપરથીજ ઉપજ્યાં. હિન્દીમાં નાન્યતરજાતિ નહીં હોવાથી નરજાતિનું રૂપ किया जाय, लिखा जाय,

વગેરે રૂપો પાછળથી ભૂતકૃદંતનેજ जा ધાતુ લાગી પ્રચારમાં આવ્યાં. હિન્દી लिखा जाइ (लिखा जइ) ઉપરથી ज નો य બની लिखायइ રૂપ બને. એટલે આ જાતનાં ગુજરાતી રૂપોમાં હિન્દીનો સંસ્કાર માન્યા સિવાય છૂટકો નથી. આ પ્રમાણે इज्ज પ્રત્યય ઉપરથી ગુજરાતી, હિન્દી, બંગલા ભાષામાં બે પ્રયોગો આવ્યા છે: (૧) વ્યસ્ત દશાનો પ્રયોગ : ગુ. લખી જાય, બોલ્યું જાય, તેઓ જાય; હિં. लिखा जाता, किया जाता; બં. एमन लोक देखा जाय; (૨) સમસ્તદશાનો પ્રયોગ : ગુ. કરાય, લખાય; હિં. वह वाक्य कहाता है; બં. एकबचन बस्तुर संख्या एक बुझाय, सेहि एत्रा पाथे माहादानी बोलाए.

આ જાતનાં 'બોલાયઇ-કરાયઇ' રૂપ વિ. સંવતની ચૌદમી સદીના અંત ભાગથી મળી શકે છે. એટલે જે વખતે इज्ज પ્રત્યયનો સંયોગલોપ થયો ત્યહારે સામાન્ય જનતાની સમઝમાં ભ્રમ થતાં करिज्जइ જે'વા સમસ્ત રૂપ ઉપરથી વ્યસ્ત ને સમસ્ત બે રૂપ ઉપર બતાવ્યા પ્રમાણે બન્યાં છે.

આ ઉપરથી એટલું ચોક્કસ થાય છે કે જો करायइ રૂપ करिज्जइ ઉપરથી આવ્યું હોય તો ત્હેમાંનો आ માત્ર હિં. लिखा, किया રૂપમાં છેવટે નરજાતિનો आ છે તેજ आ નવીન રૂપમાં આવેલો છે. એટલે કર્મણિ પ્રત્યયનું ત્હેમાં કશુંય નથી. છતાં રૂઢિથી ત્હેને કર્મણિ પ્રત્યય માનવામાં આવ્યો છે, એટલે ત્હેને કર્મણિ પ્રત્યય તરીકે હું સ્વીકારૂં છું.

આ જાતના કર્મણિ રૂપનો પ્રયોગ વિક્રમના ચૌદમા સૈકાથી આછોપાતળો થયો છે. મુ. નરસિંહરાવભાઇ તથા ડૉ. ટેસીટોરી આ 'આય' ને અર્વાચીન ગુજરાતીનો પ્રયોગ માને છે. य કર્મણિ પ્રત્યય નથી, એમ ઉપર મ્હેં બતાવ્યું, એટલે આ કર્મણિ રૂપનું લક્ષણ-પ્રત્યય મ્હારે હિસાબે ગણાય એટલે आयइ-आइ પ્રત્યય જ્યહારથી વપરાતા થયા ત્યહારથી આ રૂપનો પ્રયોગ મનાય. જો કે આ રૂપ ઓછું વપ-

રાતું. પણ તહેનું કારણ હતું. કરિયઇ-કરીયઇ-કીજઇ જેવાં રૂપ કર્મણિ અર્થમાં વપરાતાં, એટલે આ નવીન વિકાસમાં આવેલો પ્રયોગ શરૂઆતમાં ઓછો થતો, પણ થયો તો છે જ.

ઉદા.

૪. "પ્રાવૃટ્ ઋતુ પાસિ **જણાય.**" (કાદં.).

૫. "નાના ચિત્રશાલી **લખાય,** ચઉકઇ ઊલેચ **રચાય.**" (ઉષા. કડવું ૨૯)

આ પ્રયોગો જોતાં જણાશે કે કેટલાક કર્મણિ પ્રયોગોમાં શક્યાર્થ છે, ને કેટલાકમાં નથી. 'વીકાઇ', 'જણાઇ' 'લખાય', 'રચાય', 'કરાઇ', વગેરે પ્રયોગોમાં માત્ર કર્મણિ અર્થ છે.

આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં વપરાતા **'અવરાય–જવરાય'** જેવા પ્રયોગો કર્મણિ રૂપના જૂની ગુજરાતીમાં મળી આવે છે.

(૧) "પોલિ મૂકી અનેથિ પાંણી પીવા **જવરાઇ** નહીં." (સંદર્ભ. ૯૬–૮)

(૨) પીડા કહિની કુણહિં **લેવરાઈ** છઇ ?" (,, ૯૭–૧૬)

આ'વાં રૂપોની ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૭૩ ઉપર નોંધ લેતાં સ્વ. નરસિંહરાવભાઇ ર્ ને આગમ માને છે. પાછો ફરી પૃ. ૧૪૦ ઉપર આ રૂપનો નિર્દેશ કરી વ્ ને ર્ બન્નેને આગમના માને છે. આ જાતના આગમો આવે તે વાત મ્હારાથી સ્વીકારાતી નથી. આ બાબત મ્હારી કલ્પના નીચે પ્રમાણે છે.

એકવર્ણી ધાતુમાં અત્યારે પણ કર્મણિ ને પ્રેરક રૂપોમાં વ વપરાય છે. તે વને આગમનો માનવા કરતાં સામાન્યકૃદંતનોજ વ આ ધાતુઓમાં વળગ્યો રહ્યો હોવો જોઇએ. ઉદા. ખવાય, લેવાય, ખવાડે, લેવડાવે, વગેરે રૂપોમાં વ મૂળ સા. કૃદંત ખાવું–લેવું, વગેરેનો વળગી રહ્યો છે. આ'ને વાસ્તે સમર્થન જોઇએ તે આપું તો મારવાડી लेणो–देणो મૂળ સામાન્યકૃદંત ઉપરથી ण નો र થઇ लिरिंजणो–देरिजणो, વગેરે કર્મણિ રૂપ આવ્યાં છે. વળી હિન્દીનું ઉદાહરણ આપતાં देना–खाना–पीना, વગેરે એકવર્ણી ધાતુઓનાં પ્રેરકરૂપ न નો ल બની दिलाना, खिलाना, पिलाना રૂપે આવ્યાં છે. (ડૉ. ભાણ્ડારકરનો

મત આથી ભિન્ન છે. જુઓ 'ભાપણો' પૃ. ૨૨૯) 'આવણુ–જાવણુ' ઉપરથી આવરો–જાવરો; અવર–જવર રૂપમાં ण નો र થયો છે. લેવણુ–દેવણુ ઉપરથી (૧) ण નો ड થઇ લેવડ–દેવડ (૨) ण નો र થઈ લેવરાઇ–દેવરાઇ રૂપ આવ્યાં લાગે છે.

આ પ્રયોગો ડૉ. બોપ જે'ને સંયુક્ત કર્મણિ રૂપ માને છે તે'વો અપભ્રંશના अकखणहं न जाइ તેમજ જૂની ગુજરાતીના 'કહણ ન જાઇ' જે'વા વ્યસ્તદશાના પ્રયોગ ઉપરથી आवण जाइ–आवण याइ અવરાઇ, 'જાવણુ' ઉપરથી 'જવરાઇ', 'લેવણુ' ઉપરથી 'લેવરાઇ', વગેરે પ્રયોગ આવ્યા હોવા જોઇએ.

આ પ્રયોગો મૂળ મારવાડના. ઉત્તર ગુજરાત ત્હેની નજિક હોવાથી આ'વા પ્રયોગ ત્હાં વિશેષ પ્રચલિત હોય તે સ્વાભાવિક છે.

કર્મણિ પ્રયોગ

સંસ્કૃત ભાષામાં ક્રિયાપદ કર્તરિ પ્રયોગમાંથી કર્મણિ પ્રયોગમાં આવતાં મૂળ કર્તા ત્રીજી વિભક્તિમાં ને મૂળ કર્મ પ્રથમા વિભક્તિમાં મૂકાતાં, અને ક્રિયાપદને વચન, વગેરે પ્રથમાના શબ્દ પ્રમાણે લાગતાં. 'अहं धेनुं दोह्मि'નું ક્રિયાપદ કર્મણિ પ્રયોગનું બનતાં 'मया धेनुः दुह्यते' રૂપ થતું. કર્મણિ ભૂતકૃદંત જ્હાં ક્રિયાપદને સ્થળે વપરાતું ત્હાં પણ 'मया बालो रक्षितः' એમ પ્રયોગ થતો. આનું જૂની ગુજરાતીનું રૂપ કરતાં **'મઇં બાળક રાખિઉ'** થશે, ને હાલ 'મ્હેં બાળકને રાખ્યો' થશે. જૂની ગુજરાતીની રચના સંસ્કૃત કર્મણિ રચના જે'વીજ છે. અર્વાચીન રચનામાં **'બાળક'**ને **'ને'** બીજીનો પ્રત્યય લગાડ્યો છે, ને તે હાલ **'કર્મ'** ગણાય છે. "મ્હેં ચોપડી વાંચી"માં **'ચોપડી'**ને **'ને'** પ્રત્યય લાગ્યો નથી, છતાં પણ તે **'કર્મ'** ગણાય છે. જૂની ગુજરાતીમાં જૂની સંસ્કૃતની રચના ઘણી વખત જોવામાં આવે છે. જોડે જોડે અર્વાચીન રચના પણ વપરાતી થઈ છે.

૪. "પ્રાવૃટ્ ઋતુ પાસિ જણાય." (કાદં.).

૫. "નાના ચિત્રશાલી લખાય, ચઉકઇ ઊલેચ રચાય." (ઉષા. કડવું ૨૯)

આ પ્રયોગો જોતાં જણાશે કે કેટલાક કર્મણિ પ્રયોગોમાં શક્યાર્થ છે, ને કેટલાકમાં નથી. 'વીકાઇ', 'જણાઇ' 'લખાય', 'રચાય', 'કરાઇ', વગેરે પ્રયોગોમાં માત્ર કર્મણિ અર્થ છે.

આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં વપરાતા '**અવરાય–જવરાય**' જેવા પ્રયોગો કર્મણિ રૂપના જૂની ગુજરાતીમાં મળી આવે છે.

(૧) "પોલિ મૂકી અનેથિ પાંણી પીવા **જવરાઇ** નહીં." (સંદર્ભ. ૯૬–૮)

(૨) પીડા કહિની કુણહિં **લેવરાઇં** છઇ?" (,, ૯૭–૧૬)

આ'વાં રૂપોની ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૭૩ ઉપર નોંધ લેતાં મુ. નરસિંહરાવભાઇ ર્ ને આગમ માને છે. પાછો ફરી પૃ. ૧૪૦ ઉપર આ રૂપનો નિર્દેશ કરી વ્ ને ર્ બન્નેને આગમના માને છે. આ જાતના આગમો આવે તે વાત મ્હારાથી સ્વીકારાતી નથી. આ બાબત મ્હારી કલ્પના નીચે પ્રમાણે છે.

એકવર્ણી ધાતુમાં અત્યારે પણ કર્મણિ ને પ્રેરક રૂપોમાં વ વપરાય છે. તે વને આગમનો માનવા કરતાં સામાન્યકૃદંતનોજ વ આ ધાતુઓમાં વળગ્યો રહ્યો હોવો જોઇએ. ઉદા. ખવાય, લેવાય, ખવાડે, લેવડાવે, વગેરે રૂપોમાં વ મૂળ સા. કૃદંત ખાવું–લેવું, વગેરેનો વળગી રહ્યો છે. આ'ને વાસ્તે સમર્થન જોઇયે તે આપું તો મારવાડી લેણો–દેણો મૂળ સામાન્યકૃદંત ઉપરથી ण નો र થઇ लिरिजणो–देरिजणो, વગેરે કર્મણિ રૂપ આવ્યાં છે. વળી હિન્દીનું ઉદાહરણ આપતાં देना–खाना–पीना, વગેરે એકવર્ણી ધાતુઓનાં પ્રેરકરૂપ न नो ल બની दिलाना, खिलाना, पिलाना રૂપે આવ્યાં છે. (ડૉ. ભાણ્ડારકરનો

૨. "માતાઈ સુંનિ ઉતાવલી તેડી."—માતાઇં હું ઉતાવલી તેડી.

૩. "કાદંબરી યૌવનવય પામી." — કાદંબરીઇં યોવનવય પામિઉં.

સકર્મક ક્રિયાપદનો ભૂતકાલાદિ કાળમાં પ્રયોગ કર્મણિજ હોવો જોઇએ, છતાં "ભણવું, શીખવું, પામવું, ઉચ્ચરવું, વરવું, પરણવું, બોલવું, લાવવું, પૂછવું, કમાવું," વગેરે ક્રિયાપદો સકર્મક હોવા છતાં ભૂતકાળમાં હાલ કર્તરિ પ્રયોગમાં વપરાય છે. છતાં જૂની ગુજરાતીમાં તે કર્મણિ પ્રયોગમાં પણ વપરાયેલાં જડે છે. 'પૂછવું' દ્વિકર્મક છે, એટલે પ્રધાન કર્મ વાક્ય હોય તો ક્રિયાપદ નાન્યતરજાતિમાં આવે છે, અને તે એક શબ્દ હોય તો ત્હેની જાતિ–વચન પ્રમાણે ક્રિયાપદને જાતિવચન લાગે છે. છતાં ઉપરનાં પ્રથમનાં ઉદાહરણો પૈકી નવમા ઉદાહરણમાં 'નારદ' એકવચનમાં હોવા છતાં 'પૂછિયા' માનાર્થે બહુવચનમાં છે. "ત્હેણે મ્હને વાત પૂછી." "ત્હેણે મ્હને પ્રશ્ન પૂછ્યો," પણ "ત્હેણે મ્હને પૂછ્યું, તમ્હે ક્યાં જાઓ છો."

ઉદા.

૧. "મીનકા સ્થૂલકેશ ઋષિ પરણ્યા." (કા. સં. ગુ. ગ. ક.)–કર્મણિ

૨. "તિણિ પ્રસ્તાવિ પાપશ્રુત ભટ્ટિ મદન કુમર તણા છંદ બોલ્યા." (પ્ર. ચિ. ૧૨૫)–કર્મણિ

૩. "ઇહ સાતઇ ક્ષેત્ર ઇમ બોલિયા આગમ અણુસારે." (સપ્તક્ષેત્રિરાસુ. ૧૧૩)–કર્મણિ

૪. "પામિઉ જવિ જિનભણિઉ નવતત્તુ." (,, , ૧૦)–કર્મણિ

૫. "કલાગ્રૂં છિ પિતાઈ, જે વિદ્યા ભણિયા ધન્ય—કર્તરિ કલા સઘલી તહ્નો શીખી, શાસ્ત્ર પિરિ પિરિ." (કાદં. ૫૫)–કર્મણિ

ઉદા.

૧. "અપર માએ વચન બોલ્યાં." (હાલ) અપર મા વચન બોલી.

૨. "હિરણ્યકશ્યપ હરે મારિઉં." — હિરણ્યકશ્યપુને હરિએ માર્યો.

૩. "મેં મનવચનકર્મ વર્યા શ્રીનાથ."—હું મનવચનકર્મથી શ્રીનાથને વરી.

૪. "વહુ સાસુએ ગલે વલગાડી." — વહુને સાસુએ ગળે વળગાડી.

૫. "એટલિં કપિંજલ મિં દીઠો." — એટલે કપિંજલને મ્હેં દીઠો.

૬. "મારો પુત્ર તિં રાખ્યો છિ."— મ્હારા પુત્રને ત્હેં રાખ્યો છે.

૭. "હું અતિ દુખી પડ્યો દીઠો." — મ્હને અતિ દુઃખી પડેલો દીઠો.

૮. "રાજાંઈ રાણી રોદન કરતી દીઠી." — રાજાએ રાણીને રુદન કરતી દીઠી.

૯. "નારાયણિ નારદ પૂછિયા." — નારાયણે નારદને પૂછ્યું.

૧૦. "હૂં તિં જીવાડ્યો છૂં." — ત્હેં મ્હને જીવાડ્યો છે.

ઉપરના પ્રયોગ ઉપરથી જણાશે કે જ્યહાં પ્રાણીવાચક પ્રથમાનો શબ્દ હતો ત્યહાં અર્વાચીન ગુજરાતીમાં કર્મવાચક 'ને' લગાડિયે છિયે. જૂની ગુજરાતીમાં પણ હાલના જે'વો પ્રયોગ કોઇ કોઇ વખત થયેલો છે.

ઉદા.

૧. "પછિં હૂં ક્રોધ પામ્યો." (જૂનુ ૩૫)પછિં મિં ક્રોધ પામિઉં.

૬. "તેણઇં રાજપુત્રે તે **રાજકન્યા પરણી.**" (વૈ. પં. ૧૨૪)–કર્મણિ.

૭. "તેં સી **વિદ્યા પાંમી.**" (,, ,, ૧૭૫)-કર્મણિ

૮. "**વિદ્યા** એક **શીખી** છેં અમેં." (,, ,, ૧૯)–કર્મણિ

૯. "નળે ખોઇ **નારી** મેં **પામી.**" (નળાખ્યાન)–કર્મણિ

આ ક્રિયાપદોમાં આ'વી જાતનો પ્રયોગફેર કેમ થયો? સંસ્કૃતમાં प्राप् ધાતુ સકર્મક હોવા છતાં प्राप्त કર્તરિ અર્થમાં વપરાતું એ ખરૂં. પણ ત્યહાં તે અકર્મક ક્રિયાપદ બને છે. स ग्रामं प्राप्तः=स ग्रामं गतः। પણ જ્યહાં સકર્મક ક્રિયાપદની જરૂર હતી ત્યહાં प्राप्नोति–प्राप्नोत् વપરાતાં. એટલે સંસ્કૃત રચનાને આ ફેર આભારી નથી, તેમજ ક્રિયાપદના સ્વરૂપમાં કાંઇ વિલક્ષણતા નથી. જો તેમ હોત તો એકધારો પ્રયોગ શરૂઆતથી થવો જોઇતો હતો. પણ એક નુ એક ક્રિયાપદ બન્ને પ્રયોગોમાં વપરાયેલું જડે છે. વળી વિધ્યર્થ-કૃદંતને યોગે કર્તરિ પ્રયોગમાં આ ક્રિયાપદ વપરાતાં નથી.

ઉદા.

૧. મેનકાએ સ્થૂલકેશ **ઋષિને પરણવા.** (કર્મણિ)

૨. સુશ્રુત ભટ્ટે રાય વિવેક તણા છંદ **ભણવા.** (કર્મણિ)

૩. ત્હેણે મ્હને **પૂછવું.** (કર્મણિ પૂછવાની વાત), વગેરે

તો આ ચૂક ભાષા બોલનારની લાગે છે. ત્હેનાં અનેક કારણ પૈકી મુખ્ય કારણ તરીકે તૃતીયાના પ્રત્યયનો લોપ મ્હને જણાય છે. નીચેનાં ઉદાહરણમાં તે છે.

ઉદા.

૧. "નૃપતિ દીઠી નારિ." (કાદં. ૪૦) (નૃપતિએ)

૨. "**રાજા** દૂતરહઇ બહુ માન દીધઉં." (પૃથ્વીચંદ્ર) (રાજાએ)

૩. "જિમ **વિલંબ** વિણસઈ કાજ." („ „) (વિલંબથી)

૪. "**મિનકા** સ્થૂલકેશ ઋષિ પરણ્યા." (મેનકાએ)

૫. "રાણી રુક્મિણિ યથાવિધિ પરણિયાં **દેવસુરારિ**." (હરિષો. ૧૮૦) (દેવસુરારિએ)

૬. "પછઇ **રાજા** ગણધર પૂછયા પૂરવ ભવહ નિવેસ." (વિદ્યાવિલાસ. ૧૬૩) (રાજાએ)

ઉપરના ૪થા વાક્યમાં '**મિનકા**'ને બીજીનો '**ને**' પ્રત્યય લગાડિયે તો વાક્ય "મિનકાને સ્થૂલકેશ ઋષિ પરણ્યા" કર્તરિ પ્રયોગનું બને. જો '**મિનકા**'ને ત્રીજીનો '**એ**' પ્રત્યય લગાડિયે તો વાક્ય "મિનકાએ સ્થૂલકેશ ઋષિ પરણ્યા," કર્મણિ પ્રયોગનું બને. બીજું કારણ ઇઉ (નરજાતિ) ને ઇઉં (નાન્યતરજાતિ)નો વિવેકનાશ.

ઉદા.

૧. "તઉ મઇં ગુરુ પૂછિઉં, ભગવન્! એઉ હારઉ કિસઉ ?" (સંદર્ભ. ૩–૯)

(ख પ્રતમાં 'પુછિઉ' છે, અને આજ રૂપ વ્યાજબી છે. છતાં 'પૂછિઉં' છાપેલું છે. એટલે '**મ્હેં** ગુરુ પૂછયો' અર્થ થવાને બદલે '**મ્હેં ગુરુને પૂછ્યું**'. એમ આ'નો અર્થ થાય.)

૨. "મંહસહત્તિ ભણિઉ મિત્ર! તાહરઇ દેહિ અપૂર્વું સુગંધુ ગંધાઇ." (સંદર્ભ. ૫–૨૩) (**ભણિઉં** જોઇયે)

આ ઉપરાંત પ્રથમાના નામને '**ને**' પ્રત્યય લગાડવાની પ્રથા તથા એકંદરે બોલનારની નિષ્કાળજીને પરિણામે આ'વાં સકર્મક ક્રિયાપદ ભૂતકાળમાં કર્તરિ પ્રયોગનાં બન્યાં છે.

"ત્હેણે જગત જીત્યું" (કર્મણિ) ને "હું ત્હને જીત્યો" (કર્તરિ) આ નિષ્કાળજીનું પરિણામ છે. છતાં જ્યહાં આ પ્રત્યયવાળાં કર્મણિ રૂપ વપરાય છે ત્યહાં શુદ્ધ કર્મણિ રચના બને છે.

૧. હું પૈસો લાવ્યો (કર્તરિ) મ્હારાથી પૈસો લવાયો. મ્હેં પૈસો લવાયો. } (કર્મણિ)

૨. અમ્હે વિદ્યા શીખ્યા. (કર્તરિ) અમ્હારાથી વિદ્યા શિખાઇ. અમ્હેં વિદ્યા શિખાઇ. } (કર્મણિ)

'રહ્યું–સહ્યું–જાઇ' જેવું કર્મણિ રૂપ પણ જૂની ગુજરાતીમાં વપરાયું છે.

ઉદા.

૧. ' એ નર નવિ જીપિઉ જે ન જાઇ." (પ્ર. ચિ. ૧૧૯)

૨. "વિશ્વરૂપ બાંધ્યું નવિ જાઇ." (હરિપો. ૧૪૯)

૩. "મુગ્ધરસિક સાંભળવા ઇછિ, પણિ પ્રીછિ નવિ જાય." (કાદં. ૧–૧૨)

૪. "સકલ ઉપમા કહી ન જાઇ, કિંચિત કથા સંબંધ." („ ૧–૧૪)

૫. "તનુ શોભા કાંઇ કહી ન જાય." („ ૮૪–૨)

૬. "વૈરોચન તે તેડ્યો જાય" (ગુ. પ્ર. પુ. ७૯–૧૯૪)

આય રૂપની જોડે કર્તાને 'થી' પ્રત્યય ક્યારથી લાગવા શરૂ થયો હશે. એ પ્રશ્ન ઊભો રહે છે. માધવદાસકૃત ગોપાલહરણ વિ. ૧૭૦૫ માં એ પ્રયોગ જડે છે. "કેદાર શિર શતામ પાગે, મજથી નગર નવ પેસાય." ૧૭૦૫ નો રચ્યા સાલ છે. હાલમતના કાળ સંબંધી ચોક્કસ નથી.

પ્રકરણ ૧૮ મું

કાળ

(વર્તમાન કાળ)

ગુજરાતીમાં વર્તમાન કાળના ઘણા પ્રત્યયો અપભ્રંશના તે કાળના પ્રત્યય ઉપરથી આવ્યા છે. અપભ્રંશમાં પ્રાકૃતના ચાલુ વપરાતા પ્રત્યયો ઉપરાંત ખાસ પ્રત્યય નીચે પ્રમાણે હતા.

એકવચન	બહુવચન
૧. उं (करउं)	हुं–हं (करहुं–करहं)
२. हि (करहि)	हु (करहु)
३. इ (करइ)	हिं (करहिं)

હેમાચાર્યે हं પ્રત્યયની નોંધ કરી જણાતી નથી, પણ "ભવિસયત્તકહા"માં તે વપરાયો છે.

૧. "भणु तुम्हहं अम्हहं कवणु रोसु नउ देहं न मग्गहं कप्पु कोसु." (१३–११–१२)

२. "अम्हइं वणिवरवरमाहप्पहो जीवहं करिवि सेव तइ वप्पहो." (३–१४–५)

३. "तुहुं अम्हहं सइं पच्चक्खु ताउ इच्छहं परमत्थें तउ पसाउ." (२१–८–१२)

ઉપરના અપભ્રંશ પ્રત્યયોમાંથી ह્ નો લોપ થતાં જૂની ગુજરાતીમાં નીચે પ્રમાણે પ્રત્યયો આવ્યા છે. પછી इ–उ નો ए–ओ થઈ અર્વાચીન ગુજરાતીના પ્રત્યયો આવ્યા છે. માત્ર હાલનો પ્હેલા પુરુષ બ. વ. નો ईये અપભ્રંશ પ્રત્યય ઉપરથી આવી શકે તેમ નથી.

તે પ્રત્યય સંસ્કૃતના કર્મણિ રૂપના ત્રીજા પુરુષ એકવચનના વર્તમાન કાળના રૂપ ઉપરથી પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી દ્વારા આવ્યો છે.

એકવચન	બહુવચન
૧. ઉં (કરઉં), ં (કરં)	ઉં–આં (કરઉં–કરાં)
૨. ઈ (કરઇ), ં (કરં)	ઉ (કરઉ)
૩. ઈ (કરઇ)	ઈં (કરઈં)

हं પ્રત્યય ઉપરથી ह् ઊડતાં अं રહી ધાતુના અંત્ય अમાં મળતાં આં પ્રત્યય બન્યો છે. પ્હેલા ને બીજા પુરુષ એકવચનમાં જૂની ગુજરાતીમાં એક વધારાનો પ્રત્યય અનુસ્વાર ઉમેર્યો છે. તે સંબંધી મતભેદ છે, માત્ર ઉત્પત્તિ પૂરતો. હેમાચાર્ય સૂત્ર (૮–૩–૧૪૧)ના વાર્તિકમાં "मेरिकारलोपश्च" પ્હેલા પુરુષ એકવચનના વર્તમાન કાળના मि પ્રત્યયના इનો લોપ થઇ અનુસ્વાર વપરાતો જણાવે છે. न मरं (न म्रिये), सक्कं (शक्नोमि), વગેરે. પ્રાકૃતકાળમાં અંત્ય સ્વરનો આમ લોપ થાય કે કેમ તે શંકા છે. વળી ભવિષ્યકાળમાં સૂત્ર (૮–૩–૧૬૯) પ્રમાણે પ્હેલા પુરુષ એકવચનમાં પણ આવું રૂપ થતું. होस्सं, हसिस्सं (हसिष्यामि). આ ઉપરાંત વિધ્યર્થ एज्ज પ્રત્યય સાથે પણ અનુસ્વાર વપરાતોઃ हसेज्जं, करेज्जं, વગેરે. આ પ્રયોગ પાલી ભાષા જેટલા જૂના છે. પાલીમાં अक्खिस्सं (सुत्त. પૃ. ૧૪૫), असिस्सं (सुत्त. પૃ. ૧૪૨), लभेय्यं (सुत्त. પૃ. ૬૮–૮૧), पुच्छेय्यं (सुत्त. પૃ. ૬૫) તેમ पव्वजं (પૃ. ૬૮), વગેરે વિધ્યર્થ રૂપ વપરાયાં છે. વર્તમાન કાળમાં અનુસ્વાર ભવિષ્ય કે વિધ્યર્થ રૂપના સામ્યને લીધે આવ્યો હોવો જોઇયે. વિધ્યર્થમાં તે અંગભૂત છે, કારણ गच्छेयं, दहेयं, જેવાં વિધ્યર્થનાં રૂપનો જ તે વિકાસ છે. ભવિષ્ય કાળમાં ગમે તો ક્રિયાતિપત્ત્યર્થના રૂપ (अकरिष्यं)ના સામ્યને લીધે આવ્યો કે આ

વિધ્યર્થ રૂપને લીધે આવ્યો. કદાચ બન્નેમાં–વર્તમાન ને ભવિષ્યમાં વિધ્યર્થ રૂપને લીધે આવ્યો હોય, એ વિશેષ સંભવિત છે. આ પ્રમાણે વિધ્યર્થના રૂપના સામ્યને લીધે વર્તમાનમાં મિને બદલે અનુસ્વાર પ્રત્યય તરીકે વપરાવા લાગ્યો. તે ઉપરથી જૂની ગુજરાતીમાં અનુસ્વાર પ્રત્યય તરીકે આવ્યો. પ્હેલા પુરુષના સામ્ય ઉપરથી બીજા પુરુષ એકવચનમાં પણ તે વપરાવા લાગ્યો. 'હુઉં' ને 'તઉં' બે સર્વનામનાં રૂપમાં જેવું સામ્ય છે, તેવું સામ્ય ત્હેમના વર્તમાન કાળના પ્રત્યયોમાં પણ આવ્યું, અને પાછળથી અનુસ્વાર મોળો પડી આં પણ થયો છે. બ. વ. નો આં હં ઉપરથી જો ન આવ્યો હોય તો એકવચનના સામ્યને લીધે આવ્યો, પણ અનુસ્વારની પૂર્વે આને લીધે તે હં ઉપરથી આવ્યો, એમ વિશેષ સંભવિત લાગે છે.

ઉદા.

૧. "તે બ્રાહ્મણ કહઇ, તઉં કિસિઉ કૃપણ છં, જિમણ દેઇ ન **સકં**." (સંદર્ભ. ૧૦૨–૧૩)

૨. "હૂં ચૂકું તુ સાયર ચૂકઇ." (સીતાહરણ ૬૬)

૩. "સકલ કલા તૂં નિશાકર ! શા **કરં** સઇરિ સંતાપ ?" (વ. વિ. ૧૯)

૪. "તૂં **કરં**, **લિઅં**, **દિઅં**." (ક્રિયારત્ન સમુચ્ચય)

૫. "જાઈ મઝરઇ **પરિણં** તુ એક વાત કહઉં." (સંદર્ભ. ૧૦૭–૨)

૬. "મંત્રી ભણઇ **જાણઉં છઉં** અમ્હે." (વિ. પ્ર. ૨૦૨)

૭. "કવણ **છાં** તું નાર ?" "ભૂંડા એમ શું **નિભ્રંછાં** ?" (નળાખ્યાન)

ઉદા. ૩માં શા કરં નો અર્થ સુ. નરસિંહરાવભાઇ (ગુ. ભા. સા. પુ. ૧ પૃ. ૩૭૬) "**શા માટે**" એમ લે છે. પરંતુ '**શા**' 'સંતાપ'નું વિશેષણ છે. સઇરિ=શરીરે.

૮. "હું પારધિ રમવા નિકલિઉં છૌં." (વૈ. પં. ૧૬૯)

૯. "લેઇ ભેટ આપું છું અમે." (વૈ. પં. ૩૬)

૧૦. "તે શૂં, જે નવિ જાણુ તહ્મો? તે માટિ પૂછૂં છૂં અહ્મો." (કાદં. ૩૦–૧૬)

૧૧. "તીહં ચોરહં મારિવા નિમિત્તુ અમ્હે મોકલિયા છાં." (સંદર્ભ. ૧૧–૧૯)

૧૨. "સંઘરક્ષા કરી યશુ અનઇ પુણ્યુ બિ વસ્તુ ઉપાર્જ્યાં." (સંદર્ભ. ૧૧–૧૮)

૧૩. "તિણિ કારણિ આવિ, જિમ સર્વજ્ઞ દેસિ તિ (મ) ધર્મિં વેચ્યાં, લક્ષ્મી કૃતાર્થ નીપજાવ્યાં." સંદર્ભ. ૧૬–૧૬)

અર્વાચીન ગુજરાતીનો इये પ્રત્યય જૂની ગુજરાતીમાં 'અમ્હે' સાથે બહુ વપરાયો નથી. ક્વચિત્ ત્હેનો ઉપયોગ થયેલો છે. આ इये પ્રત્યય કર્મણિ રૂપ ઉપરથી આવ્યો છે, તે પૂર્વે જણાવ્યું છે. મૂળ કર્મણિ અર્થમાંથી કર્તરિ અર્થમાં ધીમે ધીમે કર્મણિ અર્થનું ભાન ભુલાતાં આવ્યો છે.

પ્રાકૃતમાં કર્મણિ રૂપ માટે બે પ્રત્યયો હતાઃ इज्ज કે ईअ તે સં. य ઉપરથી આવ્યા છે. આમાં ई પ્રક્ષેપની નથી, તેમજ સેટ્ ધાતુને લાગતી इ પણ નથી. (૧) जि, चि, नी, (૨) दा, धा, मा, स्था, (૩) गै, सो, (૪) कृ, धृ, मृ, વગેરે ધાતુનાં કર્મણિ રૂપ કરતાં जीयते, चीयते नीयते, (૨) दीयते, धीयते, मीयते, स्थीयते, (૩) गीयते, सीयते, (૪) क्रियते, ध्रियते, म्रियते રૂપ થાય આમાં य પૂર્વનો इ–ई મૂળ સંસ્કૃત રૂપનો જ છે. (આગમ નથી, પણ આદેશ છે.) આ રૂપ ઉપરથી પ્રત્યય જાણે ईय હોય તેમ સમજાતાં ત્હેનો વ્યાપ્તિપ્રદેશ વધી ગયો તે ધાતુને પ્રાકૃતમાં ईय ઉપરથી થતો इज्ज લગાડવામાં

આવ્યો. ईयनुं પાલીમાં इय्य (य ઉમેરાયો) થયું છે, તે નીચેનાં "સુત્તનિપાત"નાં ઉદાહરણ પરથી જણાશે.

१. "असता च न सोचति स चे लोके न जिय्यति." (९५०)

२. "एकमेको च मच्चानं गो वज्झो विय निय्यति." (५८०)

३. "न हि सो उपक्कमो अत्थि येन जाता न मिय्यरे." (५७५)

४. "मरणेनऽपि नं पहीयति । यं पुरिसो मम यिदंऽति मञ्ञति." (८०६)

'पहीयति' ને બદલે બીજો પાઠ 'पहिय्यति' છે. તે બતાવે છે કે इय्य હજુ પાલીમાં સ્થિર થયો નથી. આ इय्यના यनो પ્રાકૃત નિયમે ज થઇ इज्ज બન્યો, અને પાલીમાં ચાલૂ રહેલા ईय ઉપરથી પ્રાકૃતમાં य्નો લોપ થતાં ईअ પ્રત્યય પ્રાકૃતમાં આવ્યો. આ પ્રમાણે ईअ ને इज्ज એ પ્રાકૃતમાં વપરાવા લાગ્યા.

સંસ્કૃત—अस्माभिः कर्म क्रियते ।

પ્રાકૃત—अम्हेहिँ कम्म (किज्जइ—कीरइ) करिज्जइ करीअइ

અપભ્રંશ—अम्हइं कम्मु (किज्जइ) करिजइ—करीअइ—करिअइ

જૂની ગુજ.—અમ્હે કામ કરિયઇ—કરીયઇ—કરીઇ (કર્મણિ અર્થ)

અર્વા. ગુજ.—અમ્હે કામ કરિયે (કરીએ) (કર્તરિ અર્થ)

ઉપર પ્રમાણે ત્રીજા પુરુષ એકવચનના અપભ્રંશ કર્મણિ પ્રત્યય ई—इअइ જૂની ગુજરાતીમાં ईयइ—इयइ પછી ईइ—इइ થઇ અર્વાચીન ગુજરાતીમાં છેલ્લા इ (સં. ति)નો ए થઇ इये કે इए પ્રત્યય આવ્યો. બીજું સંસ્કૃતથી માંડી જૂની ગુજરાતીના કાળ સુધી મૂળનો (કર્તરિ પ્રયોગનો) કર્તા તૃતીયામાં વપરાયો છે. હાલ આપણે 'અમ્હે' કર્તાને પ્હેલી વિભક્તિનો આ'વા પ્રયોગમાં માનિયે છિયે. ત્રીજું આ પ્રત્યય

કર્મણિ રૂપનો હોવાથી તે કર્મવાચ્ય છે, એટલે ગમે તે પુરુષ કે વચનના તૃતીયાના કર્તા સાથે તે વાપરી શકાય છે. અપભ્રંશમાં—

मइं कम्मु करिज्जइ–करिअइ। अम्हइं कम्मु करिज्जइ–करिअइ

तइं–पइं कम्मु करिज्जइ–करिअइ। तुम्हइं कम्मु करिज्जइ–करिअइ

तेण कम्मु करिज्जइ–करिअइ। तेहिं कम्मु करिज्जइ–करिअइ

આ પ્રમાણે જ્યહાં સુધી મૂળ કર્મ (कम्मु) એકવચનમાં હોય છે ત્યહાં સુધી करिज्जइ રૂપ અવિકૃત રહે છે. કર્મ બહુવચનમાં વપરાતાં करिज्जइ ને બદલે करिज्जहिं ઉપરથી જૂની ગુજરાતીમાં करिज्जइं થાય. આ પ્રમાણે અનુસ્વાર પૂરતો ભેદ રહે. તે પણ અનુસ્વારનો લોપ થતાં જતો રહે. એટલે इअइ ઉપરથી બનતો इयइ પ્રત્યય ગમે તે પુરુષ કે વચનના મૂળ કર્તા સાથે વાપરી શકાય. તો પછી 'અમ્હે' જોડે કેમ વપરાયો, તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

આ સંબંધી ડૉ. ટેસીટોરીનું એમ માનવું છે કે પ્હેલા ને બીજા પુરુષ બહુવચનના પ્રત્યયોનો વિવેક કરવા આ નવીન પ્રત્યય इये પ્હેલા પુરુષમાં વપરાયો હોવો જોઇયે. "Probably, the chief reason that led to the substitution is the necessity of establishing a visible distinction between the terminations of the 1st & 2nd persons plural, which in O. W. R. differ only in that the former is nasalized and the other not." (Notes. § 137) આ પ્રમાણે જો हुं ने हु ઉપરથી નીપજતા उं ने उ નો વિવેક કરવાનો હેતુ હોય તો બીજા પુ. એ. વ. નો इ, ત્રીજા પુરુષ એ. વ. નો इ ને બહુવચનનો અનુસ્વાર ઊડ્યા પછી ર્‌હેતો इ—આ ત્રણેનો વિવેક કરવાની તેટલીજ જરૂર હતી. વળી પ્હેલા પુરુષ એકવચનના ને બહુવચનના જૂની ગુજરાતીના उं ने उं (हुं માંનો ह् ઊડતાં)નો વિવેક

કરવાની તેથી વધારે જરૂર છે, કારણ ડૉ. ટેસીટોરીએ જણાવેલા બે પ્રત્યયોમાં તો અનુસ્વાર પૂરતો પણ ભેદ છે, અહીં તે નથી. વળી વિવેકનું ધોરણ ખાસ બુદ્ધિપૂર્વક પ્રયાસની અપેક્ષા રાખે છે. ભાષામાં ફેરફાર સ્વાભાવિક રીતેજ બને.

આ નવીન પ્રત્યય લેવા કયાં સર્વનામનાં રૂપ લાયક છે, તે પ્રથમ જાણવું જોઇયે. આ પ્રત્યય કર્મણિ રૂપનો હોવાથી ત્હેની સાથે મૂળનો કર્તા ત્રીજીમાં વપરાતો, એટલે જે સર્વનામનાં રૂપ પ્હેલી ને ત્રીજીમાં હાલ એકજ રૂપે ર્‌હેતાં હોય તે સર્વનામનાં રૂપ સાથે આ પ્રત્યય વપરાય. આ'વાં સર્વનામનાં રૂપ માત્ર બેજ છેઃ '**અમ્હે**' ને '**તમ્હે**'. **અમ્હે** ગયા. (પ્રથમા) **અમ્હે** કેરી ખાધી. (ત્રીજી). **તમ્હે** ગયા. (પ્રથમા) **તમ્હે** કેરી ખાધી. (ત્રીજી). આ પ્રમાણે પ્હેલી ને ત્રીજી વિભક્તિમાં એક રૂપે ર્‌હેતાં સર્વનામ આ પ્રત્યય લેઇ શકે. જો વિવેકની ખાતરજ આમ થયું હોય તો અપભ્રંશ પ્રત્યયમાંનો હ્ ઊડ્યો કે પછી થોડાજ વખતમાં જૂની ગુજરાતીની શરૂઆતમાંજ આ વિવેક થવો જોઇતો હતો. પણ 'ઇયે' પ્રત્યય '**અમ્હે**' જોડે ધીમે ધીમે કર્મણિ રચનાનું ભાન ભુલાતાં વપરાવા લાગ્યો છે, તે ઉદાહરણ ઉપરથી જણાશે.

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જો '**અમ્હે**' '**તમ્હે**' આ નવીન પ્રત્યય લેવા સરખા લાયક હોય તો '**તમ્હે**' સર્વનામ સાથે તે પ્રત્યય કેમ ન વપરાયો ? આનો જવાબ મ્હારી સમજ પ્રમાણે એમ હોય કે (૧) ભાષા બોલનારની રુચિ, (૨) બોલનાર પોતાને માટે '**અમ્હે**' સર્વ-નામ વાપરે માટે નવીન પ્રત્યય તે સાથે જાય એ વિશેષ સંભવિત.

આ પ્રત્યયનો વિકાસક્રમ અર્થભેદ સહિત નીચેનાં વાક્યોમાં પ્રતીતિગોચર થશે.

ઉદા.

(૧) **કર્મણિ અર્થ**—(इ–ईयइ)

૧. "મહારાજ! હવડાં પાછાં **વલિયઇ**." (સંદર્ભ. (૧૦–૧)

૨. "તિહાંઇ યુદ્ધ કરતા હૂંતા પણિતારે મહાકષ્ટિ **રાખિયઈ**." (સંદર્ભ. ૮–૨૩)

૩. "કિણિહિ દેશાંતરિ **જાઇયઇ** તઉ શ્રીગ્રહતઇ છૂટિયઇ." (સંદર્ભ. ૨૨–૮)

૪. "ઊભા થાઉ, જિમ નાગપુરિ **જાઇયઇ**." (,, ૨૫–૨૩)

૫. "મઇં એ પરાભવી નહીં **સકિયઇં**." (,, ૨૬–૫)

(૨) **કર્મણિ અર્થ**—(ईइ)

૧. "**જાણીઇ** છિ વનિ આવિઉ કરવા નિ સંહાર." (કાદં. ૨૦–૧૬)

૨. "સ્ત્રી **કહીઇ** દોરી વિણુ પાસુ." (પ્ર. ચિ. ૯૮)

૩. "નાદ અતિ નીસાણના **જાણીઇ** ગાજિ ધંન." (કાદં. ૭૬–૧)

૪. "હેમકુટ પર્વત તે **ભણીઇ** તીહાં ગંધર્વનુ વાસ." (કાદં. ૯૧–૧૧)

(૩) **વિજ્ઞપ્તિરૂપે આજ્ઞાર્થ**—(इ–ईइ કે इये)

૧. "મિત્ર! મૂહિન તાં **પડખિઇ**, આવૂં તાં તુઝ સાથિ." (કાદં. ૧૧૪–૬)

૨. "બ્રાહ્મણ બોલિઉ યોગીનું અંન ન **ખાઇયે**." (વૈ. પં. પૃ. ૧૬૩)

૩. "મહંત અપરાધ હુયે તુહિ તે સ્ત્રીને **મારિયે** નહી, કાઢી **મુકીયે**." (,, ૧૦૨)

૪. "છપ્પન કોડિ ટંકા માગીઇ." (વિ. પ્ર. ૨૦૮)

(૪) 'આપણ' જોડે કર્તરિ અર્થમાં—(ઇ–ઈઇ કે ઇયે)

૧. "અથવા આપણ તિહાં જઇઇ જિમ થાઇ અરથ." (કાદં. ૧૧૧–૧૩)

૨. "આપણ જઇઇં ટાણિ તિસિં." (વૈ. પં. ૫૪)

૩. "તુ રાજા! આપણ માર્ગિ કાંઇ વિનોદ કરતા જઇયે." (વૈ. પં. ૯૨)

૪. "આવુ આપણ બેહૂ જઈ નિ પૂછીઇ નિર્ધાર." (કાદં. ૪૭–૧૫)

૫. "આપણ આપણઇ નગરિ જૈયે (જઇયે) વૈ. પં. ૧૪૦)

(૫) અહ્મો સાથે કર્તરિ અર્થમાં—(ઈઇ)

૧. "રાત્રિ દિવસ અહ્મો પ્રીતિ બાંધ્યાં એકિ સ્થાનકિ રહીઈ." (કાદં. ૧૨૩–૭)

છેલ્લા પ્રકારનો પ્રયોગ બહુ જણાતો નથી. કાદંબરીની હજુ એક ની એક પ્રત સં. ૧૬૭૨માં ઉતારેલી મળી છે એટલે સંવતના ૧૭મા સૈકાના અંતમાં આ પ્રત્યય પ્હેલા પુરુષમાં કર્તરિ અર્થમાં વપરાવા લાગ્યો હશે, એમ કલ્પના કરવી પડે છે.

ઠેઠ શામળના સમય સૂધી અમ્હે–અહ્મો સર્વનામ સાથે જૂનો પ્રત્યય વપરાયો છે.

ઉદા

"અમો સેવક છૂં તમ તણા, કરવા આવા છૂં સેવ." (સિંહાસનબત્રીશી પૃ. ૫૦૪)

વિક્રમ કહે રાજા છૂં અમો, જે કહૂં તે કરજો તમો." (,, ,, ૫૨૭)

હાલ આપણે '**કરિયે છિયે**', '**રમિયે છિયે**' વાપરિયે છિયે ત્હારે કોઇ વખત શામળ '**કરિઇં છે**' વાપરે છે.

ઉદા.

"**વસીઇ** છે તો એકજ દેશ, હવડાં **છઇઈં** કુયારે વેશ."
(,, પૃ. ૫૭૩)

"અમો મનસ્યૂં **ઘડીઇં છે** ઘાટ, બે વાનાં **ખોઇઇં** સ્યા માટ ?"
(,, ૫૮૦)

'કરિયે' રૂપ મૂળ ત્રી. પુ. એ. વ. નું હોવાથી '**છે**' રૂપ વ્યાજબી છે. '**છિયે**' પછી સામ્યથી આવ્યું છે.

(ભૂતકાળ)

સિદ્ધહેમ સૂત્ર ૮–૩–૧૫૬ પ્રમાણે સઘળા **સાધ્યાવસ્થ** અકારાંત ધાતુના ભૂતકાળ માટે પ્રાકૃતમાં इअ પ્રત્યય હતો. સંસ્કૃતમાં સેટ્ ને અનિટ્ એ'વા ધાતુના જુદા વર્ગ હતા. કર્મણિ ભૂતકૃદંત બનાવવા સેટ્ ધાતુને इत પ્રત્યય લાગતો, અને અનિટ્ ધાતુને સામાન્ય રીતે त પ્રત્યય લાગતો. આ સંસ્કૃતનાં કર્મણિ ભૂતકૃદંત પ્રાકૃતમાં ભૂતકાળના અર્થમાં બહુધા વપરાવા લાગ્યાં. સંસ્કૃતમાં પાછળથી ક્રિયાપદને બદલે કર્મણિ ભૂતકૃદંત વાપરવાનો પ્રચાર વિશેષ થતાં પ્રાકૃતમાં તે પ્રથા ચાલૂ રહી. સં. स कार्यं अकरोत् ने બદલે तेन कार्यं कृतं । सोऽगच्छत् ने બદલે स गतः જે'વા પ્રયોગ ઉપરથી પ્રાકૃતમાં કર્મણિ ભૂતકૃદંતે ભૂતકાળના ક્રિયાપદનું કામ કરવા માંડ્યું. આ'ને લીધેજ, સંસ્કૃતમાં ક્રિયાપદને જાતિ ન હોવા છતાં, ગુજરાતીમાં ભૂતકાલાદિ કાળમાં ક્રિયાપદને જાતિના પ્રત્યય લાગે છે, કારણ કર્મણિ ભૂતકૃદંત જાતે વિશેષણ છે, એટલે ત્હેને જાતિના પ્રત્યય લગાડવા જોઇયે.

સેટ્ અનિટ્નો વિવેક પ્રાકૃતમાં બહુધા નાશ પામ્યો હોવા છતાં જે રૂપો **સિદ્ધાવસ્થ** છે ત્હેમાં इअ ન્હોતો લાગતો. આ इअ પ્રત્યય

સંસ્કૃતના क्त પ્રત્યયનો વંશજ છે. નીચેનાં રૂપ **સિદ્ધાવસ્થ** છે. આ રૂપ સામાન્ય રીતે अनिट् ધાતુનાંજ છે.

સં.	પ્રા.	સં.	પ્રા.
कृत	कअ–किअ	भूत	हूअ–हुत्त
दृष्ट	दिट्ठ	गत	गअ
नष्ट	नट्ठ	लब्ध	लद्ध
भग्न	भग्ग	प्रविष्ट	पइट्ठ
लग्न	लग्ग	प्राप्त	पत्त
बद्ध	बद्ध	तुष्ट	तुट्ठ

આ રૂપો अनिट् ધાતુઓનાં છે, એટલે સંસ્કૃતમાંજ इ લાગી નથી, માત્ર त (કર્મણિ ભૂતકૃદંતનો) લાગી રૂપ બન્યાં છે. તે ઉપરથી પ્રાકૃત રૂપો પ્રાકૃતમાં પ્રવર્તતા નિયમોએ સિદ્ધ થયાં છે, એટલે ત્હેમાં इअ પ્રત્યય નથી ને પરિણામે રૂપો **સિદ્ધાવસ્થ** છેઃ જે રૂપો પ્રાકૃત ધાતુ ઉપરથી इअ લાગી બને તે **સાધ્યાવસ્થ** રૂપ છે. ઘણી વખત એક ને એક ધાતુનાં આ બન્ને રૂપ બને છે.

ધાતુ.	**સિદ્ધ.**	**સાધ્ય.**	**ધાતુ.**	**સિદ્ધ.**	**સાધ્ય.**
ग्रह्	घेत्त	गहिअ	नम्	नय	नामिअ
लभ्	लद्ध	लहिअ	हृ	हिअ	हरिअ

આગળ ધાતુના પ્રકરણમાં જે પ્રાચીન क्तान्त ધાતુઓની વાત કરી છે તેઓને તો આ इअ પ્રત્યય લાગી શકે, છતાં પ્રાકૃત–અપભ્રંશમાં તે નથી લાગતો ત્હેનું કારણ એ છે કે જૂનું કર્મણિ ભૂતકૃદંતનું સિદ્ધાવસ્થ રૂપ ભૂતકાળના રૂપ તરીકે ચાલૂ રહ્યું, એટલે ધાતુ ને ભૂતકાળનાં રૂપ એકજ રહ્યાં. પરિણામે इअ પ્રત્યય ન લાગ્યો. દાખલા તરીકે लग्ग, चुक्क, थक्क, छुट्ट, વગેરે પ્રાકૃતમાં ધાતુ તરીકે વપરાયા

છે, છતાં ભૂતકાળમાં પણ તેનાં તેજ રૂપ જૂની પ્રણાલિકા પ્રમાણે ચાલૂ રહ્યાં. છતાં જે જે કર્મણિ ભૂતકૃદંતનાં રૂપ અપભ્રંશકાળ સૂધી ધાતુ તરીકે વપરાતાં હતાં તેઓનાં ભૂતકાળનાં રૂપમાં જૂની ગુજરાતીમાં इअ પ્રત્યય લાગવો શરૂ થયો છે. પ્રાકૃતની અસરને લીધે જૂનાં રૂપ પણ જોડે જોડે ચાલૂ રહ્યાં છે, ખાસ કરીને સંયુક્ત વ્યંજનવાળાં.

अनिट् क्तान्त ધાતુઓનાં ભૂતકાળનાં રૂપમાં इयो–इउं–यो–युं (હાલના) શી રીતે આવ્યા, તે નીચેનાં ઉદાહરણ ઉપરથી જણાશે.

સં.	પ્રા.	અપ.	જૂ. ગુજ.	અર્વા. ગુજ.
૧. वृष्टकः	वुट्ठओ	वुट्ठउ	વૂઠિઉ	વૂઠિઓ–વૂઠયો
૨. लग्नकः	लग्गओ	लग्गउ	લાગિઉ	લાગિઓ–લાગ્યો
૩. च्युतकः	चुक्कओ	चुक्कउ	ચૂકિઉ	ચૂકિઓ–ચૂકયો
૪. कृष्टकः	कड्ढओ	कड्ढउ	કાઢિઉ	કાઢિઓ–કાઢયો
૫. विनष्टकं	विणट्ठअं	विणठउं	વંઠિઉં	વંઠ્યું
૬. अभ्येतकं	अब्भिडअं	भिडिउं	ભડિઉં ભિડિઉં	ભડ્યું ભિડ્યું
૭. रुष्टकं	रुट्ठअं	रुट्ठउं	રૂઠિઉં	રૂઠ્યું

જે કર્મણિ ભૂતકૃદંતનાં રૂપ ધાતુ તરીકે નથી વપરાયાં ત્હેમના રૂપમાં કવિતામાં કોઇ વખત પ્રાસ વાસ્તે इअ ઉમેરવામાં આવે છે, પણ તે ટકી રહ્યો નથી. નીચેનાં રૂપ અર્વાચીન ગુજરાતીમાં સિદ્ધાવસ્થ ભૂતકાળનાં રૂપ છે.

(૧) નાઠો (૨) બેઠો (૩) પેઠો (૪) લીધો
(૫) દીધો (૬) કીધો (૭) પીધો (૮) ખાધો
(૯) સૂતું (૧૦) દીઠું (૧૧) મુઉં

આમાં ય નથી લાગ્યો કારણ કે પેઠવું, નાઠવું, લીધવું, એમ ધાતુ તરીકે તે ગુજરાતીમાં નથી વપરાતાં. હિન્દીમાં बैठना, पैठना, વગેરે ધાતુ તરીકે વપરાય છે. પણ ગુજરાતીમાં તેમ નથી થતું. "સોરઠ માંહિ સહૂ કો **નાઠતૂં**." (કા. પ્ર. ૯) ઉપર '**નાઠતૂં**' વર્તમાન કૃદંત તરીકે વપરાયું છે, પણ તેવું રૂપ હાલ નહીં વપરાય.

આ ઉપરાંત કેટલાક ધાતુઓ એવા છે કે જેઓનાં રૂપ વર્તમાન કાળમાં ને ભૂતકાળમાં બે ભિન્ન ધાતુઓ ઉપરથી આવ્યાં છે:

વર્તમાનકાળ	ભૂતકાળ
૧. જવું—याति (या) जाइ–જા	गतकः (गम्) ગયો
૨. લેવું—नयति (नी) नेइ–लेइ–લે	लब्धकः (लभ्) લીધો
૩. છે—आस्ते (आस्) अच्छइ–છઇ–છે	भूतकः (भू)–हूओ–હવો भवत्कः (भू) होन्तउ हूंतउ હૂંતો–હતો
૪. મરવું—म्रियते (मृ) मरइ–મરે	मुक्तकः (मुच्) મૂઓ
૫. જોવું—द्योत्यते (द्युत्) जोइज्जइ)–જો	दृष्टकः (दृश्) દીઠો કે જોયો

ઉદા.

૧. "તઉ આભરણ ચડાવિયઇ સોવ્રણમય **ઘડિયા**,
હીરે માણિકિ મોતીગે બહુ રયણે **જડિયા**." (સપ્તક્ષેત્રિરાસુ ૩૩)

૨. "આગઇ કીજઇ રંગ મંડપુ જો પુસ્તકિ કહિઉ." (,, ૨૦)

૩. "તઉ વિધિ **વાંદિયઉ** વીતરાગ શ્રીસંઘુ **ઊતારિઉ**." (,, ,, ૫૩)

૪. "પ્રાગુ પરિ સુકૃતભંડારુ તોઇ ભવ્ય જીવિહિ **ભરિયઉ**." (,, ,, ૫૩)

૫. "તઊં તિહુયણસામિણિ સોમવયણિ ગુણરયણી **લદ્ધિય**." (પ્રા. ચિ. ૧૦૦)

૬. "તાં વઇરાગિ જીતિઉ કામ." (પ્ર. ચિ. ૧૩૬)

૭. "સુહિ મીઠઉ નઇ વિણઠઉ ચિત્તિ." (પ્ર. ચિ. ૯૮)

૮. "સીત હરી કાં લ્યાવિઉ?" (સીતાહરણ ૬૨)

૯. "નયણે વૂઠાં નીર." (સીતાહરણ. ૨૫)

૧૦. "ચુહસાસિ સુંદરલા ગિઉ." (કા. પ્ર. ૮૫)

આ ઉપરાંત ઉત્તર ગુજરાત તથા કાઠિયાવાડમાં હાલ વપરાતાં 'આણો–ણી–ણું' પ્રત્યયવાળાં રૂપ ભૂતકાળના અર્થમાં જૂની ગુજરાતીમાં વપરાતાં.

ઉદા.

૧. "રાજા સોમદેવ તણઈં કરાવિઉ સરોવર ભરાણું." (સંદર્ભ. ૧૩૪–૧૧)

૨. "દવને ત્રાસવે જીવે તે સ્થાનક ભરાણઉં." (,, ૮૫–૨૫)

૩. "અનઇ દીસ ઊગતઇ દીવઉ ઓલ્હાણઉ." (,, ૮૧–૧)

૪. "સુભૌમની દૃષ્ટિં તેહનઉ કુઠાર ઓલ્હાણઉ." (,, ૧૦૨–૨)

૫. "સુભટે ધ્રરાણુ નહીં." (,, ૯૬–૨૨)

૬. "એક નારિ રામઈ ન રખાણી." (સીતા. ૩૫)

૭. "ભુવિતલિ રાજારાણ કહીજઇ, તે મઇં હારિ મનાણા." (,, ૩૯)

આ પ્રયોગની નોંધ ડૉ. ટેસીટોરીએ કરી છે (Notes § 126 (2)) પણ તે શી રીતે આવ્યો તે જણાવ્યું નથી. અર્થ કર્મણિ છે માટે કર્મણિ રૂપ ઉપરથી આવવો જોઇએ. વળી તે રૂપો મૂળ સિંધમાંથી કાઠિયાવાડ ને ઉત્તર ગુજરાતમાં આવ્યાં હોવાં જોઇએ.

ધાતુને કર્મણિ આ લાગી સામાન્ય કૃદંતનું રૂપ ગગનડં જેવું બને, અને તે રૂપમાં ભૂતકાળનો ભ્રમ થાય. જુઓ, અપ. 'अक्खणहं न जाइ' જોડે કરી जाइ બન્ને પ્રયોગો એકજ અર્થના હોઇ कर्मीમાં ભૂતકાળનો ભ્રમ થયો તેવો अक्खणहंમાં થાય, અને પછી अक्खाणडं માં ભૂતકાળનો ભ્રમ થઇ આ રૂપ પ્રચારમાં આવ્યાની માત્ર કલ્પના રજૂ કરી છે. दिण्ण–किण्ण, दिन्न–किन्न જેવાં ભૂતકૃદંતના સામ્યથી આ પ્રત્યય આવ્યો હોય તો ખેવડા न्न નો ગુજરાતીમાં न બનવો જોઇયે, પરંતુ અહીં ण છે. કદાચ કર્મણિ ભૂતકૃદંતમાં इल्ल ને બદલે अल्ल પ્રત્યય લાગી आल–आड–आण રૂપે આવ્યો હોય, પણ આ બધાનો નિર્ણય સિંધીના પરિચયથી થાય.

(ભવિષ્યકાળ)

સંસ્કૃતમાં અદ્યતન ભવિષ્યકાળ માટે स्य પ્રત્યય હતો, અને सेट् ધાતુઓમાં આ स्यની પૂર્વે इ સામાન્ય રીતે લાગતી. આ सेट्–अनिट्નો વિવેક પ્રાકૃતમાં નાશ પામતાં અકારાંત ધાતુને માટે પ્રાકૃતમાં इस्स ને इहि બે પ્રત્યય લાગતા, અને અકારાંત સિવાયના ધાતુઓને માત્ર स्स ને हि લાગતા. ધાતુને આ પ્રત્યયો લગાડ્યા પછી વર્તમાનકાળના પ્રત્યયો સંસ્કૃત તેમજ પ્રાકૃત–અપભ્રંશમાં લગાડવામાં આવતા. होस्सामि–होहिमि, होस्सइ–होहिइ અને અકારાંત ધાતુમાં हसिस्सामि–हसिहिमि, हसिस्सइ–हसिहिइ. તેમજ સૂત્ર (૮–૩–૧૬૯) પ્રમાણે मि પ્રત્યય પૂર્વે स्सं રૂપ થતું. करिस्सं (करिष्यामि) भणिस्सं (भणिष्यामि). તે ઉપરાંત શૌરશેની પ્રાકૃતમાં સૂત્ર (૮–૪–૨૭૫) "भविष्यति स्सिः" પ્રમાણે करिस्सइ ને બદલે करिस्सिदि રૂપ થતું. આ પ્રમાણે સંસ્કૃત વિરુદ્ધ स्सને આગળ ને પાછળ इ લાગતો.

અપભ્રંશમાં પ્રાકૃતનો हि અને स्सનો स થઇ हि ને स બે પ્રત્યયો આવ્યા છે. हिनો પ્રયોગ કંઇક ઓછો થતો ગયો છે. પરિણામે ગુજ-

રાતીમાં ईस પ્રત્યય (પૂર્વની इ સાથે) આવ્યો છે. સંસ્કૃતમાં કર્તરિ ને કર્મણિ રૂપમાં ફેર માત્ર એટલો હતો કે કર્મણિ રૂપ માટે વર્તમાનકાળના આત્મનેપદી પ્રત્યય લાગતા ને કર્તરિ રૂપ માટે પરસ્મૈપદી પ્રત્યય લાગતા. પણ આ વિવેક પ્રાકૃતમાં નાશ પામતાં બન્નેના પ્રત્યયો એકજ થયા. પરિણામે અપભ્રંશ–ગુજરાતીમાં પણ એકજ રૂપ રહ્યાં. પ્રાકૃતમાં ભવિષ્યકાળ માટે इज्ज કે ईअ વપરાયા નથી, અપભ્રંશમાં પણ તેમજ છે. માત્ર જૂની ગુજરાતીમાં કીજ, લીજ, દીજ, જેવાં કર્મણિ રૂપ સાથે ભવિષ્યનો स વપરાઇ કર્મણિ ભવિષ્યકાળ થયો છે

પ્રાકૃતમાંથી અપભ્રંશમાં આવતાં इस्स પ્રત્યયનો दीर्घः संयोगलोपे પ્રવર્તતાં एस થયેલો જોવામાં ઘણી વખત આવે છે.

૧. "विसहि पुत्ति मं काउ किलेसहि पुणरवि चिंतियसुहइं **लहेसहि.**" (ભવિ. ૭–૧૪–૫)

૨. "एहु बालु **होसइ** बहुजाणउं अण्णुवि बहुगरवरहं पहाणउं।
सारेयर वियार **जाणेसइ** मंडइ रायलच्छि **माणेसइ** ॥" (,, ૧–૧૫–૫)

૩. "હિવ જિનભુવણહ ગૃહચૈત્યદેવરા છ **કહીસઇ**।
કીજઇ કણયભિંગાર કલસ જે નીર **ભરીસઇ** ॥" (સપ્તક્ષેત્રિરાસુ. ૨૮)

૪. "હવઇ ધાતુ તણૂં સ્વરૂપ **કહીશઇ.**" (ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૪૮)

પ્રથમનાં બે અપભ્રંશ ઉદાહરણમાં ક્રિયાપદનાં રૂપ કર્તરિ પ્રયોગનાં છે, ને છેલ્લાં કર્મણિ પ્રયોગનાં હોય તેમ લાગે છે. અપભ્રંશમાં इ નો ए થયો છે, જૂની ગુજરાતીમાં સંયોગલોપ થતાં इ ની ई બની છે.

૫ "જિણુ ચઉવીસહ ભવીયણહ કરિસિઇ કલ્યાણૂં." (સપ્તક્ષેત્રિ. ૧૧૮)

૬. "જઉ જિણસાસણુતણી ભૂમિ અતિભલઉં ફરસીસિઈ." (,, ,, ૯૬)

ting in the remarks on the extract from Bhuvan-dipaka (see supra P. 48 XI). The sense there lingers in the transitional stage, the form being capable of either sense (passive or active.)."

ઉપલા ફકરાના અંતમાં કહેલું 'ભુવનદીપક'નું નં ૪નું વાક્ય છે. તે શરૂઆતનું છે. ઉતારાને અંતે "ગ્યા દીહાડા તણૂં ફલ **બોલીશિ**" છે. આ'ની રચ્યા સાલ સં. ૧૫૫૭ છે. આમ એકજ ઉતારામાં '**કહીશઇ**' ને **બોલીશિ** જેવાં બે રૂપ છે. એ બેમાં જૂનું કયું? જો 'કહીશઇ' મુ. નરસિંહરાવભાઇના જણાવ્યા પ્રમાણે "कथयिष्यते–कहिस्सइ–કહીશઇ" રૂપે આવ્યું હોય તો '**બોલીશિ**' રૂપ ઉત્તરકાલીન ગણાય. છતાં '**બોલીશિ**' રૂપને જૂનું માનવા કારણ છે. બીજો વાંધો એ છે કે कहीशि જેવું રૂપ પ્રથમ બીજા પુરુષ એ. વ. માં વપરાયું છે તે શા માટે? જો એમ કહેવામાં આવે કે 'હું–તું' બન્ને જોડે એક સમયેજ પ્રયોગ થયો છે, અથવા 'હુ' જોડે પ્હેલું વપરાતું થયું તો ત્હેનાં જૂના સાહિત્યમાં ઉદાહરણ મળવાં જોઇયે. પણ તે જ્યહાં સૂધી ન મળે ત્યહાં સૂધી અર્વાચીન ગુજરાતીમાં વપરાતાં હું કહીશ–રમીશ રૂપનું સમાધાન હું નીચે પ્રમાણે કરૂં છું.

(૧) '**કહીશઇ**' કરતાં '**કહીશિ**' રૂપનો વિકાસ પ્રથમ થયો છે.

(૨) હું 'કહીશ' હાલનું ને જૂનું कहींसि બીજા પુરુષના તે'વા રૂપ પરથી આવ્યું.

(૩) ભવિષ્યકાળનો स કે ह વચ્ચેથી ઊડી તે રૂપ આવ્યું છે.

(૪) પાછળથી 'હુ' જોડે જ્યહાં 'કહીશઇ' જે'વાં રૂપનો પ્રયોગ મળે છે ત્યહાં બીજાં ક્રિયાપદના સામ્યને લીધે '**કહીસિ**' ઉપરથી इ નો अइ થઇ તે પ્રયોગ થયો છે.

ઉદા.

(૧) "નંદણ તું થાઇસિ સમણુ એઉ મહુ કમ્મહ દોસુ." (સાલિભદ્દકક્ક. ૬૨)

(૨) "પાણહવજ્જિજઉ ગુરિ સહિઉ હિંડિસિ કેમ કુમાર?" (,, ૩૪)

(૩) "દહવિહ ધમ્મુ કરેસિ કિમ કિમ સોસિસિ નિય અંગુ?" (,, ૩૬)

આ 'સાલિભદ્દકક્ક'ની રચ્યા સાલ સં. ૧૩૫૮ છે, જ્યહારે સુ. નરસિંહરાવભાઇનું ઉદાહરણ સં. ૧૫૫૭નું છે. વચ્ચે બસો વર્ષનો ગાળો છે તે ઉપરાંત 'કહીશઇ' જોડે કર્તા વપરાયો નથી. એટલે એ પોતે જણાવે છે તેમ અર્થ કર્તરિ ને કર્મણિ બન્ને લેઇ શકાય છે. અહીં આપેલાં ત્રણ ઉદાહરણમાં ક્રિયાપદ બીજા પુરુષ એકવચનનું છે. ત્હેના સામ્યથી પછી તે ઈસિ પ્રત્યય પ્હેલા પુરુષ એકવચનમાં પણ વપરાતો થયો, અને વિક્રમના સોળમા સૈકામાં इને બદલે અંતે अइ થયેલો નોંધ્યો છે.

(૧) "સૂપનખા સમરથ નર દેખી જાણિ હૂં વર વરીસઇ." (સીતા. ૩૦)

(૨) "તૂં કરિસઇ, લેસિઇ, દેસિઇ." (ક્રિયારત્ન સમુચ્ચય)

હવે પ્રશ્ન એ થાય છે કે બીજા પુરુષના 'કહીસિ, બોલીસિ' રૂપમાં ભવિષ્યકાળનો પ્રત્યય કયો ને પુરુષવાચક પ્રત્યય કયો? પ્રાકૃત-અપભ્રંશમાં આના બે પ્રત્યય હતાઃ (૧) इस्स (૨) इह. તે ઉપરથી कर ધાતુનાં બી. પુ. એ. વ. માં करिस्ससि ને करिहिसि (પ્રાકૃત) करिस्सहि–करिहिहि–करिहहि (અપભ્રંશ) તેમજ જૂનો પ્રાકૃતનો सि પ્રત્યય પણ અપભ્રંશમાં વપરાતો, તેથી करिहसि જેવું રૂપ પણ અપભ્રંશમાં થાય. વચલો ह ઊડી જૂની ગુજરાતીનું करि–री सि રૂપ આવેલું લાગે છે.

પ્રાકૃત વર્તમાન કાળના करसि તથા જૂ. ગુ. ના ભવિષ્ય કાળના करिसि રૂપનો ભેદ માત્ર વચલી इ ઉપર અવલંબે છે.

સંવત્ ૧૧૭૦માં રચાયેલી 'ખરતરપટ્ટાવલીષટ્પદાનિ'માં આવો પ્રયોગ છે.

"जइ **पडिहसि** पासजिणिंदवसि नाणवंत निम्मलरयण." (૨)

આ पडिहसि ઉપરથી એટલે વચલો ह ઉડતાં पडिसि બી. પુ. એ. વચનનું રૂપ જૂની ગુજરાતીનું બને. પછી તે રૂપ 'હું' 'તું' સર્વનામના સ્વરસામ્યને લીધે ક્રિયાપદમાં પણ સામ્ય આવી 'હું કરિસિ' જેવો પ્રયોગ પ્હેલા પુરુષમાં થાય.

આ पडिसि જેવો પ્રયોગ પ્રાકૃતમાં પણ મળે છે. પરંતુ ત્યહાં ધાતુ સિદ્ધાવસ્થ ભવિષ્ય કાળનો મનાયો છે, તેથી ફરી ભવિષ્યનો પ્રત્યય લાગ્યો નથી. હેમચંદ્રાચાર્ય સૂત્ર ૮–૩–૧૭૧માં सोच्छिसि ને गच्छिसि જેવાં રૂપ ભવિષ્ય કાળ બીજા પુરુષ એ. વ. નાં નોંધે છે. 'वसुदेवहिंडी'માં પણ તેવા પ્રયોગ મળે છે.

(૧) "उवायं तहा हं चिंतेमि जहा तुमं सुलसं कण्णं **लब्भिसि**." (૧૮૮–૩૧)

(૨) "आसस वीसस धम्मिल ! **लब्भिसि** माणुस्सए तुमं भोए." (૫૨–૨૯)

છતાં જૂની ગુજરાતીનાં રૂપ આ પ્રાકૃત પ્રયોગને લીધે જ આવ્યાં લાગતાં નથી તે તો અપભ્રંશનો ह ઊડી આવેલાં છે.

આ રૂપ કર્મણિ રૂપ ઉપરથી નથી આવ્યું તે નિષેધાર્થ પ્રયોગ 'મ **જાણિસિ–કરિસિ**', વગેરે ઉપરથી પણ જણાય છે. ભવિષ્યકાળમાં આજ્ઞા સંસ્કૃતમાં પણ થતી હતી. "मा मारेहिसि" (વસુ. ૨૯૪–૨૭)માં કર્મણિ રૂપ નથી.

એકવચન	બહુવચન
હું કરીશ	અમ્હે કરીશું
તું કરશે	તમ્હે કરશો
તે કરશે	તેઓ કરશે

આ રૂપ ઉપરથી જણાશે કે 'કરીશ' ને 'કરીશું' માં વર્તમાન કાળના પ્રત્યયો ઉં ને ઇયે આવ્યા નથી. ઉં જૂની ગુજરાતીમાં વપરાતો, અને ઇયે વર્તમાનનો વાસ્તવિક પ્રત્યય નથી. તે કર્મણિ રૂપ ઉપરથી આવ્યો, તે પ્હેલાં ભવિષ્યમાં જૂનો અપ. હું ઉપરથી આવેલો જૂની ગુજરાતીનો ઉં પ્રત્યય વપરાવો શરૂ થઇ ગયો હતો. આટલા ફેર સિવાય બીજે અપભ્રંશકાળના વર્તમાન કાળના પ્રત્યયો ઉપરથી વ્યુત્પન્ન થતા પ્રત્યયો વપરાયા છે. પ્હેલા પુરુષમાં ઈ ટકી રહી છે અને અન્યત્ર ટકી નથી રહી ત્હેનું કારણ મ્હને સ્વરભાર લાગે છે. 'કરીશ' ને 'કરીશું'માં સ્વરભાર 'રી' ઉપર છે તેથી તે ઈ ટકી રહી, બીજે સ્થળે સ્વરભાર અંત્ય શ્રુતિ ઉપર છે તેથી તે ઊડી ગઇ છે. મુંબઇગરી ગુજરાતીમાં 'અમ્હે કરશું' જે'વા પ્રયોગમાં સ્વરભાર અંત્ય શ્રુતિ ઉપર ગયો છે. જૂના રૂપ 'હું કરીશિ' ઉપરથી અંત્ય ઇ મૃદુ બનતાં 'કરીશ્ય' જે'વો ઉચ્ચાર થઇ છેવટે ય્ ઊડી જઇ 'કરીશ' રૂપ હાલ બન્યું.

ઉદા.

૧. "તૂં કરિસઇ, લેસિઇ, દેસિઇ। તુમ્હે કરિસિઉં। હૂં કરિસુ। અમ્હે કરિસિઉં" (ક્રિયારત્ન સમુચ્ચય)

૨. "જે હૂં સમરહ્ગણિ ભિડીસૂં, તે સહૂ તુજઝ પહાઉ." (પ્ર. ચિ. ૧૧૬)

૩. "નાન્હઉ એ કેમ ઝૂઝીસિ, એ મનિ માણીસિ ભ્રન્તિ." (,, ,,)

૪. "એહ વાતનઉ મ કરીસિ ફેરુ." (પ્ર. ચિ. ૧૩૧)

૫. "ધિન ધિન માહરુ અવતાર, જે હૂં દેખિસિ દેવ મુરારિ." (હરિષો.)

૬. એહવૂં જાણી આણ્યું અહીં આશ્રમ તરુ મેહેલીશિ કિહી." (કાદં. ૨૯)

૭. "કુણ રાજા વશ નથી, જેહનિ તૂં હ કરેશ?" (કાદં. ૭૬)

૮. "રત્ન શાં લીધાં નથા, જે તહ્મો લેશુ આજ?" (કાદં. ૭૬)

૯. "વર વરસ્યૂં એ જોખિરે નહિ તુ પ્રાણ તજુ તન સોખિરે." (ઉષાહ. ૮૧)

૧૦. "સહિ ગુરુ આયસ શરિ ધરી આલસ અલગ કરેશિ।
કહિ કવિયણ હૂં વિમલમતિ, વિમલપ્રબંધ રચેશિ." (વિ. પ્ર. ૧)

૧૧. "આદિ જિણવર આદિ જિણવર પ્રથમ પ્રણમ્યેસુ." (વિ. પ્ર. ૧)

૧૨. "જીપ્યોસ તુ વલી જસ વાધીસઇ, નહીંતરિ દુસ્તર તાર્યાં." (સીતાહરણ ૩૯)

૧૩. "લાહઈ વિણિજુ કરેસુ હઉં છેહઉ માઇ ચએસુ." (સાલિભદ્દક્ક. ૫૭)

૧૪. "પાલિસુ પંચ મહવ્વઈ બારસ અંગ પઢેસું।
વીરનાહિસું માઇ હઉં નવ કપ્પિહિ વિહરેસુ॥" (,, ૪૩)

૧૫. 'જીજેણિનઉ મારી રાજ, લેઉિસ સર્વ સ્વરાજ." (વિદ્યાવિલાસ.)

૧૬. "તઈ ટલીસઇ મોરા મનહ દાહુ." (પ્ર. ચિ. ૧૧૭) (કર્મણિ)

૧૭. "અન્નવિણ કુહુ કિમ કીજીસઇ?" (સીતાહરણ ૨૯) (કર્મણિ)

૧૮. "ઢાલી હાથઇ (હૂં) લેશ્ય." (ઉપાહરણ ૯૧)

૧૯. "કરિ શર ધનુષ ગ્રહેશ્ય." („ „)

૨૦. "વીકુ ભણિ, પાછા જાયિઉ; વચન કહિસ' વેદ." (કા. પ્ર. ૮૮)

ઉપરનાં ઉદાહરણ જોતાં જણાશે કે પ્હેલા પુરુષ એકવચનમાં જૂનો उं પ્રત્યય લાગ્યો છે. ત્હેમાં ઘણી વખતે સની પૂર્વે ए થયો છે, તો કોઇ વખત इ પણ રહી છે. વળી उंમાંનો અનુસ્વાર લોપાયો છે. આ બધું નિષ્કાળજીનું પરિણામ છે. બીજું રૂપ સામ્યને લીધે આવેલું 'હ્વેખિસિ' જે'વું પણ વપરાયું છે. 'જીવ્યોસ' 'પ્રણમ્યોસુ' રૂપ કડી પ્રાંતમાં તે વખત વપરાતાં. 'આવ્યોસ' જે'વાં ભવિષ્યકાળનાં રૂપમાંથી स्–ह् ઉડી જતાં હાલ ત્ય્હાં 'આવ્યો' રૂપ ગ્રામ્ય ભાષામાં ભવિષ્યકાળના અર્થમાં વિશેષ વપરાય છે. અન્યત્ર પણ 'જો તે આવ્યો તો ભોગ મળશે" જે'વા પ્રયોગમાં ભવિષ્યકાળના અર્થમાં વપરાય છે. આ રૂપ ખાસ પ્હેલા પુરુષ એ. વ નું છે. તે શી રીતે આવ્યું હશે, ત્હેની ત્રણ કલ્પના હું કરૂં છું.

(૧) 'ચગ્રેસુ' જે'વાં રૂપ ઉપરથી ए નો ओ થઇને एकोन નો ओगण, તેમજ अनेखउं ઉપરથી अनोखुं થાય છે તે'વી રીતે.

(૨) 'કરિયો' 'આવિયો' રૂપો આજ્ઞાર્થે વપરાતાં. તે રૂપથી થતી આજ્ઞાનો તે રૂપના જે'વાજ રૂપમાં પ્રત્યુત્તર આપવાની ઇચ્છા થતાં 'આટલું કામ કરિયો' જવાબમાં "જરૂર 'કર્યોસ' આમ આવ્યું હોય.

(૩) આ રૂપનો મૂળ उं પ્રત્યય અંતે હતો તે સંગદોષથી પૂર્વે આવ્યો હોય. 'લેઇસુ' ઉપરથી 'લેઉસુ' લેઉસ–લેઓસ. આજ સંભવિત લાગે છે. તે સની પૂર્વે લાગતા 'ઉ' ને વર્ત-

માન કાળનો ગણતાં પ્રત્યયનો ક્રમ બદલાઇ જાય છે. માટે સંગદોષ સ્વીકારવો ઠીક છે.

વા.–૬

ન+ક્રિયાપદ–નિષેધાર્થ ક્રિયાપદઃ—

આ જાતનાં રૂપોનો પ્રયોગ જૂની ગુજરાતીમાં થયો છે. જૂની મરાઠીમાં (જ્ઞાનેશ્વરી) પણ થયો છે. એ પ્રયોગ માત્ર કાવ્યમાં જડી શકે, અન્યત્ર નહીં.

૧. "પણિ કુશિષ્યનઇ વિદ્યા **નાપીઇ.**" (બુ. પ્ર. પુ. ૭૯, પૃ. ૧૬૩)

૨. "લગારઇ મનિ લોભ **નાંણિઉં.**" (સંદર્ભ. ૭૩–૧૩)

૩. "એ મનિ **માણીસિ** ભ્રન્તિ." (પ્ર. ચિ. ૧૧૬)

આમાં ઘણું કરીને ક્રિયાપદ આથી શરૂ થનારૂં હોય છે. (न+आप) (म+आण). અહીં માત્ર શબ્દને ટુંકાવવા સંધિ થાય છે.

પ્રકરણ ૧૯ મું

અર્થ

આજ્ઞાર્થ

અપભ્રંશમાં આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચન માટે સિ. હે. સૂત્ર ૮-૪-૩૮૭ "हिस्वयोरिदुदेत्" પ્રમાણે સંસ્કૃતના हि ને स्व પ્રત્યય ટે इत् (इ). उत् (उ), ને एत् (ए)–આ ત્રણ પ્રત્યયો હતા. તે 'માં "पक्षे सुमरहि । इत्यादि" એમ વાર્તિકમાં લખી જૂનો પ્રાકૃ- हि પ્રત્યય પણ વપરાય છે, એમ જણાવ્યું છે. પણ બહુવચનના । માટે સૂત્ર આપ્યું નથી. છતાં સૂત્ર ૩૮૪ના ઉદાહરણમાં નો हु પ્રત્યય જડે છે.

"जइ इच्छहु वड्डत्तणउं देहु म मग्गहु कोइ." (સિ. હે. સૂત્ર ૮-૪-૩૮૪)

૨. "पइसहु भविसयत्तु **बोल्लावहु** अवरुप्परु संतोसु **करावहु.**" (ભવિ. ૧૦-૧૪-૨)

૩. "अहो **देक्खहो** तुम्हि कम्महं तणिय विचित्त गई." (ભવિ.)

૪. "सुंदर तुहु वि खणु वि मं **थक्कहि** लहु मइ लेइ **जाहि** जइ सक्कहि. (,, ૫-૧૩-૭)

આ પ્રમાણે એકવચન માટે इ, उ, ए, ને हि ને બહુવચન માટે हु–हो પ્રત્યયો અપભ્રંશમાં હતા. આ ઉપરથી જૂની ગુજરાતીમાં એકવચન માટે इ, उ, ए ને બ. વ. માટે उ પ્રત્યયો આવ્યા છે. અપભ્રંશનો उ પ્રત્યય हस–वद–चर સં. આજ્ઞાર્થ રૂપમાં અપભ્રંશનો उ ભળી (અંત્ય अ નો उ થઇ) આવ્યો છે. सु ઉપરથી વ્યુત્પન્ન

કરતાં સુ-હુનો હ્ ઊડે તો ઉ આવે. અપભ્રંશમાં પ્રક્ષિપ્ત હ્ ઉમેરવાનું વલણ છે તો પછી મૂળનો હ્ ઊડે, તે સ્વાભાવિક લાગતું નથી. ડૉ. ભાણ્ડારકર પોતાનાં ભાષણોના પૃ. ૨૧૭ ઉપર પરસ્મૈપદી ને આત્મનેપદી ધાતુઓને પ્રાકૃતમાં લાગતા इ (ति) ને ए (ते) ઉપરથી અપભ્રંશના આજ્ઞાર્થના इ ને ए પ્રત્યયો આવ્યા તેમ જણાવે છે. પરંતુ બે પદોનો વિવેક પ્રાકૃતમાં લગભગ નાશ પામ્યો હોવા છતાં આ પ્રત્યયો અપભ્રંશ ને તે દ્વારા સિંધી મરાઠીમાં ટકી રહે, તે શંકાસ્પદ છે. સંસ્કૃતના વિધ્યર્થ પ્રત્યયોની પ્રાકૃતમાં ઘણા પ્રત્યયો ઉપર અસર થઈ છે. पचेयं ઉપરથી પાલીમાં पचेय्यं ને પ્રાકૃતમાં पचेज्जं રૂપ આવ્યું. पचेत ઉપરથી पचेय–इ પ્રાકૃતનાં આજ્ઞાર્થ રૂપ આવ્યાં. પ્રાકૃતમાં પ્રત્યયો પૂર્વે જે ए થાય છે તે વિધ્યર્થના સંસ્કારને લીધે. વળી પાલીમાં સં. गच्छेत्, तिष्ठेत्, વગેરે વિધ્યર્થનાં રૂપ ઉપરથી गच्छे–तिट्ठे રૂપ આવેલાં છે. "कोधातिमानस्स वसं न **गच्छे**। मूलंऽपि तेसं पलिखञ्ज **तिट्ठे** ॥" (સુત્તનિપાત. ૯૬૮) આ રૂપો ત્રીજા પુરુષ એકવચનનાં છે, પણ વિધિનો અર્થ હોવાથી ગમે તે પુરુષમાં અર્થ લેઇ શકાય. પરિણામે एज्ज પ્રાકૃતનું વિધ્યર્થનું રૂપ ગમે તે પુરુષ ને વચનમાં, તેમજ ગમે તે કાળમાં વપરાતું. પાલીના આ ए ઉપરથી પ્રાકૃતમાં ए આવ્યો. તે ઉપરથી ए નો વિકલ્પે इ થઇ અપભ્રંશમાં આજ્ઞાર્થના બે પ્રત્યયો ए ને इ આવ્યા.

પ્રાકૃતઃ—

"भोगेसु य मा **करे** पसंगं" (વસુ. ૩૨૮-૧૭)

અપભ્રંશઃ—

"प्रिय एम्वहिं **करे** सेल्लु करि छड्डहि तुहुं करवालु. (૮–૪–૩૮૭)

જૂની ગુજરાતીમાં આ ત્રણે પ્રત્યયો શામળના વખત સુધી વપરાયા છે. इ કરતાં ए કાંઇક વિજ્ઞપ્તિ સૂચવે છે.

ઉદા.

૧. "મન મ્હેલે જે નિવસન્તિ રત્નિ, ઇણી પરિ તૂં સાધે ભુવન તિણ્ણિ." (પ્ર. ચિ.)

૨. "રે રે મીરાં રહિ એક તીરાં, મ કરે માંન પરાણ." (વિ. પ્ર.)

૩. 'મુ સીયલાતુ મ કરે વીસાસ, સીલી નઇ પર્વત હુઇ વિણાસ." (પ્ર. ચિ. ૧૩૭)

૪. "પૂજેવુ ત્રિભુવનતુ નાથ, આત્રઉ મ કરે અડુઉ હાથ." (વિ. પ્ર. ૨૮૯)

૫. "લે.લે ! લીલાગતિ અંહુ, સુણિ સુંદરિ, કર્ણપત્ર કરુ કાસિ." (કાદં.)

૬. "રે વાનર ! જઇ પાઈ લાગિ, મૂઢા ! નામ અતેરૂં માગિ." (સીતાહરણ. ૬૯)

૭. "મસાહણી પાંડવ બોલાવા, ઘોડઈ પાખર ઘાલુ." (,, પર)

૮. "મૂકિ મૂકિ કહંતાં વાંત, શોકી લીધી સાતઇ ઘાત." (હરિષો.)

૯. "જા રે જા વીનવે અબૂઝ, ઠકુ નગરપતિ માગિ ગુઝ." વિ. .)

૧૦. "હુઉ હુઉ અવધાન." (પ્ર. ચિ. ૧૨૭) } (બહુવચન)
૧૧. "રા ભેટાડઉ મહ', ઇમ ભણઇ." (પ્ર. ચિ. ૧૨૮) }

૧૨. "એ કથા પૃથ્વી માંહે પ્રસિદ્ધ થાઉ." (વૈ. પં. ૧૮૩) (ત્રી. પુ. એ. વ.)

અપભ્રંશ ઉદા. પ્હેલામાં "म मग्गहु कोइ" કર્તા कोऽपि ત્રીજા પુરુષ એકવચનનો છે. તેથી मग्गहुના મૂળ પ્રાકૃત રૂપ मग्गदમાં ह् ભળી मग्गहु રૂપ થયું લાગે છે. અથવા कोइને કર્મ ગણતાં मग्गहु બી. પુ. બ. વ. નું આજ્ઞાર્થ રૂપ ગણાશે. ત્રીજા પુરુષમાં સંસ્કૃતમાં तु

પ્રત્યય હતો. ત્હેમાંનો त् ઊડતાં પ્રાકૃતમાં उ રહ્યો છે. તે પ્રાકૃતનાં થોડાં ઉદાહરણ ઉપરથી સ્પષ્ટ થશે. આ उ જૂ. ગુ. માં પણ વપરાયો છે.

૧. "जो सहइ सो पच्छओ **लग्गउ** त्ति." (વસુ. ૭૮) (लग्नो भवतु)

૨. "तीए भणियं-**भुंजउ** अइनेहेणं." (વસુ. ૯૫) (भुनक्तु)

૩. "एवं **होउ**, वीसमसु मुहुत्तगं जाव" (,, ૯૫) (भवतु)

૪ "अइउक्कडा गंधा, पसीय. **विसज्जिजज्जंतु**." (,, ૧૦૬) (विसृज्यन्ताम्) (બહુવચન)

૫. "जयसेणो मे सहायो **दिज्जउ** त्ति." (,, ૧૦૩) (दीयताम्)

કરજે–કરજો, આવજે–આવજો, વગેરે રૂપોમાં વિજ્ઞપ્તિનો અર્થ છે, અને તે ભાવી કાળની ક્રિયા જણાવે છે. આ પ્રત્યયો પ્રાકૃતના एज्ज ને एज्जा વિધ્યર્થ પ્રત્યયો ઉપરથી આવ્યા છે. ज्ज પ્રત્યય पचेयं વિધ્યર્થ રૂપ પરથી આવ્યો ને ज्जा પ્રત્યય બીજા, ત્રીજા, વગેરે ગણોમાં લાગતા या પ્રત્યય ઉપરથી (कुर्यात् , वृणुयात्) આવ્યો. બન્નેની પૂર્વે ए થતો. ડૉ. હોર્નલ (Comparative Grammar of Gaudian Languages § 499) होज्जइने भूयते (કર્મણિ રૂપ) ને होज्जाइ કર્મણિ य ને બદલે મૂળનો या ધાતુ વપરાઈ भूत्या ઉપરથી આવેલાં માને છે. તેજ કલમમાં ગુ. 'ભણજે–ભણજો' ને भणिज्जइ (કર્મણિ) भणिज्जउ (કર્મણિ આજ્ઞાર્થ) ઉપરથી વ્યુત્પન્ન કરે છે, અને પ્રાકૃત एज्ज–ज्जा ઉપરથી બનતાં રૂપ અર્વાચીન આર્યાવર્તની ભાષાઓમાં આવ્યાં નથી, એમ જણાવે છે. ડૉ. ભાણ્ડારકર ભાષણો પૃ. ૨૧૫–૧૬ ઉપર સિંધી ને ગુજરાતી માટે આ'વાં રૂપ પ્રાકૃતના एज्ज–ज्जा પ્રત્યય ઉપરથી આવ્યાં, પણ મરાઠી, હિન્દી, વગેરેનાં

તે'વાં રૂપ કર્મણિ રૂપ પરથી આવ્યાં, એમ બે સિદ્ધાંત સ્વીકારે છે. મુ. નરસિંહરાવભાઇ (ગુ. ભા. સા પુ. ૧ પૃ. ૪૭૨ (ṟ) તથા પુ. ૨, પૃ. ૭૬) કર્મણિ રૂપ પરથી વ્યુત્પન્ન થયેલાં માને છે. ડૉ. ટેસીટોરી વિધ્યર્થરૂપ પરથી વ્યુત્પન્ન કરે છે. (Notes § 120)

'કરજે-આવજે' રૂપ જો કર્મણિ રૂપ ઉપરથી આવ્યાં હોય તો ત્હેનું પૂર્વ રૂપ करिज्जइ ને आविज्जइ હોવું જોઇયે. પરંતુ અપભ્રંશમાં करिज्जहि ને दिज्जहि જે'વાં રૂપ આ અર્થમાં મળી આવે છે. કીજે-લીજે-દીજે એ રૂપો માટે કીજઇ-લીજઇ ને દીજઇ રૂપો પૂર્વાવસ્થાનાં મળે છે. આ રૂપો શુદ્ધ કર્મણિ છે. માટેજ **લીજે** ને **લેજે**, **કીજે** ને **કરજે**ના અર્થમાં ફેર છે.

૧. "तहिं मि कालि अम्हहिं **सुमरिज्जहि** एक्कवार मुहदंसणु **दिज्जहि** ।
परवणु पायधूलि **मणिज्जहि** परकलत्तु मइं समउ **गणिज्जहि** ॥,' (ભવિ. ૩-૧૯)

૨. "आयहिं जम्महिं अन्नहिं वि गोरि! सु **दिज्जहि** कन्तु." (૮-૪-૩૮૩)

આ બે ઉદાહરણમાં दिज्जहि રૂપ 'દેજે'ના અર્થનું છે. બીજા दिज्जहिने બદલે देज्जहि પાઠાન્તર છે. આજ વાસ્તવિક જૂનું રૂપ છે. બન્ને વિધ્યર્થ एज्ज ઉપરથી આજ્ઞાર્થ हि પ્રત્યય લાગી આવ્યાં છે. હેમાચાર્ય સૂત્ર ૮-૩-૧૭૫માં અકારાંત ધાતુ માટે આજ્ઞાર્થ इज्जसु, इज्जहि ને इज्जे પ્રત્યય આપે છે. हसेज्जसु, हसेज्जहि ને हसेज्जे. પ્રાકૃતમાંજ एज्जનો इज्ज ह्रस्वः सयोगे નિયમ પ્રવર્તતાં થયો છે, પરિણામે અપભ્રંશમાં બહુધા इज्ज પ્રત્યય વપરાયો કેવળ इज्ज પણ આજ્ઞાર્થે વપરાયો છે. "मा भमिज्ज" (૮-૪-૪૧૮) આ एज्जના इज्ज ને કર્મણિ इज्जનો વિવેક નષ્ટ થતાં ઘણા વખત ભૂલ થાય છે, તે આગળ બતા-

વાશે. एज્જ ને બદલે કોઇ વખત પ્રાકૃતમાં इज्ज થાય છે, ત્હેનાં ઉદાહરણ નીચે આપ્યાં છે, જોડે જોડે છેવટે કર્મણિ રૂપ પણ છે.

૧. "तुमं पुण एयस्स सोहणं परिरक्खणं **करेज्जासि**." (વસુ. ૩૦)

૨. "से सुमरमाणी न **जीविज्जा** हं." (વસુ. ૩૨)

૩. "जो तावसरूवी तरुणो गिह**मागच्छेज्जा** ता तस्य समागमेव दारियं **देज्जासि**." (વસુ. ૧૯)

૪ "जयसेणो मे सहायो **दिज्जउ**" (વસુ. ૧૦૩)

૫. "जइ मे तित्तीए भोयणं अइभुक्खियस्स **दिज्जइ** तो भुंजिस्सं." (વસુ. ૯૫)

૬. "सा च दारिया पत्तजोव्वणा 'दमगस्स **दिज्जामि**' त्ति सोऊण भणइ–जइ एयस्स एवंगयस्स **दिज्जामि** त्ति तो मारेमि अप्पाणं." (વસુ. ૧૧૫)

ઉદાહરણ ૪–૫–૬માં दा ધાતુનું કર્મણિ રૂપ છે. ઉદા. ૩માં देज्जासि (दद्याः) વિધ્યર્થ રૂપ છે. ઉદા. ૧–૨માં પણ વિધ્યર્થ રૂપ છે, પણ ઉદા. ૨માં जीवेज्जा ને બદલે जीविज्जा રૂપમાં इज्ज વપરાયો છે. અપભ્રંશમાં પણ देज्ज ને બદલે दिज्ज વપરાયો છે. આ રીતે વિધ્યર્થ ને કર્મણિ इज्ज એક રૂપે જણાતાં "तसु हउं कलि जुगि दुल्लहहो वलि **किज्जउं** सुअणस्सु." (સિ. હે. ૮–૪–૩૩૮)ના ઉદાહરણમાં **किज्जउं** રૂપને ડૉ. ભાણ્ડારકરે વિધ્યર્થ માની ત્હેની સંસ્કૃત છાયા "तस्याहं कलियुगे दुर्लभस्य **वलिं करोमि** सुजनस्य." (ભાષણ પૃ. ૧૧૦) આપી છે. વળી અંગ્રેજી ભાષાન્તર "I worship that good man...." એમ કર્યું છે. અહીં 'किज्जउं'ની છાયા कुर्याम् કે करोमिને બદલે 'क्रिये' (કર્મણિ) રૂપ થવું જોઇયે. વિધ્યર્થ લેવો હેમાચાર્યના અભિપ્રાય વિરુદ્ધ છે, કારણ સૂત્ર ૮–૪–૩૮૯ "क्रियेः

कीसु" સૂત્રમાં क्रिये ને બદલે એક कीसु ને બીજું क्रिज्जउं "पक्षे साध्यमानावस्थात् क्रिये इति संस्कृतशब्दादेष प्रयोगः वलि क्रिज्जउं सुअणस्सु" આપે છે. એટલે. किज्जउंનો અર્થ હેમાચાર્ય क्रिये લે છે. વળી આ સૂત્રના ઉદાહરણમાં 'वलि कीसु' ને બદલે તેજ જાતના બીજા દૂહામાં જોઇન્દુ કવિ 'वलि किज्जउं' આપે છે. અર્થ "I may be sacrificed at the alter of that good man" એમ છે.

વળી 'ભવિસયત્તકહા'ની પ્રસ્તાવના પૃ. ૨૫ ઉપર ડૉ. ગુણે किज्जइ રૂપને optative (વિધ્યર્થ) માને છે. પણ તે કર્મણિ વર્ત. કાળ ત્રી. પુ. એ. વ. નું રૂપ છે. क्रियते–किज्जइ જુઓ—"किं किज्जइ राय वट्टइ भारिय कज्जगइ" (ભવિ. ૬–૮) "હે રાય! શું કરિયે (કરાય)? કાર્યની ગતિ ભારે છે." એવો અર્થ છે. આ પ્રમાણે કર્મણિ ને વિધ્યર્થ રૂપનો વિવેક કાંઇક નષ્ટ થયો છે, છતાં વિધ્યર્થ આજ્ઞાર્થ રૂપોમાં એ. વ. માં हि ને બ. વ. માં हु વિધ્યર્થ રૂપની સાક્ષી પૂરે છે.

જો લીજે ને લેજે બે રૂપ એકજ (કર્મણિ) હોય તો રૂપફેર ને અર્થફેર શાથી આવ્યો? नीयते–लिज्जइ–લીજઇ–લીજે કર્મણિ રૂપ છે ને लेज्जहि કે लेज्जे ઉપરથી પરભાર્યું 'લેજે' રૂપ આવ્યું. આ પ્રમાણે બન્ને ફેર આવ્યા છે. વળી करिज्जइ રૂપ ઉપરથી 'કરજે' આવ્યું હોય તો જૂની ગુજરાતીમાં આનું 'કરીયઇ–કરીઇ–કરિયે' રૂપ થાય છે. કદાચ એમ માનિયે કે करिज्जइમાંથી 'કરિયે' ને 'કરજે' બે રૂપ બે ભિન્ન વિકાસક્રમથી આવ્યાં તો જૂની ગુજરાતીમાં આનાં करेजइ ને करीयइ બે રૂપ થવાં જોઇયે, પણ करेजइ જેવું રૂપ ઉપલબ્ધ થતું નથી. વળી अइનો એકદમ ए આ રૂપમાં કેમ થયો, ત્હેનો ખુલાસો પણ જડતો નથી. કારણ જૂની ગુજરાતીમાંજ કરેજે–વલેજે જેવાં રૂપ વપરાયાં છે.

બીજું 'તું કરજે' ને 'આમ ન કરિયે' એ'માં પણ અર્થભેદ છે તે શાથી આવ્યો? જો બન્ને રૂપ કર્મણિ करिज्जइ ઉપરથી આવ્યાં હોય તો આમ અર્થ ફરે તે સંભવતું નથી.

વળી દીજિયે-* કીજિયે-લીજિયે રૂપ પણ કર્મણિ છે. અને તે રૂપ दीयते, क्रियते, नीयते રૂપોના પ્રા. રૂપ किज्जइ-दिज्जइ-लिज्जइ ઉપરથી જૂની ગુજરાતીમાં **કીજઇ-દીજઇ-લીજઇ** રૂપ ઉપરથી **સંગદોષથી** અંત્ય इने લીધે પૂર્વની શ્રુતિમાં પણ इ ભળી **કીજિઇ-દીજિઇ-લીજિઇ** ઉપરથી **કીજિયે-દીજિયે-લીજિયે** રૂપ આવ્યાં છે. પ્રા. વિધ્યર્થ किज्ज ધાતુ ઉપરથી इज्ज લાગી આવ્યાં નથી. જો તેમ હોય તો किज्ज (વિધ્યર્થ)'રૂપને પછી કર્મણિ પ્રત્યય इज्ज લાગી क्रिज्जिज्जइ જે'વું રૂપ પ્રાકૃત અપભ્રંશમાં વપરાયું હોવું જોઇયે, પણ તેમ નથી થયું. સંસ્કૃતમાં क्र ધાતુ ઉપરથી કર્મણિ વિધ્યર્થ રૂપ क्रियेत થાય. તે પણ સૂચવે છે કે પ્હેલાં કર્મણિ પ્રત્યય લાગે ને પછી વિધ્યર્થ પ્રત્યય આવે. સૂત્ર ૮-૩-૧૬૦ "ईअ-इज्जौ क्यस्य"નાં ઉદાહરણમાં "बहुलाधिकारात् क्वचित् कयोऽपि (કર્મણિ य) विकल्पेन भवति। मए नवेज्ज। मए नविज्जेज्ज। तेण लहेज्जं। तेण लहिज्जेज्ज॥", વગેરે રૂપો ઉપરથી બે વાત જણાય છેઃ (૧) इज्ज ને एज्जनो વિવેકનાશ. (૨) પ્રથમ કર્મણિ પ્રત્યય इज्ज ને પછી વિધ્યર્થ પ્રત્યય एज्ज. 'मए नवेज्ज'માં नवेज्ज જો વિધ્યર્થ રૂપ હોય તો કર્તા ત્રીજીમાં ન આવે, 'मए नविज्जइ'ને બદલે તે રૂપ વપરાયું છે.

---

* મુ. ધ્રુવ સાહેબ "કાદંબરી પૂર્વ ભાગ" પૃ. **૨૨૫** ઉપર આ किज्जને વિધ્યર્થ ધાતુ માને છે-"સંસ્કૃત क्र ધાતુ ઉપરથી हैं. व्या. ૮/ ૩/ ૧૭૮/ પ્રમાણે ज्ज ભળ્યાથી પ્રાકૃતમાં किज्ज મૂળ થયું. તે અપભ્રંશમાં થઇને ગૂજરાતીમાં 'કીજ' રૂપે ઊતરી આવ્યૂં. તેનૂં અકર્તરિ (passive) વર્ત. ત્રી. પુ. એ. વ. નું રૂપ તે કીજીઇ."

ઉદા.

૧. "હોજઇ સુખિઉ: સીખવીસૂં વયરધરણી વિલાપ." (પ્ર. ચિ.)

૨. "તૂં વરીજે જયસિરી, અરિઘરટ્ટ !" (પ્ર ચિ. ૧૧૭)

૩. "દમ્ભ ! વલેજે વહિલઉ ખેમિ." (પ્ર. ચિ.)

૪. "રાખેજો રે રૂડિ પિરિ ધરિ ભૂપ આવિઉ એ." (ઉપાહરણ)

૫. "રાજરીતિ રૂડી રાખેજ્યો." (,,)

૬. "મલ્યા મન મેલજ્યો એ" (,,)

૭. "શિષ્યની પિરિ શીખામણ એહનિ કિહિજ્યુ સાર" (કાદં.)

૮. "પુણ લેજે વેલાઉલ પિયાણિ." (પ્ર. ચિ. ૧૧૭)

૯. "લક્ષ્મીમદ તે જાણજ્યુ ભાઇ !" (કાદં. ૭૩)

૧૦. "પઇસી પ્રાણિ અસુર મારેજો." (કા. પ્ર. ૨૨)

૧૧. "તૂં કીજં, તુમ્હે કીજઉ, હૂં કીજઉં ભાવાર્થે કર્માણિ વર્તમાના." (ક્રિયારત્ન સ.) ભાષાન્તર—

"त्वं क्रियसे, यूयं क्रियध्वे, अहं क्रिये." (,, ,,)

૧૨. "તૂં કરિજે–त्वं कुर्याः । હું કરિજઉં–अहं कुर्याम्" (,, ,,)

૧૩. "કર્માણિ તુ કીજઉ, લીજઉ–क्रियताम्–लायताम्" (,, ,,)

૧૪. "જન્મનઉં ફલ લેજઉં । દેજઉં–जन्मनः फलं गृह्णीयात्–गृह्णीत वा । दद्यात् ददीत वा" (,, ,,)

૧૫. 'શોક ન કીજિ." (કાદં. ૯૦)

તા. ક.

વળી 'તુ' સર્વનામનાં પ્રથમા (તૂં) ને તૃતીયા (તઇં) એમ બન્ને વિભક્તિમાં જુદાં રૂપ થતાં હોવાથી "તઇં કારિજઇ" જેવા

મૂળ કર્મણિ અપભ્રંશ રૂપ ઉપરથી, જેમ 'ઇયે' પ્રત્યય અત્રેહે જોડે કર્તરિ અર્થમાં વપરાવા લાગ્યો તેમ, 'તું કરજે' જેવો પ્રથમા સાથેનો પ્રયોગ આવી શકે તેમ નથી.

આ ઉપરાંત ભવિષ્યકાળમાં પણ આજ્ઞા થાય છે: 'તું ત્યહાં ન જાઇશ' જેવા પ્રયોગમાં ભવિષ્યકાળનો 'ઇસ' વપરાય છે. તે જૂના इसि પ્રત્યય ઉપરથી આવ્યો છે. આ જાતનો પ્રયોગ સંસ્કૃતમાં પણ છે. "प्रसविष्यध्वं" (ગીતા. ૩-૧૦). ફેર માત્ર એટલોજ છે કે સંસ્કૃતમાં બ. વ. માં પ્રયોગ છે, ગુજરાતીમાં એ. વ. માં થાય છે. જુઓ પૃ. ૨૭૦ ઉદા.

૧. "કહિ સૂતાર મ **આણિસિ** ખેદ, તે મેલઉં હઉં માને વેદ" (પંચાખ્યાન ૩૩૮)

૨. "માહરઉં વચનુ અન્યથા મ **કરિસિ**." (સંદર્ભ. ૧૯-૮)

૩. "એહ વાતનઉ મ **કરીસિ** ફેરુ." (પ્ર. ચિ. ૧૩૫)

ક્રિયાતિપત્ત્યર્થ

આ અર્થ ક્રિયાની અતિપત્તિ (નિષ્ફળતા) સૂચવે છે. અમુક કામ બન્યું હોત તો અમુક બનત. પણ પ્રથમ કામ ન બન્યું એટલે ત્હેના ઉપર આધાર રાખનાર બીજું પણ નથીજ બન્યું. આ રીતે ક્રિયાની નિષ્ફળતા આ અર્થ સૂચવે છે. અંગ્રેજીના Conditional pluperfectના જેવોજ આનો અર્થ છે.

પ્રાકૃતમાં આ અર્થ વિધ્યર્થના પ્રત્યય एज्ज—ज्जा લાગી બનતો. (સિ. હે. સૂત્ર ૮-૩-૧૭૯) આ ઉપરાંત વર્તમાન કૃદંતનાં વિકારી રૂપ પણ વપરાતાં. અપભ્રંશકાળ સુધી વર્તમાન કૃદંતને જાતિવાચક પ્રત્યય લાગતા. જૂની ગુજરાતીમાં જાતિવાચક પ્રત્યય વપરાતા બંધ થઇ અવિકૃત વર્તમાન કૃદંત વપરાવા લાગ્યું.

ઉદા.

૧. "एस रायपुत्तो न होज्ज तो मह मणं पि न हरेज्जा." (અભયસિંહ કથા)

૨. "जो य न करेज्ज नियमं निद्धमो जो कयं न भंजिज्जा" (કુંદકથા)

૩. "जइ एस वग्घो होंतो तो पडियं ममं लघेंतो." (વસુ. ૧૨૬)

૪. "जइ पढमउं जि होंतु तुहुं एहउ तो किरको करंतु मणि रेहउ." (ભવિ. ૨–૫)

૫. 'જઈ કરત, જઇ લેત, જઇ દેત–इत्यादौ क्रियातिपत्तिः" (બાલશિક્ષા. સંવત્ ૧૩૩૬)

૬. "જઇ કીજત, લીજત, દીજત–इत्यादौ क्रियातिपत्तेरात्मनेपदम्." („ „)

૭. "જઇ કિમઇ અમુકં કરત, લિઅત, દિઅત । તઉ અમુકં હુયત, ઇત્યર્થે અતીતકાલે ક્રિયાતિપતને ક્રિયાતિપત્તિઃ" (ક્રિયારત્નસમુચ્ચય)

પ્રકરણ ૨૦ મું

કૃદંત

સંબંધક ભૂતકૃદંત

સિ. હે. સૂત્ર ૮–૩–૧૫૭ પ્રમાણે પ્રાકૃતમાં હેત્વર્થનો બહુ પ્રચલિત પ્રત્યય ઉં છે, ને સંબંધાર્થ ભૂતકૃદંતનો પ્રત્યય ઊણ છે. સેદ્

ધાતુમાં લાગતા इ સાથે પ્રત્યયો इउं ને इऊण થયા. આ પૂર્વે લાગે છે તે इ માત્ર અકારાંત ધાતુને લગાડવામાં આવતી. ત્હેનો પાછલા अ સાથે ए વિકલ્પે થતો. हसेउं-हसिउं (હેત્વર્થ), हसेऊण-हसिऊण (સંબંધાર્થ)

પ્રાકૃતકાળથીજ આ બે પ્રત્યયોનો વિવેક નાશ થવા પામ્યો છે. હેત્વર્થ કૃદંત સંબંધાર્થ કૃદંત તરીકે ઘણું વપરાયું છે, પણ સંબંધાર્થ કૃદંત હેત્વર્થ કૃદંતને બદલે ઓછું વપરાતું. આ ऊण પ્રત્યય સિવાયનાં પણ કેટલાંક સિદ્ધસાધ્યાવસ્થ રૂપ વપરાતાં: सोच्चा (श्रुत्वा), घेत्तुं (गृहीत्वा), पासित्ता (दृष्ट्वा), दट्ठूण (दृष्ट्वा), વગેરે. घेत्तुं રૂપ હેત્વર્થ કૃદંતનું હોવા છતાં તેવાં રૂપ ઘણી વખત સંબંધાર્થે વપરાતાં, તે નીચેનાં બે ઉદાહરણ ઉપરથી માલૂમ પડશે.

૧. "गोसे **अपिच्छिउं** पियरं चंदो जंपइ." (કુમાર. પ્રતિ. ૪૨૧) (अप्रेक्ष्य)

૨. "तं सोऊण विसन्नो आढत्तो **विलविउं** चंदो." (,,) (विलपितुम्)

અપભ્રંશમાં—

(૧) હેત્વર્થ કૃદંતના પ્રત્યયો–एवं, अण, अणहं, अणहिं, एप्पि, एप्पिणु, एवि, एविणु એકંદરે આઠ છે. (૮–૪–૪૪૧). વાસ્તવિક રીતે પ્હેલા ચાર.

(૨) સંબંધક ભૂતકૃદંતના પ્રત્યયો–इ, अवि, इउ, इवि, एप्पि एप्पिणु, एवि, एविणु. એકંદરે આઠ છે. સિ. હે. સૂત્ર ૮–૪–૪૩૯ પ્રમાણે માત્ર પ્હેલા ચાર.

હેત્વર્થ કૃદંતના રૂપનાં ઉદાહરણ આપતાં હેમાચાર્યે નીચેના દૂહા આપ્યા છે.

"देवं दुक्करु निअयधणु करण न तउ पडिहाइ।
एम्वइ सुहु भुञ्जणहं मणु पर भुञ्जणहिं न जाइ॥
जेप्पि चएप्पिणु सयल धर लेविणु तवु पालेवि।
विणु सन्तें तित्थेसरेण को सक्कइ भुवणे वि॥"

આમાં एवं, अण, अणहं, अणहिं, एप्पि, एप्पिणु, एविणु, एवि આઠ પ્રત્યયો અનુક્રમે વપરાયા છે. પહેલા ચાર પૈકી एवं तव्यक પ્રત્યય ઉપરથી બનતા करेव्वउं-कारिव्वउं રૂપના દ્વિતીયા એકવચનના રૂપ करेव्वम्-करेवम् ઉપરથી આવ્યો છે. ક્રિયાવાચક નામ બનાવવા સંસ્કૃતમાં લાગતા अन પ્રત્યય ઉપરથી બીજો अण પ્રત્યય આવ્યો. છઠ્ઠીના हं સાથે अणहं, ને હેત્વર્થે સપ્તમીના हिं પ્રત્યય સાથે अणहिं પ્રત્યય આવ્યા. છેલ્લા ચાર પ્રત્યયો વાસ્તવિક રીતે હેત્વર્થ કૃદંતના નથી, પણ સંસ્કૃતમાં शक् ધાતુને યોગે તે કૃદંત વપરાતું, તેથી હેમાચાર્ય તેમને હેત્વર્થ કૃદંતના ગણેલા લાગે છે. બાકી વ્યુત્પત્તિની દૃષ્ટિએ છેલ્લા ચાર પ્રત્યયો સંબંધાર્થ કૃદંતના છે. ડૉ ભાણ્ડારકર તેમને વૈદિક સંસ્કૃતમાં વપરાતા त्वी ને त्वीन પ્રત્યય ઉપરથી વ્યુત્પન્ન કરે છે. त्त નો प्प થઈને ને પછી પાછો પનો व થઈને. પરંતુ કોઈ પણ પ્રાકૃતમાં આ પ્રત્યય વપરાયેલો જણાતો નથી તો તે અપભ્રંશમાં શી રીતે આવે, તે શંકાનું જાતે સમાધાન કરતાં જણાવે છે કે બોલચાલની ભાષામાં તે ચાલુ રહ્યો હોય. (ભાષણો પૃ. ૧૧૭-૮)

त्ताण પ્રત્યયો આવ્યા છે. संपहारेत्ता (संप्रहार्य), उत्तारित्ता (उत्तार्य), करेत्ता (कृत्वा), पक्खालेत्ताणं (प्रक्षाल्य). આ त्ता ને त्ताणं ઉપરથી અપભ્રંશમાં ઉમેરાતી इ લાગીને તથા त्त નો प्प થઈ करेत्ता ઉપરથી करेप्पि–करेप्पिणु રૂપ થયાં. પછી प् નો व् થઈ करेवि ને करेविणु રૂપ આવ્યાં હોવાં જોઈયે. इ વધારાની ઉની માફક અપભ્રંશમાં લાગે છે, ખાસ કરીને અવ્યયને: સં. परत्र ઉપરથી અપ. परत्ति, સં. अद्य ઉપરથી અપ. अज्जि કે अज्जु.

शक् ધાતુને યોગે અર્વાચીન ગુજરાતીમાં સંબંધાર્થ કૃદંત વપરાય છે, સંસ્કૃતમાં હેત્વર્થ કૃદંત વપરાતું. પણ પ્રાકૃત કાળમાં આ બે પ્રત્યયોનો વિવેક નષ્ટ થતાં આ ધાતુને યોગે સંબંધાર્થ કૃદંત નીચેનાં ઉદાહરણમાં વપરાયું છે.

પ્રાકૃત.

१. "न एस सक्कइ एवं **पराजिणित्ता**." (વસુ. ૪૫–૨૪)

२. "न सक्केमो पइदिवसं तुम्हं अहोभागं **पासित्ता**." (વસુ. ૩૩–૧૮)

અપભ્રંશ.

१. "अन्नासत्तं कंतं को सक्कइ उज्जुअं **काउं**." (ભવિ. ૧૨–૧૨)

२. "खणमित्तुवि **देक्खणहं** न सक्कमि." (,, ૨–૮)

३. "को सक्कइ तउ **करिवि** कलंकउ." (,, ૨–૮)

४. "समुहुं न सक्किउ **जोइवि**." (,, ૧૦–૭)

અપભ્રંશનાં પ્હેલાં બે ઉદાહરણમાં काउं ને देक्खणहं હેત્વર્થ કૃદંતનાં છે, છેલ્લાં બેમાં સંબંધાર્થ કૃદંત છે. આ પ્રમાણે સંબંધાર્થ કૃદંત હેત્વર્થ કૃદંતને બદલે વપરાયું છે, તેથી 'શક' ધાતુને યોગે ગુજરાતીમાં સંબંધાર્થ કૃદંત હાલ વપરાય છે. બીજો 'જાણ' ધાતુ પણ તેવો છે.

ઉદા.

૧. "બિહુ રાઇ વચ્ચિ રહી ન સકીઇં ઇમ બોલે પરધાન."

૨. "તેહ સિઉં કોઇ ન સકઇ **ભિડી.**" (પ્ર. ચિ. ૧૩૬)

૩. "**પહિરી** જાંણઇ ભૂષણ વસ્ત્ર, જાંણઇ સવિ **અભ્યાશી** શસ્ત્ર." (વિ. પ્ર. ૧૨૫)

૪. "જાણઇ નહી તે પાલખી **વહી.**" (હરિષે. ૬૭)

શૌરસેની પ્રાકૃતમાં સંબંધાર્થ પ્રત્યય इअ હતો. તે સંસ્કૃતના य પ્રત્યય ઉપરથી આવ્યો છે આ इअ ઉપરથી અપભ્રંશના इ–इउ આવ્યા. અથવા તો હેત્વર્થ પ્રાકૃત પ્રત્યય ઉપરથી અનુસ્વાર ઊડી અપભ્રંશમાં इउ આવ્યો. अवि ને इवि ष्पि ઉપરથી प નો व થઈ આવ્યા છે.

ઉદા.

૧. "ત્રિકુટ કોટ **મેહલેવિ** જિમણુ આગઇ છઇ અજૂઆલૂં." (સીતાહરણ ૫૮)

૨. "બાણાસુર કૈલાસિ સંચરુ **પરણમિઅ** એ સ્વામી ય એ." (ઉષાહરણ ૭૭)

૩. "તઉ સંઘાતી સવિ વેગુ **કરિ** અ તુમ્હ ભણી અ પેસિય." (,, ,,)

૪. "અરાવણુ તિહાં ભોગ **અણાવી** પુરુષ હણઇ બિ મુહુટા." (સીતાહરણ ૫૯)

૫. "ઓકઇ ગમિ ઊતરિઉ સાંતલ ધણુ મેલાવુ **લેઅ.**" (કા. પ્ર.)

૬. "ફૂલના ભારિ રહ્યા નગ **નમ્ય.**" (કાદં. ૨૫)

૭. "રા અસિસરિસુ બાહુ **ઉબ્ભારિય** ખુલ્લઇ હઠિ હેજણ હક્કારિઅ." (રણમલ ૬)

૮. "**ઉલ્લાલવિ** ખગ્ગ કરગ્ગિ નિરગ્ગલ ગણઇ તિણઇ દલ અગ્ગલઆ." (,, ૧૨)

૯. "**ધરી** અ ખમ્ભાઇચ્ચ અસુર સિરિ **ચમ્પવિ** બઇસૂં." (,, ૧૪)

૧૦. "સીખામણ **દેઉ** ચાલિઉ રાઉ." (નમૂનો)

૧૧. "શ્રીધર્મનાથહૂઈ પ્રદક્ષિણા **દેઉ** આગલિ બઇઠા નરેશ્વર બેઉ." (પૃથ્વીચંદ્ર)

૧૨. "**કરીઉ, લેઉ,** દેઉ इत्यादौ क्त्वा." બાલશિક્ષા (સંવત્ ૧૩૩૬)

૧૩. "ચાલ્યુ વિદૂર હિતારથ **લેય**, ગંગાતીરિ મિલ્યા મૈત્રેય." (હરિષે. ૪૮)

આ કૃદંતનો આગન્તુક न-णः—

વૈદિક સંસ્કૃતમાં સદર કૃદંત માટે त्वा, त्वान, त्वी ને त्वीन પ્રત્યયો હતા. પાલીમાં પણ त्वा ને त्वान આવ્યા. પરંતુ પાણિનિએ આ આગન્તુક न ને પડતો મૂકી त्वा પ્રત્યય આપ્યો, છતાં પાલીમાં ચાલુ રહેલા नએ પાણિનિના મનસ્વી નિયમનનો અનાદર કરી પ્રાકૃતમાં ટકી રહેવાનું યોગ્ય માન્યું. પરિણામે પાલીના त्वानમાં રહેલો न त्वाના वा નો ऊ થઇ त्तूण રૂપે પ્રાકૃતમાં આવ્યો. તે પ્રત્યય गृहीत्वाના પ્રાકૃત રૂપ घेत्तूणમાં દેખા દે છે. આ त्तूण ઉપરથી પૈશાચી પ્રાકૃતમાં तूण, શૌરસેનીમાં दूण, મહારાષ્ટ્રી પ્રાકૃતમાં ऊण પ્રત્યયો આવ્યા. માગધીમાં વરરુચિએ પ્રાકૃત પ્રકાશ સૂત્ર ૧૧–૧૬માં નોંધેલાં રૂપ करिदाणि, शहिदाणि, વગેરે રૂપોના दाणि પ્રત્યયમાં इ સાથે णिમાં આ આગન્તુક न ટકી રહ્યો. તે न અપભ્રંશમાં પણ उ સાથે આવ્યો:– पुनः–અપ. पुणु કે पुणि, विना અપ. विणुમાં જેવું उ છે તેવું नમાં उ ભળી णु

થયું. પ્રાકૃત करेत्ताનું અપ. करेप्पिणु-करेविणु ને णु સિવાય करेप्पि ને करेवि રૂપ આવ્યાં.

આ પ્રમાણે न ને ण સંબંધાર્થ કૃદંતના અંગભૂત હોય તેમ લાગે છે, પણ વાસ્તવિક રીતે તે આગન્તુક છે. આ न एविणु, વગેરેમાં રહેલા ण ઉપરથી અને મહારાષ્ટ્રી પ્રાકૃતના ऊण ઉપરથી મરાઠી बसून, घेऊन, વગેરે રૂપોમાં ચાલૂ રહ્યો.

વૈદિક સંસ્કૃતમાં વપરાતા ઉપમાવાચક न ને સંભાવનાવાચક नु ઉપરથી સંસ્કૃતમાં ननु શબ્દ થયો. તે ઉપરથી પ્રાકૃતમાં णं ને णइ થયા. તે બન્ને અવધારણ અવ્યય તરીકે વપરાતા. આ णं ઉપરથી ણુ આવ્યો. તે પણ અવધારણ અવ્યય છે હાલ ગુજરાતીમાં 'ફરી-ફરીને'માં વપરાતો 'ને' પ્રાકૃત णइ ઉપરથી આવ્યો છે. તેથી અર્થનું દૃઢીકરણ થાય છે.

તા. ક. ડૉ. ટેસીટોરી "Notes § 131"માં ગુજરાતી સંબંધાર્થ કૃદંતનો ઈ અપભ્રંશ इ ઉપરથી નથી આવ્યો, પણ ભૂતકૃદંતના સતિસપ્તમીના રૂપ ઉપરથી તે આવ્યો છે, એમ જણાવે છે. તેઓને વાંધો માત્ર એ છે કે અપ. इનો ગુજરાતીમાં ઈ (દીર્ઘ ઈ) શી રીતે થાય, તેમજ પ્રા. इअ પ્રત્યય અપ. માં વપરાતો માની શકાય નહીં. એટલે આ ગુજરાતીનું ઈવાળું રૂપ સતિસપ્તમીના ભૂતકૃદંત ઉપરથી આવ્યું.

(૧) રાજાનઇ પાસિ-'રાજાનિ પાસિ' જૂનું રૂપ થાય, છતાં હાલ 'રાજાની પાસે'માં ઈ દીર્ઘ છે.

(૨) પ્રા. जिण ધાતુનું ભૂતકૃદંત जित થાય, એટલે ભૂતકૃદંતના સાતમી વિભક્તિના રૂપ ઉપરથી સંબંધાર્થ કૃદંત આવ્યું હોય તો "જિણી સકઇ નહીં." (સંદર્ભ. ૨૮-૭,માં 'જિણી' ને બદલે 'જીતી' વાપરવું જોઈતું હતું.

(૩) ખાધો-પીધો-લીધો, વગેરે માટે એ રીતે **'ખાધી-પીધી-લીધી'** સંબંધક ભૂતકૃદંતનાં રૂપ થવાં જોઇયે. પણ હાલ તેમજ જૂ. ગુ. માં **'ખાઇ-પી-લેઇ'** રૂપ વપરાય છે ને વપરાતાં.

માટે इ નો ई થયો તે માત્ર લખાણની તેવી પદ્ધતિ કે જૂની ગુ. માં વપરાતા इअ નો अ ઊડતાં ई થયો, એમ સમાધાન કરવું ઇષ્ટ છે.

(૨) હેત્વર્થકૃદંત

સંબંધાર્થ ભૂતકૃદંતના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે अण, अणहं, एवं, अणहिं હેત્વર્થકૃદંતના પ્રત્યયો પૈકી જૂની ગુજરાતીમાં अण ને अणहं વપરાયા છે, ને एवं ને બદલે कर्तव्यकं અપ. करिएव्वउं-करेव्वउंના અંગ करेवामां રહેલો एवा પ્રત્યય વપરાયો છે. ત્હેને तण (तणेण) પ્રત્યય લાગી करेवानइ-करिवानइ વપરાયા છે.

ઉદા.

૧. "**ખેલન** વાવી સુખાલી." (વ. વિ. ૧૫)

૨. "મોહ મહાભડ **ભજિજવા** અવરુ ન જોઇસિ આહિ." (પ્ર. ચિ. ૧૦૫)

૩. "એહ રાઉ વસિ **આણિવા** બીજઉ નત્થિ ઉપ્રાઉ." (,, ૧૦૫)

૪. "એહ નગર **લેવા** તણી કુમર ! મ કરીજે ઝંખ." (પ્ર. ચિ. ૧૧૯)

૫. "દ્રવ્ય **ઊપાર્જિવા તણઇ** કારણિ દેવદેવતા આરાધઇ."

૬. "સંદેહ **ભાંજિવાનઇ** ઊભઉ હાથ."

૭. "પુનરપિ **પામેવાનિ** પતિ જાણી વ્રત કરિઇ છિ સતી." (કાદં. ૩૧)

૮. "ચિત્રલેખા ઉપાની સહીયર કીધી. દીધી સીખામણ **રાખવા** એ." (ઉપાહરણ ૭૯)

(૩) ખાધો–પીધો–લીધો, વગેરે માટે એ રીતે '**ખાધી–પીધી–લીધી**' સંબંધક ભૂતકૃદંતનાં રૂપ થવાં જોઇયે. પણ હાલ તેમજ જૂ. ગુ. માં '**ખાઇ–પી–લેઇ**' રૂપ વપરાય છે ને વપરાતાં.

માટે इ નો ई થયો તે માત્ર લખાણની તે'વી પદ્ધતિ કે જૂની ગુ. માં વપરાતા इअ નો अ ઊડતાં ई થયો, એમ સમાધાન કરવું ઇષ્ટ છે.

(૨) હેત્વર્થકૃદંત

સંબંધાર્થ ભૂતકૃદંતના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે अण, अणहं, एवं, अणहिं હેત્વર્થકૃદંતના પ્રત્યયો પૈકી જૂની ગુજરાતીમાં अण ને अणहं વપરાયા છે, ને एवं ને બદલે कर्तव्यकं અપ. करिएव्वउं–करेव्वउंના અંગ करेवामां રહેલો एवा પ્રત્યય વપરાયો છે. ત્હેને तण (तणेण) પ્રત્યય લાગી करेवानइ–करिवानइ વપરાયા છે.

ઉદા.

૧. "**ખેલન** વાવી સુખાલી." (વ. વિ. ૧૫)

૨. "મોહ મહાભડ **ભજિજવા** અવરુ ન જોઇસિ આહિ." (પ્ર. ચિ. ૧૦૫)

૩. "એહ રાઉ વસિ **આણિવા** બીજઉ નતિથ ઉપ્રાઉ." (,, ૧૦૫)

૪. "એહ નગર **લેવા** તણી કુમર! મ કરીજે ઝંખ." (પ્ર. ચિ. ૧૧૯)

૫. "દ્રવ્ય **ઉપાર્જિવા તણઇ** કારણિ દેવદેવતા આરાધઇ."

૬. "સંદેહ **ભાંજિવાનઇ** ઊભઉ હાથ."

૭. "પુનરપિ **પામેવાનિ** પતિ જાણી વ્રત કરિઇ છિ સતી." (કાદં. ૩૧)

૮. "ચિત્રલેખા ઉષાની સહીયર કીધી. દીધી સીખામણ **રાખવા** એ." (ઉષાહરણ ૭૯)

બનતાં, પણ છેવટે माण પ્રત્યય આત્મનેપદી ક્રિયાપદ પેઠે નાશ પામ્યો, એટલે અપભ્રંશમાં न्त પ્રત્યય બહુધા વપરાતો. ગુજરાતીમાં પણ થોડોક કાળ न्तમાંનો न् ટકી રહ્યો, પણ પાછળથી તે કથાવશેષ થયો. વર્તમાન કૃદંતને સંસ્કૃતમાં પણ જાતિવચનવાચક પ્રત્યયો લાગતા, તેથી ગુજરાતીમાં તે પ્રત્યયો ચાલુ રહ્યા. માત્ર ક્રિયાતિપત્ત્યર્થ-માંથી કાળે કરી તે પ્રત્યયો ગુજરાતીમાં નાશ પામ્યા, એટલે ત્હેમાં અવિકારી રૂપ થયું.

વર્તમાન કૃદંતનો ક્રિયાપદ તરીકે પ્રયોગ અપભ્રંશમાં થયો છે. હાલ પણ ગુજરાતીમાં **નિયમિત ભૂતકાળમાં** ત્હેનો પ્રયોગ મુખ્ય ક્રિયાપદ તરીકે થાય છે. વળી 'હતો' ભૂતકાળનું રૂપ વર્તમાન-કૃદંત ઉપરથી આવ્યું છે. भवत्कः–होन्तउ–हूंतउ–હૂતઉ–હૂતો–હતો. આ પ્રમાણે વર્તમાન કૃદંત ઉપરથી ભૂતકાળનું રૂપ આવે તે અપભ્રંશમાં મુખ્ય ક્રિયાપદ તરીકે થતા વર્તમાન કૃદંતના પ્રયોગને આભારી છે. राणउं इत्थु जसोहणु **होंतउ** सो इउ तिलयदीउ **भुंजंतउ**." (ભવિ. ૫–૧૨)

ઉદા.

૧. "જિ બક્કા અરક્કા શરક્કા **વહન્તા**, જિ સબ્બા સગબ્બા ઝરબ્બા **સહન્તા**." (રણમલ. ૧૪)

૨. "અનેક દૈત્ય **આવન્તઇ** ચાલી, રામચંદ્ર જુ ભાજઇ." (સીતા-હરણ. ૩૨)

૩. "મઇં **જીવન્તઇં** બેટડઇં મ ધરસિ અણરઇ બાપ!" (પ્ર ચિ. ૧૧૬)

૪. "આંગણિ **જોતાં** અતિથ જ આવ્યુ, જાણ્યુ કોઇ સન્યાસી.' (સીતાહરણ. ૩૩)

૫. "લહુડપણિ દિહાડી પ્રતિ હૂં બિ કરસ ઘી **જિમતુ.**" (ક્રિયારત્નસમુચ્ચય.)

"अथवा सामान्यतोऽतीतकाले–આગઇ **કરતઉ**, આગઇ **લેતઉ**, આગઇ **કરતા**, આગઈ **લેતા.**" (ક્રિયારત્નસમુચ્ચય)

કર્મણિ રૂપ ઉપરથી પણ વર્તમાન કૃદંત બનતાં. તેઓને પણ ત પ્રત્યયજ ગુજરાતીમાં લાગે છે. ફેર માત્ર એટલો કે इज्ज નો ई ત્હેમાં કાયમ રહ્યો છે, ને અર્થ પણ કર્મણિજ છે. નીચે આપેલાં કૃદંતો પૈકી પ્હેલાં પાંચ ઈવાળાં હાલ પણ વપરાય છે.

૧. उपलक्ष्यमाणकः–ओलक्खिज्जंतओ–ओलखीयंतउ–ઓળખીતો

૨. ज्ञायमानकः–जाणिज्जंतओ–जाणीयंतउ–જાણીતો

૩. मान्यमानकः–माणिज्जंतओ–माणीयंतउ–માનીતો

૪. अचिन्त्यमानकः–अचिंतिज्जंतओ–अचिंतीयंतउ–ઓચીંતો

૫. दृश्यमानकः–देक्खिज्जंतओ–देखीयंतउ–દેખીતો

૬. सेव्यमानकः–सेविज्जंतओ–सेवीयंतउ–સેવીતો

૭. दृश्यमानकः–(दिस्सइ) दिस्संतओ–दीसंतउ–દીસતો

ઉદા.

૧. "ચ્યારિ સહસ માંહિ હાટ મંડાઇ, તે સાહુ **જાણીતા.**" (સીતાહરણ. ૪૩)

૨. "બ્રહ્મલોક જગિ જાણીઇ, એહ **વદીતઊં** નામ." (પ્ર. ચિ. ૧૧૮)

૩. "**સેવીતા** અઠ રસ વિરસ ઇક્કાઇક્કઇ જોઇ." (પ્ર. ચિ. ૯૬)

૪. "કાનિં પડિઉ કાંઈ નથી **સાંભલીતું.**" (કા. પ્ર. ૬૯)

૫. "તીણઇં **મારીતઇં** બીજાઇં ચોર સઘલાઇં કહિયા." (સંદર્ભ. ૯૫-૨૪)

૬. "જે સુપનંતરિ **દીસંતા** તે મઝ મિલિઆ આજ." (વિદ્યાવિલાસ. ૩૦)

૭. "ઇસી પરિ **વખાણીતુ** સ્થાનકિ આવિઉ." (સંદર્ભ. ૧૪૯-૫)

૮. "સાતમઇં દિહાડઇં કુંભીમાંહિં **પચીતઓ** નરગિ જાએસિ." (સંદર્ભ. ૭૯-૩)

અર્વાચીન કર્મણિ પ્રત્યય આવાળું રૂપ પણ ક્વચિત્ વપરાતું.

૧. "નગરમાંહિ **પોસાતા** પાયક, તેહ ન મૂકઇ માણ." (કા. પ્ર. ૯ (पुष्यमाणाः)

૨. "બાલા તાહારી જે આકૃતિ ચપલ નથી **જણાતી** સત્ય." (કાદં. ૧૦૨)

ભૂતકૃદંતની માફક વર્તમાન કૃદંતને પણ इल्ल પ્રત્યય લાગતો.

૧. "વાટં ન કો સલકી સકઈ, જો રે **ભણતેલા** ભાટ નાશી ગયા નાટતુ." (વિ. પ્ર. ૧૯૮)

માન પ્રત્યયવાળું રૂપ પણ વપરાયું છે, પણ ત્યહાં સામાન્ય કૃદંતને માન લાગ્યો જણાય છે.

૧. વિશ્વરૂપ બાંધ્યુ નવિ જાઈ, **બાંધણમાનઇ** મોટું થાઇ." (હરિષે. ૧૪૯) (बध्यमाने)

(૪) ભૂતકૃદંત

આપણે ભૂતકાળમાં જોયું તેમ ભૂતકાળનું રૂપ કર્મણિ ભૂતકૃદંત ઉપરથી બનેલું છે. જે કર્મણિ ભૂતકૃદંત સંસ્કૃતમાં વિશેષણનું પણ કામ કરતાં તે પ્રાકૃત-અપભ્રંશમાં ભૂતકાલિક ક્રિયાપદ તરીકે વપરાવા લાગ્યાં, તેથી વિશેષણનો અર્થ સ્પષ્ટ કરવા પ્રાકૃત કાળમાં ભૂતકૃદંતનાં

રૂપને પાછો इल्ल પ્રત્યય લગાડવામાં આવ્યો. આ इल्ल પ્રત્યય પણ સં. इत પ્રત્યયનોજ વિકાર છે. इत–इत्त–इड्ड–इल्ल.

૧. "मया सहंतो उववासो **कयल्लओ.**" (વસુ. ૯૫–૧૩)

૨. "**आणियल्लियं** वइल्लं घेत्तूणं विक्कोसमाणो गंतुं पयत्तो." (વસુ. ૫૭–૨૧)

૩. "गिहिणा खेत्तनियत्तणं **दिण्णेल्लयं.**" (,, ૩૦–૨૫)

વિશેષણ બનાવવા આ इल्ल નામ, વિશેષણ, અને અવ્યયને પણ લગાડવામાં આવતો.

दक्षिण+इल्ल=दाहिणिल्ल (વસુ. ૭૩–૧૫) अभ्यंतर+इल्ल=अब्भिंतरिल्ल (વસુ. ૭૩–૧), पार्श्व+इल्ल=पासिल्लियं (વસુ. ૫૫–૧૯), सार्थ+इल्ल= सत्थिल्लय (વસુ. ૪૪–૨૦) છેવટે આવતો य क સ્વાર્થે પ્રત્યયનો અવશેષ છે.

ઉપરનાં ઉદાહરણ પરથી જણાશે કે આ इल्ल કર્મણિ ભૂતકૃદંતના રૂપને લગાડવામાં આવતો. હાલ પણ જે ભૂતકાળનાં રૂપ સિદ્ધાવસ્થાનાં છે તેઓને લગાડવામાં આવે છે: પેઠેલો, બેઠેલો, સૂતેલી, લીધેલું, વગેરે. પણ પેસેલું, બેસેલો, લેવેલું, વગેરે વપરાતાં નથી, છતાં વપરાય તો તે ખોટાં છે, ને કેવળ 'કરેલું, પડેલું' વગેરેના સામ્યને લીધે આવ્યાં ગણાય.

ઉદા.

૧. "અરે રાઉ ભણિ મંત્રિ! ન **શીખલૂં** કાજ તુ." (વિ. પ્ર. ૨૦૧)

૨. "ગૌરીઇ **દીધલી** વાણિ, સાહેલડી રે" (ઉપાહરણ ૮૦)

૩. "ચંદલડિ જિતલઉ મયંક." (વિ. પ્ર. ૩)

૪. "**સૂતલો** સીંહ જગાવિઉ." (રાવણ મંદોદરી સંવાદ ગુ. પ્ર.)

૫. "તેણઈ સમઇ સુરનર, પન્નગ, કિન્નર ત્રિભોવનિ **જાઇલા** આનંદ." (હરિષે. ૧૪૧

(૫) વિધ્યર્થ કૃદંત

સંસ્કૃતના વિધ્યર્થ કૃદંતના "तव्यक" પ્રત્યયને બદલે અપભ્રંશમાં 'इएव्वउं'–'एव्वउं' ને 'एवा'- એ'વા ત્રણ પ્રત્યયો હતા. एवा પ્રત્યય 'एव्वउं'નું અંગ છે. પરિણામે તે જૂની ગુજરાતીમાં હેત્વર્થ કૃદંત તરીકે વપરાવા લાગ્યો. આમાં વિધિ–ફરજનો અર્થ પ્રધાન છે. પણ પાછળથી ત્હેણે સામાન્ય કૃદંતનો અર્થ ધારણ કર્યો: કરવું, જવું, રમવું, વગેરે સામાન્ય કૃદંત આ एव्वउं ઉપરથી આવ્યાં છે. સામાન્ય કૃદંત તરીકે વપરાતાં વિભક્તિ પ્રત્યયો પણ લાગતા: કરવાને, કરવાથી, કરવામાં, વગેરે.

મૂળ સંસ્કૃતમાં तव्य પ્રત્યય લાગી કર્મણિ રૂપ બનતું, એટલે રચનામાં કર્તાને ત્રીજી વિભક્તિ લાગતી, ને કર્મ પ્રથમામાં આવતું. તેજ રચના અત્યાર સૂધી ચાલતી આવે છે. 'इदं कार्यं मया कर्तव्यम्' નું અપભ્રંશ રૂપ 'एउ कज्जु मइं करिव्वउं'; જૂની ગુજરાતીમાં 'એ કાજ મેં કરવું'; અર્વાચીન ગુજરાતીમાં 'એ કામ મ્હારે કરવુ'.

આ પ્રમાણે 'મેં' ને બદલે 'મ્હારે' હાલ વપરાય છે. માત્ર પ્હેલા ને બીજા પુરુષનાં સર્વનામમાં આ પ્રમાણે બને છે, બીજે બનતું નથી. મ્હારે–અમ્હારે–ત્હારે–તમ્હારે. આમ્હની વિભક્તિ ત્રીજી છે. પ્રથમામાં વપરાતા કર્મને હાલ બીજીનો 'ને' પ્રત્યય કોઇ વખત લાગે છે. એ સિવાય બીજી રચના સંસ્કૃત પ્રમાણે છે.

ઉદા.

૧. "તં તજવો તેહનો દેહ." ('દેહ' નરજાતિ માટે 'તજવો' નરજાતિ)

૨. "હવે કરવો મેં કવણ ઉપાય ?" ('ઉપાય' નરજાતિ માટે 'કરવો' નરજાતિ)

૩. રુકિમણીને મેં **કરવી** સહાય." ('**સહાય**' નારીજાતિ માટે '**કરવી**' નારીજાતિ)

હાલ જ્યહાં **માંડ** ઉપકારક ક્રિયાપદ સાથે બનતા સંયુક્ત ક્રિયાપદમાં સામાન્ય કૃદંતનું અંગ વપરાય છે ત્યહાં જૂની ગુજરાતીમાં તેવું રૂપ કોઇ વખત થતું ન હતું. મુખ્ય ને ઉપકારક બન્ને ક્રિયાપદને જાતિવાચક પ્રત્યય લાગતો. "કાદંબરીના સંક્ષિપ્ત ગુજરાતી ગદ્યકથાનક"નાં ઉદાહરણ.

ઉદા.

૧. "ચંદ્રાપીડિ વૈશંપાયનનિ **શોધવૂ** માંડયુ." (શોધવા માંડ્યો)

૨. "સમાચાર **પૂછવો** માંડ્યો." (પૂછવા માંડ્યો)

૩. ભક્તિ **કરવી** માંડી." (કરવા માંડી)

(૬) કર્તૃવાચક 'હાર'

સંસ્કૃતમાં गमन, मरण, करण, दहन, વગેરે ક્રિયાવાચક નામ ધાતુને अन પ્રત્યય લાગી બનતાં હતાં. આ अनવાળાં રૂપ હાલ મરાઠી, સિંધી, અને હિન્દીમાં સામાન્ય કૃદંત તરીકે વપરાય છે, ગુજરાતીમાં तव्य ઉપરથી બનતાં રૂપ વપરાય છે. આ अनવાળાં નામમાં તે તે ક્રિયા કરનાર એમ સૂચવવા कार પ્રત્યય ઉમેરતાં गमनकार–मरणकार–करणकार–दहनकार, વગેરેના જેવાં કર્તૃવાચક નામ બને. અનાદિ क નો પ્રાકૃતમાં લોપ થતાં गमणआर, करणआर, भंजणआर, વગેરે થાય. ત્હેમાં જૂની ગુજરાતીમાં શબ્દનું એકંદર વજન જાળવવા अमां ह्‌નો પ્રક્ષેપ થતાં ગમણહાર–કરણહાર–ભંજણહાર–ઘડણહાર, વગેરે રૂપો બન્યાં. જૂની ગુજરાતીના કાળ પછી આ પ્રક्षિપ્ત હ્ પાછો મોળો પડતાં ઊડી ण નો न થઇ '**નાર**' કરનાર–જનાર–આવનાર–જેવાં રૂપોમાં આવ્યો. આ પ્રમાણે આ '**નાર**' સ્વતંત્ર પ્રત્યય નથી, પણ જૂના अन નો न ને कारनां आरनो आ ભળી न+आर=नार રૂપે આવ્યો છે, એટલે ત્હેમાં ક્રિયાવાચક ને કર્તૃવાચક બન્ને પ્રત્યયોના અંશ છે.

ઉદા.

૧. "તઈં લાધૂં એ મિસ મઈં હૂંતિ **છાંડણહારિ.**" (પ્ર. ચિ. ૧૦૦)

૨. "**ઘડણહાર** તૂં, **ભંજણહાર**, તુઝ ગુણ તણુ નવિ લાભઇ પાર." (સીતાહરણ. ૬૬)

૩. "તૂં કાલી **નાથણહાર** ગોરી સિઉં મ વહીસિ ખાર." (પ્ર. ચિ. ૧૨૦)

૪. "પંચ વીસ સહસ્ર અસવાર, બિમણા પાલા **ઝૂઝણહાર.**" (કા. પ્ર.)

૫. "તિણિ દિવસિ હુઉ બુધવાર, સકલ લોક **પ્રતિપાલણહાર.**" (કા. પ્ર. ૯૯)

પ્રકરણ ૨૧ મું

અવ્યય

નામયોગી

વ્યુત્પત્તિની દૃષ્ટિએ નામયોગી અનેક શબ્દવર્ગમાંથી બનેલા છે.

(૧) **નામ**—तले–तलि–તળે, पार्श्वे–पस्सइ–પાસઇ–પાસિ–પાસે, सार्थेन–सत्थिं–સાથિ–સાથે वृत्ते–वट्टि–वडइ–वडिं–વડે–વતે, निमित्तेन–(नि) मित्तें–मट्टइ–માટિ–માટે, कार्येण–कज्जिं–

કાજિ–કાજે, मेलेन–मेलिं–मिलि–ભેળે–ભેતે, अग्रे–अग्गे–આગિ–લ–આગળ, कर्णे–कण्णे–कन्नइं–कन्हइ–કન્નિ–કને, વૈદિક पश्चके–पच्छइ–પછિ–પછી.

(૨) **વિશેષણ**—सदृशक–सरिसओ–सरिसउ–સરિસો–સરસો, प्रथम–पढमिल्ल–पहिल्लउं–પ્હેલાં.

(૩) **કર્મણિ ભૂતકૃદંત**—लब्धे–लद्धे–લીધે, लग्ने–लग्गे–लग्गइ–લગી, विलुब्धक–विलुद्धओ–વિલૂધઉ–વળૂંધો, अधःस्थितः–अहट्ठिय–હેઠે.

(૪) **અવ્યય**—नीचैः–નીચે, उपरि–ઉપર.

(૫) **કૃદંત**—भणित्वा–भणिअ–ભણી, करतां (વ. કૃ.)–કરતાં (થી).

(૧) **ભણી**—આ અવ્યય હાલ 'તરફ' અર્થમાં વપરાય છે. તે સ્વરૂપે સંબંધાર્થ ભૂતકૃદંત છે. ડૉ. ટેસીટોરી ત્હેને भणिते–भणिइ ઉપરથી વ્યુત્પન્ન કરવા પ્રયાસ કરે છે. પણ ત્હેનો અપભ્રંશનો પ્રયોગ જોતાં પણ તે કર્મણિ ભૂતકૃદંતને બદલે સંબંધક ભૂતકૃદંત ઉપરથી આવ્યાની વિશેષ ખાત્રી થાય છે. આ 'ભણી' જૂની ગુજરાતીમાં જુદા જુદા અર્થમાં વપરાયેલું જડે છે. મૂળ भण् (બોલવું) ઉપરથી બોલીને, ઉદ્દેશીને, કરીને, માટે, લીધે, તરીકે, જાણી, તથા હાલના 'તરફ' એ અર્થમાં વપરાયું છે.

(૧) અપભ્રંશ.

(૧) 'जा तिय वेस **भणिवि** जणु जाणइं तहि धणु देइ अंगि रइ माणइं." (ભવિ. ૧૬–૯–૯)

(૨) "मग्गेवि लद्धय सा तेण कन्न निवसिट्ठि **भणिवि** हरिबालिण दिन्न." (ભવિ. ૧–૮–૭)

(૩) "सो सियवंतु **भणिवि** अणुमन्नहो मइं पर खीणविहउ अवगन्नहो." (ભવિ. ૭–૪–૯)

(૪) "परिपालिउ बालु लच्छिए दोहित्तउ **भणिवि**." (ભવિ. ૫–૩–૧૦)

(૧) જે સ્ત્રીને લોક વેશ્યા **તરીકે** ઓળખે છે ત્હેને ધન આપી અંગે સુખ માણે છે.

(૨) તે કન્યાને ત્હેણે માગી લીધી, (અને) હરિબલે નૃપશ્રેષ્ઠી **જાણી** દીધી.

(આમાં વપરાયેલ लइय (લીધી) 'લે' ધાતુ સં. ની ધાતુ ઉપરથી આવ્યો ત્હેની સાક્ષી પૂરે છે.)

(૩) એ'ને શ્રીમંત **જાણી** તમ્હે અનુમતિ આપો છો, (તે) મ્હને ગરીબ (જાણી) અવગણો છો.

(૪) દૌહિત્ર ગણી (**જાણી**) લક્ષ્મીએ તે બાળકનું પાલન કર્યું.

(૨) **જૂની ગુજરાતી—**

(૧) "જા રે જા કુણ તાહરુ ધણી દૂત **ભણી** કિમ લાંખૂ હણી ?" (વિ. પ્ર. ૨૪૩ જાણી)

(૨) "વડા **ભણી** જુ દીધી શોભ, તુ ડોકરનિ વાધિઉ લોભ." (વિ. પ્ર. ૨૫ જાણી)

(૩) "હૂં માતા **ભણી** ચલણે લાગૂં." (સીતા. ૩૫ જાણી)

(૪) "વયર **ભણી** કઇગઈ મોકલિઉ." (,, ૨૮ ઉદ્દેશાને–માટે)

(૫) "સતી પીડાયે શા **ભણી** દમયંતી સરખી." (નળાખ્યાન. માટે)

(૬) "ઝાર્ણું પડવા બી **ભણી** પવનનિ જલણ જાણિ" (કાદં. સાંધે)

(૭) "સુંદરતા જોવા ભણી, સહસ્રલોચન થયઉ સુર ધણી." (લીધે)

(૮) "સત્યવાદી **ભણી** લોક માંહિ પ્રસિદ્ધ થિઉ." (સંદર્ભ. ૧૦૬–૨, તરીકે)

(૯) "ત્રીજઉ કલત્ર ભણઇવિ નાહ, જઉ અમ્હ છાંડસિઉ." (જંબુસ્વામિ. ૨૭–તરીકે)

(૧૦) "એયુ તેલુ ઘીઉ ભણી જાણઇ." (સંદર્ભ. ૧૯૪–૨૧ તરીકે)

(૧૧) "મણિ મંદિર નગર ભણી ચાલિઉ." (સંદર્ભ. ૧૭૦–૨૯ તરફ)

(૧૨) "વન ભણી પુહતુ." (સંદર્ભ. ૧૬૫–૧૫ તરફ)

ભણી'ની પૂર્વનું નામ આ રીતે કર્મ વિભક્તિનું છે, (ઘીઉ ભણી=ઘૃતં भणित्वा) છતાં હાલ આપણે 'ભણી'ને નામયોગી ગણી પૂર્વના નામ–સર્વનામને છઠ્ઠીનું ગણિયે છિયે, અને સર્વનામને તથા કોઇ વખત નામને છઠ્ઠીનો પ્રત્યય લગાડિયે છિયે, તે રૂપસામ્યને આભારી છે.

(૨) લગી—સં. लग्नं ઉપરથી સતિ સપ્તમીના પ્રયોગમાંથી આ નામયોગી અવ્યયની ઉત્પત્તિ થઇ છે. મુખ્ય બે અર્થમાં જૂની ગુજરાતીમાં આ અવ્યય વપરાયું છે: (૧) કારણદર્શક (૨) મર્યાદાવાચક. પ્રથમ અર્થ જૂનો છે.

ઉદા.

(૧) કારણદર્શક—

૧. "મુંઝવઇ એહ ઊપરિ કિસા કારણ **લગી** સ્નેહ તણઉ અતિશઉ." (સંદર્ભ. ૨–૯)

૨. "મણિકાદિ શંકા લગી મનિ ભય ઊપજઇ." (સંદર્ભ. ૫–૪)

૩. "ગુરુનઇં વચનિં વૈરાગ્ય **લગઇં** દીક્ષા લીધી." (સંદર્ભ. ૮૧–૨૦)

(૨) **મર્યાદાવાચક—**

૪. "સુ બાલકુ જન્મ**લગી** સુભભાગી હુયઉ." (સંદર્ભ. ૧૩–૨૩)

૫. "લાખ ઘર **લગઇ** સુરંગ ખણાવી મૂંકી છઇં." (,, ૮૩–૨)

૬. જિણદાસિ આપણઉ વૃત્તાંતુ મૂલ **લગી** સગલૂ કહિઉ." (,, ૪૫–૧)

૭. "તીણઇં ધુરિ **લગઇ** સહૂઇ કહી મુહતઉ આણિઉ આયસ લહી." (વિદ્યાવિ. ૧૩૭)

(૩) **કરી—**આ અવ્યયના બે ઉપયોગ થયા છે. (૧) ક્રિયાની સંપૂર્ણતા બતાવવા વાસ્તે (૨) કરણાર્થે. બન્ને અર્થમાં कृत्वा–करिअ–**કરી** રૂપે વ્યુત્પત્તિ છે. '**હાથે કરી**' જેવા પ્રયોગમાં તે કરણાર્થ છે. स्कंधे कृत्वा–शिरसि कृत्वाના જેવા પ્રયોગ ઉપરથી हस्ते कृत्वा–**હાથે કરી** જેવો પ્રયોગ શરૂ થયો હોવો જોઇયે. '**ખાઇ કરી**' જેવા પ્રયોગમાં તે સંપૂર્ણતાર્થે વપરાયો છે. 'हस्ते कृत्वा'માં '**हस्ते**' સાતમી વિભક્તિમાં હતો તે હાલ '**હાથે કરી**'માં અપભ્રંશ દ્વારા તૃતીયાનો થયો છે. અપભ્રંશમાં આ બાજી જાતનો પ્રયોગ મળે છે. "धणहो निमित्तें **करिवि** महामइ" (ભવિ ૫–૪–૪) આમાં निमित्तें તૃતીયામાં છે. 'નિમિત્તે **કરી**' 'માટે **કરી**' અર્થ છે.

ઉદા.

(૧) **સંપૂર્ણતાર્થે**—સંબંધાર્થ કૃદતને '**ને**' લાગવો શરૂ થયો તે પ્હેલાંનો આ પ્રયોગ છે.

(૧) "ઇસઉં પૂર્વભવુ સાંભલી **કરી** બિહુંરહઇં જાતિસ્મરણુ ઊપનઉં." (સંદર્ભ. ૩૧–૧૮)

(૨) "લક્ષ્મી સુપાત્રિ દેવી **કરી** પરિગ્રહ પરિમાણુ કરી સૂતઉ." (,, ૨૧–૨૦)

(૨) કરણાર્થે

(૧) "જિમ **ઇંધનહું કરી** વૈશ્વાનરુ પ્રજ્વલઇ તિમ ઓપગ્રહું **કરી** સુ શોકુ રોગુ વૃદ્ધિ ગયઉ." (સંદર્ભ. ૩૦-૬)

(૨) "**નાભિ કરી** આગઇ લીલાવતી, તઇં આદરી તહ હઉં **કરિમિહિં કરી** લીલાવતી હોઇસુ." (સંદર્ભ. ૧૯-૪)

(૪) **જિમ**—આ અવ્યયનો બે રીતે ઉપયોગ થાય છે, ને જૂની ગુજરાતીમાં થયો છેઃ (૧) રીતિદર્શક અવ્યય (૨) નામયોગી તરીકે-(**માફક-પેઠે** અર્થમાં) રીતિદર્શક તરીકે યથાના અર્થમાં ને નામયોગી તરીકે इवના અર્થમાં વપરાય છે. હેમાચાર્ય સૂત્ર ૮–૪–૪૦૧માં યથા માટે जेम-जिम-जिह-जिध અપભ્રંશ રૂપ આપે છે, પરંતુ થ નો મ થઇ जेम-जिम આવે, તે સંભવિત લાગતું નથી. जिध ને जिह આવે તે સંભવિત છે. એટલે जेम-जिमની વ્યુત્પત્તિ અન્યત્ર શોધવી રહી. તે સૂત્ર ઉપર જે ઉદાહરણ આપ્યાં છેઃ ત્હેમાં जिवँ-जेवँ રૂપ છે, એટલે આ રૂપ સં. इव ઉપરથી આવ્યું છે, એમ ખાત્રી થાય છે. પ્રથમ વાંધો એ નડે કે इनो यि થાય કે કેમ. પાલીમાં તેમ થાય છે. एव ને બદલે પાલીમાં येव વપરાતું, તેમજ इहને બદલે પાલીમાં यिध વપરાતું. આ જાતનો પાલીનો સંસ્કાર પ્રાકૃતમાં પણ આવ્યો છે. 'एव'ને માટે શૌરસેની પ્રાકૃતના રૂપ માટે વરરુચિ (૧૨–૨૩) जेव्व આપે છે, ત્યહારે હેમાચાર્ય (૮-૪–૨૮૦) य्येव આપે છે. આ य्येव પાલી येव જે'વોજ છે, અથવા एव જે इवના અર્થમાં વપરાતો તે ઉપરથી પણ આવ્યો હોય. જુઓ આપ્ટેનો કોષ.

આ પ્રમાણે इव-यिव जिव-जिवँ-जिम-जेम રૂપ થયાં લાગે છે. તેજ પ્રમાણે जिम-जेमના સામ્યને લીધે किम-केम, तिम-तेम, इम-एम અવ્યય વ્યુત્પન્ન થયાં છે.

ઉદા.

(૧) રીતિદર્શક-

૧. "**જિમ જિમ** પડઇ અવત્થડી, **તિમ તિમ** સહઇ શરીર." (સીતાહ. ૩૫)

૨. "**જિમ** મેઘતણઉં ગર્જિતુ સાંભલી કરી મયૂરુ નાચઇ **તિમ** તેહનઉં વચનુ સાંભલી કરી રાઉ હરખિઉ." (સંદર્ભ. ૩-૨૧)

(૨) નામયોગી

૧. "સર્વ દિસિ મિલિત સુભટહં વન માહિ ગજ **જિમ** વેઢિઉ." (સંદર્ભ. ૮-૪)

૨. "આપણા બાંધવ **જિમ** મૂં દેખતાં હૂંતાં તેહ દેવ રહઇં મૂં ઊપરિ મહાંત પ્રીતિ ઉલ્લસી." (સંદર્ભ. ૨-૮)

આ પ્રયોગ અપભ્રંશકાળ જેટલો જૂનો છે.

उद्धरहि पडंतु एवहिं तुम्ह पायसरणु।
धणमित्तहो **जेम** जाम न ढुक्कइ तं मरणु॥ (ભવિ. ૨૧-૧)

(૫) **વડઇં-વડ**-આ પ્રયોગ પણ સતિસપ્તમીના પ્રયોગ ઉપરથી આવ્યો લાગે છે.

ઉદા.

૧. "ઇહં **વડઇં** અમ્હરહઇં ઘૃત-તેલ-ધાન્યાદિ વિસાહણઉં આપિ." (સંદર્ભ. ૫૪-૨૧)

૨. "અલ્પ મૂલ્ય **વડઇં** સુવર્ણ કુશા લિયતઉ તૃપ્તઉ ન થાઈ." (,, ૫૫-૩)

૩. "સુ કઉડાં **વડઇ** વસ્તુ લેઇ કરી વેચઈ." (,, ૧૩-૬)

(૬) **સીમ (પર્યંત)**-આ શબ્દ સીમન્ ઉપરથી આવ્યો છે.

ઉદા.

૧. "દસ-દિવસ-**સીમ** દીયમાનઇ હૂંતી માહરા ઘર હૂંતી નહીં જાઇ." (સંદર્ભ. ૨૧-૧૫)

૨. ઇસી પરિ નવ દિવસ **સીમ** કરઇ." (સંદર્ભ. ૨૧-૨૧)

(૭) **પાખતી-પાખલી**-આ બન્ને पक्षतः ઉપરથી આવ્યા લાગે છે. (આસપાસ)

ઉદા.

૧. "ઇસઉં ચીતવી અદૃષ્ટ થિકઉ તૂ **પાખતી** ફિરિઉ." (સંદર્ભ. ૧૫-૧૮)

૨. "ગજ **પાખલિ** પાયક સઇ પંચ, તે પૂંતાર કરઇં પ્રપંચ." (સુદયવત્સ. ૨૭)

(૮) **સિઉં-સ્યું-શું**-આ અવ્યય समं ઉપરથી આવ્યું છે. समं-सवँ-सिउं-स्युं-શું. અપભ્રંશમાં समउ-सिउ આ અર્થમાં વપરાયા છે. પૂર્વ નામની વિભક્તિ ત્રીજી છે.

ઉદા.

૧. "एव्वहिं एण **समउ** ण चविज्जइ." (ભવિ. ૨-૬)

૨. "धणवइ कुक्कावहो **सिउ** पुत्तें." (,, ૧૦-૩)

૩. "એકિ મિત્ર **સિઉં** વાર્તાલાપ માંડઇં." (પૃથ્વીચંદ્ર ૧૧૨)

૪. "આવ્યા મુનિ નારદજી, તેણિ અનિરુદ્ધ **સ્યૂં** વાત કીધી." (ઉપાહરણ ૯૭)

૫. "સિવસંપત્તિ તીહકડી જીહ જિણઆણ હિયઇ **સઉં** જડી." (માતૃકાચઉપઇ)

૬. "નર નર **સિઉં** બહુ બોલ્લણી, ઘરિ ઘરિ ગોઠિ ભમંત." (નમૂનો)

તુલનાદર્શક અવ્યય

જૂની ગુજરાતીમાં (૧) **થી**, (૨) **પાહિં**; (૩) **પાઈં**; (૪) **પૅ**, (૫) **કન્હા**, (૬) **ઊપહિરઉ**, (૭) **પાખે**, વગેરે તુલનાવાચક અવ્યય તરીકે વપરાતા હતા. પ્હેલા ચારની વ્યુત્પત્તિ વિભક્તિપ્રકરણમાં દર્શાવી છે. (૫) **કન્હા**–कर्णस्मात् ઉપરથી આવ્યો છે. પાલી ભાષામાંજ સર્વનામના પ્રત્યયો નામને લાગવા શરૂ થયા હતા. સાતમીનો હિં જૂનો પ્રત્યય પણ તે'વી રીતે स्मिन् પ્રત્યય ઉપરથી આવ્યો છે. '**કને**' ને कर्णस्मिन् ઉપરથી વ્યુત્પન્ન કર્યો છે, જ્યહારે '**કન્હા**' પાંચમીના स्मात् પ્રત્યય ઉપરથી આવ્યો છે. जहां–तहां રૂપ પણ તે'વુંજ છે. (૬) **ઊપહિરઉ**–उपरिस्थित ઉપરથી આવ્યું લાગે છે. (૭) '**પાખે**' पक्षके ઉપરથી આવ્યો છે. पार्श्वे ઉપરથી અપ. पासिउ આ અર્થમાં વપરાયેલું જડે છે. "पहु भणइं हसंतु तउ **पासिउ** महु मइ पउर." (ભવિ. ૨૧–૭–૩૩) "ત્હારા **કરતાં** મ્હારી મતિ પ્રવર છે."

ઉદા.

૧. "જાં હીંડૂ**થા** ખિમણા મરુ, તાં તુમ્હે પાછા મન ઉસરુ." (કા. પ્ર.)

૨. "તુ ઉપવાદ **પાખે** મરણ વારુ." (વૈ. પં. ૧૨૫)

૩. "એતા દિન રહ્યા તે ફોક, ભાઈ **પાંહિ** ભલા તે લોક." (વિ. પ્ર.)

૪. "ધૂસ પડિઉ નઇ સહૂ ઇ ધાયૂં; ભલા **પાહિ** ભલેરા." (સીતાહ. ૩૦)

૫. "તઉ સત્ય **કન્હા** અધિક પુણ્યકારકુ હુયઇ." (સંદર્ભ. ૧૧–૬)

૬. "પુત્રહી **કન્હા** અતિવલ્લભુ સિંહુ નામિ શ્રેષ્ટિ." (,, ૨૩–૨૪)

૭. "પાંચસઈ હલ ઊપહરશં ક્ષેત્રનઉ નિયમ." (સંદર્ભ. ૧૧૫–૧૨)

૮. "ચ્યારિ ગોકુલ ઊપહિરઉં નીમ." („ ૧૧૬–૨૧)
('ઊપહિરઉ'માં 'થી વધારે' એવો અર્થ છે.)

૯. "આત્મા પાહિં અધિક વાહાલી, તેજનુ અંબાર." (કાદં. ૬૯–૪)

૧૦. 'લોહપેં વજર કઠણ લોક વદે, પણ વજરપેં કઠણ મારૂં રૂદે." (પ્રેમાનંદ)

૧૧. "તેહથી વલી વડું આકાશ." (વિ. પ્ર. ૩૮૩)

૧૨. "અછઈ ભલા વર નેમિહિ પાસ."(નેમિનાથચતુ. ૨૪, કરતાં)

હાલ તુલનાદર્શક અવ્યય તરીકે 'કરતાં' વિશેષ વપરાય છે. તે મૂળ વર્તમાન કૃદંતનું અપ. છઠ્ઠીના બ. વ. નું રૂપ છે. આ 'કરતાં' નો આવો તુલનાદર્શક અવ્યય તરીકેનો પ્રયોગ પ્રેમાનંદના નળાખ્યાનમાં નજરે ચડે છે. તે પ્હેલાં થયો હશે કે કેમ તે શંકા છે. "અંતર શો અમો કાગ કરતાં, મિત્ર જો અમારી પેર રે." (નળા. કડવું. ૮)

આ તુલનાદર્શક અવ્યય વર્તમાન કૃદંત 'કરતાં' ઉપરથી શી રીતે આવ્યું ત્હેની માત્ર કલ્પના નીચે રજૂ કરી છે.

(૧) એ ન કરતાં આ કરવું.

(૨) એ ના કરતાં આ કરવું.

નિષેધાર્થ અવ્યય તરીકે 'ન' તેમજ 'ના' બન્ને વપરાય છે. જેનો નિષેધ કરવાનો છે તે ખોટું છે, અને જેનો વિધિ કરવાનો છે તે સારૂં છે, એ વાત જે ગર્ભિત હતી તે સ્પષ્ટ થતાં, તેમજ નિષેધવાચક 'ના' છઠ્ઠીના પ્રત્યય તરીકે પૂર્વ નામ જોડે જતાં

(૩) એના કરતાં આ કરવું. (? સારૂં છે માટે)

(૪) એના કરતાં આ કરવું સારૂં છે.

આ રીતે 'કરતાં' તુલનાદર્શક અવ્યય તરીકે વપરાવા લાગ્યો હોવો જોઇયે.

નિષેધાર્થ મ-મન

સંસ્કૃતમાં વપરાતા નિષેધાર્થ માને બદલે પ્રાકૃત-અપભ્રંશમાં મં વપરાતો. જૂની ગુજરાતીમાં ઉપરના બે અવ્યયો વપરાય છે. મં ઉપરથી 'મ' ને મં ઉપરથી કે મ+ન ઉપરથી 'મન' આવ્યો લાગે છે.

ઉદા.

૧. "પુરુષારથ **મ** બોલિસિ મામા! વલી વલી તુમ્હ વારૂં." (સીતાહરણ. ૩૧)

૨. "કોઇ **મ** ડરઉ અમ્હારી ધીર." (પ્ર. ચિ.)

૩. "તૂં કાલી નાથણહાર ગોરી સિઉં **મ** વહીસિ ખાર." (પ્ર. ચિ. ૧૨૦)

૪. "બિઇઠઉ આસણથી **મન** ચલે, ભોજનિ અવર સાથિ **મન** ભલે." વિ. પ્ર.)

૫. "**મન** કરિ મધુકરિ રૂણઝુણિ નીઝણિ રહણ સુહાઇ." (નેમિનાથફાગ. ૧૦)

૬. "જાં હીંદુથા બિમણા મરુ, તાં તુમ્હે પાછા **મન** ઉસરુ." (કા. પ્ર.)

નિશ્ચય કે અવધારણ દર્શક.

(૧) કિર-કિરિ—આ અવ્યય સં. किल ઉપરથી આવ્યું છે.

ઉદા.

૧. "જાણિયઇ કિરિ દુર્ભિક્ષ્યરહઇં દેવુ રૂઠઉ." (સંદર્ભ. ૨૭-૨૨)

૨. 'ધાઇ ધસઇ અનઇ ધડહડઇ, કિરિ આસાઢિ અંબર ગડ-ગડઇ." (સુદયવત્સ. ૩૧)

(૨) હૂ-હુ—આ અવ્યય સં. खलु ઉપરથી પ્રાકૃતમાં થતા खु ઉપરથી આવ્યું છે.

ઉદા.

૧. "કાંઇ પાપ કીધઉં હૂઇ તે હૂ કહીઇ." (સંદર્ભ. ૧૦૮-૨૫)

૨. "એહનઈ હીયઇ અનેરઉ કુણ હું છઇ." (,, ૧૧૧-૧૪)

(૩) ઊ-ઉ—ઉપરના 'હ્'નો લોપ થતાં બનેલું.

ઉદા.

૧. "ઇમ અનેરુ ઊ જિ કો વંચઇ તે ઇમ શોચઇ." (સંદર્ભ. ૯૬-૧)

૨. "ચંડપ્રદ્યોત ધરી જીવતુ ઉ ઘરિ આણિઉ." (,, ૮૦-૧૫)

(૪) જિ-જ-જુ—સંસ્કૃત एव ઉપરથી ज्जेव પ્રાકૃતમાં થઇ અપભ્રંશમાં ज्जि-जि થયું. તે ઉપરથી 'હાલનું 'જ' આવ્યું. પ્રાકૃતનું चिअ (च+एव) પણ કદાચ ज्जेव ઉપરથી આવ્યું હોય. આજુબાજુના 'ઉ' ને લીધે કોઇ વખત 'ઉ' વધારાનું ભળી 'જુ' પણ તે અર્થનું મળી આવે છે.

ઉદા.

૧. "થોડે જિ દિહાડે પ્રૌઢ શ્રીવંત વ્યવહારિઉ થિઉ." (સંદર્ભ. ૧૬૪-૨૫)

૨. "પૂણ્ય્ જુ સમસ્તમતસંપૂરકુ." (,, ૩૯-૧૧)

૩. "અનેરઇ જિં ધર્મ સાચઉં જ કહિવું." (,, ૭૯-૧૩)

(૫) હિં-હીં-ઇ-ઇં—સંસ્કૃત अपि ઉપરથી પ્રા૦ वि ના इ ને અવધારણ અવ્યય हि ઉપરથી અનુસ્વાર ભળી इ-हिं અનુક્રમે **સમાવેશાર્થ** ને **અવધારણ** અવ્યય આવ્યા છે.

ઉદા.

૧. "જિ કે ભક્ષ્યભેદ સંભવઇ તિ સગલાઇ કરઉ" (સંદર્ભ. ૫-૧૨)
૨. "વિદ્યુત્સુંદરુનામિ તિહાંઈ જિ દેવુ હૂયઉ." („ ૩-૧)
૩. "હરિદત્તિ કુમારિ તિમહિં જિ પૂર્વભવ સંબંધુ કહિઉ." (૩-૧૬)
૪. "સવહીં આહારતણા સ્વાદ લિઉં. („ ૫-૧૫)
૫. "જિ દાતાર હૂંતા તેઇ યાચકુ હૂયા." („ ૧૩-૧૭)
૬. "રત્ન કાઢીતેઇ સુ બિલુ તિમહીં જિ ભરિઉ દીસઇ." („ ૧૩-૧૮)

પ્રાકૃત णइ-णं

પ્રાકૃતમાં સં. ननुના અર્થમાં णं ને णइ અવધારણાર્થે વપરાતા. તે ઉપરથી જૂની ગુજરાતીમાં 'न' અને '**નઇ-નિ-ને**' આવ્યા છે. હેમાચાર્ય સૂત્ર ૮ ૨-૧૮૪માં આ णइનો નિર્દેશ કરે છે. '**નઇ**' જૂની ગુજરાતીમાં છૂટો વપરાતો, હાલ પૂર્વ શબ્દ જોડે વપરાય છે. તે ઉપરાંત વૈદિક न ઉપમાર્થનો પણ ઉપયોગ હાલ તેમજ જૂની ગુજરાતીમાં हि સાથે થતો હતો. णइમાંથી णं આવ્યો નથી, પણ બન્ને ननु ઉપરથી આવ્યા છે. ત્હેના પ્રયોગ નીચે પ્રમાણે થાય છે.

(૧) **સંબંધાર્થ ભૂતકૃદંત સાથે**—હાલ કૃદંતને જોડાઇને લખાય છે, પણ જૂની ગુજરાતીમાં જુદો પણ લખાતો. '**ખાઇને-રમીને**'માં જે '**ને**' છે ત્હેને દિ. બ. ધ્રુવ સાહેબ णइ ઉપરથી આવેલો માને છે. (કાદં. પૂ. ભાગ, પૃ. ૨૧૩) મુ. નરસિંહરાવભાઇ

अन्यत्–अन्नइ–अनइ ઉપરથી નીપજતા अनि–नि ઉપરથી વ્યુત્પન્ન થયેલો માને છે. (ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૫૭–૬૦, ૩૦૮)

"વાસુદેવનઇ તજી છાંડીનિ અનિ બીજા દેવનઇ ઉપાસિ." (પાંડવી ગીતા) આ ઉદાહરણ ઉપરથી મુ. નરસિંહરાવભાઇ એમ માને છે કે 'છાંડિનિ' માંનો 'નિ' મૂળ अनि હતો, અને બીજો अनि આવી પુનરુક્તિ થઈ છે. જો કે આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોય, એમ હું ઇચ્છું છું. પણ નીચેની બાબતોનો વિચાર કરતાં એ પ્રમાણે હશે કે કેમ તે શંકા ઉત્પન્ન કરે છે. (૧) સંબંધક ભૂતકૃદંતને नइ લાગવો શરૂ થયો તે પૂર્વે 'કરી' આગળ જણાવ્યા પ્રમાણે લાગતો. અને જે અર્થમાં તે વપરાતો તેજ અર્થનો णइ છે. ત્હેણે 'કરી'નું સ્થાન લેતાં 'કરી'નો પ્રયોગ ઘણો જૂજ થયો લાગે છે. આ અનુમાન માત્ર "પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ" ઉપરથી કર્યું છે. (૨) કાવ્યમાં ઘણી વખત अ પૂર્તિ માટે વપરાતો; તેમજ 'કરિઅ' 'પડિઅ' એવાં રૂપ પણ 'કરી' 'પડી' વાસ્તે વપરાતાં. પછી नि લાગે, એટલે 'અ' મૂળ સંબંધક ભૂતકૃદંતનો અંગભૂત હતો તે 'નિ' જોડે લખાતાં 'अनि' જેવું 'અને'ના અર્થનું રૂપ લાગે. (૩) જે ઉદાહરણ આપ્યું છે ત્હેની રચ્યા સાલ તથા ઉતાર્યા સાલ બન્ને કલ્પનાધીન છે. અલબત સંવત્ ૧૬–૧૭ સૈકામાં તેવું રૂપ વપરાતું હતું, એમ કબૂલ કરવું પડે, કારણ કાદંબરીનો તેવો પ્રયોગ ત્હેમણે નોંધ્યો છે, અને બીજે પણ મળે છે. "કૌતુક હુઇ તુ સાંભલુ જી થઇ અનિ સાવધાન." (૧૨–૧૭) આવો પ્રયોગ 'નઇ'ના પ્રયોગની શરૂઆતમાંજ થયેલો નોંધાય તોજ વિશ્વાસપાત્ર ગણી શકાય. બીજું 'છાંડીનિ અનિ'માં કાદંબરીના જેવો 'અનિ' છે, પણ તે ઉપરથી 'છાંડિનિ' માંનો 'નિ' પણ अनि ઉપરથી આવ્યો તે માની લેવું હું ધારું છું કે ઉપપન્ન નથી. વળી તે ફકરાને અંતે એકલું 'પણીનિ' છે. આની વાસ્તવિક ઉત્પત્તિ નોંધવા ૧૪–૧૫ સૈકાનું ગદ્ય લખાણ જોવાની જરૂર છે. (૪) વૈદિક સંસ્કૃતથી

ચાલતો આવેલો ન–ણ પાલી–પ્રાકૃત–અપભ્રંશમાં ચાલુ રહ્યો છે. **માગધી**માં (દા) ણિ પણ વપરાતો. એટલે 'નઇ'ને તે'વોજ માનવો વ્યાજબી છે. (૫) "કરે અને જાય"નું જૂનું રૂપ કરતાં "કરઇ–કરિ અનિ જાઇ" = કરી અનિ જાઇ જે'વું રૂપ થતાં વર્તમાનકાળનું રૂપ સંબંધક ભૂતકૃદંત તરીકે ગણાયું હોય તોજ 'અનઇ' લાગી '**નિ**' આવ્યું, એમ માની શકાય, નહીં તો નહીં.

ઉદા.

૧. "એક દર્પણ કરિ ગ્રહી **નિ** તિલક કરતી ભાલિ." (કાદં.)

૨. "એક લેઇ ઉલતુ **નિ**, રંગતી'તી પાગ." (કાદં.)

૩. "કૌતુક હુઇ તુ સાંભલુ જી થઈ **અનિ** સાવધાન." (કાદં.)

૪. "વાસુદેવનઇ તજી **છાંડીનિ અનિ** બીજા દેવનઈ ઉપાસિ." (પાંડવી ગીતા)

૫. "મૃતક **ઊઠીનઇ** સહી મુજહૂંઇ...આહણિસિઈ." (સંદર્ભ. ૧૬૪, સં. ૧૫૦૦)

૬. "તે મૃતક લગારેક **સલસલીનઇ** ઊઠિવા લાગઉં." (,, વિ. સં. ૧૫૦૦)

૭. "**મરીનઇં** દેવ હૂઓ." (સંદર્ભ. ૯૫–૭, સં. ૧૪૮૫)

(૨) આજ્ઞાર્થ બીજા પુરુષ એક અને અનેક વચનના ક્રિયાપદ સાથે '**કરની–બેસને–ઊઠોને**' જે'વાં રૂપોમાં પ્રાકૃત ણઇ છે. '**ન**' તેમજ '**નઇ–નિ**' બન્ને વપરાતા. શ્રીયુત મધુસૂદન મોદી બુ. પ્ર. ૧૯૩૩ના જુનના ત્રૈમાસિક અંકમાં "**જૂના ગૂજરાતી દૂહા**"ના વઇસિ ઉપર ટિપ્પણ લખતાં (પુ. ૮૦, પૃ. ૨૦૨) આ પ્રાકૃત ણં–ન ને '**કરની–બેસને**' જે'વાં રૂપોમાં વપરાતા '**ને**' સાથે કશો સંબંધ નથી, એમ જણાવે છે. કારણ (૧) '**કરોને–બેસોને**' જે'વાં રૂપ જૂની ગુજરાતીમાં વપરાયાં નથી. (૨) 'બઇસિનઇ' જે'વું રૂપ ગદ્યપદ્યમાં જોવામાં આવ્યું નથી. માટે '**ન**' '**નઇ**' ઉપરથી

આવ્યો હોય તેમ લાગતું નથી.

પ્રાકૃત णं–णइ અર્થે એક હોવા છતાં જૂની ગુજરાતીમાં ત્હેમનાં બે જુદાં રૂપ ચાલુ રહ્યાં છે. નીચેનાં ઉદાહરણ ઉપરથી જણાશે કે બહુવચનમાં પણ '**ન**'–'**નિ**' વપરાયો છે. પાછળથી અર્વાચીન ગુજરાતીમાં સર્વત્ર '**નિ–ને**' વપરાયો. એટલે '**નઇ**' ઉપરથી '**ન**' આવ્યો એમ માનવા કારણ નથી.

ઉદા.

૧. "કહઉ **ન**, તુમ્હરહઇં એહ કૂપ માહિ કિસી પરિ પતનુ હૂયઉં ?" (સંદર્ભ. ૪૪–૧૪)

૨. 'જોયઉ **ન**, એ વાણિયાં ધનલવલાભનિમિત્તુ સરીરૂ સર્વસ્વૂ જોખીમિ ઘાતી કરી દૂર વિષમ દેશાન્તર પૂર ફિરઇં" (સંદર્ભ. ૧૫–૧૬)

૩. "કહુ **નિ** કાદંબરી તિ દીઠી? બોલાવી તિ બાઇ ?" (કાદં.)

૪. "કિહાં તાહારુ સ્વામી પ્રલ્હાદ! ગાઢિ કરિ **નઇ** તેહનઇ સાદ." (હરિષો. ૧૦૧)

૫. "જઇ જલબમ્બા કીધૂ કામ, માગિ **ન** એક અનુપ ઇનામ." (સીતાહરણ)

૬. "ઇણિ સંસારિ દૂખભંડારિ લઇ **ન** જીવ કાય ધમ ઊગારિ." (માતૃકાચઉ)

૭. "લિઉ **ન** કચોલી કુંકુમ તણી, આવ્યા રામ અજોધ્યા ધણી." (સીતાહરણ)

૮. "કહુનઇ એહનઇ કુણ પરણસિ?" (ઉષાહ. ૮૬)

(૩) છઠ્ઠીના પ્રત્યયને જોડાઇને–ત્હાં બેવડા પ્રત્યય જે'વો લાગે છે. "**કાદંબરીનું ગુજરાતી સંક્ષિપ્ત ગદ્યકથાનક**"માં આ ઉપયોગ નજરે પડ્યો હતો.

ઉદા.

૧. "વાત કહી વિરહની મહાશ્વેતા કાદંબરીનાની." (કદાચ अनि-नि)

(૪) છઠ્ઠીના પ્રત્યયનું સ્થાન પચાવી પડે છે. આવે પ્રસંગે णइना રૂપાન્તરને પૂર્વ શબ્દ જોડે લખિયે તો છઠ્ઠી વિભક્તિ **સામાનાધિકરણ્યે** મનાય, અને જુદું લખિયે તો તે કેવળ અવધારણ અવ્યય ગણાય.

ઉદા.

૧. "ઘાટ ઘડિયા પછી નામરૂપ જુજવાં અંતે તો હેમ **નુ** હેમ હોયે."

૨. 'તે **નુ** તે ભાસે તુંને ભોર બપોર શરીર."

૩. તે **નો** તેજ છોકરો.

૪. તે **ની** તેજ છોડી.

૫. "પૈસા **ના** પૈસા ગયા ને ચોર બન્યા.

આ પ્રમાણે છઠ્ઠીના પ્રત્યયનું સ્થાન લે છે: એટલે જાતિવચનના પ્રત્યયો લાગે છે. પરંતુ આમ બને છે માત્ર પ્રથમા વિભક્તિમાં, બીજે સ્થળે 'ને'જ વપરાશે. 'હ્‌હેને ને હ્‌હેનેજ દેખી રહ્યો છે.'

(૫) "લે ! હ્‌હને તો બધું આવડે છે !" માં જે'વો પ્રયોગ થયો છે તે'વો અપભ્રંશમાં થતો હતો. તે પણ પ્રા. णइ ઉપરથી આવેલો લાગે છે.

ઉદા.

૧. "लइ खमिउं खमिउं पुव्वावराहु." (ભવિ. ૧૨-૧૧)

૨. "लइ करहु ताम जलजंत-कम्मु." (,, ૩-૨૫)

૩. "लइ कहमि सयलु एयहो चरिउ." (,, ૮-૧૫)

૪. "लइ तं करउ किंपि जं विहियउ......लिहियउ." (,, ૩-૮)

(૬) આ પ્રયોગ વૈદિક न ઉપમાવાચક જે'વો હિના ઉમેરણ સાથે થાય છે.

ઉદા.

૧. "સહસ્ર ભુજ કલ્પાંત કાલનૂં નહિ દેખાડિ હાસ્ય." (કાદં. ૧૬ જાણે)

૨. "જેહે પાએ આગઇ ભુંઇ છિવી ન હુંતઇ તેહે પાએ ભૂમિ માથઇ નહીં હીંડતઉ પુણ્યપ્રમાણ પ્રકટિવા તણઇ કારણિ રાય તણી અગ્રમહિષી છઈ મહી તેહનઇ માથઇ જાણે પગ ધરઇ છઇ." (સંદર્ભ. ૩૯-૧૭) 'નહિ' જોઇએ. (જાણે)

પરચુરણ

(૧) જિહાંકણિ—જિહાં-તિહાં-ઇહાં કે જહિં-તહિં-ઇહિં સાથે 'કણિ' લાગી આ અવ્યયો બન્યાં છે. આંકારાંત પાંચમીનાં રૂપ છે, બીજાં સાતમીનાં છે. ત્હેમાં ઉમેરાયેલો 'કણિ' સં. कटे (બાજુ) ઉપરથી આવ્યો છે. સિઉં-સ્યું-શું નીચે આપેલા ઉદાહરણ નં. ૫ માં 'તીહહકડી'માં આ कट વપરાયેલ છે. વળી 'भविसयत्तकहा'માં 'जुअरायक्कडइ संपत्त वे त्ति' (૧૩-૧૩-૩) વપરાયો છે. कर्णे ઉપરથી લેતાં જેમ 'કને'માં ન થયો તેમ અહીં પણ થવો જોઇતો હતો. પણ 'કણિ'માં 'ણ' છે, માટે તે कडના ड નો થયો છે.

ઉદા.

૧. "તિહાંકણિ બીસી નિ ઘણી વાર કરિ આજ્ઞા કરિ કુમાર." (કાદં. ૧૫૫)

૨. "જિહાંકણિ કર્ણકમલ તાં લોચન, દંતછવિ અંગરાગ." (,, ૧૨૮)

૩. "મજ્જન તાં અહીંકણિ કર્યૂં, અહીં પૂજિઆ ત્રિપુરારિ." (,, ૧૫૧)

(૨) જિહારિ-यद्-तद्-किम् ઉપરથી जि-ति-कि થઇ वार

ઉમેરાતાં जिवार-तिवार-किवार શબ્દો થયા. જૂની ગુજરાતીમાં ત્હેમનાં સાતમીનાં રૂપ **કિવારઇ-જિવારઇ-તિવારઇ** છે. વ્‌નો લોપ થઇ રૂહેતા આમાં હ્‌નો પ્રક્ષેપ થતાં **જિહારઇ-તિહારઇ-કિહારઈ** જે'વાં રૂપ થયાં. અથવા વાર ને બદલે काल શબ્દ ઉમેરાઇ થયાં હોય. તે જૂની ગુજરાતીમાં વપરાયાં છે. તે ઉપરથી હાલનાં જ્યહારે ત્યહારે, વગેરે આવ્યાં છે.

ઉદા.

૧. "**જિવારઇં** રુદન કરઇ **તિવારઇં** પાછિલા ભવનઇ નામિં બોલાવઇ." (સંદર્ભ. ૧૬૬-૧૨)

૨. "**કિહારિ** બાહુ માલીઇ ગજગામિની સંગિ ગાય." (કાદં. ૩૭)

૩. "મી પૂછી જુ વાર **તિહાર**, લાજંતી બોલી તાં નારિ." (કાદં.) ૧૬૦)

(૩) કાંઇં-કાં-'શા માટે' ના અર્થમાં (અપ. काइं ઉપરથી)

ઉદા.

૧. "काइं अहोमुहु तुज्झु." (૮-૪-૩૬૭)

૨. "તઉ મનોવાંછિતુ **કાંઇં** ન માગિયઇ ?" (સંદર્ભ. ૫૩-૫)

૩. "તુમ્હે મારિઉ **કાંઇં** નહીં ?" (,, ૩૧-૭)

૪. "અમ્હ સામુહઉં કાંઈં દેખઉ નહી ?" (,, ૨૫-૨૫)

૫. "કહિએક વરનઉ પાણિગ્રહણુ કરઇ **કાં** નહીં ?" (,, ૧૭૦-૯)

(૪) કિમઇ-સં. किमपि-કિમઇ-કિમહિ-કિમઇ-કેમે. અર્થની દૃષ્ટિએ कथमपि વિશેષ યોગ્ય છે.

ઉદા.

૧. કિમઇ ધર્મથકી ચૂકઇ નહી." (સંદર્ભ. ૧૬૩-૧૫)

૨. "પિતાઇં ઘણઉં ઇ સીખવી જોઇઉં ધર્મઇં કિસઇ ન કરઇ."
(„ ૧૬૪–૨)

(૫) જાણીઇ–જાણી–જાણે–સં. ज्ञायते–जाणिज्जइ–જાણિઇ–જાણી–જાણે.

ઉદા.

૧. "જાણી બ્રહ્મજ્ઞાન નિકેત, ભવસાગર ઊતરવા સેતુ." (કાદં. ૨૯)

૨. "તેહનઈ માથઈ જાણે પગ ધરઇ છઇ." (સંદર્ભ. ૩૯–૧૯)

(૬) રક્ખે–રખે–સં. रक्षे ઉપરથી

ઉદા.

૧. "વલી રાખે ચોરી કરતઉ." (સંદર્ભ. ૪૨–૧૦)

૨. "તુમ્હે રક્ખે જીભ વાહો, એહવો અનર્થ રખે પ્રામઓ."
(„ ૮૯–૨૨)

(૭) હવઇ–હવિ–હિવ–હવ–આને હું अथ ઉપરથી વ્યુત્પન્ન કરું છું. સં. अथवा (अथ+वा)માંથી અપ. अहवइ (સૂત્ર ૮–૪–૪૧૯) વ્યુત્પન્ન થએલું માનું છું.

(૧) अथ+अपि–अहवि–હવિ–હવઇ રૂપે અગર (૨) अथवाના અપ. अहवइમાં અર્થફેરથી જુઓ "अहवइ ताय काइं वित्थारिं" (ભવિ. ૩–૮–૭) આમાં અર્થભ્રમ થવા સંભવ છે.

ઉદા.

૧. "તઉ હિવ કિસિઉં કરઉં ?" (સંદર્ભ. ૧૬૪–૧૧)

૨. હવઇં પરલોક ઊપરિ કહીઈ છઇ ૨ દષ્ટાંત." („ ૧૬૫–૨૭)

૩. "હુઅઇં આશ્ચર્યની વાત સાંભલિ." („ ૧૬૭-૨૮)

૪. "તુ હુવ એ માહરુ ભક્ષ." („ ૧૬૯-૪)

૫. "મિત્ર! ચિંતા સી કિજઇ! હિવ ભાગ્યજ ફલઇ." („ ૧૬૯-૧૩)

છેલ્લા ઉદાહરણમાં અથવા અર્થ બંધબેસતો આવી રહે છે.

(૮) **પખે-પાખે**—पक्षके ઉપરથી સામાન્ય રીતે વ્યુત્પન્ન કરવામાં આવે છે. તે વ્યુત્પત્તિ સર્વમાન્ય થતી જાય છે. અપ पक्खइ છે. ઉદા.

૧. "તુ ઉપવાદ **પાખે** મરણ વારુ." (વૈ પં. ૧૨૫. **કરતાં**)

૨. "પાંચ દિવસ **પાખિ**." (વૈ. પં. ૧૩૨ **પછી**)

૩. "સુ **પાખિ** ભોજન ન કરી" (વૈ. પં. ૧૪૦ **સિવાય**)

૪. "ધન **પાખઇ** પ્રભાતિ કિસી પરિ યાચકમુખ દેખીસિઈં?" (સંદર્ભ. ૨૧-૧૧)

(૯) **જેતલઇ-તેતલઇ**—यावत्-तावत्‌ના અર્થમાં.

ઉદા.

૧. "જેતલઇ માંસ કાપવા લાગઉ તેતલઇ રાક્ષસ હર્ષિઉ કહઇ." (સંદર્ભ. ૧૬૯-૫)

(૧૦) **જિસઇં-તિસઇં**—ઉપરના અર્થમાં અગર **જ્યહારે-ત્યહારે** અર્થમાં.

ઉદા.

૧. "તિસઇં ચંદ્રલેખા કુમારસ્ત્રી પ્રતિ કહઇ." (સંદર્ભ. ૧૭૦-૧૯)

(૧૧) **જીછે તીછે**—સં. यस्मिन्, तस्मिन् ઉપરથી जस्सिं-तस्सिं, जिस्सिं-तिस्सिं, જીછે-તીછે.

ઉદા.

૧. "**જીછે** તિહુયણસરણ સામિ પૂજીજઇ જિણવર." (સપ્તક્ષેત્રિરાસુ. ૨૯)

૨. "**તીછે** તાલારસ પડઈ બહુ ભાટ પઢંતા." (,, ,, ૪૮)

(૧૨) **પાછઇ–પછઇ–પછી**–વૈદિક पश्चके ઉપરથી. અપ. पच्छइ.

ઉદા.

૧. "તઉ **પાછઇ** તિણિ દેવિ મહાત્મા પૂછિઉ." (સંદર્ભ. ૨–૮)

૨. "**પછઇ** કન્યા કહઇ." (સંદર્ભ. ૧૬૮–૮)

(૧૩) **સહી**—સં. स+हि ઉપરથી કે અરબી सहीह ઉપરથી.

ઉદા.

૧. "મનિ ચીંતવઈ એઉ **સહી** ગુણતણઉ આગર." (સંદર્ભ. ૧૪૫–૧૩)

૨. "**સહી** કાંઈ માહરા જાપમાંહિ દોહલઉઓ હૂઓ." (,, ૧૬૪–૧૪)

(૧૪) **જઉ–જુ**—ત્રણ અર્થમાં વપરાય છેઃ (૧) यदि–जइ-જઉ–જુ. (૨) यावत्–जाव–जव–जउ–જુ. (૩) यत्–જઉ–જુ.

(૧) **यदिના અર્થમાં**—

ઉદા.

૧. "**જઉ** તુમ્હે ભણઉ, તઉ સિંહ બાંધી કરી ચલાવિયઇ." (સંદર્ભ. ૨૫–૯)

૨. "આજુ **જઉ** પિયાણઉં આઘઉં સિંહ ન કરઇં તઉ...." (સંદર્ભ. ૨૫-૯)

(૨) यावत्‌ના અર્થમાં—

૧. "જઉ ન લાધો તઉ રાઉ નગર બાહિરિ નીસરિઉ." (સંદર્ભ. ૩૩-૯)

૨. "જઉ દિન ૫-૬ હૂઆ તિહાં તઉ પાછઇ બીજે...કહિઉ." (,, ૨૫-૬)

(૩) यत्‌ના અર્થમાં—

૧. "મહારાજ! જુ (यत्) તુરહઇં એવડઉ અનુતાપુ હૂયઉ, તિણિ કરી તૂરહઈં અપરાધુ કો નહીં." (સંદર્ભ. ૩૮-૭)

૨. "અધન્યુ હઉં જુ (यत्) માહરઇ ઘરિ ભગવંતુ ન આવિઉ." (,, ૪૯-૯)

(૧૫) જાં-તાં—यावत्-तावत्; याम-ताम; जाम-ताम; જાં-તાં. ઉદા.

૧. "धृष्टविरोधु **તાં** હુયઇં **જાં** દર્શનુ ન હોઇ સંતહ રહઇં." (સંદર્ભ. ૪૦-૧૫)

૨. "**જાં** લગઇ આપણઇં મુખિઈં ચોરી ન માનઇ, **તાં** એહ-હૂઇ નિગ્રહ કરાઇ નહીં." (,, ૧૦૮-૧૪)

(૧૬) પુણ-પણિ-પણ—આ અવ્યય સં. पुनः ઉપરથી પાલીમાં पन-पना થઇ પ્રાકૃતમાં पुण રૂપે આવ્યું છે. અપભ્રંશમાં વપરાતો पर પણ पुनः ઉપરથી આવ્યો છે. જુઓ પૃ ૧૪૯. 'પણ' જો परं-पड-પણ રૂપે વ્યુત્પન્ન થયો હોય તો ત્હેમાં કેવળ **વિરુદ્ધાર્થ** હોવો જોઇયે, પણ **સમાવેશાર્થ**-अपिના અર્થમાં પણ ગુજરાતીમાં તે વપરાય છે. માટે पुनः ઉપરથી વ્યુત્પન્ન કરવો ઇષ્ટ છે. परं કેવળ વાક્યની શરૂઆતમાં વપરાય છે, જ્યારે 'પુણ' સર્વથા તેમ નથી વપરાતો.

(૧) વિરુદ્ધાર્થ—

૧. "મઇં દયા લગી મેલ્હાવિઉ છઇ, પુણુ બીજઉ કોઇ મેલ્હાવસિ નહીં" (સંદર્ભ. ૪૨-૧૦)

૨. "માહરા પ્રાણ હરઉ, પૂણ તોઇ...પીયઉં નહી." (,, ૧૫-૨)

(૨) **સમાવેશાર્થ**-અપિના અર્થમાં—

૧. "કુમારુ પુણુ સરસઉ નીસરિઉ." (સંદર્ભ. ૨૫-૧૫)

૨. "તેહે વૈરી પુણુ મારિયા." (,, ૩૭-૯)

૩. "હઉં પુણિ વાંદી કરી તિહાં બઇઠઉ." (,, ૨-૭)

(૧૭) **નહીંતરિ-નહીતરિ**—नहि+तर्हि ઉપરથી.

ઉદા.

૧. "બાહરિથી ભિક્ષા લિઉં, નહીંતરિ નહીં." (સંદર્ભ. ૮૦-૨)

૨. "સૂઝતઉ આહાર લહઉં તઉ લિઉં, **નહીતરિ** ન લ્યું" (,, ૭૧-૧૭)

(૧૮) જે (**ઉભયાન્વયી**) यत्-जइ-જે. यत् સંસ્કૃતમાં પણ ગૌણ વાક્યની શરૂઆતમાં વપરાતું.

ઉદા.

૧. 'અભિગ્રહ લીધુ-જે મિં ઇણઇં જ ગામિં રહિવું." (સંદર્ભ. ૮૧-૨૧)

૨. "તલારુ વીનવઇ મહારાજ! જે ભૂમિગોચરુ ચોરુ હુયઇ તઉ માહરઇં પાડિ હુયઇ." (,, ૩૩-૨)

૩. "તુ હ નંદિષેણ મનિ ઇશું ચીંતવઇં-**કિમ** એ મહાત્માનઇં સમાધિ કરિસુ, **કિમ** એ સાજઉ થાસિયં." (,, ૭૪-૫)

છેલ્લા વાક્યના 'કિમ' (સં. किम्) ઉપરથી કિ-કે રૂપે હાલનો 'કે' ઉભયાન્વયી વ્યુત્પન્ન થઇ શકે તેમ છે.

(૧૯) વિકલ્પાર્થ 'કઇ'-'કિ'—સં. किम् ઉપરથી.

ઉદા.

૧. "કઇ સોનગિરુ પાલહુ પ્રાંણિ કઇ અમ્હ આયુધ નાખુ." (કા. પ્ર.)

૨. "કઇ મઇ મન્મથ દૂભવ્યું કઇ હૂં નિર્ગુણ નારી." (કા. પ્ર.)

(૨૦) **નવિ**—સૂત્ર ૮–૨–૧૭૮ "णवि वैपरीत्ये" સૂત્રમાં આપેલો णवि '**ઊલટાપણા**'ના અર્થમાં વપરાતો. આ '**નવિ**' નકારાર્થ છે. પણ બન્નેનું મૂળ એક જ લાગે છે. न+अपि (वि)=णवि–नवि રૂપે આવ્યો છે.

ઉદા.

૧. "વલિ વિમાસઇ હઇયડલા માંહિ, દૈવચિંતા **નવિ** જાણીઇ." (વિદ્યા વિ. ૩૪)

૨. "એ નર **નવિ**, જીપિઉ જે ન જાઇ." (પ્ર. ચિ. ૧૧૯)

(૨૧) **અરહુ–પરહુ**—સં. आरात् ને परतः ઉપરથી વ્યુત્પન્ન થયાં છે.

ઉદા.

૧. "પાદુકા તીરિ મૂકી **ઓરહઉ પરહઉ** જોઇ કરી" (સંદર્ભ. ૩૨–૧૫)

૨. "**ઓરહા** આવઉ; શ્રીમહાવીર વાંદઉ." (,, ૫૧–૨૧)

૩. "ચંદનબાલાનુ હાથ **પરહઉ** કીધઉ." (,, ૭૦–૧૦)

૪. "તુમ્હે એઉ **પરહઉ** મેલ્હઉ. (નમૂનો.)

૫. "જુ તુરકાણૂં આણૂં **અરહું**." (કા. પ્ર.)

(૨૨) **સામ્હું**—સં. सन्मुख–सम्मुह–સામુહ–(વિશેષણ ને અવ્યય)

ઉદા.

૧. "મિત્રાણંદુ પૂર્વ પ્રતિપન્નતા લગી રાયરહઇ **સામુહઉ** ઊઠિઉ." (સંદર્ભ. ૪૦–૧૪)

૨. "આવતઉ સાંભલી કરી **સામ્હઉ** આવિઉ." (,, ૫૮–૩)

પ્રકરણ ૨૨ મું

પદવિન્યાસાદિ

અર્વાચીન ગુજરાતી ને જૂની ગુજરાતીના પદવિન્યાસમાં બહુ ફેર નથી. સંસ્કૃતથી માંડી વાક્યરચના એક પ્રકારની ચાલી આવી છે. છતાં જે થોડાઘણો ફેર જોવામાં આવે છે તે અને તેટલો નોંધ્યો છે. શબ્દની ગોઠવણ પદ્યસાહિત્યમાં ગદ્યસાહિત્યથી ભિન્ન હોઈ શકે છે. પરંતુ તેને પ્રમાણભૂત ગણી શકાય નહીં, માટે આ સંબંધી ગદ્યસાહિત્ય તરફજ દૃષ્ટિ કરવી ઠીક છે.

“પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ” માંથી તે જોવા થોડાં ઉદાહરણ લેવાં યોગ્ય ધારી તેને નીચે આપ્યાં છે.

(૧) સાધારણ બોલીમાં ને ગદ્ય લખાણમાં અત્યારે આપણે ખાસ ભાર મૂકવાનો ન હોય ત્યાં વિશેષણને વિશેષ્યની પૂર્વે મૂકિયે છિયે, પણ જૂની ગુજરાતીમાં તેવે પ્રસંગે વિશેષણને વિશેષ્યની ઉપરે મૂકેલું કોઈ વાર જોઈયે છિયે.

ઉદા.

૧. “ગ્રામિ એકિ અતિ દરિદ્રતા કરી દુઃખિત ડોકરિ એક હૂંતી.” (૫૮–૨૩)

૨. “નગરિ એકિ સેઠિ એક તણા બિ પુત્ર લેખશાલ પઢઇ.” (૫. ૨)

૩. “આજુ જઉ પિયાણઉં આવઉં સિદ્ધુ ન કરઉં.” (૨૫–૪)

(૨) પ્રત્યય લોપ (વિભક્તિનો)

ઉદા.

૧. “વૃક્ષ તણી શાખા ઝીટકઉં બાંધી કરી આપણપઉં તિહાં

ચડી કરી વિદ્યા જપઇ." (૬-૨)

(૩) કોઇ વખત સમાસભંગ (ષ. તત્પુ.) થતાં પૂર્વપદને પ્રત્યય લાગે છે. અહીં સંગદોષથી ઉત્તરપદની જે વિભક્તિ હોય છે તે વિભક્તિપ્રત્યય પૂર્વપદને પણ લાગતો જોવામાં આવે છે.

ઉદા.

૧. "**ચોરિ** પગિ લાગી વાહર વનમાહિ આવી." (૬-૧૨) (**ચોરપગિ**)

૨. "તિણિ **આહારિ** દોષિ રાઉ મૂયઉ." (૫-૧૬) (**આહારદોષિ**)

૩. "તઉ પાછઇ તિણિ **નૈમિત્તિકિ** વચનિ કરી" (૨૭-૧૦) (**નૈમિત્તિકવચનિ**)

૪. "ઇમ જીવ અણછતીઇં **વસ્તઇં** મોહઇં કરી" (૯૯-૧૩) (**વસ્તુમોહઇં**)

૫. "જુ જીવુ **સંદેહુ**-પૂરુ હુયઇ સુ સાસય સુહુ ન લહઇં." (૫-૮) (**સંદેહ-પૂરુ**)

(૪) અવધારણ અવ્યય 'જ'ને હાલ આપણે વિભક્તિ પ્રત્યય પછી મૂકિયે છિયે, પણ જૂની ગુજરાતીમાં તે પ્રકૃતિ ને પ્રત્યય વચ્ચે મુકાયેલો જડે છે.

ઉદા.

૧. 'પેલી આપણા કર્મજિહૂંઈ દોસ દિઇ." (૧૬૩-૧૪)

૨. "ઇસિઉં ચીંતવઈ સ્ત્રીઇજિના વૃંદમાહિં થિકી રહઇ." (૧૬૮-૧૧)

(૫) વિશેષ્ય એકવચનમાં ને વિશેષણ બહુવચનમાં—ખાસ કરીને આંકારાંત કૃદંત સાથે. આ પ્રયોગ અપભ્રંશ સમયથી થતો આવ્યો છે.

ઉદા.

૧. "આ તાહરી માતા તઉં દેખતાં મારિસુ." (૧૧૨-૨૦)

૨. "મઝ જોઅંતાં સમ્યક સહી, હરિ સમોવડી કો સમરથ નહીં." (હરિષે. ૧૪૭)

૩. "મઝ જોતાં તિહાં બોલિઉ રાઇ." પ્ર. ચિ. ૧૧૩)

(૬) 'નહીં' અવ્યય ક્રિયાપદ પછી.

ઉદા.

૧. "જોયણ સય ઊપરી હઉં જાઉં નહીં." (સંદર્ભ. ૨૪-૨૦)

(૭) સંગદોષથી પ્રત્યય-(પૂર્વ શબ્દના સંગદોષથી)

ઉદા.

૧. "શીતલિ તરુતલિ વિશ્રામિ નિમિત્તુ બઇઠઇં હૂંતઇં" (૭-૧૧) (વિશ્રામનિમિત્તુ)

(૮) વિશેષણવિશેષ્ય એક વિભક્તિમાં, હાલ ભિન્ન વિભક્તિમાં—

(૧) "બાપ જઇ આંધલઉ હુઇ તઉ બેટઇં આંધલઇં હવઉં?" (સંદર્ભ. ૧૦૪-૨૫) (હાલ "બેટે આંધળા થવું?")

(૯) બે ભિન્ન ભિન્ન જાતિના કર્તાને લીધે હાલની માફક ક્રિયાપદ નાન્યતરજાતિ બહુવચનમાં—

૧. "બેહૂ ઘણુ કાલ તિહાં રહિઆં." (સંદર્ભ. ૧૭૦-૭)

પ્રકરણ ૨૩ મું

વિવૃત એ-ઓની પૂર્વાવસ્થા

જૂની ગુજરાતીના સમયમાં વિવૃત એ-ઓ નિષ્પન્ન થયા નથી. માટે ત્હેની પ્હેલાંની અવસ્થા-સ્વરૂપ અહીં નોંધી તે ઉચ્ચારની પાછળથી સમીક્ષા કરવાની જરૂર છે.

ઉદા.

૧. તે જોવા જણ મિલિઉ બહુ; સેન સહિત તિહાં **બઇઠઉં** સહૂ." (સીતાહરણ ૭૦)

૨. "નિતુ નિતુ વહઇ સુધાકર સોઇ, **વયરીનઉ** ભય એવહુ હોઇ." (પ્ર. ચિ. ૧૦૯)

૩. "આપણપા પીંપલ સડિઉ, મોહ જિ **મકલઉ** મૂલિ." (પ્ર. ચિ. ૧૪૧)

૪. "ગઉખિ **બઇઠી** રાયમએ નેમિનાહુ નિરખઇ." (આરાધના ૧૭)

૫. "**સઉકિ** તણઉ જઇ ટલ્યુ સંતાપુ." (પ્ર. ચિ. ૯૮)

૬. "કામધેન તે (અ) **ઉખર** કરઇ." (વિ. પ્ર. ૭૫)

૭. "ઓલતી છઉડ ઊતારઇ." (પૃથ્વીચંદ્ર. ૧૨૫)

૮. "સાટિ **પઇસઇં**, જુડઇં, **હઉડઇં**." (,, ૧૦૪)

૯. "પણાંગના રમી ધરિ **મઉડઉ** આવઇ." (સંદર્ભ. ૧૭–૨૩)

૧૦. "રાંણીનઇં **સુઉણા** માંહિ નરગ દેખાડઇ." (,, ૮૮–૧૩)

૧૧. "રાઉ પુણિ ચોર પૂઠિ **દ્રવડિઉ**" (,, ૩૪–૬)

૧૨. "તુમ્હારઇ ક્રીડોદ્યાનિ **ચઉમાસિ** રહિયાં હૂંતા...ઊપનઉં." (,, ૨૭–૨૫)

૧૩. "સંધિ સમુદ્રિ ધનવંતિ **ચઉથઇ** દિવસિ પડિસિયાં." (,, ૧૧–૧૨)

૧૪. "**પરહુણઉ** પડી.....ન જાણઇ." (,, ૧૨૦–૧)

૧૫. "તેહ સેઠિનુ **ભઇંસિનઉ** ચારણહાર સુભગ નામિઇં પીંડાર." (,, ૧૦૯–૮)

૧૬. "એવં **ચઉરાસી** ચઉહટાં જાણિવા." (સંદર્ભ. ૧૨૯-૨૦)

૧૭. "**જવહરીહટી**." (,, ૧૨૯-૬)

૧૮. "ડીગ ભરી **ચહિના** અંગાર ધાતી નાઠઓ." (સંદર્ભ. ૭૪-૨૦)

૧૯. "દેવદૂષ્ય વસ્ત્ર **આભરણ પહિરાવી પઉઢાડિઉ**." (,, ૧૦૮-૧૬)

૨૦. "**અહુતઉ** રાઇ બલાત્કારિ હિં બઇસાલી કરી ભણિઉં." (,, ૪૦-૧૬)

૨૧. "**પહિલઊં** પરમેસરુ નમી અવિકલ અવિચલ ચિત્તિ." (પ્ર. ચિ. ૯૬)

૨૨. "ભણઇ વિભીષણ, **પુહરા** કીજઇ. આવી રાત અન્ધારી." (સીતાહરણ. ૫૭)

૨૩. "સોલ સહસ્ર સાહણ કરી ગોપી ગેલિ**ગહિલ્લ**." (પ્ર. ચિ. ૧૧૯)

૨૪. "આવ્યા સજન સંધે **ત્રુહુનરી**." (વિ. પ્ર ૧૬૧)

૨૫. "**જેહુનઇ** થડિ દીવા બલઇ, તે તૂં જઇનઇ લેઇ." (સીતાહરણ ૫૭)

૨૬. "તઇ તુમ્હે મુઆ **હુઉત**." (સંદર્ભ. ૨-૧૭)

૨૭. "હૂઆ ખટખંડિ રાજિઆ **દઉલતિ** દાન ઉદાર." (સિંહાસન બત્રીશી ૧-૨૨) (સંવત્ ૧૬૭૯-સાહિત્ય-એપ્રીલ)

૨૮. "માટીની પાલિ બાંધી **ખઇરના** અંગાર ધાલ્યા." (સંદર્ભ. ૮૧-૧૨)

૨૯. "**ચઉરી** માહિ ચ્યારિ માંગલિક વર્ત્યાં." (,, ૧૪૮-૨૮)

૩૦. "સુ કઉડાં વડઇ વસ્તુ લેઇ કરી વેચઇ." (,, ૧૩-૬)

૩૧. "સઇથિઇં સુંપિસરિ સિંદૂર, ઉપરિ કુંસુમમાલા નપૂર." (શુ. પ્ર. પુ. ૭૯-૨૧)

ઉપરનાં બધાં ઉદાહરણમાં મ્હોટી મુદ્રાવાળાં રૂપમાં અત્યારે વિવૃત એ-ઓ થાય છે. આ ઉચ્ચારની પૂર્વાવસ્થા (૧) अइ-अउ છે. (૨) કોઇ વખત अहि, अहु, ह, વગેરેનો ह् મોળો પડી પૂર્વ બાજુ ખસતાં પણ વિવૃત ઉચ્ચાર થાય છે.

આ વિવૃત એ-ઓને ખાસ સંબંધ अइ-अउ સાથે છે. હિંદીમાં अइનો ऐ ને अउનો औ પ્રયત્ન ઘટતાં થાય છે. તેવે સ્થળે ગુજરાતીમાં વિવૃત એ-ઓ બને છે.

હિં.	ગુ.	હિં.	ગુ.
वैठा	બેઠા	वैल	બેલ
चौक	ચોક	खैर	ખેર
फौज	ફોજ	दौलत	દોલત
मैदान	મેદાન	पैठा	પેઠા

ऐ-औ ને આમ વિશેષ ને પાધરો સંબંધ अइ-अउ સાથે છે. તે अइ-अउનો હિંદીમાં ऐ-औ થયો ને ગુજરાતીમાં સંપૂર્ણ રીતે સ્વરભાર પ્રથમ अ ઉપર પડતાં વિવૃત એ-ઓ ઉચ્ચાર થયો. હિન્દીના ઉચ્ચારમાં સ્વરભાર વચ્ચે પડતો છે, માટે સંસૃષ્ટ સંધિસ્વર થયા છે.

સ્વ. નરસિંહરાવભાઇએ આ વિવૃત એ-ઓની સમીક્ષા પોતાનાં ભાષણોના પુ. ૧, પૃ. ૧૨૫-૧૮૭ ઉપર બહુ ઝીણવટથી કરી છે, અને ડૉ. ટેસીટોરીના મતની ત્યહાં તુલના પણ કરી છે. બન્નેના મતની નોંધ કરિયેઃ

ડૉ. ટેસીટોરી-अइ / अय } -अइ-ऐ-ॲ; अउ / अव } -अउ-औ-ऑ.

મુ. દીવેટીઆ-अइ-अय } -अय-अय्-ॲ; अउ / अव } -अव-अव्-ऑ.

ડૉ. ટેસીટોરીના મતે अइ-अउનો પ્રથમ ऐ-औ થયો, ને પછી વિવૃત એ-ઓ થયો. આ'માં વચગાળાનો ક્રમ વ્યાજબી લાગતો નથી. હિંદીમાં ઉપર જોયું તેમ વચગાળાના ક્રમે ऐ-औ) વિકાસ પૂરો થયો છે, ત્હારે ગુજરાતીમાં अइ-अउ ઉપરથી (વચગાળાના ક્રમ સિવાય) વિવૃત ઉચ્ચાર એ-ઓ થયો છે. એટલો એ મતમાં મ્હને વાંધો ભાસે છે.

મુ. નરસિંહરાવભાઇના મતે अइનું પ્રથમ अय ને अउનું પ્રથમ अव બનવું જોઇયે. પછી अय-अवનો અંત્ય अ છોડી अय्-अव् રહે. ત્હેનો વિવૃત એ-ઓ થાય. આ સંબંધી હું મ્હારો અભિપ્રાય નમ્રતાપૂર્વક રજૂ કરું છું.

પ્રથમ વાંધો એ છે કે अइનો अय થયાનાં મુ. નરસિંહરાવભાઇએ ચ્યાર ઉદાહરણ નોંધ્યાં છે. (વયર, પયઠઉ, વયરાગી, બયઠઉ) પણ अउનો अव થયાનાં ઉદાહરણ 'કુવણ' સિવાય નોંધ્યાં જણાતાં નથી. अइ ને अयના ઉચ્ચારમાં મ્હોટો ફેર નથી. इ ને य બન્ને તાલવ્ય છે. એટલે કાવ્યમાં અક્ષરમેળ કાયમ રાખવા વાસ્તે य ઉચ્ચાર કરવો પડે ત્હાં इનો य લખાય, અને તે'વાં થોડાં રૂપ જડી આવે, પણ તે સાથે તેજ શબ્દોનાં अइવાળાં રૂપ વિશેષ પ્રમાણમાં મળે છે. उ ને वનાં ઉચ્ચારસ્થાનમાં ભેદ છે. उ ઓષ્ઠસ્થાની છે, જ્યહારે वના ઉચ્ચારમાં દંતસ્થાનની મદદ લેવી પડે છે. એટલે આ ચર્ચામાં अउનો अव થયેલાં રૂપ વિશેષ પ્રમાણભૂત ગણાય. વળી 'કુવણ'નું ઉદાહરણ વ્યાજબી પણ નથી. અપ. कवण રૂપે જૂની ગુજરાતીમાં ગદ્ય વાસ્તે कउणને જન્મ આપ્યો ને कवण

જાતે પદ્યમાં ચાલૂ રહ્યું. તે અદ્યાપિ કાવ્યમાં વપરાય છે, અને ક્યારે પ્રચારમાંથી નષ્ટ થશે, તે કહી ન શકાય. વિ. સં. ૧૪૫૦ના 'મુગ્ધાવબોધ ઔક્તિકમાં' 'કઉણ' વપરાયું છે, જ્યહારે સં. ૧૪૭૮ના 'પૃથ્વીચંદ્ર ચરિત'માં '**કવણ**' વપરાયું છે. આવી જાતનાં બીજાં રૂપ તણો, કેરો છે. તે અપભ્રંશમાં વપરાતાં તે'વાજ રૂપે હાલ વપરાય છે, ને વપરાશે. નળાખ્યાનનું "**કવણ** રાયની દીકરી, **કવણ** તેહનું ગામ?" તેમજ લોકપ્રિય દૂહામાં "**કવણ** ખટકાવે કમાડ મઢી છે રાણકદેવની?" માં વપરાયેલું कवण જૂ. ગુ. कउण ઉપરથી આવ્યું, એમ માનવું વ્યાજબી નથી. એ પ્રમાણે તો અપ. कवणનું જૂ. ગુ. માં कउण થયું, ને પછી જૂની ગુજરાતીમાંજ પાછું कवण થયું. આમ ભાષાવિકાસના એકજ કાળમાં કોઈ રૂપ વિકૃત થઇ પાછું મૂળરૂપમાં આવે તે સંભવિત લાગતું નથી.

જૂની ગુજરાતીમાં નીચેના શબ્દોમાં મૂળ વ્નો उ થયો છે. બધામાં વિવૃત **ઓ** છે. પાછો अउનો જૂની ગુજરાતીમાંજ अव–अव् વિવૃત ઉચ્ચાર વાસ્તે થયો એ સંભવિત નથી, તેમ अउનો अव થયાનાં ઉદાહરણ પણ ઠીક પ્રમાણમાં નથી.

૧. धवल–धउल–ધોળ
૨. (દે.) छवड्डी–छउड–છોડ
૩. कवलक–कउलउ–કોળિયો
૪. गवाक्ष–गउख–ગોખ
૫. द्रुत–द्रवड–दउड–દોડવું
૬. सपत्नी–सवत्ती–सउकि–શોક્ય
૭. द्विअर्ध–(दियड्ढ–दिवड्ढ)–दउढ–દોઢ (હિ. देढ)

હંમેશાં ફેરફાર થવોજ જોઇયે એમ કહી શકાય નહીં, કારણ પરિસ્થિતિ તેમ હોત તો પ્રા. त्तण પ્રત્યય ગુ. '**એ**'**વાતણ**'માં, અપ. प्पण પ્રત્યય '**ગળપણ**, **બચપણ**'માં, પ્રા. त्तण પ્રત્યય **શૂરાતન**, **પુરુષાતન**'માં, પ્રા. અપ. प्प પ્રત્યય '**મોટપ**, **સારપ**'માં ટકી ન રૂહેત. એટલે જેમ અપ. તણો તેમ कवण બન્ને અવિકૃત રૂપે ચાલુ રહ્યા છે, ને ભવિષ્યમાં કાવ્યમાં રૂહેશે.

બીજો વાંધો એ છે કે अव् ઉચ્ચારજ શક્ય નથી. अवમાંના वનો अ ઊડે, એટલે તુરત उ થવું જોઇયે, કારણ उ+अ=व, એટલે वનો अ ઊડતાં उ થવું જોઇયે. જો એમ માનિયે કે આ ઉચ્ચાર ફારસી ભાષાને આભારી છે તો ઉદાહરણ ૨૭માં ફારસી શબ્દ दव्लत છે. ત્હેનો ગુજરાતીમાં 'दउलति' થયો છે, તે બતાવી આપે છે કે ફારસી ઉચ્ચાર ગુજરાતીને અનુકૂળ નથી; એટલે वूનો उ થવો જોઇયે. જો વસ્તુસ્થિતિ આમ છે તો જૂની ગુજરાતીના अइ–अउના अय–अव; अय्–अव् ક્રમની આવશ્યકતા જણાતી નથી.


ત્રીજો વાંધો એ છે કે ઉદાહરણોમાં બતાવ્યા પ્રમાણે જૂની ગુજરાતીમાં બહુધા अइ–अउ રૂપ મળી આવે છે. ત્હેનો વિવૃત ઉચ્ચાર થવામાં જો अय–अव ક્રમની જરૂર હોય અને તે'વાં રૂપ ઉચ્ચારમાં પ્રચલિત થયાં હોય તો તે જરૂર સારા પ્રમાણમાં નંધાયા વગર ન રૂહે. ઉદા. ૨૭ સંવત્ ૧૬૭૯ની સાલનું છે. પછી ૧૮મા સૈકામાં તો વિવૃત ઉચ્ચાર થયો છે; તો જો अव् ક્રમની જરૂર હોય તો મૂળભૂત ફારસી अवूનો अउ સં. ૧૬૭૯માં શા માટે થયો તે સમઝાતું નથી.

આ કારણોથી अय–अव ક્રમ કૃત્રિમ લાગે છે. વ્યાજબી ક્રમ अइ–अउ છે. તે આધારે गवाक्ष શબ્દના પ્રા. गवक्ख ઉપરથી જૂની ગુજરાતીમાં સંયોગલોપ થતાં પ્હેલા ખોળાનું સંતાન गवाख. गवक्ख આગળ ચાલુ રૂહેતાં ત્હેનું गऊख થયું. આ गऊख રૂપે 'ગૂખ'ને જન્મ આપ્યો ને गऊख–गउख જાતે ચાલુ રૂહેતાં છેવટે 'ગોખ' શબ્દને જન્મ આપી મૂળ રૂપ પ્રયોગલુપ્ત થયું. कः पुनःના પ્રા. कोउण–कउण રૂપે અપભ્રંશના कवण રૂપને જન્મ આપ્યો. અપ. कवण રૂપે જૂની ગુજરાતીના कउण ગદ્યરૂપને જન્મ આપ્યો. આ कउण રૂપે 'કુણ' ને પછી 'કોણ'ને જન્મ આપ્યો. ઉત્તરાવસ્થામાં कवण વાંઝિયું રહ્યું નથી, તેમ 'કોણ' તે ત્હેનો પુત્ર નહીં, પણ પૌત્ર. कवण ઉપરથી कयणનો જન્મ થયો ને વૃદ્ધ થવા છતાં ત્હેની જરૂરને


લીધે તે ઠેઠ ટકી રહ્યું છે. "કલ્હે જલહરુ થક્કિસએ કયણુ પરાઇ આસ." (દૂહામાતૃકા ૪૯). નીચેના વંશવૃક્ષ ઉપરથી આ બાબત વિશેષ સ્પષ્ટ થશે.

I गवाक्ष (સં.)

गवक्ख (પ્રા.)




II कवण (અપ.)



III तावत (સં.)

तात्र (પ્રા.)

तइ (જૂ. ગુ.)



अइ-अउમાંથી સંવૃત એ-ઓ તથા વિવૃત એ-ઓ થયા. સ્વર-

ભાર अ ઉપર પડે તો વિવૃત ઉચ્ચાર થાય ને इ-उ ઉપર પડે તો સંવૃત ઉચ્ચાર થાય, એ ધોરણ વ્યાજબી લાગે છે. ડૉ. ટેસીટોરી સંવૃત ઉચ્ચારને વાસ્તે अय-अव થવાજ જોઇયે, એમ માને છે, તે વ્યાજબી લાગતું નથી, તેમ મુ. નરસિંહરાવભાઇનો વિવૃત ઉચ્ચાર વાસ્તે अय-अव થવા જોઇયે, એ ક્રમ પણ ઠીક લાગતો નથી.

ઉદા.

૧. "સેવત્રી જાઇ જૂહી વેઉલ બઉલ્લ શ્રીદમણા મરૂઆ." (સંદર્ભ. ૧૫૦-૧૨)

૨. "દિન પ્રતિ એક બીજઉરઉં આણી આપવઉં." (,, ૧૬૫-૨૨)

૩. "હરસઉરા, ચિત્રઉડા,...નાગઉરા, આણંદઉરા." (,, ૧૫૫-૧૭)

૪. "નીલઉ પટઉલઉં પહિરી." (,, ૧૦૬-૨૦)

(૧) બોર(સલ્લી), (૨) બીજોરૂં, (૩) હરસોરા, ચિત્રોડા, નાગોરા, (૪) પટોળું--શબ્દોમાં વિવૃત ઉચ્ચાર નથી, પણ સંવૃત છે. તે 'અઉ'ના 'ઉ' ઉપર પડતા સ્વરભારને લીધે આવ્યો છે. પ્રાકૃતમાં मयूर-मोर, लवण-लउण-लोण, वदर-बउर-बोर એ રીતે થયા. આ પ્રમાણે સ્વરભાર નિયામક તત્ત્વ છે, બાકી સંવૃત ને વિવૃત ઉચ્ચાર બન્ને अइ-अउ ઉપરથી આવે, તે સંભવિત છે.

સંપ્રસારણ અને પ્રતિસંપ્રસારણ સંબંધી મુ. નરસિંહરાવભાઇ તથા ડૉ. ભાણ્ડારકરનું શું કહેવું છે તે જોઇયે. અનુક્રમે નોંધ કરીશું.

The genesis of प्रतिसंप्रसारण may be this; when the इ-उ find themselves in a subordinate position they seek, as it were, some support for self-

preservation, and an adventitious अ steps in to furnish such support, resulting in the usual sandhi इ+अ=य and उ+अ=व. Paṇini's rule, इको यणचि operates here; this rule is practically the reverse process of इग्यणः संप्रसारणम्." (ગુ. ભા. સા. પુ. ૧, પૃ. ૧૨૮) આ ઉપરથી એટલું તો જણાય છે કે इ–उने ટકી રહેવા માટે વધારાનો अ આવી પ્રતિસંપ્રસારણ થાય છે, એટલે इ કે उ પાછલા સ્વર સાથે જોડાઇ ન જાય અને શબ્દનું માપ જળવાઈ રહે માટે પ્રતિસંપ્રસારણ થાય છે.

"When व–य (or rather the अ therein) is accented there is sampra‑ârana and if it is unaccented samprasarâṇa is prevented by the shifting of the accent to the preceding अ (of अय–अव), thus turning the अ of य–व into a द्रुततर अ and consequently dropping it, leaving अय्–अव् as the immediate cause of the wide sound." (ગુ. ભા. સા. પુ. ૧, પૃ. ૨૭૯) આ'માં એમ જણાવે છે કે अय–अवમાં સ્વરભાર પ્રથમ अ ઉપર પડે એટલે સંપ્રસારણ ન લે, અને અંત્ય अ (य ને वमांનો) દ્રુતતર બની ઊડી જાય. માત્ર अय्–अव् રહે તે વિવૃત ઉચ્ચાર બનાવે.

હવે ડૉ. ભાણ્ડારકરને આ બાબત શું કહેવું છે તે જોઇએ. "To such an accent as this might be attributed the almost universal change of अय and अव to ऐ and औ that we have already noticed. The अ of the initial syllable, being accented, draws to itself the य or व of the following and deprives it of its अ, in which cases the य or व becomes इ or उ, and then

the two form ऐ and औ." (ભાષણો પૃ. ૧૬૩) તેજ વાત અન્યત્ર પણ કરી છે.

"The change of अव to औ formerly noticed I consider as due to the elision of the final अ of व consequent upon an accent on the first syllable, thongh afterwards there is a softening of the व् to उ." (ભાષણો. પૃ. ૧૬૮)

આ પ્રમાણે મુ. નરસિંહરાવભાઇ ને ડૉ. ભાણ્ડારકરના મતમાં ભેદ છે. બન્ને જણ જણાવે છે કે સ્વરભાર अय-अवની પ્રથમ શ્રુતિ अ ઉપર પડે તો અંત્ય अ (य-वमां છેવટનો) ઊડી જાય, પણ ડૉ. ભાણ્ડારકરના માનવા પ્રમાણે अ ઊડતાં અવશિષ્ટ રહેતા य्-व् નો इ-उ થાય, જ્યહારે મુ. નરસિંહરાવભાઇના મતે સંપ્રસારણ ન લેતાં य्-व् કાયમ રહે.

પ્રતિસંપ્રસારણ બાબત કહ્યું છે કે इ-उ ગૌણ સ્થિતિમાં આવી પડતાં વધારાનો अ આવી इ-उને ટકાવી રાખે છે. તો સ્વરભાર પૂર્વ શ્રુતિ ઉપર ખસતાં દ્રુતતર બનેલો अ ઊડી જાય ને પ્રતિસં-પ્રસારણથી ઊલટો નિયમ સંપ્રસારણ લાગી अय्-अव्नो अइ-अउ થવો જોઇએ. ડૉ. ભાણ્ડારકર હિંદી ભાષા સંબંધી કહે છે, એટલે ત્હેમાં ऐ-औ (अइ-अउना) થાય, પણ ઉપર બતાવ્યા પ્રમાણે જ્યહાં હિંદીમાં ऐ-औ છે ત્યહાં ગુજરાતીમાં વિવૃત એ-ઓ થાય છે, એટલે બન્નેનું મૂળ એકજ છે.

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે જો अय-अवનો અંત્ય अ ઊડતાં अइ-अउ થવા જોઇએ તો नयण, रयण, वयण પ્રાકૃત શબ્દો ઉપરથી નેણ, રેણ, વેણ શબ્દોમાં વિવૃત એ છે તો ત્હેનાં પૂર્વ રૂપ

नइण, वइण, रइण એવાં નંધાયલાં બતાવવાં જોઇયે. પરંતુ તેવાં રૂપ લખાણમાં બહુ નંધાયાં નથી, એ વાત ખરી છે. * છતાં ઉપર બતાવ્યા પ્રમાણે (૧) इ ને यનાં ઉચ્ચારસ્થાન એક છે. (૨) नइण ને બદલે नयण રૂપ इની ગૌણ સ્થિતિ આવી ન પડે અને કાવ્યમાં શબ્દના લાંબા માપની જરૂર પડવાથી તે રૂપ ટકી રહ્યું છે. જનતાની વાણીમાં લખાણ પ્રમાણે હશે કે કેમ તે શંકા છે. પરંતુ अव्-अउ સંબંધીનાં ઘણાં ઉદાહરણ શરૂઆતમાં નોધ્યાં છે. આ બાબતનો વિચાર કરવામાં ખાસ રૂપ તો अव-अव्-अउ છે, કારણ व કેવળ ઓષ્ઠસ્થાની નથી પણ દંતૌષ્ઠ છે, એટલે ઉચ્ચારસ્થાનોમાં ફેર હોવાથી व્ નો उ થયા સિવાય વિવૃત **ઓ** બને નહીં. નગરનું 'નેર' (ચાંપાનેર-વાંકાનેર) થાય છે. પરંતુ नयर-नइर છેવટનું રૂપ લખાણમાં ઝાઝું નહીં મળે. છતાં ઉચ્ચારમાં नइर થાય ને પછી **'નેર'** બને.

(૨) વળી હકારમાં વિવૃત એ-ઓ કરવાનું સહજ સામર્થ્ય છે, પણ તે પૂર્વ શ્રુતિ તરફ ખસતો હોય અને લઘુપ્રયત્ન બનતો હોય ત્યારે. इह, अहि, अहु, अह, उह, વગેરે અક્ષર સમૂહનો ह પૂર્વ શ્રુતિ તરફ ખસે તો વિવૃત એ-ઓ થાય. જવહરી-ઝવેરી, મહતઉ-મ્હેતો, ગહિલ્લ-ઘેલું, નુહતરી-ન્હોતરી, પુહરા-પ્હોરા-પોરા, પહિલઉં-પ્હેલું, વગેરે ઉદાહરણમાં નોંધેલાં રૂપમાં વિવૃત એ-ઓ બને છે.

ગુજરાતીમાં **જે-તે-એ** પ્રથમા ને પાંચમીના **'થી'** પ્રત્યય પૂર્વે આમનાં રૂપમાં વિવૃત ઉચ્ચાર નથી, પણ અન્ય વિભક્તિઓનાં રૂપમાં વિવૃત ઉચ્ચાર ને હકાર બન્ને છે. તે છઠ્ઠીના જૂના ह પ્રત્યયને આભારી છે: જે'ને, ત્હેને, ત્હેમાં, વગેરે. જુઓ ઉદાહરણ ર૫મું **'જેહનઇ'**.

મુ નરસિંહરાવભાઈ अय-अव, अय्-अव्, એ-ઓ-આ ક્રમ માટે

* 'માતૃકાચઉપઇ'માં સં. वचन શબ્દ માટે ત્રણ વખત वइण વપરાયો છે: वइण (૨૨), वइणु (૨૮), वइणु (૫૦)

આગ્રહ રાખવા છતાં પણ જણાવે છે કે "Here to leave the अइ–अउ and subsequent evolutes अय्–अव् the ह् shifting to the beginning (ह्मइणी–ह्मउलउं) creates a free road for the conditions of the wide sound; which would not be so well created by the ह् shifting end-ward or in any other way;" (ગુ. ભા. સા. પુ. ૧, પૃ. ૪૩૦)

આ પ્રમાણે હ્નું પૂર્વ શ્રુતિ તરફ ખસવું તથા લઘુપ્રયત્ન બનવું-એ બે વિવૃત ઉચ્ચાર કરવામાં સહાયભૂત થાય છે. વિવૃત ઉચ્ચારનું થવું ને હ્નું ખસવું લગભગ સાથે સાથેજ બને છે. ત્હેને લાંબો કાળ લાગ્યો હોવો જોઇયે નહીં.

૧. भगिनी–भइणी–बहिण–બહિન–બ્હેન	૨. नखर–नहर–नहुर–ન્હોર
૩. ग्रहितक–गहिल्ल–गहिलउ–ઘેલો	૪. प्रहर–पहर–पहुर–પ્હોર
૫. पृथुलकं–पहुलउं–પ્હોળું	૬. जहर (ફા.) ઝેર
૭. महत्क–महत्तउ–મ્હેતો	૮. प्रथम–पढमिल्ल–पहिलउं–પ્હેલું
૯. अधिकरणी–अहिअरणी–अहिरणि–એરણ	

ઉપર પ્રમાણે अइ–अउ સ્વરયુગ્મોમાં સ્વરભાર પ્રથમ अ ઉપર પડતાં વિવૃત એ-ઓ થાય છે, તેમજ ह् પૂર્વ તરફ ખસી મોળો પડતાં પણ વિવૃત એ-ઓ થાય છે. આ બે ઉપરાંત પણ એ-ઓ નીચેના પ્રસંગોમાં બને છે.

(૩) ૧. गृहे–घरि–ઘિરિ–ઘેર

૨. प्रकार–पआर–पयार–पयर–પરિ–પિરિ–પેર (તૃતીયા).

આમાં સંગદોષથી સાતમીના કે ત્રીજીના इ પ્રત્યયને લીધે પૂર્વે પણ इ આવી છેવટે વિવૃત **એ** થયો છે.

ઉદા.

૧. "એક સમિ તે ભૂપ આવ્યુ કામિનીનિ **ઘિરિ.**
રાઇ સામા બીઠી દીઠી શોક કેરી **પિરિ."** (કાદં. ૩૯)

૨. 'રુકિમણી પરણીયા, પૂછી રે **પિરિ."** (ઉષાહ. ૮૪)

આ'માં પ્રથમ શ્રુતિ ઉપર સ્વરભાર પડતાં ને અંત્ય इ નો ए કે अ થતાં પૂર્વ इનો વિવૃત ઉચ્ચાર થયો છે. મેળે, બેળે, વેર્યે, તેડ્ય, ભેર, મેર્‌ય (મરિ–મિરિ), વગેરે શબ્દોમાં વિવૃત એ આ પ્રમાણે આવ્યો છે.

(૪) આગળપાછળ અનુનાસિક કે અનુસ્વારને લીધે પણ વિવૃત એ–ઓ થાય છે. આ'માં અનુનાસિક વિવૃત ઉચ્ચાર કરવામાં સાધનભૂત થાય છે. શિષ્ટ ગુજરાતીમાં **ઇંટ, ભીંત, વીણવું, વીંટવું, દીંટું, વીંટી** ઉચ્ચાર કરિયે છિયે, પણ ત્હેનો ગામડાના અભણ લોકો **એંટ, ભેંત, વેંણવું, વેંટવું,** દેંટુ, **વેંટી** એ'વો ઉચ્ચાર કરે છે. આ'નું કારણ અનુસ્વાર છે. વિવૃત ઉચ્ચાર થતાં અનુસ્વાર મોળો પડે છે. જિમ–તિમ ઉપરથી કે જેમ–તેમ ઉપરથી હાલ **જેમ, તેમ**માં વિવૃત ઉચ્ચાર છેવટના મ ને લીધે આવ્યો લાગે છે. अनाधार, अनर्गल ઉપરથી પ્રથમ अનો લોપ થઇ બનતા **નાધાર, નાગલ**ના હાલ ઉચ્ચાર નોધારો, નોગળેલો થાય **છે.** ત્હેમાં પણ **'ન'** અનુનાસિક કારણભૂત લાગે છે. (કદાચ નાંધારો–નાંગળેલો જુઓ પૃ. ૨૭) તે ઉપરાંત આમાં વિવૃત ઓનું સામર્થ્ય હોય તેમ જણાય છે. आपत्ति ઉપરથી **ઓપટી** ને आधान ઉપરથી **ઓધાન** શબ્દો તે'વી રીતે બન્યા છે.

(૫) ૧. उद्धव ઓધવ ૨. गुड ગોળ
૩. उषा ઓખા ૪. उत्सव ઓચ્છવ

વગેરે શબ્દોમાં માત્ર પ્રયત્નલાઘવને માટે વિવૃત **ઓ** થયો છે.

આ પ્રમાણે વિવૃત ઉચ્ચાર કોઇ એક નિયમને વશ વર્તતો હોય તેમ જણાતું નથી.

(૬) અંત્ય અઇ–અઉનો વિવૃત એ–ઓ.

૧. शत–सय–सइं–सें–(ચારસેં) ૨. शत–सअ–सउ–सो

૩. मय–मइ–मे ૪. मय–मउ–मो

૫. आस्ताम्–अच्छउ–छउ–छो (છો બેઠો)

૬. भवतु–हवउ–हुउ–हो–हों

વિવૃત એ–ઓવાળા શબ્દોની યાદી (અપૂર્ણ)

એ	ઓધવ	ઓસરી	કેમ
એંટો	ઓજવ	ઓસાર	કહેવું
એંગ	ઓરતો	ઓસાણ	કેદ
એંજો	ઓદાળવું	ઓળો	કેરબો
એને	ઓતણવું	ઓળવો	કેફ
એનું	ઓચિંતો	ઓળજંપો	કોણ
એમાં	ઓતર	ઓથાર	કહોળ
એંઠ	ઓગણા	ઓથરવું	કોઠી
એળે	ઓરિયો	ઓધાર	કોડી
એંધાણ	ઓકવું	ઓલિયો	કોયલ
એંધાણી	ઓગળવું	ઓવારણાં	કોદાળો
એરુ	ઓળવવું	ઓરમાણ	કોગળિયું
એંશી	ઓપટી	ઓરમાઈ	કોળિયો
એંશ	ઓર	ઓતરા (સ્ત્રી)	કોળિયું
ઓ	ઓળ	ઓતરા (નક્ષત્ર)	કહોણી
ઓખર	ઓધાન	ઓરત	કહોડો
ઓગણ	ઓધરાળા	કે	કોરણ
ઓખા	ઓજાડ	કેલ	કોરમ
ઓથો	ઓડણ	કેર	કોશલ
ઓસરવું	ઓતમ	કેરી	કહો
ઓડકાર	ઓગલો	કેરાં	કહોવારો
ઓગરવું	ઓખાળવું	કેળ	કોષ્ટક
ઓળોઓળો	ઓલાદ	કેડિયું	કોયલો

કોલસા	ઘેન	ચ્યોકો	જે'મનામાં
કો'યડો	ઘેમરાજી	ચ્યોતારૂં	**ઝે**
ખે	ઘેંશ	ચ્યોધરી	ઝેર
ખેન	ઘોતર	ચ્યોથ	ઝેમત
ખે	**ચ્યે**	ચ્યોથિયું	ઝોળ
ખેળ	ચ્યેન	ચ્યોરો	ઝોડ
ખેર	ચ્યેળ્ય	ચ્યોમાસું	**ટે**
ખેરો	સ્હેરો	ચ્યોકડી	ટેલ
ખેંચવું	સ્હે	ચ્યોકડું	ટોળ
ખેંગાર	સ્હેકવું	ચ્યોકઠું	**ઠે**
ખેરાત	સ્હેરવું	ચ્યોટવું	ઠેર
ખોળો	ચ્યેણ્	ચ્યોક્કસ	ઠેગવું
ખોળવું	ચ્યોફેર	ચ્યોગાન	ઠોર
ખોળ	ચ્યોખંડું	ચ્યોપાઇ	**ડે**
ખો	ચ્યોગણું	ચ્યોતરો	ડ્હેલું
ખોરાક	ચ્યોપાસ	ચ્યોફાળ	ડ્હેરો
ખોરૂં	ચ્યોગમ	ચ્યોપડી	ડ્હોળવું
ગે	ચ્યોદશ	**છે**	ડોળ
ગેબી	ચ્યોપાટી	છેલ	ડોળિયું
ગેર (હાજર)	ચ્યોસઠ	છેલ્ય	**ઢે**
ગેલ	ચ્યોત્રીશ	છોળ	ઢેલ
ગેંડી	ચ્યોરાશી	છોડાં	ઢોંગ
ગેરત	ચ્યોરાણું	છોતરાં	**તે**
ગોખ	ચ્યોરી	છોલાં	ત્હેં
ગોખલો	ચ્યોકી	છો (अच्छउ)	તેજ્ય, ત્હેવાર
ગોળ	ચ્યોક	**જે**	તેમ
ગોર	ચ્યોરસ	જે	ત્હેમાં
ગોર્ય	ચ્યોસલું	જેમ	ત્હેણે,
ઘે	ચ્યોંકવું	જે'નું	ત્હોમત
ઘેર	ચ્યોડો	જે'ણે	ત્હેનું
ઘેરો (રંગ)	ચ્યોળો	જે'માં	ત્હેમનું
ઘેલો	ચ્યોળી	જે'મનું	ત્હેમનામાં

તોલડી
તોર
તોરી
થૅ
થોરો
થોર
થોલિયું
થોરિયો
થોલ
દૅ
દેન
દેણગી
દેણ
દહેશત
દૉ
દોડવું
દો'ણી
દોલો
દોલત
દોઢ
દોદશ
ધૅ
ધેંન
ધોળો
ધોળવું
ધોળ
ધોતાળ
ધોલ
નૅ
નેળ
ન્હેર
નેણ

નોકર
નોક
ન્હોર
ન્હોરા
નો'રતાં
નોદરવાં
ન્હોતરાં
નોધવું
નોધ
નોસ્ય
નોબત
નોખો
(નોધાગે) ?
(નોગળેલો) ?
નોકારશી
પનોતી, અણોજો
પૅ
પેદળ
પેસવું
પ્હેરવું
પેઠો
પેર્ચ્ય
પેઠે
પ્હેલો
પ્હેલ
પેદા
પેરવી
પેરો
પેંતરો
પેંડો
પેંણો
પેધવું

પેંડાર
પેદ
પ્રેમ
પેગામ
પ્હોર
પોરો
પોંક
પ્હોળો
પોરસ
પ્હોચવું
પ્હો
પોણો
પોબાર
પોલ
પોલવું
પોસ્ય
પોર
પોઢવું
ફૅ
ફેંટો
ફેંકવું
ફેલ
ફેણ
ફેંસલો
ફેંદવું
ફોર
ફોજ
ફોતરાં
બૅ
બેં
બે
બેસવું

બેઠો
બેઠક
બ્હેન
બેલ
બ્હેરો
બ્હેતર
બેલાશક
બેશરમ
બેડોળ
બેઆબરૂ
બેકારી
બ્હેકવું
બ્હોતેર
બ્હોતાળ
બોત
બ્હોરવું
ભૅ
ભેંશ
ભે
(સુખ) ભેર
ભોઠો
ભો
ભોર
ભોંય
ભોજાઇ
ભોંયરૂં
મૅ
મેદો
મેલો
મેલ
મ્હેતો
મ્હેતર

કોલસા
કો'યડો
ખે
ખેન
ખે
ખેળ
ખેર
ખેરો
ખેંચવું
ખેંગાર
ખેરાત
ખોળો
ખોળવું
ખોળ
ખો
ખોરાક
ખોરૂં
ગો
ગેબી
ગેર (હાજર)
ગેલ
ગેંડી
ગેરત
ગોખ
ગોખલો
ગોળ
ગોર
ગોર્ય
ઘો
ઘેર
ઘેરો (રંગ)
ઘેલો

ઘેન
ઘેમરાજી
ઘેંશ
ઘોતર
ચે
ચેન
ચેળ્ય
ચ્હેરો
ચ્હે
ચ્હેકવું
ચ્હેરવું
ચેણ્
ચોફેર
ચોખંડું
ચોગણું
ચોપાસ
ચોગમ
ચોદશ
ચોપાટી
ચોસઠ
ચોત્રીશ
ચોરાશી
ચોરાણું
ચોરી
ચોકી
ચોક
ચોરસ
ચોસલું
ચોંકવું
ચોડો
ચોળા
ચોળી

ચોકો
ચોતારૂં
ચોધરી
ચોથ
ચોથિયું
ચોરો
ચોમાસું
ચોકડી
ચોકડું
ચોકઠું
ચોટવું
ચોક્કસ
ચોગાન
ચોપાઇ
ચોતરો
ચોફાળ
ચોપડી
છો
છેલ
છોલ્ય
છોળ
છોડાં
છોતરાં
છોલાં
છો (अच्छउ)
જો
જે
જેમ
જે'નું
જે'ણે
જે'માં
જે'મનું

જે'મનામાં
ઝે
ઝેર
ઝેમત
ઝોળ
ઝોડ
ટે
ટેલ
ટોળ
ઠે
ઠેર
ઠેરવું
ઠોર
ડે
ડ્હેલું
ડ્હેરો
ડ્હોળવું
ડોળ
ડોળિયું
ઢે
ઢેલ
ઢોંગ
તે
ત્હેં
તેઅ, ત્હેવાર
તેમ
ત્હેમાં
ત્હેણે,
ત્હોમત
ત્હેનું
ત્હેમનું
ત્હેમનામાં

પરિશિષ્ટ ૧ લું

કેટલાક નાનાર્થ શબ્દોની વ્યુત્પત્તિ

૧. चिह्न	ચેન	વરસાદનાં **ચેન** જણાય છે.
चेतना–चेयणा–चइन–ચેન		આજે કાંઇ **ચેન** પડતું નથી.
૨. मयूर–मउर	મોર	**મોર** ટહુકે છે.
मुकुट–मउड	મોર	"પંડિત સૌ શિર **મોર** છે."
मुकुल–मउल–मउर–મોર		આંબે **મોર** આવ્યો છે.
૩. शकट–छकडउ	છકડો	**છકડો** હાંકે છે.
षष्क–छक्कटउ–छगडउ–છગડો		**છગડો** લખે છે.
૪. कलाप–कलाव–कलाइ–કળા		મોર **કળા** કરે છે.
कला	કળા	ગુંથણ**કળા**
૫. वेणी–वेणि	વેણ	છૂટી **વેણ**.
वेणु	વેણ	કાનુડો **વેણ** વાય છે.
वचनं–वयणं–વેણ		"**વેણ** કાઢ્યું કે ના લટવું ના લટવું."
૬. सुधा छुहा	છો	ભીંતે **છો** કરી છે.
छवडी (દે.) छउ (डी)–છો		સાંઠાની **છો** જાડી છે.
आस्ताम्–अच्छउ–छउ	છો	**છો** બેઠો. **અછો**વાનાં કરે છે.
૭. जीर्णक–जिण्णउ–ઝીણો–ઝીણો		**ઝીણો** તાવ આવે છે.
क्षीणक–झीणओ–झीणउ–ઝીણો		**ઝીણો** દાણો.
૮. दुर्वा–दरउ–દરો–ધરો		ગધેડો **ધરો** ચરે છે.
ह्रदक–द्रहओ–धरउ–ધરો		**ધરા**માં પડ્યો.
૯. खण्डितः–खुडिअ–ખોડ		ખાટલે મ્હોટી **ખોડ**.
क्षोड–खोड–	ખોડ	મ્હોટું **ખોડ** ફાડ્યું.
૧૦. दल (સૈન્ય)–દળ		પાયદળ, હયદળ.
दल (પાન)–દળ		દળદાર.
दलति–	દળ	ઘઉં **દળે** છે.
૧૧. काल (અનાદિ થતાં) गालउ–ગાળો		કેરીગાળો, લગનગાળો.
गालि–	(બ. વ.) ગાળો	**ગાળો** ભાંડે છે.

મળે
મેશ
મેંઢું
મેના
મેણ
મેર્‌ય
મ્હેણું
મ્હેર
મેદાન
મ્હેલ
મ્હેસૂલ
મ્હેકમ
મેદી
મ્હેમાન
મ્હેતલ
મ્હેલ
મોડ
મોર
મ્હોત
મ્હોકાણ
મ્હોબત
મોંઘું
મોળો
મોળચ
મોળિયું
મોડો
મોખરૂં
મોસાળ
મોળવું
મોળાઇ
મ્હોતિયું
મોકળું

મોજ
મ્હોયરૂં
મ્હોરમ
મ્હોયડો
મ્હો
મ્હોડું

રે

ર્‌હેમ
ર્‌હેવું
ર્‌હેંટ
ર્‌હેણવું
ર્‌હેંસવું
ર્‌હેકળો
રેંગલો
રેંટિયો
રેણ
કરેંળી
નરેંણી
રોળીકોળી
રોફ
ભરોંસો
પરોંણો

લે

લ્હેર
લ્હેણું
લ્હે
લેલું
લેંઘો
લેંઘાવું
લ્હેકો
અલ્હેતી
લે

લ્હોણું
લોભ
લ્હોર
લ્હોરવું

વે

વલોણું
વેર્‌યે
વ્હેરો
વ્હેળો
વ્હેંત
વેણી
વ્હેરવું
વેળ
વેર
વેણ
વ્હેલો
વ્હેલ
વેન
વેરાગી
વ્હેણ
વ્હેમ
વેણાચૂંટા
વેંભળ
વ્હેવાર
વ્હેપાર
વેંગણ
વેરાન
વ્હોરવું
વ્હો
વ્હોરતિયો

શે

શેંખળું
શ્‌હેર
શોક્ય
શોખ

સે

સેર્‌ય
સેં
સ્હે
સેંથી
સ્હેલો
સ્હેવું
સેજ (શય્યા)
સ્હેજ (જરા)
સો
સોડ્ય
સોડિયું
સોંઘું
સોણું
સોંપવું
સોરવું
સોય
સોત
સોગન
સોગાત
સોળ
સોંધો (સુગંધ)
સોદો

હે

હેરાન
હેવા
હેલડ
હેવાતણ, હોણ
હોય, હોત

૨૨. प्रभू–प्रभूत–पहुत्त–पहुच–પ્હોચ } મ્હને કોણ પ્હોંચે એવું છે?
प्राप्त–पत्त–पहुत्त–पहुच–પ્હોચ } તે ઘેર પહોંચ્યો.

૨૩. सुखव–सुखवओ–सुखवउ–સરવો } સરવો સાદ, સરવી કઢી (મધુર)
सुहव–सुहवओ–सहवउ–સરવો } સરવી શીંગ, સરવી આંગળી.

૨૪. रात्रि–रत्ति–राति– રાત } રાત પડી.
रत्तीओ (दे.) રાત } રાત હજામત કરવા આવ્યો છે.

૨૫. वर्त्म–वत्त–वट्ट વાટ } વાટે ચાલતાં, વાટ જોવી.
પળિયાંમાં વાટ પડી.
वर्ति–वट्टि–वाटि વાટ } દીવાની વાટ.
उद्वर्तते–उव्वट्टइ–वट्टइ વાટ } દવા વાટે છે.

૨૬. लोट्ट (दे)–लोट्ट લોટ } બાજરીનો લોટ.
लोष्ट–लोट्ठ लोट्ठ– લોથ } બારણે લોથ આવી પડી છે.

૨૭. स्थानकं–थाणउं થાણું } પોલીસથાણું.
थाणअं (दे.) थाणउं થાણું } ગલફીનું થાણું. એરંડાનું થાણું.

૨૮. क्षुरकः–खुरओ–खुरउ ખરો } જોડાનો ખરો.
प्रखर–पक्खरउ–खरउ ખરો } ખરા બપોર.
अक्षर–अक्खरउ–खरउ ખરો } પૂછીને ખરું કર્યું.

૨૯. वड्डकः–वड्डओ બડવો } બડવો નાડો.
पर्वन्–परवउ–બડવઉ– બડવો } શેરડીનો બડવો.

૩૦. संहृ–संहरति–सम्हरइ સાંભર } સાંભરી લેવું. "બીજાં સરોડાં કાં સાંભરે ?" આખો.
संस्मृ–संस्मरति–सम्हरइ– સાંભર } વાત સાંભરી આવી.

૩૧. पालक–पालओ–पालउ–પાળો } ગોપાળો.
पल्लव–पल्लउ–પાલઉ—પાલો } બકરી બાવળનો પાલો ચરે છે.
पदाति પાળો } પગપાળો.
पियालह् (फा.) પ્યાલો–પાલો } પાલામાં પાણી છે.

૩૨. प्रतिच्छाया–पडिच्छउ પડછો } ઝાડનો પડછો પડ્યો છે.
पक्षक–पक्खउ–पच्छउ પડછો } માલને પડછે નાંખી જુઓ.
प्रत्यय–पच्चउ–परचउ પરચો } પ્રભુએ પરચો બતાવ્યો.

१२. काण–काणओ–काणउ– કાણો } આંખે **કાણો** છે.
कथानक–कहाणओ–कहाणउ–કા'ણો–કાણો } ન મામા કરતાં **કાણો** મામો સારો.
मुखकथानिका–मुहकहाणि–(મ્હો)કાણ } **કાણ** કરવી.

१३. राजन–रायणउ–राणउ– રાણો } "રાજા **રાણા** અક્કડ શેના ?
निर्वाण–णिराणउ–राणउ–રાણો } દીવો **રાણો** થયો.

१४. कीदृश–किइसउं–सिउं–स्युं–શું } તે **શું** કરે છે ?
समम्–सिउं–स्युं– શું } બાંધી એ**શું** પ્રીત.
सम–सिउं–स्युं– શું } કાંઇક મોતી**શું** જણાય છે.

१५. व्रामन–व्रामण–रामण– રામણ } **રામણ** રૂપ.
निर्वापनं–णिरावणं–रावण– રામણ } હવે શી **રામણ** થશે ?
अवलम्बमान–लम्बण–रावण–રામણ } **રામણ** દીવો, નામણ દીવો (કડી પ્રાંતમાં)

१६. क्रोश–कोस–કોસ } ગામ ચાર **કોસ** દૂર છે.
कोसो (दे.)–કોસ } ચાર **કોસ** પાણી છે.

१७. अपसृत–ओहट्ट– ઓટ } ભરતી **ઓટ**, માનવીની **ઓટ**
उपस्थ } ओत्थ ઓથ–ટ } "રહે આવર્યાં ગુણની **ઓટ**."
મ્હોટી **ઓથ** છે.
ओत्थओ (दे.) } ओत्थउ ઓથો } ત્હેણે ઝાડનો **ઓથો** લીધો.

१८. माप– માપ } દૂધનું **માપ**, અનાજનું **માપ**.
माहात्म्य–माहप्प–માપ } ત્હેણે મ્હારૂં **માપ** ન રાખ્યું.

१९. धेनु–धेणु–धेण– ધણ } "જેમ ગોખર હિંડે ગોધણમાં" અખો (કદાચ ધન)
धन्या–धण्णा–धण–ધણ } **ધણની** ઇચ્છા પૂરી કરજો.

२०. रण– રણ } ત્હેણે **રણ** રાખ્યું.
ऋण–रिण– રણ } બાપનું **રણ** વાળ્યું.
अरण्य–रण्ण– રણ } **રણ**માં રખડ્યો. સહરાનું **રણ**.

२१. वट– વડ } **વડ**નું ઝાડ.
वृद्ध–वड्ड– વડ } **વડ**સસરો, **વડી**આઇ, એ**વડું**.
वर्षा–वरसा–वडसा– વડ } **વડ**સાસો (वर्षाशात)

૪૫. मात्र–मेत्त– વેંત | જતાં વેંત સન્માન આપ્યું.
वितस्ति–विहत्थि–વ્હેંત | બે વ્હેંતનો હાથ
विभक्ति–विहत्ति–વ્હેંત | માલનો વ્હેંત કરજો.

૪૬. भानु–भाणु– ભાણુ | ભાણુ ઊગ્યો.
भाजनकं–भायणउं–ભાણું | ભાણાં પીરસ્યાં છે.

૪૭. तिक्त–तिक्क– તીખું | તીખું મરી.
तीक्ष्ण–तिक्ख–તીખુ | તીખી ધાર.

૪૮. पार्श्व–पस्स–પાસ | બેઠો મ્હારી પાસ.
स्पर्श–पस्स–પાસ | હીંગનો પાસ બેઠો છે.
पाश–पासो–પાસ | કંઠે નાખ્યો પાસ, નાગપાસ મંત્ર.

૪૯. विभाति–विहाइ– વાય | વ્હાણું વાય છે.
वाति–वाइ વાય | પવન વાય છે.
वादयति–वाएइ– વાય | વેણું વાય છે.
वी–वयति–वयइ– વાય | ગાય વાય છે.
(या) विजायते–वियाइ–વાય

૫૦. पालयति–पालवइ–પાલવવું | તે ગાયને ઘેર પાલવે છે.
पल्लव–पल्लवइ– પાલવવું | "ડાલિ વેલી છેદી પાલવઇ"

૫૧. रञ्जयति–रंजवइ– રંજવવું | "ઇણિ પરિ નિતુ પ્રિય રંજવઇ."
अर्दयति–અરજઇ–રંજવું | મ્હને શું કરવા રંજો છો?

૫૨. प्रावृष् – पाउस– પાવસ | પાવસ ઋતુ બેઠી.
प्रव्रज्या–पव्वज्ज–પાવજ–પાવસ | બગલો પાવસ બેઠો.

૫૩. वर्ण–वण्ण– વાન | વપુનું વાન, વીશે વાન, વાન વળ્યાં.
वचन–वयणउं–વાનું | ત્હેણે મ્હને ઘણાં વાનાં કહ્યાં.

૫૪. पद्या–पज्जा–पाज+डी–પાયડી–પાવડી | માધવપાવડી (પગથિયાં)
पादुका–पाउडी– પાવડી | ચોમાસામાં પાવડી પ્હેરે છે.

૫૫. पर्याय–पज्जाय– પાળી | રાતપાળો, હજામતની પાળી.
पालिका–पालिआ–પાળી | ધૂળની પાળી કરે છે.

૫૬. कृत्वा–करिअ– કરી | હાથે કરીને, કામ કરી પરવાર્યો.
कथयित्वा–कहिअ–કરી | દામોદર કરીને છોકરો હતો.

३३. प्राभृत—पाहुडु— पाઉ	त्हारो **पाઉ** मानुं छुं.
पाषाण—पाहाण—पाहाड—प्हाઉ	प्हाઉमांथी नदी व्हे छे.
पार्श्व—पस्स—पाहड— पाઉ	ते म्हारा **पाઉनो** छे. (जेवो) सोनानां **पाઉनुं**.
३४. प्रपा—परप—परव—परब	**परबनुं** पाणी.
पर्वन्—परव— परब	वार**परबे** जमवा बोलावे छे.
३५. पाटकं—पाडओ—पाडउ— पाडो	घीयानो **पाडो,** बहुचरानो **पाडो.**
पाठक—पाढओ—पाडउ— पाडो	आंकनो **पाडो.**
पड्डी (दे.) नरजाति—पड्डुओ—पाडो	भेंशनो **पाडो.**
३६. प्राघूर्णकः—पहुणउ—परहुणउ—परो'णो	**परो'णो** पंथ (पथिक)
प्रहरणक—पहरणउ—परहणउ—परो'णो	बळदनो **परो'णो.**
३७. पुट—पुड— पड	घंटीनुं **पड.**
पट(ल)—पड— पड	पृथ्वीनुं **पड.**
पत्—पतति—पडइ— पड	फळ वृक्षथी **पडे** छे.
३८. संपुटक—पुडओ—पडउ—पडो	तमाकुनो **पडो.**
पटह—पडहउ— पडो	नगरमां **पडो** वगडाव्यो.
३९. शून्यकं—सुण्णउं—सूनउं—सूनुं	**सूनुं** घर लागे छे.
सूक्ष्म—सुण्हउं—सुन्नउं— सूनुं	नान्हुं**सूनुं** काम नथी.
४०. रश्मि—रस्सि—रासि—राश	बळदनी **राश.**
राशि— राश	वरकन्यानी मळती **राश** आवती नथी.
४१. तूर्य—तूर	"जै गेहडी वजाव्यां **तूर.**"
तूल—तूर	आकडाना **तूर** पेठे ऊडी जशे.
४२. डोलो (दे.) डोळो	ते म्हने **डोळा** काढे छे.
दोहद—डोहलो—डोळो	त्हेनो **डोळो** भरातो नथी.
४३. उक्ति—वत्ति—बत्ती	म्होमांथी **बत्ती** फाटती नथी.
वर्ति—वत्ति— बत्ती	दीवानी **बत्ती.**
४४. हेतु— हेत	"तेह वातनु जाणी **हेत.**"
हृद्य—हिज्ज—हेज—हेत	"माय विना एवुं बापनुं **हेत.**"

૬૯. अर्द्–अल्ल–આલિ–આળ "શું આળ કરો અંગળાની સંગે રે વ્રજના લાલા !"
अलीकं–अलिअं– આળ મ્હારે માથે આળ ચડાવ્યું.
आर्द्र–अल्ल– આળ આળી ચામડી.

૭૦. उत्क्षिप्–उक्खिवइ–ઊખેવવું–ઉવેખ "અગર ધૂપ ત્યાં ઉવેખે"
उपेक्ष्–उवेक्खइ–ઉવેખવું– ઉવેખ " મુને શા માટે ઉવેખો ?"

૭૧. सिंच्–सिंचइ– સીંચવું પાણી સીંચે છે.
स+चि–संचिणइ– શીંકવું ઓઘો શીંકે છે. ચિતા સીંચી.

૭૨. वेला– વેળ ખાતી વેળે તૈયાર.
वेदना·वियणा–विग–વેણ–વેળ–વેળ પગે વેળ ચાલી છે. વેળ આવે છે.

૭૩. पानीअ पाणिअ– પાણી પાણી પીઓ.
स्पश्य–पस्स–पास–पाहणी–પા'ણી-પાણી પાણીપત્રક (પાહણીપત્રક)

૭૪. स्नेह–नेहडउ– નેહડો–નેડો "મ્હારો નેડો લાગ્યો રે."
निवेशकः–निएसडउ– નેસડો–નેહડો સરવાડનો નેહડો (કે) નેસડો
निकट–निअडउ– નેડો નેડા લેવા.

૭૫. (निट–टिल)–पट्ट–(निल) વટ "હસતાં નિલવટિ સાથિઉ."
(शिला)वृत्ति–सिलावट्ट– સિલાવટ–સલાટ સિલાવટ. નાણાવટી, મ્હારવટીઓ, વ્હાણવટી.

૭૬. कीलका–खीलआ–खीलिआ– ખીલી ખીલી ઠોકી.
कीलिता–खीलिआ– ખીલી ચાદર ખીલી. (બે ફાળ સાંધ્યા)
उत्कीलिता–उक्खीलिआ–खीलिआ–ખીલી કળી ખીલી.

૭૭. भिन्न भिण्णउ–ભીનું "છડી ચીમટીથી નવ છળીઓ, રામ તણો રંગ ભીનો રે." ભીને વાન.
अभ्यंजन– ભીનું ભીને કપડે.

૭૮. पर्पट–पप्पड– પાપડ શેક્યો પાપડ ભાગતો નથી.
तल उप्पर–तल पप्पर–
पप्पड (तल) – પાપડ તે તલપાપડ થાય છે.

૫૭. अस्थि–हड्डि– હાડ | હાડપાંસળાં, હાડજ્વર.
आघाट–आहाड–હાડ | હાડ જવું. (છેલ્લે ક્યારે જવું)

૫૮. सप्त–सत्त સાત | અઠવાડિયાના **સાત** વાર.
सहज–સ્હેજ–સ્હાજ–સ્હાત | **સ્હાત** વારમાં આવ્યો. (જરા)

૫૯. कुष्ठ–कुट्ठ–कुड्ढ– કોઢ–ડ | પગે કોઢ થયા છે.
कौतुक–कोडुअ–कोड्ड–કોડ | ત્હેને રણ જોવાના કોડ છે.

૬૦. वाशति–वासइ– વાસે | વાત **વાશી** આવ્યો.
वासयति–वासेइ–વાસે | ત્હેણે નગર **વાશ્યું**.

૬૧. निर्व्याधिक–निव्वाहिओ–નરવો | શરીરે **નરવો** છે.
निर्वाह–निव्वाह– નરવા | **ન્હરવાની** જમીન.

૬૨. दण्डक–डंडओ–डंडउ– ડંડો | મોઇડંડા રમે છે.
डंडओ (दे.) (રસ્તો)–ડંડો | પગડંડે ચાલ્યો.

૬૩. अनुपानह्–अणुवाणउ–અડવણ | **અડવણ** પગે ફરે છે.
अरूप–उडवु–અડવુ– અડવી | ડોક કેવી **અડવી** દેખાય છે!

૬૪. उत्सन्नकं–उच्छणउं–ઓછું | ૭ માસ **ઓછા** થયા.
उच्छूनकं–उच्छूणउं–ઓછું | "**ઓછું** પાત્ર ને અદકું ભણ્યો."

૬૫. प्रच्छन्नक–पच्छण्णउ–छन्नउ–છાનો | બાર વરસ **છાના** રહ્યા.
उत्सन्नक–उच्छण्णउ–छन्नउ–છાનો | "**છાના** હૂઆ ૭ માસ."

૬૬. अर्धचतुर्थ–अद्धउट्ठ–अउट्ठ–ઊઠ | "**અઊઠ** હાથના હવેડાં દેહ." **ઊઠા** ભણે છે.
जुष्ट–जुट्ठ– ઊઠ | "મિ ઇહાં વાત **ઊઠી** કહી છઇ." (જૂઠી)

૬૭. (रक्त) वात–(रत्त) वाअ–(રત) વા | રતવા, **વા** થયો છે.
(रात्रि) वास–(रत्ति) वाह–(રાત) વા | રાતવા રહ્યો. ગંધવા ગમતો નથી.
(त्राण) पात–(वाण) वाअ–(બાણ) વા | લોહી**વા**, બાણવા, તીર**વા**.

૬૮. शृङ्खला––संखला–સાંકળ– સાંકળી | હીમની **સાંકળી**.
(तिल) शर्करा–सक्करा–(તલ) સાંકળી | તલ**સાંકળી**.

૯૨. रेषा-रेखा- રેખ | સુવર્ણની રેખ જડી છે.
(दृश्)वोक्ष्-विक्ख(र्‌નો પ્રક્ષેપ)व्रेख-રેખ | ઘરની દેખરેખ રાખજો.

૯૩. शिथिल-शिढिल-ઢીલો | તે **ઢીલા** મનનો છે. **ઢીલ** કરે છે.
लीला-लील- ઢીલ | **ઢીલ**ગંડો.

૯૪. प्रसाद-पसाउ-પાસો | દસોદી ભાટને લાખ **પાસો** આપ્યો.
पाशक-पासउ-પાસો | **પાસા** રમે છે.

૯૫. ध्वज- ધજ | **ધ્રજ** ચડાવ્યો. **ધ્રજ** રોપ્યો.
अध्यधिक-अद्धधग- धग-ધજ | **ધ્રજ** માલ ખાવા જોઇયે છે.

૯૬. पाशक-फांसउ- ફાંસો | ગળે **ફાંસો** ખાધો.
पांशु (ધૂળ) फांसु-ફાંસુ | "શો કાગળ ચીતરવો **ફાંસુ**?"

૯૭. कम्प्-कम्पते-कंपइ-કાંપે-કાંપ | જળમાં ચંદ્ર **કાંપે** છે.
कर्दम-कद्दम-કાંપ- કાંપ | પાણી ઉતરી ગયા પછી **કાંપ** ઠર્યો છે.
कैम्प (અં.)- કાંપ | **કાંપ**માં રહેવા ગયો છે.

૯૮. रु+अ- રાવ | તે દરબારમાં **રાવ** કરવા ગયો.
राजन्-राअ-राउ-રાવ | **રાવ**સાહેબ, **રાવ**જીભાઇ.

૯૯. पाटकं-वाडओ-वाडउ-વાડો | ભોઇ**વાડો**. વાઘરી**વાડો**.
वाटक- ,, ,, વાડો | બકરાંનો **વાડો**. ગાયનો **વાડો**.

૧૦૦. सवल- સબળ | **સબળ** નિર્બળનો એક ત્રાતા.
सकल-सगल-સબળ | "જળફળ **સબળ** દેખી નળ હરખ્યો."

૧૦૧. समेत કે समस्त- સોત | પગરખાં **સોત** મંદિરમાં પેઠો.
समाप्त-सवत्त-सउत-સોત-સોત | "વિપ્ર તજે જેમ યજ્ઞ **સોતો**."

૧૦૨. मर्दित-मड्डिअ- માંડ | મ્હોવણથી પૂરી **માંડમાંડ** થાય છે.
मनाक्-मणा-मड-માંડ | **માંડમાંડ** બે કલાક બેઠો હશે.

૧૦૩. प्रदीप्तक-पलित्तउ- પલીતો | **પલીતો** ચાંપ્યો.
(સં.) प्रेत-परेत કે (ફા.) पलीद्-पलीत | ભૂત**પલીત**.
| **પલીત** જેવો છે.

૧૦૪. विचिनोति-विचिणइ-विइणइ-વીણવું | ફૂલ **વીણે** છે.
विज्ञात-विन्नाणिअ-वियाणिअ-વીણ્યું | જાણ્યુંવીણ્યું.

૭૯. निर्वृतिक–निव्वरिओ–નિવરો–નવરો } તે **નવરો** બેઠો છે.
नववर– નવરો } **નવરા** (વર–મરાઠીમાં)

૮૦. न+आनयति–नाणेइ–નાણવું } ત્હેણે પુસ્તક **નાણ્યું**. (ન આણ્યું)
ज्ञान–जाण કે नाण–નાણવું } ત્હેણે પદાર્થ **નાણી** જોયો.

૮૧. कर्दम–कद्दव–कद्दउ–કાંદઉ–ખાંધો } **ખાંધા**માં પગ બગડ્યો.
स्कंध–खंध– ખાંધ } માબાપને **ખાંધે** ચડાવ્યાં.

૮૨. बुध्यति–बुज्झइ– બૂઝે } જાણી**બૂઝીને** કામ કર્યું છે.
विध्मायते–विज्झिज्जइ–બૂઝે } અગ્નિ **બૂઝે** છે.

૮૩. क्षमते–खमइ–ખમ } અપરાધ **ખમે** છે, ભાર **ખમે** છે.
स्तम्भ–खंभ–ખમ } ભારે**ખમ**, મલ**ખમ**.

૮૪. जरा– જરા } માણસ માત્ર **જરા**વ્યાધિગ્રસ્ત છે.
जर्रह (અરબી)–જરા } **જરા** અહીં આવજો.

૮૫. विनाति (नम्) વિનતિ } ચરણમાં **વિનતિ** કરૂં.
विज्ञप्ति–विण्णत्ति–વિનંતી } **વિનંતી**પૂર્વક

૮૬. काल– કાળી } **કાળી** ગાય.
कल्य– કાળી } **કાળી**ગાંઠી.
कलक–કાલી } તે કન્યા બહુ **કાલી** છે.

૮૭. ग्रन्थि–गण्ठि– ગાંઠ } **ગાંઠ** કરવી, **ગાંઠ** વાળવી.
कण्ठिका–कंठिआ–ગાંઠી } કાળી**ગાંઠી**.

૮૮. लअल (ફા.)–લાલ } **લાલ**ચોળ, **લાલ** ફૂલ.
लल्ल (દે.) લાલ } ઝા**લ** સાહેબ, **લાલા** લ્હેરી.

૮૯. क्वथ्–कढइ–કઢવું } ચૂલા ઉપર દૂધ કઢે છે.
क्रुद्ध–कुड्डइ– કઢવું } તે મ્હારા ઉપર કઢે છે.

૯૦. विद्युत–विज्जु– વીજ } આષાડી **વીજ** ઝબૂકે છે.
व्यध–वेध्य–विज्झ–વીજ } રસ્તામાં મ્હોટી **વીજ** ખોદી છે.

૯૧. अग्नि–अग्गि–આગ } **આગ** મૂકવી.
अग्र–अग्ग– આગ } **આગ**મચ્ચ (अग्रवर्त्मनि)
आगम– આગ } ચોરનો અહીં **આગ** નથી.

૧૧૬. क्रास– કાસ	ખેતરમાં **કાસ** ખૂબ ઊગ્યો છે.
कु+शल्य–कासल्ल–કાસ (લ)	શત્રુની કાશ કાઢી. (કાસલ)
(અ) कियास– કાશ	પંચ**કાશ** કરાવી.
૧૧૭. षष्क–छक्कडउं– છક્કડું	છક્કડું ફેરીઓ.
षडंगुलिक–छकुडिओ–છકડિઓ	હાથે **છકડીઓ** છે.
૧૧૮. चातुर्वेदिक–चउव्वेइअ–ચોબો	હિંદુસ્તાનનો **ચોબો**.
क्षुंभित–छुभिल्ल– ચોભીલો	તે **ચોભીલો** (ચોભીલો) પડ્યો.
(ફા.) चोब– ચોબ	**ચોબ**દાર.
૧૧૯. आत्मनः–अप्पणो–अफ्कुणो– આફુરે	"**આફુરે** જાશે રોગ."
आपूर्णक–अफ्फुणउ–આફૂણો–આફરો	બળદને **આફરો** ચડ્યો છે.
૧૨૦. शुक्ति–सुत्ति–सिप्पि–છીપ	મોતીની **છીપ**.
छुप्त–छित्त–छिप्प– છીપ	લોહડે **છીપે**. લોયે પગ છબ્યો.
सिक्त–सित्त–सिप्प–છીપ	તરસ **છીપે** છે.
૧૨૧. धाना–धाणा– ધાણી	**ધાણી** શેકાવી ખાય છે
धूलि+अभिज्ञान–अहिण्णाण–(ધૂળ) ધાણી	કર્યું કારવ્યું ધૂળ**ધાણી** થયું.
૧૨૨. अभ्र–अब्भ– આભ	ઊંચે **આભ** ને નીચે ધરતી.
अद्भुत–अब्भुअ–આભો	**આભો** બની ગયો. (અન્યગામી અર્થ છે)
૧૨૩. जन्य–जण्णो– જાન	વર વિનાની **જાન**.
(ફા.) जान– જાન	**જાન**માલ. જાનવર.
(ફા.) जियान–જ્યાન	એ પૈસાનું **જ્યાન** થયું.
૧૨૪. अर्गलक–अग्गलउ–આગળો	બારણાને **આગળો** પાડજે.
अग्रक–अग्गलउ– આગલો	**આગલો** માણસ આવે.
૧૨૫. वाद्यते–वज्जइ–વાજ–વાગ	વાજું **વાગે** છે.
वल्गा–वग्गा–वग्ग– વાગ	ઘોડાની **વાગ** ઝાલી. (લગામ)
૧૨૬. (शर्करा) खण्ड–ખાંડ	દૂધપાકમાં **ખાંડ** નાખો.
खण्ड्–कंड– ખાંડ	પૌંઆ **ખાંડે** છે.
૧૨૭. वाद्यते–वज्जइ– વાજ	"ગોપિકા ગાય વાજિંત્ર **વાજે** છે."
वध्य–वज्झ–વાઝ–વાજ	"જાગ રે જીવડા **વાજ** આવ્યો ઘણું"

૧૦૫.	नालिका–नालिअ–કે (ફા.) नालह–નારૂ ज्ञानक–नाणउ– નારૂ	પગમાં મ્હોટું **નારૂ** પડ્યું છે અમ્હે કાંઇ **નારૂ**કારૂ નથી.
૧૦૬.	कला–कल–(બ. વ.) કળો कलह– ક'ળો	સંચની **કળો.** ત્હેણે મ્હારી સાથે **ક'ળો** કર્યો.
૧૦૭.	वैर–वइर– વેર विकॄ–विकिरति–विइरइ– વેરે वृते–वरिए–वरि–विरि– વેરે	ઉંદરબિલાડીનું **વેર.** આમ તેમ ઘાસ **વેરે** છે. નળ દમયંતી **વેરે** પરણ્યો.
૧૦૮.	उर्वरित–उव्वरिअ–ઊવેલ–અવેર अवधीरयति–अवहीरइ–અવ્હેર	ઘરમાં સારો **અવેર** કરે છે. अव्हेरणें (મરાઠીમાં) ધિક્કારવું.
૧૦૯.	यव– જવ यावत्–जाव–जउ–જવ	**જવ**ખાર. **જવ** આવ્યો મ્હારી પાસ.
૧૧૦.	अवलग्न–अवलग्ग–ઓળગ उल्लंघयति– ઓળંગ	બળિયા દેવની **ઓળગ** કરે છે. પર્વત **ઓળં**ગે છે.
૧૧૧.	मुक्त–मुत्त–मिल्ल– મેલ निमित–निमिल्ल–मिल्ल–મેલ मिल्–मेलयति–मेलइ–મેલ मलिन–मइल– મેલ	હાથ **મેલી** દીધો. જમીન પર શગડી **મેલી.** "જોગવાઇ જગદીશે **મેલી.**" શરીરે **મેલ** ચડ્યો છે. **મેલી** છોડી.
૧૧૨.	वेणी– વેણી वचन–वयण– વેણી विनय-विणय– વેણી	**વેણી**સંહાર. છૂટી **વેણી.** **વેણી**બંધ માણસ. વેણીશંકર, વેણીભાઇ.
૧૧૩.	माता–माअ - માવ माधव–माहव– માવ	**માવ**ડી. "મ્હારે ઘેર આવજો રે **માવા!**"
૧૧૪.	(पाद) कटकं–(पाय) गडउं–(पें) ગડું (સં.) द्विघटक કે (ફા.) देग (દે) ગડું (સં) (द्वि) गढकः કે (ફા.) वेग (બે) ગડો	ત્હેના પેંગડામાં મ્હારાથી પગ મુકાય? બે ઘડાનું દેગડું. મહમદ બેગડો.
૧૧૫.	भूरि– ભૂર भीरु–ભૂર	"તેહ વર્ણવું **ભૂર.**" "ભાષાને શું વળગે **ભૂર,** જે રણમાં જીતે તે શૂર."

૧૪૦. रवि- રવિ | રવિવાર.
(અ.) रवीअ-રવી | ચાલુ સાલે **રવી**નો પાક સારો છે.

૧૪૧. अगुरु- અગર | **અગર**બત્તી.
अग्र-अगर- અગર | સોયનું **અગર**.
आकर-आगर-અગર | ખાઈ**અગર**. મીઠાનો **અગર**.
(ફા.) अगर- અગર | કેરી **અગર** દાડમ લાવજે.

૧૪૨. भेरी- ભેર | મદન**ભેર**, ભૂંગળ**ભેર**.
भरेण-भरि (ત્રીજી) भिरि-ભેર | આનંદ**ભેર**. સુખ**ભેર**.

૧૪૩. संलग्न-संलग्ग-સળંગ | **સળંગ** કાવ્ય. **સળંગ** દોરી.
,, ,, સળગ | અગ્નિ **સળગે** છે ઘર **સળગે** છે.

૧૪૪. मन्द- મન્દ | **મન્દ**બુદ્ધિ. **મન્દ**મતિ. (ઠોઠ)
(ફા.) मंद (मतुप्)-મંદ | અક્કલ**મંદ** (વાળો)

૧૪૫. भक्त-भत्त- ભાત | એકલો **ભાત** જમે છે.
भक्ति-भत्ति-ભાત | "પોપટ**ભાત** પટોળી." (ભાત્ય) **ભાત**િગર.

૧૪૬. प्रजा-वेजा-वेज्ञा-રેજા | બાર બાપની **રેજા** એકઠી થઈ છે.
(ફા.) रेजह्- રેજો | સાઠીનો **રેજો**.

૧૪૭. न (निषेधार्थ) ण- ન | તે ઘેર **ન** હતો.
न (संभावनार्थ) ण-ન | તે જાણે ઊડતો **ન** હોય.

૧૪૮. खण्ड-(કકડો)-ખંડ | સાઠીનો **ખંડ**.
षण्ड (સમૂહ)-ખંડ | તરુ**ખંડ**. (સમૂહ)

૧૪૯. खण्डित-खंडिओ-ખાંડો | **ખાંડો** કૂવો. **ખાંડી** ધાર.
खड्ग-खग्ग- ખાંડું | રાજાએ **ખાંડું** મોકલ્યું.

૧૫૦. खेटकं-खेडअं- ખેડું | "ઊજડ **ખેડ** વાગ્યું ઢોલ."
क्षेत्रपुत्र-खेत्तउत्त-ખેડૂ | **ખેડૂ** ખેતી કરે છે.

૧૫૧. उदधि (શ્રુતિલોપ) દધિ | "દધિ મથિઉ નઇ પરણી નારિ."
दधि- દધિ | દધિ વલોવે નારી.

૧૫૨. नीरुज-णिरिअ-નર્યો | "પ્હેલું સુખ તે જાતે **નર્યા**."
न+अपर-णवर-નર્યો | **નર્યા** ચોખા ખાય છે.

૧૨૮. खनि–खणी–खाणी– ખાણ | સોનાની **ખાણ** (ખાણ્ય)
खान–खाण– ખાણ | દાણ**ખાણ**.
रणस्तम्भ–रणखंभ–રણખમ્ભ. (રમ) ખાણ | રમ**ખાણ** મચ્યું છે.

૧૨૯. सत्वर–चप्पर–ચપ | **ચપચપ** બોલે છે. **ચપચપ** ખાય છે.
चुप्– ચૂપ | **ચૂપ** રૂહે. (ચપ રૂહે)

૧૩૦. हृद्य–हिज्ज– હેજ | "તેહ ઉપરિ અપછરનાં **હેજ**."
अभ्यञ्जनं–भिज्जण–भिज्ज–ભેજ–હેજ | ઘરમાં **હેજ** (ભેજ) આવ્યો છે.

૧૩૧. षोडश–सोलह– સોળ | **સોળ** આની પાક થયો છે.
सव्रण–सव्वण–सउण–સોળ | શરીરે સોટીનાં **સોળ** ઊઠયાં છે.

૧૩૨. शृणोति–सुणइ– સુણ | મ્હારી વાત **સુણે** છે.
शून–सूण– સૂણ | પગ **સૂણી** ગયો.
शूना–सूणामारि–સૂણ | વાંસની **સૂણ** મારી.

૧૩૩. शुध्यक–सुज्झउ–सुज्जउ સોજો | ચોખાને **સોજા** કરી વાપરજો.
शूयते–सुइज्जइ– સૂજ–સોજો | પગે **સોજા** ચડ્યા છે.

૧૩૪. कष्टकारक–कट्ठआरउ–કઠારો | આજે બહુ **કઠારો** થાય છે.
काष्ठकारक–कट्ठआरउ–કઠારો | તે બારીના **કઠારામાં** બેઠો છે.

૧૩૫. घोषयति–घोखइ– ગોખ | વિદ્યાર્થી મંત્ર **ગોખે** છે.
गवाक्ष–गवक्ख–गऊख–ગોખ | "છજાં ઝરૂખા બારી **ગોખ**."

૧૩૬. लक्ष–लक्ख– લાખ | **લાખ** રૂપિયા.
लाक्षा–लक्खा–लक्ख–લાખ | પીંપળાની **લાખ**.

૧૩૭. सूच्यते–सुज्झइ–સૂઝે | મ્હને ભાવી **સૂઝે** છે.
शूयते–सुइज्जइ–સૂજે | મ્હારો પગ **સૂજી** ગયો છે.

૧૩૮. विना–विणु– વણ–વનો | પાઘડી **વનો** બ્હાર નીકળ્યો.
विनय–विणउ–વિનઉ–વનો | **વનો** વેરીને વશ કરે.

૧૩૯. धामन्– ધામ | ડાકોર રણછોડજીનું **ધામ** છે.
स्र–धाव्–ધામ | દોડ**ધામ**.

૧૪૦. रवि- રવિ | રવિવાર.
(અ.) रवीअ-રવી | ચાલુ સાલે **રવી**નો પાક સારો છે.

૧૪૧. अगुरु- અગર | **અગર**બત્તી.
अग्र-अगर- અગર | સાચનું **અગર**.
आकर-आगर-અગર | ખારૂં**અગર**. મીઠાનો **અગર**.
(ફા.) अगर- અગર | કેરી **અગર** દાડમ લાવજે.

૧૪૨. भेरी- ભેર | મદન**ભેર**, ભૂંગળ**ભેર**.
भरेण-भरि (त्रीजी) भिरि-ભેર | આનંદ**ભેર**. સુખ**ભેર**.

૧૪૩. संलग्न-संलग्ग-સળંગ | **સળંગ** કાવ્ય. **સળંગ** દોરી.
,, ,, સળગ | અગ્નિ **સળગે** છે ઘર **સળગે** છે.

૧૪૪. मन्द- મન્દ | **મન્દ**બુદ્ધિ. **મન્દ**મતિ. (ઠોઠ)
(ફા.) मंद (मतुप्)-મંદ | અક્કલમંદ (વાળો)

૧૪૫. भक्त-भत्त- ભાત | એકલો **ભાત** જમે છે.
भक्ति-भत्ति-ભાત | "પોપટ**ભાત** પટોળી." (ભાત્ય) **ભા**તિગર.

૧૪૬. प्रजा-प्रेजा-વેજા-રેજા | બાર બાપની **રેજા** એકઠી થઈ છે.
(ફા.) रेजह्- રેજો | સાડીનો **રેજો**.

૧૪૭. न (निषेधार्थ) ण- ન | તે ઘેર **ન** હતો.
न (સંભાવનાર્થ) ण-ન | તે જાણે ઊડતો **ન** હોય.

૧૪૮. खण्ड-(કકડો)-ખંડ | સાડીનો ખંડ.
षण्ड (સમૂહ)-ખંડ | તરુખંડ. (સમૂહ)

૧૪૯. खण्डित-खंडिओ-ખાંડો | **ખાંડો** કૂવો. **ખાંડી** ધાર.
खड्ग-खग्ग- ખાંડું | રાજાએ **ખાંડું** મોકલ્યું.

૧૫૦. खेटकं-खेडउं- ખેડું | "ઊજડ **ખેડે** વાગ્યું ઢોલ."
क्षेत्रपुत्र-खेत्तउत्त-ખેડૂ | **ખેડૂ** ખેતી કરે છે.

૧૫૧. उदधि (શ્રુતિલોપ) દધિ | "દધિ મથિઉ નઇ પરણી નારિ."
दधि- દધિ | દધિ વલોવે નારી.

૧૫૨. नीरुज-णिरुअ-નર્યો | "પ્હેલું સુખ તે જાતે **નર્યા**."
न+अपर-णवर-નર્યો | **નર્યા** ચોખા ખાય છે.

૧૫૩. त्वच्–तज– તજ | તજમરી.
त्वचा–तजा–તજા | તજાખાલ. તજાગરમી.

૧૫૪. न+अपि–णवि–नवि–નવ | "**નવ** કરશો કોઇ શોક રસિકડાં."
नवन्– નવ | **નવ** વાગ્યા.
नवीन–नविअ– નવો | **નવાં** કપડાં પ્હેર્યાં.

૧૫૫. लग्न–लग्ग–લાગ | **લાગ** આવ્યો. પૂઠે **લાગ્યો** છે.
" " લાગ | અગ્નિ ભડભડાટ **લાગે** છે.

૧૫૬. पिष्टकं–पिट्ठउं–પીઠું | અંડદનું **પીઠું**.
पीठकं–पीठउं–પીઠું | લાકડાનું **પીઠું**. દારૂનું **પીઠું**.

૧૫૭. पृष्ठ–पिट्ठ–પીઠ | "પામર દેહની **પીઠ** પડી."
पीठ– પીઠ | વિદ્યા**પીઠ**. શારદા**પીઠ**.

૧૫૮. पूज्–(અપ.) पूजहु– પૂજો | ગૃહદેવતાને **પૂજો**.
प्रोञ्छनं–पुंछउ–પૂંછો–પૂંજો | ઘરનો **પૂંજો** કાઢ્યો.

૧૫૯. द्विगुणक–बिउणउ–બિવણો–બમણો | **બમણે** રૂપિયે શેર.
विमणति–विमणइ–બિમણે–બમણે | માખી **બમણે** છે.

૧૬૦. स्थाप–ठाव–ठाउ–ठाव–ઠામ | રહેવાનું **ઠામ** **ઠામ**ઠેકાણું. **ઠામ** બેસવું.
" " " ઠામ | ઘરમાં પાણી પીવાનું ય **ઠામ** નથી. (વાસણ)

૧૬૧. वीत्त– વીત | "આવ્યો માતનું **વીત** હરવા."
वृत्त–वित्त– વીત | વખત **વીતે** છે. આપ**વીતી**.

૧૬૨. ज्वलति–जलइ– જળે | દેહ **જગે** જૈસી લકડેકી ભારી. (હિન્દી) **જળાઉ** લાકડું.
जीर्यते–जिरइ–જરે– જળે | ધોતિયું **જળી** ગયું છે.

૧૬૩. कुम्भ–कुम्भीपाक– કુંભી | **કુંભી**પાક નરકમાં પડ્યો.
स्तम्भ–थंभ–तंभ–તુંભી– કુંભી | રવેશની **કુંભી**ને અઢેલીને બેઠો છે.

૧૬૪ त्रिफणी–तरफणी–તરફણ | ખેડૂત તરફણથી વાવે છે.
(ફા.) तरफयून–તરફેણ | તેહેણે મ્હારી તરફેણ કરી.

૧૬૫. जाम (फा.) જામ } જામમાં પાણી પીધું.
याम– જામ } "પૂર્ણિમા મધ્યજામની."
जन्यते–जम्मइ– જામ } દહીં જામ્યું.

૧૬૬. जाजरु (फा.) જાજરૂ } તે જાજરૂ ગયો છે.
जर्जरित–जज्जरिअ–જાજરૂં } શરીર જાજરૂં થઇ ગયું છે.

૧૬૭. जानी (फा.)– જાની } તે મ્હારો **જાની** દોસ્ત છે.
याज्ञिक–जण्णिअ– જાની } મૂળશંકર **જાની**.

૧૬૮. खैर (फा.) ખેર } ત્હેના એટલા રૂપિયા આપ્યા **ખેર** છે.
खदिर–खइर– ખેર } ખેરનું લાકડું.
क्षर–खर– ખેર } ખેરટો. ખેર ભીઓ.

૧૬૯. घोटके–घोडइ– ઘોડે } ઘોડે બેઠો.
तुल्ये–तुडि–तोडे–ઠોડે–ગોડે } ગાંડા ગોડે શું બકે છે?

૧૭૦. उघन्–उडण– ઓડણ } ગાયનું **ઓડણ** મ્હોટું છે.
उड्डो (दे.) (નારી) ઓડણ } જસમા **ઓડણ**.

૧૭૧. मेख़ (फा.)- મેખ } સોનાની થાળીમાં લોઢાની મેખ.
मेष (રાશિ)–મેખ } એમાં કોઇ મીનમેખ કરી શકે તેમ નથી.

૧૭૨. सुवार (फा.)– સવાર } ઘોડાનો **સવાર**.
सु+वार–दे (सुप्रभात)–સવ્હાર } **સવ્હાર** થયું.

૧૭૩. स+हेला–सहेल– સ્હેલ } આ કામ **સ્હેલ** છે.
(फा.) सयर–सयल–સ્હેલ } ભાઇ **સ્હેલ** કરવા ગયા છે.

૧૭૪. मातंग–माअंग–मयंग–ભંગી } **ભંગી** મેલું વાળે છે.
बंगी (फा.)– ભંગી } **જંગીભંગી**

૧૭૫. शिक्षा–सिक्ख–સીખ–શીખ } "**શીખ** સાસુજી દે છે રે વહુજી! રહો ઢંગે."
सीख़ (फा.)– શીખ } **શીખ** મારી કોથળામાંથી ઘઉં કાઢો.

૧૭૬. सखी– સખી } પ્રિયંવદા શકુન્તલાની **સખી** હતી.
सख़ी (फा.)–સખી } **સખી** ગૃહસ્થોની ઉદારતાથી નભે છે.

૧૭૭. पच्-पाक- પાક } ચાલુ સાલે **પાક** સારો થયો છે. દૂધ**પાક**.
पाक (ફા.)-પાક } આ માણસ **પાક** દાનતનો છે.

૧૭૮. शण- શણ } ખેતરમાં **શણ** પાકે છે.
शकुन-सउण- શણ } **શણ**ગાંઠ બાંધી. **શણ**વી.

૧૭૯. मख- મખ } રાજાએ **મખ**નો આરંભ કર્યો.
मिष-मिख- મખ } "દડાનું **મખાં**તર કીધું."

૧૮૦. तृषा-तरिसा- તરસ } **તરસ** લાગી છે.
तरक्षु-तरच्छु-તરછ-તરસ } **તરસ** ફાડી ખાનાર પ્રાણી છે.

૧૮૧. चराति-चरइ- ચરે } ગાય ઘાસ **ચરે** છે.
जीर्यते-जिरइ-जरइ-ચરે } ઝેર શરીરમાં **ચરી** ગયું.

૧૮૨. यादृश-जेहउ- જે'વો } **જે'વો** ભાવ તે'વી ભક્તિ.
यावत्-जाव-जउ- જે'વો } **જે'વો** નાઠો કે તુરત પકડ્યો.

૧૮૩. सादिर (ફા.) સાદર } અરજી **સાદર** કરી.
श्रद्धा-साद्ध-સાધર-સાદર } "**સાદર**વાત ન પૂછે કંથ." (દોહદ)

૧૮૪. अतसी-अलसी- અળશી } **અળશી**નો પાક સારો છે.
(ફા.) પુર્શિસ ઉપરથી આદિ દ્વિર્ભાવ-અળશી } **અળશી**-પળશી કરે છે.

૧૮૫. चिकुर-चिहुर-ચ્હેરો } માથે **ચ્હેરો** રખાવ્યો છે.
(ફા.) चहरह्-ચ્હેરો } ત્હેનો **ચ્હેરો** બેડોળ છે.

૧૮૬. तदा કે ततः-तओ-तउ-તો } એ આવે **તો** સારૂં.
तावत्-ताव-तउ- તો } હું **તો** આવીશ.

૧૮૭. छम (ધ્વનિઅનુકરણ) છમ } **છમ**છ**મ**, **છમ**કારવું.
छवि-छव- છમ } લીલું**છમ** (नीलछवि)

૧૮૮. ता (ફા)- તા } કાગળનો **તા**.
ताप-ताव-ताअ- તા } ભઠ્ઠીમાં **તા** મૂકયો છે.

૧૮૯. स्थान-थाण- થાન } સૌ પોતાને **થાને** ગયા.
स्तन्य (દૂધ) थण्ण-थन्न-થાન } માતાને **થાન** ચડ્યું.

૧૯૦. द्वि-बि- બે | બે દિવસ. બેભત્થુ.
वि-बि (સં. કે ફા.) બે | બેનમૂન, બેદરકાર. બેલાશક.

૧૯૧. कुब्जक-कुज्जड-ખૂંધડિ- ખૂંધો | પાટલાનો ખૂંધો ભાગી ગયો.
अबुधक-अबुहड-બુધડિ-બુધો | આ માણસ બુધો જેવો છે.

૧૯૨. तनय-तणअ-तन | "તે બેહુને એક્કો તન."
तनु-तणु- તન | તનમનધન અર્પણ કર્યાં.

૧૯૩. कर्ण-कण्ण-कन्न- કાન | કાન પાકે છે.
कृष्ण-कण्ह-કાન્હ-કાં'ન | કાનજી ખેતશીની ચાલ.

૧૯૪. भट-भड- ભડ | "કુમથડ પૂંઠે નળ ભડ આવ્યો."
अभ्येत-अब्भिड-भिड्ड- ભડે | "હરિહરનાં કિફલડાં ભડિયાં."

૧૯૫. एकादशिका-एगारसिआ-અગિયારી-અગિયારી | અગિયારી અગિયારી એકવીસુ સો.
अग्न्यगारिका-अग्गिआरिआ- અગિયારી | પારસી લોકની અગિયારી.

૧૯૬. सुख- સુખ | સંસારમાં સુખ નથી.
शुष्कफलि-सुक्खहडि-સૂખડી | સૂખડીસોપારી બાંધજો.

૧૯૭ निशान (ફા.) નિશાન | નિશાન તાકવું.
निःस्वान-निस्साण-નીશાન | "વજ્યા નીશાને ઘાય રે."

૧૯૮. दामन् (સં. કે. ફા.)- દામણી | લલાટે બાંધી દામણી.
दामनी-दावणी-દાવણી-દામણી | "દમયંતી દીસે દામણી."
सौदामिनी-सुदामिनी- દામની | "દામની દમકતી વ્યોમ વિષે."

૧૯૯. दुग्ध-दुद्ध દૂધ | ગાયનું દૂધ.
द्विक-दुअ-दुद- દૂધ | "માગી દૂધપુત્રની જોડ"
* दुहिता-दुआ-दुध- દૂધ

૨૦૦. सूच्यमान-सुज्जंतो- સૂઝતો | કાંઇ રસ્તો સૂઝતો નથી.
शुध्यमान-सुज्झंतो-સૂઝતો | સૂઝતી ભિક્ષા ન લઇઈ."

૨૦૧. चार- ચાર | રાજાઓ ચારચક્ષુ હોય છે.
चत्वारि-चत्तारि-ચ્યાર | ગાયને ચ્યાર પગ છે.
चारु-चारि- ચારૂ | ગાય ચારૂ ખાય છે.

२०२. दिवसे–दिअहडि–दिहाडि– દાઢિ } "તમે દાઢિ કહો છો ભરથાર, માધવ સાથે છે મિત્રાચાર."
दंष्ट्रिका–दाढिगा–दाढिआ–દાઢી } ખોકડાની **દાઢી.**

२०३. उड्डो (दे.) ઓડ } **ઓડ** લોક કૂવાતળાવ ખોદે છે.
धृत–हुड्ड–उड्ड–ઓડઇ–ઓડ } હાથ **ઓડે** છે. (ધરે છે).

२०४. नयति–लेइ લે } પોટલી સ્ટેશન પર લે.
णइ–(प्रा.) लेइ–**લે** } **લે** ! ત્હને તો બધું આવડે છે !

२०५. कः पुनः–कउण–કોણ } **કોણ** આવે છે ?
कोग– કોણ } ત્રિકોણ.

२०६. प्रा. अच्छन्तो–छतो– છતો } "**છતે** બાપે નબાપાં ભલાં."
अचत्तकः–अचत्तउ–છતઉ–છતો } **છતો** સૂતો છે. વાત **છતી** કરી.

२०७. व्रत–(વિશ્લેષ) વરત } ગાય**વરત** કર્યું છે.
वर्ति–વરતિ– વરત } કોસ**વરત** આણ્યાં.

२०८. लवण–लउण–लोण– લુણ } **લુણ**–હરામ, અ**લુણું**.
रेणु–(સામ્યથી) रुण લુણ } આટા**લુણ** જવું.

२०९. कटकं–कडउं– કડું } સોનાનાં **કડાં.**
कृतक–कडअ–कडउ–કડુ } આ અનાજ કૂતરાના **કડાનું** છે.

२१०. भक्तकं–भत्तउं– ભત્થું } **ભત્થું** ભાડું મળશે.
विभक्तक–विभत्तउ–बिभत्थउ–(બે) ભત્થુ } ઘઉં બે**ભત્થુ** છે.

२११. अर्चा–अच्चा–अज्ज–આજ– આડ } કપાળે કંકુની **આડ** કરે છે.
अपगतक–अवअडउ–अअडउ–આડા } વહુએ **આડા** લીધા છે.

२१२. पूग– પૂગ } "પાન **પૂગ** રંગ બીડી."
पूर्यते–पुज्ज–પૂજ–પૂગ } તે આવી **પૂગે** છે.

२१३. सूप्तक–सुत्तउ– સૂતો } તે શય્યામાં **સૂતો** છે,
समाप्तक–समत्तउ–सवंत्तउ–सउंतउ–સૂંતો } "જેટલિ **સૂંતુ** ગીત રસાલ."

२१४. आर्ति–आरति– આરતિ } "રાજા મરસિં **આરતિ** થઇ."
आरात्रिक–आरत्तिअ–આરતી } મંદિરમાં **આરતી**નો વખત થયો છે.
(ફા.) आर्जू–આરજુ–આરજ–આરત } મ્હારે ત્યહાં આવવાની **આરત** નથી.

૨૧૫. यूका जूआ–जूअ–જૂ } માથામાં જૂ પડી છે.
द्यूत–जूअ– જૂ } "ઇણિ જૂઠાણિ જૂ રમઇ."

૨૧૬. ध्वजक–झंडओ–ઝંડો } સ્વરાજનો ઝંડો.
षण्ड–झण्ड– ઝંડ } ગોસાંઇનું ઝંડ.

૨૧૭ जुष्ट–जुट्ठ– જૂઠાણું } જૂઠાણું બહુ ન નભે.
द्यूतस्थानं–जूअट्ठाणं–જૂઠાણું } "ઇણિ જૂઠાણઇ જૂ રમઇ."

૨૧૮. अधूर्य– અધૂરાં } "અધૂરાં જંગલિ જિમણાં જાઇ." (હરણ–રોઝ)
अध्वनि–अधुणि–અધૂરિ–અધૂરા } અધૂરા પૂરા કરે છે.

૨૧૯. गोल– ગોળ } ગોળાકાર
गुड–गुल– ગોળ } શેરડીનો ગોળ.

૨૨૦. वार्ता–वत्त–વાત } એક વાત કહો.
वृत्त–वत्त–વાત } "સાદરવાત ન પૂછે કંથ."

૨૨૧. घनकं–घणउं– ઘણું } તેણે ઘણું દાન દીધું.
गुणकं–गुणउं–ગણું–ગણું } એકગણું દાન સહસ્રગણું પુણ્ય.

૨૨૨. स्वामी–सामी–सांइ– સાંઇ } સાંઇ! આપને કહા મૈંને સુના. ગોસાંઇ.
स्वागतं–सागयं–साययं–सायं–साइं–સાંઇ } તેમને મ્હારા સાંઇ કહેજો. "સ્નેહ ધરીને સાંઇ દિશ."

૨૨૩. झटिति– ઝટ } ઝટ લેઇને આવજો.
जर्त–जट्ट (જાટ) જટ–ઝટ } જંગલીઝટ (જટ)

૨૨૪. (पर) कार्यक–(पर) गज्जुअ–(પર) ગજૂ } તે માણસ પરગજૂ છે
गात्रकं–गच्चउं–गज्जउं– ગજું } તે કામ કરવાનું તેનું ગજું નહીં.

૨૨૫. दण्डकः–दंडउ– દાંડો } કમળનો દાંડો.
डंडओ (दे) डंडउ–ડાંડો } વસ્તુ લેઇને ડાંડે પડ્યો. (રસ્તે)

૨૨૬. शृङ्ग– શગ } દીવાની શગ.
गजमौक्तिक–જગ (મોતી) શગ } "હું તો થાળ ભરું રે શગ-મોતીએ."

૨૨૭. वारिका- વાડ { વાડ ચીભડાં ગળે.
(उच्छिष्ट, पातः- વાડ { એંઠવાડ, ગંદવાડ, મંદવાડ.

૨૨૮. दल- ડાળ { ઝાડનું ડાળ.
द्विदल- ડોડાળ { "શકે નેત્ર ખેત્ર છે મોહનું ડોડાળાં અંબુજ."

૨૨૯. (कृ) करोति-करइ- કરે { તે રસોઇ કરે છે.
(कॄ) किरति-किरइ-કરે { મોર કળા કરે છે.

૨૩૦. चोर+ई (તદ્ધિત પ્રત્યય) -ચોરી { ચોર ચોરી કરે છે.
चतुरस्रिका-चउरस्सिआ-चउरहिआ-चउरी-ચોરી { લગ્નની ચોરી.

પરિશિષ્ટ ૨ જું

પુસ્તકના કેટલાક વ્યુત્પત્તિના શબ્દોની સૂચી

અ

અડંગા ૪૭
અનામત ૫૪
અજીઠું ૭૧
અજબ ૭૧
અચરજ ૭૨
અડવણ ૭૪, ૩૫૦
અણચી ૮૩
અનોખો ૮૩, ૮૪
અઘાટ ૮૫
અગરિયો ૮૪
અમૂઝણ ૮૭
અચંબો ૮૮, ૧૦૮
અમ્હે ૩, ૫૦, ૧૨૪
અભડાવું ૧૮૯, ૧૯૦
અવેરવું ૨૦૧, ૨૦૩, ૩૫૪
અંધેર ૨૨૫
અવરાય ૨૪૫
અધરૂં ૭૪
અન્હૂતું ૮૩
અનેરૂં ૪૫, ૧૩૬
અંગુઠો ૨૧૦
અધૂરાં ૧૫૮, ૩૬૩
અગર ૮૪, ૩૫૭
અરહુ ૩૨૪
અગિયારી ૩૬૧

આ

આવડવું ૪૫
આગમચ ૭૨
આફરો ૭૪, ૩૫૫
આણ ૭૮
આળું ૪૫, ૭૮, ૩૫૧
આળ ૮૪, ૩૫૧
આંચ ૮૮
આપણ ૧૩૨
આવવું ૪૦, ૧૮૮, ૧૯૨
આપવીતી ૮૬, ૧૯૮
આથમવું ૨૦૦
આંગમવું ૨૦૫
આડ ૩૬૨
આગળો ૩૫૫
આગ ૩૫૨
આભ ૩૫૫
આરતી ૩૬૨

ઇ

ઇધણાં-રાં ૭૩

ઉ

ઉવટ ૩૬
ઉખેડવું ૨૦૫, ૨૨૫
ઉકેલવું ૨૦૫, ૨૨૫
ઉલાળવું ૨૨૪
ઉપણવું ૮૨, ૮૫
ઉપરાળું ૮૫, ૮૮
ઉછરંગ ૭૩
ઉબકો ૭૨

ઉખેવવું ૩૫, ૩૫૧
ઉવેખવું ૩૫, ૩૫૧
ઊ
ઊઠવું ૨૦૧
ઊભવું ૧૮૫
ઊજમ ૪૫
ઊગટો ૭૫
ઊગરવું ૧૬, ૭૫
ઊલળવું ૧૮૮
ઊપહિરઉ ૩૦૮
ઊડા ૩૫૦
એ-ઍ
એવડું ૧૩૬
એ ૯૩, ૧૨૮
એમ્હને ૧૨૩
ઍધાણ ૫૦, ૮૫
ઍ'વાતણ ૪૯, ૮૩, ૮૪
ઍ'વે ૪૬
એકડું ૨૫
ઍ'રણ ૩૩૯
ઓ-ઑ
ઑપટી ૩૪૦
ઓધાન ૩૪૦
ઓછું ૩૫૦
ઓળગ ૩૦, ૩૫૪
ઓરતો ૩૦
ઓળવવું ૨૦૧, ૨૦૩
ઓળખવું ૨૦૦
ઓંકાર ૪૬
ઓડ ૩૬૨
ઓડણ ૩૫૯
ઑટ ૩૪૬
ક
કઠોડું ૨૫
કચ્ચપચ્ચ ૭૧, ૭૨
કણબી ૭૪
કરેંળી ૭૬
ક્યારડો ૮૩
કરડો ૮૫
કાગવાશ ૮૭
કાંસકી ૮૮
કૂણું ૮૮
કોણ ૭૯, ૧૦૮, ૧૩૧, ૩૩૩-૪
કેરૂં ૯૩, ૧૫૮, ૧૬૪
કાઢવું ૧૮૮, ૧૯૦
કને ૩૦૧, ૩૦૮
કરતાં (થી) ૩૦૯
કાં ૧૩૧, ૧૪૭, ૧૭૬, ૩૧૮
કેમે ૩૧૮
કઠવું ૨૧, ૧૮૫
કરી ૩૪, ૮૭, ૩૦૪, ૩૪૯
કઠારો ૩૫૬
કાંપ ૩૫૩
કે (અવ્યય) ૩૨૩
કોળિયો ૩૩૨
કુંભી ૩૫૮
કાણો ૩૪૬
કોડ ૩૫૦
કાળી ૩૫૨
કાશ ૩૫૫
કઢવું ૩૫૨
ખ
ખાંધ ૧૦૮, ૩૫૨
ખાંત ૨૨, ૭૬
ખીલો ૭૬
ખોળો ૭૨
ખરખરો ૪૫
ખાણ ૪૭, ૮૪, ૩૫૬
ખેડૂ ૩૫૭
ખેર ૩૫૯
ખીલી ૩૫૧
ખમ ૩૫૨
ખોડ ૩૪૫
ખાંડ ૩૫૫
ખરો ૩૪૭
ગ
ગોતવું ૧૯૭
ગમવું ૧૮૧
ગોખ ૩૩૨-૪, ૩૫૬
ગોખ ૮૬, ૩૫૬
ગોરાડુ ૭૪
ગોબર ૭૧
ગડબડ ૭૧
ગેડી ૩૫, ૪૭
ગોરે ૩૪, ૩૫૯
ગુજરાત ૧૦
ગોરમટી ૨૫
ગાલમસુરિયાં ૭૪
ઘ
ઘટવું ૧૯૭
ઘાલવું ૭૮, ૧૮૮

ઘાઘરો ૨૫, ૭૩
ઘેલો ૫૩, ૩૩૯
ઘંટીછોડો ૩૫
ઘરડો ૭૦
ઘેબર ૭૧

ચ

ચીંધવું ૮૫
ચમકવું ૨૦૧
ચૂકવું ૮૧, ૧૮૮
ચમચો ૮૬
ચેપી ૭૯, ૮૨
ચણોઠી ૭૯
ચાકળાણુ ૭૩, ૭૪
ચૂવડું ૭૧
ચોટું ૪૯
ચાચર ૨૫
ચાર ૩૬૧
ચઃવું ૩૬૦
ચ્હેરો ૩૬૦
ચેન ૩૪૫

છ

છે ૨૦, ૮૨, ૨૦૬, ૨૬૩
છીનવવું ૧૯૭
છીણવું ૧૯૭
છીપ ૮૬, ૧૮૮, ૩૫૫
છોગું ૫૪, ૮૮
છીંક ૭૩
છકડો ૮૬. ૩૪૫
છો ૮૬, ૩૪૧, ૩૪૫
છોડ ૩૩૨
છમી ૪૬, ૭૧
છમ ૪૬, ૩૬૦
છતો ૩૬૨
છાનું ૩૫૦

જ

જિહાંકણિ ૩૧૭
જાણે ૩૧૯
જેમ ૫, ૩૦૫
જણવું ૨૦૪
જાળવવું ૪૭, ૨૦૪
જોડવું ૭૧, ૧૮૯
જ્યહાં ૧૨૯
જુગટું ૭૫
જુનાડ ૭૪
જ (અવ્યય) ૫૯, ૩૧૧
જુહાર ૪૯
જનોઇ ૨૫
જાણીતો ૨૯૫
જોવું ૨૬૩
જ્યહારે ૫૩, ૩૧૮
જોખ ૮૬
જામ ૧૮૧. ૩૫૯
જવ ૧૮૧, ૧૮૩, ૩૫૪
જે (અવ્યય) ૩૨૩
જૂઠાણું ૩૬૩
જાજરૂ ૩૫૯
જરા ૩૫૨
જાન ૩૫૫
જળવું ૩૫૮
જૂ ૩૬૩

ઝ

ઝાલવું ૮૦
ઝીલવું ૮૦
ઝંખવું ૮૦
ઝંખના ૮૦
ઝંડો ૭૧, ૮૦, ૩૬૩
ઝીણો ૩૪૫

ઠ

ઠાર ૭૩
ઠામ ૭૨, ૩૫૮

ડ

ડાળ ૭૯, ૩૬૪
ડૂલવું ૪૮
ડંડો ૩૫૦
ડોળો ૩૪૮

ઢ

ઢોંગ ૭૫, ૮૦
ઢેબરૂં ૭૧
ઢીલો ૩૫૩

ત

ત્રીજું ૨૩૭
તણો ૯૪, ૧૬૨
તુજ ૧૨૫, ૧૩૪
તૂ ૧૨૬
ત્હેમને ૧૨૩
તાલાવેલી ૭૮, ૮૩
તોડેમંકોડે ૮૧
તીણું ૪૯
તીરવા ૩૩, ૩૫૦
તરસ ૮૬, ૧૧૦, ૩૬૦
તો ૩૩૪, ૩૬૦
તૂર ૩૪૮
તીખું ૩૪૯
તરફણ ૩૫૮

તા ૩૬૦

થ

થી ૧૫૩
થકી ૧૫૪
થપ્પો ૮૭
થાન ૭૭, ૩૬૦

દ

દડો ૩૫
દેખવું ૨૦૩
દોડવું ૧૯૭, ૩૩૨
દાબ ૮૭
દેહડું ૮૬
દેખરેખ ૭૫, ૩૫૩
દાધારંગો ૭૩
દામણો ૭૨
દાઢિયું ૫૦
દીંડું ૮૨
દધિ ૩૦, ૩૫૭
દોલત ૩૩૩
દોઢ ૪૦, ૩૩૨
દાંડો ૩૬૩
દગો ૩૪૫
દામણી ૩૬૧

ધ

ધીરવું ૨૦૫
ધ્રાસકો ૮૦
ધીજ ૭૩
ધાણ ૪૫, ૧૧૦, ૩૪૬
ધીશ ૩૦
ધામ ૩૫૬
ધંધા ૩૪૫
ધજ ૩૫૩
ધાણી ૩૫૫

ન

નીપટ ૩૭
નહીંતર ૮૧, ૩૨૩
નાપિત ૩
નવ ૭૭, ૩૨૪, ૩૫૮
નિચોવવું ૪૦, ૮૦, ૨૦૧
નીવડવું ૮૦, ૨૦૧
નભવું ૭૬, ૧૮૧, ૧૮૩
નાન્હમ ૯૨
નીમાડો ૮૮
નાંધડીઆ ૫૨, ૮૫
નાપિક ૮૧
નાણવું ૪૫, ૭૭, ૭૯, ૩૫૨
ન્હાનું ૨૫, ૫૦, ૭૬
નાવક ૭૬, ૯૫
નીલવટ ૭૫, ૩૫૧
નાખવું ૭૪
નોદરવાં ૭૩
નમાર ૭૨
નર્યો ૩૫૭
નેડો ૩૫૧
નવરો ૩૫૨
નારૂ ૩૫૪
નિશાન ૩૬૧
નાંગળેલો ૩૪૦

પ

પાખે ૩૨૦
પોખતી-લી ૩૦૭
પધારવું ૨૦૫
પલ્હાળવું ૨૦૪
પાડવવું ૨૦૦
પાથરવું ૨૦૦
પ્હેરવું ૪૯, ૫૪, ૨૦૦
પરોવવું ૪૦, ૧૯૮
પોઢવું ૧૮૫, ૧૮૭
પૂગ ૭૦, ૧૮૦, ૧૮૧, ૩૬૨
પાઈ ૧૫૩
પારણાં ૧૦૮
પડછાયો ૪૩, ૧૦૮
પાડો ૧૦૮, ૩૪૮
પડખું ૫૪
પાવસ ૩૪, ૮૭, ૩૪૯
પેંતરો ૮૭
પડછંદો ૮૬
પારેવું ૮૫
પરાંઠી ૩૦, ૮૨
પલાંઠી ૭૬
પૂંકવું ૭૬
પાગઠું ૭૫
પતિયાર ૭૪
પરબ ૭૧, ૧૧૦, ૩૪૮
પંજેઠી ૭૧
પોગળ ૭૨
પિછાણ ૨૫, ૫૦
પાન્હી ૫૦
પાનો ૨૫, ૫૦
પ્હોંચવું ૪૯, ૧૮૯, ૧૯૭, ૩૪૭

પગર ૪૬
પાળ ૪૬
પાણી (પત્રક) ૩૫, ૮૭, ૩૫૧
પ્હેલાં ૧૭૫, ૩૦૧
પડછો ૧૦૮, ૩૪૭
પોતે ૧૩૦
પલવટ ૩૯
પાતળું ૨૨
પરહુ ૩૨૪
પણ ૧૪૯, ૩૨૨
પાલવવું ૧૮૫, ૩૪૯
પાળી ૧૧૦, ૩૪૯
પૈરે ૩૩૯
પલીત ૩૫૩
પાસો ૩૫૩
પીઠું ૩૫૮
પીઠ ૩૫૮
પૂંજો ૩૫૮
પાક ૩૬૦
પાડ ૩૪૮
પડ ૩૪૮
પડો ૩૪૮
પાસ ૩૪૯
પાવડી ૩૪૯
પાપડ ૩૫૧
પ્હોળું ૩૩૯
પરોણો ૩૪૮

ફ

ફાવવું ૮૮
ફાળ ૮૮
ફાલ ૮૮
ફગર ૪૬, ૭૨
ફાંસુ ૪૬, ૩૫૩
ફાંસો ૩૫૩

બ

બાપડો ૪૫
બન્ને ૩૨
બીજું ૨૩૭
બોલવું ૨૨૦
બગડવું ૨૦૦
બેસવું ૮૨, ૨૦૦
બોટવું ૮૦, ૧૯૭
બૂઝવું ૧૮૫, ૩૫૨
બાજઠ ૭૯, ૮૭
બડવો ૮૭, ૩૪૭
બગાસુ ૧૭, ૮૨
બારાખડી ૮૧
બૂકવું ૮૧
બાવલું ૭૮
બગદો ૭૫
બોચલો ૭૫
બચવું ૪૭, ૭૧
બતાવવું ૭૧
બચ્યું ૭૧
બરાડો ૭૧
બરો ૭૧
બુટ્ટી ૭૧
બમણો ૩૫૮
બૂહો ૩૬૧
બત્તી ૩૪૮

ભ

ભિડ ૨૦, ૩૦
ભીતર ૨૦
ભૂર ૮૨, ૩૫૪
ભડ ૧૮૮, ૧૮૯, ૩૬૧
ભૂંસવું ૮૮
ભભક ૮૧
ભારથી ૫૩, ૭૨
ભુરસી ૭૦
ભોરંગ ૭૦
ભાગવું ૭૦, ૧૮૦
ભટ્ટાચોર ૩૪
ભણી ૪૬, ૩૦૧
ભરાણું ૨૬૫
ભાત ૪૫, ૩૫૭
ભત્થુ ૩૬૨
ભેર ૩૫૭
ભંગી ૩૫૯
ભાણું ૩૪૯
ભીને ૩૫૧

મ

મહેરવું ૨૨૫
મેલવું ૧૮૮, ૧૯૩, ૩૫૪
મઝારિ ૧૬૦
માં ૧૬૦, ૧૭૬
માટે ૧૪૨, ૧૫૧, ૩૦૦
માથું ૯૬, ૧૪૨
મુજ ૧૨૫, ૧૩૪
મૂ ૧૨૬
મસાણી ૪૯
મલાજો ૭૯, ૧૦૮
મજૂસ ૮૮
મલખમ ૮૮, ૩૫૨

માપ ૮૬, ૩૪૬
મીંઢળ ૮૫
મીંડું ૮૨
મસળવું ૭૬
મ્હાવત ૭૨
મ્હેરામણ ૩૪, ૭૨
મેઢ ૭૨
માવ ૩૫૪
માંડમાંડ ૩૫૩
મેખ ૩૫૯
મખ ૩૬૦
મોર ૩૫, ૩૪૫
મરકલડું ૭૦
માચવું ૨૦૦

ર

રીસાવું ૨૩૩
રેડવું ૨૦૨
રાચવું ૨૦૦
રહૃઇં ૧૪૦, ૧૪૮
રૈસિ ૧૧૪
રતોવઇ ૮૩
રાણો ૮૧, ૮૨, ૩૪૬
રઢ ૮૧
રીઢું ૮૧
રેજા ૭૫, ૮૧, ૩૫૭
રોકવું ૮૧
રોડું ૭૬
રામણ ૭૫, ૩૪૬
રેવડી ૭૪
રખે ૩૧૯
રતવા ૨૫, ૩૫૦
રણ ૪૫, ૭૮, ૩૪૬
રવી ૩૫૭
રાશ ૮૫, ૩૪૮
રેખ ૩૫૩
રાવ ૩૫૩
રાત ૩૪૭

લ

લે(અવ્યય) ૩૧૬, ૩૬૨
લીલમ ૭૪
લઢણ ૪૫
લાવવું ૨૧૮
લેવું ૨૧૫, ૨૬૩
લાલચ ૮૬, ૧૧૦
લચવું ૮૬
લૂખું ૭૬
લોટ ૭૬, ૩૪૭
લગી ૧૭૮, ૩૦૧, ૩૦૩
લુણ ૭૭, ૩૬૨
લાગ ૧૮૮, ૩૫૮
લવાજણ ૩૫
લાશ ૪૬
લાખ ૩૫૬
લાલ ૩૫૨

વ

વઘરો ૭૪
વાદળ ૭૩
વાખરો ૭૩
વધામણું ૭૨
વાંધો ૭૧
વજ ૭૧, ૧૧૦
વેણ ૭૯, ૯૬, ૩૪૫
વેળ ૭૮, ૩૫૧
વરત ૩૬૨
વટ ૩૫૧
વાજ ૩૫૫
વનો ૩૫૬
વેંત ૩૪૯
વાન ૨૨, ૩૪૯
વા ૩૩, ૩૫૦
વીજ ૩૫૨
વાડો ૧૦૮, ૩૫૩
વતૂ ૪૬
વ્હારખૂમ ૩૪, ૪૫
વેળુ ૮૫
વનફુળ ૭૬
વાગ ૭૦, ૧૮૦, ૩૫૫
વસવૈયુ ૪૯, ૮૩
વળૂંધો ૮૩, ૩૦૧
વાયણું ૮૨
વડસાસો ૮૧, ૩૪૬
વાકોરણ ૮૧
વરાધ ૧૧૦
વાધવું ૨૧, ૭૩, ૨૨૬
વિખેરવું ૨૦૫, ૨૨૫
વધેરવું ૨૨૫
વેડવું ૨૦૧, ૨૦૨
વીસરવું ૨૦૧
વલોવવું ૮૦, ૨૦૧
વેચવું ૮૨, ૨૦૦
વેરવું ૨૦૦, ૩૫૪
વીણવું ૨૦૦, ૩૫૩
વ્હેંચવું ૭૧, ૧૯૯
વીત ૧૯૭, ૩૫૮

વંઠવું ૧૯૭
વડે ૩૦૦
વચ્છભાવ ૨૧૦
વડ ૩૪૬
વાવું ૩૪૯

શ

શીળું ૪૦, ૭૮, ૨૪૧
શું (વિશે.) ૧૩૪, ૩૪૬
શો (સર્વ.) ૧૫, ૮૨, ૧૨૯, ૩૪૬
શેવાળ ૮૪, ૮૫
શોક્ય ૧૬, ૮૦, ૩૩૨
શું (અવ્યય) ૩૦૭, ૩૪૬
શીખ ૩૫૯
શણ ૩૬૦
શગ ૩૬૩

સ

સાંપડવું ૨૨૪
સાંભળવું ૨૦૧, ૨૦૨
સમારવું ૨૦૦
સમઝવું ૮૨, ૧૮૫, ૨૦૦
સોંપવું ૨૦૦
સૂકવું ૧૮૮
સરખા ૧૦૧, ૧૩૬
સહિયર ૭૩, ૧૨૩
સનો ૨૧, ૪૩, ૧૦૮
સોઢમ ૮૮
સિંચાણો ૮૬
સખધો ૮૩
સમોવડો ૮૩
સૂંઘવું ૮૨
સણીજો ૭૯
સલૂણી ૭૭
સરાણ ૭૩
સાવકો ૮૧
સાંભરવું ૭૨, ૩૪૭
સળેખમ ૫૪
સરવડું ૪૮
સહી ૩૨૧
સામ્હું ૩૨૪
સાંઝરે ૩૩
સાલાસ ૪૫
સાવજ ૭૯
સ્હાત ૭૨, ૩૫૦
સખળ ૭૫, ૩૫૩
સૂઝ ૧૮૧, ૩૫૬
સુણ ૧૮૫, ૩૫૬
સૂખડી ૩૬૧
સૂંતુ ૩૬૨
સોઝ્ઝ ૩૫૬
સળંગ ૩૫૭
સાદર ૩૬૦
સ્હેલ ૩૫૯
સખી ૩૫૯
સૂનું ૩૪૮
સીંચવું ૩૫૧
સોત ૩૫૩
સોળ ૭૮
સાંધ ૩૬૩
સરવો ૩૪૭
સાંકળી ૩૫૦

હ

હવે ૩૧૯
હંકારવું ૪૯, ૨૦૦, ૨૦૧
હેઠે ૩૦૧
હૂંતઉ ૧૫૩, ૨૬૩, ૨૯૪
હેત ૭૨, ૩૪૮
હળવે ૪૯
હજી ૪૯
હોણ ૪૯
હઠ ૪૭
હતો ૨૬૩, ૨૯૪
હેજ ૩૫૬
હાડ ૩૫૦
હોં ૩૪૧

પૂર્તિ

પૃ. ૪૮

ઉમેરો–(૫૬) जड (બુદ્ધિએ મંદ) ઉપરથી 'જાડો' (શરીરે સ્થૂળ). 'जडः'નું પ્રાકૃતમાં ड બેવડાઇ 'जड्डो' થયું છે. "एस जड्डो, किं एस सिक्खिहि ?" (વસુ. ૧૨૭–૮. અહીં મૂળ અર્થ છે. તે ઉપરથી સંયોગલોપ થતાં 'જાડો')

પૃ. ૭૨

ઉમેરો–ઉત્સર્ગ (૬)માં–(ફા.) आर्जू–આરજુ–આરજ–આરત (ગરજ)

પૃ. ૧૧૫

ઉમેરો–"ખોલા થિકુ લિઇ નાંખ્યુ હેઠ." (હરિષે. ૧૦૩)

પૃ. ૧૧૯

ઉમેરો–અંગ–અપભ્રંશ ને અંતિમ અપભ્રંશમાં વપરાતાં રૂપ પ્રત્યયો લાગતાં ગુજરાતીમાં **અંગ** કહેવાય છે. વર્તમાન ઓકારાંત નામનું અંગ અપભ્રંશમાં જેમ આકારાંત બને છે તેમ બહુવચનમાં પણ આકારાંત પ્રયોગ થયા છે. માત્ર બીજી વિભક્તિના પ્રયોગ નોંધીશું.

૧. "लज्जिज्जइ **संदेसडा** दिन्तिहिं." (૮–૪–૩૧૯)

૨. "**मणिअडा** गणन्ति." (૮–૪–૪૧૪)

૩. "जो गुण गोवइ **अप्पणा पयडा** करइ परस्सु." (૮–૪–૩૩૮)

૪. **घणा** सहेसइ ताव (૮–૪–૪૨૨)

એટલામાં ताव બહુવચનનો સમજિયે તો, નહીં તો घणा એકવચનમાં घनकं–घणउ–घणा (બીજી વિભક્તિ–નરજાતિ)

વળી એકવચનમાં પણ તેવાં વધુ ઉદાહરણ જડે છેઃ—

૧. "**देसडा** चइज्ज." (૮–૪–૪૧૮)

૨. "पिक्खवि **बाहु-बलुल्लडा** (पिउ)" (૮–૪–૪૩૦) (બાહુબળવાળા પ્રિયને જોઇને)

૩. "रक्खेज्जहु लोअहो ! **अप्पणा.**" (૮–૪–૩૬૭)

(भो लोका आत्मानं रक्षत) अप्पणउं નું अप्पणा અંગ વપરાયું છે. છોકરા**નાં** ઘરમાં (એ. વ.)–એવી જાતનો પ્રયોગ અપભ્રંશ પ્રયોગની વિરુદ્ધ જાય છે. (જુઓ. फल **लिहिआ** भुंजान्ति (૮–૪–૩૩૫); માટે નાન્યતર જાતિના એકવચનનું અપભ્રંશમાં અંગ જેમ આકારાંત બને છે તેમ ત્હેના વિશેષણનું પણ બનવું જોઇયે. બહુ-વચનમાં બન્નેનાં–વિશેષણવિશેષ્યનાં આંકારાંત રૂપ બને. (નામ क લાગી બન્યું હોય તો નહીં તો, માત્ર વિશેષણ આંકારાંત બને)

પૃ. ૧૫૮

ઉમેરો–ફૂટનોટમાં 'ટિપ્પણમાં' પછી પૃ. ૨૩૮.

પૃ. ૧૬૬

ઉમેરો (૧૦મી પંક્તિ પછી)

हो પાંચમીનો પણ પ્રત્યય છે.

૧. "हउं कुलमग्ग**हो** चुक्कउ." (ભવિ. ૭–૫–૪)

૨. "जा नीसरइ कुलंगणगेह**हो**." (,, ૭–૫–૨)

૩. "वंधुअत्तु परदेस**हो** आवउ." (,, ૮–૧–૫)

અહીં होन्तउ ન હોવા છતાં પણ हो પ્રત્યયથી અપાદાનનો અર્થ વ્યક્ત થાય છે.

પૃ. ૧૮૭

ઉમેરો–'**ઊભ**' ધાતુ–જ્ઞાનેશ્વરીમાં પણ ऊर्ध्व ઉપરથી બનતા उभ–उध વપરાયા છે. "माथा **उधऊं**" (માથું ઊંચું કરવા પૃ. ૩૪૮–૧૪); તેમજ "**उभऊनि** करतळें." (હાથ ઊંચા કરીને પૃ. ૩૫૫–૪)

પૃ. ૧૯૭

ઉમેરો–અર્વાચીન क्तान्त ધાતુ–(૧૫) विलुब्ध ઉપરથી 'વળૂંધે' શામળે વાપર્યો છે. "જરવંતાની જુવતિ વાણોતર સાથ **વળૂંધે**;" (ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૨૬૧)

સંવત્ ૧૫૦૦ની સાલના "નમસ્કાર બાલાવબોધ"માં આમ પ્રયોગ મળે છે: "તેહનઇ વિષઇ તે ચોર **ઉલૂધઉ** છઇ." (સંદર્ભ. ૧૬૬–૩) विलुब्ध ઉપરથી व्‌ નો उ થઇ.

પૃ. ૨૧૮

ઉમેરો–લેવું ધાતુ સં. ની ધાતુ ઉપરથી આવ્યો. કાદંબરીમાં "शिशुजनोचितामिश्च क्रीडाभिरानियंत्रणमपनीतो बालभावः" (પૃ. ૬૫) છે. ત્હેના જે'વો પ્રયોગ જૂની ગુજરાતીમાં મળે છે. "પરમેશ્વરિ રમલિ કરતાં બાલપણું લીધઉં" (પ્રા. ગુ કા. સં. પૃ. ૧૨૩) અહીં 'લીધઉં'નો અર્થ अपनीतं થાય છે.

પૃ. ૨૪૨

ઉમેરો–પંક્તિ ૯મી પછી—

પ્રા. અપભ્રંશમાં વપરાતા गंजिज्जइ ઉપરથી હાલ 'ગાંજી જાય', 'ગાંજ્યો જાય', વગેરે વપરાય છે, પણ 'ગંજાય' જે'વું રૂપ વપરાતું સાંભળ્યું નથી. એટલે આ ધાતુએ માત્ર વ્યસ્ત રૂપ પાછળ મૂક્યું જણાય છે, અને સમસ્ત રૂપ કોઇ કાળે બોલાતું હશે, પણ તે લોકપ્રિય નીવડ્યું જણાતું નથી.

પૃ. ૨૪૯

ઉમેરો–પંક્તિ ૧૨મી પછી.

"પાંચે પાંડવ વર્યા દ્રૌપદી કુંતામાતવચન." (ગુ. ભા. સા. પુ. ૨, પૃ. ૧૫૭) અહીં 'દ્રૌપદી' શબ્દને પ્રત્યય લાગ્યો નથી. ત્હેને ત્રીજીનો પ્રત્યય લગાડતાં "પાંચે પાંડવ દ્રૌપદીએ વર્યા"માં ક્રિયાપદ કર્મણિ પ્રયોગનું થશે, ને બીજીનો પ્રત્યય લગાડતાં "પાંચે પાંડવ દ્રૌપદીને વર્યા"માં ક્રિયાપદ કર્તરિ પ્રયોગનું બનશે.

પૃ. ૨૬૧

સુધારો–ઘલ્લ (પૃ. ૨૬૧–છેલ્લી પંક્તિ)–આ ધાતુને અપભ્રંશમાં इअ પ્રત્યય લાગ્યો છે, માટે કાઢી નાંખો.

પૃ. ૨૬૮

ઉમેરો–પંક્તિ ૭માં. 'સામુદ્રિકશાસ્ત્ર'માંનું તેજ પૃ. ૪૮ ઉપર છેડે સંવત્ ૧૫૫૭ના અરસાનું વાક્ય આમ છેઃ—

"પહિલૂં દેવ નમસ્કરી નઇ પુરુષ સ્ત્રીનાં લક્ષણ **કહીસિ.**" "પુરુષની બુદ્ધિ વધારવાનઇં કાજિઇં હું **બોલિસિ.**" (બુ. પ્ર. પું. ૭૯, પૃ. ૧૬૦) અહીં કર્તા 'હું' વપરાયો છે, તેથી '**બોલિસિ**' રૂપ કર્મણિ નથી.

વળી अइનો इ થતાં ત્રીજા પુરુષ એકવચનમાં પણ તે'વું રૂપ થયું છે.

૧. "નાન્હઉ એ કિમ **ઝૂઝીસિ.**" (પ્રા. ગુ કા. ૧૧૬)

૨. "લોક તણી કુણ **કરીસિ** સાર?" (,, ૯૮)

પૃ. ૨૭૯

ઉમેરા-**કરજો** **करेज्जहु** ઉપરથી આવ્યું. જુઓ—

"**रक्खेज्जहु** लोअहो अप्पणा बालहे ज़ाया विसम थण." (૮-૪-૩૬૭) તેમ "सव्वइ **वंचिज्जहो.**" (ભવિ. ૩-૨૧-૮) (एज्ज વિધ્યર્થ પ્રત્યયને બી. પુ. બ. વચનના हु-हो પ્રત્યય લાગી)

પૃ. ૨૮૫

ઉમેરા-**જોઇતો**

(૮) द्योत्यमानकः-जोइज्जंतओ-जोईयंतउ-જોઇતો.

द्योत्यते (પ્રકાશિત થાય છે-જોવાય છે). અપભ્રંશમાં (૧) मुहुं **जोवइ** नरिंदु" (ભવિ. ૧૬-૧૨-૧૪), (૨) "**जोइज्जउं** सय वार" (૮-૪-૩૫૬—આ'માં કર્મણિ રૂપ છે.), (૩) थिउ **जोयंतउ**" (ભવિ. ૭-૭-૬)

ગુ. જોઇયે, म. पाहिजे, ને હિં. चाहिये-ત્રણે દૃષ્ટિવાચક કર્મણિ રૂપ છે. મ. पाहिजे स्पश् (જુઓ. स्पष्ट, स्पशः, ને અં. Spy) ધાતુ ઉપરથી पासिज्जइ-पाहिज्जइ-**पाहिजे** રૂપે વ્યુત્પન્ન થયું છે. चक्ष् (જોવું) ઉપરથી चक्खिजइ-चाखिजइ-चाहियइ-**चाहिये**-એ સંભવિત ક્રમે હિં. चाहिये રૂપ બન્યું છે.

પૃ. ૨૮૭

ઉમેરા (૧૨મી પંક્તિમાં) અથવા બેવડા પ્રત્યય તરીકે

"પહિલૂં દેવ નમસ્કરી નઇ પુરુષ સ્ત્રીનાં લક્ષણ **કહીસિ.**"
"પુરુષની બુદ્ધિ વધારવાનઇં કાજિઇં હું **બોલિસિ.**" (બુ. પ્ર. પું. ૭૯, પૃ. ૧૬૦) અહીં કર્તા 'હું' વપરાયો છે, તેથી '**બોલિસિ**' રૂપ કર્મણિ નથી.

વળી અઇનો ઇ થતાં ત્રીજા પુરુષ એકવચનમાં પણ તેવું રૂપ થયું છે.

૧. "નાન્હઉ એ કિમ **ઝૂઝીસિ.**" (પ્રા. ગુ કા. ૧૧૬)

૨. "લોક તણી કુણ **કરીસિ** સાર ?" (,, ૯૮)

પૃ. ૨૭૯

ઉમેરો-**કરજો** करेज्जहु ઉપરથી આવ્યું. જુઓ—

"**रक्खेज्जहु** लोअहो अप्पणा बालहे जाया विसम थण." (૮-૪-૩૬૭) તેમ "सव्वइ **वंचिज्जहो.**" (ભવિ. ૩-૨૧-૮) (एज्ज વિધ્યર્થ પ્રત્યયને બી. પુ. બ. વચનના हु-हो પ્રત્યય લાગી)

પૃ. ૨૮૫

ઉમેરો-**જોઈતો**

(૮) द्योत्यमानकः-जोइज्जंतओ-जोईयंतउ-જોઈતો.

द्योत्यते (પ્રકાશિત થાય છે-જોવાય છે). અપભ્રંશમાં (૧) मुहुं **जोवइ** नरिंदु" (ભવિ. ૧૬-૧૨-૧૪), (૨) "**जोइज्जउं** सय वार" (૮-૪-૩૫૬-આ'માં કર્મણિ રૂપ છે.), (૩) थिउ **जोयंतउ**" (ભવિ. ૭-૭-૬)

ગુ. જોઇએ, **મ.** पाहिजे, ને હિં. चाहिये-ત્રણે દૃષ્ટિવાચક કર્મણિ રૂપ છે. મ. पाहिजे स्पशृ (જુઓ. स्पष्ट, स्पशः, ને અં. Spy) ધાતુ ઉપરથી पासिज्जइ-पाहिज्जइ-**पाहिजे** રૂપે વ્યુત્પન્ન થયું છે. चक्ष् (જોવું) ઉપરથી चक्खिजइ-चाखिजइ-चाहियइ-**चाहिये**-એ સંભવિત ક્રમે હિં. चाहिये રૂપ બન્યું છે.

પૃ. ૨૮૭

ઉમેરો (૧૨મી પંક્તિમાં) અથવા બેવડા પ્રત્યય તરીકે

૧૮–૪–૬), તેમ "गिरिवर**कडय** सो वि संपाइउ." (,, ૧૮–૭–૧૦) મરાઠી इकडे–तिकडे રૂપને આ कटके સાથે સંબંધ જણાય છે.

પૃ. ૩૨૪

ઉમેરો (છેડે) **સૂધી**–આ અવ્યય મ્હેં જોયાં છે તેટલાં પુસ્તકમાં મળ્યું નથી. નજરચૂક થવા પણ સંભવ છે. છતાં જૂની ગુજરાતીમાં તે વ્યુત્પન્ન થયું છે. એની વ્યુત્પત્તિ સંબંધી ભિન્ન ભિન્ન મત સમર્થન વિનાના નંધાયા છે. હું જાતે નિર્ણય ઉપર આવતો નથી, પણ સંભવાસંભવના વિચાર માટે એક વાક્ય નોંધું છું. "અહા જીણઇં દીક્ષાઇં એકઇ દીહાડઉ **સૂધી** પાલીઈ હૂતઇ વૈમાનિક દેવતાની પદવી લાભઈ." (સંદર્ભ. ૧૬૫–૧૮) પ્રથમ દૃષ્ટિએ 'એક દહાડા સૂધી' એમ સમઝાશે, પણ '**સૂધી**' અહીં 'દીક્ષા'નું વિશેષણ છે. સં. शुद्धा–सुद्धी–સૂધી. 'સૂધી' જો નામયોગી હોત તો અંગ '**દીહાડા**' થાત. જુઓ–પૃ. ૧૧૪.

પૃ. ૩૨૯

સુધારો–સંઘવિજયકૃત 'સિંહાસન બત્રીસી'ની રચ્યા સાલ સં. ૧૬૭૯ને બદલે ૧૬૭૮ વાંચો. આગળ પણ સુધારી વાંચવું. આ કાવ્યનો પ્રથમ તબકો રા. ભોગીલાલ જેચંદ સાંડેસરાએ 'સાહિત્ય' માસિકના ૧૯૩૩ના એપ્રીલના અંકમાં પ્રગટ કર્યો છે.

પૃ. ૩૩૦

ઉમેરો–૩૨. "દ્રઉઠઇ ખિમણઇ વુહરતાં ઇહાં વુહરાં ઉચ્છાહુ". (પ્ર. ચિં. ૧૧૧)

પૃ. ૩૪૪

ઉમેરો–મ્હેકવું.

૧૦૪	૧૧	(વિ. પ્ર. ૧૯)	(વિ. પ્ર. ૮૯)
૧૦૫	૨૧	**વાહાલાનુ**	**વાહાલાંનુ**
૧૧૨	છેલ્લી	**તૂનારાનઉ**	**તૂનારાનઉં**
૧૧૪	છેલ્લી	रेसिम्म	रेसिम्मि
૧૧૬	૨	घोडह	घोडह
૧૧૮	૧૨	लिखितक	लिखितकं
૧૨૦	૨૩	**અગ**	**અંગ**
૧૨૮	૧૧	જ	જં
૧૩૨	૨૦	જેવા	જેવાં
૧૩૬	છેલ્લી (ફૂટનોટ)	આવેલું	આવેલાં
૧૪૨	૬	ए–ए	ए–एं
૧૪૩	૧	"છતાં છત્ર	છતાં "છત્ર
૧૪૪	છેલ્લી	વંચઇ	વાંચઇ
૧૪૮	૨૪	ढिएण	ठिएण
૧૪૯	૫	पंर	परं
૧૫૬	૧૦	૮ માં	૭–૮ માં
૧૬૦	૧૯	मज्झयारम्मि	मज्झयारम्मि
૧૬૨	૧૩	લગાડવા	લગાડવો
૧૭૧	૨૦	उम्मिलु	उम्मिल्लु
૧૭૬	ઉપાન્ત્ય	આશ્રય	આશ્રમ
૧૭૭	૧૩	સયોગ	સંયોગ
૧૮૫	૨૨	વઠાઇ	વંઠાઇ
૧૯૧	છેલ્લી	अग्गिमित्त	अग्गिमित्तु
૧૯૩	૮	चेत्त–चेप्पइ	चेत्त–चेप्पइ
૨૦૦	૮	भज्ञ	भज्ज्ञ
૨૦૧	૪	આળવતું	ઓળવતું

૩૪૨	આસન-૧	ધલો	ધેલો
,,	,, ૨	ધેંશ	ધેંશ
,,	,, ૩	જ’મનું	જે’મનું
૩૪૩	,, ૧	ધેંન	ધેન
,,	,, ૧	ધાતાળ	ધોતાળ
,,	,, ૩	ફેંદવું	ફેંદવું
૩૪૪	,, ૧	ˋમળે	મેળે
,,	,, ૨	લેધો	લે ધો
૩૪૬	પંક્તિ-૫	राजन	राजन्
૩૫૨	૭	बुध्याति	बुध्यते
,,	અંક ૯૦	विद्युत	विद्युत्
,,	,,	व्यध	व्यध्
૩૫૩	૧૦૨	मड	मंड
૩૫૬	અંક ૧૩૩	शुध्यक	शुद्रकः
૩૬૩	,, ૨૧૬	ઝડો	ઝંડો

સમાપ્ત

શ્રીસયાજી સાહિત્યમાલામાં પ્રગટ થયેલાં
ભાષા તથા સાહિત્યનાં
પુસ્તકો.

---

૧. (૧) **संस्कृत वाङ्मयाचा इतिहास.** કે. સીતારામ વાસુદેવ પેંડસે, બી. એ., એમ. સી. પી., એફ. આર. સી. આઇ. Macdonell's History of Sanskrit Literature નામક પુસ્તક ઉપરથી અનુવાદ [मराठी] (૧૯૧૫) ૨-૮-૦

૨. (૮) **પ્રેમાનંદ.** ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા. (૧૯૧૮) ૧-૦-૦

૩. (૧૪) **દયારામ.** જગજીવનદાસ દયાળજી મોદી. (૧૯૧૮) ૦-૧૧-૦

૪. (૨૦) **મીરાંબાઇ.** ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા. (૧૯૧૮) ૦-૧૨-૦

૫. (૩૦) **ગિરધર.** જગજીવનદાસ દયાળજી મોદી. (૧૯૧૯) ૦-૧૪-૦

૬. (૩૩) **ભાલણ.** રામલાલ ચુનીલાલ મોદી. (૧૯૧૯) ૧-૦-૦

૭. (૩૮) **તુલનાત્મક ભાષાશાસ્ત્ર.** પ્રીતમલાલ નરસિંહલાલ કચ્છી, બી. એ. (૧૯૨૦) ૧-૪-૦

૮. (૪૦) **તુકારામ.** ભરતરામ ભાનુસુખરામ મહેતા, એ. ટી. સી. ઇ. (૧૯૨૨) ૧-૦-૦

૯. (૪૫) **વિષ્ણુદાસ.** ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા. (૧૯૨૦) ૧-૦-૦

૧૦. (૫૩) **મણિશંકર કીકાણી.** જયસુખરામ પુરુષોત્તમરાય જોષીપુરા, એમ. એ. (૧૯૨૦) ૧-૬-૦

૧૧. (૬૨) *દલપતરામ. કાશીશંકર મૂળશંકર દવે. (૧૯૨૧-૧૯૨૫) ૧-૨-૦

૧૨. (૭૪) मीराँबाई. દાજી નાગેશ આપટે, બી. એ., એલ-એલ. બી. "મીરાંબાઇ" નામક ગુજરાતી પુસ્તકનું ભાષાંતર [मराठी] (૧૯૨૩) ૧-૭-૦

૧૩. (૯૪) बडोद्याचें मराठी साहित्य. ગણેશ રંગનાથ દંડવતે. [मराठी] (૧૯૨૫) ૦-૧૧-૦

૧૪. (૧૦૪) શેક્સપિયર. ચંદુલાલ મગનલાલ ડૉક્ટર, બી. એ, એલએલ. બી. B. H. Herford's "Shakespere"નો અનુવાદ (૧૯૨૬) ૦-૧૧-૦

૧૫. (૧૨૦) कादंबरीची गोष्ट. (મરાઠી નવલકથાઓનો ઇતિહાસ) ગણેશ રંગનાથ દંડવતે. [मराठी] (૧૯૨૭) ૧-૧-૦

૧૬. (૧૨૫) અર્વાચીન આર્યભાષાઓની તુલના. પ્રીમતલાલ નૃસિંહલાલ કચ્છી, બી. એ., (૧૯૨૮) ૧-૩-૦

૧૭. (૧૨૭) पं. जगन्नाथराय चरित्र व संगीत गंगा-लहरी. રામરાવ માર્તંડ ભાંબુરકર [मराठी] (૧૯૨૮) ૧-૦-૦

૧૮. (૧૩૩) વલ્લભ. (પ્રેમાનંદસુત) પ્રો. ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યા, એમ. એ., બી. ટી. (૧૯૨૮) ૧-૦-૦

૧૯. (૧૫૩) ગુજરાતી બહેનો પ્રત્યે ત્રણ લેખો. કૈ. સૌ. ચૈતન્યબાલા મજમુદાર (૧૯૨૯) ૦-૧૧-૦

---

* આ પુસ્તક સને ૧૯૨૬માં મુંબઇ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં ગુજરાતીમાં નિમાયું હતું.

૨૦. (૧૭૪) મહિપતરામ. ભાનુસુખરામ નિ. મહેતા. (૧૯૩૦) ૧-૧-૦

૨૧. (૧૮૬) जातकांतील निवडकगोष्टी-प्रथमार्ध. પ્રો. ચિંતામણ વિનાયક જોશી, એમ. એ. [मराठी] (૧૯૩૦) ૧-૧૨-૦

૨૨. (૧૯૧) નરસિંહ મહેતા. જયસુખરામ પુ. જોશીપુરા, એમ. એ. (૧૯૩૧) ૧-૦-૦

૨૩. (૧૯૩) महाराष्ट्र नाट्यकला व नाट्यवाङ्मय. ગણેશ રંગનાથ દંડવતે [मराठी] (૧૯૩૧) ૧-૩-૦

૨૪. (૨૧૭) नरसिंह महेता. દાજી નાગેશ આપટે, બી. એ., એલએલ. બી. [मराठी] (૧૯૩૩) ૦-૬-૦

૨૫. (૨૧૯) કબીર સાહેબનું બીજક (રમૈની વિભાગ) પ્રાણલાલ પ્રભાશંકર બક્ષી, બી. એસ સી. (૧૯૩૩) ૧-૧૨-૦

૨૬. (૨૩૯) જૂની ગુજરાતી ભાષા. ચતુરભાઇ પુરુષોત્તમદાસ પટેલ, બી. એ., એસ. ટી. સી. ડી. (બરોડા) (૧૯૩૫) ૧-૧૨-૦
